॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૩૨

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# આવશ્યક-૨

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
સાબરમતી

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, બહાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૩૨ માં છે...

## ૦ આવશ્યક-મૂલસૂત્ર-૧ ની

## -૦- નિર્યુક્તિ-૫૬૪ થી

## આરંભીને

## -૦- નિર્યુક્તિ-૧૦૦૫ સુધી

## - અધ્યયન-૧-સહિત

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

# ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે અવર્ણિય અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

## પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના

### ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના

# ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

## પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

## પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી <u>અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.</u>

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*

આગમ સટીક અનુવાદના
આ ભાગ 32 ની
સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

પ.પૂ. આચાર્યદિવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ.ના
સમુદાયવર્તી

**સાધ્વી શ્રી ભાવપૂર્ણાશ્રીજી મ.**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ**
**નવસારી**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**
પુનિત પ્રેરણાથી **૧૦ ભાગો માટે**
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-
શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતી નગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.
- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीक्कं
### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ७. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

o અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

o કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- [3]

o અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

o નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્વાભ્યાસ સાહિત્ય :-

o તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

o તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. 1

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** 1

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નમો નિમ્મલદંસણસ્સ
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# ભાગ-૩૨

# ૪૦ આવશ્યક-મૂલ સૂત્ર ૨

અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

આગમ સટીક અનુવાદ શ્રેણીમાં આ ચાલીશમું આગમ છે. જે ચાર મૂળસૂત્રોમાં પહેલું મૂળ સૂત્ર છે. તે 'આવશ્યક' નામથી પ્રસિદ્ધ છે. તેનું પ્રાકૃતમાં आवस्सय એવું નામ છે. પણ ગુજરાતી કે સંસ્કૃતમાં તો તેને ''आवश्यक'' નામે જ ઓળખે છે. આ આગમમાં છ અધ્યયનો છે.

મૂળ આવશ્યક સૂત્રનું કદ તો ઘણું જ નાનું છે. માત્ર-૯૨ સૂત્રોમાં છ એ અધ્યયનો પૂરા થઈ જાય છે. પરંતુ તેની નિર્યુક્તિની સંખ્યા-૧૬૨૩ છે, વળી તેમાં ભાષ્ય અને હારિભદ્રીય ટીકાને કારણે તેનું કદ ઘણું જ વિસ્તૃત થઈ જાય છે. જો તેના ઉપરની ચૂર્ણિ, પૂ.મલયગિરિજીની વૃત્તિ, બૃહત્ ભાષ્ય, દીપિકાઓ ઈત્યાદિ બધું જ સાહિત્ય સાથે રાખવામાં આવે તો તો આ સૂત્રનું કદ ઘણું-ઘણું જ વિસ્તારવાળું થઈ જાય.

મૂળ આવશ્યકમાં તો સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદન, પ્રતિક્રમણાદિ છ વિષયો છે. પણ નિર્યુક્તિ સહિતની ચૂર્ણિ અને વૃત્તિ સાથે ગણતાં તો જૈન વાઙ્મય બની જાય તેટલું વિષયવસ્તુ અને કથા-દૃષ્ટાંત સહ આ આગમ પ્રચૂર માહિતીનો સ્રોત બની રહેલ છે.

અહીં અમે અનુવાદમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, હારિભદ્રીય વૃત્તિની મુખ્યતા રાખેલ છે. પરંતુ વિશેષાવશ્યક ભાષ્ય, તેની ટીકા, પૂજ્ય મલયગિરિજીની વૃત્તિ આદિ પણ છોડવા જેવા નથી.

અહીં અનુવાદમાં ક્યાંક કોઈક સંદર્ભો ઉમેરાયા છે, તો ક્યાંક ન્યાય, વ્યાકરણ, વાદ આદિને છોડ્યા પણ છે. કથા-દૃષ્ટાંતોમાં પણ ક્યાંક દૃષ્ટાંતની વાક્યપૂર્તિ વડે તે લંબાયા પણ છે, તો ક્યાંક સંક્ષેપિત પણ કર્યા છે, પુરેપુરી કથા જાણવા અમારું ''આગમ કથાનુયોગ'' જોવું.

અમે આ આગમને નિર્યુક્તિના આધારે ચાર વિભાગમાં વહેંચ્યું છે, જેમાં પહેલા ભાગમાં ૧ થી ૫૬૩ નિર્યુક્તિ સમાવી. આ ભાગમાં ૫૬૪થી ૧૦૦૫ નિર્યુક્તિ સમાવી છે. સાથે અધ્યયન-૧, સૂત્ર-૧ પણ સમાવાયું છે.





## ॐ આવશ્યક સૂત્ર-ટીકા સહિત-અનુવાદ ॐ

-- x -- x -- x -- x -- x -- x -- x -- x -- x --

*[મૂળ સૂત્રનો આરંભ તો છેક નિર્યુક્તિ-૮૮૬ પછી થાય છે. આ પૂર્વે ભાગ-૧ માં [ભાગ-૩૧માં] આવશ્યક નિર્યુક્તિ-૧ થી ૫૬૩નો સમાવેશ કર્યો છે. આ ભાગ-૨માં નિર્યુક્તિ-૫૬૪ થી ૧૦૦૫ છે. તેમાં નિર્યુક્તિ-૮૭૯ સુધી ઉપોદ્‌ઘાત છે. પછી ૮૮૬ સુધી નમસ્કાર નિર્યુક્તિ છે. પછી અધ્યયન-૧ નું સૂત્ર-૧- આવે છે અને આ આખા ભાગમાં માત્ર સૂત્ર-૧-છે.]* હવે બીજા દ્વારને કહે છે –

• **નિર્યુક્તિ-૫૬૪ :-**

***સર્વવિરતિ, દેશવિરતિ અથવા સમ્યક્ત્વ કોઈ ગ્રહણ કરશે તો જ દેશના થાય, અન્યથા અમૂઢ લક્ષવાળા ભગવંત દેશના ન આપે અને કહે તો કોઈ ન લે તેવું બનતું નથી.***

• **વિવેચન-૫૬૪ :-**

દેશના કથન કોઈ સર્વવિરતિ આદિ લે તો પ્રવર્તે. અન્યથા અમૂઢલક્ષ અર્થાત્ અવિપરીતવેત્તા દેશના ન આપે. કહે છે – દેવોનો સમવસરણ કરણપ્રયાસ અનર્થક છે. કેમકે કર્યા પછી પણ નિયમથી દેશના થશે નહીં અને જો ભગવંત દેશના આપે તો કોઈપણ પ્રકારનું સામાયિક કોઈક સ્વીકારે જ છે. - x - મનુષ્યાદિ કેટલી સામાયિક સ્વીકારે, તે કહે છે –

• **નિર્યુક્તિ-૫૬૫ :-**

***મનુષ્ય ચારમાંથી કોઈ એક, તિર્યંચ ત્રણ કે બે માંથી એક સ્વીકારે, જો તે ન હોય તો નિયમથી દેવો સમ્યક્ત્વને સ્વીકારે છે.***

• **વિવેચન-૫૬૫ :-**

- x - મનુષ્ય ચારમાંથી કોઈ એક સામાયિક સ્વીકારે, તિર્યંચ સર્વવિરતિ સિવાયની કોઈ એક અથવા સમ્યક્ત્વ કે શ્રુત સામાયિક કરે. જો કોઈ મનુષ્ય કે તિર્યંચ ન હોય તો નિયમથી દેવો સમ્યક્ત્વને સ્વીકારે છે, એમ ગાથાર્થ છે - તેઓ આ રીતે ધર્મ કહે છે –

• **નિર્યુક્તિ-૫૬૬ :-**

***તીર્થ પ્રણામ કરીને ભગવંત દેશના કહે છે, સાધારણ શબ્દોથી, બધાં સંજ્ઞીને, યોજન વ્યાપિની.***

• **વિવેચન-૫૬૬ :-**

'नमो त्तित्थस्स' કહી, પ્રણામ કરીને દેશના આપે છે. તે દેશના દેવ, મનુષ્ય, તિર્યંચ બધાં સમજી શકે તેથી સાધારણ ભાષામાં અને યોજન વ્યાપીની હોય તે રીતે ભગવંત કહે છે અર્થાત્ ભગવંતનો ધ્વનિ સંપૂર્ણ સમોસરણમાં રહેલ સંજ્ઞીને અર્થ સમજાય તેવી ભાષામાં હોય છે. કેમકે ભગવંતનો અતિશય છે - કૃતકૃત્ય ભગવંત તીર્થપ્રણામ કેમ કરે ?

• નિર્યુક્તિ-૫૬૭ :-

***અરહંતો તીર્થપૂર્વક હોય છે. પૂજિતોએ પૂજેલ છે, વિનયકર્મ છે, તેથી કૃતકૃત્ય પણ ભગવંત જેમ દેશના આપે છે, તેમ તીર્થને નમે છે.***

• વિવેચન-૫૬૭ :-

તીર્થ - શ્રુતજ્ઞાન, તેના સહિત તીર્થંકરતા છે. કેમકે તે અભ્યાસ પ્રાપ્ત છે. પૂજિત વડે પૂજા તે પૂજિતપૂજા, તે જેની કરાયેલ છે. કેમકે લોકના પૂજિત-પૂજકપણાથી છે. ભગવંત પણ તેને પૂજિત ગણી પ્રવૃત્તિ કરે છે. તથા હવે કહેવાનાર વૈનયિક ધર્મમૂળ છે અથવા કૃતકૃત્ય હોવા છતાં જેમ ધર્મ કહે છે, તેમ તીર્થને પણ નમે છે. [શંકા] તીર્થંકરનામ ગોત્ર કર્મનો વિપાક હોવાથી આ પણ ધર્મકથન કૃતકૃત્યને અયુક્ત જ છે. [ઉત્તર] ના, તે કઈ રીતે વેદાય? ઈત્યાદિ ગાથાર્થ જોવો.

ક્યાં કયા સાધુ વડે, કયા ભૂ ભાગથી સમવસરણમાં આવવું કે જવું, ત્યારે શું પ્રાયશ્ચિત્ત આવે ? તે કહે છે —

• નિર્યુક્તિ-૫૬૮ :-

***જ્યાં અપૂર્વ સમોસરણ હોય અથવા સાધુએ જે પૂર્વે દેખેલ ન હોય, તે બાર યોજનમાં આવે, જો ન આવે તો લઘુ પ્રાયશ્ચિત્ત.***

• વિવેચન-૫૬૮ :-

જ્યાં તે-તે તીર્થંકરની અપેક્ષાએ અભૂતપૂર્વ સમોસરણ થાય, અથવા બાર યોજનમાં કોઈ શ્રમણે પૂર્વે ન જોયેલ હોય તે આવે. અવજ્ઞાથી જો તે ન આવે તો ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે. - x - x -

રૂપ-પૃચ્છાદ્વારને વર્ણવવાને માટે કહે છે —

• નિર્યુક્તિ-૫૬૯ :-

***બધાં દેવો અંગુઠા પ્રમાણ રૂપ કરે તો પણ જિનેશ્વર દેવના પગના અંગુઠા આગળ અંગારાની જેમ ન શોભે.***

• વિવેચન-૫૬૯ :-

ભગવંતનું રૂપ કેવું છે ? પોતાની સંપૂર્ણરૂપ નિર્માણ શક્તિ વડે અંગુઠા પ્રમાણ રૂપ વિકુર્વે તો પણ ભગવંતના પગના અંગુઠા પ્રમાણ પણ ન શોભે.

હવે ગણધરાદિની રૂપ સંપત્તિ કહે છે —

• નિર્યુક્તિ-૫૭૦ :-

***ગણધર, આહારક, અનુત્તરવાસી યાવત્ વ્યંતર, ચક્રી, વાસુદેવ, બલદેવ, મંડલિક, હીન હોય છે. બાકીના છ સ્થાન ગત હોય છે.***

• વિવેચન-૫૭૦ :-

તીર્થંકરના રૂપથી અનંતગુણહીન રૂપથી ગણધરો હોય છે. તેના કરતા અનંતગુણહીન આહારકદેહી હોય, તેનાથી અનંતગુણહીન અનુત્તર વૈમાનિક દેવો હોય, એ પ્રમાણે દેહના રૂપથી ઉત્તરોત્તર અનંતગુણ હાનિ ગ્રૈવેયકદેવથી વ્યંતર સુધી, પછી ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, માંડલિક સુધી જાણવી. બાકીના રાજા અને જનપદના લોકો છ સ્થાનગત હોય છે — અનંત ભાગહીન, અસંખ્યાત ભાગહીન, સંખ્યાત ભાગહીન, સંખ્યાત ગુણહીન, અસંખ્યાત ગુણહીન, અનંત ગુણહીન.



- x - હવે સંહનનાદિ કહે છે —

• નિર્યુક્તિ-૫૭૧ :-

***સંઘયણ, રૂપ, સંસ્થાન, વર્ણ, ગતિ, સત્વ, સાર, ઉચ્છ્‌વાસ, આ બધાં તીર્થંકરના નામ કર્મના ઉદયથી અનુત્તર હોય છે.***

• વિવેચન-૫૭૧ :-

વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, રૂપ દેહની છાયા, ગમન, વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી જનિત આત્મપરિણામ, સાર - બાહ્યથી ગુરુપણુ અને અભ્યંતરથી જ્ઞાનાદિ, ઉચ્છ્‌વાસ, તે ભગવંતને આ બધું અનુત્તર હોય છે. આદિ શબ્દથી લોહી અને માંસ ગાયના દુધ જેવા હોય. નામકર્મના ઉદયના અનેક ભેદ છે, તેના ઉદયથી આમ હોય.

[પ્રશ્ન] બીજી પ્રકૃતિની વેદના, ગોત્રાદિ, નામ, જે ઈન્દ્રિય અંગાદિ તે પ્રશસ્ત ઉદયવાળા હોય, તે ભગવંતને છદ્મસ્થકાળે કે કેવલીકાળે અનુત્તર હોય કે નહીં ? તે હવે કહે છે —

• નિર્યુક્તિ-૫૭૨ :-

***બીજી પ્રકૃતિ પણ પ્રશસ્ત ઉદયથી અનુત્તર હોય છે. ક્ષય અને ઉપશમથી પણ, ક્ષયમાં તો અવિકલ્પ - સર્વોત્તમ હોય છે.***

• વિવેચન-૫૭૨ :-

બીજી પ્રકૃતિ પણ પ્રશસ્ત ઉદયથી ઉચ્ચ ગોત્રાદિ હોય છે તે પણ અનન્ય સદૅશ. अपि શબ્દથી 'નામ' જે જાત્યાદિ લેવા. ક્ષયોપશમમાં પણ જે દાન, લાભાદિ કાર્ય વિશેષ, ઉપશમ શબ્દથી પણ જે કોઈ છે, તે અનુત્તર હોય છે. કર્મનો ક્ષય થતાં ક્ષાયિક જ્ઞાનાદિ ગુણ સમુદય થાય. અવિકલ્પ-અર્થાત્ સર્વોત્તમ કહેલ છે — તીર્થંકર, ગણધર. [પ્રશ્ન] અસાતાવેદનીયાદિ પ્રકૃતિ જે અશુભ છે, તે કઈ રીતે તેમને દુઃખદાયી ન થાય ? તે કહે છે —

• નિર્યુક્તિ-૫૭૩ :-

***અસાતા આદિ જે પણ અશુભ પ્રકૃતિઓ છે, તે દુધમાં લીંબડના રસના બિંદુ માફક તેમને અસુખદાયી નથી.***

• વિવેચન-૫૭૩ :-

અસાતા આદિ જે પણ અશુભ પ્રકૃતિ હોય આદિ ગાથાર્થવત્ પ્રકૃત દ્વારને આશ્રીને કહે છે — ઉત્કૃષ્ટ રૂપથી ભગવંતને શું પ્રયોજન ?

• નિર્યુક્તિ-૫૭૪ :-

***ધર્મોદયથી રૂપ થાય, રૂપસ્વી પણ જો ધર્મ કરે તો૦ સુરૂપ ગ્રાહ્ય વચની થાય. તેથી અમે તેમના રૂપની પ્રશંસા કરીએ છીએ.***

● **વિવેચન-૫૭૪ :-**

દુર્ગતિમાં પડતા આત્માને ધારે તે ધર્મ. તેના ઉદયથી રૂપ થાય તેવું સાંભળનારા માને છે. જો રૂપવંત પણ ધર્મ કરે છે, તો બાકીનાએ સારી રીતે કરવો જોઈએ એવી શ્રોતાની બુદ્ધિ છે. સુરૂપ આદેય વાક્ય થાય. શ્રોતાના રૂપના ગર્વનો છેદનાર થાય છે. તેથી ભગવંતનું રૂપ પ્રશંસીએ છીએ.

ભગવંત દેવાદિ બધાંના સંશયને એક સાથે કઈ રીતે છેદે ?

● **નિર્યુક્તિ-૫૭૫ + વિવેચન :-**

અસંખ્યાત કાળે પણ સંખ્યાતીત સંશયીઓ - દેવાદિના સંશયો ન છેદાય. કારણ કે ક્રમ વ્યાકરણ દોષ છે. ભગવંત એક સાથે છેદે છે. એક સાથે ઉત્તર આપવાના ગુણને પ્રતિપાદિત કરવા કહે છે —

● **નિર્યુક્તિ-૫૭૬ :-**

***સર્વ સત્વોમાં અવિષમત્વ, ઋદ્ધિવિશેષ અને અકાલહરણ, સર્વજ્ઞ પ્રતિ વિશ્વાસ, અચિંત્ય ગુણસંપદા, એક સાથે થાય. [આ પદો છે.]***

● **વિવેચન-૫૭૬ :-**

બધાં જીવોમાં એક સાથે કથનથી ભગવંતનું તુલ્યત્વ પ્રગટે છે. કેમકે રાગદ્વેષરહિતના તુલ્યકાળ સંશયીના એકસાથે જિજ્ઞાસામાં કાળ ભેદ કથનથી રાગ-દ્વેષ ગોચર ચિત્તવૃત્તિ પ્રસંગ છે. સામાન્ય કેવલીને તેવો પ્રસંગ આવે. તેમને આવી દેશના કરણનુપપત્તિ નથી. આ ભગવંતની ઋદ્ધિ વિશેષ છે કે જે એકસાથે બધાં સંશયીના સંપૂર્ણ સંશયનો છેદ કરે છે. એકસાથે સંશયો દૂર થવાથી આ ભગવંતનું અકાલહરણ છે. કેમકે ક્રમથી કથનમાં કોઈક સંશયીના સંશયો અનિવૃત્ત હોય અને મરણ થઈ જાય, પણ ભગવંત જીવોને સંશય નિવૃત્ત્યાદિ ફલરહિત થતાં નથી. તથા સર્વજ્ઞનો વિશ્વાસ પણ તેમને આ રીતે થાય છે. - x - x - તથા ભગવંત અચિંત્ય ગુણસંપદાવાળા છે. જે કારણે આ ગુણો છે તેથી એકસાથે કહે છે. હવે શ્રોતાના પરિણામની આલોચના કરતા કહે છે - x - x -

● **નિર્યુક્તિ-૫૭૭ :-**

***વર્ષા ઉદકના જે રીતે વર્ણાદિ ભાજન વિશેષથી થાય છે, તેમ બધામાં પણ સ્વ ભાષાથી જિન ભાષા પરિણમે છે.***

● **વિવેચન-૫૭૭ :-**

વૃષ્ટિનું કે અન્ય જળ, જે રીતે ભાજનના વિશેષપણાથી વર્ણ આદિવાળું થાય છે. કાળી સુગંધી માટીમાં સ્વચ્છ, સુગંધી અને રસવાળું થાય છે. ઉખરભૂમિમાં વિપરીત થાય છે. એ રીતે બધાં પણ શ્રોતાને જિનવાણી સ્વભાષામાં પરિણમે છે. તીર્થંકરની વાણીનો સૌભાગ્ય ગુણ કહે છે —

● **નિર્યુક્તિ-૫૭૮ :-**

***સાધારણ, અદ્વિતીયા, તેનો ઉપયોગ, ગ્રાહકની ગિરા, શ્રોતા કંટાળે નહીં, વણિકની કિઢિ દાસીનું દૃષ્ટાંત છે.***



● **વિવેચન-૫૭૮ :-**

અનેક પ્રાણીને સ્વભાષાપણે પરિણમવાથી અને નરકાદિ ભયથી રક્ષણત્વથી તે ભાષા સાધારણ છે. અદ્વિતીયા છે. શ્રોતાને તેનો જ ઉપયોગ છે. ભાષા વાણીની ગ્રાહિકા છે. ઉપયોગમાં હોવા છતાં શ્રોતાને કંટાળો આપનાર નથી. આ અર્થને જાણવા - x - એક દૃષ્ટાંત આપે છે —

એક વણિકને એક વૃદ્ધા કાષ્ઠિકી દાસી હતી. તે સવારે લાકડા લેવા ગઈ, ભુખ અને તરસથી થાકીને મધ્યાહ્ને આવી, ઘણાં થોડાં લાકડાં લાવી. તેને મારીને, ભુખી-તરસી એવી તેને ફરી મોકલી. તે ઘણાં લાકડાનો ભાર વહેતી પૌરુષીએ જઈને આવતી હતી. જયેષ્ઠ માસ હતો. તેના ભારામાંથી એક કાષ્ઠ પડી ગયું. તેણીએ વળીને લીધું. તે સમયે તીર્થંકર યોજનવ્યાપી સ્વરથી દેશના દેતા હતા. તે વૃદ્ધા તે રીતે નમેલી જ વાણી સાંભળવા લાગી. ગરમી, ભુખ, તરસ, પરિશ્રમને ભૂલી ગઈ. સૂર્યાસ્ત સમયે તીર્થંકર ધર્મ કહીને, ઉભા થયા, વૃદ્ધા પણ ગઈ. એ પ્રમાણે —

● **નિર્યુક્તિ-૫૭૯ :-**

***શ્રોતા બધું આયુ ખપી જાય ત્યાં સુધી સતત જિનદેશના સાંભળે તો પણ શીત, ઉષ્ણ, ભુખ, તરસ, પરિશ્રમ, ભયને ન ગણકારે.***

● **વિવેચન-૫૭૯ :-**

ભગવંત દેશના દે ત્યારે શ્રોતાનું આખુ આયુષ્ય ભગવંતની સમીપે વર્તતા ખપી જાય અને જો સતત જિન દેશના સાંભળે તો પણ શીતાદિ ઉક્તને ન ગણકારે

- હવે દાનદ્વારને આશ્રીને કહે છે — ભગવંત જે નગરોમાં વિચરે, તેના સમાચાર જે લાવે તેને મળતું દાન શું ? —

● **નિર્યુક્તિ-૫૮૦ થી ૫૮૨ :-**

***ચક્રી વૃત્તિદાનમાં ૧૨॥ લાખ સોનૈયા આપે અને પ્રીતિદાનમાં ૧૨॥ કરોડ સોનૈયા આપે. આટલું જ દાન વાસુદેવ રજતના પ્રમાણથી આપે છે, માંડલિકો ૧૨,૫૦૦ વૃત્તિદાન અને ૧૨॥ લાખ પ્રીતિદાન આપે છે. બીજા શ્રેષ્ઠી આદિ ભક્તિ અને વૈભવને અનુરૂપ આપે છે. જિનનું આગમન સાંભળીને નિયુક્ત કે અનિયુક્તને યથાયોગ્ય આપે છે.***

● **વિવેચન-૫૮૦ થી ૫૮૨ :-**

વૃત્તિ - આજીવિકાથી નિયુક્ત પુરુષ. - x - પ્રીતિદાન એટલે જે ભગવંતના આગમનનું નિવેદન કરે તેને પરમ હર્ષથી અપાય અને તે નિયુક્ત પુરુષ કરતાં અન્ય હોય. તેમાં વૃત્તિ એ નિયત વાર્ષિક દાન છે. જ્યારે પ્રીતિદાન અનિયત છે. - x - જેમાં ચક્રવર્તી સુવર્ણનું, વાસુદેવ ચાંદીનું અને માંડલીક રાજા રૂપિયાનું દાન આપે છે, તેમ જાણવું. શું આ જ મહાપુરુષો આપે ? ના, ભક્તિ અને વૈભવ મુજબ શ્રેષ્ઠી આદિ પણ આપે તેમાં ઈભ્ય - મહાધનવાન્. आदि શબ્દથી નગર, ગામના ભોગિકાદિ જાણવા. ક્યારે આપે ? જિનનું આગમન સાંભળીને. કોને ? નિયુક્ત કે અનિયુક્તને. તેમને આ રીતે આપતા શા ગુણ થાય ?

● નિર્યુક્તિ-૫૮૩ :-

***દેવાનુવૃત્તિ, ભક્તિ, પૂજા, સ્થિરીકરણ, જીવોની અનુકંપા, સાતા ઉદય, દાનગુણ, તીર્થની પ્રભાવના એટલા ગુણો થાય.***

● વિવેચન-૫૮૩ :-

જેમ દેવો ભગવંતને પૂજે છે, તેમ તેની અનુવૃત્તિ થાય, ભગવંતની ભક્તિ અને પૂજા થાય. નવા શ્રાવકોનું સ્થિરિકરણ થાય, કહેનાર જીવની અનુકંપા થાય. સાતા વેદનીય બંધાય. ઈત્યાદિ - x - હવે દેવમાલ્ય દ્વાર - ભગવંત પહેલી સંપૂર્ણ પોરિસિ ધર્મ કહે. તેની મધ્યે દેવમાલ્ય એટલે બલિ પ્રવેશે. [શંકા] તે કોણ કરે ?

● નિર્યુક્તિ-૫૮૪,૫૮૫ :-

***રાજા, મંત્રી, તેના અભાવે નગરજન કે જનપદ કરે. દુર્બળ સ્ત્રીએ ખાંડેલ, બળવાને છંડેલ, તંદુલ કલમ [ચોખા] તે પણ આઢક પ્રમાણ, તે શ્રીમંતને ત્યાં વીણવા આપીને પાછા લાવેલ હોય, અખંડ અને અસ્ફૂટિત હોય, ફલક સહિત હોય, તેનો બલી કરવો, દેવો પણ તેમાં જ ગંધ આદિને નાંખે છે. [તેવા બલી લાવે.]***

● વિવેચન-૫૮૪,૫૮૫ :-

ચક્રવર્તી આદિ રાજા, રાજાનો મંત્રી, તે ન હોય તો નગરવાસી વિશિષ્ટ લોક સમુદાય કે ગામાદિમાં જનપદ - તેનો નિવાસી લોક તે કરે તે દુબળી સ્ત્રી વડે ખાંડેલ, બળવાન્ સ્ત્રી વડે છડેલ [વીણેલા] ચોખા હોય. ચાર પ્રસ્થ પ્રમાણ એટલે એક આઢક [ચાર મણ] હોય - x - તેને ઈશ્વર આદિને ઘેર વીણવા આપે, તેને જ પાછા લાવે. વળી તે ચોખા અખંડ સંપૂર્ણ હોવા જોઈએ, અસ્ફટિત-ધારી વગરના હોય, પાટીયું મૂક્યા છતાં ન ભાંગેલ હોય, તેનો બલિ થાય. દેવો પણ તેમાં જ બલિ-ગંધાદિ નાંખે. આ રીતે તે અહીં નિષ્પન્ન બલિ દેવો સહિત રાજાદિ લઈને, વાજિંત્ર નાદપૂર્વક, દિશા મંડલોને પૂરતા, પૂર્વ દ્વારેથી આવે ત્યારે ભગવંત પણ દેશના દેતા વિરમે છે.

● નિર્યુક્તિ-૫૮૬,૫૮૭ :-

***પૂર્વ દ્વારેથી બલિના પ્રવેશ કાળે ધર્મ પરિકથના બંધ રહે છે. રાજાદિ ત્રણ પ્રદક્ષિણા કરે છે, તેનું અર્ધુ બલિ દેવો લઈ લે છે. અર્ધાનું અર્ધુ રાજાદિ લે, બાકીનું સામાન્ય લોકો લે છે. બધાં રોગ બલિથી શાંત થાય છે અને નવા રોગ છ માસ સુધી ઉત્પન્ન થતાં નથી.***

● વિવેચન-૫૮૬,૫૮૭ :-

[ગાથાર્થ કહ્યો. વિશેષ આ પ્રમાણે –] બલિનો પ્રવેશ પૂર્વ દ્વારેથી થાય છે. બલિ પ્રવેશ થવાના કાળે ભગવંત ધર્મ કથન રોકે છે. રાજાદિ જે કોઈ બલિ લઈને પ્રવેશે તે ભગવંતને ત્રણ પ્રદક્ષિણા આપે છે, તે બલિ ભગવંતના પગની આગળ પાડે છે. પડ્યા પહેલાં જ અડધા દેવો લઈ લે છે. બાકીના અડધાનું અડધુંનો અધિપતિ રાજા હોય. બાકીના અડધા સામાન્ય લોક લે છે. તેનો એક દાણો પણ માથા ઉપર મૂકતા રોગ શાંત થાય, ઈત્યાદિ - x - x - આ બલિનો ક્ષેપ થયા પછી ભગવંત



પ્રથમ પ્રાકારના અંતરમાં ઉત્તરના દ્વારેથી નીકળી ઈશાન ખૂણામાં દેવછંદકમાં યથાસુખ સમાધિથી રહે છે. ભગવંત જાય પછી બીજી પૌરુષીમાં કોઈ ગણધર ધર્મ કહે છે.

ભગવંત કેમ ન કહે ? ગણધર કહે તેમાં કયા લાભ છે ?

● નિર્યુક્તિ-૫૮૮ + વિવેચન :-

ભગવંતને ખેદ વિનોદ - પરિશ્રમમાં વિશ્રામ થાય. શિષ્યના ગુણોની પ્રખ્યાપના કરેલ થાય છે. શ્રોતાઓને ઉભયમાં વિશ્વાસ થાય છે કે જેમ ભગવંતે કહ્યું તેમ ગણધર પણ કહે છે અથવા ગણધર ત્યારપછી ભગવંતના કથનના અનુવાદી છે, તેવો વિશ્વાસ બેસે છે તથા શિષ્ય અને આચાર્યનો ક્રમ દેખાડ્યો તેમ થાય છે. આચાર્ય પાસે બેસીને યોગ્ય શિષ્યથી તેના અન્વર્થનું આખ્યાન તે કર્તવ્ય છે - ગણધર કહે તેમાં આટલા લાભ થાય છે. ગણધર ક્યાં બેસે ? તે કહે છે –

● નિર્યુક્તિ-૫૮૯,૫૯૦ :-

***રાજાએ લાવેલ સીંહાસન કે પાદપીઠે બેસી જયેષ્ઠ કે બીજા કોઈ ગણધર બીજી પોરિસિમાં દેશના આપે. ગણધરો અસંખ્યાત ભવો કહે છે અથવા બીજાએ પૂછેલ સર્વ કહે છે. અતિશયાદિ રહિત પુરુષ આ છદ્મસ્થ છે તેમ ન જાણે.***

● વિવેચન-૫૮૯,૫૯૦ :-

[ગાથાર્થ] પાદપીઠ-ભગવંતની પાદપીઠે, गण - સાધુ આદિ સમુદાય લક્ષણ ધારવાનું શીલ જેનું છે તે. તે ગણધારી કઈ રીતે કથન કરે ? સંખ્યાતીત અર્થાત્ અસંખ્યાત. साहइ - કહે છે. અસંખ્યાત ભવોમાં જે થયું કે થશે તે. અથવા બીજાએ પૂછેલ સર્વ વસ્તુને કહે છે. આના વડે સંપૂર્ણ અભિલાપ્ય પદાર્થ પ્રતિપાદનનું સામર્થ્ય કહ્યું. अनत्तिशयी - અવધિ આદિ અતિશય રહિત. - x -

આ પ્રમાણે સામાન્યથી સમવસરણ વક્તવ્યતા કહી. હવે આ કહે છે – સમવસરણ થયા પછી દેવનો જયકાર શબ્દ મિશ્રિત દિવ્ય દુંદુભિ શબ્દ સાંભળી વિકસિત નયનથી આકાશમાં દેવાંગના સમેત દેવ વૃંદને યજ્ઞપાટક નજીક આવેલ લોકોને સંતોષ થયો ઓ ! દેવો આવ્યા.

● નિર્યુક્તિ-૫૯૧ + વિવેચન :-

તે દિવ્ય ઘોષ સાંભળીને મનુષ્યો યજ્ઞપાટકે સંતુષ્ટ થયા. યજ્ઞ વડે લોકોને પૂજો તે યાજ્ઞિક. અહો ! કદાચ દેવો અહીં આવે છે. અહીં 'કદાચ' શબ્દથી ''અન્યત્ર ગમન'' પણ કરે, તેમ કહ્યું. ૧૧-વેદવિદોનું કથન –

● નિર્યુક્તિ-૫૯૨ થી ૫૯૪ :-

***અગિયારે પણ ગણધરો, બધાં ઉન્નત વિશાળ કુળ વંશવાળા, મધ્યમ પાપાપુરીમાં યજ્ઞવાટકમાં આવ્યા. અનુક્રમે તેમના નામો આ છે – ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિતપુત્ર, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ એ ૧૧ વીર પ્રભુના ગણધર થશે.***

● વિવેચન-૫૯૨ થી ૫૯૪ :-

- x - બધાં ગણધરો પ્રધાનજાતિવાળા, પિતા-દાદા આદિ અનેક વડે સમાકુલ

કુળ-વંશવાળા, સમવસૃતા - એકઠા થયા. આ ગણધરના નામ અને ક્રમ શું છે ? તે બે ગાથામાં જણાવ્યું. - x -

**● નિર્યુક્તિ-૫૯૫ + વિવેચન :-**

જે નિમિત્તે તેમનું નિષ્ક્રમણ [દીક્ષા] થયું, તે આ ગણધરોનું અનુક્રમે કહીશ. તથા તીર્થ સુધર્માસ્વામીનું થયું કેમકે બાકીના ઈન્દ્રભૂતિ આદિ ગણધરો શિષ્યગણ રહિત થયા. તેમાં જેમના જે સંશયો હતા તે કહે છે –

**● નિર્યુક્તિ-૫૯૬ :-**

***જીવ, કર્મ, તે જીવ, ભૂત, તાદૃશક, બંધ અને મોક્ષ, દેવ, નૈરયિક, પુન્ય, પરલોક અને નિર્વાણ [૧૧ ગણધરોના અનુક્રમે આ સંશયો છે.]***

**● વિવેચન-૫૯૬ :-**

(૧) જીવ છે કે નથી ? (૨) કર્મ-જ્ઞાનાવરણીયાદિ લક્ષણ છે કે નથી ? (૩) તે શરીર એ જ જીવ છે કે અન્ય છે ?, જીવની સત્તા નથી. (૪) પૃથ્વી આદિ પાંચ ભૂત છે કે નહીં ? (૫) જે આ ભવે જેવો છે તેવો જ પરભવે છે કે જુદો છે ? (૬) બંધ અને મોક્ષ છે કે નહીં ? [શંકા] કર્મના સંશયથી આ સંશયમાં શો ભેદ છે ? કર્મ-સત્તા દર્શાવે છે, આ શંકામાં તેનું અસ્તિત્વ માને જ છે, પણ જીવ એ કર્મનો સંયોગ છે કે કેમ ? તે પ્રશ્ન છે. (૭) દેવો છે કે નહીં ?, (૮) નારકો છે કે નહીં ? (૯) પુન્ય વિશે સંશય, કર્મ છે પણ શું પુન્ય પ્રકૃષ્ટ સુખનો હેતુ છે ? તે જ ઘટી જાય તો અતિ દુઃખ પ્રાપ્ત થાય છે કે કેમ ? અર્થાત્ પાપ છે કે નહીં ? (૧૦) પરલોક વિશે સંશય છે. પરલોક - ભવાંતર, તે છે કે નહીં ? (૧૧) નિર્વાણ છે કે નથી ? બંધ અને મોક્ષના સંશય કરતા આ પ્રશ્નમાં શું વિશેષતા છે ? તે પ્રશ્ન ઉભયને જણાવે છે, આ પ્રશ્ન એક વિષયમાં જ છે - શું સંસાર અભાવ માત્ર જ આ મોક્ષ છે કે નહીં ? હવે ગણધર પરિવાર –

**● નિર્યુક્તિ-૫૯૭ + વિવેચન :-**

પહેલાં પાંચે ગણધરોનો પ્રત્યેકનો પાંચસો - પાંચસો તો પરિવાર, બે ગણધરોનો પ્રત્યેકનો ૩૫૦નો પરિવાર. અહીં गण - સમુદાય અર્થમાં જ કહેલ છે. બે ગણધર યુગલનો પ્રત્યેકનો ૩૦૦નો પરિવાર હતો. અહીં એવું કહેવા માંગે છે કે – છેલ્લા ચારે ગણધરોનું પ્રત્યેકનું પ્રમાણ ૩૦૦નો પરિવાર છે [અર્થાત્ ૩૦૦ x ૪ = ૧૨૦૦] આટલું પ્રાસંગિક કહ્યું. હવે પ્રસ્તુત દ્વાર કહે છે – તે દેવો યજ્ઞપાટકને છોડીને સમોસરણમાં આવ્યા. તે જોઈને લોકો પણ ત્યાં ગયા. ભગવંતને દેવો વડે પૂજ્યમાન જોઈને અતી હર્ષ કર્યો. પ્રવાદ થયો કે અહીં સર્વજ્ઞ સમોસર્યા છે, તેમને દેવો પૂજે છે. ત્યારે સર્વજ્ઞનો પ્રવાદ સાંભળીને ઈર્ષ્યાથી ધમધમતો ઈન્દ્રભૂતિ ભગવંત પ્રતિ ચાલ્યો, તે કહે છે –

**● નિર્યુક્તિ-૫૯૮ થી ૬૦૦ :-**

***દેવો વડે કરાતો જિનવરેન્દ્રનો મહિમા સાંભળીને અભિમાની અને ઈર્ષ્યાથીયુક્ત ઈન્દ્રભૂતિ આવે છે. સર્વજ્ઞ, સર્વદર્શી અને જન્મ-જરા-મૃત્યુથી***



***મૂકાયેલા જિનેશ્વરે તેને નામ અને ગોત્ર સહિત બોલવ્યો. હું જાણું છું કે "જીવ છે કે નહીં" એવો તને સંશય છે. તું વેદપદના અર્થને જાણતો નથી. તેથી તને આ સંશય છે.***

**● વિવેચન-૫૯૮ થી ૬૦૦ :-**

દેવો વડે જિનેન્દ્રનો મહિમા કરાતો સાંભળીને કે જોઈને, આ પ્રસ્તાવમાં - ભગવંત સમીપે આવતા, અભિમાની - હું જ વિદ્વાન્ છું તેવું માન જેને છે તે. મત્સર-ઈર્ષ્યા વિશેષ. મારો જેવો બીજો સર્વજ્ઞ કોણ છે ? હમણાં સર્વજ્ઞવાદથી ઉખેડી નાંખુ. ઈત્યાદિ સંકલ્પથી કલુષિત અંતરાત્માવાળો ઈન્દ્રભૂતિ. તે ભગવંત સમીપે આવતા ભગવંતને ૩૪-અતિશયો યુક્ત અને દેવેન્દ્ર-અસુરેન્દ્ર-નરેન્દ્રથી પરિવૃત્ત જોઈને શંકા સાથે તેમની આગળ ઉભો રહ્યો. ત્યારે જિનવરે તેને બોલાવ્યો. કેવા જિનવર ? જાતિ-પ્રસૂતિ, જરા-વય ઘટવા રૂપ, મરણ-દશ પ્રકારે પ્રાણ વિયોગરૂપ, એ બધાંથી મુક્ત. કઈ રીતે બોલાવ્યો ? ઈન્દ્રભૂતિ ગૌતમ ! એમ કહીને, કેમકે જિનવર-સર્વજ્ઞ સર્વદર્શી છે.

[શંકા] જે જરા મરણરહિત છે, તે સર્વજ્ઞ જ હોય માટે વિશેષણ વ્યર્થ નથી ? ના, નથી - x - કેટલાંક વાદનો નિરાસ કર્યો છે.

તેમણે નામ-ગોત્રથી બોલાવતા ગૌતમને વિચાર આવ્યો કે – અરે ! આ તો મારું નામ પણ જાણે છે, અથવા હું પ્રસિદ્ધ છું, મને કોણ ન ઓળખે ? જો મારો મનો સંશય જાણે કે નિવારે તો આશ્ચર્ય કહેવાય. તેટલામાં ભગવંત બોલ્યા –

હે ગૌતમ ! શું જીવ છે કે નથી તેમ શંકા છે ? આ અનુચિત સંશય છે. આ સંશય તારા વિરુદ્ધ વેદપદના શ્રવણથી થયેલો છે. તું તે વેદ પદોનો અર્થ જાણતો નથી. તે હું તને કહું છું –

તે હવે પછી કહેવાશે. કેટલાંક किं શબ્દને પરિપ્રશ્નાર્થે ઓળખાવે છે, પણ તે યોગ્ય નથી. ભગવંત સર્વ સંશયાતીતપણે છે - x - x - વિરુદ્ધ વેદપદ જન્ય સંશય કહ્યો, તે આ છે – विज्ञान घन एवैतेभ्यो॰ અને स वै अयमात्मा॰ ઈત્યાદિ. તેનો આ અર્થ થાય છે –

વિજ્ઞાન જ ચૈતન્ય છે, નીલ આદિ રૂપત્વથી. તેના વડે ઘન તે વિજ્ઞાનઘન. તે જ અધ્યક્ષથી પરિછિદ્યમાન સ્વરૂપથી, કેવા - પૃથ્વી આદિ લક્ષણથી ઉત્પન્ન થઈને પછી તેમાં જ વિનાશ પામે છે. મરીને પુનર્જન્મ અર્થાત્ પરલોક સંજ્ઞા નથી. તો પછી જીવ ક્યાં છે ? [ગૌતમની શંકા] આગળ કહે છે કે – આત્મા પ્રત્યક્ષ નથી, ઈન્દ્રિયનો સંપ્રયોગ નથી, અનુમાનથી પણ આત્મા જણાતો નથી - x - x - x - આગમ ગમ્ય પણ નથી - x - આ આત્મા શરીરથી બીજે ક્યાંય પ્રયોજાયેલ પણ દેખાતો નથી - x - x - વળી આત્મા અમૂર્ત્ત છે, અકર્તા નિર્ગુણ અને ભોક્તા છે, તેમ પણ કહે છે તે આ આત્મા જ્ઞાનમય છે એ બધાં પરસ્પર વિરોધથી એકાર્થાભિધાયક હોવાથી પ્રમાણ નથી. - x - તેથી જાણતો નથી કે આત્મા છે કે નહીં ?

તું વેદપદોના અર્થને હે ઈન્દ્રભૂતિ ! જાણતો નથી. તેની એકવાક્યતામાં આ

અર્થ છે — વિજ્ઞાન એટલે જ્ઞાન દર્શનના ઉપયોગરૂપ. તેના અનન્યપણાથી આત્મા જ વિજ્ઞાનઘન કહ્યો અથવા પ્રતિપ્રદેશે અનંત વિજ્ઞાન પર્યાય સંઘાત્મકત્વથી 'વિજ્ઞાનઘન' છે - x - એ પૃથ્વી, પાણી આદિથી કથંચિત્ થઈને૰ ભૂતધર્મ એ વિજ્ઞાન નથી. કેમકે તેના અભાવે મુક્તિ અવસ્થાનો ભાવ છે. તેના સદ્‌ભાવમાં મૃતશરીરાદિનો અભાવ છે. ઈત્યાદિ - x - x - x - *[આ બધી ચર્ચા સૂયગડાંગસૂત્રની ટીકામાં પણ આવેલ છે, વિશેષાવશ્યકભાષ્ય-ટીકામાં પણ વિસ્તારથી છે અને કલ્પસૂત્ર ટીકાઓમાં પણ આવે છે, જે અમે છોડી દીધેલ છે.]*

ભગવંતે આ રીતે ઉત્તર આપ્યા પછી શું થયું ?

**● નિર્યુક્તિ-૬૦૧ :-**

***જરા અને મરણથી મુક્ત જિનવર વડે સંશયનો છેદ થતાં, તેના ૫૦૦ છાત્રો સહિત ઈન્દ્રભૂતિ પ્રવ્રજિત થયો.***

**● વિવેચન-૬૦૧ :-**

એ પ્રમાણે છિન્ન - નિરાકૃત્ થયા, છેદાયા. - x - તે ઈન્દ્રભૂતિ સાધુ સંવૃત્ત-દીક્ષિત થયો. ખંડિક-છાત્રો. - x - ગણધર-૧-સમાપ્ત.

**● નિર્યુક્તિ-૬૦૨ થી ૬૦૫ :-**

***તેની દીક્ષા સાંભળીને બીજો ઈર્ષ્યાથી આવે છે અને કહે છે કે — હું તેમને જીતીને ઈન્દ્રભૂતિને પાછા લાવું છું. જન્મ-જરા-મૃત્યુથી મૂકાયેલા સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વરે નામ અને ગોત્રથી તેને બોલાવ્યો. કહ્યું કે — "કર્મ છે કે નહીં એ તારો સંશય છે, કેમકે વેદપદના અર્થોને તું જાણતો નથી, તેનો આ અર્થ છે. તેનો પણ સંશય છેદાતા — તેણે પણ પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રવ્રજ્યા લીધી.***

**● વિવેચન-૬૦૨ થી ૬૦૫ :-**

ઈન્દ્રભૂતિની દીક્ષા થઈ સાંભળીને અગ્નિભૂતિ ઈર્ષ્યાથી પૂર્વ વર્ણિત સ્વરૂપ હેતુભૂતથી હું જાઉં અને ઈન્દ્રભૂતિને પાછો લાવું, તે શ્રમણ અર્થાત્ ઈન્દ્રજાલિક સમાનને હરાવું એમ વિચારતો જાય છે. અથવા ઈન્દ્રભૂતિ તે શ્રમણથી છળ પામીને જીતાયો, તેની શું વાત કરું ? ઈત્યાદિ ચિંતવતો જિનેશ્વર પાસે આવ્યો. ભગવંતને જોઈને અગ્નિભૂતિ વિસ્મય પામ્યો. તેટલામાં ભગવંતે તેને નામ અને ગોત્ર સહિત બોલાવ્યો — અગ્નિભૂતિને પણ થયું કે - x - x - મને કોણ નથી જાણતું ? પણ જો મારો સંશય જાણે અને નિવારે તો સર્વજ્ઞ છે તેમ નક્કી થાય.

તેટલામાં ભગવંતે કહ્યું કે "કર્મ છે કે નથી" એવી તને શંકા છે ને ? તારો સંશય અનુચિત છે. વિરુદ્ધ વેદ પદ જાણીને તને આ સંશય થયેલ છે. કેમકે તું વેદપદોના અર્થને જાણતો નથી ઈત્યાદિ પૂર્વવત્. તે વેદપદ આ પ્રમાણે છે — पुरुष एवेदं ग्निं सर्वं૰ ઈત્યાદિ તથા पुण्यः पुण्येन ઈત્યાદિ. *[આ સમગ્ર વાદ સૂયગડાંગ વૃત્તિ, વિશેષાવશ્યક ભાષ્ય-ટીકા, કલ્પસૂત્રની ટીકાઓમાં આવેલ છે. ઉભય મતને સમજતા અને સમજાવી શકતા તજ્‌જ્ઞનો વિષય છે, અમે તેની માત્ર શાબ્દિક અનુવાદથી સંતુષ્ટ નથી માટે અમે અત્રે એ ચર્ચા છોડી દીધેલ છે.]*



ભગવંતે અગ્નિભૂતિ જે વેદ પદોને માને છે, તે જ વેદપદોને આધારે તેનું સમાધાન કર્યું, તેમના જ શાસ્ત્રોથી સમાધાન પામતા તેનો પણ સંશય છેદાયો. - x - પૂર્વવત્ ૫૦૦ શિષ્યો સાથે તેણે દીક્ષા લીધી. એ રીતે બીજો ગણધર સમાપ્ત થયો.

**● નિર્યુક્તિ-૬૦૬ થી ૬૦૯ :-**

***ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ બંનેને દીક્ષિત થયેલા જાણીને ત્રીજો વાયુભૂતિ જિનેશ્વર પાસે આવ્યો. હું ત્યાં જાઉં. વાંદુ અને પર્યુપાસુ. જન્મ-જરા-મરણથી મૂકાયેલા જિનેશ્વરે - x - તેને નામ અને ગોત્રથી બોલાવ્યો. કહ્યું કે "તે જ જીવ તે જ શરીર" એવો તને સંશય છે પણ તેં કોઈને પૂછેલ નથી. વેદ પદોનો અર્થ તું જાણતો નથી. પણ તેનો અર્થ આ છે — એ રીતે જિનેશ્વરના કથનથી તેના પણ સંશયનો છેદ થતાં તેણે પણ પોતાના ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.***

**● વિવેચન-૬૦૬ થી ૬૦૯ :-**

વાયુભૂતિ પૂર્વના બેની દીક્ષા સાંભળીને જિનવર પાસે આવ્યો. બેની દીક્ષા સાંભળવાથી અભિમાન રહિત અને સર્વજ્ઞનો વિશ્વાસ જન્મતા હવે હું પણ જઉં, ભગવંતને વંદુ, વાંદીને પર્યુપાસના કરું. એ સંકલ્પ જન્મતાં ભગવંત સમીપે જઈને, વાંદીને ભગવંતની પાસે આવ્યો. ત્યારે ભગવંતે પૂર્વવત્ નામ-ગોત્રથી બોલાવ્યો. આ પણ મનોગત સંશય પૂછવા વિચારે છે પણ ક્ષોભથી પૂછવા અસમર્થ છે, તેથી ભગવંતે તેને કહ્યું — જે જીવ એ જ શરીર છે, એવો સંશય તને છે, પણ કોઈને પૂછીને સંપૂર્ણ તત્ત્વને તેં જાણેલ નથી. તારો આ સંશય વિરુદ્ધ જણાતાં વેદપદોને આશ્રીને થયેલ છે, કેમકે તું તેના અર્થને જાણતો નથી.

તે વેદ વાક્યો આ પ્રમાણે છે — "विज्ञानघन एव एतेभ्यो भूतेभ्यः समुत्थाय૰ તથા सत्येन लभ्यः तपसा ह्येष૰ ઈત્યાદિ વિજ્ઞાનઘન નો અર્થ પૂર્વવત્ છે પણ न प्रेत्यसंज्ञा अस्ति નો અર્થ "શરીર અને આત્માની ભેદ સંજ્ઞા નથી" તેવો તું કરે છે. *[અહીં પણ સૂયગડાંગ વૃત્તિ, વિશેષાવશ્યક ભાષ્યટીકા, કલ્પસૂત્રની ટીકાઓ જોવી. અમે આ સમગ્ર વાદ-ચર્ચાનો અનુવાદ અત્રે છોડી દીધેલો જ છે તેની નોંધ લેવી.]*

વૃત્તિકારશ્રી પણ છેલ્લે લખે છે કે — "વિશેષ વિસ્તાર કરતાં નથી, આ તો ગમનિકા માત્ર છે." શેષ કથન પૂર્વવત્. ત્રીજો ગણધર સમાપ્ત થયો. પહેલા અને ત્રીજા ગણધર વચ્ચે આ ભેદ છે કે — પહેલાંને જીવના અસ્તિત્વ વિશે જ શંકા હતી. જ્યારે આ ત્રીજાને જીવના અસ્તિત્વની શંકા નથી પણ જીવ એ શરીરથી વ્યતિરિક્ત છે કે નહીં, તે શંકા છે.

**● નિર્યુક્તિ-૬૧૦ થી ૬૧૩ :-**

***તે ત્રણે એ દીક્ષા લીધાનું સાંભળીને 'વ્યક્ત' નામે ચોથા ભગવંત પાસે આવે છે. હું જાઉં, ભગવંતને વાંદુ અને વાંદીને પર્યુપાસુ. ત્યારે જન્મ-જરા-મરણથી વિમુક્ત જિનવરે - x - તેને નામ અને ગોત્રથી બોલાવ્યો અને કહ્યું કે — તને સંશય છે કે "પાંચ ભૂત છે કે નહીં ?" વેદપદોના અર્થને તું જાણતો નથી, તેનો અર્થ આ છે — અર્થ કહેવાથી સંશયનો છેદ થતાં - x - તે પોતાના***

***૫૦૦ છાત્રો સાથે પ્રવ્રજિત થયો.***

**● વિવેચન-૬૧૦ થી ૬૧૩ :-**

ઈન્દ્રભૂતિ આદિ ત્રણેને પ્રવ્રજિત થયા જાણીને વ્યક્ત નામે ગણધર જિનવર પાસે આવ્યા. કેવા વિશિષ્ટ અધ્યવસાયથી ? હું જઉં, જિન ભગવંતને વાંદુ, વાંદીને પર્યુપાસુ. એવા પ્રકારના સંકલ્પ વડે જઈને ભગવંતને પ્રણમીને તેમના પગ પાસે ભગવંતની ઉપલબ્ધ સંપત્તિથી વિસ્મય પામેલા નયને રહ્યો. તેટલામાં જન્મ-જરા-મરણથી મુક્ત ભગવંતે કહ્યું – "શું પૃથ્વી આદિ પાંચ ભૂતો છે કે નહીં" તેવી શંકા છે ? ઈત્યાદિ પૂર્વવત્. તને આ સંશય વિરુદ્ધ વેદ પદની શ્રુતિથી ઉદ્‌ભવેલ છે. બાકી પૂર્વવત્. તે વેદપદો આ છે – "स्वप्नोपमं वै सफलम्॰ ઈત્યાદિ અને द्यावा पृथिवा॰ ઈત્યાદિ. તથા पृथ्वी देवता, आपो देवता ઈત્યાદિ તેનો અર્થ આ છે – *[અહીં વિશેષાર્થ અને સમગ્ર વાદ કથન વિશેષાવશ્યક ભાષ્ય-ટીકા અને કલ્પસૂત્રની ટીકાઓ આધારે જાણવું-સમજવું. બંને મતવાળાના મતોની જાણકારીથી તે સમજી કે સમજાવી શકાય, તે અમારા કાર્યક્ષેત્રની બહાર છે, તેથી છોડી દીધેલ છે.]*

એ પ્રમાણે વ્યક્ત ગણધરનો સંશય છેદાતા તેણે પણ દીક્ષા લીધી. એ ચોથો ગણધર પુરો થયો.

**● નિર્યુક્તિ-૬૧૪ થી ૬૧૭ :-**

***તે ચારને પ્રવ્રજિત થયા સાંભળીને સુધર્મા જિનવર પાસે આવ્યા. હું જઉં, વંદુ, વાંદીને પર્યુપાસુ. તેટલામાં જન્મ-જરા-મરણથી મુક્ત, સર્વજ્ઞ સર્વદર્શી જિનવરે નામ અને ગોત્રથી તેને બોલાવ્યો અને કહ્યું કે – "જે જેવો આ ભવે હોય તેવો જ પરભવે થાય કે નહીં ?" એવી તને શંકા છે. તે વેદપદોના અર્થને ન જાણવાથી છે. પણ તેનો અર્થ આમ છે. તે સાંભળીને - x - સંશય નષ્ટ થયો, તેથી તેણે પોતાના ૫૦૦ શિષ્યો સાથે દીક્ષા ગ્રહણ કરી.***

**● વિવેચન-૬૧૪ થી ૬૧૭ :-**

ઈન્દ્રભૂતિ આદિ ચારની દીક્ષા થયાનું સાંભળીને પાંચમો સુધર્મ ગણધર જિનવર પાસે આવે છે. કેવા અધ્યવસાયથી ? પૂર્વવત્ જાણવું. તે ભગવંતને જોઈને અતીવ પ્રમોદીત થયો. તેટલામાં ભગવંતે તેને બોલાવ્યો આદિ પૂર્વવત્. તેની શંકા કહી - મનુષ્યાદિ જેવા સ્વરૂપે આ ભવે હોય તેવા જ સ્વરૂપે પરભવે પણ થાય એવો તને સંશય છે ને ? તે સંશય વિરુદ્ધ વેદપદના શ્રવણથી થયેલો છે. તે આ પ્રમાણે છે – पुरुषो वै पुरुषत्वमश्नुते॰ पशवः पशुत्वम् ઈત્યાદિ તથા श्रृगालो वै एष जायते यः सपुरीषो दह्यते. ઈત્યાદિ. તું આ વેદપદોનો યોગ્ય અર્થ જાણતો નથી, તેથી તને શંકા થઈ. *[બધાં ગણધરના સંશય નિવારણાર્થે પરમાત્મા દ્વારા અપાયેલ ઉત્તર અને વેદ પદોના રહસ્યાર્થની ચર્ચા અમે પૂર્વવત્ છોડી દીધેલ છે, સંબંધીત ગ્રન્થો કે આગમવૃત્તિમાંથી જાણી લેવી, અમે અનુવાદ કરેલ નથી.]*

જિનવરે વેદપદોના યોગ્ય અર્થને કહેતા સંશય નષ્ટ થવાથી સુધર્મ ગણધરે પણ દીક્ષા લીધી. એ રીતે પાંચમો ગણધર સમાપ્ત.



**● નિર્યુક્તિ-૬૧૮ થી ૬૨૧ :-**

***તે બધાંને પ્રવ્રજિત થયા જાણીને મંડિત [મંડિક] જિનવર સમીપે આવે છે. હું ત્યાં જઉં, જિનવરને વાંદુ, વાંદીને પર્યુપાસુ. તેટલામાં સર્વજ્ઞ સર્વદર્શી જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવીને કહ્યું કે – "બંધ અને મોક્ષ છે કે નહીં" એવી તને શંકા છે ને ? પણ તને આ શંકા વેદ પદોના અર્થ ન જાણવાથી થઈ છે તેનો અર્થ આમ છે. તે સાંભળીને સંશય છેદાતા મંડિતે પણ ૩૫૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.***

**● વિવેચન-૬૧૮ થી ૬૨૧ :-**

તે ઈન્દ્રભૂતિ આદિ પાંચને પ્રવ્રજિત થયા સાંભળીને મંડિત [મંડિક] છટ્ઠો ગણધર જિનવર પાસે આવે છે. કેવા અધ્યવસાય સહિત આવે છે તે કહે છે, તે પૂર્વવત્. તે ભગવંત સમીપે જઈને અને ભુવનનાથને પ્રણામ કરીને ઘણો જ ખુશ થયો, તેમની આગળ ઉભો રહ્યો. તેટલામાં જન્મ-જરા-મરણથી મુક્ત, સર્વજ્ઞ સર્વદર્શી જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવીને કહ્યું – તને શંકા છે ને કે – બંધ અને મોક્ષ છે કે નહીં ? પણ તારો આ સંશય અનુચિત છે. તારો આ સંશય વિરુદ્ધ વેદપદની શ્રુતિમાંથી ઉદ્‌ભવેલ છે. તું વેદપદોના અર્થોને જાણતો નથી. તે વેદપદો આ છે – स एष विगुणो विभुर्न बध्यते संसरति वा, न मुच्यते, न मोचयते॰ ઈત્યાદિ તથા नह वै सशरीर स्य प्रिय अप्रिययोः अपहतिरस्ति॰ *[આ બંને પદો વિશે મંડિતે કરેલ અર્થનું કથન, તે વેદપદોનો વાસ્તવિક અર્થ અને તેનું કથન વિશેષાવશ્યક ભાષ્ય-ટીકા તથા આગમોની વૃત્તિઓથી જાણવું - સમજવું અમે અનુવાદ કરેલ નથી, ઈત્યાદિ પૂર્વવત્ સમજી લેવું વળી અહીં હારિભદ્રીય ટીકામાં જે કહેવાયેલ છે, તે માટે જૈનેતર તો ઠીક જૈન મતનું પણ જ્ઞાન જરૂરી છે ન્યાયાદિ કથન પણ સમજવું પડે]* એ પ્રમાણે જિનેશ્વરના વચને જેનો સંશય છેદાયો છે તેવા મંડિતે ૩૫૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. એ પ્રમાણે છટ્ઠો ગણધર સમાપ્ત થયો.

**● નિર્યુક્તિ-૬૨૨ થી ૬૨૫ :-**

***તે બધાંને પ્રવ્રજિત થયા જાણીને મૌર્ય પણ જિનવર પાસે આવ્યો. હું જાઉં, જિનવરને વાંદુ અને વાંદીને પર્યુપાસુ. તેટલામાં જન્મ-જરા-મરણથી મુક્ત, સર્વજ્ઞ સર્વદર્શી જિનવરે તેને નામ અને ગોત્ર કહીને બોલાવ્યો. કહ્યું કે – "દેવો છે કે નથી" એવો તને સંશય છે ને ? તું વેદપદોના અર્થોને જાણતો નથી, તેનો અર્થ આમ છે. ત્યારે મૌર્યનો સંશય જિનવર વડે છેદાતા તેણે ૩૫૦ શિષ્યો સહિત દીક્ષા લીધી.***

**● વિવેચન-૬૨૨ થી ૬૨૫ :-**

ઈન્દ્રભૂતિ આદિ છ ને પ્રવ્રજિત થયા સાંભળીને મૌર્ય પણ જિનવર સમીપે આવ્યો ઈત્યાદિ પૂર્વવત્. જિનવરે બોલાવ્યો આદિ પૂર્વવત્. પછી કહ્યું કે – "શું દેવો છે કે નથી તેવી શંકા છે ?" આ સંશય તને વિરુદ્ધ વેદપદોની શ્રુતિથી થયેલો છે. બાકી પૂર્વવત્. તે વેદપદો આ પ્રમાણે છે – "स एष यज्ञायुधी यजमानो॰ ઈત્યાદિ તથા अपाम सोमम्, अमृता अभूम - x - x - किमु धूर्तिरसमृतमर्त्त्यस्य ઈત્યાદિ. તથા को

जानाति ? मायोपमान् गीर्वाण० ઈત્યાદિ. તારા મતે તે જે અર્થ કર્યા તે આ પ્રમાણે છે - x - x - ઈત્યાદિ કહી, ભગવંત વેદપદોના રહસ્યાર્થને સમજાવે છે. પછી પ્રત્યક્ષ દેખાતા દેવોનો નિર્દેશ કરે છે. દેવો કેમ આવતા નથી, તેના કારણોને જણાવતા કહે છે કે — સદૈવ અપ્સરાઓનો દિવ્ય પ્રેમ અને વિષયાસક્તિથી - x - તથા અસમાપ્ત કર્તવ્યપણાથી - x - અનુજ કાર્યત્વથી - x - x - મનુષ્ય ભવની અશુભ ગંધાદિને સહી ન શકવાથી દેવો આવતા નથી, - x - વળી જિન જન્મ મહિમાદિમાં, પુનઃભક્તિ વિશેષથી કે ભવાંતરના રાગથી ક્યારેક આવે પણ છે. - x - એ પ્રમાણે સંશય છેદાતા તેણે દીક્ષા લીધી. સાતમો ગણધર સમાપ્ત.

**• નિર્યુક્તિ-૬૨૬ થી ૬૨૯ :-**

***તે બધાંને પ્રવ્રજિત થયેલા સાંભળીને અકંપિત જિનવરની સમીપે આવે છે. હું જઉં, જિનવરને વાંદું, વાંદીને પર્યુપાસુ. તેટલામાં જન્મ-જરા-મરણથી મૂકાયેલા, સર્વજ્ઞ-સર્વદર્શી જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવ્યો અને કહ્યું કે — “શું નૈરયિકો છે કે નથી ?” એવો તને સંશય છે ને ? કેમકે તું વેદપદોના અર્થને જાણતો નથી. તેનો અર્થ આમ છે. એમ અર્થ કહેતા જિનવર વડે તેનો સંશય છેદાયો અને તે શ્રમણ પોતાના ૩૦૦ શિષ્યો સાથે પ્રવ્રજિત થયો.***

**• વિવેચન-૬૨૬ થી ૬૨૯ :-**

અકંપિત [અકંપિક] પૂર્વવત્ આવ્યો. બાકી બધું પૂર્વવત્ જ છે મનુષ્યોને પીડે છે તે નરક, તેમાં થાય તે નારકો. એવા નારકો છે કે નથી ? એવો તને સંશય છે. પણ તારો આ સંશય વિરુદ્ધ વેદપદની શ્રુતિથી ઉદ્‌ભવેલ છે. બાકી પૂર્વવત્. આ વેદપદો આ પ્રમાણે છે — नारको वै एष जायते यः शुद्रान्नमश्नाति'' ઈત્યાદિ - x - नह वै प्रेत्य नरके नारका सन्ति, ઈત્યાદિ તેનો અર્થ પૂર્વે કહેવાયેલ છે. અહીં યુક્તિ જ કહે છે. હે અકંપિત ! તું માને છે કે દેવો તો ચંદ્રાદિ પ્રત્યક્ષ જ છે, બીજા પણ માંગેલા ફળના દર્શનથી અનુમાનથી જણાય છે, પણ નારકોને કેમ માનવા ? તેથી અને અનુમાનથી પણ નારકો જણાતા નથી.

હે સૌમ્ય ! નારકો કર્મની પરતંત્રતાથી અહીં આવવા સમર્થ નથી, અહીંથી ત્યાં જવું પણ શક્ય નથી. પણ ક્ષાયિકજ્ઞાની વીતરાગને તે પ્રત્યક્ષ જ છે ઈત્યાદિ - x - x - x - x - x - તેને પણ અનુમાનગમ્ય છે. તે આ પ્રમાણે — વિધમાન પ્રકૃષ્ટ પાપનું ફળ ભોગવવાથી, પુન્ય ફળની જેમ પાપકર્મનું આ ફળ છે. કેમકે તિર્યંચ અને મનુષ્ય પ્રકૃષ્ટ પાપના ફળને ભોગવતા નથી. તેમને ઔદારિક શરીરથી વેદવું અશક્ય છે. - x - x - x - ઈત્યાદિ કથનથી તેનો સંશય છેદાતા અકંપિતે તેના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. — આઠમો ગણધર સમાપ્ત —

**• નિર્યુક્તિ-૬૩૦ થી ૬૩૩ :-**

***તેઓને પ્રવ્રજિત થયા જાણીને “અચલભ્રાતા” જિનવર પાસે આવે છે. હું જઉં અને જિનવરને વાંદુ, વાંદીને પર્યુપાસુ. — સર્વજ્ઞ, સર્વદર્શી અને જન્મ-***



***જરા-મરણથી મુક્ત જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવ્યો. પછી કહ્યું કે — “પુન્ય અને પાપ છે કે નથી” તેવી તને શંકા છે, તે શંકા તને વેદપદોના અર્થને ન જાણવાથી થઈ છે. તે પદોનો અર્થ આમ છે. એ રીતે - x - તેનો સંશય છેદાતા તે શ્રમણે પણ ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.***

**• વિવેચન-૬૩૦ થી ૬૩૩ :-**

અચલભ્રાતા જિનવર પાસે આવે છે, બાકી પૂર્વવત્. જિનવર તેને બોલાવે છે, ઈત્યાદિ પૂર્વવત્. “પુન્ય પાપ છે કે નહીં ?” તે શંકા બાકી પૂર્વવત્. આ તારો સંશય વિરુદ્ધ વેદપદની શ્રુતિથી થયેલો છે અને બીજા દર્શન વિરુદ્ધ શ્રુતિથી જન્મેલો છે. તેમાં વેદપદોનો અર્થ જાણતો નથી. च શબ્દથી મનમાં યુક્તિ ધારવી. આ અક્ષરાર્થ કહ્યો છે.

તે વેદ પદો આ પ્રમાણે છે — पुरुष एवेदं ग्निं सर्वम् આદિ જેમ બીજા ગણધરમાં કહ્યું તેમ છે. વ્યાખ્યાદિ બધું તેમ જ જાણવું.

હે અચલભ્રાતા ! - x - કોઈ દર્શન કહે છે કે એક પુન્ય જ છે. પાપ નથી. તે વધે તો સ્વર્ગ મળે અને ઘટે તો તિર્યંચ-નારકાદિ ભવો થાય. તેના સંપૂર્ણ ક્ષયથી મોક્ષ થાય. - x - x - કેટલાંક માને છે માત્ર પાપ છે પણ પુન્ય નથી. તેની ઉત્તમાવસ્થામાં નારકના ભવો મળે અને પાપનો ક્ષય થતાં દેવ-મનુષ્યાદિ ભવો મળે, તેનો અત્યંત ક્ષય થતાં મોક્ષ મળે છે. - x - x - બીજા બીજા વળી પોતાના બીજા મતોથી પાપ અને પુન્યને સદ્‌ભાવ, અભાવ કે મિશ્રભાવ રજૂ કરે છે - x - x - x - x - x - x - પુન્ય અને પાપ અલગ જ છે, તેનાથી જ સુખ, દુઃખનો અતિશય અને વૈચિત્ર્ય પ્રાણીઓને હોય છે. ઈત્યાદિ કથન પછી - x - સંશય છેદાતા તે અચલભ્રાતાએ પોતાના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. નવમો ગણધર સમાપ્ત.

**• નિર્યુક્તિ-૬૩૪ થી ૬૩૭ :-**

***તે નવની દીક્ષા સાંભળીને “મેતાર્ય” જિનવર પાસે આવે છે. હું ત્યાં જઉં, જિનવરને વંદુ, વાંદીને પર્યુપાસુ. [તે આવ્યો ત્યારે] સર્વજ્ઞ, સર્વદર્શી અને જન્મ-જરા-મરણથી વિમુક્ત જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવ્યો અને કહ્યું કે — તને સંશય છે કે “પરલોક છે કે નહીં.” તું વેદના પદોનો અર્થ જાણતો નથી, તેનો અર્થ આમ છે — [ભગવંતે અર્થકથન કરતા] મેતાર્યનો સંશય છેદાતા, તે શ્રમણે ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી.***

**• વિવેચન-૬૩૪ થી ૬૩૭ :-**

પૂર્વવત્ મેતાર્ય આવે છે. ભગવંત નામ લઈને તેને બોલાવે છે, તેનો સંશય કહે છે - x - પરલોક એટલે બીજા ભવમાં ગમનરૂપ. બાકી બધી વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. વિશેષ આ પ્રમાણે —

વેદપદો — विज्ञानधन० ઈત્યાદિ. તથા स वै आत्मा ज्ञानमय ઈત્યાદિ. પહેલા ગણધર માફક પરાભિપ્રેત અર્થયુક્ત છે અને ભૂતસમુદાય ધર્મત્વથી છે. પછી ચૈતન્યને ભવાંતરગતિ લક્ષણ પરલોક સંભવે કઈ રીતે ? એવી તારી મતિ છે. ઈત્યાદિ - x

- x - જિનવરે કહ્યું. - x - x - પછી ભગવંતે વેદપદોનો રહસ્યાર્થ કહ્યો. *[જે ચર્ચા અમે બધે છોડી દીધી છે, વિસ્તારથી જાણવા વિશેષાવશ્યક ભાષ્યની ટીકાઓ જોવી, સામાન્યથી જાણવા કલ્પસૂત્રની ટીકાઓ જોવી.]* જરા-મરણમુક્ત જિનવરના કથનથી મેતાર્યનો સંશય છેદાતા, તેણે ૩૦૦ છાત્રો સાથે દીક્ષા લીધી. ૧૦મો ગણધર સમાપ્ત.

**● નિર્યુક્તિ-૬૩૮ થી ૬૪૧ :-**

***તે દશની દીક્ષા થયાનું સાંભળીને “પ્રભાસ” જિનવરની પાસે આવ્યો કે હું જિનવર પાસે જઉં, વાંદુ, વાંદીને પર્યુપાસુ. [ત્યારે તેને જોતાં] સર્વજ્ઞ, સર્વદર્શી અને જન્મ-જરા-મરણથી મુક્ત જિનવરે તેને નામ અને ગોત્રથી બોલાવ્યો અને કહ્યું કે — “નિર્વાણ છે કે નહીં” તેવો સંશય તને થયેલો છે. કેમકે તું વેદપદોના અર્થોને જાણતો નથી. પણ તેનો અર્થ આમ છે - [રહસ્યાર્થ કહેતાં] તેનો સંશય છેદાયો, તેથી પ્રભાસે પણ પોતાના ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા ગ્રહણ કરી.***

**● વિવેચન-૬૩૮ થી ૬૪૧ :-**

પૂર્વવત્ પ્રભાસ ગણધર આવે છે. ભગવંત બોલાવે છે, શંકા કહે છે ઈત્યાદિ બધાંની વ્યાખ્યા પૂર્વવત્. “નિર્વાણ છે કે નહીં” આ શંકા તને વિરુદ્ધ વેદપદોની શ્રુતિથી ઉદ્‌ભવેલી છે. તે પદો આ પ્રમાણે છે - “जरामर्य्यं वा एतत्सर्वं यदग्निहोत्रं” તથા द्वे ब्रह्मणी वेदितव्ये॰ ઈત્યાદિ - x - x - x - આમાં મોક્ષનો અભાવ પ્રતિ-પાદક પદ છે અને બાકીનાં મોક્ષના અસ્તિત્વને જણાવતા પદ છે, તેથી તને સંશય થયો છે.

મોક્ષ - સંસારનો અભાવ. સંસાર - તિર્યંચ, મનુષ્ય, નારક અને દેવ ભવરૂપ. *[વેદ પદોના રહસ્યાર્થની ચર્ચા પૂર્વવત્ છોડી દીધેલ છે.]* તે રહસ્યને સમજાવી મોક્ષ-નિર્વાણનો સદ્‌ભાવ સમજાવ્યો. તેનાથી પોતાનો સંશય છેદાતા તે પ્રભાસે પણ ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. એ રીતે આ છેલ્લો-અગિયારમો ગણધર સમાપ્ત થયો.

ગણધરોના સંશયને દૂર કરવાની વક્તવ્યતા કહી. હવે તેમની જ શેષ વક્તવ્યતાને પ્રતિપાદિત કરવાની દ્વાર ગાથા કહે છે —

**● નિર્યુક્તિ-૬૪૨ :-**

***ક્ષેત્ર, કાળ, જન્મ, ગોત્ર, અગાર, છદ્મસ્થ પર્યાય, કેવલી પર્યાય, આયુ, આગમ, પરિનિર્વાણ, તપ. [આટલા દ્વારો છે.]***

**● વિવેચન-૬૪૨ :-**

- x - ગણધરોને આશ્રીને ક્ષેત્ર - જનપદ, ગામ, નગર આદિ તેની વક્તવ્ય જન્મભૂમિ. काल - નક્ષત્ર, ચંદ્રનો યોગ ઉપલક્ષિત કાળ. જન્મ વક્તવ્ય, માતા-પિતા, ગોત્ર જેનું જે હોય તે, अगार - ગૃહસ્થ પર્યાય, છદ્મસ્થપર્યાય, કેવલિપર્યાય, સર્વાયુ, કોને કેટલું આગમ હતું તે, પરિનિર્વાણ, કોણ ભગવંત જીવતા હતા ત્યારે, કોણ પછી નિર્વાણ પામ્યા, નિર્વાણમાં જતાં કોને કેટલો તપ કર્યો ? च શબ્દથી સંહનનાદિ. આ ગાથાસમુદાય અર્થ કહ્યો, હવે અવયવાર્થમાં ક્ષેત્ર દ્વાર કહે છે —





**● નિર્યુક્તિ-૬૪૩ થી ૬૪૫ :-**

***મગધ દેશના ગોબરગ્રામ સન્નિવેશમાં આદ્ય ત્રણ જન્મ્યા, તેમનું ગોત્ર ગૌતમ હતું. કોલ્લાગ સંનિવેશમાં વ્યક્ત અને સુધર્મા જન્મ્યા. મૌર્ય સંનિવેશમાં બે ભાઈઓ મંડિત અને મૌર્યપુત્ર જન્મ્યા. કોસલામાં અચલભ્રાતા અને મિથિલામાં અકંપિત થયા. કૌશાંબીના તુંગિક સંનિવેશમાં મેતાર્ય જન્મ્યા, રાજગૃહીમાં ભગવંત પ્રભાસ ગણધર જન્મ્યા.***

**● વિવેચન-૬૪૩ થી ૬૪૫ :-**

[ગાથાર્થ કહ્યો. વિશેષ આ છે —] ગૌતમ - ત્રણેનું ગોત્ર હતું. વત્સભૂમિ એટલે કૌશાંબી. કાળદ્વાર અવયવ કહીએ છીએ — તેમાં કાળ જ નક્ષત્ર-ચંદ્રયોગ ઉપલક્ષિત છે, એમ કરીને જે ગણધરનું જે નક્ષત્ર છે, તેને જણાવતા કહે છે —

**● નિર્યુક્તિ-૬૪૬ + વિવેચન :-**

જ્યેષ્ઠા, કૃતિકા, સ્વાતિ, શ્રવણ, ઉત્તરાફાલ્ગુની, મઘા, રોહિણી, ઉત્તરાષાઢા, મૃગશિર્ષ, અશ્વિની, પુષ્ય આટલા અનુક્રમે ઈન્દ્રભૂતિ આદિના નક્ષત્રો હતા. હવે જન્મદ્વાર કહે છે. જન્મ માતા, પિતાથી થાય તેથી માતા અને પિતાના નામો કહે છે—

**● નિર્યુક્તિ-૬૪૭,૬૪૮ :-**

***વસુભૂતિ, ધનમિત્ર, ધર્મિલ, ધનદેવ, મૌર્ય, દેવ, વસુ, દત્ત અને બલ તે ગણધરોના પિતા હતા. પૃથ્વી, વારુણી, ભદ્રિલા, વિજયદેવ, જયંતિ, નંદા, વરુણદેવા અને અતિભદ્રા એ ગણધરની માતા હતા.***

**● વિવેચન-૬૪૭,૬૪૮ :-**

પહેલાં ત્રણ ગણધરોના પિતા એક હતા, બાકીના ગણધરોના પિતા ધનમિત્રાદિને અનુક્રમે જાણવા. પૃથ્વી પહેલા ત્રણ ગણધરોની માતા હતા. વિજયદેવા એ મંડિક અને મૌર્યપુત્રની માતા હતા, જો કે તેમના પિતા જુદા જુદા હતા. કેમકે ધનદેવના મૃત્યુ પછી મૌર્ય વડે તેણીને ગ્રહણ કરાઈ હતી. તેમના દેશમાં પુનર્લગ્નનો વિરોધ ન હતો. હવે ગોત્રદ્વાર કહે છે —

**● નિર્યુક્તિ-૬૪૯ + વિવેચન :-**

ઈન્દ્રભૂતિ આદિ ત્રણ ગૌતમ ગોત્રીય હતા. ભારદ્વાજ, અગ્નિવૈશ્ય અને વાશિષ્ઠ ગોત્રિય અનુક્રમે વ્યક્ત, સુધર્મ અને મંડિકના ગોત્ર હતા. કાશ્યપ, ગૌતમ, હારિત એ મૌર્ય, અકંપિત, અચલભ્રાતાનું ગોત્ર હતું અને મેતાર્ય તથા પ્રભાસ બંને કૌંડિન્ય ગોત્રના ગણધરો હતા. હવે ગૃહીપર્યાય કહે છે —

**● નિર્યુક્તિ-૬૫૦,૬૫૧ :-**

***૧૧-ગણધરોનો ગૃહવાસ પર્યાય અનુક્રમે - ૫૦, ૪૬, ૪૨, ૫૦, ૫૦, ૫૩, ૬૫, ૪૮, ૪૬, ૩૬ અને ૧૬ વર્ષ જાણવો.***

***હવે હું અનુક્રમે છદ્મસ્થ પર્યાયને કહીશ —***

**● વિવેચન-૬૫૦,૬૫૧ :-**

अगारवास - ગૃહવાસ, આ ગણધરોનો અનુક્રમે પર્યાય કહ્યો. અંતર દ્વાર

પ્રતિપાદિત કરવા કહે છે — અનુક્રમે છદ્મસ્થ પર્યાય આ પ્રમાણે —

• **નિર્યુક્તિ-૬૫૨ + વિવેચન :-**

૧૧-ગણધરોનો અનુક્રમે છદ્મસ્થપર્યાય — ૩૦, ૧૨, ૧૦, ૧૨, ૪૨, ૧૪, ૧૪, ૯, ૧૨, ૧૦ અને ૮ વર્ષ છે. હવે કેવલિ પર્યાય કહે છે —

• **નિર્યુક્તિ-૬૫૩,૬૫૪ :-**

***આયુષ્યમાંથી છદ્મસ્થપર્યાયકાળ અને ગૃહસ્થવાસકાળ બાદ કરતાં જે રહે તે ગણધર ભગવંતોનો કેવલિપર્યાય જાણવો. તે કેવલિ પર્યાય આ પ્રમાણે — ૧૨, ૧૬, ૧૮, ૧૮, ૮, ૧૬, ૧૬, ૨૧, ૧૪, ૧૬, ૧૬ વર્ષ.***

• **વિવેચન-૬૫૩,૬૫૪ :-**

- x - x - ગાથા સુગમ છે, સર્વાયુ જણાવતાં કહે છે —

• **નિર્યુક્તિ-૬૫૫,૬૫૬ + વિવેચન :-**

ગણધરોનો આયુ પર્યાય અનુક્રમે આ પ્રમાણે — ૯૨, ૭૪, ૭૦, ૮૦, ૧૦૦, ૮૩, ૯૫, ૭૮, ૭૨, ૬૨, ૪૦. હવે આગમદ્વારને કહે છે —

• **નિર્યુક્તિ-૬૫૭ :-**

***બધાં ગણધરો બ્રાહ્મણ જાતિના, બધાં જ અધ્યાપક, વિદ્વાન્ હતા તથા બધાં દ્વાદશાંગી અને ચૌદ પૂર્વધર થયા.***

• **વિવેચન-૬૫૭ :-**

જાત્ય - અશુદ્ધ ન હતા. અધ્યાપક-ઉપાધ્યાય, વિદ્વાન્ - પંડિત, આ ગૃહસ્થાશ્રમના વિશેષણ છે. પછી ચૌદપૂર્વી આદિ થયા, [તે શ્રમણ પર્યાયની વિશેષતા છે.] હવે પરિનિર્વાણ દ્વાર કહે છે —

• **નિર્યુક્તિ-૬૫૮ + વિવેચન :-**

ભગવંત મહાવીરના જીવતાં જ નવ ગણધરો પરિનિર્વાણ પામ્યા. ઈન્દ્રભૂતિ અને સુધર્મા ભગવંતના નિર્વાણ બાદ રાજગૃહીમાં નિર્વાણ પામ્યા.

- - હવે તપોદ્વાર કહે છે —

• **નિર્યુક્તિ-૬૫૯ :-**

***બધાં ગણધરો સર્વલબ્ધિસંપન્ન, વજ્રઋષભનારાચ સંઘયણી, સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા, માસિકી પાદપોપગમન અનશન કર્યું.***

• **વિવેચન-૬૫૯ :-**

બધાં ગણધરો એક માસનું પાદપોપગમન અનશન કરીને મોક્ષે ગયા. ચ શબ્દથી કહે છે કે બધાં આમર્ષૌષધિ આદિ સર્વ લબ્ધિથી યુક્ત હતા. ઈત્યાદિ - x - સામાયિકનો અર્થ અને સૂત્રના પ્રણેતા તીર્થંકર અને ગણધરોનો નિર્ગમ કહ્યો. હવે ક્ષેત્રદ્વારના પ્રાપ્ત અવસરને ઉલ્લંઘીને કાળદ્વાર કહે છે. અનંતર જ દ્રવ્ય નિર્ગમ કહ્યો અને કાળના દ્રવ્યપર્યાયત્વથી અંતરંગ હતું - x - ક્ષેત્રના અલ્પ વક્તવ્યત્વથી અન્યથા ઉપન્યાસ કર્યો. તે કાળ નામાદિ ૧૧ ભેદ ભિન્ન છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે હવે દ્રવ્યાદિ કાળ સ્વરૂપ જણાવવાને કહે છે —



• **નિર્યુક્તિ-૬૬૦ :-**

***દ્રવ્યકાળ યથા-આયુમાં, ઉપક્રમમાં, દેશકાળમાં અને કાળમાં, તે જ રીતે પ્રમાણમાં, વર્ણમાં, ભાવમાં પ્રકૃત ભાવથી અધિકાર છે.***

• **વિવેચન-૬૬૦ :-**

દ્રવ્ય-વર્તનાદિ લક્ષણ દ્રવ્યકાળ, અદ્ધા - ચંદ્ર, સૂર્યાદિ ક્રિયા વિશિષ્ટ અઢી દ્વીપ-સમુદ્ર અંતર્વર્તીકાળ - સમયાદિ લક્ષણ કહેવો. યથાયુષ્ય કાળ તે દેવાદિ આયુકાળ જાણવો. ઉપક્રમકાળ - અભિપ્રેત અર્થ સામીપ્યને લાવવારૂપ સામાચારી યથાયુષ્ક ભેદ ભિન્ન કાળ કહેવો. દેશ-પ્રસ્તાવ અવસર કે વિભાગ કે પર્યાય. અભિષ્ટવસ્તુની અવાપ્તિનો અવસર-કાળ. કાળકાળ-તેમાં કાળ શબ્દ પૂર્વે કહ્યો તે અથવા સામાયિક કાળ-મરણ. મરણક્રિયા-કલન તે કાલકાલ. પ્રમાણકાળ - અદ્ધાકાળ વિશેષ દિવસાદિ લક્ષણ. ભાવકાળ - ઔદયિકાદિ ભાવકાલ - સાદિ સાંત આદિ ભેદ ભિન્ન જાણવો. અહીં ભાવકાળ વડે અધિકાર છે. હવે અવયવાર્થ કહે છે —

• **નિર્યુક્તિ-૬૬૧ :-**

***ચેતન, અચેતન દ્રવ્યની સ્થિતિના ચાર વિકલ્પો છે. તે દ્રવ્યકાળ છે અથવા દ્રવ્ય તે પ્રમાણે છે.***

• **વિવેચન-૬૬૧ :-**

ચેતન અને અચેતન દ્રવ્યના સ્કંધાદિ અથવા ચેતન અને અચેતન દ્રવ્યની સ્થિતિ જે સાદિ સાંત આદિ ચાર ભેદે હોય છે. દ્રવ્યનો કાળ, તેના પર્યાયપણાથી જાણવો અથવા દ્રવ્ય એ જ કાળ તે દ્રવ્યકાળ. ચેતન, અચેતન દ્રવ્યની ચાર પ્રકારની સ્થિતિ દર્શાવતા કહે છે —

• **નિર્યુક્તિ-૬૬૨ :-**

***ગતિ, સિદ્ધ, ભવ્ય, અભવ્ય પુદ્‌ગલ, અનાગતકાળ-અતીત કાળ, ત્રણ કાય, જીવાજીવ સ્થિતિ એ ચાર છે.***

• **વિવેચન-૬૬૨ :-**

ગતિ - દેવ આદિને આશ્રીને જીવો સાદિ સાંત છે. સિદ્ધ - પ્રત્યેક સિદ્ધપણાથી સાદિ અનંત છે, ભવ્ય-ભવ્યને આશ્રીને કેટલાંક અનાદિ સાંત, અભવ્યપણે અનાદિ અનંત છે આ જીવ સ્થિતિ ચૌભંગી થઈ.

પુદ્‌ગલ-પૂરણ અને ગલન ધર્મવાળા તે. તે પુદ્‌ગલપણાથી સાદિ સાંત છે, અનાગતકાળ - તે વર્તમાન સમયાદિથી સાદિ અનંતપણે છે અને અતીતકાળ-અનંતત્વથી અનાદિ છે. સાંપ્રત સમય વિવક્ષાથી સાંત છે. ત્રણ કાય-ધર્મ, અધર્મ અને આકાશાસ્તિકાય અનાદિ અનંત છે આ જીવાજીવની ચાર ભેદે સ્થિતિ કહી.

હવે અદ્ધાકાળની વ્યાખ્યા —

• **નિર્યુક્તિ-૬૬૩ :-**

***સમય, આવલિકા, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, વર્ષ, યુગ, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, પરાવર્ત.***

● **વિવેચન-૬૬૩ :-**

તેમાં પરમનિકૃષ્ટ કાળને સમય કહે છે. તે પ્રવચનમાં કહેલા ''પટ્ટશાટિકા પાટન'' દૃષ્ટાંતથી જાણવો. આવલિકા - અસંખ્યાત સમય સમુદાય લક્ષણ. બે ઘડીનું એક મુહૂર્ત. ચાર પ્રહરરૂપ દિવસ અથવા સૂર્ય વડે આભાથી વ્યાપ્ત આકાશખંડ હોય તે દિવસ કહેવાય, બાકી રાત્રિ કહેવાય. આઠ પ્રહર રૂપ છે તે અહોરાત્ર - રાત્રિદિન. પક્ષ-૧૫-અહોરાત્રરૂપ, માસ-પક્ષથી બમણો. સંવત્સર-બાર માસરૂપ, યુગ-પાંચ સંવત્સરરૂપ. અસંખ્યેય યુગરૂપ તે પલ્યોપમ અને દશ કોડાકોડી પલ્યોપમ તે સાગરોપમ. તે દ્રવ્ય આદિ ભેદ ભિન્ન છે, જે પ્રવચનથી જાણવું.

જેમ આયુષ્કકાળદ્વાર કહે છે, તેમાં અદ્ધાકાળ જ આયુષ્ક કર્માનુભવ વિશિષ્ટ સર્વ જીવોને વર્તનાદિમય યથાયુષ્કકાળ કહેવાય છે તેથી –

● **નિર્યુક્તિ-૬૬૪ + વિવેચન :-**

નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોનું જે આયુ, જે આત્મા વડે પૂર્વભવમાં રૌદ્રધ્યાનાદિ વડે ઉપાર્જિત હોય તે યથાયુષ્ય, તે વિપાકથી જ અનુપાલિત થાય છે. તે યથાયુષ્કકાળ. હવે ઉપક્રમકાળ દ્વાર –

● **નિર્યુક્તિ-૬૬૫ :-**

***ઉપક્રમકાળ બે ભેદે છે – સામાચારી અને યથાયુષ્ય. તેમાં સામાચારી ત્રણ ભેદે છે – ઓઘથી, પદ વિભાગથી અને દશધા.***

● **વિવેચન-૬૬૫ :-**

ઉપક્રમકાળ બે ભેદે છે – સામાચારી અને યથાયુષ્ક. સમાચાર-સમ આચરણા અર્થાત્ શિષ્ટ આચરિત ક્રિયાકલાપ, તેનો ભાવ તે સામાચાર્ય. - x - x - x - યથાયુષ્કનો ઉપક્રમ - દીર્ઘકાળ ભોગ્યનો લઘુતર કાળથી ખપી જવું તે ઉપક્રમ. - x - તેમાં કાળ અને કાળવાળાના અભેદથી કાળની જ આયુષ્ક આદિ ઉપાધિ વિશિષ્ટનો ઉપક્રમ જાણવો એમ અભિપ્રાય છે.

સામાચારી ત્રણ ભેદે છે - ઓઘ એટલે સામાન્ય, સામાન્યથી સંક્ષેપ અભિધાનરૂપ તે ઓઘ સામાચારી તે ઓઘનિર્યુક્તિ છે. દશવિધ સામાચારી ઈચ્છાકારાદિ લક્ષણા છે. પદવિભાગ તે છેદસૂત્રો છે.

તેમાં ઓઘ સામાચારી નવમા પૂર્વની ત્રીજી આચાર નામક વસ્તુથી છે, તેમાં પણ ૨૦માં પ્રાભૃતથી છે - x - તુરંતના દીક્ષિત અને શ્રુત પરિજ્ઞાનશક્તિ રહિતોને આયુ આદિ હ્રાસની અપેક્ષાથી નીકટ લાવેલ.

દશવિધ સામાચારી - ઉત્તરાધ્યયનના ૨૬માં અધ્યયનથી લીધી. પદ વિભાગ સામાચારી છેદસૂત્રરૂપ નવમાં પૂર્વથી લીધી છે.

હવે ઓઘનિર્યુક્તિ કહેવી જોઈએ, તે સુપ્રપંચિત હોવાથી વર્ણવતા નથી. તેથી હવે દશવિધ સામાચારી સ્વરૂપ દર્શાવે છે –

● **નિર્યુક્તિ-૬૬૬,૬૬૭ :-**

***ઈચ્છાકાર, મિચ્છાકાર, તથાકાર, આવશ્યિકી, નૈષેધિકી, આપૃચ્છના,***



***પ્રતિપૃચ્છા, છંદણા, નિમંત્રણા, ઉપસંપદા એ દશ ભેદે સામાચારી છે. એ દરેક પદોની હું પ્રરૂપણા કરીશ.***

● **વિવેચન-૬૬૬,૬૬૭ :-**

(૧) ઈચ્છા - એષણા, કરવી તે કાર. તેમાં 'कार' શબ્દ બધે જોડવો. ઈચ્છા વડે - બલાભિયોગ સિવાય કરવું તે ઈચ્છાકાર અર્થાત્ ઈચ્છાક્રિયા. ઈચ્છાક્રિયા વડે મારે આ કરવું પણ બલાભિયોગપૂર્વક નહીં. (૨) મિથ્યા વિતથ કે અનૃત, મિથ્યાકરણ એટલે મિથ્યાક્રિયા. તે સંયમયોગથી વિપરીત આચરણમાં જાણવી. સાધુઓનું તે ક્રિયામાં વૈતથ્ય દર્શાવવું તે.

(૩) તથાકાર - સૂત્ર પ્રશ્ન વિષયમાં જેમ આપે કહ્યું તે આ - એવા સ્વરૂપે, તથા કરણ તે. (૪) અવશ્ય કર્તવ્ય યોગ વડે નિષ્પન્ન તે આવશ્યિકી, (૫) નિષેધ વડે નિર્વૃત્ત તે નૈષેધિકી. (૬) પૂછવું તે પૃચ્છા - તે વિહારભૂમિ-ગમન આદિ પ્રયોજનોમાં ગુરુને પૂછવું તે. (૭) પ્રતિપૃચ્છા - પૂર્વે નિયુક્ત છતાં કરણકાળે કરવી તે, નિષિદ્ધ હોય અથવા પ્રયોજનથી કરવા યોગ્ય હોય. (૮) છંદણા - પૂર્વગૃહિત અશનાદિ કરવા તે.

(૯) નિમંત્રણા - અગૃહીત એવા અશનાદિ વડે - ''હું આપના માટે અશનાદિ લાવું'' તે રૂપ. (૧૦) ઉપસંપદા - વિધિ વડે સ્વીકારવી.

એ પ્રમાણે કાળવિષયક સામાચારી દશ ભેદે થાય. તે સંક્ષેપથી કહી હવે વિશેષથી કહેવા ઈચ્છે છે. - x - x - ઈચ્છાકાર સામાચારી –

● **નિર્યુક્તિ-૬૬૮ :-**

***જો બીજા કોઈને કારણ ઉત્પન્ન થતાં પ્રાર્થના કરે તો કોઈ બીજો તેનું કાર્ય કરે તે ઈચ્છા કાર્ય છે, બલાભિયોગથી તે ન કલ્પે.***

● **વિવેચન-૬૬૮ :-**

કારણ હોય તો - સાધુને અકારણે અભ્યર્થના ન જ કલ્પે. જો અન્ય સાધુ ગ્લાનાદિ કારણે અભ્યર્થના કરે, તે કરવાની ઈચ્છાવાળા અન્ય સાધુ - x - x - કે તેની બીજા સાધુ વડે ચિકિત્સા કરવા ઈચ્છે તે ઈચ્છાક્રિયા. - x - x - પણ તે બલાભિયોગથી ન કલ્પે. ઉક્તગાથાનો અવયવાર્થ –

● **નિર્યુક્તિ-૬૬૯ + વિવેચન :-**

જો શબ્દ સ્વીકાર અર્થમાં હોય તો બીજાને પ્રાર્થવા યોગ્ય નથી. બળ અને વીર્યને ન ગોપવનાર સાધુએ પોતાનું કાર્ય જાતે જ કરવું જોઈએ.

यदि - જો શબ્દ, સ્વીકાર અર્થમાં જણાય તો અભ્યર્થના કરવી યોગ્ય નથી જ. શા માટે ? બલ - શારીરિક, વીર્ય-આંતરિક શક્તિ. આ બલ અને વીર્ય ન ગોપવવા તે. તે સાધુમાં યોગ્ય છે. - x - અથવા જે કારણે બળ-વીર્ય ગોપવ્યા વિના સાધુ વડે હોવું જોઈએ તે કારણે પ્રાર્થના કરવી યોગ્ય નથી. તો અભ્યર્થના વિષયમાં ઈચ્છાકાર અનર્થક છે ?

● **નિર્યુક્તિ-૬૭૦ :-**

***જો તે કાર્ય કરવાને તે અસમર્થ હોય, અથવા ન જાણતો હોય અથવા***

*ગ્લાનાદિ કારણે વ્યસ્ત હોય તો.....*

● **વિવેચન-૬૭૦ :-**

જો પ્રસ્તુતકાર્યને માટે તે અસમર્થ છે, જાણતો નથી ઈત્યાદિ ત્યારે અભ્યર્થના વિષયક ઈચ્છાકાર રત્નાધિકને છોડીને કરે. કહે છે —

● **નિર્યુક્તિ-૬૭૧ :-**

*રત્નાધિકને વર્જીને બાકીનાને ઈચ્છાકાર કરે. [કેવી રીતે ?] તમે જો તમારી ઈચ્છા હોય તો આ મારું કાર્ય કરો.*

● **વિવેચન-૬૭૧ :-**

રત્ન બે ભેદે — દ્રવ્યરત્ન અને ભાવરત્ન. તેમાં મરકત, નીલ આદિ દ્રવ્યરત્નો છે - x - ભાવરત્ન - સમ્યગ્ દર્શનજ્ઞાન ચારિત્ર છે. - x - ભાવરત્નો વડે અધિક તે રત્નાધિક, તેને છોડીને ઈચ્છાક્રિયા કરે છે. કઈ રીતે ? આ મારા વસ્ત્ર સીવણાદિ કરાય તમે ઈચ્છા હોય તો કરો, બલાભિયોગ વડે નહીં, અહીં ગાથા ૬૬૮ની થોડી વ્યાખ્યા કરી. હવે 'करेज्ज से कोइ' એ ગાથાનો અવયવાર્થ કહે છે.

અન્યકરણ સંભવમાં કારણ બતાવે છે —

● **નિર્યુક્તિ-૬૭૨ થી ૬૭૫ :-**

*અથવા અન્ય સાધુને કાર્યનો વિનાશ કરતો, બીજાને પ્રાર્થના કરતો જોઈને નિર્જરાર્થી કોઈપણ સાધુ તે સાધુને કહે... હું તમારી ઈચ્છા હોય તો તે કાર્ય કરું. તેમાં પણ તે કર્તાની મર્યાદા મુજબ, તેનો ભંગ ન થાય તે રીતે ઈચ્છાકાર કહે. અથવા પોતાનું કે અન્યનું કાર્ય કરતા અન્યને જોઈને મારું પણ આ કાર્ય કરતો તેમ ઈચ્છાકાર કહે. ત્યારે પણ તેને ઈચ્છાકાર કહે અથવા ગુર્વાદિના કાર્યને લીધે માફી માંગી લે, કાર્ય ન હોય તો આત્માના અનુગ્રહને માટે સાધુનું કાર્ય કરવું જોઈએ.*

● **વિવેચન-૬૭૨ થી ૬૭૬ :-**

[ગાથાર્થ કહ્યો, તદુપરાંતની વૃત્તિ આ છે —] વિનાશ કરતો હોય તો કાર્ય કરવું જોઈએ અથવા ગુરુત્તર કાર્ય કરણ સમર્થ હોય તો વિનાશ ન કરતો હોય તો પણ અભ્યર્થના કરે, અભિલષિત કાર્ય કરવાને અન્ય કોઈ સાધુને જોઈને તે નિર્જરાર્થી સાધુ તે કરવાને સમર્થ કોઈને કહે — હું, તમારું જો તમારી ઈચ્છા ક્રિયાથી હોય તો આ ઈષ્ટ કાર્ય કરું છું, ધરાર નહીં. ઈચ્છાકાર શા માટે કરે ? સાધુની આ મર્યાદા છે - કોઈની ઈચ્છા સિવાય કંઈ જ કરાવવું ન જોઈએ. અધિકૃત ગાથા અવયવની વ્યાખ્યા કરી, હવે 'तत्थवि इच्छाकारो' આ શબ્દના વિષય પ્રદર્શનાર્થે કહે છે —

અથવા પોતાના પાત્રને લેપનાદિ કરતા બીજા કોઈને જોઈને, તેને પણ પ્રયોજન જણાતા ઈચ્છાકાર કરે, મારા પણ આ પાત્ર લેપનાદિ કરો. હવે અભ્યર્થિત સાધુ વિષયક વિધિ દર્શાવવાને કહે છે — તેમાં પણ પ્રાર્થિત થઈ — "હું તમારું કાર્ય કરવા ઈચ્છું છું." તે પણ ગુર્વાદિના કાર્ય કર્યા પછી કરવું જોઈએ ત્યારે કારણ શોભે, ઈત્યાદિ - x - ઈચ્છાકાર વિશે વિશેષ —



● **નિર્યુક્તિ-૬૭૬ થી ૬૭૯ :-**

*અથવા જ્ઞાનાદિ અર્થે જે કોઈ આચાર્યની વૈયાવચ્ચ કરે, તેમાં પણ તે ઈચ્છાકાર થવો જોઈએ. નિર્ગ્રન્થોને આજ્ઞા કે બલાભિયોગ ન કલ્પે, શૈક્ષ તેમજ રત્નાધિકને માટે તેમાં ઈચ્છા વ્યક્ત કરવી પડે. જેમ જાત્ય ઘોડા વિનિત હોવાથી પોતાની મેળે જ લગામ પકડી લે છે પણ જનપદમાં થયેલા ઘોડામાં કેટલાંક આપ મેળે પકડે છે, કેટલાંકને બલાભિયોગથી લગામ પકડાવવી પડે છે તે પ્રમાણે પુરુષજાતમાં પણ વિનિત શિષ્યમાં બલાભિયોગ હોતો નથી, પણ બાકીનાને જનપદમાં થયેલ અશ્વ માફક બલાભિયોગ હોય છે.*

● **વિવેચન-૬૭૬ થી ૬૭૯ :-**

અથવા જ્ઞાન, દર્શન કે ચારિત્રના ગ્રહણને માટે જો આચાર્યની વૈયાવચ્ચ કોઈ સાધુ કરે - વિશ્રામણાદિ કરે, તે સાધુને વૈયાવચ્ચમાં જોડતાં ઈચ્છાકાર સહિત જોડવો જોઈએ. કેમ ? કેમકે આજ્ઞા - આજ્ઞાપન, આ તારું જ કાર્ય છે. તે ન કરે તો બલાભિયોગ કરવો તે સાધુને કરવો કલ્પતો નથી. ઈચ્છાકારથી જોડવો જોઈએ. પ્રયોજન ઉત્પન્ન થાય તો શૈક્ષ તથા રત્નાધિકને ઈચ્છા પૂછવી. અહીં શૈક્ષાદિથી બધાં સાધુનું ગ્રહણ કરવું. આ ઉત્સર્ગ કહ્યો. અપવાદે તો આજ્ઞા અને બલાભિયોગ પણ દુર્વિનિતમાં પ્રયોજવો જોઈએ. તેની સાથે ઉત્સર્ગથી સંવાસ જ કલ્પતો નથી. - x - તેમાં વિધિ આ છે — પહેલાં ઈચ્છાક્રિયાથી જોડે, ન કરે તો આજ્ઞા વડે અને પછી બલાભિયોગથી જોડવો જોઈએ. કહ્યું છે કે —

જેમ મગધાદિ જનપદોમાં જન્મેલ અને જાત્યવાહીક અશ્વોમાં સ્વયં જ લગામનું ગ્રહણ કરે છે અથવા બલાભિયોગથી કરાવાય છે આ દૃષ્ટાંતનો ઉપનય એવો છે કે — પુરુષોમાં પણ અનેક પ્રકારે વિનયને પ્રાપ્ત હોય તેવાઓમાં બલાભિયોગ નથી ઈત્યાદિ ગાથાર્થ મુજબ છે.

અવયવાર્થ કથાનકથી જાણવો, તે આ રીતે — બાલ્હીક દેશમાં એક કિશોર અશ્વ હતો. તે શિક્ષિત કરવાને વિકાલે અધિવાસિત કરી પ્રભાતે બાહાલી લઈ ગયા. તેને લગામ નાંખી, તેણે સ્વયં ગ્રહણ કરી કેમકે વિનિત હતો. રાજા સ્વયં તેના ઉપર બેઠો, તેણે ઈચ્છા મુજબ વહન કર્યો, રાજા નીચે ઉતર્યો, આહારાદિ વડે સારી રીતે ચર્યો. રોજ શુદ્ધત્વથી જ વહન કરતો, તેને બલાભિયોગની જરૂર ન હતી. બીજો મગધાદિ જનપદમાં જન્મેલ અશ્વ, તે પણ શિક્ષિત કરવા તે રીતે અધિવાસિત કરાયો, માતાને પૂછે છે — આ શું છે ?, તેણી બોલી, તને કાલે વહન કરશે, ત્યારે તું સ્વયં લગામ ગ્રહણ કરી રાજાને ખુશ કરજે. તેણે તેમ કર્યુ, રાજાએ પણ આહારાદિ વડે તેનો ઉપચાર કર્યો. માતાએ કહ્યું — આ વિનયગુણનું તને ફળ મળેલ છે.

હવે કાલે સ્વયં લગામ લેતો નહીં અને કોઈને વહન કરતો નહીં. તેણે તે પ્રમાણે કર્યુ. રાજાએ પણ ચાબુકાદિથી ફટકાર્યો. બળપૂર્વક લગામ દઈને વહન કર્યો. ખાવા ન દીધું ત્યારે માતાએ કહ્યું — આ તારા દુશ્ચેષ્ટિતનું ફળ છે તને આ બે રસ્તા બતાવ્યા, હવે તને રુચે તે કર.

ઉપનય - જે સ્વયં વૈયાવચ્ચ ન કરે, તેને ધરાર કરાવવી. તેથી બલાભિયોગ સિવાય મોક્ષાર્થી વડે સ્વયં જ 'ઈચ્છાકાર' આપીને અપ્રાર્થિતની પણ વૈયાવચ્ચ કરવી.

[શંકા] તો શું અપ્રાર્થિતની સ્વયં ઈચ્છાકાર કરણ અયુક્ત છે, તે આશંકાને માટે કહે છે —

• નિર્યુક્તિ-૬૮૦ :-

***અભ્યર્થનામાં મરુકનું, શિષ્યને પ્રેરણામાં વાનરનું દૃષ્ટાંત છે. ગુરુકરણમાં સ્વયં જ બે વણિકોના દૃષ્ટાંત છે.***

• વિવેચન-૬૮૦ :-

સંક્ષેપથી ગાથાર્થ કહ્યો, હવે વિસ્તારાર્થે કથાનક કહે છે —

એક સાધુને લબ્ધિ હતી, તે બાળ-વૃદ્ધની વૈયાવચ્ચ કરતો ન હતો. તેને આચાર્યએ પ્રેરણા કરી ત્યારે તેણે કહ્યું — મને કોણ અભ્યર્થના કરે છે ? આચાર્યએ કહ્યું — તું અભ્યર્થના શોધતા ચુકીશ, જેમ તે મરુક [બ્રાહ્મણ].

એક બ્રાહ્મણ જ્ઞાનના મદમાં મત્ત હતો. કાર્તિક પૂર્ણિમામાં રાજા જનપદોમાં દાન દેવા લાગ્યો, તો ત્યાં ન ગયો. તેની પત્નીએ કહ્યું — જાઓ. ત્યારે બ્રાહ્મણ બોલ્યો — હું એક તો શુદ્રનો પ્રતિગ્રહ કરું છું બીજું તેના ઘેર જઉં, જેને સાતમી પેઢીથી કુળનું કાર્ય મને આવીને આપે છે, [માટે ન જઉં] એ રીતે તે યાવજ્જીવન દરિદ્ર રહ્યો.

એ પ્રમાણે તું પણ અભ્યર્થના શોધતો નિર્જરાથી ચૂકીશ. આ બાળ-વૃદ્ધોની વૈયાવચ્ચ કરનારા બીજા છે, તારી આ લબ્ધિ છે, તે એમ જ નાશ પામશે. ત્યારે તે બોલ્યો કે — જો તે સુંદર છે, તો સ્વયં કેમ કરતા નથી ? આચાર્ય કહે છે કે — તું તે વાનર જેવો છે.

એક વાનર હતો, વૃક્ષે રહેતો. વરસાદમાં ઠંડી હવાથી ધ્રુજતો હતો. ત્યારે સુઘરીએ તેને કહ્યું — હે વાનર ! તું પુરુષ છે પણ બાહુ દંડને નિરર્થક વહે છે, તું વૃક્ષના શિખરે કોઈ ઘર વગેરે કરતો નથી. તેણીએ આમ કહેતા વાનર મૌન રહ્યો, ત્યારે તેણી બે-ત્રણ વખત તેમ બોલી. ત્યારે તે રોષિત થઈને વૃક્ષ ઉપરથી ઉતરવા લાગ્યો, તેણે સુઘરીના માળાને વીંખી નાંખ્યો સુઘરી ભાગી. વાનરે કહ્યું — હે સુઘરી ! તું મારી મહતરિકા નથી કે મારી મિત્રાદિ નથી, હવે તું પણ ઘર વગરની રહે. - x -

એમ હે શિષ્ય ! તું પણ મારી ઉપર કરી રહ્યો છે. પણ મારે બીજા પણ નિર્જરા દ્વાર છે, તેનાથી મને ઘણી નિર્જરા છે. તું લાભથી ભ્રષ્ટ થઈશ, જેમ તે બે વણિકો થયા હતા. એકે પહેલાં વરસાદમાં સ્વયં જ પોતાના ઘરને ઢાંકતો વ્યાપારના લાભથી ભ્રષ્ટ થયો, બીજો મૂલ્ય આપી બીજા પાસે ઢંકાવતા, તે દિવસે ઘણો વ્યાપાર થવાથી ઘણાં લાભને પામ્યો. - x -

એ પ્રમાણે હું જાતે જ વૈયાવચ્ચ કરું તો સૂત્રાર્થના ચિંતન વગર તે નાશ પામે. તે બંને નાશ પામતા ગચ્છની સારણાના અભાવે ગણના આદેશાદિના અપ્રતિતર્પણથી



મારું ઘણું બધું નાશ પામે. સૂત્રાર્થના અચિંતન આદેશમાં વૃદ્ધ, શૈક્ષ, ગ્લાન, બાલ, ક્ષપક, વાદી, ઋદ્ધિમાન્ અને ઋદ્ધિ રહિતનું ધ્યાન ન રહે, આ કારણોથી આચાર્ય તુંબરૂપ હોય છે. [તુંબ એટલે ચક્રની નાભિ] તેથી તે વૈયાવચ્ચ ન કરે, તે બાકીનાનું કર્તવ્ય છે. જેમ કુળના મોભીરૂપ પુરુષનું આદરથી રક્ષણ કરવું જોઈએ કેમકે તુંબ-નાભિનો વિનાશ થતાં આરાઓને કોઈ આધાર રહેતો નથી. - x - પાણી લેવાને ગયેલા આચાર્યની લઘુતા થાય છે. લોકોમાં પણ "આચાર્યનો પ્રભાવ નથી" ઈત્યાદિ લોકાપવાદ થાય છે. - x - બાકી સુગમ છે.

ઈચ્છાક્રિયાથી હું તારા માટે પ્રથમાલિકાને લાવું છું. એમ વિચારી જો લબ્ધિ અભાવે મેળવી ન શકે ત્યારે શું તેને નિર્જરા લાભ ન થાય ?

• નિર્યુક્તિ-૬૮૧ + વિવેચન :-

સંયમવ્યાપારમાં અભ્યુત્થિતને તથા મનઃપ્રસાદથી આલોક પરલોકની આશંસા છોડીને કરવાની ઈચ્છાવાળા તપસ્વી-સાધુને લબ્ધિ આદિના અભાવે ન મળવા છતાં અદીન મનવાળા તેને નિર્જરાનો લાભ છે જ. દ્વાર-૧ સમાપ્ત.

હવે મિથ્યાકાર વિષય જણાવવા કહે છે —

• નિર્યુક્તિ-૬૮૨ થી ૬૮૫ :-

***સંયમયોગમાં ઉદ્યમી બનેલ, જે કંઈ વિપરીત આચરણ કરે, તે ખોટું છે એમ જાણીને મિથ્યા દુષ્કૃત દેવું જોઈએ... જો પાપકર્મ કરીને અવશ્ય પ્રતિક્રમવું જોઈએ. તે પાપ કર્મનું ન કરવું તે ઉત્સર્ગ પદે પ્રતિક્રાંત છે... જે દુષ્કૃત્‌ને આશ્રીને મિથ્યાદુષ્કૃત્ આપ્યું, તેના કારણને ફરી ન આચરતો, ત્રિવિધે પડિક્કમતો-નિવૃત્ત થતા, તેનું નિશ્ચે મિથ્યાદુષ્કૃત્ થાય છે... જે દુષ્કૃત્‌ને આશ્રીને મિથ્યાદુષ્કૃત્ આપ્યું, તે જ પાપને ફરીથી સેવે તેને પ્રત્યક્ષ મૃષાવાદ, માયા અને નિકૃતિનો પ્રસંગ આવે.***

• વિવેચન-૬૮૨ થી ૬૮૫ :-

સંયમયોગ - સમિતિ, ગુપ્તિરૂપ તે વિષયમાં ઉપસ્થિત થયેલ, જે કંઈ અન્યથા આચરેલ હોય, તેને આ વિપરીત છે, તેમ જાણીને મિથ્યા દુષ્કૃત્ આપવું જોઈએ. સંયમ યોગ વિષયોમાં પ્રવૃત્તને વિતથ આસેવનમાં મિથ્યાદુષ્કૃત્ એ દોષને નિવારવાને છે. - x - ઉત્સર્ગના પ્રતિપાદન માટે કહે છે — જો પ્રતિકર્મ અર્થાત્ નિર્વતવું હોય તો મિથ્યાદુષ્કૃત્ આપવું જોઈએ નિયમથી કરવું. પછી પાપકર્મ ન કરવું તે ઉત્સર્ગ પદે પ્રતિક્રાંત છે - x - હવે આ મિથ્યાદુષ્કૃત સુદત્ત કઈ રીતે થાય તે જણાવે છે :- - x - જે વસ્તુ દુષ્ઠુ કરી છે તે દુષ્કૃત, એ પ્રમાણે જાણીને, "સૂચનથી સૂત્ર" એમ સમજીને મિથ્યાદુષ્કૃત્ આપવું. તે પૂર્વોક્ત દુષ્કૃત્ કારણને ન કરતો કે ન આચરતો જે વર્તે તેને નિશ્ચે મિથ્યાદુષ્કૃત્ છે. તે - x - ત્રિવિધે અર્થાત્ મન-વચન-કાયારૂપ યોગથી, કરવા-કરાવવા-અનુમોદવા રૂપ ભેદથી નિવૃત્ત, તે દુષ્કૃત્ કારણોથી તેનું જ પૂર્વોક્ત દુષ્કૃત્ ફળ દાતૃત્વને આશ્રીને મિથ્યા થાય છે અથવા વ્યવહિત યોગથી તેનું જ મિથ્યાદુષ્કૃત્ થાય છે, બીજાનું નહીં. હવે મિથ્યાદુષ્કૃત્ દેવા છતાં સમ્યક્ ન થાય

તેનું પ્રતિપાદન કરે છે :- જે પાપ-કોઈ અનુષ્ઠાન દુષ્કૃત્ છે તેમ જાણીને મિથ્યાદુષ્કૃત આપે, જે તે પાપને ફરી સેવે, તે પ્રત્યક્ષ મૃષાવાદી છે. કેમકે આ દુષ્કૃત્ છે તેમ જાણવા છતાં ફરી સેવે છે. વળી તેને માયા કપટનો પ્રસંગ ઓ. તે દુષ્ટ અંતરાત્મા નિશ્ચયથી ચિત્ત વડે અનિવૃત્ત છે, માત્ર ગુરુ આદિના રંજનાર્થે મિથ્યાદુષ્કૃત્ આપે છે. - x - મિથ્યાદુષ્કૃત્નો અર્થ –

• નિર્યુક્તિ-૬૮૬,૬૮૭ :-

***मि એ મૃદુ માર્દવતા, छ - દોષોનું છાદન, मि - મર્યાદામાં રહીને, दु - આત્માની જુગુપ્સા કરું છું. क - મેં પાપ કર્યું છે, ड - અતિક્રમ કરું છું. તે પાપને ઉપશમાવવું આ "મિચ્છા મિ દુક્કડં" પદનો સંક્ષેપથી અક્ષરાર્થ છે.***

• વિવેચન-૬૮૬,૬૮૭ :-

મૃદુત્વ - કાયાની નમ્રતા, માર્દવત્વ - ભાવ નમ્રતા, દોષ - અસંયમ યોગ રૂપનું છાદન - સ્થગન કરવું, મર્યાદા - ચારિત્રરૂપમાં હું સ્થિત છું એવો અર્થ કરે છે, દુષ્કૃત કર્મકારી આત્માને હું નિંદુ છું. - x - x - વાક્યના એક દેશત્વથી પદનો અર્થ છે, પદના એક દેશથી વર્ણનો અર્થ જાણવો. - x - x - x -

હવે 'તથાકાર' જેને દેવાય તે પ્રતિપાદિત કરવા કહે છે –

• નિર્યુક્તિ-૬૮૮,૬૮૯ :-

***કલ્પાકલ્પમાં પરિનિષ્ઠિત, પાંચ સ્થાનમાં સ્થિત, સંયમ અને તપમાં સંપન્ન, નિશ્ચયથી તથાકાર કરવો... વાચના, પ્રતિશ્રવણા, સૂત્રાર્થ કથન, એ બધામાં પ્રતિશ્રવણમાં અવિતથ તે તથાકાર છે.***

• વિવેચન-૬૮૮,૬૮૯ :-

कल्प - વિધિ, આચાર. કલ્પથી વિપરીત તે અકલ્પ અથવા જિન કલ્પ અને સ્થવિર કલ્પ. વળી ચરક આદિની દીક્ષા અકલ્પ છે. તે કલ્પાકલ્પમાં ચોતરફથી રહેલો અર્થાત્ જ્ઞાનનિષ્ઠાને પ્રાપ્ત. જેમાં રહેવાથી પ્રાણી શાશ્વત સ્થાનમાં, स्थान - મહાવ્રતો, તે પાંચ સ્થાનોમાં સ્થિત અર્થાત્ પાંચ મહાવ્રત યુક્તને. તથા સંયમ અને તપથી સંપન્ન, આના વડે ઉત્તરગુણયુક્તતા જણાવી. તેને નિશ્ચયથી તથાકાર કરવો. હવે તથાકાર વિષયને બતાવે છે –

વાચના - સૂત્રપ્રદાનરૂપ, તેની પ્રતિશ્રવણામાં તથાકાર કરવો અર્થાત્ ગુરુ વાચના આપે ત્યારે સૂત્ર ગ્રહણકર્તાને તથાકાર કરવો. ચક્રવાલ સામાચારીમાં ગુરુ કે અન્યને તથાકાર કરવો. સૂત્રાર્થ કથનમાં - વ્યાખ્યાનમાં તથાકાર કરવો. તથાકાર એટલે "જે તમે કહો છો તે બરાબર છે" તેમ કહેવું પ્રતિપૃચ્છા કરતાં આચાર્ય જે ઉત્તર આપે તેમાં તથાકાર પ્રવૃત્તિ.

હવે સ્વ સ્વ સ્થાને ઈચ્છાકારાદિ પ્રયોક્તાને ફળ શું ? તે કહે છે –

• નિર્યુક્તિ-૬૯૦ + વિવેચન :-

જેને ઈચ્છાકાર અને મિથ્યાકાર બંને પણ પરિચિત છે, તેને ત્રીજો તથાકાર પણ છે, તેને સુગતિ દુર્લભ નથી. - x - હવે આવશ્યકી અને નૈષેધિકી એ બે દ્વારનો



અવયવાર્થ જણાવવા કહે છે –

• નિર્યુક્તિ-૬૯૧ થી ૬૯૪ :-

***આવશ્યક કાર્ય માટે નીકળતો અને પ્રવેશ કરતો નિસીહિ કરે છે હે ગણિવર ! હું તમારી પાસે તેનું સૂક્ષ્મ સ્વરૂપ જાણવાને ઈચ્છું છું. તે શબ્દરૂપે બે પ્રકારે છે, પરંતુ બંનેનો અર્થ એક જ છે. એકાગ્ર અને પ્રશાંત ચિત્તવાળાને ત્યાં રહેતા ઈર્યાદિ થતા નથી, સ્વાધ્યાયાદિ ગુણો થાય છે. જવાના અવશ્ય કારણો હોવાથી આવશ્યકી હોય છે. આવશ્યિકી એટલે પ્રતિક્રમણાદિ વડે યુક્ત યોગવાળાને, મન-વચન-કાય ઈન્દ્રિય ગુપ્તને આવશ્યકી હોય છે.***

• વિવેચન-૬૯૧ થી ૬૯૪ :-

આવશ્યિકી - પૂર્વે કહી, તે આવશ્યિકી અને જતો કે આવતો નૈષેધિકી કરે છે. આવશ્યકી નૈષેધિકી બંને પણ સ્વરૂપાદિથી ભેદ ભિન્નને હું જાણવા ઈચ્છું છું. હે ગણિવર ! આપની પાસે સૂક્ષ્મ જાણવાને ઈચ્છું છું આ પ્રમાણે શિષ્યએ કહેતાં, આચાર્ય કહે છે – નિકળતા આવશ્યકી અને પ્રવેશતા નૈષેધિકી કરે છે. તે શબ્દરૂપે બે ભેદે છે, બંને અર્થથી એક જ છે કેમકે અવશ્ય કર્તવ્યયોગ ક્રિયા તે આવશ્યકી અને આત્માને અતિચારોથી રોકે તે નૈષેધિકી, તે પણ અવશ્ય કર્તવ્ય વ્યાપારને ઉલ્લંઘીને પ્રવર્તતી નથી. [શંકા] તો આવો ભેદ કેમ કહ્યો ? ક્વચિત્ સ્થિતિ અને ગમનક્રિયાના ભેદથી અને અભિધાન ભેદથી. [શંકા] આવશ્યકી અને નિર્ગમન કહ્યું, તેમાં સાધુને શું રહેવું તે શ્રેય છે કે ભ્રમણ કરવું ? રહેવું તે શ્રેય છે કેમ ?

એકાગ્ર અને પ્રશસ્ત આલંબન થાય છે, તેથી કહે છે – ક્રોધરહિતનું રહેવું. તેથી ઈર્યાદિ ન થાય. ઈર્યા એટલે ગમન. આ ઈર્યા કાર્ય કર્મ ઈર્યા શબ્દ વડે ગ્રહણ થાય છે. જેમાં આત્મ સંયમ વિરાધનાદિ દોષો છે, તે ઈર્યાદિમાં થતાં નથી. તથા ગુણ - સ્વાધ્યાય, ધ્યાનાદિ થાય છે. સંયતનું આગમન શ્રેય છે. તેનો અપવાદ કહે છે – - x - અવશ્ય કારણ હોય તો જવું જોઈએ. अवश्य - નિયોગથી, कारण - ગુરુ, ગ્લાન આદિ સંબંધી. - x - તેમાં કારણે જતાં આવશ્યકી થાય છે.

[શંકા] કારણે જતાં બધાંને આવશ્યકી થાય કે નહીં ? ન થાય. તો કોને થાય ? તે કહે છે –

આવશ્યકી તો પ્રતિક્રમણાદિ વડે બધાંથી યુક્ત યોગીને થાય છે. શેષકાળમાં પણ નિરતિચાર ક્રિયામાં રહેલને એવો ભાવાર્થ છે. તેને ગુરુના નિયોગાદિ પ્રવૃત્તિકાળમાં પણ મન-વચન-કાય ઈન્દ્રિયો વડે ગુપ્તને તે આવશ્યકી થાય. અહીં ઈન્દ્રિય શબ્દ ગાથા ભંગના ભયથી મૂકેલ છે. કાયાથી પૃથક્ ઈન્દ્રિય ગ્રહણ પ્રાધાન્ય જણાવવાને છે. - x - હવે નૈષેધિકી કહે છે –

• નિર્યુક્તિ-૬૯૫,૬૯૬ :-

***શય્યા અને સ્થાન જ્યાં અને જ્યારે અનુભવાય ત્યાં અને ત્યારે નૈષેધિકી થાય છે. કેમકે જે કારણે ત્યાં અને ત્યારે નિસિદ્ધ કે નિષેધ છે, તેથી ત્યાં નૈષેધિકી અને નિષેધમયી હોય છે.***

● **વિવેચન-૬૯૫,૬૯૬ :-**

શય્યા-જેમાં સુવાય તે, શયનીય સ્થાન. તે શય્યા અને ઉર્ધ્વ સ્થાન - કાયોત્સર્ગ. જેમાં અનુભવરૂપપણે જાણે - વેદે અથવા કરે છે. શયન ક્રિયાને કરતાં, નિશ્ચયથી શય્યાક્રિયા કરેલ થાય છે. અર્થાત્ જ્યાં સુવે છે. च શબ્દથી વીરાસન આદિ અનુક્તના સમુચ્ચયને માટે છે. - x - x - પ્રતિક્રમણાદિ સંપૂર્ણ કૃત આવશ્યક અર્થે ગુરુ વડે અનુજ્ઞાત શય્યા અને સ્થાન જ્યાં અનુભવાય, એવા પ્રકારે સ્થિતિક્રિયા વિશિષ્ટ સ્થાને નૈષેધિકી થાય છે, અન્યત્ર થતી નથી. જે કારણે ત્યાં નિષેધ છે તે કારણેજ નૈષેધિકી થાય છે, કેમકે તેની નિષેધાત્મકતા છે. હવે પાઠાંતરથી કહે છે –

ગાથાર્થ કહેલ છે. - x - x - x - આ જ અર્થનો ઉપસંહાર ભાષ્યમાં –

● **ભાષ્ય-૧૨૦ થી ૧૨૨ :-**

***આવશ્યકી અને નીકળતાં કે આવતા જે નૈષેધિકી કરે છે. શય્યા અને નિષિધિકામાં નૈષેધિકી અભિમુખ થાય છે. જે નિષિધાત્મા છે, તેને ભાવથી નિષિધિકા હોય છે, અનિષિદ્ધને નિષિધિકા કેવળ માત્ર શબ્દ હોય છે. આવશ્યકમાં યુક્ત નિયમા નિષિદ્ધ હોય તેમ જાણવું અથવા નિષિધાત્મા નિયમા આવશ્યકયુક્ત જાણવો.***

● **વિવેચન-૧૨૦ થી ૧૨૨ :-**

આવશ્યકી નીકળતા અને આવતા જે નૈષેધિકી કરે છે, તેની આ વ્યાખ્યા છે - x - હવે अर्थः पुनर्भवति स एव તે ગાથા અવયવનો અર્થ કહે છે – તેમાં આ એક જ અર્થ થાય છે. જે કારણે નૈષેધિકી પણ અવશ્ય કર્તવ્ય વ્યાપાર ગોચરતાને ઓળંગીને વર્તતી નથી, જે કારણે પ્રવેશતા સંયમ યોગની અનુપાલના માટે અને શેષ પરિજ્ઞાનાર્થે કહે છે. શય્યા જ નૈષેધિકી, તેના વિષયભૂત શરીરને પણ નૈષેધિકી કહે છે. તેથી કહ્યું – શરીર નૈષેધિકી વડે આગમન પ્રત્યભિમુખ. આથી સંવૃત્ત ગાત્રો વડે થવા યોગ્ય છે એ પ્રમાણે સંજ્ઞા કરે છે. એ રીતે એક જ અર્થ છે, તેથી કહે છે –

જે નિષિદ્ધાત્મા હોય છે, મૂળ અને ઉત્તરગુણના અતિચારોથી નિષિદ્ધ આત્મ વડે જે નૈષેધિકી, નિષિદ્ધાત્મા પરમાર્થથી થાય છે. જે નિષિદ્ધ નથી તે અનિષિદ્ધ, કહેવાયેલા અતિચારોથી તે અનુપયુક્તના આવતા નૈષેધિકી. તે કેવળ શબ્દ માત્ર થાય છે, ભાવથી નહીં [શંકા] જો નામ જ તેની એકાર્થતામાં છે તો 'આયાત'નું શું ? નિષિદ્ધાત્મનને તે નૈષેધિકી જ થાય છે, એમ કહ્યું છે અને તે - आवश्यक મૂલગુણ-ઉત્તરગુણ અનુષ્ઠાન લક્ષણયુક્તને નિયતથી નિષિદ્ધ થાય છે, તેમ જાણવું. આવશ્યકી પણ આવશ્યકયુક્તને જ હોય, તે એકાર્થતા છે.

અથવા બીજા પ્રકારે કહે છે – अपि શબ્દનો વ્યવહિત સંબંધ છે. નિષિદ્ધાત્મા પણ નિયમથી આવશ્યકમાં યુક્ત છે. તેથી પણ તેની એકાર્થતા છે અથવા એ પ્રમાણે ક્રિયાના અભેદથી આવશ્યકી અને નૈષેધિકીની એકાર્થતા કહી છે અહીં તે કાર્ય અભેદથી કહે છે અથવા નિષિદ્ધ આત્મા પણ સિદ્ધોની પાસે જાય છે. अपि શબ્દથી આવશ્યકયુક્ત હોવા છતાં, કાર્યના અભેદથી એકાર્થતા છે.



હવે આપૃચ્છાદિ ચાર દ્વાર કહે છે –

● **નિર્યુક્તિ-૬૯૭ :-**

***કાર્યમાં આપૃચ્છના, પૂર્વનિષિદ્ધ વડે પ્રતિપૃચ્છા થાય, પૂર્વગૃહિત વડે છંદણા અને અગૃહિતમાં નિમંત્રણા હોય છે.***

● **વિવેચન-૬૯૭ :-**

કાર્ય આવી પડે ત્યારે – "હું કરું છું" એમ ગુરુની પાસે પૂછવું, તે આપૃચ્છના દ્વાર છટ્ઠું કહ્યું. પૂર્વે નિષેધ કર્યો હોય કે – "તારે આ કાર્ય ન કરવું." છતાં પ્રયોજન ઉત્પન્ન થતાં પ્રતિપૃચ્છા કર્તવ્ય હોય છે અથવા પૂર્વે નિર્યુક્તિ વડે - જેમકે "તારે આ કાર્ય કરવું" તે કરવા ઈચ્છે ત્યારે ગુરુને પ્રતિપૃચ્છા કર્તવ્ય હોય છે – "હું તે કરું છું." તેમાં કદાચ તે બીજા કાર્યનાં આદેશ કરે અથવા તેનું પ્રયોજન સમાપ્ત થયું હોય, તે સાતમું દ્વાર.

પૂર્વ ગૃહિત અશનાદિ વડે બાકીના સાધુને છંદણા કરવી. આ મારા વડે અશનાદિ લવાયેલ છે, જો કંઈ ઉપયોગી હોય તો આને આપ ઈચ્છાક્રિયા વડે ગ્રહણ કરો, તે આઠમું દ્વાર. નિમંત્રણા – અગૃહીત અશનાદિ હોય, તેના વડે હું આપના માટે અશનાદિ લાવી આપું તે દ્વાર નવમું.

હવે ઉપસંપદા દ્વારનો અવયવાર્થ કહે છે – તે ઉપસંપદા બે ભેદે છે :- ગૃહસ્થ ઉપસંપદા અને સાધુ ઉપસંપદા. તેમાં ગૃહસ્થની ઉપસંપદાનું પ્રયોજન નથી. સાધુ ઉપસંપદા અહીં કહે છે –

● **નિર્યુક્તિ-૬૯૮ + વિવેચન :-**

ઉપસંપદા ત્રણ ભેદે છે – જ્ઞાન વિષયક, દર્શન વિષયક અને ચારિત્ર વિષયક. તેમાં દર્શન અને જ્ઞાન સંબંધી ત્રણ ભેદે છે અને ચારિત્રને માટેની બે ભેદે છે. તેમાં દર્શન-જ્ઞાનની ત્રણ ભેદે કહી, તે જણાવે છે –

● **નિર્યુક્તિ-૬૯૯,૭૦૦ :-**

***વર્તના, સંધના અને ગ્રહણ એ ત્રણ સૂત્ર, અર્થ, ઉભય વિષયક જાણવા. વૈયાવચ્ચ અને તપ સંબંધી છે. એ કાળથી યાવત્કથિક છે. ગુરુ વડે આજ્ઞા પામેલ અને સંદિષ્ટની ઉપસંપદા ગ્રહણ કરે ઈત્યાદિ ચાર ભાંગો છે, તેમાં પહેલો ભાંગો શુદ્ધ હોય છે.***

● **વિવેચન-૬૯૯,૭૦૦ :-**

વર્તના-પૂર્વે ગૃહીત જ અસ્થિર થયેલા સૂત્રાદિનું ગણવું તે. સંધના - તેના જ વિસ્મૃત પ્રદેશાંતરનું મેલન અર્થાત્ યોજવું તે. ગ્રહણ-તેનું જ પ્રથમપણે આદાન. આ ત્રણે સૂત્ર-અર્થ-ઉભય વિષયક જાણવા. એ પ્રમાણે જ્ઞાનમાં નવ ભેદો છે. દર્શનમાં પણ દર્શનપ્રભાવનીય શાસ્ત્રો વિષયમાં આ જ નવ જાણવા. અહીં સંદિષ્ટ, સંદિષ્ટની ઉપસંપદા લેવી આદિ ચતુર્ભંગિકા છે, તેમાં પહેલો ભંગ શુદ્ધ છે, બાકી અશુદ્ધ છે.

ચારિત્રમાં બે ભેદ - વૈયાવચ્ચસંબંધી અને તપસંબંધી ચારિત્ર ઉપસંપદા. તે કાળથી યાવત્કથિક હોય છે च થી ઇત્વરકાલિન પણ હોય ચારિત્રને માટે આચાર્યનું

કંઈક વૈયાવૃત્યકરત્વ સ્વીકારે. તે કાળથી ઈત્વર કે યાવત્કથિક હોય. હવે આ જ અર્થને વિશેષથી કહે છે. - x - x -

સંદિષ્ટ-ગુરુ વડે અભિહિત સંદિષ્ટ જ આચાર્યની જેમકે અમુકની ઉપસંપદા - સ્વીકારે ઈત્યાદિ ચતુર્ભંગી. તે આ પ્રમાણે સંદિષ્ટ સંદિષ્ટની જ કહેલી, અસંદિષ્ટ અન્ય આચાર્યની તે બીજી, અસંદિષ્ટ સંદિષ્ટની - આની પાસે ન જવું પણ અમુકની પાસે જવું એ ત્રીજી, અસંદિષ્ટ અસંદિષ્ટની - ન અહીં જવું, ન અમુક પાસે જવું. અહીં પહેલો ભાંગો શુદ્ધ છે - x - x -

હવે વર્તનાદિના સ્વરૂપને જણાવતા કહે છે —

**● નિર્યુક્તિ-૭૦૧,૭૦૨ :-**

***પહેલાં ગ્રહણ કરેલ સૂત્રાદિ અસ્થિર હોય, તો તેને સ્થિર કરવા તે વર્તના, તે જ સૂત્ર અમુક સ્થાને ભૂલાયુ હોય તેને પાછું જોડવું તે સંધના, પહેલી વખત સૂત્ર, અર્થ, ઉભયનું ભણવું તે ગ્રહણ. અર્થ ગ્રહણમાં પ્રાયઃ આ વિધિ હોય છે, તેમ જાણવું.***

**● વિવેચન-૭૦૧,૭૦૨ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - પ્રાયઃ ગ્રહણથી સૂત્ર ગ્રહણ કરતા પણ કોઈક ભૂમિ પ્રમાર્જનાદિ વિધિ થાય છે, તેમ જણાવે છે. હવે અધિકૃત વિધિના પ્રદર્શનને માટે દ્વાર ગાથા કહે છે —

**● નિર્યુક્તિ-૭૦૩ થી ૭૦૬ :-**

***પ્રમાર્જના, નિષધા, અક્ષ, કૃતિકર્મ, કાયોત્સર્ગ, જ્યેષ્ઠને વંદન. તેમાં વાચના આપનારને જ્યેષ્ઠ જાણવો પણ પર્યાયથી નહીં. તેને વંદન. સ્થાન પ્રમાર્જીને બે નિષધા કરવી જોઈએ — એક ગુરુ માટે બીજી અક્ષને માટે [સ્થાપના માટે]. બે માત્રક - એક શ્લેષ્મ માટે અને બીજું કાયિકી [મૂત્રાદિ] માટે. જેટલી વાર વ્યાખ્યાન સાંભળે તેટલીવાર તે બધાંને વંદન કરે છે. બધાં કાયોત્સર્ગ કરે, ફરીથી પણ બધાં વંદન કરે, ગુરુના વચનને ગ્રહણ કરનારા અતિદૂર કે અતિ નીકટ નહીં તેમ સાંભળવા બેસે.***

**● વિવેચન-૭૦૩ થી ૭૦૬ :-**

પ્રમાર્જનાદિ પદોની વ્યાખ્યા કરતાં કહે છે કે તે સુગમ છે. વિશેષ આ પ્રમાણે - अक्ख - સમવસરણની, અકૃત સમવસરણથી વ્યાખ્યા ન કરવી એ ઉત્સર્ગ છે. હવે કૃતિ કર્મદ્વાર. તેમાં માત્રક એટલે સમાધિ. કૃતિકર્મ દ્વાર જ વિશેષ અભિધાનથી સદુષ્ટ છે. અર્ધકૃત વ્યાખ્યાનથી ઉત્થાન કે અનુત્થાનના પલિમંથ આત્મવિરાધનાદિ દોષો વિચારવા હવે કાયોત્સર્ગ-બધાં શ્રોતા સર્વે વિઘ્નોની શાંતિ માટે અનુયોગ પ્રારંભ નિમિત્તે કાયોત્સર્ગ કરે છે. તે પારીને બધાં ફરી વાંદે અને ગુરુ વચન શ્રવણાર્થે યોગ્ય સ્થાને બેસે છે. હવે શ્રવણવિધિ પ્રતિપાદનાર્થે કહે છે —

**● નિર્યુક્તિ-૭૦૭ થી ૭૧૪ :-**

***નિદ્રા અને વિકથા છોડીને, ગુપ્તિ વડે, બે હાથ જોડીને, ભક્તિ અને***



***બહુમાનપૂર્વક ઉપયોગયુક્ત થઈ સાંભળવું જોઈએ. અર્થસાર વચનો અને સુભાષિતોની ઈચ્છાવાળાઓએ વિસ્મિત મુખેથી, હર્ષથી આવીને અને હર્ષને ઉત્પન્ન કરે તેમ સાંભળવું જોઈએ. ગુરુ ભક્તિથી તેમજ વિનયથી ગુરુને સંતોષ પમાડનાર ઈચ્છિત સૂત્ર અને અર્થને જલ્દી પાર પામે છે. વ્યાખ્યાન સમાપ્ત થતા, કાયિકી [મૂત્રાદિ] નો યોગ કરીને, પછી મોટાને વંદન કરે છે, બીજા કહે છે — વ્યાખ્યાન પૂર્વે વંદન કરે છે. જો મોટા કથંચિત્ સૂત્ર-અર્થને ધારણ કરવાને અસમર્થ હોય અને વ્યાખ્યાન લબ્ધિથી હીન હોય તો તેને વંદન નિરર્થક છે [એમ કોઈ પૂછે] - વય અને પર્યાય વડે નાનો પણ વ્યાખ્યાનકાર હોય તો અહીં રત્નાધિક પાસે વંદન કરાવવામાં હે ભગવન્ ! તેને જ્યેષ્ઠના વિષયમાં આશાતના થાય ? જો કે વય આદિથી નાના છતાં પણ સૂત્રાર્થ ધારણ કરવામાં પટુ અને વ્યાખ્યાન લબ્ધિવાળો હોય તેને જ અહીં નિશ્ચે જ્યેષ્ઠ [મોટો] ગણવાનો છે. તેથી આશાતના થતી નથી. જે કારણથી જિનવચન વ્યાખ્યાતા છે, તે ગુણ વડે જે તેનું રત્નાધિકત્વ રહેલું છે.***

**● વિવેચન-૭૦૭ થી ૭૧૪ :-**

[ગાથાર્થ કહેલો છે, હવે વિશેષ વ્યાખ્યાનો અનુવાદ જ કરીએ છીએ —]

हरिसागय - સંજાત હર્ષ, બીજાને સંવેગ કારણાદિ વડે હર્ષને ઉત્પન્ન કરવા વડે. એ પ્રમાણે સાંભળતા તેમના વડે ગુરુને અતિ સંતોષ થાય છે. - x - તેથી - x - સમ્યક્ સદ્ભાવ પ્રરૂપણા વડે ઈચ્છિત સૂત્રાર્થને શીઘ્ર પાર પહોંચાડે છે. બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે — વ્યાખ્યાન આરંભકાળ પૂર્વે જ જ્યેષ્ઠને વંદન કરાય છે. - x - x - પ્રશ્ન કરે છે કે — લાંબાગાળાના પ્રવ્રજિતને નાનાને વંદન કરવું યોગ્ય નથી, આ અભિપ્રાયથી શંકા વ્યક્ત કરે છે. આ આશાતના દોષ નથી. તે જણાવવા માટે કહે છે — અર્હત્ વચન વ્યાખ્યાનરૂપ ગુણ હોવાથી તે રત્નાધિક છે.

હવે પ્રસંગથી વંદનવિષયમાં જ નિશ્ચય-વ્યવહારનય મતને જણાવવાને માટે કહે છે —

**● નિર્યુક્તિ-૭૧૫,૭૧૬ :-**

***નિશ્ચયમતથી અહીં વય પ્રમાણ નથી, પર્યાય પણ પ્રમાણ નથી વળી વ્યવહારથી બંને નયો પ્રમાણ છે તેમ યોજવું... નિશ્ચયથી દુઃખે કરીને જાણી શકાય છે કે કોણ સાધુ કયા ભાવે વર્તે છે ? વ્યવહારમાં જે ચારિત્રમાં પૂર્વસ્થિત હોય તેને વંદન કરાય છે.***

**● વિવેચન-૭૧૫,૭૧૬ :-**

વય - અવસ્થા વિશેષરૂપ, પર્યાય - પ્રવ્રજ્યા સ્વીકાર રૂપ, નિશ્ચય મત - નિશ્ચય નય અભિપ્રાય, જ્યેષ્ઠ વંદનાદિ વ્યવહારના લોપના પ્રસંગની નિવૃત્તિ માટે કહે છે — વ્યવહારથી તો કરાય જ છે. અહીં પ્રમાણ શું છે ? તે સંદેહના નિવારણાર્થે કહે છે — ઉભયનયમત તેનું પ્રમાણ છે. આ અર્થના સમર્થન કરતા કહે છે — નિશ્ચયથી પ્રશસ્ત - અપ્રશસત્ કયા ભાવમાં શ્રમણ વર્તે છે તે જાણવું મુશ્કેલ છે. ભાવ જ અહીં

જ્યેષ્ઠ છે. તેનાથી અતિશય વગરનાને વંદન કરવાનો જ અભાવ પ્રાપ્ત થાય, તેથી વિધિ જણાવે છે - વ્યવહારથી વંદન કરાય છે, જે પહેલા પ્રવ્રજિત થયા હોય - x -

વ્યવહારના બલવાનપણાને ભાષ્યકાર જણાવે છે —

**● ભાષ્ય-૧૨૩ + વિવેચન :-**

વ્યવહાર પણ બળવાન્ જ છે. જેથી છદ્મસ્થ પણ પૂર્વરત્નાધિક ગુરુ આદિને વંદે છે. કેવલિ પણ વંદે છે. શું હંમેશાં વંદે ? ના, જ્યાં સુધી આ કેવલી છે, તેવું જ્ઞાત હોય ત્યાં સુધી વંદે છે. આને ધર્મ જાણવો કે જેમાં વ્યવહારનય બલાતિશય લક્ષણ છે. - x - આશાતના પ્રસંગને કહે છે —

**● નિર્યુક્તિ-૭૧૭ :-**

***અહીં જિનવચનથી સૂત્ર આશાતનાનો ઘણો દોષ હોવાથી વ્યાખ્યા કરતાં [બોલતા] જ્યેષ્ઠને વંદન કરવું જોઈએ.***

**● વિવેચન-૭૧૭ :-**

અહીં વ્યાખ્યા પ્રસ્તાવ વંદનાધિકારમાં તીર્થંકરે કહેલ હોવાથી તથા વંદન ન કરવાથી સૂત્ર આશાતનાના ઘણાં દોષત્વથી, બોલતા જ્યેષ્ઠને અર્થાત્ વ્યાખ્યાન સામર્થ્યવાળાને વંદન કરવું તે કર્તવ્ય છે.

એ પ્રમાણે જ્ઞાન-ઉપસંપદા વિધિ કહી. દર્શન-ઉપસંપદા વિધિ પણ એમ જ છે. તુલ્યયોગ - ક્ષેમપણાથી એમ જાણવું. દર્શન પ્રભાવક શાસ્ત્રનું પરિજ્ઞાન એ જ દર્શન-ઉપસંપદા છે. હવે ચારિત્ર ઉપસંપદા —

**● નિર્યુક્તિ-૭૧૮ + વિવેચન :-**

ચારિત્ર વિષયક ઉપસંપદા બે ભેદે છે - વૈયાવચ્ચ વિષયક અને તપ વિષયક પોતાના ગચ્છથી બીજા ગચ્છમાં જવામાં મુખ્ય કારણરૂપ આ સંપદા છે. સીદાવું આદિ કારણે બીજા ગચ્છમાં ગમન થાય છે. आदि શબ્દથી અન્ય ભાવાદિ ગ્રહણ કરવા.

**● નિર્યુક્તિ-૭૧૯ :-**

***વૈયાવચ્ચ અને તે રીતે તપમાં પણ ઈત્વરિક આદિ વિભાષા છે. અવિકૃષ્ટ કે વિકૃષ્ટ તપસ્વી ઉપસંપદા સ્વીકારવા આવે ત્યારે આચાર્ય પોતાના ગચ્છને પૂછીને ઉપસંપદા આપે.***

**● વિવેચન-૭૧૯ :-**

અહીં ચારિત્રને માટે આચાર્યના કોઈ વૈયાવચ્ચપણાને સ્વીકારે છે. તે કાળથી ઈત્વરકથિક અને યાવત્કથિક હોય છે. આચાર્યના પણ વૈયાવચ્ચકર હોય કે ન હોય, તેમાં આ વિધિ છે - જો વૈયાવચ્ચકર ન હોય તો લવાય જ, જો વૈયાવચ્ચકર હોય અને તે ઈત્વરિક હોય કે યાવત્કથિક પણ હોય. એ રીતે આવનારમાં પણ આ બે ભેદ હોય જ. તેમાં જો બંને યાવત્કથિક હોય તો જે લબ્ધિમાન્ હોય તેને વૈયાવચ્ચકર કરાય. બીજાને ઉપાધ્યાયાદિને આપવો. જો બંને લબ્ધિયુક્ત હોય તો વસનારને રાખવો, બીજા ઉપાધ્યાયાદિને આપવો. હવે જો તે બીજો ન ઈચ્છે તો તેને





રાખવો અને વસનારને પ્રીતિપૂર્વક બીજાને આપી દેવો. હવે પૂર્વનાને ઉપાધ્યાયાદિ ન ઈચ્છે, તો આગંતુકને વિદાય જ આપવી. હવે વસનારો યાવત્કથિક અને આગંતુક ઈત્વરકથિક હોય, તો અહીં પણ એ પ્રમાણે જ ભેદો કરવા યાવત્ આગંતુકને વિદાય દેવી વિશેષ એ કે વસનારને ઉપાધ્યાયાદિ વડે ન ઈચ્છે તો પણ પ્રીતિ વડે વિશ્રામણા કરાય છે.

હવે જો વસનારો ઈત્વરકથિક અને આગંતુક યાવત્કથિક હોય તો આ વાસ્તવ્યને અવધિકાળ સુધી ઉપાધ્યાયાદિને આપવો. બાકી પૂર્વવત્. હવે જો બંને ઈત્વરિક હોય તો એક ઉપાધ્યાયાદિને આપે, બાકી પૂર્વવત્. અથવા બેમાંથી એકને અવધિકાળ સુધી રાખવો. એ પ્રમાણે યથાવિધિ વિભાષા કરવી. વૈયાવચ્ચ ઉપસંપદા કહી, હવે તપની ઉપસંપદા —

ચારિત્ર નિમિત્તે કોઈ તપને માટે ઉપસંપદા લે. તે તપસ્વી બે ભેદે — ઈત્વરિક અને યાવત્કથિક. યાવત્કથિક ઉત્તરકાલે અનશનકર્તા છે ઈત્વરિક બે ભેદે છે - વિકૃષ્ટ તપસ્વી અને અવિકૃષ્ટ તપસ્વી. અટ્ઠમાદિ કર્તા વિકૃષ્ટ તપસ્વી અને ઉપવાસ, છટ્ઠ આદિ કર્તા અવિકૃષ્ટ તપસ્વી. તેની વિધિ —

અવિકૃષ્ટ ક્ષપકને આચાર્ય પૂછે — તું પારણે કેવો રહે છે ? તે જો કહે — ગ્લાન જેવો. તો તેને કહેવું કે તારે તપ ન કરવો, સ્વાધ્યાય - વૈયાવચ્ચમાં યત્ન કર. - x - બીજા કહે છે — વિકૃષ્ટ ક્ષપક પારણાકાલે ગ્લાન જેવો થાય તો પણ ઈચ્છવા યોગ્ય જ છે જો માસક્ષમણાદિ ક્ષપક હોય તો રાખવો જ. તેમાં પણ આચાર્ય ગચ્છને પૂછે - શું આ ક્ષપકને ઉપસંપદા આપીશું ? જો ન પૂછે તો સામાચારી વિરાધના થાય. તેઓને ક્ષપકની ઉપધિનું પડિલેહણાદિ કરવા કહે, તો પણ તેઓ ન કરે. જો પૂછે અને તેઓ એમ કહે કે — આપણી પાસે એક ક્ષપક છે, તેનું તપ પૂરુ થાય, પછી આને ઉપસંપદાવાળો કરીશું. તો તેને રાખવો. જો સાધુઓ ના પાડે તો તેનો ત્યાગ કરવો ગચ્છ બંનેની રજા આપે તો બીજાને રાખવો. તેની વિધિપૂર્વક ઉદ્વર્તનાદિ કરવા. જો પ્રમાદ કે અનાભોગ વડે ન કરે, તો આચાર્ય એ પોતાના શિષ્યોને પ્રેરણા કરવી.

ચારિત્ર ઉપસંપદા વિધિ વિશેષ પ્રતિપાદના માટે કહે છે —

**● નિર્યુક્તિ-૭૨૦ :-**

***જે નિમિત્તે ઉપસંપત્ કરાય, તે નિમિત્તને આગંતુક ન આચરે તો તેની સારણા કરવી કે ત્યાગ કરવો અથવા તેનું કાર્ય પૂર્ણ થયે તેને યાદ કરાવવું અથવા તેને છોડી દેવો.***

**● વિવેચન-૭૨૦ :-**

જે નિમિત્તે ઉપસંપન્ન હોય, 'तु' શબ્દથી બીજા સામાચારીમાં કંઈપણ ગ્રહણ કરે, તે વૈયાવૃત્યાદિ ન કરતો જો રહે તો કાર્યાર્થે તેને પ્રેરણા કરવી, અવિનીત હોય તો તેનો ત્યાગ કરવો. જો કરતો પણ હોય તો પણ - x - કાર્ય પૂર્ણ થતાં કે પ્રયોજન ન રહેતા તેને યાદ કરાવાય છે - તારું કાર્ય પૂરું થયું છે અથવા તેને વિદાય કરાય

છે. સંયતની ઉપસંપદા કહી. હવે ગૃહસ્થની ઉપસંપદા કહે છે — તેમાં સાધુની આ સામાચારી છે. - x - x -

**● નિર્યુક્તિ-૭૨૧**

***ત્રીજા મહાવ્રતના રક્ષણને માટે, અલ્પકાળ પણ અનુજ્ઞા ન આપેલ બીજાના અવગ્રહાદિમાં રહેવું કે બેસવું ન કલ્પે.***

**● વિવેચન-૭૨૧ :-**

થોડાં પણ કાળ માટે ન કલ્પે. શું ? ન અપાયેલા બીજાના અવગ્રહ આદિમાં રહેવું - કાયોત્સર્ગ કરવો કે બેસવું. શા માટે ? અદત્તાદાન વિરતિ નામના વ્રતના રક્ષણ માટે. તેથી ભિક્ષાભ્રમણાદિમાં પણ વ્યાઘાત સંભવમાં ક્વચિત્ સ્વામી વડે રહેવાની અનુજ્ઞા મળે તો વિધિપૂર્વક રહેવું. અટવી આદિમાં પણ વિશ્રામ કરવા ઈચ્છે તો પૂર્વસ્થિતની અનુજ્ઞા લઈને રહેવું. - x -

દશવિધ સામાચારી કહી, હવે ઉપસંહાર કરતા કહે છે —

**● નિર્યુક્તિ-૭૨૨,૭૨૩ :-**

***એ પ્રમાણે આ દશવિધ સામાચારી સંક્ષેપથી કહી [કોણે ?] સંયમ, તપ યુક્ત નિર્ગ્રન્થ મહર્ષિઓએ. આ સામાચારી આચરતા, ચરણ-કરણ યુક્ત સાધુઓ અનેક ભવના સંચિત અનંત કર્મોને ખપાવી દે છે.***

**● વિવેચન-૭૨૨,૭૨૩ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - હવે પદવિભાગ સામાચારી પ્રસ્તાવ છે. તે કલ્પ વ્યવહાર રૂપ બહુ વિસ્તૃત છે, સ્વસ્થાનથી જાણવી. આ સામાચારી ઉપક્રમ કાળ કહ્યો. હવે યથાયુષ્ક ઉપક્રમકાળ કહે છે તે સાત ભેદે છે —

**● નિર્યુક્તિ-૭૨૪ :-**

***અધ્યવસાનથી નિમિત્તથી આહારમાં, વેદનામાં, પરાઘાતમાં, સ્પર્શમાં, શ્વાસોચ્છ્વાસ નિરોધમાં એમ સાત ભેદે સોપક્રમ આયુનો ક્ષય થાય છે.***

**● વિવેચન-૭૨૪ :-**

અધ્યવસાન એ જ નિમિત્ત તે અધ્યવસાન નિમિત્ત અથવા અધ્યવસાન ત્રણ ભેદે — રાગ, સ્નેહ, ભય, તેમાં. તથા દંડ આદિ નિમિત્તથી, પ્રચુર આહારથી, ચક્ષુ આદિ સંબંધી વેદનામાં, ખાડામાં પડવું આદિ પરાઘાતથી, ભુજંગાદિ સંબંધી સ્પર્શથી, પ્રાણ અને અપાનના નિરોધમાં. આયુ ભેદાય છે.

રાગના અધ્યવસાનમાં આયુ તુટે તેનું દૃષ્ટાંત - કોઈનું ગાયનું હરણ કરાયું, તેથી આરક્ષકો પાછળ પડ્યા, તેઓ નિવર્ત્યા. તેમાં એક તરુણ અતિશય દિવ્યરૂપધારી ‘‘તૃષિત’’ ગામમાં પ્રવેશ્યો. તેને માટે તરુણી પાણી લાવી. તેણે પાણી પીધું. તરુણી તેનામાં આસક્ત થઈ. તરુણ ઉઠીને ગયો. તરુણી તેને જોતી-જોતી ત્યાં જ રહી. જ્યારે તરુણ દેખાતો બંધ થયો ત્યારે તે રીતે ઉભી ઉભી જ રાગથી સંમૂઢ મનવાળી તેણી મૃત્યુ પામી. એ રીતે રાગથી આયુ તુટે.

એક વણિકને તરુણ સ્ત્રી હતી. તે બંને પરસ્પર અતિ અનુરક્ત હતા ત્યારે



તે વેપાર માટે ગયો. પાછા ફર્યા ત્યારે તેના મિત્રોએ કહ્યું — શું જોયું છે કે તેણીને અનુરાગ છે કે નહીં ? ત્યારે એક મિત્રે આવીને તે તરુણ સ્ત્રીને કહ્યું — તારો પતિ મૃત્યુ પામ્યો છે. તે બોલી - શું આ વાત સત્ય છે ? તેણીએ ત્રણ વાર એમ પૂછ્યું, પછી તેણી મૃત્યુ પામી. વણિકને તે વાત કરી, વણિક પણ મરી ગયો.

દ્વારિકામાં વાસુદેવ રાજા હતો. તેના પિતા વસુદેવ અને માતા દેવકી હતા. તેણીએ કોઈ મહિલાને પુત્રને દુધ પાવા આપ્યો. જોઈને અધૃતિ થઈ. ત્યારે વાસુદેવે પૂછ્યું - મા ! કેમ અધૃતિ કરે છે ? મા બોલી - મેં એકપણ પુત્રને દુધ પીવડાવ્યું નથી. વાસુદેવે કહ્યું — અધૃતિ ન કર. હમણાં દેવાનુભાવથી તમને પુત્ર સંપત્તિ કરું છું. દેવતા આરાધી, તેણીને કહ્યું કે — તને એક દિવ્યપુરુષ જેવો પુત્ર થશે. તે પ્રમાણે જ પુત્ર જન્મ્યો. તેનું ગજસુકુમાલ નામ રાખ્યું. તે બધાં યાદવોમાં પ્રિય હતો, સુખે-સુખે રમતો હતો. સોમિલ બ્રાહ્મણની સ્વરૂપવાન્ કન્યા સાથે તેનો વિવાહ ગોઠવાયો. ભગવંત અરિષ્ટનેમિ પાસે ધર્મ સાંભળી તેણે દીક્ષા લીધી. ભગવંત સાથે ગયો પે’લા બ્રાહ્મણને અપ્રીતિ જન્મી. કાળક્રમે ફરી ભગવંત સાથે દ્વારિકા આવ્યો. *[અહીં દીક્ષાની રાત્રે જ કેવળજ્ઞાનની વાત નથી.]* શ્મશાનમાં પ્રતિમા ધ્યાને રહ્યો. બ્રાહ્મણે તેને જોઈને કોપથી મસ્તકમાં પાળી બાંધી, તેમાં અંગારા ભર્યા. ગજસુકુમાલે સમ્યક્પણે તે સહન કરતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અંતકૃત્ કેવલી થયો. વાસુદેવે ભગવંતને નમીને બાકીના સાધુને વાંદીને પૂછ્યું — ગજસુકુમાલ મુનિ ક્યાં છે ? શ્મશાનમાં - x - x - કાર્ય સાધી ગયા. વાસુદેવે પૂછ્યું — તેને કોણે માર્યા ? ભગવંતે કહ્યું — જે તને નગરમાં પ્રવેશતા જોશે ત્યારે શીઘ્ર તેનું મસ્તક ફૂટી જશે તેણે માર્યો. બ્રાહ્મણે પાછા ફરતા વાસુદેવને જોયા, ભયથી સંભ્રાંત એવા તેનું માથું ફાટી ગયું.

એ પ્રમાણે ભયના અધ્યવસાનમાં આયુ તુટે છે. નિમિત્તથી આયુ તુટે છે, તેમ કહ્યું. તે નિમિત્તના અનેક પ્રકાર જણાવતાં કહે છે —

**● નિર્યુક્તિ-૭૨૫,૭૨૬ :-**

***દંડ, ચાબુક, શસ્ત્ર, દોરડાં, અગ્નિ, પાણીમાં બુડવું, પર્વતાદિથી પડવું, ઝેર, સર્પ, ઠંડી, ગરમી, અરતિ, ભય, ભૂખ, તૃષા અને રોગ [એ સોળ નિમિત્તો છે તથા] મૂત્ર-મળ નિરોધ, જિર્ણાજિર્ણ, ઘણીવાર ભોજન, વર્ષણ, ઘોલણ અને પીલણ આ આયુષ્યના ઉપક્રમો છે.***

**● વિવેચન-૭૨૫,૭૨૬ :-**

[ગાથાર્થ કહ્યો, વિશેષ આ પ્રમાણે—] - x - વ્યાલ - સર્પ, ચંદનની જેમ ઘર્ષણ કરવું, અંગુઠા અને આંગળી વડે જૂને મસળવા માફક ઘોલન, શેરડીની જેમ પીલાવું. તથા આહાર હોવા - ન હોવાથી આયુ તુટે છે. જેમ - એક બ્રાહ્મણ ક્ષણમાં અઢાર વખત ખાઈને શૂળ વડે મૃત્યુ પામ્યો. વળી બીજા ભુખથી મર્યા. માથાની, આંખની વેદના વડે પણ અનેક મૃત્યુ પામ્યા. પરાઘાત થતાં આયુ તુટે, જેમ કાદવ કે તટીમાં ખોદતા મરે. સ્પર્શથી - ત્વચાના વિષ વડે કે સર્પ વડે સ્પર્શાતા મરે અથવા બ્રહ્મદત્ત ચક્રીની સ્ત્રીરત્ન હતી. ચક્રી મર્યા પછી પુત્રએ તેણીને કહ્યું — મારી સાથે ભોગ

ભોગવ, તેણીએ કહ્યું – તું મારો સ્પર્શ સહેવાને શક્તિમાન નથી. પુત્રને વિશ્વાસ ન બેઠો, તેથી ઘોડાને મંગાવ્યો. તેણીએ હાથ વડે મુખથી કટિ સુધી અશ્વને સ્પર્શ કર્યો, તે ઘોડાનું બધું શુક્ર ક્ષય પામતાં મરી ગયો. તો પણ પુત્રને વિશ્વાસ ન બેઠો ત્યારે તેણીએ લોઢાના પુરુષને આલિંગન કર્યુ, તે પણ ઓગળી ગયો.

તથા શ્વાસોચ્છ્વાસના નિરોધથી આયુ તુટે જેમ બકરાને યજ્ઞ પાટકાદિમાં મારે છે. એ રીતે સાત પ્રકારે આયુ ભેદાય છે. જો કે આ પ્રમાણે સોપક્રમાયુ વાળાને જ સંભવે, નિરૂપક્રમ આયુવાળાને નહીં તેમાં દેવો અને નારકી અસંખ્ય વર્ષાયુવાળા છે. તિર્યંચ, મનુષ્યમાં ઉત્તમપુરુષો અને ચરમ શરીરી નિરૂપક્રમાયુવાળા છે. બાકીના સંસારી નિરૂપક્રમ કે સોપક્રમ હોય. - x - x - x - [શંકા] જો એ રીતે આયુનો ઉપક્રમ થાય તો કૃતનાશ અને અકૃત આગમનો દોષ ન લાગે ? ૧૦૦ વર્ષના નિબદ્ધ આયુ મધ્યે મરી જાય તો કૃતનાશ, જે કર્મ વડે તે ઉપક્રમિત થાય, તે અકૃતનું આગમ છે.

તેનો ઉત્તર આપે છે - x - x - વૃત્તિકારશ્રીએ અહીં ભાષ્યની પાંચ ગાથા દ્વારા ઉક્ત વાદીની શંકાનું નિરસન કરેલ છે તેમાં ખાસ વાત એ કહી છે કે – બધાં જ પ્રદેશપણાથી કર્મને ભોગવે છે અને અનુભાવથી પણ ભોગવે છે, અવશ્ય અનુભાવ થતાં કૃતનો નાશ કઈ રીતે કહેવાય ? જેમ લાંબુ દોરડું બાળો તો ઘણો કાળ જાય પણ ગુંચળું વાળીને બાળો તો જલ્દી બળે છે.

એ રીતે ઉપક્રમ કાળ કહ્યો. હવે દેશકાલ દ્વાર કહે છે. તેમાં દેશકાળ પ્રસ્તાવ જણાવે છે. તે પ્રશસ્ત અને અપ્રશસ્ત બંને છે. તેમાં પ્રશસ્તનું સ્વરૂપ પ્રતિપાદનાર્થે કહે છે –

**• નિર્યુક્તિ-૭૨૭ + વિવેચન :-**

ધૂમાડા રહિત ગામ, મહિલા સ્તૂપ એટલે કૂવાનો તટ, તેને શૂન્ય જોઈને તથા કાગડાઓ નીચે-નીચે ઘર ઉપર પરિભ્રમણ કરે છે તે જોઈને ભિક્ષા માટે ખૂબ જ યોગ્ય અવસર છે તેમ જાણવું. તે પ્રશસ્ત કાળ છે.

હવે અપ્રશસ્ત દેશકાળનું સ્વરૂપ જણાવવાને કહે છે –

**• નિર્યુક્તિ-૭૨૮ + વિવેચન :-**

માખી વગરનું મધ, પ્રગટ નિધિ, ખાદ્ય પદાર્થની ખાલી દુકાન, જેનો પતિ પરદેશ ગયેલો છે તેવી અને મદોન્મત્ત સ્ત્રી આંગણામાં સુતેલી હોય. અહીં મધ આદિના ગ્રહણનો પ્રસ્તાવ છે, એ રીતે સુતેલી સ્ત્રીએ પણ ગ્રહણનો પ્રસ્તાવ જ છે. તે કામ વડે આકુળ કરીને તેને ભોગવવી તે.

હવે કાલકાલનું પ્રતિપાદન કરે છે. काल - સત્ત્વના, काल - મરણ કાળ, તે કાલકાલ. આ જ અર્થને પ્રતિપાદન કરતા કહે છે –

**• નિર્યુક્તિ-૭૨૯ :-**

***કાળા કુતરા વડે કરાયેલ કાલ-મરણ અમારા સ્વાધ્યાયના દેશકાળના અવસરે તે કાલ હણાયો. અકાલ મરણથી સ્વાધ્યાયકાળ હણાયો.***



**• વિવેચન-૭૨૯ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ – हतःकाल એટલે સ્વાધ્યાયકાળ ભગ્ન થયો. अकाल - અપ્રસ્તાવ. काल - મરણ. હવે પ્રમાણ કાળ કહે છે. તેમાં અદ્ધા કાળ વિશેષ જ મનુષ્યલોકાંતર્વર્તી વિશિષ્ટ વ્યવહાર હેતુ અહોરાત્રરૂપ પ્રમાણકાળ છે, તેથી કહે છે –

**• નિર્યુક્તિ-૭૩૦ :-**

***પ્રમાણકાળ બે ભેદે છે – દિવસપ્રમાણ અને રાત્રિપ્રમાણ. ચાર પ્રહર દિવસનો પ્રમાણકાળ અને ચાર પ્રહર રાત્રિનો પ્રમાણકાળ છે.***

**• વિવેચન-૭૩૦ :-**

- x - x - પ્રમાણ એ જ કાળ તે પ્રમાણકાળ પૌરુષી પ્રમાણ બીજે ઉત્કૃષ્ટ હીનાદિ ભેદથી પ્રતિપાદિત જ છે. હવે વર્ણકાળનું સ્વરૂપ –

**• નિર્યુક્તિ-૭૩૧ :-**

***પાંચ વર્ણોનો જે નિશ્ચે વર્ણ-છાયા વડે કાળો વર્ણ, તે વર્ણકાળ અથવા જેમાં જે કાળને આશ્રીને વર્ણવાય તે વર્ણકાળ.***

**• વિવેચન-૭૩૧ :-**

શુક્લ આદિ પાંચ વર્ણોનો જે નિશ્ચે વર્ણ-છાયા વડે કાળો વર્ણ, ખલુ શબ્દથી કાળો વર્ણ જ. આના વડે ગૌર આદિનો વ્યવચ્છેદ કર્યો. તે વર્ણકાળ થાય છે. વર્ણ એવો જે કાળ તે વર્ણકાળ. વર્ણન-પ્રરૂપણા તે વર્ણ. તેથી વર્ણવાય - પ્રરૂપાય જે કોઈ પદાર્થ જે કાળે, તે વર્ણકાળ, વર્ણપ્રધાન કાળ. હવે ભાવકાળ કહે છે – ભાવો ઔદયિકાદિની સ્થિતિ તે ભાવકાળ –

**• નિર્યુક્તિ-૭૩૨ :-**

***અહીં સાદિ સાંત આદિ ચતુર્ભંગ વિભાગ ભાવના ઔદયિકાદિ ભાવની કરવી તેને જ ભાવકાળ જાણવો.***

**• વિવેચન-૭૩૨ :-**

ઔદયિકાદિ ભાવોની સાદિ સાંત આદિ ચતુર્ભંગની વિભાગ ભાવના કરવી. પછી જે જેની વિભાગ ભાવનાનો વિષય, તેને ભાવકાળ જાણવો. - x - ઔદયિકભાવ - (૧) સાદિ સાંત (૨) સાદિ અનંત, (૩) અનાદિ સાંત, (૪) અનાદિ અનંત. એ પ્રમાણે ઔપશમિકાદિમાં પણ ચતુર્ભંગિકા કહેવી. અહીં બીજો ભંગ શૂન્ય છે, બાકીના ભંગોનો આ વિષય છે –

નારકાદિને નારકાદિભવ, ઔદયિક ભાવ તે સાદિ સાંત છે. મિથ્યાત્વ આદિ ભવ્યોનો ઔદયિક ભાવ અનાદિ સાંત છે. તે જ અભવ્યોને ચોથા ભંગ છે. ઔદયિક ભાવ કહ્યો. ઔપશમિક ચતુર્ભંગિકામાં માત્ર પ્રથમ ભંગ જ છે. ઔપશમિક સમ્યક્ત્વાદિ, ઔપશમિક ભાવ સાદિ સાંત છે. ક્ષાયિક ચતુર્ભંગિકામાં ત્રીજો અને ચોથો શૂન્ય, ક્ષાયિક ચારિત્ર અને દાનાદિ લબ્ધિ પંચક તે ક્ષાયિક ભાવ તે સાદિ સાંત, સિદ્ધનો ચારિત્ર-અચારિત્ર આદિ વિકલ્પ રહિત છે. ક્ષાયિક જ્ઞાનમાં સાદિ અનંત છે, બીજા

ક્ષાયિક ભાવને બીજા ભંગમાં જ બધે પ્રતિપાદિત કરે છે. ક્ષાયોપશમિક ચતુર્ભંગિકામાં બીજો ભાંગો શૂન્ય, બાકીના ભાંગાનો આ વિષય છે - ચાર જ્ઞાનો ક્ષાયોપશમિકમાં સાદિ સાંત છે, મતિ અને શ્રુત અજ્ઞાન ભવ્યોને અનાદિ સાંત, અભવ્યોને છેલ્લો ભંગ, પારિણામિકની ચતુર્ભંગિકામાં બીજો ભાંગો શૂન્ય, બાકીના ભંગમાં આમ જાણવું - પુદ્‌ગલમાં દ્વિઅણુકાદિ સાદિ સાંત, ભવ્યત્વ અનાદિ સાંત, જીવત્વ અનાદિ અનંત. એ રીતે પારિણામિક ભાવ કહ્યો. - x - x -

● નિર્યુક્તિ-૭૩૩ :-

***વળી આ અધિકાર પ્રમાણકાળથી જાણવો. ક્ષેત્રમાં કયા કાળે જિનવરેન્દ્રએ વિભાષા કરી ?***

● વિવેચન-૭૩૩ :-

અહીં અનેકવિધ કાલ પ્રરૂપણામાં પ્રયોજન પ્રસ્તાવ પ્રમાણકાળથી થાય છે, તેમ જાણવું. - x - ક્ષાયિક ભાવકાળમાં ભગવંત વડે પ્રમાણકાળમાં પૂર્વાહ્‌ણમાં સામાયિક કહી, તેમાં કોઈ વિરોધ નથી. અથવા પ્રમાણકાળ પણ ભાવકાલ જ છે. - x - કાલ દ્વારની વ્યાખ્યા કરી. હવે જે ક્ષેત્રમાં સામાયિક કહી. તેને ન જાણતો પ્રમાણકાળના અનેકરૂપત્વથી વિશેષ ન જાણતો શિષ્ય ગાથાના પશ્ચાર્દ્ધમાં કહે છે — ક્ષેત્રમાં કયા કાળમાં જિનેન્દ્રએ સામાયિક બતાવેલ છે ? શિષ્યના પ્રશ્નનો ઉત્તર જણાવતા કહે છે —

● નિર્યુક્તિ-૭૩૪ :-

***વૈશાખ સુદ-૧૧ના પૂર્વાણ્હ દેશકાળમાં મહસેનવન ઉધાનમાં અનંતર, પરંપર સેસ [સામાયિક કહી.]***

● વિવેચન-૭૩૪ :-

વૈશાખ સુદ-૧૧ના પહેલી પૌરુષીમાં. કાળના અંતરંગત્વને જણાવવા જ પ્રશ્નનો વિપરીતપણે નિર્દેશ છે મહસેનવન ક્ષેત્રમાં સામાયિકનો અનંતર નિર્ગમ છે. બાકીના ક્ષેત્રોને આશ્રીને પરંપર નિર્ગમ છે. - x - x - ક્ષેત્ર કાલદ્વાર કહ્યું, ક્ષેત્ર કાળ પુરુષ દ્વારની નિર્ગમતા કહી. તેથી નિર્ગમદ્વારની વ્યાખ્યા કરતાં કહે છે —

નામ, સ્થાપનાદિ નિર્ગમનો નિક્ષેપ છ ભેદે થાય. - x - હવે ભાવ નિર્ગમને પ્રતિપાદિત કરવા નિર્યુક્તિકાર કહે છે —

● નિર્યુક્તિ-૭૩૫ :-

***જિનેન્દ્ર ભગવંતને ક્ષાયિક ભાવમાં વર્તતા સામાયિક નીકળ્યું. ક્ષાયોપશમિક ભાવે વર્તતા ગણધરોએ તે ગ્રહણ કર્યુ.***

● વિવેચન-૭૩૫ :-

[ગાથાર્થ કહ્યો, વિશેષ આ —] ભાવ શબ્દ બંને બાજુ જોડાયેલો છે. તેમાં ગૌતમસ્વામીએ ત્રણ નિષધા વડે ચૌદ પૂર્વોને ગ્રહણ કર્યા. ભગવંતને પ્રણમીને પૂછવું તે નિષધા. ભગવંતે કહ્યું — ઉપ્પન્ને ઈ વા, વિગમે ઈ વા અને ધુવે ઈ વા. આ જ ત્રણ નિષધા છે. આનાથી જ ગણધરોને “ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત સત્” એ



પ્રતીતિ થાય છે. તે પૂર્વભવ ભાવિત મતિવાળા બાર અંગની રચના કરે છે. પછી ભગવંત અનુજ્ઞા કરે છે.

શક્ર દિવ્ય વજરત્નમય થાળને દિવ્ય ચૂર્ણ વડે ભરીને સ્વામી પાસે જાય છે, ત્યારે ભગવંત સિંહાસનથી ઉભા થઈને પ્રતિપૂર્ણ મુષ્ટિ ગંધચૂર્ણની ગ્રહણ કરે છે. ત્યારે ગૌતમસ્વામી આદિ ૧૧-ગણધરો કંઈક નમીને અનુક્રમે ઉભા રહે છે. ત્યારે દેવો ગીત અને વાજિંત્રના શબ્દોને રોકે છે. ત્યારે ભગવંત પૂર્વ તીર્થ ગૌતમસ્વામીને દ્રવ્ય-ગુણ-પર્યાય વડે હું અનુજ્ઞા કરું છું, એમ કહીને તેના મસ્તકે ગંધ ચૂર્ણ ક્ષેપ કરે છે પછી દેવો પણ ચૂર્ણવર્ષા અને પુષ્પવર્ષા તેમની ઉપર કરે છે. ગણ સુધર્મસ્વામીને આગળ સ્થાપીને અનુજ્ઞા આપે છે. એ પ્રમાણે સામાયિકનો અર્થ ભગવંતથી નીકળ્યો અને સૂત્ર ગણધરોથી નીકળ્યું.

હવે પુરુષદ્વાર અવયવાર્થ કહે છે —

● નિર્યુક્તિ-૭૩૬ :-

***દ્રવ્ય, અભિલાપ, ચિહ્ન, વેદ, ધર્મ, અર્થ, ભોગ અને ભાવ એ આઠ પુરુષ જાણવા. ભાવપુરુષ તે જીવ, ભાવમાં ભાવથી આ પ્રગટ થયું છે.***

● વિવેચન-૭૩૬ :-

(૧) દ્રવ્ય પુરુષ ત્રણ ભેદે — આગમથી, નોઆગમથી, જ્ઞશરીર ભવ્ય શરીર અતિરિક્ત, એક ભવિક, બદ્ધાયુષ્ક, અભિમુખ નામ-ગોત્ર ભેદ ભિન્ન જાણવો અથવા વ્યતિરિક્ત બે ભેદે — મૂલગુણ નિર્મિત, ઉત્તરગુણ નિર્મિત. તેમાં મૂલગુણ નિર્મિત પુરુષ પ્રાયોગ્ય દ્રવ્યો, ઉત્તરગુણ નિર્મિત તેના આકારવાળા તે જ. (૨) જેના વડે અભિલાપ થાય તે અભિલાપ - શબ્દ, તેમાં અભિલાપ-પુરુષ પુંલિંગ અભિધાન માત્ર - ઘટ કે પટ. (૩) ચિહ્નપુરુષ - અપુરુષ છતાં પણ પુરુષ વેસ ઉપલક્ષિત, જેમકે નપુંસક ના દાઢી મૂંછાદિ ચિહ્ન.

(૪) વેદપુરુષ - સ્ત્રી, પુરુષ નપુંસકમાં ત્રણે લિંગમાં તૃણ-જ્વાળા ઉપમાવાળા વેદાનુભવ કાળમાં વેદપુરુષ. (૫) ધર્મ ઉપાર્જન કરવામાં તત્પર તે સાધુ ધર્મપુરુષ, (૬) અર્થ ઉપાર્જનમાં તત્પર તે મમ્મણ નિધિપાલની માફક અર્થપુરુષ, (૭) સંપ્રાપ્ત અમસ્ત ભોગોપભોગ સમર્થ ચક્રી સમાન ભોગપુરુષ, (૮) ભાવપુરુષ તે જીવ. - x - x - પૂ - શરીર, શરીરમાં રહે તે નિરુક્તિથી ભાવ પુરુષ કહેવાય. તે જીવ છે. ભાવદ્વારમાં નિરૂપણા કરતા, ભાવદ્વાર વિચારણામાં. અથવા ભાવ નિર્ગમ પ્રરૂપણાને આશ્રીને. ઉપયોગ ભાવપુરુષ વડે - શુદ્ધ જીવ અર્થાત્ તીર્થંકર વડે. તુ શબ્દથી વેદપુરુષ - ગણધર વડે. - x - x - પુરુષ દ્વાર ગયું. હવે કારણદ્વાર અવયવાર્થ જણાવવા કહે છે —

● નિર્યુક્તિ-૭૩૭ :-

***કારણમાં નિક્ષેપા ચાર ભેદે છે, દ્રવ્યમાં કારણ બે ભેદે છે — તે દ્રવ્ય અને અન્ય દ્રવ્ય. અથવા નિમિત્ત કારણ, નૈમિતિક કારણ.***

● વિવેચન-૭૩૭ :-

નિક્ષેપ કરવો તે નિક્ષેપ અર્થાત્ ન્યાસ. કરે છે તે કારણ, કાર્ય નિર્વર્ત્તે છે

એમ ધારવું. તે કારણ - વિષય ચાર ભેદે છે, નામ સ્થાપના દ્રવ્ય અને ભાવરૂપ. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. તદ્‌વ્યતિરિક્ત દ્રવ્ય કારણ બે ભેદે છે, તેથી દ્રવ્યમાં બે ભેદે નિક્ષેપ હોય. - x - દ્રવ્યકારણ વિષયમાં નિક્ષેપ બે ભેદે લેવો. તે જ દ્રવ્ય કારણનું દ્વૈવિધ્ય દર્શાવે છે - તે જ પટાદિનું દ્રવ્ય, તદ્‌દ્રવ્ય - તંતુ આદિ, તેનું જ કારણ જાણવું - x - અથવા દ્વિવિધત્વ બીજી રીતે - નિમિત્ત અને નૈમિત્તિક. - x - x - x -

● **નિર્યુક્તિ-૭૩૮ :-**

***સમવાયી અને અસમવાયી બે પ્રકારનું કારણ અથવા કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને સંનિધાન એ છ પ્રકારે કારણ જાણવું.***

● **વિવેચન-૭૩૮ :-**

એકી ભાવે અપૃથક્‌ત્વમાં રહે તે સમવાય - સંશ્લેષ, જેમાં હોય તે સમવાયી કારણ, જેમ તંતુઓમાં પટ રહેલો છે, તે સમવાયી કારણ છે અને - x - તેના રેસા વગેરે જુદા પડે છે માટે તે અસમવાયી કારણ જાણવું, કેમકે દ્રવ્યાંતર ધર્મથી પટ નામક કાર્ય દ્રવ્યાંતરનું દૂરવર્તી છે.

અર્થભેદ હોવા છતાં બે કારણનો ઉપન્યાસ અનર્થક છે ? ના, સંજ્ઞાભેદથી તેમ છે અથવા છ પ્રકારના કારણ છે. સ્વ વ્યાપારથી કાર્યમાં જે ઉપયોજાય છે, તે કારણ છે. છ ભેદ કઈ રીતે ? કર્તા અને કારણ, તે કાર્યમાં સ્વતંત્રતાથી ઉપયોગથી છે. તેના વિના વિવક્ષિત કાર્યની અનુત્પત્તિ છે જેમ ઘટની ઉત્પત્તિમાં કુલાલ કારણ છે. માટીનો પિંડ કરણ છે, કેમકે તે તેના સાધકપણે છે - x - x - x - x - સમ્યક્ કે સત્કૃત્ય પ્રયત્નની દાન તે સંપ્રદાન. તેથી જ ‘‘ધોબીને વસ્ત્ર આપે છે’’માં સંપ્રદાનમાં ચતુર્થી નથી પણ બ્રાહ્મણને ઘટ આપે છે, તેમાં સંપ્રદાન છે.

અપાદાન કારણ - વિવક્ષિત પદાર્થના અપાયમાં પણ તેના ધ્રુવપણાથી કાર્યના ઉપકારત્વથી છે. જેમકે - x - x - માટીનો પિંડ ઘડા માટે અપાદાન કારણ છે, તેના વિના તેની ઉત્પત્તિ ન થાય. સંનિધાન કારણ - તેના આધારપણાથી કાર્યમાં ઉપકારપણાથી છે જેમાં કાર્ય થાય તે સંનિધાન - અધિકરણ. જેમકે ઘટનું ચક. ચકનો આધાર જમીન - x - તેના અભાવે ઘટની ઉત્પત્તિ ન થાય. દ્રવ્ય કારણ કહ્યું, હવે ભાવ કારણ —

● **નિર્યુક્તિ-૭૩૯ :-**

***ભાવમાં બે પ્રકાર છે — અપ્રશસ્ત અને પ્રશસ્ત. અપ્રશસ્ત ભાવ સંસારનો છે, તે એક પ્રકારે, બે પ્રકારે અને ત્રણ પ્રકારે જાણવો.***

● **વિવેચન-૭૩૯ :-**

જે થાય તે ભાવ. તે ઔદયિકાદિ છે. તે જ સંસાર કે મોક્ષનું કારણ છે, માટે ભાવ કારણ કહ્યું. તે બે પ્રકારે છે - x - x - અપ્રશસ્ત-અશોભન, પ્રશસ્ત-શોભન. - x - x - તે એકવિધ આદિ કારણ કહે છે —

● **નિર્યુક્તિ-૭૪૦ :-**

***અસંયમ તે એક, અજ્ઞાન અને અવિરતિ તે બે ભેદ અને અજ્ઞાન, અવિરતિ તથા મિથ્યાત્વ એ ત્રણ ભેદ છે.***



● **વિવેચન-૭૪૦ :-**

असंयम - અવિરતિરૂપ, તે જ એક સંસારનું કારણ છે. અજ્ઞાન આદિ તેના ઉપકારીપણાથી અપ્રધાનપણે છે. - x - x - अज्ञान - કર્મથી આચ્છાદિત જીવનો વિપરીત અવબોધ. अविरति - સાવધયોગની અનિવૃત્તિ, - x - x - મિથ્યાત્વ - અતત્ત્વાર્થની શ્રદ્ધા - x - એ પ્રમાણે કષાયાદિના સંપર્કથી બીજા પણ ભેદો કહેવા જોઈએ. - x - હવે પ્રશસ્ત ભાવકારણ —

● **નિર્યુક્તિ-૭૪૧ :-**

***તે જ પ્રમાણે સંસારના કારણોથી વિપરીતપણે મોક્ષનું કારણ તે પ્રશસ્ત કારણ છે. તેના એક, બે, ત્રણ ભેદો છે.***

● **વિવેચન-૭૪૧ :-**

મોક્ષનું કારણ પ્રશસ્ત ભાવ કારણ થાય છે. તેના એક, બે, ત્રણ ભેદ સંસાર કારણથી વિપરીત જાણવા. તે આ રીતે — સંયમ એક ભેદ, જ્ઞાન અને સંયમ બે ભેદ, સમ્યગ્ દર્શન-જ્ઞાન-સંયમ તે ત્રણ ભેદ છે. - x - અહીં સામાયિક અન્વાખ્યાનમાં મોક્ષના અંગપણાથી ભાવકારણ છે. - x - અહીં કારણદ્વારમાં અધિકાર દર્શાવીને ફરી કારણદ્વાર સંગત જ સંપૂર્ણ વક્તવ્યતાની આશંકાથી જણાવતા કહે છે —

● **નિર્યુક્તિ-૭૪૨ થી ૭૪૪ :-**

***તીર્થંકર ક્યા કારણે સામાયિક અધ્યયન કહે છે ? મારે તીર્થંકર નામ કર્મ વેદવું જોઈએ - એ કારણે કહે છે... તે કઈ રીતે વેદાય છે ? ખેદ રહિત ધર્મ દેશના વડે. તે કર્મ ભગવંતને તે ભવ પૂર્વેના ત્રીજા ભવમાં બંધાય છે... નિયમથી મનુષ્યગતિમાં સ્ત્રી, પુરુષ કે નપુંસક શુભલેશ્યી હોય, વીસમાંના કોઈ સ્થાનક (કારણ)ને બહુલતાથી સેવિત હોય, તો બાંધે.***

● **વિવેચન-૭૪૨ થી ૭૪૪ :-**

તીર્થને કરવાનો આચાર તે તીર્થંકર, તીર્થ પૂર્વે કહેલ છે. અહીં तु શબ્દથી સામાયિક સિવાયના અધ્યયનો પણ ગ્રહણ કરવા. - x - તીર્થંકર નામ સંજ્ઞક ગોત્ર શબ્દ સંજ્ઞારૂપ કર્મ મારે વેદવું જોઈએ, એ કારણે સામાયિકાદિ અધ્યયન કહે છે - x - તીર્થંકરને સામાયિક કથનનું કારણ કહ્યું. હવે ગણધરોને તે શ્રવણ કરવાનું કારણ પ્રતિપાદિત કરતા કહે છે —

● **નિર્યુક્તિ-૭૪૫ :-**

***ગૌતમાદિ ક્યા કારણે સામાયિક સાંભળે છે ? જ્ઞાનની, સુંદર કે અસુંદર ભાવોની ઉપલબ્ધિ માટે સામાયિક સાંભળે છે.***

● **વિવેચન-૭૪૫ :-**

ગૌતમાદિ ગણધરો ક્યા નિમિત્ત કે પ્રયોજનથી સામાયિકને સાંભળે ? જ્ઞાનાર્થે - x - ભગવંતના મુખેથી નીકળેલ સામાયિક શબ્દને સાંભળીને તેના અર્થવિષયક જ્ઞાનની ઉત્પત્તિ માટે ઈત્યાદિ - x - શુભાશુભ ભાવોપલબ્ધિ પ્રવૃત્તિ નિમિત્ત વૃત્તિનું

કારણ છે કહ્યું છે —

● નિર્યુક્તિ-૭૪૬ :-

***તેનાથી પ્રવૃત્તિ, નિવૃત્તિ, સંયમ, તપ, પાપકર્મનું અગ્રહણ, કર્મનું અલગ થવું અને અશરીરીપણાનું કારણ છે.***

● વિવેચન-૭૪૬ :-

શુભાશુભ ભાવના જ્ઞાનથી શુભમાં પ્રવૃત્તિ અને અશુભમાં નિવૃત્તિ થાય તે પ્રવૃત્તિ નિવૃત્તિ સંયમ અને તપનું કારણ છે. તેમાં નિવૃત્તિ કારણત્વમાં પણ સંયમનું - અપૂર્વ કર્મના આવવાના નિરોધમાં પ્રાધાન્ય બતાવે છે. તેના સહિત જ વસ્તુતઃ તપ સફળ થાય - x - x - સંયમ અને તપથી પાપ કર્મનું અગ્રહણ અને કર્મ વિવેક થાય તથા પ્રયોજન કહે છે — સંયમમાં અનાશ્રવ ફળ છે. તપમાં કર્મ નિર્જરાફળ છે. - x - અશરીરતા પણ પામે છે. એ ગાથાર્થ કહ્યો.

હવે વિવક્ષિત અર્થનો અનુવાદ કહે છે —

● નિર્યુક્તિ-૭૪૭,૭૪૮ :-

***કર્મનો પૃથક્‌ભાવ અશરીર માટે થાય, અશરીરતા અનાબાધપણા માટે થાય, અબાધાથી અવેદના થાય, અવેદનાથી અનાકુળપણું, તેનાથી નિરોગી થાય. નિરોગીપણાથી અચલતા, તેથી શાશ્વતતા થાય. શાશ્વત ભાવને પામેલો અવ્યાબાધ સુખ પામે છે.***

● વિવેચન-૭૪૭,૭૪૮ :-

કર્મનો પૃથક્‌ભાવ એ અશરીરતાનું કારણ છે - x - x - [ઈત્યાદિ ગાથાર્થ મુજબ જાણવું. વિશેષ આ —] નિમિત્ત - કારણથી મેં આ આરંભેલ છે. अवेदन - વેદના રહિત જીવ થાય છે. - x - x - આ રીતે પરંપરાથી અવ્યાબાધ સુખને માટે સામાયિકનું શ્રવણ થાય છે. કારણ દ્વાર ગયું.

હવે પ્રત્યય દ્વારની વ્યાખ્યા કરાય છે —

● નિર્યુક્તિ-૭૪૯ :-

***પ્રત્યય નિક્ષેપો પૂર્વવત્‌, દ્રવ્યમાં તપ્ત અડદાદિ છે. ભાવમાં અવધિ આદિ ત્રણ પ્રકારનો પ્રત્યય ભાવમાં છે, અહીં ભાવ પ્રત્યય લેવો.***

● વિવેચન-૭૪૯ :-

પ્રત્યય એટલે પ્રતીતિ, વિશ્વાસ થવો તે. તેનો નિક્ષેપ-ન્યાસ. खलु શબ્દ અનંતરોક્ત કારણ અને નિક્ષેપનું સામ્ય દર્શાવે છે. તેથી પ્રત્યયનો નિક્ષેપ નામ આદિ ચાર ભેદે થાય. નામ અને સ્થાપના સરળ છે. દ્રવ્યવિષય તપ્ત અડદ આદિ છે. દ્રવ્યો જ પ્રતીતિ કરાવનાર હોવાથી અથવા દ્રવ્ય દ્વારા પ્રત્યય થાય છે તે દ્રવ્ય પ્રત્યય. ભાવથી વિચારતા અવધિ આદિ ત્રણ પ્રકારે ભાવ પ્રત્યય છે. કેમકે તેને બાહ્ય લિંગ-કારણની અપેક્ષા નથી. આદિ શબ્દથી મનઃપર્યવ અને કેવલ જ્ઞાન લેવા. મતિ અને શ્રુતમાં બાહ્યલિંગ કારણ અપેક્ષિત હોવાથી વિવક્ષા કરી નથી. - x - તેથી કહે છે —



● નિર્યુક્તિ-૭૫૦ :-

***કેવળજ્ઞાની હું છું એમ જાણી અરહંતો સામાયિકને કહે છે. તેઓ સર્વજ્ઞ છે, એવો વિશ્વાસ થવાથી ગણધરો સાંભળે છે.***

● વિવેચન-૭૫૦ :-

હું કેવળજ્ઞાની છું એવા સ્વ-પ્રત્યયથી અરહંત પ્રત્યક્ષ જ સામાયિકના અર્થને પામીને સામાયિકને કહે છે. શ્રોતાના-ગણધરાદિના હૃદયગત શેષ સંશય છેદીને તેમને સર્વજ્ઞપણાનો અવબોધ થાય છે. - x - x - x - x - તેવો પ્રત્યય જન્મવાથી ગણધરો સાંભળે છે. પ્રત્યય દ્વાર સમાપ્ત.

હવે લક્ષણ દ્વાર અવયવાર્થના પ્રતિપાદન માટે કહે છે.

● નિર્યુક્તિ-૭૫૧,૭૫૨ :-

***નામ, સ્થાપના, દ્રવ્ય, સાદૃશ્ય, સામાન્ય, આકાર, ગતિઆગતિ, વિવિધ પ્રકારે, નિમિત્ત, ઉત્પાદ, નાશ, વીર્ય અને ભાવ આ લક્ષણો સંક્ષેપથી કહ્યા. અથવા ભાવલક્ષણ સદ્‌હણા આદિ ચાર ભેદે છે.***

● વિવેચન-૭૫૧,૭૫૨ :

જેના વડે લક્ષ્ય કરાય તે લક્ષણ - પદાર્થ સ્વરૂપ, તે બાર ભેદે છે. તેમાં નામલક્ષણ તે બીજાથી જુદા પાડી આપે તે, આ વર્ણાનુપૂર્વી. સ્થાપના લક્ષણ - ल કાર આદિ વર્ણોનો આકાર વિશેષ. દ્રવ્ય્‌ લક્ષણ - જ્ઞશરીરાદિ અતિરિક્ત જે જે દ્રવ્યનું બીજાથી વ્યવચ્છેદક સ્વરૂપ જેમકે ગતિ આદિ ધર્માસ્તિકાયાદિનું લક્ષણ છે. આ જ કંઈક માત્ર વિશેષથી સાદૃશ્ય, સામાન્ય આદિ લક્ષણ ભેદથી નિરૂપણા કરાય છે. તેમાં —

સાદૃશ્ય - આ ઘટ જેવો પાટલિપુત્રનો ઘટ છે. સામાન્ય લક્ષણ - જેમકે - સિદ્ધોનું સિદ્ધત્વ સદ્‌દ્રવ્ય જીવમુક્ત આદિ ધર્મોથી સામાન્ય છે આકાર - બાહ્ય ચેષ્ટા રૂપ છે, તેના વડે અભિપ્રેતને જાણે છે. - x - જેમકે આકાર વડે - ઇંગિત ગતિ, ચેષ્ટા, વાણી વડે આદિથી અન્તર્ગત મન ગ્રહણ કરાય છે. ગતિ આગતિ લક્ષણ - x - અનુકૂળ ગમન તે ગતિ, પાછું ફરવું કે પ્રાતિકૂલ્યથી આગમન તે આગતિ. ગતિ અને આગતિ વડે કે તે જ લક્ષણ તે ગત્યાગતિ લક્ષણ. તે ચાર ભેદે છે —

(૧) પૂર્વપદ વ્યાહત, (૨) ઉત્તરપદ વ્યાહત, (૩) ઉભયપદ વ્યાહત, (૪) ઉભયપદ અવ્યાહત.

તેમાં પૂર્વપદ વ્યાહતનું દૃષ્ટાંત - ભગવન્‌! જીવ નૈરયિક છે? નૈરયિક જીવ છે? - x - ઉત્તરપદ વ્યાહતનું દૃષ્ટાંત - ભગવન્‌! જીવે છે તે જીવ કે જીવ જીવે છે. - x - ઉભયપદ વ્યાહતનું દૃષ્ટાંત - ભગવન્‌! ભવસિદ્ધિક નૈરયિક છે કે નૈરયિક ભવસિદ્ધિક છે? - x - ઉભયપદ અવ્યાહતનું દૃષ્ટાંત - ભગવન્‌! જીવ જીવે છે કે જીવે તે જીવ છે? ગૌતમ! જીવ નિયમા જીવે છે. જીવે તે પણ નિયમા જીવ છે. - x - લોકમાં પણ ગત્યાગતિ લક્ષણ આ રીતે છે — - x - જીવ સચેતન ઈત્યાદિ - x -

નાનાભાવ - ભિન્નતા, તે રૂપ લક્ષણ. તે ચાર ભેદે છે — દ્રવ્યથી, ક્ષેત્રથી,

કાળથી અને ભાવથી. તેમાં દ્રવ્યથી ભિન્નતા બે ભેદે છે - તદ્‌દ્રવ્ય ભિન્નતા અને અન્ય દ્રવ્ય ભિન્નતા. તેમાં પરમાણુની પરસ્પર ભિન્નતાને તદ્‌દ્રવ્ય ભિન્નતા, અન્યદ્રવ્ય ભિન્નતા - પરમાણુને દ્વિઅણુકાદિ ભદે. એ રીતે એકાદિ પ્રદેશાવગાઢ, એકાદિ સમય સ્થિતિ, એકાદિ ગુણ શુક્લમાં તદ્ કે અતદ્ ભિન્નતા જાણવી. આ લક્ષણો પદાર્થ સ્વરૂપના અવસ્થાપકપણાથી છે. निमित्त - શુભાશુભથી લક્ષ્ય કરાય તે લક્ષણ અથવા નિમિત્ત એ જ લક્ષણ તે નિમિત્ત લક્ષણ. તે આઠ પ્રકારે છે — ભૌમ, સ્વપ્ન, અંતરીક્ષ, દિવ્ય, અંગ, સ્વર, લક્ષણ અને વ્યંજન એ આઠથી નિમિત્ત જાણવું તેનું સ્વરૂપ બીજા ગ્રંથોથી જાણવું.

ઉત્પાદ - અનુત્પન્ન વસ્તુનું લક્ષ્ય ન થાય, તેથી ઉત્પાદ પણ વસ્તુ લક્ષણ છે. વિગમ - વિનાશ તે વસ્તુ લક્ષણ છે. તેના વિના ઉત્પાદનો અભાવ થાય. જેમ વક્તાથી અવિનષ્ટ અંગુલિ દ્રવ્ય ઋજુતાથી ઉત્પન્ન ન થાય.

વીર્ય - જે જે વસ્તુનું સામર્થ્ય. તે જ લક્ષણ તે વીર્યલક્ષણ. ભાષ્યકાર કહે છે — વીર્ય એટલે બળ, તે જીવનું લક્ષણ છે, જે - જેનું સામર્થ્ય. - x - તથા ભાવોનું - ઔદયિકાદિનું લક્ષણ પુદ્‌ગલવિપાકાદિ રૂપ ભાવલક્ષણ. જેમકે ઉદય લક્ષણ તે ઔદયિક, ઉપશમ લક્ષણ તે ઔપશમિક. અનુત્પત્તિ લક્ષણ તે ક્ષાયિક, મિશ્ર લક્ષણ તે ક્ષાયોપશમિક, પરિમાણ લક્ષણ-પારિણામિક સંયોગ લક્ષણ - સાંનિપાતિકનું છે અથવા આત્માના ભાવોરૂપ લક્ષણ તે ભાવ લક્ષણ છે તેમાં સામાયિકનું જીવગુણત્વથી ક્ષયોપશમ, ક્ષય, ઉપશમ સ્વભાવત્વથી ભાવ લક્ષણતા છે. આ જ લક્ષણ ચિત્તમાં આરોપીને કહે છે ભાવે - વિચારતા. સંક્ષેપમાં આ લક્ષણો કહ્યા.

સામાયિકના વૈશેષિક લક્ષણ જણાવતા કહે છે — અથવા ભાવ - સામાયિકના લક્ષણ શ્રદ્ધા આદિ ચાર છે તે આ પ્રમાણે —

● **નિર્યુક્તિ-૭૫૩ :-**

***શ્રદ્ધા, જ્ઞાન, વિરતી અને મિશ્ર લક્ષણ ધર્મને કહે છે. એ ચાર લક્ષણ સંયુક્તને તે ગૌતમાદિ સાંભળે છે.***

● **વિવેચન-૭૫૩ :-**

આ સામાયિક ચાર ભેદે થાય - સમ્યક્ત્વ, શ્રુત, ચારિત્ર અને ચારિત્રાચારિત્ર. આનું યથાયોગ લક્ષણ છે - શ્રદ્ધા, સમ્યક્ત્વ સામાયિકનું લક્ષણ છે. જ્ઞાન-જાણવું તે શ્રુત સામાયિકનું લક્ષણ છે - x - વિરતિ-વિરમવું તે, સર્વ સાવદ્યયોગની નિવૃત્તિ તે ચારિત્ર સામાયિકનું લક્ષણ છે મિશ્ર - વિરતાવિરતિ, તે ચારિત્રાચારિત્ર સામાયિકનું લક્ષણ છે.

આના વડે, સ્વબુદ્ધિનો ત્યાગ કરીને શાસ્ત્રનું પારતંત્ર્ય કહે છે. ભગવંત જિન જ કહે છે, તેઓ કહે ત્યારે ગણધરાદિ સાંભળે છે. - x -

લક્ષણદ્વાર કહ્યું, હવે નયદ્વારને પ્રતિપાદિત કરે છે —

● **નિર્યુક્તિ-૭૫૪ + વિવેચન :-**

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત



મૂળ નયો છે. नयन्तीति नयाः - વસ્તુના અવબોધ વિષયક અને ધર્માત્મક જ્ઞેય અધ્યાવસાયાંતર હેતુઓ પ્રાપ્ત કરાવે છે. અવયવને માટે પ્રત્યેક નયને નયાભિધાન નિરુક્ત દ્વારથી કહે છે —

● **નિર્યુક્તિ-૭૫૫ થી ૭૫૮ :-**

*[સાતે નયોની વ્યાખ્યા સાથે આપવા ચારે નિર્યુક્તિ સાથે મૂકેલ છે, પરંતુ અર્થમાં અક્ષરાર્થને બદલે ભાવાર્થને પ્રાધાન્ય આપેલ છે.]*

***(૧) અનેક પ્રમાણો વડે જે માપે છે કે માને છે, તે નૈગમનયની નિરુક્તિ છે. (૨) સંગૃહિત, એકઠાં થયેલા અર્થ, સંગ્રહવચનને સંક્ષેપથી સંગ્રહનય કહે છે. (૩) સર્વ દ્રવ્યોમાં વિશેષ નિશ્ચય માટે વ્યવહારનયને ઉપયોગી જાણવો. (૪) વર્તમાનને ગ્રહણ કરનાર તે ઋજુસૂત્ર નય જાણવો. (૫) શબ્દનય વિશેષિતતર વર્તમાનને ઈચ્છે છે. (૬) વસ્તુનું સંક્રમણ તે અવસ્તુ છે એમ સમભિરૂઢ નયવાળો માને છે, (૭) વ્યંજન, અર્થ, તદુભય એમ વિશેષ પ્રકારે એવંભૂત નયવાળો માને છે.***

● **વિવેચન-૭૫૫ થી ૭૫૮ :-**

*[સમગ્ર નય પ્રકરણ વિશેષથી અનુયોગ દ્વારમાં આવે છે. નય રહસ્ય આદિ ગ્રંથો પણ છે, અહીં 'નય' સંબંધે જે વિવેચન છે, તેમાં ચૂર્ણિમાં સંક્ષેપમાં છે, હારિભદ્રીયવૃત્તિમાં કંઈક વિશેષ છે, નિર્યુક્તિ દીપિકામાં ભિન્ન રીતે આ નયની વ્યાખ્યાનો વિસ્તાર કરાયેલો છે, અમે અહીં સંક્ષેપ રજૂઆત જ કરી છે. કેમકે નય વિશે માત્ર અનુવાદથી કામ ન સરે, તે માટે તજ્જ્ઞ પાસે સમજવું પડે.]*

(૧) એક નહીં પણ અનેક અર્થ, તેથી एक्रम् કહ્યું. સામાન્ય અને વિશેષ જ્ઞાનથી માપે છે અથવા નિગમમાં થાય તે નૈગમ. નિગમ એટલે પદાર્થનો પરિચ્છેદ. - x - x - [શંકા] તો શું નૈગમ નયવાળો સમ્યગ્‌દૃષ્ટિ જ છે. કેમકે સામાન્ય-વિશેષના સ્વીકારથી અપર છે, સાધુની જેમ ? ના, એવું નથી. સામાન્ય - વિશેષ વસ્તુના અત્યંત ભેદના સ્વીકારથી તેમ નથી. - x - x - x - x - અથવા નિલયન પ્રસ્થક ગ્રામના ઉદાહરણથી અનુયોગદ્વારમાં તે પ્રતિપાદિત કરેલ છે, ત્યાંથી જાણવું. અહીં ગમનિકા માત્ર છે.

બાકીના - સંગ્રહાદિના આ લક્ષણ છે, તેને તમે સાંભળો.

(૨) આભિમુખ્યથી ગૃહીત, તે સંગૃહીત. પીંડિત - એકજાતિમાં રહેલ, અર્થ - વિષય. તે સંગૃહીત પિંડિતાર્થ સંગ્રહનું વચન - સંગ્રહવચન. સંક્ષેપથી તીર્થંકર ગણધરો કહે છે. સામાન્ય પ્રતિપાદનમાં રહેલ આ 'સત્' એમ કહેતા સામાન્યને જ સ્વીકારે છે, વિશેષને નહીં તથા માને છે કે વિશેષ એ સામાન્યથી અર્થાન્તર રૂપ છે કે અનર્થાન્તર રૂપ. જો અર્થાન્તર રૂપ હોય તો તે નથી, કેમકે સામાન્યથી જુદા છે. અનર્થાન્તર રૂપ હોય તો તે માત્ર સામાન્ય જ છે. - x - સંગ્રહનય કહ્યાં.

(૩) અધિકતાથી ચયમાં જાય છે તે નિશ્ચય, વિગત નિશ્ચય તે વિનિશ્ચય - નિઃસામાન્ય ભાવ. સામાન્ય અભાવથી આ ભાવના છે વ્યવહારનય - સર્વ દ્રવ્ય વિષયમાં વિશેષ પ્રતિપાદનપર છે. અહીં सत् એમ કહેતા વિશેષ એવા ઘટ આદિનું

જ પ્રતિપાદન છે. કેમકે તેનું વ્યવહારમાં હેતુપણું છે. - x - x - x - અથવા વિશેષથી નિશ્ચય તે વિનિશ્ચય - ગોપાલ - સ્ત્રી આદિને અવબોધ. કોઈ વિદ્વત્સન્નિબદ્ધ નથી. તે અર્થ બધાં દ્રવ્યોમાં જાય છે. - x - x - x - ઈત્યાદિ, વ્યવહાર નય કહ્યો.

(૪) હમણાં ઉત્પન્ન તે પ્રત્યુત્પન્ન અર્થાત્ વર્તમાન અથવા પ્રતિ પ્રતિ ઉત્પન્ન તે પ્રત્યુત્પન્ન અર્થાત્ ભિન્ન વ્યક્તિ સ્વામિક. તેને ગ્રહણ કરવાના સ્વભાવવાળું તે પ્રત્યુત્પન્ન ગ્રાહી, ઋજુસૂત્ર કે ઋજુશ્રુત નયવિધિ જાણવી. તેમાં ઋજુ-વર્તમાન અતીત અનાગત વક્રના ત્યાગથી વસ્તુ અખિલ ઋજુ, તેમાં જાય તે ઋજુસૂત્ર અથવા વક્રથી વિપરીત જે અભિમુખ છે તે. શ્રુત તે જ્ઞાન, તેની અભિમુખ તે ઋજુશ્રુત. તે બાકીના જ્ઞાનોને સ્વીકારતું નથી. - x - x - તે અતીત કે અનાગતને સ્વીકારતું નથી અને પરકીય વસ્તુ પણ સ્વીકારતું નથી. વર્તમાન સ્વ વસ્તુને જ સ્વીકારે છે. તે લિંગાદિ ભેદથી ભિન્ન સ્વરૂપને સ્વીકારતું નથી. - x - x - x -

(૫) જેના વડે આક્રોશ થાય તે શબ્દ. તેના અર્થના પરિગ્રહથી અને ભેદ ઉપચારથી નય પણ શબ્દ જ છે. તેથી કહે છે — આ નામ, સ્થાપના, કે દ્રવ્યકુંભ નથી તેમ માને છે. કેમકે તે કાર્ય કરતા નથી. લિંગ અને વચન ભિન્નતાને પણ તે સ્વીકારતો નથી. જેમકે — ઘડો અને ઘડી એ લિંગભેદથી અર્થભેદ થાય છે, માટે તેને એક માનતો નથી.

(૬) સમભિરૂઢ નયના મતે વસ્તુનું સંક્રમણ તે અવસ્તુ થાય છે જેમકે ઘટ એ વસ્તુ છે, તેનું કૂટ આદિમાં સંક્રમણ થતાં અવસ્તુ-અસત્ થાય છે. નયથી વિચારતા એકમાં વિવિધ અર્થનું સમ્ અભિરોહણ થવાથી તે સમભિરૂઢ કહેવાય છે. અહીં ભાવના આ પ્રમાણે છે — ઘટ, કુટ, કુંભ ઈત્યાદિ શબ્દો ભિન પ્રવૃત્તિ નિમિત્તપણાથી ભિન્ન અર્થ ગોચર જ મનાય છે. વળી વ્યુત્પત્તિથી ઘટ, કુંભ આદિ જુદા છે, જુદા અર્થમાં પ્રયોજાય છે.

વ્યંજન - શબ્દ, અર્થ - શબ્દથી કહેવા યોગ્ય પદાર્થ, તદુભય - શબ્દાર્થ લક્ષણ. એવંભૂત - યથાભૂ નય વિશેષિત કરે છે - શબ્દ અર્થથી વિશેષિત કરાય છે, અર્થ શબ્દથી વિશેષિત કરાય છે. જેમકે ચેષ્ટા વડે ઘટ અને ઘટ શબ્દથી ચેષ્ટાને વિશેષિત કરે છે. તેથી જો સ્ત્રીના મસ્તકે રહેલ ચેષ્ટાવાન્ અર્થ ઘટ શબ્દ વડે કહેવાય ત્યારે જ તે ઘટ છે. અન્યથા તે જ વસ્તુ ચેષ્ટાના અયોગમાં અઘટપણે કહેવી.

એ પ્રમાણે નૈગમાદિ નયો મૂળ જાતિભેદથી સંક્ષેપ લક્ષણ કહ્યા. હવે તેની પ્રભેદ સંખ્યા કહે છે —

**● નિર્યુક્તિ-૭૫૯ :-**

***એક એક નયના સો-સો ભેદ ગણતાં ૭૦૦ નયો થાય છે અને બીજા એક મત પ્રમાણે નયો ૫૦૦ થાય છે.***

**● વિવેચન-૭૫૯ :-**

અનંતર કહેલ નૈગમાદિ નયોના એક એકના સ્વભેદ અપેક્ષાથી ૧૦૦ ભેદો ગણતાં ૭૦૦ ભેદો થાય છે. બીજા મતે શબ્દાદિ ત્રણના એકત્વથી આ ભેદો ૫૦૦ થાય છે. અપિ શબ્દથી નૈગમનયનો સંગ્રહ અને વ્યવહારમાં સમાવેશ કરતાં ૬૦૦ ભેદો થાય, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ ચારેને મૂળનય ગણવાથી ૪૦૦ ભેદો થાય, નૈગમથી ઋજુસૂત્ર સુધીના નયોને દ્રવ્યાસ્તિક રૂપે અને શબ્દાદિને પર્યાયાસ્તિકરૂપે ગણવાથી બે જ ભેદ થતાં ૨૦૦ પેટા ભેદો પણ થાય.



**● નિર્યુક્તિ-૭૬૦ :-**

***આ નયો વડે દૃષ્ટિવાદમાં સૂત્ર અને અર્થ કથનરૂપ પ્રરૂપણા છે. અહીં વળી તેનો સ્વીકાર નથી. અહીં પ્રાયઃ ત્રણ વડે અધિકાર છે.***

**● વિવેચન-૭૬૦ :-**

નૈગમાદિ નયોના ભેદ સહિતથી દૃષ્ટિવાદમાં સર્વ વસ્તુની પ્રરૂપણા કરાય છે અને સૂત્રાર્થ કથન થાય છે. - x - હાલ કાલિક સૂત્રોમાં તે નય વડે અવશ્ય વ્યાખ્યા કરાતી નથી. પણ શ્રોતાની અપેક્ષાથી પ્રાયઃ પહેલાં ત્રણ નયો વડે વ્યાખ્યાન કરવામાં આવે છે. હવે - x - આ ત્રણ નયોની અનુજ્ઞા શા માટે ? તે જણાવે છે —

**● નિર્યુક્તિ-૭૬૧ + વિવેચન :-**

જિનમતમાં નયથી રહિત કોઈ જ સૂત્ર કે અર્થ નથી. તેથી ત્રણ નય નો પરિગ્રહ કરાય છે. બાકીના નય નો પ્રતિષેધ આચાર્ય અને શિષ્યોની વિશિષ્ટ બુદ્ધિ-ભાવને આશ્રીને છે. વિમલમતિ શ્રોતાને આશ્રીને વળી કહે છે, નય વિશારદને ગુરુ કહેવાય છે. નય દ્વાર કહ્યું. હવે સમવતાર દ્વાર કહે છે — આ નયોનો સમવતાર ક્યાં છે ? ક્યાં અનવતાર છે ?

**● નિર્યુક્તિ-૭૬૨ :-**

***કાલિક સૂત્ર મૂઢ નયવાળું છે, તેથી અહીં નયોનો સમવતાર થતો નથી. અપૃથક્‌માં સમવતાર છે, પૃથક્‌માં સમવતાર નથી.***

**● વિવેચન-૭૬૨ :-**

જેમાં મૂઢ નયો છે, તે મૂઢનયિક અથવા અવિભાગમાં રહેલ તે મૂઢ. એવા તે મૂઢ નયો જેમાં છે તે મૂઢ નયિક. શ્રુતમાં કાલિક શ્રુત તે પહેલી અને છેલ્લી પોરિસિમાં ભણાય છે. તેમાં નયો ન સમવતરે. તો તેનો સમવતાર કેમાં થાય ? અપૃથકત્વ, ચરણ-ધર્મ-સંખ્યા અને દ્રવ્ય એ ચાર અનુયોગના પ્રતિસૂત્ર અવિભાગથી વર્તે, તેમાં નયોના વિસ્તારથી વિરોધાવિરોધના સંભવ વિશેષાદિથી સમવતાર છે. પૃથકત્વમાં નથી કેટલો કાળ અપૃથકત્વ રહ્યું, ક્યારથી પૃથકત્વ થયું ? તે કહે છે —

**● નિર્યુક્તિ-૭૬૩ :-**

***આર્ય વજ્ર સુધી કાલિક સૂત્રના અનુયોગો અપૃથક્ ન હતા. ત્યાર પછીથી લઈને કાલિકસૂત્ર અને દૃષ્ટિવાદમાં અલગ અનુયોગ થયો.***

**● વિવેચન-૭૬૩ :-**

જ્યાં સુધી વજ્રસ્વામી ગુરુ હતા, તે મહામતિ સુધી કાલિકાનુયોગ અપૃથક્ હતા, કેમકે ત્યારે સાધુની બુદ્ધિ તીક્ષ્ણ હતી. અહીં કાલિક સૂત્રનું ગ્રહણ, તેનું

પ્રાધાન્ય બતાવે છે અન્યથા સર્વાનુયોગ અપૃથકત્વ જ હતા. ત્યારપછીથી પૃથકત્વ થયું. આ આર્ય વજ કોણ હતાં ? તેમાં સ્તવ દ્વારમાં તેની ઉત્પત્તિ કહે છે –

**• નિર્યુક્તિ-૭૬૪ :-**

***તુંબવન સંનિવેશથી નીકળ્યા. છ માસમાં જેઓ પિતાને અર્પણ કરાયા, છકાયમાં યત્નાવાળા, માતા સહિત એવા તેમને વાંદુ છું.***

**• વિવેચન-૭૬૪ :-**

ગાથાર્થ કહ્યો. અવયવાર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે –

વજસ્વામી પૂર્વભવમાં દેવરાજ શક્રના વૈશ્રમણ સામાનીક હતા. આ તરફ ભગવંત વર્ધમાનસ્વામી પૃષ્ઠચંપા નગરીના સુભૂમિભાગ ઉધાનમાં પધાર્યા. ત્યાં શાલ નામે રાજા અને મહાશાલ નામે યુવરાજ, તે બંનેની બહેન યશોમતી, તેનો પતિ પિઠર, તે બંનેને ગાગલીકુમાર નામે પુત્ર હતો. ત્યારે શાલ ભગવંત પાસે ધર્મ સાંભળીને કહે છે – હું મહાશાલને રાજ્યમાં અભિષેક કરીને પછી આપના ચરણકમળમાં દીક્ષા લઈશ. તેણે જઈને મહાશાલને કહ્યું કે તું રાજા બન, હું દીક્ષા લઈશ. તે બોલ્યો – હું પણ દીક્ષા લઈશ, જે રીતે તમે અહીં અમારા મેઢી પ્રમાણ છો, તે રીતે દીક્ષામાં પણ રહેશો. ત્યારે ગાગલીને કાંપિલ્યપુરથી લાવીને રાજાપણે અભિષેક કર્યો. તેની માતા જે કંપિલપુર નગરે પીઠર રાજપુત્રને અપાયેલ, તેને પણ ત્યાં લાવ્યા. પછી તે બંને ભાઈઓએ સહસ્રપુરુષવાહિની બે શિબિકા કરાવી, યાવત્ તે બંનેએ દીક્ષા લીધી. તે બંનેની બહેન યશોમતી શ્રાવિકા થઈ. તે બંને ભાઈ મુનિઓ પણ અગિયાર અંગોને ભણ્યા.

અન્યદા ભગવન્ રાજગૃહે પધાર્યા. ત્યાંથી ભગવંત નીકળીને જ્યારે ચંપાનગરી તરફ જઈ રહ્યા હતા, ત્યારે શાલ અને મહાશાલ મુનિએ ભગવંતને પૂછ્યું કે – અમે બંને પૃષ્ઠચંપા જવા ઈચ્છીએ છીએ. કદાચ ત્યાં કોઈપણ તેઓમાંથી દીક્ષા લે અથવા સમ્યકત્વનો લાભ પામે. ભગવંત જાણતા હતા કે – ત્યાં કોઈ બોધ પામનાર થશે. ત્યારે તે બંનેની સાથે બીજા ગૌતમસ્વામીને મોકલ્યા અને ભગવંત પોતે ચંપાનગરી ગયા.

ગૌતમસ્વામી પણ પૃષ્ઠચંપા ગયા. ત્યાં સમવસર્યા, ગાગલી, પિઠર અને યશોમતી નીકળ્યા, તે બદાં પરમ સંવેગવાળા હતા. ધર્મ સાંભળીને ગાગલીએ પોતાના પુત્રનો રાજા રૂપે અભિષેક કર્યો. માતા-પિતા સહિત દીક્ષા લીધી. ગૌતમસ્વામી તે બધાંને લઈને ચંપાનગરી ચાલ્યા. તે શાલ અને મહાશાલમુનિને ચંપાનગરી જતાં હર્ષ હતો કે કોઈને સંસાર પાર ઉતાર્યા. તે વખતે શુભ અધ્યવસાયથી બંનેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે ગાગલી આદિને પણ વિચાર આવ્યો કે અમને આ બંનેએ રાજ્ય આપ્યું. ફરી પણ ધર્મમાં સ્થાપ્યા, સંસારથી પણ છોડાવ્યા. એમ વિચારતા શુભ અધ્યવસાયથી તે ત્રણેને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એ પ્રમાણે તે બધાં ઉત્પન્ન જ્ઞાનવાળા ચંપાનગરી ગયા, ભગવંતને પ્રદક્ષિણા દઈને, તીર્થને પ્રણામ કરીને કેવલિની પર્ષદામાં ગયા.





ગૌતમસ્વામી પણ ભગવંતને પ્રદક્ષિણા દઈ, પગે પડીને ઉભા થઈને કહે છે – તમે બધાં ક્યાં જાઓ છો ? આ ભગવંતને તમે વંદન કરો. ત્યારે ભગવંત બોલ્યા – ગૌતમ ! કેવલીની આશાતના ન કરો. ત્યારે નિવારાયેલા ગૌતમે ક્ષમા માંગી. સંવેગને પામ્યા. વિચારે છે કે – હું કેવલી થઈને સિદ્ધિ નહીં પામું શું ? આ તરફ ભગવંતે પૂર્વે કહેલ કે – હે ગૌતમ ! જે અષ્ટાપદ જઈને ચૈત્યોને વાંદે, તે ધરણીગોચર [મનુષ્ય] તે જ ભવે સિદ્ધ થાય છે. દેવો પણ પરસ્પર તે જ વાત કરે છે કે – જો નિશ્ચે ધરણીગોચરો અષ્ટાપદ ચડી જાય, તે મનુષ્ય તે જ ભવે મોક્ષે જાય છે. ત્યારે ગૌતમસ્વામી ચિંતવે છે કે – હું અષ્ટાપદ તીર્થે જઉં.

ત્યારે ભગવંત ગૌતમના હૃદયાકૂંત જાણીને અને તાપસો પણ બોધ પામશે જાણવાથી, ભગવંતે કહ્યું – હે ગૌતમ ! તું અષ્ટાપદ ચૈત્યે વંદન કરવાને જા. ત્યારે ગૌતમ હર્ષિત-સંતુષ્ટ થઈને, ભગવંતને વાંદીને અષ્ટાપદે ગયો. ત્યાં અષ્ટાપદમાં જનવાદ સાંભળીને ત્રણ તાપસો પ્રત્યેક ૫૦૦ના પરિવારવાળા હતા, તે અષ્ટાપદ ચડવા ઉદ્યમી થયેલા. તે આ પ્રમાણે – કૌંડિન્ય, દત્ત અને શેવાલ. તેમાં કૌંડિન્ય પરિવાર સહિત એક-એક ઉપવાસ કરીને અને પછી કંદમૂળ અને સચિત્તનો આહાર કરતો હતો. તે અષ્ટાપદની પહેલી મેખલાએ પહોંચેલો. દત્ત પણ છઠ્ઠ-છઠ્ઠ તપ વડે પડેલા પાંડુપત્રાદિનો આહાર કરતો હતો. તે બીજી મેખલાએ અટકેલો અને શેવાલ અઠ્ઠમ-અઠ્ઠમ તપ કરતો સ્વયં મ્લાન થયેલ શેવાલનો આહાર કરતો હતો, તે ત્રીજી મેખલાએ રહી ગયો.

આ તરફ ગૌતમસ્વામી મોટા શરીરવાળા, તરુણ સૂર્યના કિરણો જેવા તેજવાળા અષ્ટાપદે જઈ રહ્યા હતા. તેમને આવતા જોઈને તેઓ બોલ્યા – આ સ્થૂળકાય શ્રમણ અહીં કઈ રીતે ચડશે ? જો આપણે મહાતપસ્વી, શુષ્ક અને રૂક્ષ છઈએ તો પણ ચડી શકતા નથી. ગૌતમસ્વામી જંઘાચારણ લબ્ધિ વડે લૂતાતંતુ [કદાચ-સૂર્યના કિરણો] ની નિશ્રાએ ઉપર ચડવા લાગ્યા. જેટલામાં તેઓ અવલોકે છે કે આ આવી રહ્યા છે, એટલામાં તો આ દેખાતો પણ નથી. એ પ્રમાણે ત્રણે તાપસો ગૌતમસ્વામીની પ્રશંસા કરે છે. વિસ્મય પામેલા તેઓ તેને અવલોકતા ઉભા રહે છે. જ્યારે ગૌતમસ્વામી નીચે ઉતરે ત્યારે અમે તેના શિષ્યો થઈશું.

ગૌતમસ્વામી પણ ચૈત્યોને વાંદીને ઈશાન દિશા ભાગમાં પૃથ્વીશિલાપટ્ટકે ઉત્તમ અશોકવૃક્ષની નીચે રાત્રિ વાસ કરવા રહ્યા.

આ તરફ શક્રનો લોકપાલ વૈશ્રમણ ચૈત્યવંદન કરવા આવેલો. તે ચૈત્યોને વાંદીને ગૌતમસ્વામીને વંદે છે. ત્યારે તેને ગૌતમસ્વામી ધર્મકથા અવસરે સાધુના ગુણોને કહે છે. જેમકે ભગવંતના સાધુઓ અંત આહારી, પ્રાંત આહારી વગેરે હોય છે. ત્યારે તે વૈશ્રમ ચિંતવે છે - આ ભગવંત આવા સ્વરૂપના સાધુ ગુણોને વર્ણવે છે, તેની પોતાની શરીરની સુકુમારતા જેવી છે તેવી દેવોને પણ નથી. ત્યારે ગૌતમે તેમને શંકાશીલ જોઈને પુંડરીક નામક અધ્યયનની પ્રરૂપણા કરી. તે આ પ્રમાણે –

પુંડરીકિણી નગરી હતી, ત્યાં પુંડરીક નામે રાજા અને કંડરીક નામે યુવરાજ

હતો ઈત્યાદિ ''જ્ઞાતાધર્મકથા''માં કહ્યા મુજબ જાણવું તેથી તું બલત્વ કે દુર્બલત્વને ગ્રહણ ન કર. જેમ તે કંડરીક તે દૌર્બલ્યથી આર્ત્ત-દુઃખાર્ત્ત થઈ કાળ કરી સાતમી નરકે ઉત્પન્ન થયો. પુંડરીક પ્રતિપૂર્ણ ગોળ મટોળ હોવા છતાં સર્વાર્થ સિદધમાં ઉત્પન્ન થયો. એ પ્રમાણે હે દેવાનુપ્રિય ! દુર્બલ કે બલિક કારણ નથી. અહીં ધ્યાનનિગ્રહ કરવો જોઈએ. ધ્યાનનિગ્રહ એ પરમ પ્રમાણ છે. ત્યારે તે વૈશ્રમણને થયું કે અહો ભગવંતે મારા હૃદયની શંકા જાણીને નિવારી. તે સંવેગ પામી વંદન કરીને પાછો ગયો.

ત્યાં વૈશ્રમણનો એક સામાનિક દેવ જૃંભક હતો. તેણે તે પુંડરીક અધ્યયન ૫૦૦ વાર અવગૃહીત કર્યું. તે સમ્યકત્વ પામ્યો.

પછી ગૌતમસ્વામી બીજે દિવસે ચૈત્યોને વાંદીને પાછા આવે છે. ત્યારે તે તાપસો બોલ્યા — તમે અમારા આચાર્ય અને અમે તમારા શિષ્યો છીએ. ગૌતમસ્વામીએ કહ્યું — અમારા અને તમારા આચાર્ય ત્રિલોકના ગુરુ છે તેઓએ પૂછ્યું — તમારે પણ બીજા ગુરુ છે ? ત્યારે ગૌતમસ્વામી ભગવંતના ગુણની સ્તવના કરે છે. તે તાપસોને દીક્ષા આપી, દેવતાએ વેશ આપ્યો. ત્યારે બધાં ગૌતમસ્વામી સાથે ચાલ્યા. ભિક્ષાની વેળા થઈ ગૌતમે પૂછ્યું — તમારા પારણા માટે શું લાવું ? તેઓ બોલ્યા — ખીર. ગૌતમ સ્વામી સર્વલબ્ધિ સંપન્ન હતા. પાત્રમાં ઘી-ખાંડ યુક્ત ખીર લઈને આવ્યા. તેમણે અક્ષીણ મહાનસી લબ્ધિથી બધાંને પારણાં કરાવ્યા, પછી પોતે કર્યુ. ત્યારપછી તેઓ સારી રીતે આવૃત્ત થયા.

તેઓમાં શેવાલભક્ષી ૫૦૦ને ગૌતમસ્વામીની લબ્ધિ જોઈને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, દત્તને પરિવાર સહિત, ભગવંતના છત્રાતિછત્ર જોઈને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કૌડિન્યાદિને ભગવંતને જોઈને કેવળજ્ઞાન થયું.

ભગવંતની આગળ જઈને ભગવંતને પ્રદક્ષિણા કરીને તે બધાં કેવલીની પર્ષદામાં ગયા. ગૌતમસ્વામીએ કહ્યું — તમે ભગવંતને વંદન કરો સ્વામી બોલ્યા — કેવલીની આશાતના ન કરો. ગૌતમે - મિચ્છામિદુક્કડમ્ આપ્યા. ત્યારે ગૌતમસ્વામીને ઘણો જ ખેદ થયો. ત્યારે ભગવંતે ગૌતમને પૂછ્યું — શું દેવોનું વચન ગ્રાહ્ય છે કે જિનવરોનું ? ગૌતમે કહ્યું — જિનવરોનું, તો કેમ ખેદ કરે છે ? તે વખતે ભગવંતે ચાર કટ [સાદડી] ની પ્રજ્ઞાપના કરી.

કટ ચાર પ્રકારે છે — શુંબકર, વિદલકટ, ચર્મકટ, કંબલકટ. એમ શિષ્યો પણ ચાર પ્રકારે છે. હે ગૌતમ ! તું મારે કંબલકટ સમાન છે. પણ તું મારો ચિર કાળનો પરિચિત છે. ગૌતમ ! અહીં ભગવતી સૂત્રના આલાવા કહેવા. યાવત્ અંતે આપણે બંને કોઈપણ ભિન્નતાવગરના થઈશું. ત્યારે ભગવંતે ગૌતમ નિશ્રાથી ''દ્રુમપત્રક'' અધ્યયન કહ્યું.

તે વૈશ્રમણ સામાનિક દેવ ત્યાંથી ચ્યવીને અવંતી જનપદમાં તુંબવન સંનિવેશમાં ધનગિરિના પુત્રરૂપે થયો. તે ધનગિરિ શ્રાવક હતો. પ્રવજ્યા ગ્રહણ કરવાની ઈચ્છાવાળો હતો, પણ તેના માતા-પિતાએ રોક્યો હતો. પછી જ્યાં જ્યાં તેના વિવાહની વાત



થતી, ત્યાં ત્યાં તે કન્યાના પરિણામોને ફેરવી નાંખતો અને કહેતો કે હું તો દીક્ષા લેવાનો છું. આ તરફ ધનપાલની પુત્રી સુનંદા હતી. તે કહે છે — હું તેને પરણવા તૈયાર છું. તેથી સુનંદા તેને આપી. સુનંદાનો ભાઈ આર્ય સમિત નામે હતો, તે પૂર્વે સિંહગિરિ પાસે પ્રવ્રજિત થયેલ. તે દેવ સુનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. ત્યારે ધનગિરિએ કહ્યું — હવે આ તારો ગર્ભ તારો આધાર બનશે. તેણએ સિંહગિરિ પાસે દીક્ષા લીધી.

તે દેવ પણ નવ માસે પુત્ર રૂપે જન્મ્યો. ત્યાં સ્ત્રીઓ આવીને બોલે છે કે — જો આના પિતાએ દીક્ષા ન લીધી હોત તો ઘણું સુંદર થાત. તે સંજ્ઞી બાળકે જાણ્યું કે — મારા પિતા પ્રવ્રજિત છે. તેનું ચિંતવન કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે તે રાતદિવસ રડે છે. જેથી બધાં કંટાળે તો હું સુખે દીક્ષા લઈશ. એ પ્રમાણે છ મહિના ગયા, અન્યદા આચાર્ય સમોસર્યા ત્યારે આર્ય સમિત અને ધનગિરિ આચાર્યને કહે છે — સગાઓને અમે જોઈ આવીએ આજ્ઞા આપી. શકુનથી જાણીને કહ્યું — મહાલાભ થશે. જે કંઈ સચિત્ત કે અચિત્ત તમને મળે તે બધું જ લઈ લેજો. તે બંને ગયા. તેમને ઉપસર્ગ કરવા લાગ્યા. બીજી સ્ત્રીઓ પણ બોલી — આ બાળકને લઈ જાઓ. ક્યાં લઈ જઈએ ? સુનંદા બોલી — મેં આટલો કાળ રાખ્યો, હવે તમે તમારા પુત્રને સાચવો. ત્યારે ધનગિરિએ કહ્યું — પછી પસ્તાવો ન કરતી, ત્યારે સાક્ષી રાખીને બાળકને સ્વીકાર્યો. તે છ માસનો હતો. ઓલપટ્ટક વડે પાત્ર બાંધીને [ઝોળી કરીને] લીધો રોતો બંધ થયો. સંજ્ઞી જાણે છે ત્યારે આચાર્યએ ભારે ભાજન જાણી હાથ ફેલાવ્યો. હાથમાં આપ્યો, ભૂમિએ પડ્યો ત્યારે કહ્યું — હે આર્ય ! આ 'વજ' જણાય છે યાવત્ દેવકુમાર જેવો બાળક છે. આનું તમે સંરક્ષણ કરો. આ ભવિષ્યમાં પ્રવચનનો આધાર થશે.

ત્યારે તેનું વજ એવું નામ રાખ્યું. ત્યારે સાધ્વીને સોંપ્યો. તેઓએ શય્યાતર કૂળમાં આપ્યો. શય્યાતર તેને પોતાના બાળકની જેમ ન્હવડાવે છે. મંડિત કરે છે, દુધ પાય છે ત્યારે તેની આગળ જે ઉચ્ચરા આદિ આચરે છે, તેનો આકાર દર્શાવે છે. એ રીતે ઉછેરે છે. સાધુ પણ બહાર વિચરવા લાગ્યા.

ત્યારપછી સુનંદા તેને શોધે છે. શય્યાતરો બાળકને આપતા નથી. સુનંદા આવીને દુધ પીવડાવે છે. એ રીતે તે ત્રણ વર્ષનો થયો. અન્યદા સાધુઓ વિચરતા ત્યાં આવ્યા. ત્યારે બાળકનો ઝઘડો રાજમાં પહોંચ્યો. ધનગિરિ કહે છે - બાળક આણે મને આપલ છે. પણ નગર સુનંદાના પક્ષમાં રહ્યું. તેણી ઘણાં રમકડાં લાવી. રાજા પાસે ન્યાય કરાવવા બેઠા. ત્યારે પૂર્વાભિમુખ રાજા, જમણી બાજુ સંઘ અને સુનંદા પોતાના સ્વજન સાથે રાજાની ડાબે રહ્યા, રાજા કહે છે — તમારો આ બાળક જેની પાસે જાય, તે તેનો થશે. સાંભળો, કોણ પહેલાં બોલાવશે ? પુરુષાદિક ધર્મ હોવાથી પહેલાં પુરુષ બોલાવે નગરજનો બોલ્યા કે — ના, આ તેમનો પરિચિત છે, માટે માતા બોલાવે. વળી માતા જ દુષ્કરકારિકા હોય છે. વળી કોમળ સત્વા હોય છે. માટે તેણી જ બોલાવે.

ત્યારે તેણી હાથી-ઘોડા-રથાદિ વડે બાળભાવને લોભાવતી કહે છે — હે

વજ ! આ લઈ લે. ત્યારે બાળક તેને ફક્ત જોતો ઉભો રહે છે. તે જાણે છે કે જો સંઘની અવમાનના થાય તો દીર્ઘસંસાર વધે. નહીં તો આ પણ દીક્ષા લેશે. ત્રણ-ચાર વખત બોલાવવા છતાં માતા પાસે ન ગયો. પિતાએ કહ્યું – જો ધર્મની જરૂર હોય તો હે ધીર ! કર્મ રજને પ્રમાર્જનાર આ નાનું રજોહરણ ગ્રહણ કર. ત્યારે જલ્દીથી તેણે લઈ લીધું. લોકોએ જૈનધર્મનો જયજયકાર કર્યો. ત્યારે માતાને થયું કે મારો ભાઈ, પતિ, પુત્ર બધાંએ દીક્ષા લીધી. મારે રહીને શું કરવું છે ? એ રીતે તેણીએ પણ દીક્ષા લીધી.

**● નિર્યુક્તિ-૭૬૫ :-**

***દેવે બાળક એવા વજને વર્ષામાં ભોજન માટે નિમંત્ર્યો, છતાં તે વિનીત એવાએ વિનયથી તે ન સ્વીકાર્યું, તે વજસ્વામીને હું નમું છું.***

**● વિવેચન-૭૬૫ :-**

ગાથાર્થ કહ્યો. અવયવાર્થ કથાનક વડે જાણતો. તે આ પ્રમાણે –

તે વજ પણ જ્યારે દુધ પણ પીતો ન હતો ત્યારે પ્રવ્રજિત થયો. પ્રવ્રજિતોની પાસે રહ્યો. તે શ્રમણી પાસે ૧૧-અંગનું શ્રુત ભણ્યો. તેને તેવી પદાનુસારી લબ્ધિ હતી. ત્યારે આઠ વર્ષનો થતાં સંયતીના ઉપાશ્રયથી બહાર લવાયો, આચાર્ય પાસે રહે છે. આચાર્ય ઉજ્જૈની ગયા. ત્યાં વર્ષા અક્ષતધારે પડતી હતી. ત્યાં તેના પૂર્વસંગતિક જૃંભક દેવો, માર્ગમાં જતાં એવા તેની પરીક્ષા કરે છે. ત્યારે પરીક્ષા નિમિત્તે આવી, વણિક્ રૂપે સાધુને ગૌચરી માટે નિમંત્રે છે. પરંતુ વજસ્વામી સામાન્ય બિંદુરૂપ વર્ષા ચાલુ હતી ત્યાં સુધી ન ગયા. દેવ ફરી બોલાવે છે. ત્યારે વજ ઉપયોગ મૂકે છે - દ્રવ્યથી પુષ્પ ફળાદિ, ક્ષેત્રથી ઉજ્જૈની, કાળથી પ્રથમ વર્ષા, ભાવથી જમીનને સ્પર્શતા નથી, આંખનું મટકું મારતા નથી અને હર્ષિત સંતુષ્ટ જણાય છે. નક્કી આ દેવ છે. તેથી આહાર ગ્રહણ કરતા નથી. ત્યારે દેવો વજ સ્વામી ઉપર ખુશ થઈ બોલ્યા – તમને જોવા આવેલા, પછી વૈક્રિય વિદ્યા આપે છે.

**● નિર્યુક્તિ-૭૬૬ :-**

***ઉજ્જૈનીમાં જે જૃંભક દેવે આવીને, પરીક્ષા કરીને સ્તુતિ મહિમા કર્યો. એવા અક્ષીણ મહાનસિક લબ્ધિવાળા અને સીહગિરિ દ્વારા પ્રશંસિત [તે વજસ્વામીને] હું વંદના કરું છું.***

**● વિવેચન-૭૬૬ :-**

ગાથાર્થ કહ્યો. તેનો અવયવાર્થ કથાનક વડે જાણવો. તે આ –

ફરી પણ અન્ય કોઈ દિવસે જેઠ માસમાં સંજ્ઞાભૂમિ જતાં તેમને [વજસ્વામીને] ઘેબર વડે દેવ નિમંત્રણા કરે છે. ત્યારે પણ દ્રવ્યાદિ ઉપયોગ મૂકે છે, જાણીને ઘેબર લેતા નથી. ત્યારે દેવો નભોગામિની વિદ્યા તેને આપીને જાય છે. એ પ્રમાણે વજસ્વામી વિચરે છે.

જે રીતે તેમણે પદાનુસારી લબ્ધિથી ૧૧-અંગશ્રુત ગ્રહણ કર્યુ, તેનાથી તે સંયમમાં અતિસ્થિર થયા. ત્યારે જે પૂર્વગત ભણ્યા, તે પણ તેણે બધું ગ્રહણ કર્યુ.



એ પ્રમાણે તેઓ ઘણું ભણ્યા. ત્યારે તેને ભણવાનું કહ્યું, ત્યારે તે ભણેલ છતાં ત્યાં બોલતા રહે છે. બાકીના સાંભળતા હતા. કોઈ દિવસે આચાર્ય ભગવંત મધ્યાહ્ને સાધુઓ ભિક્ષાર્થે ગયેલા, ત્યારે સંજ્ઞાભૂમિ જવા નીકળ્યા. વજસ્વામી ઉપાશ્રય સાચવવા રહ્યા, તેણે સાધુના વીંટીયાને માંડલીની જેમ ગોઠવ્યા. મધ્યમાં પોતે બેઠા અને વાંચના આપવા લાગ્યા. ત્યરે ક્રમથી ૧૧-અંગોની અને પૂર્વની વાચના આપી. તેટલામાં આચાર્ય આવીને વિચાર કરે છે - નાના સાધુઓ આવી ગયા. શબ્દો સાંભળ્યા તે ઓઘ મેઘ સદૃશ હતા. બહાર સાંભળતા બેસી રહ્યા. તેને ખબર પડી કે આ તો વજ બોલે છે. પછી નૈષધિકી શબ્દ કરે છે.

તે વખતે આચાર્યને શંકા ન પડે, તે માટે વજએ જલ્દીથી વીંટીયા ત્વરિત સ્વસ્થાને રાખી દીધા. બહાર નીકળીને દંડ પુંછણક ગ્રહણ કર્યો. આવીને આચાર્યના બંને પગો પ્રમાર્જે છે. ત્યારે આચાર્ય વિચારે છે. આનો કોઈ સાધુ પરાભવ ન કરે, તેથી હું તેમને જાણ કરીશ. રાત્રિના પૂછે છે કે હું અમુક ગામે જઉં છું. ત્યાં બે ત્રણ દિવસ રહેવાનું થશે. ત્યારે યોગમાં રહેલાએ પૂછે છે કે – અમારા વાચનાચાર્ય કોણ ? આચાર્ય કહે છે – વજ. સાધુઓ વિનીત હોવાથી, તેમણે સ્વીકારી લીધું. આચાર્ય ગયા.

સાધુઓ પણ પ્રભાતે વસતિની પ્રતિલેખના કરી, કાલનિવેદન આદિ વજ પાસે કરે છે. તેને માટે નિષધા [આસન] ગોઠવે છે. વજ ત્યાં બેસે છે. તેઓ પણ જેમ આચાર્યનો કરતા હતો તેમજ વિનય કરે છે. ત્યારે વજ તેઓને વ્યક્ત-સ્પષ્ટ શબ્દોથી બધાંને અનુક્રમથી આલાવા આપે છે. જેઓ મંદ મેધાવાળા હતાં, તેઓ પણ શીઘ્રતાથી પ્રસ્થાપિત થવા લાગ્યા. ત્યારે તે બધાં વિસ્મય પામ્યા. જેઓએ પૂર્વે આલાવા ભણેલા, તેઓ પણ વિન્યાસને માટે પૂછવા લાગ્યા. વજ પણ બધું જ કહે છે. તે સાધુઓ પણ બધાં સંતુષ્ટ થઈને કહે છે – જો આચાર્ય થોડાં દિવસ રોકાઈ જાય તો સારું. આ શ્રુતસ્કંધ જલ્દી કરાવે છે, આચાર્ય પાસે ઘણા દિવસે ગ્રહણ કરાય છે. જ્યારે આ એક જ પોરિસિમાં કરાવી દે છે. એ પ્રમાણે તે વજ બધાં સાધુનો બહુમાન્ય થઈ ગયો. આચાર્ય પણ જાણીને પાછા આવ્યા.

આચાર્ય પૂછે છે – સ્વાધ્યાય યાદ રહ્યો ? તે બોલ્યા - રહ્યો. હવે આ વજ જ અમારા વાચનાચાર્ય થાઓ. આચાર્યએ કહ્યું – તે જ થશે. તમે તેનો પરાભવ ન કરો, તે જાણવાના નિમિત્તે જ હું ગયેલો. પણ આને તે વાચના દેવાનું કલ્પતું નથી. કેમકે તેણે શ્રુત કાન વડે ચોરીને લીધું છે. તેથી તેનો ઉત્સારકલ્પ કરવો જોઈએ [આગમની અનુજ્ઞા આપવી તે]. તેને જલ્દી-જલ્દી અનુજ્ઞા અપાય છે. બીજી પોરિસિમાં અર્થો કહેવાય છે. એ પ્રમાણે ઉભયકલ્પને યોગ્ય કરીને, જે અર્થો આચાર્યને પણ શંકિત હતા, તે પણ વજએ ઉદ્ઘાટિત કર્યા. દૃષ્ટિવાદમાં જ્યાં સુધી જાણતા હતા, તે ગ્રહણ કર્યુ.

તેઓ વિચરતા દશપુર નગરે ગયા. ઉજ્જૈનીમાં ભદ્રગુપ્ત નામે આચાર્ય હતા. તેઓ સ્થવિર કલ્પસ્થિત હતા. તેમને દૃષ્ટિવાદ ઉપસ્થિત હતું વજસ્વામીને સંઘાટક

આપ્યો. તેમની પાસે ગયા. ત્યારે ભદ્રગુપ્ત સ્થવિરને સ્વપ્ન આવ્યું - કોઈ આગંતુક મારા પાત્રમાંથી ભરેલ ખીર પીને આશ્વાસિત થયો. પ્રભાતે સાધુઓને કહે છે. તેઓ અન્ય-અન્યને કહે છે. ગુરુ કહે છે — તમે જાણતા નથી, હમણાં મારો ગ્રાહક આવશે અને તે બધાં જ સૂત્રાર્થો ગ્રહણ કરશે.

ગુરુ પોતે બાહિરિકામાં આવીને રહ્યા. ત્યારે વજ્રને આવતા જુએ છે. પૂર્વે સાંભળેલ કે આ વજ્ર છે. ખુશ થઈને સ્વીકાર્યો. ત્યારે તેમની પાસે વજ્રસ્વામી દશ પૂર્વો ભણ્યા. તેની અનુજ્ઞા નિમિત્તે જ્યાં ઉદ્દેશો કરાયો ત્યાં જ અનુજ્ઞા કરી એમ કરીને દશપુરે આવ્યા. ત્યાં અનુજ્ઞા આરંભી. તેટલામાં તે જૃંભક દેવોએ અનુજ્ઞા ઉપસ્થાપિત કરી. દિવ્ય ચૂર્ણ અને પુષ્પો લાવ્યા. આ જ અર્થને નિર્યુક્તિકાર કહે છે—

● **નિર્યુક્તિ-૭૬૭ :-**

***જેમની અનુજ્ઞાથી દશપુર નગરમાં વાચકત્વ - આચાર્યત્વ અર્પણ થયું, જૃંભક દેવોએ મહોત્સવ કર્યો, તે પદાનુસારી [લબ્ધિવંત વજ્રસ્વામીને] મારા નમસ્કાર થાઓ.***

● **વિવેચન-૭૬૭ :-**

અન્ય કોઈ દિવસે સિંહગિરિએ વજ્રસ્વામીને ગણ સોંપીને ભક્ત પ્રત્યાખ્યાન કર્યુ, દેવલોકે ગયા. વજ્રસ્વામી પણ ૫૦૦ અણગાર સાથે પરિવરીને વિચરવા લાગ્યા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં ઉદાર શબ્દોથી પ્રશંસા પામતા પરિભ્રમણ કરે છે — અહો ભગવન્ ! અહો ભગવન્ ! તેઓ ભવ્યજનોને વિબોધન કરતાં વિચરે છે.

આ તરફ પાટલીપુત્ર નગરમાં ધન શ્રેષ્ઠી હતો. તેની પુત્રી અતિ રૂપવતી હતી. તેની યાનશાળામાં રહેલાં સાધ્વીઓ વારંવાર વજ્રસ્વામીના ગુણોની સ્તવના કરતા. સ્વભાવથી જ લોક કામિતકામુક છે. શ્રેષ્ઠીપુત્રી વિચારે છે કે — જો તે મારા પતિ થાય તો હું ભોગો ભોગવું. નહીં તો આ ભોગનું કંઈ કામ નથી. તે આવે તો સારું - x - સાધ્વીઓએ તેને કહ્યું કે તે પરણે નહીં. ત્યારે શ્રેષ્ઠી પુત્રી બોલી કે — જો તે લગ્ન નહીં કરે તો હું પણ દીક્ષા લઈશ. વજ્રસ્વામી વિચરતા પાટલીપુત્ર પહોંચ્યા.

ત્યારે તેનો રાજા પરિવાર સહિત અહં પૂર્વક નીકળ્યો. તે સાધુઓ થોડાં-થોડાં આવતા હતા. તેમાં ઘણાં ઉદારશરીરી પણ હતા. રાજા પૂછે છે — શું આ વજ્રસ્વામી છે ? તેઓ કહેતા - નથી, આ તેના શિષ્ય છે. એવું છેલ્લા વૃંદ સુધી બન્યું. તેમાં પ્રવિરલ સાધુ સહિત જોયા. રાજાએ વંદના કરી. તે ઉધાનમાં શ્રેષ્ઠીપુત્રી લોકોની પાસે સાંભળીને હું કઈ રીતે જોઈશ એમ વિચારે છે. બીજા દિવસે પિતાને વિનંતી કરી - મને વજ્રસ્વામી સાથે પરણાવો, નહીં તો હું આપઘાત કરીશ.

ત્યારે તેણીને સર્વાલંકાર વિભૂષિતા કરી, અનેક કોટિ ધન સહિત લઈ ગયો. વજ્રસ્વામીએ ધર્મ કહ્યો. તે ભદંત ક્ષીરાશ્રવલબ્ધિક હતા. લોકો બોલ્યા — અહો ! સુસ્વરો ભગવંત સર્વગુણ સંપન્ન છે. પણ રૂપવિહીન છે. જો રૂપવાન્ હોત તો સર્વગુણ સંપત્તિ થાત. ભદંત વજ્ર એ તેમના મનોગત ભાવને જાણીને ત્યાં લાખ પાંખડીવાળું કમળ વિકુર્વ્યુ. તેના ઉપર બેઠા. અતિ સૌમ્ય રૂપ વિકુર્વ્યુ, જેવું દેવોનું હોય. લોકો



આવર્જાયા અને બોલ્યા — આ એમનું સ્વાભાવિક રૂપ છે, તેઓ સાતિશય હોવાથી હવે વિરૂપ રહે છે તેમ પ્રાર્થવું નહીં. રાજા પણ બોલ્યો — અહો ! ભદંત, આવા પણ છે. ત્યારે અણગારના ગુણોને વર્ણવે છે. ઈત્યાદિ - x - x -

ત્યારે શ્રેષ્ઠીને બોલાવીને ભગવંતે વિષયોની નિંદા કરી, જો મને ઈચ્છતા હો તો પ્રવ્રજ્યા લો, ત્યારે પ્રવ્રજ્યા લીધી.

આ જ અર્થને હૃદયગત કરીને કહે છે —

● **નિર્યુક્તિ-૭૬૮ :-**

***જે કન્યાને માટે ધનશ્રેષ્ઠીએ યૌવનમાં નિમંત્રણા કરી, (ક્યાં ?) કુસુમ નામની અર્થાત્ પાટલિપુત્ર નગરીમાં, તે વજ્રસ્વામીને હું નમું છું.***

● **વિવેચન-૭૬૮ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે — તે ભગવંતે પદાનુસારીપણાથી વિસ્મૃત થયેલ મહા પરિજ્ઞા અધ્યયનથી આકાશગામિની વિધાનું ઉદ્ધરણ કર્યુ. તેથી તે ભદંત આકાશગામિની લબ્ધિ સંપન્ન થયા. તે કહે છે —

● **નિર્યુક્તિ-૭૬૯ :-**

***મહાપરિજ્ઞાથી જેણે આકાશગામિની વિધા ઉદ્ધરી, તેવા છેલ્લા શ્રુતધર આર્ય વજ્રસ્વામીને હું વંદુ છું.***

● **વિવેચન-૭૬૯ :-**

આકાશગમ - આકાશ માર્ગે ગમન જેમાં છે તે વિધા. આર્ય - સર્વ હેય ધર્મોથી દૂર રહે તે આર્ય - x - હવે બીજી અધિકૃત વિધાનો નિષેધ જણાવવા માટે ઈત્યાદિથી - x - આમ કહે છે —

● **નિર્યુક્તિ-૭૭૦ :-**

***કહે છે કે — આ વિધા વડે જંબૂદ્વીપને પર્યટન કરી શકે અને માનુષોત્તર પર્વતે જઈને રહી શકે, એવો આ મારી વિધાનો વિષય છે.***

● **વિવેચન-૭૭૦ :-**

- x - हिण्डेत - પર્યટન કરે, नग - પર્વત, બાકી ગાથાર્થ મુજબ.

● **નિર્યુક્તિ-૭૭૧ :-**

***તેઓ કહે છે — આ વિધા પ્રવચનોપકારાર્થે ધારણ કરવી, મારી આ વિધા કોઈને આપવી નહીં, કેમકે હવે અલ્પઋદ્ધિક મનુષ્યો થશે.***

● **વિવેચન-૭૭૧ :-**

[ગાથાર્થ કહ્યો. હવે શેષ કથાનક કહે છે —] તે ભદંત એ પ્રમાણે ગુણ વિધા યુક્ત વિચરતા પૂર્વના દેશથી ઉત્તરાપથ ગયા. ત્યાં દુષ્કાળ હતો. માર્ગો પણ નષ્ટ થયેલા. ત્યાં સંઘ એકઠો થયો. તેનો નિસ્તાર કરવા પટવિધાથી પટ વિકુર્વી, સંઘને બેસાડ્યો. ત્યાં શય્યાતર આર્ય વજ્ર પાસે આવ્યો. દાંતરડા વડે પોતાની શિખા-ચોટલી છેદીને બોલ્યો — હું પણ તમારો સાધર્મિક છું. તે પણ પટ ઉપર ચડી ગયો. પછી બધાંને લઈને ઉડીને પુરિકા નગરી ગયા, ત્યાં સુકાળ હતો. ત્યાં શ્રાવકો ઘણાં હતા,

પણ ત્યાંનો રાજા બૌદ્ધધર્મોપાસક હતો. આપણા શ્રાવકો અને બૌદ્ધના ઉપાસકોને વિરુદ્ધપણે માલ્યારોહણ હોય છે. તેનો રાજા ફુલ આપતો નથી. પર્યુષણામાં પુષ્પો નહીં મળવાથી શ્રાવકો ખેદવાળા થયા.

તેથી બાળ-વૃદ્ધ બધાં વજસ્વામી પાસે આવ્યા. તેમને કહ્યું કે જો તમારા જેવા નાથ હોવા છતાં પ્રવચન માલિન્ય થાય તો તમે જાણો. એમ ઘણાં પ્રકારે કહેતા, ઉડીને માહેશ્વરી પુરી ગયા. ત્યાં હુતાશન નામે વ્યંતરાયન હતું. ત્યાંથી પુષ્પોનો ઘડો ભર્યો. ત્યાં વજસ્વામીના પિતાના મિત્રનો બગીચો હતો, તે એકદમ બોલ્યો – આપને આવવાનું શું પ્રયોજન છે ? ત્યારે કહ્યું – પુષ્પ માટે. તે બોલ્યો – આપ અનુગ્રહ કરો, વજસ્વામીએ કહ્યું – તમે એકઠાં કરો, તેટલામાં આવું છું. પછી ચુલ્લ હિમવંતે શ્રી દેવી પાસે ગયા. શ્રીદેવીએ ચૈત્યના અર્ચન નિમિત્તે કમળ આપ્યુ, તે લઈને અગ્નિગૃહે આવ્યા. ત્યાં દેવે વિમાન વિકુર્વ્યુ. તેમાં પુષ્પોનો કુંભ મૂક્યો. પછી જૃંભક દેવગણથી પરિવરીને દિવ્ય ગીત-ગંધર્વ-નિનાદ સહ આકાશ માર્ગે આવ્યા. તે પદ્મના વૃંતમાં વજસ્વામી બેઠા.

ત્યારે તે બોદ્ધ ઉપાસકો બોલ્યા – અમારે આ પ્રાતિહાર્ય ક્યાં ? અડધાં ફૂલો લઈને ગયા. ત્યાંથી નીકળી જિનાલયમાં ગયા. ત્યાં દેવોએ મહોત્સવ કર્યો. ત્યાં લોકમાં ઘણું બહુમાન થયું. રાજા પણ આવર્જિત થઈને શ્રમણોપાસક થયો. ઉક્ત અર્થ જ બુદ્ધના બોધને માટે કહે છે –

**● નિર્યુક્તિ-૭૭૨ + વિવેચન :-**

માહેશ્વરી નગરીથી બાકીના પુષ્પો લઈને તે પુરિકાનગરી વ્યંતર દેવકુલ યુક્ત ઉધાનથી ગયા. કઈ રીતે ? આકાશતલને અતીવ ઉલ્લંઘીને, મહાનુભાગ એવા અચિંત્ય શક્તિ આર્ય વજ એ પ્રમાણે વિચરતા શ્રીમાલે ગયા. એ પ્રમાણે યાવત્ આગમના ચાર અનુયોગ અપૃથક્ હતા.

**● નિર્યુક્તિ-૭૭૩ :-**

***અપૃથક્ અનુયોગમાં ચાર દ્વારો એકમાં જ કહેવાતા. પૃથક્ અનુયોગ કરાતા તે અર્થો પછી વિચ્છેદ પામ્યા.***

**● વિવેચન-૭૭૩ :-**

ચાર દ્વારો - ચરણાનુયોગ, ધર્માનુયોગ, કાલ-ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ એક સાથે કહેવાતા હતા. પણ ચરણ આદિ તે અર્થો પૃથકત્વ અનુયોગ કરણથી વિચ્છેદ પામ્યા. હવે જેના વડે પૃથકત્વ કરાયુ તે જણાવે છે –

**● નિર્યુક્તિ-૭૭૪ :-**

***દેવેન્દ્રોથી વંદાયેલા, મહાનુભાગ, આર્યરક્ષિતે હીનયુગ-કાળને પામીને ચારે અનુયોગોને અલગ વિભક્ત કર્યા.***

**● વિવેચન-૭૭૪ :-**

દુર્બલિકા પુષ્પમિત્ર જેવા પ્રાજ્ઞને પણ આ આનુયોગો અતિગૂઢ લાગતા હોવાથી અને સૂત્રાર્થ વિસ્મૃત થતો જાણીને, હીનયુગને જાણીને, શાસનના હિતને માટે



અનુયોગ અલગ-અલગ સ્થાપ્યા. ચાર ભાગ કર્યા. હવે આર્યરક્ષિત સ્વામીની ઉત્પત્તિને જણાવતાં કહે છે –

**● નિર્યુક્તિ-૭૭૫,૭૭૬ :-**

***આર્યરક્ષિતની માતા-રૂદ્રસોમા, પિતા-સોમદેવ, ભાઈ-ફલ્ગુરક્ષિત, આચાર્ય તોસલિપુત્ર હતા. તેણે ભદ્રગુપ્તસૂરિ પાસે જુદા રહીને પૂર્વનો અભ્યાસ કર્યો, પોતાના ભાઈને અને સ્વજનને દીક્ષિત કર્યા.***

**● વિવેચન-૭૭૫,૭૭૬ :-**

બંને ગાથાનો અર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે છે –

તે કાળે - તે સમયે દશપુર નામે નગર હતું, તેમાં સોમદેવ બ્રાહ્મણ હતો, તેને રૂદ્ર સોમા નામે પત્ની હતી. તેનો પુત્ર રક્ષિત હતો, તેનો નાનો ભાઈ ફલ્ગુ રક્ષિત હતો. આર્યરક્ષિતની વાત પછી કરીશું.

દશપુર નગરની ઉત્પત્તિ - તે કાળે, તે સમયે ચંપા નગરીમાં કુમારનંદી નામે સ્ત્રી લોલુપ સોની રહેતો હતો. તે જ્યાં જ્યાં સ્વરૂપવતી કન્યા જુએ કે સાંભળે ત્યાં ૫૦૦ સુવર્ણ મુદ્રા આપીને તેને પરણતો હતો. એ પ્રમાણે તેણે ૫૦૦ કન્યાને એકઠી કરેલી. ત્યારપછી તે ઈર્ષ્યાળુએ એક સ્તંભ પ્રાસાદ કરાવ્યો, તે સ્ત્રીઓ સાથે રમણ કરવા લાગ્યો.

તેને નાગિલ નામે એક શ્રાવક મિત્ર હતો.

અન્ય કોઈ દિવસે પંચ શૈલકદ્વીપમાં રહેનારી બે વ્યંતરી સુરપતિના નિયોગથી નંદીશ્વરદ્વીપની યાત્રાને માટે નીકળી. તેનો વિદ્યુન્માલી નામે પંચશૈલાધિપતિ પતિ હતો તે (માર્ગમાં) ચ્યવી ગયો. તેણી બંને વિચારવા લાગી કે કોઈને આપણે વ્યુદ્ગ્રાહિત કરીએ, જે આપણો પતિ થાય. ભટકતા-ભટકતા ચંપામાં કુમારનંદીને ૫૦૦ મહિલાના પરિવાર સાથે રમણ કરતો જોયો. તેણી બંનેએ વિચાર્યુ કે આ સ્ત્રીલોલુપ છે. આને વ્યુદ્ગ્રાહિત કરીએ. ત્યારે તે બંનેએ ઉધાનમાં જઈને પોતાને સોની સમક્ષ દર્શાવી.

ત્યારે સોનીએ તેમને પૂછ્યું – તમે બંને કોણ છો ? તે બોલી અમે બંને દેવીઓ છીએ. સોની તેનામાં મૂર્છિત થયો. તેની પાસે ભોગની પ્રાર્થના કરી. દેવીઓ બોલી – જો અમારાથી તારે ભોગ કાર્ય હોય તો પંચશૈલ દ્વીપે આવજે. એમ બોલીને ઉડી ગઈ સોની તે બંનેમાં મૂર્છિત થયો, રાજકુળમાં સુવર્ણ આપીને પટહ વગડાવ્યો - કુમારનંદીને જે પંચશૈલ લઈ જશે, તેને કોટિ ધન આપશે. કોઈ વૃદ્ધે તે પટહ ઝીલી લીધો. પ્રવહણ-વહાણ તૈયાર કર્યુ, માર્ગ માટે ભાથું ભર્યુ. દ્રવ્ય લઈ તે સ્થવિરે પોતાના પુત્રોને આપ્યુ. આપીને કુમારનંદીને લઈને યાન-વાહનથી નીકળ્યો.

જ્યારે સમુદ્રમાં ઘણે દૂર ગયો ત્યારે સ્થવિરે કહ્યું – કંઈ પણ દેખાય છે ? સોનીએ કહ્યું કે કંઈક કાળા વર્ણનું દેખાય છે. વૃદ્ધ નાવિકે કહ્યું – આ વડ છે, તે સમુદ્ર કૂળમાંથી પર્વત મૂળમાં જાય છે. આની નીચેથી આ વહાણ નીકળશે. ત્યારે તું અમૂઢ થઈ વડની ડાળે વળગી જજે. ત્યાં પંચશૈલથી ભારંડપક્ષી આવશે. તે યુગલને ત્રણ પગ હશે. જ્યારે તેઓ સૂઈ જાય ત્યારે વચ્ચેના પગમાં સારી રીતે

ચોંટીને, વસ્ત્ર વડે તારા શરીરને બાંધજે. પછી તે પક્ષીયુગલ તને પંચશૈલદ્વીપે લઈ જશે. જો તું વડમાં નહીં વળગી શકે તો આ વહાણ ભ્રમરમાં પ્રવેશશે, ત્યાં વિનાશ પામશે.

એ પ્રમાણે સોની વળગી ગયો. પક્ષી વડે પંચશૈલ લઈ જવાયો. ત્યારે તે બંને વ્યંતરી વડે જોવાયો. સોનીને તે દેવીઓએ પોતાની ઋદ્ધિ દર્શાવી. સોની તેઓમાં ઘણો જ ગૃદ્ધ થયો. તે દેવીઓ બોલી – આ શરીર વડે અમે ભોગવી શકાશું નહીં. કંઈક અગ્નિ પ્રવેશાદિ કર. જેથી પંચશૈલાધિપતિ થઈશ. સોની વિચારે છે હવે મારે ક્યાં જવું ? તે બંનેએ કરતલનો સંપુટ કરી તેને લઈને, તેના પોતાના ઉદ્યાનમાં મૂકી દીધો.

ત્યારે લોકોએ આવીને પૂછ્યું – તો સોનીએ જે કંઈ જોયું, સાંભળ્યું અને અનુભવ્યું, તે પંચશૈલદ્વીપનો બધો વૃત્તાંત કહ્યો.

ત્યારપછી મિત્ર નાગિલે અટકાવવા છતાં ઇંગિતમરણથી મરીને પંચશૈલનો અધિપતિ થયો. ત્યારે તે નાગિલ શ્રાવકને નિર્વેદ જન્મ્યો. આ ભોગને કારણે આટલો કલેશ પામ્યો. આપણે જાણતા નથી કે શું થશે ? એમ વિચારી તેણે દીક્ષા લીધી. કાળ કરીને અચ્યુતકલ્પે ઉત્પન્ન થયો. અવધિજ્ઞાન વડે તેણે તે સોનીને જોયો.

અન્ય કોઈ દિવસે નંદીશ્વર યાત્રામાં જતાં [તે સોની ઢોલ ન વગાડવા પલાયન થતો હતો, ત્યારે] ઢોલ તેના ગળે વળગી ગયો. ત્યારે ઢોલ વગાડતો નંદીશ્વરે ગયો. ત્યાં નાગિલદેવ આવ્યો. તેને (સોની) જુએ છે. તે તેના તેજને સહન ન કરી શકતો પલાયન થવા લાગ્યો. નાગિલદેવ તેજને સંહરીને કહ્યું – ઓ ! મને ઓળખે છે ? સોની દેવ બોલ્યો – શક્રાદિ ઈન્દ્રને કોણ નથી જાણતું ? ત્યારે નાગિલે શ્રાવકરૂપ દેખાડ્યું અને ઓળખાણ યાદ કરાવી. ત્યારે સોનીદેવે કહ્યું કે – મને આજ્ઞા કરો કે હવે હું શું કરું ? ત્યારે નાગિલ દેવે કહ્યું – તું વર્ધમાન સ્વામીની પ્રતિમા કર. તે તારા માટે સમ્યક્ત્વના બીજરૂપ થશે.

ત્યારે તે [વિદ્યુન્માલીદેવ બનેલો સોની] મહાહિમવંત પર્વતે ગયો, ગોશીર્ષ ચંદનના વૃક્ષને છેદીને ત્યાં પ્રતિમા બનાવી. લાકડાના સંપુટમાં મૂકીને ભરતક્ષેત્રમાં આવ્યો. સમુદ્રમાં ઉત્પાતથી છ માસથી ભમતા વહાણને જોયું ત્યારે તેણે તે ઉત્પાતને ઉપશાંત કર્યો. પ્રતિમાને પેટીમાં મૂકી નાવિકને આપી. તેને કહ્યું કે – આ દેવાધિદેવની પ્રતિમા છે, તેને વીતભય નગરે ઉતારજે ત્યાં ઉદાયન રાજા તાપસ ભક્ત છે, પ્રભાવતી દેવી [રાણી] છે.

વણિકે કહ્યું – આને દેવાધિદેવની પ્રતિમા કરવી. તે ઈન્દ્રાદિ વડે કરાઈ. પરશુ ન વાપર્યુ. આ વાત પ્રભાવતી રાણીએ સાંભળી. તેણી બોલે છે – વર્ધમાનસ્વામી દેવાધિદેવ છે, તેની પ્રતિમા થાઓ. જેવી પેટી ઉપર આહત કરી કે પૂર્વ નિર્મિતા-પ્રતિમા નીકળી. અંતઃપુરમાં ચૈત્યગૃહ કરાવ્યું. પ્રભાવતી ન્હાઈને ત્રણે સંધ્યા તેની પૂજા કરે છે.

કોઈ દિવસે રાણી નૃત્ય કરતી હતી. રાજા વીણા વગાડતો હતો તેને રાણીનું



મસ્તક ન દેખાયું, ખેદ થયો, હાથમાંથી વીણા પડી ગઈ. રાણી રોષાયમાન થઈને બોલી – શું નૃત્ય બરાબર ન હતું ? બહું આગ્રહ કરતાં રાજાએ સાચો જવાબ આપ્યો. રાણી બોલી – મારે શું ? મેં તો સારી રીતે શ્રાવકવ્રતની અનુપાલના કરી છે.

અન્ય કોઈ દિવસે ન્હાઈને દાસી પાસે વસ્ત્રો મંગાવ્યા. તે લાલ વસ્ત્રો લાવી. રાણીએ રોષથી અરીસો માર્યો, જિનગૃહમાં જવાનું છે અને લાલ વસ્ત્રો આપે છે ? દાસી મૃત્યુ પામી. ત્યારે રાણી વિચારવા લાગી કે મારા વડે વ્રત ખંડિત થયું. હવે જીવીને શું કરવું છે ? રાજાને પૂછીને હું ભક્ત પ્રત્યાખ્યાન કરું. રાજાએ તેની પાસે વચન લીધું કે જો તું [દેવલોકે જાય તો આવીને મને] પ્રતિબોધ કરવો. રાણીએ કબૂલ કર્યું. ભક્તપ્રત્યાખ્યાન કરી, મૃત્યુ પામીને દેવલોકે ગઈ.

જિનપ્રતિમાની સારસંભાળ દેવદત્તા નામે કુબ્જાદાસી કરવા લાગી. પ્રભાવતી દેવે ઉદાયનને બોધ કરવા પ્રયત્ન કર્યો. તે બોધ પામતો નથી. કેમકે તે તાપસ ભક્ત હતો. તેથી દેવે તાપસનું રૂપ લીધું, તે અમૃતફળ લઈને આવ્યો. રાજાએ તે ફલ ચાખ્યા. પૂછ્યું કે – આ ફળો ક્યાંના છે ? દેવે કહ્યું – નગરથી દૂર આશ્રમ છે, ત્યાંના આ ફળ છે. તેની સાથે રાજા ગયો. તે તાપસો તેને મારવા લાગ્યા. ભાગીને વનખંડમાં ગયો, ત્યાં સાધુને જોયા. સાધુએ ધર્મ કહ્યો, રાજા બોધ પામ્યો. પ્રભાવતીદેવે પોતાને પ્રગટ કરીને પૃચ્છા કરી. પછી પાછો ગયો. ઉદાયન રાજા શ્રાવક થયો.

આ તરફ ગાંધાર શ્રાવક બધી જિનજન્મભૂમિને વાંદીને વૈતાઢ્યે કનક પ્રતિમાનું સાંભળીને ઉપવાસ કરીને રહ્યો. - x - ત્યાં દેવતાએ સંતુષ્ટ થઈને તેને સર્વકામિત ૧૦૦ ગુટિકા આપી. ત્યાંથી નીકળી વીતભય નગરે ગોશીર્ષચંદનમયી જિનપ્રતિમા વિશે સાંભળ્યું. ત્યાં વંદન કરવાને આવ્યો. વંદના કરી, ત્યાં બિમાર પડ્યો. દેવદત્તાએ તેની ઘણી સેવા કરી, સંતુષ્ટ થઈને ગાંધાર શ્રાવકે તે ગુટિકા દેવદત્તાને આપી, તેણે દીક્ષા લીધી.

કોઈ દિવસે દેવદત્તાએ વિચાર્યુ - મારો સુવર્ણ સમાન વર્ણ થાઓ. ત્યારે [ગુટિકા પ્રભાવ] સુવર્ણ જેવા રૂપ-વર્ણવાળી તે થઈ ગઈ. ફરી પણ તે વિચારે છે કે – હું ભોગો ભોગવું, પણ આ રાજા તો મારા પિતા સમાન છે, બાકીના ગોધા જેવા છે. મને પ્રદ્યોત રાજા ગમે છે. તેને મનમાં ધારીને ગુટિકા ખાધી, પ્રદ્યોતને દેવતા વડે કહેવાયું કે આવી રૂપવતી સ્ત્રી છે. તેથી ચંડપ્રદ્યોતે સુવર્ણગુલિકા [પે'લી કુબ્જા દાસી] ને માટે દૂત મોકલ્યો. ત્યારે સુવર્ણગુલિકા કહેવડાવે છે કે – તો તું મને રૂબરૂ જોવા આવ.

ત્યારપછી ચંડપ્રદ્યોત અનલગિરિ હાથી ઉપર રાત્રિના આવ્યો. તેણીને જોઈ, તેને ગમી ગઈ. તેણી બોલી કે જો પ્રતિમા સાથે લો તો હું આવું. ત્યારે ત્યાં રાત્રિ રોકાઈ, પાછો ગયો. બીજી તેવી જ જિનપ્રતિમા કરાવીને આવ્યો. મૂળ પ્રતિમાના સ્થાને તેને સ્થાપીને પછી જીવિત સ્વામીની પ્રતિમા અને સુવર્ણગુલિકાને લઈને ઉજ્જૈની પાછો ગયો. ત્યાં અનલગિરિ હાથી વડે મળમૂત્ર ત્યાગ કરાયેલો. તેની ગંધથી બીજા હાથી ઉન્મત્ત થયા, જે દિશા તરફથી ગંધ આવતી હતી, તે દિશામાં

રાજાએ અવલોકન કર્યું. અનલગિરિના પગલાં જોયા, રાજા વિચારે છે – કયા નિમિત્તે આવ્યો હશે ? યાવત્ પે'લી દાસી પણ દેખાતી નથી. રાજા કહે છે – દાસીને તે ઉપાડી ગયો. હવે જાઓ પ્રતિમા છે કે નહીં તે જુઓ. સેવકોએ આવીને કહ્યું – પ્રતિમા છે.

ત્યારપછી રાજા પૂજાના સમયે આવ્યો. જુએ છે કે પ્રતિમાના પુષ્પો મ્લાન થઈ ગયા છે. પ્રતિમાની નિર્વર્ણતા જોઈને જાણ્યું કે – આ તો પ્રતિમાનું પ્રતિરૂપક છે. મૂળ પ્રતિમાનું હરણ કરાયેલું છે. ત્યારે રાજાએ પ્રદ્યોતની પાસે દૂત મોકલ્યો, કહેવડાવ્યું કે – મારે દાસીનું કંઈ કામ નથી પણ મારી પ્રતિમા પાછી આપી દે. પ્રદ્યોતે પ્રતિમા ન આપી. તેથી ઉદાયન રાજા જ્યેષ્ઠ માસમાં દશ રાજા સાથે જઈને પ્રદ્યોત ઉપર ચડાઈ કરી.

મરુભૂમિને પાર કરતી વેળા આખું સૈન્ય તરસથી મરવા લાગ્યું રાજાને નિવેદન કર્યું. ત્યારે રાજાએ પ્રભાવતીને યાદ કરી, તે પ્રભાવતી દેવ આવે છે. તેણીએ ત્રણ પુષ્કરિણી બનાવી. આગળની, મધ્યની, પાછળની. ત્યારે બધાં આશ્વસ્ત થયા. પછી ઉજ્જૈની ગયા. ઉદાયને પ્રદ્યોતને કહ્યું કે લોકોને મારવાથી શું લાભ ? તારી અને મારી વચ્ચે યુદ્ધ કરીએ, તને હાથી-ઘોડા-રથ કે પગે જેમ રુચે તેમ યુદ્ધ કરીએ.ત્યારે પ્રદ્યોતે કહ્યું કે – આપણે રથ વડે યુદ્ધ કરીએ. ત્યારે અનલગિરિ હાથી વડે તે આવ્યો. ઉદાયન રાજા રથ લઈને નીકળ્યો. ત્યારે રાજા બોલ્યો કે – તેં શરતનો ભંગ કર્યો છે, તો પણ હવે તું બચવાનો નથી.

ત્યારપછી ઉદાયને રથ માંડલિક રાજાને આપ્યો. હાથીના વેગથી પ્રદ્યોતની પાછળ પડ્યો. હાથી જ્યાં જ્યાં પગ મૂકે છે, ત્યાં ત્યાં બાણ ફેંકે છે. હાથી પડી ન ગયો ત્યાં સુધી તેમ કર્યું. પછી પ્રદ્યોતને બાંધી દીધો. તેના કપાળે અંકિત કરાવી દીધું – ''ઉદાયન રાજાની દાસીનો પતિ'' પછી પોતાના નગર તરફ ચાલ્યો. પણ પ્રતિમાએ સાથે આવવાની ઈચ્છા ન કરી [અર્થાત્ ન આવી.] માર્ગમાં વર્ષા ઋતુ આવી, ત્યાં જ રહ્યા. ત્યાં દશે રાજાઓ ધૂળનો કિલ્લો બનાવીને રહ્યા. જેથી અવસ્કંદનો ભય ન રહે.

જે રાજા ઉદાયન જમતો તે જ પ્રદ્યોતને અપાતું હતું. પર્યુષણામાં પ્રદ્યોતને રસોઈયાએ પૂછ્યું – આજે શું જમશો ? ત્યારે પ્રદ્યોત વિચારે છે - મને [ભોજનમાં ઝેર આપી] મારી નાંખશે તેથી પૂછે છે - આજે કેમ રસોઈનું પૂછ્યું ? રસોઈયાએ કહ્યું – આજે પર્યુષણા [સંવત્સરી] છે, અમારા રાજાને ઉપવાસ છે. પ્રદ્યોત બોલ્યો – મારે પણ ઉપવાસ છે. મારા પણ માતાપિતા સંયત છે, મને યાદ ન રહ્યું કે આજે પર્યુષણા છે.

રસોઈયાએ ઉદાયન રાજાને કહ્યું. રાજા બોલ્યો – હું જાણું છું કે આ ધૂતારો છે, પણ આને બંધનમાં રાખીશ તો મારી પર્યુષણા શુદ્ધ નહીં થાય. તેથી મુક્ત કરીને ક્ષમા કરી, સુવર્ણનો પટ્ટ બનાવીને પ્રદ્યોતના કપાળના અક્ષરો ઢાંકવા માટે બાંધી દીધો. તે દેશ પણ પ્રદ્યોતને આપી દીધો. ત્યારથી પટ્ટબદ્ધ રાજાઓ થયા, પૂર્વે



મુગટબદ્ધ રાજાઓ હતા. વર્ષાઋતુ વીત્યા પછી ઉદાયનરાજા ગયો. ત્યાં જે વણિક્વર્ગ આવેલ, તે ત્યાં જ રહ્યો. ત્યારે તે દશપુર નગર થયું એ પ્રમાણે દશપુરની ઉત્પત્તિ જાણવી.

તે દશપુરમાં આર્યરક્ષિત ઉત્પન્ન થયેલ. તે રક્ષિતના પિતા જે કંઈ જાણતા હતા, તેટલું તેટલું તેને ભણાવ્યું. પછી ઘેર ભણવાનું બને તેમ ન હતું. તેથી પાટલીપુત્રે રક્ષિત ભણવા ગયો. ત્યાં સાંગોપાંગ ચાર વેદો ભણ્યો. સમસ્ત પારાયણ શીખ્યો અને શાસ્ત્રનો પારગ થયો. ચૌદ વિદ્યાસ્થાન ગ્રહણ કર્યા. પછી દશપુરે આવ્યો. રાજકુલ સેવકોએ તે જાણીને રાજાને કહ્યું, રાજાના કહેવાથી નગરને પતાકાદિયુક્ત કર્યુ. રાજા સ્વયં અભિમુખ ગયો. તેણે રક્ષિતને જોતાં જ તેનો સત્કાર કર્યો. અગ્રાસન આપ્યું. એ પ્રમાણે નગરના બધાંએ અભિનંદિત કર્યો. શ્રેષ્ઠ હાથી ઉપર બેસી પોતાને ઘેર આવ્યો.

ઘેર પણ બાહ્ય અને અભ્યંતર પર્ષદાએ આદર કર્યો. તે પણ ચંદન કળશો વડે શોભિત કર્યુ. ત્યાં બાહ્ય ઉપસ્થાનશાળામાં રહ્યો. અડધાં લોકો પાછા ગયા, ત્યારે વયસ્યો, મિત્રો આદિ બધાં આગંતુકોને મળ્યો. પરિજન અને લોકોએ અર્ઘ્ય્ ને પાદ્ય વડે પૂજ્યો. તેનું ઘર પણ દ્વિપદ, ચતુષ્પદ, સોનું, રૂપુથી ભરાઈ ગયું. ત્યારે વિચારે છે – માતા દેખાતા નથી. ઘરમાં ગયો. માતાનું અભિવાદન કર્યુ, માતા બોલી – હે પુત્ર ! તારું સ્વાગત છે. પછી મધ્યસ્થ રહી.

રક્ષિતે કહ્યું – હે માતા ! તમે ખુશ નથી શું ? મારા આવવાથી નગરને વિસ્મય થયું, હું ચૌદ વિદ્યાનો પારગામી થયો. માતા બોલી – પુત્ર ! મને કઈ રીતે સંતોષ થાય ? તું ઘણાં જીવોનો વધ કરવાનું ભણીને આવેલ છો. જેનાથી સંસાર વધવાનો છે, તેમાં હું શું ખુશ થાઉં ? શું તું દૃષ્ટિવાદ ભણીને આવેલ છો ? [તે હું ખુશ થાઉં ?]

પછી તે વિચારે છે – તે ક્યાં ભણાશે ? તો હું જઈને ભણું. જેથી માતાને સંતોષ થાય. લોકોને ખુશ કરીને શું લાભ ? ત્યારે પૂછે છે – હે મા ! તે દૃષ્ટિવાદ ક્યાં ભણાય ? માતા કહે છે – સાધુની પાસે હોય, ત્યારે તે પદાર્થ ચિંતવવા લાગ્યો. ત્યારે તેને થયું કે – નામ જ સુંદર છે – ''દૃષ્ટિવાદ'' જો કોઈ શીખવે, તો હું ભણું. માતા-પિતા ખુશ થશે.

ત્યારે પૂછે છે – તે દૃષ્ટિવાદને જાણનાર ક્યાં મળે ? માતા બોલી – આપણા ઈક્ષુગૃહમાં તોસલિપુત્ર નામે આચાર્ય છે. રક્ષિત બોલ્યો – કાલે ભણીશ. તું ઉત્સુક ન થા. ત્યારે તે રાત્રિના દૃષ્ટિવાદ નામનો અર્થ ચિંતવતો ઉંઘ્યો નહીં, બીજે દિવસે પ્રભાતમાં જ ચાલ્યો. તેના પિતાનો મિત્ર બ્રાહ્મણ ઉપનગર ગામમાં વસતો હતો. તેણે તે જોયેલ નહીં. હમણાં ક્ષણમાં જોઈશ. તે શેરડીના સાંઠા લઈને આવતો હતો, તેમાં નવ પ્રતિપૂર્ણ હતા, એકનો ખંડ હતો. રક્ષિત નીકળતો હતો ત્યારે તે સામે મળ્યો. તેણે પૂછ્યું – તું કોણ છે ? હું રક્ષિત છું ત્યારે તેણે ખુશ થઈને સ્વાગત કરી બોલાવ્યો. - x -

રક્ષિતે કહ્યું કે હું તમારી પાસે આવ્યો છું. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું. હું શરીર ચિંતાર્થે જઉં છું. આ શેરડીના સાંઠા માતાને આપીને કહેજે. - x - તેણી વિચારે છે - મારા પુત્રને સુંદર મંગલ થયું છે. તે નવ પૂર્વ અને થોડું વધારે ભણશે. રક્ષિત પણ વિચારે છે કે – મારે દૃષ્ટિવાદના નવાંગ અધ્યયનો ગ્રહણ કરવા. દશમું પૂરું નહીં. પછી ઈક્ષુગૃહમાં ગયો. ત્યાં જઈને વિચારે છે – હું કઈ રીતે પ્રવેશ કરું ? હું વિધિથી અજાણ છું. જો અહીં આમનો કોઈ શ્રાવક હશે, તો હું તેની સાથે પ્રવેશ કરીશ. એક બાજુ ઉભો રહ્યો.

ત્યાં ઢઢ્ઢર નામે શ્રાવક હતો, તે શરીરચિંતા કરીને ઉપાશ્રયે જતો હતો, ત્યારે તેવો દૂર રહીને ત્રણ નૈષેધિકી કરી. એ પ્રમાણે તે ઢઢ્ઢરે ઈર્યા આદિ મોટા સ્વરથી કરી. રક્ષિત તો મેધાવી હતો, તેણે ધારી લીધું તે પણ તે જ ક્રમે ઉપાશ્રયે પહોંચ્યો. બધાં સાધુને વંદન કર્યુ, પણ તે શ્રાવકે વંદન ન કર્યું. ત્યારે આચાર્યએ જાણ્યું કે આ નવો શ્રાવક છે. આચાર્યએ તેને પૂછ્યું – ધર્મનો બોધ ક્યાં પામ્યો ? રક્ષિતે કહ્યું – આ શ્રાવક પાસેથી. સાધુઓએ કહ્યું – આ શ્રાવિકાનો પુત્ર છે, કાલે જ હાથી ઉપર બેસીને આવેલ છે. આચાર્યએ ‘‘કેમ ?’’ પૂછતા તેણે બધી વાત કરી.

તેણે કહ્યું કે હું દૃષ્ટિવાદ ભણવા માટે આપની પાસે આવેલ છું. આચાર્ય બોલ્યા – અમારી પાસે દીક્ષા લેનારને જ અમે ભણાવીએ છીએ. રક્ષિતે કહ્યું – હું દીક્ષા લઈશ. તે પણ પરિપાટી ક્રમથી ભણાવાય છે. રક્ષિત કહ્યું – ભલે, તેમ થાઓ. પરિપાટી ક્રમે ભણીશ. પરંતુ મને અહીં દીક્ષા લેવાનું યોગ્ય નથી. બીજે જઈએ. આ રાજા અને બીજા લોકો મારામાં અનુરક્ત છે. પછી મને બળજબરીથી પાછો લઈ જશે. માટે બીજે જઈએ.

ત્યારે તેને લઈને બીજા સ્થાને ગયા. એ પહેલી શિષ્યનિષ્ફેટિકા. પછી તે થોડાં જ કાળમાં અગિયાર અંગ ભણી ગયો. તોસલીપુત્ર આચાર્ય પાસે જેટલો દૃષ્ટિવાદ હતો, તે પણ આણે શીખી લીધો. તે વખતે આર્યવજ યુગપ્રધાન આચાર્ય સંભળાતા હતા. તેમની પાસે ઘણો દૃષ્ટિવાદ હતો. ત્યારે આર્યરક્ષિત ઉજ્જૈની મધ્યે થઈ તેમની પાસે જવા નીકળ્યા. માર્ગમાં ભદ્રગુપ્ત સ્થવિરની પાસે પહોંચ્યા. આચાર્ય ભગવંતે પણ તેની ઉપબૃંહણા કરી - ધન્ય છો, કૃતાર્થ છો. હું સંલિખિત શરીરી છું, મારી પાસે કોઈ નિર્યામક નથી. તું મારો નિર્યામક થા. રક્ષિતે પણ સ્વીકાર્યું.

ભદ્રગુપ્તાચાર્યએ કાળ કરતાં પહેલાં કહ્યું કે – તું વજસ્વામીની સાથે રહેતો નહીં, અલગ ઉપાશ્રયમાં રહીને ભણજે. કેમકે જેઓ તેની સાથે એક રાત્રિ પણ વસશે, તે તેની સાથે મૃત્યુ પામશે. રક્ષિતે તે વાત સ્વીકારી. ભદ્રગુપ્તાચાર્યે કાળ કર્યા પછી તે વજસ્વામી પાસે ગયા. પણ બહાર સ્થિરતા કરી. વજસ્વામીએ પણ સ્વપ્ન જોયું કે [કોઈ આવીને તેમના પાત્રમાંથી ખીર પીધી, તેમાંથી] થોડીક બાકી રહી ગઈ. તેમણે પણ ભદ્રગુપ્તાચાર્ય માફક જ આ વાતને પરિણામિત કરી [કહી.]

આર્ય રક્ષિત આવ્યા. વજસ્વામીએ પૂછ્યું – ક્યાંથી આવો છો ? તોસલિપુત્ર આચાર્ય પાસેથી. કોણ ? આર્યરક્ષિત. બરાબર, સરસ. તારું સ્વાગત છે. ત્યાં ઉતર્યા છો ? રક્ષિતે કહ્યું – બહાર. વજસ્વામીએ પૂછ્યું કે – બહાર રહીને કઈ રીતે ભણવું - ભણાવવું શક્ય બને ? શું તું નથી જાણતો ? ત્યારે આર્યરક્ષિતે કહ્યું – મને ક્ષમાશ્રમણ ભદ્રગુપ્તએ કહેલું કે – બહાર રહેજે. ત્યારે વજસ્વામીએ ઉપયોગ મૂક્યો ને જાણ્યું કે બરાબર છે. આચાર્યો કારણ વગર કંઈ ન બોલે. ભલે, બહાર રહે. ત્યારે ભણવાનું આરંભ થયું.



આર્ય રક્ષિત થોડાં જ કાળમાં નવ પૂર્વો ભણી ગયા. દશમું ભણવું શરૂ કર્યું. ત્યારે વજસ્વામીએ કહ્યું – ‘‘યાવકો’’ કરો. તે આનું પરિકર્મ છે. તે સૂક્ષ્મ અને ગાઢ અંતવાળા હતા. ચોવીશ યવિકા ગ્રહણ કરી. આર્ય રક્ષિત તેટલું ભણ્યા. આ તરફ તેના માતા-પિતા શોકમગ્ન થઈ ગયેલા. ત્યારે આર્યરક્ષિતને થયું કે – ‘‘મને હતું હું ઉદ્યોત કરીશ, પણ અંધકાર કરી દીધો.’’ ત્યારે માતા-પિતાએ પાછો બોલાવ્યો. તો પણ ન ગયા. ત્યારે નાના ભાઈ ફલ્ગુરક્ષિતને મોકલ્યો. ચાલ, તું આવ તો બધાં દીક્ષા લેશે. પણ આર્યરક્ષિતને વિશ્વાસ ન બેઠો. જો તે બધાં દીક્ષા લેવાના હોય તો તું પહેલાં દીક્ષા લે ત્યારે ફલ્ગુરક્ષિતે દીક્ષા લીધી. તેને ભણાવ્યો.

આર્યરક્ષિત ‘યવિકો’ના અધ્યયનમાં ઘણાં કંટાળીને પૂછે છે ભગવન્ ! દશમાં પૂર્વમાં કેટલું બાકી રહ્યું ? ત્યારે વજસ્વામીએ બિંદુ અને સમુદ્ર તથા સરસવ અને મેરુનું દૃષ્ટાંત આપ્યું. બિંદુમાત્ર ભણ્યો, સમુદ્ર જેટલું બાકી છે, ત્યારે આર્ય રક્ષિત વિષાદ પામ્યા, મારી આટલું પાર જવાની ક્યાં શક્તિ છે ? ત્યારે પૂછે છે – ભદંત ! હું જઉં ? આ મારો ભાઈ આવેલ છે, તે ભણશે, તેને ભણાવો. આ પ્રમાણે તે નિત્ય પૂછે છે. ત્યારે આર્ય વજએ ઉપયોગ મૂક્યો – શું આ શ્રુત મારી સાથે જ વિચ્છેદ પામશે ? ત્યારે તેમણે જાણ્યું કે – મારું આયુ થોડું છે, આ ફરી પાછો આવશે નહીં. તેથી મારી સાથે જ આ દશમું પૂર્વ વિચ્છેદ પામશે. તેથી આર્ય રક્ષિતને વિદાય આપી.

આર્ય રક્ષિત દશપુર પ્રતિ પ્રસ્થાન કર્યું. વજસ્વામી પણ દક્ષિણાપથે વિચરવા લાગ્યા. તેમને કફનો વ્યાધિ થયો. તેથી સાધુઓને કહ્યું કે – મારા માટે સુંઠ લાવજો. તેઓ લાવ્યા. સુંઠને વજસ્વામીએ કાનમાં ભરાવી. ભોજન લઈને તેને ચુસીશ તેમ વિચાર્યું. પછી ભૂલી ગયા. વિકાલે આવશ્યક કરતા મુખવસ્ત્રીકા વડે ચલિત થઈને પડી. તેમનો ઉપયોગ ગયો. અહો ! મને પ્રમાદ થઈ ગયો. પ્રમાદીને સંયમ ન હોય. તો મારે માટે શ્રેયસ્કર છે કે હવે હું ભક્ત પ્રત્યાખ્યાન કરું એમ વિચારે છે.

તેટલામાં બાર વર્ષીય દુષ્કાળ થયો. બધું ચોતરફથી છિન્ન થયું, માર્ગો ભાગી ગયા, નિરાધાર થયા. ત્યારે વજસ્વામી વિદ્યા વડે લાવેલ આહા પ્રવ્રજિતોને આપે છે અને કહે છે – આ પ્રમાણે બાર વર્ષ આહાર ભોગવો, ભિક્ષા પણ મળતી નથી. જો તમને લાગે કે સંયમ ગુણો વધે છે, તો ભોગવજો જો લાગે કે તેમ થતું નથી, તો ભક્તપ્રત્યાખ્યાન કરજો. ત્યારે બધાં કહે છે – આવા વિદ્યા પિંડને ભોગવીને શું લાભ ? અમે ભક્ત પ્રત્યાખ્યાન કરીશું.

આચાર્યએ પૂર્વે જ તે જાણીને વજસેન નામે શિષ્યને લેવા મોકલ્યો. કહ્યું કે જો તું લાખ મુદ્રાથી નિષ્પન્ન ભિક્ષા મેળવે તો જાણજે કે હવે દુષ્કાળનો નાશ થયો

છે. ત્યારપછી વજસ્વામી શ્રમણગણથી પરીવરીને એક પર્વતે ચડવાનું આરંભ્યુ. અહીં ભક્ત પ્રત્યાખ્યાન કરીશું.

ત્યારે એક બાળ સાધુને કહ્યું – તું પાછો જા. તે જવા ઈચ્છતો નથી. ત્યારે તે એક ગામમાં તેને વિમોહિત કરી ભુલવાડ્યો. પછી પર્વતે આગળ વધ્યા. બાળ સાધુ તેમના ગતિમાર્ગથી જઈને, તે વડીલોને અસમાધિ ન થાય, તે માટે તેની જ નીચેના ભાગે શિલાતલે પાદપોપગત અનશને રહ્યો. ત્યારે તાપ વડે જેમ માખણ ઓગળી જાય તેમ થોડાં જ કાળમાં કાલગત થયો. દેવોએ તેના કાળધર્મનો મહોત્સવ કર્યો.

ત્યારે આચાર્ય બોલ્યા - બાળ સાધુએ પોતાનો અર્થ સાધી લીધો છે. પછી તે સાધુઓ બમણાં શ્રદ્ધા-સંવેગ પૂર્વક બોલ્યા – જો બાલકે તેનો અર્થ સાધ્યો, તો આપણે શું તેના કરતાં સુંદરતર ન કરીએ ? તેટલામાં પ્રત્યનીકા દેવી, તે સાધુને શ્રાવિકારૂપે ભક્ત-પાન વડે નિમંત્રે છે. હવે તમારે પારણું છે, પારણું કરો. ત્યારે આચાર્યએ જાણ્યું કે – આ અપ્રીતિક અવગ્રહ છે. ત્યારપછી બીજા ગિરિ ઉપર ગયા. ત્યાં દેવીનો કાયોત્સર્ગ કર્યો. તે દેવી આવીને બોલી – અહો ! મારો ઉપર અનુગ્રહ થશે, અહીં રહો. ત્યારે સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા. પછી ઈન્દ્ર વડે રથથી વંદન કરાયું. રથ વડે પ્રદક્ષિણા કરી. ઈત્યાદિ - x - x - તેથી તે પર્વત રથાવર્ત્ત પર્વત કહેવાય છે.

તે ભદંતના કાળધર્મ પછી અર્ધનારાચ સંઘયણ અને દશમું પૂર્વ વિચ્છેદ પામ્યા. [દશ પૂર્વો વ્યુચ્છિન્ન થયા.]

તે વજસેન જેને મોકલેલ, તે ભ્રમણ કરતાં સોપારક નગરે ગયો. ત્યાં શ્રાવિકા જીવાજીવની જ્ઞાતા અને ઈશ્વરી હતી. તેણી વિચારે છે – કઈ રીતે જીવીશું ? કોઈ આધાર પણ નથી. ત્યારે લાખ મુદ્રા વડે તે દિવસે ભોજન બનાવ્યું અને વિચાર્યુ કે – અહીં અમે સર્વકાળ ઉર્જિત જીવ્યા. હાલ અહીં જ દેહબલિકા વડે વૃત્તિ કલ્પવી [મરી જવું] કોઈ આધાર વહે છે નહીં. લાખ મુદ્રાથી નિષ્પન્ન આહારમાં ઝેર ભેળવી, જમીને, નમસ્કાર ધ્યાનપૂર્વક કાળ કરીશું. તે માટે સજ્જ થયા. પણ હજી વિષ ભેળવેલ ન હતું. તે વજસેન સાધુ ચાલતા-ચાલતા ત્યાં પહોંચ્યા.

ત્યારે તે શ્રાવક-શ્રાવિકા હર્ષિત અને સંતુષ્ટ થઈને તે સાધુને તે પરમ અન્ન વડે પ્રતિલાભિત કર્યા. પરમાર્થને સાધે છે. તે સાધુ બોલ્યા – તમે ભક્ત પ્રત્યાખ્યાન કરશો નહીં. મન વજસ્વામીએ કહેલું કે – જ્યારે તું લાખ મુદ્રાથી નિષ્પન્ન ભિક્ષાને પામીશ, ત્યારપછી પ્રભાતે જ સુકાળ થશે. ત્યારે ત્યાંથી નીકળજે. તે વખતે શ્રાવિકાએ અટકાવવાથી રહી ગયા. એ જ દિવસે વહાણ વડે ચોખા આવ્યા. ત્યારે આજીવિકાનો આધાર થયો. તે સાધુ ત્યાં જ રહ્યા. સુભિક્ષ [સુકાળ] થયો. તે બધાં શ્રાવકોએ તેમની પાસે દીક્ષા લીધી. પછી વજસ્વામીની પાટ પરંપરામાં વંશ સ્થિર થયો.

આ તરફ આર્ય રક્ષિતે દશપુર જઈને બધાં સ્વજન વર્ગને દીક્ષા આપી. માતા,





બહેને પણ દીક્ષા લીધી તેના જે પિતા, તે પણ અનુરાગથી તેમની સાથે રહેવા લાગ્યા. પણ પિતાજી લજ્જાને કારણે વેશ સ્વીકારતા નથી. હું શ્રમણ પ્રવ્રજ્યા કઈ રીતે લઈશ ? અહીં મારી દીકરી, પત્ની આદિ બધાં સ્વજન છે, તેમની આગળ નગ્ન કઈ રીતે રહી શકું ?

આચાર્યએ તેમને ઘણી વાર કહ્યું – દીક્ષા લઈ લો. તે કહેતા – જો સરખા વસ્ત્ર, કુંડિકા, છત્ર, ઉપાનહ, જનોઈ રહેવા દે તો દીક્ષા લઉં. આર્ય રક્ષિત સૂરિએ તે કબૂલ કર્યુ. તેના પિતાએ દીક્ષા લીધી. તે ફરી ચરણ-કરણ-સ્વાધ્યાયમાં અનુવર્તે તેમ કરીશ. પછી તે કટીપટ્ટક [ધોતી], છત્ર, ઉપાનહ, કુંડિકાને મૂક્તા ન હતા. બાકી બધાંનો ત્યાગ કર્યો.

અન્ય કોઈ દિવસે ચૈત્યને વાંદવા ગયા. આચાર્યએ પૂર્વે બાળકોને બોલાવીને કહેલું કે – આ છત્રીધારીને છોડીને બધાંને વંદન કરજો. ત્યારે તે પિતા મુનિ વિચારે છે કે – આ મારા પુત્ર-પૌત્રોને વંદન કરે છે, મને કેમ નથી કરતાં ? ત્યારે તે બોલ્યા કે – કેમ હું પ્રવ્રજિત નથી ? બાળકો બોલ્યા – પ્રવ્રજિતને છત્ર ક્યાંથી હોય ? માટે નથી વાંદતા. ત્યારે પિતા મુનિએ વિચાર્યુ કે આ બધાં પણ મને તિરસ્કારે છે, માટે છત્રીનો ત્યાગ કરું.

ત્યારે પુત્ર [આર્ય રક્ષિત]ને કહ્યું – હે પુત્ર ! આ છત્રીનું શું કામ છે ? ત્યારે તે કહે છે – કંઈ નથી. જો તાપ પડશે તો ઉપર વસ્ત્ર રાખીશું. પછી ફરી બાળકોને શીખવ્યું કે – આ કુંડિકાવાળાને છોડીને બધાંને વંદન કરજો. એ પ્રમાણે થતાં પૂર્વવત્ આર્ય રક્ષિતે કહ્યું – માત્રક વડે સંજ્ઞા ભૂમિ જવું. એ પ્રમાણે યજ્ઞોપવિત પણ છોડાવી દીધી. પછી આચાર્યએ કહ્યું – આપણને કોઈ અહીં જાણતું નથી કે આપણે બ્રાહ્મણ છીએ, એ પ્રમાણે તેને તે બધું જ છોડાવી દીધું. પછી બાળકોને શીખવ્યું કે પે'લા કટીપટ્ટક [ધોતી] વાળાને છોડીને બધાંને વંદન કરજો. ત્યારે પિતા મુનિએ કટીપટ્ટ ન છોડ્યો અને કહી દીધું કે – કંઈ નહીં, તમે ન વાંદતા, મને બીજા વંદન કરશે.

તેટલામાં કોઈ સાધુએ ભોજનના પ્રત્યાખ્યાન કર્યા, મૃત્યુ પામ્યા. ત્યારે કટીપટ્ટક છોડાવવાને આચાર્યએ કહ્યું – જે આ મૃતકનું વહન કરશે તેને મહાફળ પ્રાપ્ત થશે. પહેલાંથી જ સાધુને એવી સંજ્ઞા કરી રાખેલી કે – તમે બોલજો - અમે આને વહન કરીશું. તેથી આચાર્યને સ્વજન વર્ગ કહેવા લાગ્યો કે – અમે આ મૃતકને વહન કરશું – અમે વહન કરશું. તેઓ કલહ કરવા લાગ્યા. આચાર્ય પાસે આવ્યા. આચાર્યએ કહ્યું – અમારો સ્વજન વર્ગ કેમ નિર્જરા ન પામે. તમે જ કહો કે – અમે વહન કરીશું.

ત્યારે તે સ્થવિર કહે [પિતા મુનિ] છે – હે પુત્ર ! શું આમાં ઘણી નિર્જરા થાય ? આચાર્ય બોલ્યા - થાય. ત્યારે તે બોલ્યા - તો હું મૃતક લઈ જઈશ. આચાર્યએ કહ્યું – અહીં ઉપસર્ગ ઉત્પન્ન થશે. બાળકો નગ્ન પણ કરી દેશે. તે સહન કરવાનું સામર્થ્ય હોય તો જ મૃતકનું વહન કરજો. પણ જો સહન કરી ન શકો તો

અમારે માટે તે સારું કહેવાશે નહીં. સ્થવિર બોલ્યા – હું સહન કરી લઈશ. જેવા તે ઉભા થઈને ચાલ્યા કે તેની પાછળ પ્રવ્રજિત સાધુ ઉભા થયા. ત્યારે બાળસાધુ કહે છે – આ કટીપટ્ટ છોડી દો. તે છોડીને આગળ ચાલ્યા. દવરક [ચોલપટ્ટ] બાંધી દીધો. ત્યારે લજ્જાથી તેને વહન કરવા લાગ્યા. કેમકે પાછળ મારી પુત્રી વગેરે જુએ છે. એ પ્રમાણે તેણે ઉપસર્ગને સહન કર્યો. એ પ્રમાણે મૃતકને વહન કર્યું. પછી સ્થવિર મુનિ તે રીતે જ પાછા આવ્યા. ત્યારે આચાર્યએ પૂછ્યું – હે વૃદ્ધ ! આ શું છે ? સ્થવિર મુનિ કહે છે – ઉપસર્ગ થયેલો. આચાર્યએ કહ્યું – હવે ધોતી લાવો. ત્યારે સ્થવિર બોલ્યા – ધોતીનું શું કામ છે ? જે દેખાવાનું હતું તે તો દેખાઈ ગયું હવે ભલે આ ચોલપટ્ટો જ રહ્યો. એ રીતે ચોલપટ્ટો સ્વીકાર્યો.

પછી તેઓ ભિક્ષાર્થે જતાં ન હતા. આચાર્ય વિચાર કરે છે કે – જો આ ભિક્ષાર્થે જશે નહીં, તો કોણ જાણે - ક્યારે શું થશે ? પછી તે એકલા શું કરશે ? આને નિર્જરા પ્રાપ્ત થાય તેમ કરવું. તે માટે એવું કંઈક કરું કે તે ભિક્ષા માટે નીકળે. એ પ્રમાણે જો પોતાની વૈયાવચ્ચ કરશે તો પછી બીજાની પણ વૈયાવચ્ચ કરશે. ત્યારપછી આચાર્યએ બધાં સાધુ - અલ્પ સાગારિકોને કહ્યું – હું જઉં છું. તમે એકલાં જ સમુદ્દેશ કરજો. પિતામુનિ આગમ વાત કરી, તે સાધુ બધાંએ સ્વીકારી. - x - x -

આચાર્ય ગયા. તે સાધુઓ ભિક્ષાર્થે નીકળ્યા. બધાં એકલાં જ સમુદ્દેશ કરે છે. ત્યારે પિતામુનિ વિચારે છે કે મને - આ લોકો આપશે. પણ એક પણ સાધુએ તેમને આહારમાં કંઈ ન આપ્યું. એમ કરતાં કરતાં કોઈએ કંઈ ન આપતા તે પિતા મુનિ ક્રોધિત થયા. કોઈ કંઈજ બોલતું નથી. ત્યારે તે સ્થવિર વિચારે છે, કાલે મારો પુત્ર આવશે, ત્યારે જો જો, હું આ બધાંની ખબર લઈશ ! બીજો દિવસે આચાર્યએ આવીને પૂછ્યું – હે પિતા ! તમારો કાલનો દિવસ કેવો રહ્યો ? ત્યારે પિતા મુનિ બોલ્યા – હે પુત્ર ! જો તું નહીં હો તો હું એક પણ દિવસ જીવી શકીશ નહીં. આ બીજા જે મારા પુત્રો-પૌત્રો છે, તે પણ કંઈ આપતા નથી.

ત્યારે આચાર્ય એ તેની સામે જ બધાંને તતડાવ્યા. તેઓએ પણ કબૂલ કર્યું. ત્યારે આચાર્ય બોલ્યા – પાત્રા લાવો, હું જાતે જ પિતાનું પારણું કરાવવા કંઈક લઈ આવું. ત્યારે વૃદ્ધિ વિચાર્યુ કે – મારો પુત્ર કેમ જાય ? લોકો પાસે કદાપી પૂર્વે આ રીતે ગયેલ નથી. તેથી વૃદ્ધ બોલ્યા – હું જ જઈશ. પછી તે વૃદ્ધ જાતે જ નીકળ્યા. તે લબ્ધિસંપન્ન હતા. લાંબો કાળ ગૃહસ્થપણે જ રહેલા. તે ભ્રમણ કરવાનું જાણતા ન હતા. ક્યાં દ્વાર કે અપદ્વાર છે તે પણ ખબર ન હતી. પછી તે એક ઘેર અપદ્વારથી ગયા. - x - x - ગૃહસ્વામી પૂછે છે – અપદ્વારથી હે પ્રવ્રજિત કેમ આવ્યા ? વૃદ્ધે કહ્યું – લક્ષ્મી આવતી હોય ત્યારે દ્વાર કે અપદ્વાર શું ? જ્યાંથી આવે ત્યાંથી સારું જ છે ને. ગૃહસ્વામીએ કહ્યું – આને ભિક્ષા આપો. ત્યારે ૩૨-લાડવા મળ્યા.

વૃદ્ધ મુનિ તે લઈને આવી ગયા. એના વડે આલોચના કરાઈ. પછી આચાર્ય



કહે છે – આપને બત્રીશ શિષ્યો થશે. પરંપરાથી આવલિકા સ્થાપક થશે. પછી આચાર્યએ પૂછ્યું – જો તમે કોઈ રાજકુળથી કંઈ વિશેષ મેળવો તો કોને આપશો ? તે બોલ્યા – બ્રાહ્મણોને અમારા સાધુ પણ એટલાં જ પૂજ્ય છે આમને તેનો લાભ પહેલાં આપો. બધાં સાધુને આપ્યું. ત્યારે ફરી પોતાને માટે ભિક્ષા લેવા ગયા. પછી તેમને પરમાન્ન ઘી-ખાંડ સહિત પ્રાપ્ત થઈ. પછી સ્વયં સમુદ્દેશ કર્યો. એ પ્રમાણે તે પોતાના માટે ભ્રમણ કરતા ઘણાં જ લબ્ધિસંપન્ન થઈ બાળ અને દુર્બળના આધારરૂપ થયા.

તે ગચ્છમાં ત્રણ પુષ્પમિત્રો હતા. એક દુર્બલિકાપુષ્પમિત્ર, એક ઘૃતપુષ્પમિત્ર અને એક વસ્ત્રપુષ્પમિત્ર. જે દુર્બલિક હતા તે સ્મારક યાદ રાખનાર હતા. ઘૃતપુષ્પમિત્ર ઘીને ઉત્પાદિત કરતા હતા. તેને લબ્ધિ હતી. દ્રવ્યથી ઘીને ઉત્પાદિત કરે, ક્ષેત્રથી ઉજ્જૈનીમાં, કાળથી - જેઠ અને અષાઢ માસમાં, ભાવથી - એક બ્રાહ્મણી-પ્રસૂતા-તેના પતિએ થોડું-થોડું એકઠું કરીને છ માસ વડે ઘીનો ઘડો ઉપાર્જન કરેલો. જેથી તે પ્રસૂતા માટે કંઈક ઉપયોગી થાય. તેની યાચના કરવી. બીજાની નહીં. છતાં પણ તે હર્ષિત અને સંતુષ્ટ થઈને આપી દે. પરિમાણથી - જેટલું ગચ્છને જોઈતું હોય તેટલું.

તે સાધુ વહોરવા નીકળે ત્યારે પૂછે, કોને કેટલા ઘીનું પ્રયોજન છે ? જેટલું બોલે, તેટલું લાવી દે.

જે વસ્ત્રપુષ્પમિત્ર હતા, તેને આવી જ લબ્ધિ હતી. તે વસ્ત્રોને ઉપાર્જિત કરી શકતા હતા. દ્રવ્યથી વસ્ત્ર, ક્ષેત્રથી વૈદેહ કે મથુરામાં, કાળથી વર્ષામાં કે શીતકાળમાં. ભાવથી - જેમ કોઈ એક વિધવા હોય. તે અતિ દુઃખથી ભુખે મરતી, કાંતણ કરતી, એક વસ્ત્રને વણીને કાલે પહેરીશ એમ વિચારે. એટલામાં જો તે વસ્ત્રપુષ્પમિત્ર તેની યાચના કરે તો હર્ષિત અને સંતુષ્ટ થઈને આપી દે. પરિણામથી - ગચ્છના બધાં સાધુને જોઈએ તેટલું.

જે દુર્બલિકાપુષ્પમિત્ર હતા, તેણે નવે પણ પૂર્વો ભણેલા. તે તેને રાત-દિવસ યાદ કરતા. એ પ્રમાણે સ્મરણ કરતાં-કરતાં તે દુબળા થઈ ગયા. જો તેઓ સ્મરણ ન કરે તો તેનું બધું વિસ્મૃત થઈ જતું. તેને વળી દશપુરમાં જ સ્વજનો હતા. તેઓ વળી, રક્તપટ ઉપાસકા હતા. આચાર્યની પાસે આવતા-આશ્રય કરતા. તેઓ કહેતા-અમારા ભિક્ષુ ધ્યાનરત છે. તમારે ધ્યાન નથી. આચાર્યએ કહ્યું – અમારે ધ્યાન છે. આ તમારો જે સ્વજન દુર્બલિકા પુષ્પમિત્ર છે, તે ધ્યાનને લીધે જ દુર્બળ છે. તેઓ બોલ્યા કે – આ ગૃહસ્થપણામાં સ્નિગ્ધ આહાર વડે બલિક હતો, અહીં તે મળતું નથી, માટે દુર્બળ છે. આચાર્યએ કહ્યું – આ ઘી વિના કદાચિત્ ભોજન કરતો નથી. તેઓ પૂછે છે કે – તમારી પાસે ઘી ક્યાં છે ? આચાર્યએ કહ્યું ઘૃતપુષ્પમિત્ર લાવે છે પરંતુ તે સ્વજનોને વિશ્વાસ બેઠો નહીં.

ત્યારે આચાર્ય ભગવંતે પૂછ્યું કે – એ શું તમારી પાસેથી લાવે ? તેઓ બોલ્યા – ઘીનો ગાડવો લઈ આવો. તેમને બોધ પમાડવા તેમના ઘેર મોકલ્યા. હવે

ઘી લાવો. તે પ્રમાણે દેવાને પ્રવૃત્ત થયા. તે પણ સ્મરે છે. તો પણ ઘણું જ ઘી આપે છે. પછી નિર્વિણ્ણ થાય છે. ત્યારે કહે છે – હવે સ્મરણ કરશો નહીં. સાધુ અંત-પ્રાંત આહાર કરવા લાગ્યા. ત્યારે તે ફરી પણ પુરાણ શરીરવાળા થઈ ગયા. પછી તેમના સ્વજનોને ખાતરી કરાવી, ધર્મ કહ્યો. તેઓ શ્રાવકો થયા.

તે ગચ્છમાં આ ચાર વ્યક્તિ મુખ્ય હતા – દુર્બલિકાપુષ્પમિત્ર, વિંધમુનિ, ફલ્ગુરક્ષિત અને ગોષ્ઠા માહિલ. તેમાં જે વિંધમુનિ હતા તે ઘણાં મેધાવી હતા. સૂત્રાર્થ અને તદુભય ધારણામાં સમર્થ હતા. તે વારંવાર સૂત્રમંડલીમાં વિષાદ પામતા યાવત્ પરિપાટીએ આલાવા આવતા તેટલામાં ખેદિત થઈ જતાં. તેમણે આચાર્યને કહ્યું – હું સૂત્ર મંડલીમાં વિષાદ પામું છું કેમકે ઘણાં કાળે આલાવાની પરિપાટી આવે છે. તો મને વાચનાચાર્ય આપો. ત્યારે આચાર્યએ દુર્બલિકાપુષ્પમિત્રને તેના વાચનાચાર્યરૂપે આપ્યા.

ત્યારપછી તે કેટલાંક દિવસો વાચના આપીને આચાર્ય પાસે આવ્યા અને કહ્યું – મને વાંચના દેતા [બીજું જ્ઞાન] નાશ પામે છે - x - x - જો હું સ્મરણ નહીં કરું તો નવમું પૂર્વ નાશ પામશે. ત્યારે આચાર્ય વિચારે છે - જો આવા પરમ મેધાવીને આ પ્રમાણે સ્મરણ કરતાં નાશ પામે, તો બાકીનાને તો ચિરનષ્ટ જ છે. તેમણે અતિશયનો ઉપયોગ મૂક્યો – મતિ, મેધા, ધારણા વડે શેષ પુરુષોને પરિહીન થતાં અને કાલાનુભાવને પણ ઘટતો જાણ્યો. તેથી આર્યરક્ષિત સૂરિએ અનુગ્રહને માટે અનુયોગને શ્રુતવિભાગથી પૃથક્ કર્યા. જેથી સુખેથી ગ્રહણ થઈ શકે. નયોના પણ વિભાગ કર્યા. - x - x - x - ઈત્યાદિથી કાલિક શ્રુતમાં નય વિભાગ ન રહ્યો.

**● ભાષ્ય-૧૨૪ :-**

***કાલિક શ્રુત, ઋષિભાષિત [એ બે અનુયોગ], ત્રીજો અનુયોગ સૂર્ય પ્રજ્ઞપ્તિ, દૃષ્ટિવાદ એ ચોથો અનુયોગ જાણવો.***

**● વિવેચન-૧૨૪ :-**

કાલિક શ્રુત તે ૧૧-અંગરૂપ છે, ઋષિભાષિત - તે ઉત્તરાધ્યયનાદિ, ત્રીજો કાલાનુયોગ [ગણિતાનુયોગ] તે સૂર્યપ્રજ્ઞપ્તિ, ઉપલક્ષણથી ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ. કાલિકશ્રુત તે ચરણકરણાનુયોગ છે. ઋષિભાષિત તે ધર્મકથાનુયોગ છે એમ જાણવું. આખો દૃષ્ટિવાદ તે ચોથો અનુયોગ છે અર્થાત્ તેને દ્રવ્યાનુયોગ જાણવો. તેમાં ઋષિ ભાષિતને ધર્મકથાનુયોગ એમ કહ્યો. તેથી મહાકલ્પશ્રુતાદિ પણ ઋષિભાષિતત્વથી દૃષ્ટિવાદથી ઉદ્ધરેલ છતાં તેના પ્રતિપાદિતત્વથી ધર્મકથાનુયોગત્વનો પ્રસંગ આવે. તેથી તેનો અપોદ્ધાર કરવાને માટે કહે છે –

**● નિર્યુક્તિ-૭૭૭ :-**

***જે મહાકલ્પશ્રુત અને જે પણ બાકીના છેદસૂત્રો છે, તે ચરણકરણાનુયોગ છે એમ કરીને કાલિક અર્થમાં સમાવાયા છે.***

**● વિવેચન-૭૭૭ :-**

[ગાથાર્થ કહ્યો.] અહીં જે રીતે આર્યરક્ષિતને દેવેન્દ્રએ વાંધા, તે પ્રમાણે કહે



છે. તેઓ વિચરતા મથુરા ગયા. ત્યાં ભૂત ગુફામાં વ્યંતરગૃહે રહ્યા. આ તરફ દેવેન્દ્ર દેવરાજ શક્ર મહાવિદેહમાં સીમંધર સ્વામીને પૂછે છે – નિગોદ જીવનું સ્વરૂપ શું ? જ્યારે ભગવંતે નિગોદના જીવોનું સ્વરૂપ કહ્યું, ત્યારે ઈન્દ્રે પૂછ્યું કે – શું ભરતક્ષેત્રમાં એવું કોઈ છે, જે નિગોદનું આવું સ્વરૂપ જણાવી શકે ? ભગવંતે કહ્યું – હા, આર્યરક્ષિત છે.

ત્યારે બ્રાહ્મણનું રૂપ લઈને ઈન્દ્ર આવ્યો. ત્યાં સ્થવિર [વૃદ્ધ] રૂપ કરીને સાધુ નીકળતા હતા ત્યારે આવ્યો. વંદન કરીને પૂછ્યું – ભગવન્ ! મારા શરીરમાં આ મહા વ્યાધિ થયો છે. મારે ભક્ત પચ્ચક્ખાણ કરવું છે. તો મને જણાવો કે મારું આયુષ્ય કેટલું છે ? આયુશ્રેણિ યવિકોમાં કહો. ત્યારે ઉપયોગવંત આચાર્ય જેટલામાં જુએ છે કે – આનું આયુ તો ૧૦૦ વર્ષથી અધિક છે, બે કે ત્રણ. ત્યારે વિચારે છે – ભરતક્ષેત્રમાં આવો મનુષ્ય ન હોય. આ કોઈ વિદ્યાધર કે વ્યંતર હોવો જોઈએ. યાવત્ આનું આયુ તો બે સાગરોપમનું છે. ત્યારે બે હાથ પડે ભ્રમર ખેંચીને કહ્યું - તમે શક્ર છો.

તે વખતે શક્રે બધી વાત કરી. જેમકે – મેં મહાવિદેહમાં સીમંધર સ્વામીને પૂછ્યું અને એ રીતે અહીં આવ્યો. તો હું નિગોદના જીવોનું સ્વરૂપ સાંભળવા ઈચ્છું છું. ત્યારે આર્યરક્ષિતે તેને કહ્યું. ત્યારે સંતુષ્ટ થઈ શક્ર પૂછે છે – હું જઉં ? આચાર્યએ કહ્યું – મુહૂર્ત્ત માત્ર રહો. તેટલામાં સાધુઓ આવે છે. હાલ દુષ્કથા પ્રવર્તે છે, જે ચલિત થયા છે, તેઓ સ્થિર થઈ જશે કે હજી પણ દેવેન્દ્રો આવે છે. ત્યારે શક્રએ કહ્યું કે – જો તે મને જોશે તો તેઓ અલ્પ સત્ત્વી હોવાથી નિયાણું કરશે, માટે હું જઉં. તેથી ચિહ્ન કરીને જઉં. પછી શક્રએ ઉપાશ્રયનું દ્વાર બીજી તરફ કરી દીધું.

ત્યારપછી સંયતો આવ્યા. જુએ છે કે – આ દ્વાર આમ કેમ થઈ ગયું ? આચાર્યએ ઉત્તર આપ્યો કે - x - શક્ર આવેલ હતો. તેઓ કહેવા લાગ્યા - અહો ! અમે ન જોયો. કેમ મુહૂર્ત્ત ધીરજ ન રાખી ? ત્યારે કહે છે કે – અલ્પ સત્ત્વવાળા મનુષ્યો નિદાન કરશે, તેમ જાણીને આ પ્રાતીહાર્ય કરીને ગયો. એ પ્રમાણે આર્ય રક્ષિત દેવેન્દ્ર વડે વંદિત કહેવાયા.

તેઓ ક્યારેક વિહાર કરતાં દશપુર ગયા. મથુરામાં અક્રિયાવાદી ઉત્પન્ન થયેલ. માતા નથી, પિતા નથી, એ પ્રમાણે નાસ્તિક વાદ કરે છે. - x - ત્યારે સંઘે એક સંઘાટક [સાધુ યુગલને] આર્યરક્ષિત સૂરિ પાસે મોકલ્યા. તેઓ યુગપ્રધાન આચાર્ય છે. તે બંનેએ આવીને રક્ષિત સૂરિને કહ્યું. તેઓ વૃદ્ધ થઈ ગયેલા. ત્યારે તેના મામા ગોષ્ઠા માહિલને મોકલ્યા. તેમને વાદલબ્ધિ હતી. તેણે જઈને તે વાદીનો નિગ્રહ કર્યો. પછી શ્રાવકોએ ગોષ્ઠા માહિલને પકડી રાખ્યા, ત્યાં જ તેઓ ચોમાસુ રહ્યા.

આ તરફ આર્યરક્ષિત સૂરિ વિચારે છે કે – હવે ગણને ધારણકર્તા કોણ થશે ? ત્યારે તેમણે દુર્બલિકાપુષ્પમિત્રને નિર્ધારિત કર્યા. વળી જે તેમનો સ્વજનવર્ગ

હતો, તે ગોષ્ઠામાહિલ કે ફલ્ગુરક્ષિત માટે અભિમત હતો. ત્યારે આચાર્યએ બધાંને બોલાવીને દૃષ્ટાંત કહ્યું –

જેમકે ત્રણ ઘડા હોય - નિષ્પાવકૂટ, તેલકૂટ અને ઘીકૂટ. તે ત્રણેને જો ઉંધા મુખે કરવામાં આવે તો નિષ્પાવ-અડદ બધાં જ બહાર નીકળી જશે. તેલ પણ નીકળી જશે તો પણ તેના અંશો રહી જશે. ઘી ઘડામાં ઘણું બધું ચોંટી રહેશે. એ પ્રમાણે હે આર્યો ! હું દુર્બલિકાપુષ્પમિત્ર પ્રતિ સૂત્ર, અર્થ, તદુભયમાં નિષ્પાવકુટ સમાન થયો છું. ફલ્ગુરક્ષિતમાં તૈલકૂટ સમાન થયો અને ગોષ્ઠામાહિલમાં ઘીના ઘડા સમાન થયો છું. એ રીતે સૂત્ર અને અર્થથી દુર્બલિકાપુષ્પમિત્ર ઉપગત છે માટે તે તમારા આચાર્ય થાઓ તે બધાંએ પણ તેમ સ્વીકારી લીધું.

બીજા પણ કહે છે – જેમકે હું ફલ્ગુરક્ષિત અને ગોષ્ઠા માહિલને માટે વર્ત્યો છું. તે પ્રમાણે તમારા વડે પણ વર્તન થવું જોઈએ. તેઓ પણ બોલ્યા – જેમ આપ અમારામાં વર્ત્યા, તેમ આમાં પણ વર્તજો. વળી – હું કૃત કે અકૃતમાં જેમ રોષ કે ક્ષમ કરતો નથી, તે એ પ્રમાણે વર્તવું સારું એ પ્રમાણે બંને વર્ગોને આજ્ઞા કરી, ભક્તપ્રત્યાખ્યાન કરી દેવલોકે ગયા.

ગોષ્ઠા માહિલે પણ સાંભળ્યું કે આચાર્ય કાળગત થયા. ત્યારે આવીને તે પૂછે છે – ગણને ધારણકર્તા રૂપે કોને સ્થાપ્યા છે ? ઘડાનું દૃષ્ટાંત પણ સાંભળ્યું. તેથી તે પૃથક્ ઉપાશ્રયે રહેવા આવી ગયો. તેમની પાસે ત્યારે નમીને બધાંએ ઉભા થઈને કહ્યું કે – અહીં જ રહો. પણ ગોષ્ઠામાહિલ ન માન્યા. ત્યારે બહાર રહીને બીજાને વ્યુદ્‌ગ્રાહિત કરવા લાગ્યો. પણ તેમને વ્યુદ્‌ગ્રાહિત કરી શક્યો નહીં.

આ તરફ આચાર્ય અર્થ પોરિસિ કરે છે, તે સાંભળતો નથી અને કહે છે – તમે અહીં અડદના ઘડા સમાન છો. ત્યારે ત્યાં ઉઠીને વિંધમુનિ અનુભાષણ કરતાં તે સાંભળે છે. આઠમાં કર્મપ્રવાદ પૂર્વમાં કર્મોનું વર્ણન આવે છે. જે રીતે કર્મ બંધાય છે. જીવ અને કર્મનો બંધ કઈ રીતે થાય ? એ વિચારમાં તે અભિનિવેશથી અન્યથા માનતો અને પ્રરૂપતો નિહ્નવ થઈ ગયો.

આ પ્રસ્તાવ વડે આ નિહ્નવો કોણ ? તે આશંકા નિવારવા માટે તેને પ્રતિપાદન કરવાની ઈચ્છાથી કહે છે –

**● નિર્યુક્તિ-૭૭૮ :-**

***બહુરત, પ્રદેશ, અવ્યક્ત, સમુચ્છેદ, દ્વિક, ત્રિક, અબદ્ધિક એ પ્રમાણે સાત નિહ્નવો નિશ્ચે વર્ધમાનસ્વામીના તીર્થમાં થયા.***

**● વિવેચન-૭૭૮ :-**

(૧) બહુરત - એક સમય વડે ક્રિયાધ્યાસિત રૂપથી વસ્તુની ઉત્પત્તિ ન થાય, પણ ઘમાં સમયે ઉત્પત્તિ થાય. ઘણાં સમયમાં આસક્ત તે બહુરત અર્થાત્ દીર્ઘકાળે દ્રવ્ય પ્રસૂતિને પ્રરૂપનારા. (૨) પ્રદેશ-જીવપ્રદેશો. - x - જેના જીવપ્રદેશો છે તે જીવપ્રદેશનિહ્નવ - ચરમ પ્રદેશે જીવ છે તેમ પ્રરૂપણા કરનાર, (૩) અવ્યક્ત - x - અવ્યક્તા - x - વ્યક્ત એટલે સ્ફૂટ, વ્યક્ત નથી તે અવ્યક્ત-અસ્ફૂટ મતવાળા.



સંયતાદિના અવગમમાં સંદિગ્ધ બુદ્ધિવાળા. (૪) સમુચ્છેદ - પ્રસૂતિ પછી સામસ્ત્યથી પ્રકર્ષ છેદ તે સમુચ્છેદ - વિનાશ. તેને જાણનાર કે ભણનાર તે સામુચ્છેદા અર્થાત્ ક્ષણ ક્ષયિ ભાવની પ્રરૂપણા કરનારાઓ.

(૫) દ્વિક - એક સમયમાં બે ક્રિયા સમુદિતમાં દ્વિકીય, તેને ભણતા કે જાણતાં દ્વૈક્રિય. કાળભેદથી બે ક્રિયાનો અનુભવ પ્રરૂપનારા. (૬) ત્રિક - ત્રૈરાશિક એટલે જીવ, અજીવ, નોજીવ ભેદથી ત્રણ રાશિની ખ્યાપના કરનારા તે ત્રૈરાશિકો. (૭) અબદ્ધિક - જીવ વડે સ્પૃષ્ટ કર્મ સ્કંધવત્ બદ્ધ નથી તે અબદ્ધ, તે અબદ્ધ છે તેમ માનતા કે જાણતા તે અબદ્ધિકો - સ્પૃષ્ટ કર્મના વિપાકની પ્રરૂપણા કરનારા.

આ સાત નિહ્નવો વર્ધમાન સ્વામીના તીર્થમાં થયા. તેમાં નિહ્નવનો શો અર્થ છે ? પોતાની યુક્તિથી તીર્થંકરના કહેલાને છુપાવે તે નિહ્નવ એટલે મિથ્યાદૃષ્ટિ. કહ્યું છે – સૂત્રોક્તના એક પણ અક્ષરની અરુચિ જે મનુષ્યને થાય, તે મિથ્યાદૃષ્ટિ છે. આપણે તો જિનેશ્વરે કહેલ સૂત્ર જ પ્રમાણ રૂપ છે. ખલુ શબ્દ વિશેષણ છે, શું વિશેષિત કરે છે ? બીજા તો દ્રવ્યલિંગથી પણ ભિન્ન - બોટિક નામે છે. તે પણ વર્ધમાનસ્વામીના તીર્થમાં. તેમનું નિર્ગમન અનુક્રમે કહીશ –

હાલ આ મતો જેનાથી સમુત્પન્ન થયા, તે કહે છે –

**● નિર્યુક્તિ-૭૭૯,૭૮૦ :-**

***બહુરત મત જમાલિથી, જીવપ્રદેશ મત તિષ્યગુપ્તથી, અવ્યક્તા અષાઢથી, સામુચ્છેદ અશ્વમિત્રથી, બેક્રિયા ગંગાચાર્યથી, ત્રિરાશિક મત ષડ્‌લુકથી અને સ્પૃષ્ટ અબદ્ધકર્મમત સ્થવિર ગોષ્ઠા માહિલથી નીકળ્યો.***

**● વિવેચન-૭૭૯,૭૮૦ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - અબદ્ધિક મત ગોષ્ઠા માહિલથી ઉત્પન્ન થયો. હવે જે નગરમાં આ નિહ્નવો ઉત્પન્ન થયા તે કહે છે –

**● નિર્યુક્તિ-૭૮૧ :-**

***શ્રાવસ્તી, ઋષભપુર, શ્વેતવિકા, મિથિલા, ઉલુકાતીર, અંતરંજિકાપુરી, દશપુર અને રથવીરપુર નગરો હતા.***

**● વિવેચન-૭૮૧ :-**

ઉક્ત સાતે નગરો નિહ્નવોના અનુક્રમે પ્રભવસ્થાનો છે. કહેવાનાર ભિન્ન દ્રવ્ય-લિંગ-મિથ્યાદૃષ્ટિ બોટિકનું પ્રભવસ્થાન રથવીરપુર છે. ભગવંતને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પરિનિર્વૃત્ત થતાં કોણ કેટલા કાળે નિહ્નવ રૂપે ઉત્પન્ન થયા તેનું પ્રતિપાદન કરતાં કહે છે –

**● નિર્યુક્તિ-૭૮૨,૭૮૩ :-**

***ચૌદ વર્ષે, ૧૬ વર્ષે, ૨૧૪ વર્ષે, ૨૨૦ વર્ષે, ૨૨૮ વર્ષે, ૫૪૪ વર્ષે, ૫૮૪ વર્ષે, ૬૦૯ વર્ષે અનુક્રમે નિહ્નવોની ઉત્પત્તિ થઈ. તેમાં પહેલા બે કેવળજ્ઞાન પછી અને બાકીના ભગવંતના નિર્વાણ બાદ ઉત્પન્ન થયા.***

• **વિવેચન-૭૮૨,૭૮૩ :-**

ગાથાર્થ કહ્યો. અવયવાર્થ તો ભાષ્યકાર જ કહેશે. જ્ઞાનોત્પત્તિથી આરંભીને ૧૪ વર્ષ અને ૧૬ વર્ષ વ્યતીત થયા પછી તેમાં પહેલાં બે નિહ્નવો ઉત્પન્ન થયા. ભગવંત નિર્વાણ પામ્યા પછી યથોક્ત કાળે બાકીના અર્થાત્ અવ્યક્તાદિ ઉત્પન્ન થયા. બોટિક પ્રભવકાળ લાઘવાર્થે કહ્યો.

હવે સૂચિતાર્થને મૂળ ભાષ્યકાર યથાક્રમે કહે છે –

• **ભાષ્ય-૧૨૫ :-**

***જિનવર મહાવીરને જ્ઞાનોત્પાદન પછી ચૌદ વર્ષ ગયા બાદ બહુરત નામનો મત શ્રાવસ્તિમાં ઉત્પન્ન થયો.***

• **વિવેચન-૧૨૫ :-**

ગાથાર્થ રહ્યો. જે રીતે ઉત્પન્ન થયો, તે દર્શાવતી ગાથા કહે છે –

• **ભાષ્ય-૧૨૬ :-**

***વીર ભગવંતની પુત્રી જ્યેષ્ઠા કે સુદર્શના કે અનવધા હતી. જમાઈ જમાલી હતા. જમાલીએ ૫૦૦ પુરુષના પરિવાર સાથે અને પુત્રીએ ૧૦૦૦ના પરિવાર સાથે દીક્ષા લીધી. જમાલીએ શ્રાવસ્તીના તિંદુક ઉધાનમાં બહુરત મત સ્થાપ્યો. જમાલિને છોડીને બીજાને ઢંક શ્રાવકે બોધ કર્યો.***

• **વિવેચન-૧૨૬ :-**

કુંડપુર નગરમાં ત્યાં જમાલિ ભગવંત વીરનો ભાણેજ હતો. તેણે ભગવંતની પાસે ૫૦૦ના પરિવાર સાથે દીક્ષા લીધી. તેની પત્ની જે ભગવંતની પુત્રી હતી, તેના નામો જ્યેષ્ઠા કે સુદર્શના કે અનવધા પણ ૧૦૦૦ના પરિવાર સાથે પ્રવ્રજિત થઈ *[અહીં નામમાં કંઈ પાઠદોષ સંભવે છે, અન્યત્ર સુદર્શનાનું નામ બહેન રૂપે છે.]* જેમ ભગવતી સૂત્રમાં છે, તેમ કહેવું. જમાલી ૧૧ અંગ ભણ્યા. સ્વામીને કહીને ૫૦૦ના પરિવાર સાથે જમાલી શ્રાવસ્તી ગયો, ત્યાં તિંદુક ઉધાનમાં કોષ્ઠક ચૈત્યમાં સમોસર્યા. ત્યાં તેને અંતપ્રાંત આહારથી રોગ થયો. વિહાર કરવા અસમર્થ થયા. ત્યારે શ્રમણોને કહ્યું – શય્યા સંસ્તારક કરો. તેઓએ સંથારો કરવાનો આરંભ કર્યો.

એટલામાં જમાલિ દાહજ્વરથી અભિભૂત થયા. શિષ્યોને પૂછે છે સંથારો પથરાયો કે નહીં ? તેઓએ કહ્યું – પથરાયો, જમાલિએ ઉઠીને જોયું તો અર્ધ સંસ્તૃત [પથરાયેલ] જોઈને ક્રોધિત થયો. સિદ્ધાંત વચન યાદ આવ્યું – ''કરાતું કરાયું'' કહેવાય. કર્મના ઉદયથી વિપરીત ચિંતવે છે. ''કરાતું કર્યું'' એ ભગવંત વચન વિપરીત છે. કેમકે પ્રત્યક્ષ વિરુદ્ધ છે અહીં અડધો પથરાયેલ સંથારો પથરાયેલો નથી તે દેખાય છે. તેથી કરાતાપણાથી પ્રત્યક્ષ સિદ્ધ વડે 'કરાયુ' ધર્મ દૂર કરવો એમ ભાવના છે. તેથી જે ભગવંત કહે છે, તે અસત્ય છે. પરંતુ ''કરાયુ તે જ કરાયુ'' કહેવાય. એમ વિચારીને એ પ્રમાણે જ પ્રરૂપણા કરે છે.

તેણે આવી પ્રરૂપણા કરતા સ્વગચ્છના સ્થવિરોએ આ પ્રમાણે કહ્યું – હે આચાર્ય ! ભગવંત વચન છે ''કરાતું કરાયું'' તે અવિપરીત જ છે, તે અવિરુદ્ધ નથી. જો ''કરાતી ક્રિયાવિષ્ટને કરાયી'' ઈચ્છતા નથી, તો પહેલાં ક્રિયા અનારંભ સમયની જેમ પછી પણ ક્રિયાના અભાવે કેમ ઈચ્છો છો ? નિત્ય પ્રસંગ છે. કેમકે ક્રિયાના અભાવનું અવિશિષ્ટત્વ છે. તથા જે તમે કહ્યું કે ''અડધો પથરાયેલ સંથારાનું ન પથરાયેલું દેખાય છે.'' તે પણ અયુક્ત છે, કેમકે જે જ્યારે જેટલાં આકાશ દેશમાં વસ્દ્ પથરાય છે તે ત્યારે તેટલામાં પથરાયું જ છે. એ પ્રમાણે પછીના વસ્ત્ર પાથરવાના સમયે નિશ્ચે એ પથરાયેલ જ છે. ભગવંતનું વચન વિશિષ્ટ સમય આપેક્ષી છે, માટે તેમાં દોષ નથી.

એ પ્રમાણે જ્યારે તે સ્વીકારતો નથી, ત્યારે કેટલાંક તેના વચનની અશ્રદ્ધા કરતાં ભગવંત પાસે ગયા. બાકીના તેની સાથે જ રહ્યા, પ્રિયદર્શના પણ સાથે રહ્યા. *[પહેલાં સુદર્શના કહેલ, અહીં પ્રિયદર્શના લખ્યું, જે અન્ય શાસ્ત્રમાં સંમત નામ છે.]* ત્યાં ઢંક નામે કુંભાર શ્રાવક હતો. ત્યાં રહ્યા, તેણી વેદન કરવાને આવી, તેણીને પણ તેમજ પ્રજ્ઞાપના કરી. તેણી જમાલીના અનુરાગથી મિથ્યાત્વને પામી. સાધ્વીઓને એમ કહેવા લાગી. ઢંકને પણ કહે છે. ઢંક જાણે છે કે આ ભગવંત વચનથી વિપરીત મતવાળી થઈ છે. તેથી ઢંક કહે છે – હું આ વિશેષતર સમ્યક્ જાણતો નથી.

અન્ય કોઈ દિવસે સ્વાધ્યાય પોરિસિ કરે છે. ત્યારે ઢંકે વાસણ ખોલીને તેમાંથી અંગારો ફેંક્યો ત્યારે પ્રિયદર્શના સાધ્વીની સંઘાટી-વસ્ત્રમાં એક સ્થાને બળી ગયું. તે કહે છે – હે શ્રાવક ! તમે મારા વસ્ત્રને કેમ બાળો છો ? ઢંક બોલ્યો - તમે જ કહો છો કે ''બળતું બળ્યું ન કહેવાય.'' તો પછી તમારો કપડો કઈ રીતે બળ્યો. ત્યારે તેણી બોધ પામીને કહે છે – હું સમ્યક્ પ્રતિચોયણાને ઈચ્છું છું. ત્યારે તેણીએ જઈને જમાલીને ઘણું કહ્યું. જમાલીએ જ્યારે સ્વીકાર્યું નહીં, ત્યારે તેણી અને બાકીના સાધુઓ ભગવંત પાસે ઉપસંપન્ન થયાં - જોડાયાં. બીજો પણ એકાકી - અનાલોચિત કાળગત થયો.

આ સંગ્રહાર્થ કહ્યો. [ગાથાર્થ પૂર્વે કહ્યો જ છે.] બીજા આચાર્યો કહે છે – જ્યેષ્ઠા એટલી મોટી, સુદર્શના નામે ભગવંતની બહેન હતી, જમાલિ તેનો પુત્ર હતો. તેને અનવધા નામની ભગવંતની પુત્રી, જમાલીની પત્ની હતી.

પહેલો નિહ્નવ કહ્યો. હવે બીજાનું પ્રતિપાદન કરે છે –

• **ભાષ્ય-૧૨૭ :-**

***વીર ભગવંતને કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી ૧૬ વર્ષ બાદ જીવપ્રદેશ સંબંધી મત ઋષભપુર નગરમાં ઉત્પન્ન થયો.***

• **વિવેચન-૧૨૭ :-**

ભગવંતને જ્ઞાન ઉત્પાદિતાના ૧૬-વર્ષ પછી જીવપ્રદેશિક મત કઈ રીતે ઉત્પન્ન થયો ? રાજગૃહનગરમાં ગુણશીલ ચૈત્ય હતું. ત્યાં વસુ નામના ચૌદપૂર્વી આચાર્ય સમોસર્યા. તેમના શિષ્ય તીષ્યગુપ્ત હતા. તેને આત્મપ્રવાદ પૂર્વમાં આ આલાવો ભણવામાં આવ્યો – ભગવન્ ! એક જીવ પ્રદેશ જીવ હોય તેમ કહેવાય ? ના, આ

અર્થ બરાબર નથી. એ પ્રમાણે બે જીવપ્રદેશ, ત્રણે, સંખ્યાતે, અસંખ્યાતે ? યાવત્ એક પ્રદેશ ન્યૂન હોય તો પણ જીવ ન કહેવાય. કેમકે સંપૂર્ણ લોકાકાશ પ્રદેશ તુલ્ય પ્રદેશે જીવ છે.

એ પ્રમાણે અધ્યાપન કતાં તેને મિથ્યાત્વનો ઉદય થયો. તેથી તેણે આ રીતે વિચાર્યુ કે – જો એકાદિ જીવપ્રદેશ નિશ્ચે એક પ્રદેશહીન હોય તો પણ જીવ કહેવાતો નથી. પરંતુ ચરમપ્રદેશયુક્ત જ જીવ કહેવાય. તેથી તે એક પ્રદેશ જ જીવ છે. તેના ભાવભાવિત્વથી જીવત્વ છે. તેણે આમ પ્રતિપાદન કરતાં ગુરુએ કહ્યું કે – ના, તેમ નથી. તો જીવનો અભાવ પ્રસંગ થાય. કઈ રીતે? આપને અભિમત છે કે અંત્યપ્રદેશ પણ અજીવ છે, બીજા પ્રદેશના તુલ્ય પરિણામપણાથી કહ્યું. પ્રથમાદિ પ્રદેશવત્. અથવા પ્રથમાદિ પ્રદેશે જીવ છે. કેમકે શેષ પ્રદેશ તુલ્ય પરિણામત્વ છે. અંત્યપ્રદેશવત્. ઐકૈકના પૂરણત્વના અવિશેષથી, એક પણ વિના તેનું અસંપૂર્ણત્વ એ પ્રમાણે કહેલ છે. તો પણ જ્યારે તિષ્યગુપ્ત એ તે વાત ન સ્વીકારી. ત્યારે તેનો કાયોત્સર્ગ કર્યો.

એ પ્રમાણે તે ઘણી અસદ્‌ભાવ ઉદ્‌ભાવનાથી મિથ્યાત્વ અભિનિવેશ વડે પોતાને, બીજાને અને ઉભયને વ્યુદ્‌ગ્રાહિત, વ્યુત્પાદિત કરતો આમલકલ્પા નગરી ગયો. ત્યાં આમ્રશાલ વનમાં રહ્યો. ત્યાં મિત્રશ્રી નામે શ્રાવક હતો. તે જાણે છે - આ નિહ્નવ છે.

અન્ય કોઈ દિવસે તેના ઘેર સંખડી - જમણવાર હતો. ત્યારે તેણે તિષ્યગુપ્તને નિમંત્રણા કરી, આપે સ્વયં જ ઘેર પધારવું. તેઓ ગયા, ત્યારે ત્યાં તૈયાર કરાયેલ વિપુલ ખાદ્યકવિધિ લાવવામાં આવી. ત્યારે તે તેમાંથી એક એક ટુકડો ટુકડો આપે છે. એ પ્રમાણે ભાતનો કણીયો, શાકનો ટુકડો, વસ્ત્રનો ખંડ આપે છે, પછી પગે પડીને સ્વજનોને પણ કહે છે – આવો, વંદન કરો. આપણે સાધુને પ્રતિલાભિત કર્યા. અહો ! હું ધન્ય છું, પુણ્ય સહિત છું કે આપ સ્વયં મારે ઘેર પધાર્યા. ત્યારે તિષ્યગુપ્ત કહે છે – મારી મશ્કરી કેમ કરી ?

મિત્રશ્રી બોલ્યો – આપના સિદ્ધાંત મુજબ મેં આપને પડિલાભ્યા છે. જો વર્ધમાનસ્વામીના સિદ્ધાંત મુજબ પ્રતિલાભિત કરું તો [આપને આ મશ્કરી નહીં લાગે.] ત્યારે તિષ્યગુપ્ત બોધ પામ્યા. હે આર્ય ! હું સમ્યક્ પડિચોયણા ઈચ્છું છું. પછી શ્રાવકે વિધિપૂર્વક તેમને પડિલાભ્યા અને ‘મિચ્છા મિ દુક્કડં’ દીધું. એ પ્રમાણે તે બધાં બોધ પામ્યા. આલોચના અને પ્રતિક્રમણ કરી વિચરવા લાગ્યા. આ જ વાતનો ઉપસંહાર કરે છે –

**● ભાષ્ય-૧૨૮ :-**

***રાજગૃહીમાં ગુણશીલ ચૈત્યમાં ચૌદપૂર્વી વસુ આચાર્યના તિષ્યગુપ્ત શિષ્યથી આમલકલ્પા નગરીમાં મત નીકળ્યો. મિત્રશ્રી એ કૂર પિંડથી બોધ કર્યો.***

**● વિવેચન-૧૨૮ :-**

વિશેષાર્થ કહેવાઈ ગયો છે. વસુ આચાર્ય સમોસર્યા. તિષ્યગુપ્તને એવી દૃષ્ટિ



ઉત્પન્ન થઈ, આમલકલ્પા નગરી ગયો. મિત્રશ્રી શ્રાવ કે બોધ કર્યો. બીજો નિહ્નવ સમાપ્ત. હવે ત્રીજાને પ્રતિપાદિત કરે છે –

**● ભાષ્ય-૧૨૯ :-**

***વીર ભગવંત સિદ્ધિ ગયા પછીના ૨૧૪-વર્ષે શ્વેતાંબિકામાં અવ્યક્તોનો મત સમુત્પન્ન થયો.***

**● વિવેચન-૧૨૯ :-**

ગાથાર્થ કહ્યો. મત કેવી રીતે નીકળ્યો? શ્વેતાંબિકા નગરીા પોલાશ ઉદ્યાનમાં આર્ય અષાઢ નામે આચાર્ય હતા. તેમના ઘણાં શિષ્યો આગાઢ યોગ સ્વીકારીને રહેલા. તે જ આચાર્ય તેમના વાચનાચાર્ય હતા. ત્યાં બીજું કોઈ ન હતું. તે રાત્રિએ હૃદયના શૂળથી મૃત્યુ પામી, સૌધર્મકલ્પે નલિનીગુલ્મ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. જેટલામાં પોતાનું શરીર જોયું, ત્યાં તે સાધુઓ આગાઢ યોગને વહન કરતા હતા, તેઓ પણ જાણતા ન હતા કે આચાર્ય કાળ પામ્યા છે.

ત્યારે તે જ શરીરમાં પ્રવેશીને તે સાધુઓને ઉઠાડીને કહ્યું - વૈરાત્રિક કરો. એ પ્રમાણે તેણે તેના દિવ્યપ્રભાવથી જલ્દીથી સારણા કરી. પછી તેણે કહ્યું – હે ભદંતો! ક્ષમા કરો. કેમકે મારા જેવા અસંયતે આપને વંદન કરાવ્યા. હું અમુક દિવસે કાળ પામ્યો. પરંતુ આપની અનુકંપાથી આવ્યો છું. એ પ્રમાણે તે ક્ષમા માંગીને પાછા ગયા.

સાધુઓ પણ તેમનું શરીર ત્યજીને વિચારે છે – આટલો કાળ અમે અસંયતને વાંદ્યા. ત્યારપછી તેઓ અવ્યક્ત ભાવ ભાવ ચે - કોણ જાણે અહીં કોણ સાધુ છે કે દેવ છે ? માટે પરસ્પર વંદન કરવું નહીં. જેથી અસંયતને વંદન કે મૃષાવાદ સેવન ન થાય. બીજાના સ્થવિર વચનમાં સંદેહ રહે કે શું તે દેવ હશે ? કે સાધુ હશે ? ઈત્યાદિ. જો તે રૂપ દર્શાવી દેવ છે એમ કહે તો ઠીક. સાધુ છે એમ કહે તો સમાન રૂપમાં કેમ શંકા થાય ? ઈત્યાદિ ઘણી રીતે સાધુઓને સમજાવ્યા પણ તેઓ ન માન્યા એટલે તેમને ગચ્છ બહાર કર્યા. ત્યાંથી વિચરતા રાજગૃહી ગયા.

ત્યાં મૌર્યવંશમાં જન્મેલ બલભદ્ર નામે શ્રાવક રાજા હતો. તેણે આ વાત જાણી કે તે સાધુઓ અહીં આવેલા છે. ત્યારે તેણે કોટવાળને આજ્ઞા કરી કે – જાઓ અને ગુણશીલથી સાધુઓને લઈ આવો. તેઓ લઈ આવ્યા. રાજાએ સેવકોને કહ્યું કે – જલ્દી આમને ચાબુકના માર વડે મારો. પછી હાથીના કટકને લાવતા, તેઓ બોલ્યા – અમે જાણીએ છીએ કે – તું શ્રાવક છે, તો અમને શા માટે મરાવશ. રાજા બોલ્યો – તમે ચોર છો કે જાસુસ છો કે પછી અભિમરા છો ? કોણ જાણે છે. તેઓ બોલ્યા કે – અમે સાધુઓ છીએ. રાજા પૂછે છે કે – તમે કઈ રીતે શ્રમણ છો ? જો અવ્યક્તો પરસ્પર પણ વંદન કરતાં નથી. તો પછી તમે - શ્રમણ છો કે જાસુસ છો ? હું શ્રાવક છું કે નથી ?

ત્યારે તે સાધુઓ બોધ પામ્યા, લજ્જિત થયા, પ્રતિપન્ન અને શંકિતતા રહિત થયા. ત્યારે મૃદુતાથી નિર્ભર્ત્સીત કર્યા, જેથી બોધ પામે. પછી તેમને મુક્ત કરીને

ખમાવ્યા. હવે આ જ અર્થનો ઉપસંહાર કરતા કહે છે —

● **ભાષ્ય-૧૩૦ :-**

***શ્વેતવ્યા નગરીના પોલાસ ઉધાનમાં અષાઢાચાર્યે યોગ કરાવતા તે દિવસે હૃદયશૂળથી મૃત્યુ પામી સૌધર્મકલ્પે નલિનિગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા. રાજગૃહીમાં મૌર્યવંશી બલભદ્રે પ્રતિબોધ્યા.***

● **વિવેચન-૧૩૦ :-**

[ગાથાર્થ કહ્યો] વિશેષ આ - અષાઢ દેવે ઉત્પન્ન થઈને અવધિ જ્ઞાન વડે પૂર્વ વૃત્તાંત જાણીને શિષ્યોને યોગ પૂરા કરાવ્યા. દેવલોકે ગયા પછી તેમાં અવ્યક્તગતવાળા તેમના શિષ્યો વિચરતા રાજગૃહી પહોંચ્યા ઈત્યાદિ પૂર્વે કથાનકમાં કહેલ છે, ત્રીજો નિહ્નવ કહ્યો. હવે ચોથો કહે છે —

● **ભાષ્યા-૧૩૧ :-**

***વીર ભગવંત સિદ્ધિમાં ગયા પછી ૨૨૦ વર્ષે મિથિલાપુરીમાં સામુચ્છેદિક નામનો મત ઉત્પન્ન થયો.***

● **વિવેચન-૧૩૧ :-**

[ગાથાર્થ કહ્યો] જે રીતે ઉત્પન્ન થયો, તે બતાવતા કહે છે —

● **ભાષ્ય-૧૩૨ :-**

***મિથિલામાં લક્ષ્મીધર ચૈત્યમાં મહાગિરિના કૌડિન્યના અશ્વમિત્ર શિષ્યથી અનુપ્રવાદ પૂર્વમાં નૈપુણિક વસ્તુ [ભણતાં સામુચ્છેદ મત ઉત્પન્ન થયો.] રાજગૃહીમાં ખંડરક્ષા [દ્વારા પ્રતિબોધ પામ્યા.]***

● **વિવેચન-૧૩૨ :-**

મિથિલા નગરીમાં લક્ષ્મીગૃહ ચૈત્યમાં મહાગિરિ આચાર્યના કૌંડિન્ય નામે શિષ્ય હતા. તેમના શિષ્ય અશ્વમિત્ર હતા. તે અનુપ્રવાદ પૂર્વમાં નૈપુણિક વસ્તુ ભણતા હતા. તેમાં છિન્ન છેદનક વક્તવ્યતામાં આલાવો આવ્યો. જેમકે — વર્તમાન સમય નૈરયિક વ્યુચ્છેદ પામે છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. એ પ્રમાણે દ્વિતીયાદિ સમયમાં પણ કહેવું.

અહીં તેને વિચિકિત્સા જન્મી - બધાં પ્રત્યુત્પન્ન સમયે જન્મેલ વિચ્છેદ પામે છે - એ પ્રમાણે કર્મનું અનુવેદન સુકૃત-દુષ્કૃતોને કઈ રીતે થાય ? કેમકે ઉત્પાદ પછી બધાંનો વિનાશ થાય છે. તેણે આવી - આવી પ્રરૂપણા કરતા ગુરુએ કહ્યું — એક નયના મતથી આ સૂત્ર છે, મિથ્યાત્વમાં જઈશ નહીં. નિરપેક્ષ બાકીના પણ નયોને હૃદયમાં વિચાર. કાળપર્યાય માત્ર નાશમાં સર્વથા વિનાશ નથી, વસ્તુ સ્વ-પર પર્યાયોથી અનંતધર્મથી યુક્ત છે. સૂત્રમાં પણ કહે છે — વસ્તુ દ્રવ્યાર્થપણે શાશ્વત છે, પર્યાયપણે અશાશ્વત છે. તેથી અભિહિત એવા સમયાદિ વિશેષણથી સર્વનાશ થતો નથી. એવું બધું સમજાવવા છતાં પોતાના મતને છોડતો નથી.

પછી તે સામુચ્છેદ મતને વ્યક્ત કરતો કાંપીલ્યપુર ગયો. ત્યાં ખંડરક્ષા નામે શ્રાવકો હતા. તેઓ મૂલ્યથી પાલિત હતા. તેઓએ આ મતવાળાને જાણ્યા. તેઓએ



તેમને પકડ્યા, તેમને મારવા લાગ્યા. તે સાધુઓ ભયભીત થઈ બોલ્યા — અમે તો સાંભળેલ કે તમે શ્રાવકો છો, તો પણ સાધુને કેમ મારો છો ? તેઓ બોલ્યા — જે સાધુ હતા, તે તો તમારા સિદ્ધાંત પ્રમાણે વિચ્છેદ પામ્યા, હવે તમે તો બીજા કોઈ ચોર આદિ છો. ઈત્યાદિથી તેઓને બોધ પમાડ્યો. સમ્યકત્વ સ્વીકાર્યુ.

● **ભાષ્ય-૧૩૩ :-**

***વીરપ્રભુના સિદ્ધિગમન બાદ ૨૨૮ વર્ષે “બે ક્રિયા”નો મત ઉલુકા નદીના કિનારે ઉત્પન્ન થયો.***

● **વિવેચન-૧૩૩ :-**

ગાથાર્થ કહ્યો. હવે જે રીતે ઉત્પન્ન થયો તે કહે છે —

● **ભાષ્ય-૧૩૪ :-**

***ઉલુકા નદીના કાંઠે ખેટક સ્થાનમાં મહાગિરિના શિષ્ય, ધનગુપ્તના શિષ્ય આર્યગંગથી બે ક્રિયા મત નીકળ્યો. રાજગૃહીમાં મહાતપના કાંઠે મણિનાગ યક્ષે પ્રતિબોધ કર્યો.***

● **વિવેચન-૧૩૪ :-**

ઉલુકા નામે નદી હતી. તેના ઉપલક્ષથી જનપદ પણ તે જ કહેવાય છે. તે નદીના કાંઠે એક ખેટસ્થાનમાં, બીજું ઉલુકાતીર નગરે, બીજા કહે છે તે જ ખેટમાં. ત્યાં મહાગિરિના શિષ્ય ધનગુપ્ત નામે હતા, તેના પણ શિષ્ય ગંગા નામે આચાર્ય હતા. તે તે નદીના પૂર્વના કાંઠે હતા આચાર્ય તેના પશ્ચિમી કાંઠે હતા. પછી શરદકાળમાં આચાર્ય વંદન માટે નીકળ્યા. તેમને માથે ટાલ હતી. ઉલૂકા નદી ઉતરતા તે ટાલ તાપ વડે બળવા લાગી, નીચે શીતળ પાણી વડે શીત હતું.

ત્યારે તેને વિચાર આવ્યો - સૂત્રમાં કહે છે કે એક જ ક્રિયા વેદાય છે, શીત કે ઉષ્ણ. હું બે ક્રિયા વેદુ છું. તેથી બે ક્રિયા એક જ સમયે વેદાય છે, ત્યારે આચાર્યને કહ્યું. આચાર્ય બોલ્યા — હે આર્ય ! એવી પ્રરૂપણા કરતો નહીં. એક સમયે બે ક્રિયા ન વેદાય. કેમકે મન સૂક્ષ્મ સમયને પકડી ન શકે. તેને સમજાવવા છતાં તેણે પોતાનો મત ન છોડ્યો.

તે ભ્રમણ કરતાં રાજગૃહે ગયો. મહાતપના કાંઠે પ્રભા નામે સરોવર હતું. ત્યાં મણિનાગ નામે યક્ષ, તેના ચૈત્યમાં રહેતો હતો. ગંગા આચાર્યે ત્યાં પર્ષદા મધ્યે કહ્યું — એક સમયે બે ક્રિયા વેદાય છે. ત્યારે મણિનાગ યક્ષે તે પર્ષદામાં કહ્યું — અરે દુષ્ટ શૈક્ષ ! અપ્રજ્ઞાપના કેમ કરે છે ? આ જ સ્થાને રહીને ભગવંત વર્ધમાનસ્વામીએ કહેલ છે કે — એક સમયે એક જ ક્રિયા વેદાય છે. શું તું તેનાથી વધુ હોંશિયાર થઈ ગયો છે ? આ બકવાદ બંધ કર, નહીં તો તને શિક્ષા કરીશ. મણિનાગે મારવા લેતા તે ભયથી પ્રતિબોધ પામ્યો, બોલ્યો કે હું ગુરુ પાસે જઈને પ્રતિક્રમવા ઈચ્છું છું.

પાંચમો નિહ્નવ કહ્યો. હવે છઠ્ઠો બતાવે છે —

● **ભાષ્ય-૧૩૫ :-**

***ભગવંત વીરના સિદ્ધિગમન બાદ ૫૪૪ વર્ષે અંતરંજિકાપુરિમાં ત્રિરાશિક***

*મતની ઉત્પત્તિ થઈ.*

● **વિવેચન-૧૩૫ :-**

ગાથાર્થ કહ્યો. હવે આ મતની ઉત્પત્તિ દર્શાવે છે.

● **ભાષ્ય-૧૩૬ :-**

***અંતરંજિકા નગરીમાં ભૂતગૃહ ચૈત્યમાં બલશ્રી રાજાના કાળમાં શ્રીગુપ્તાચાર્યના રોહગુપ્ત શિષ્ય. પરિવ્રાજક પોટ્ટશાલે વાદ માટે ઘોષણા કરી.***

● **વિવેચન-૧૩૬ :-**

કથાનકથી અર્થ સમજવો, તે આ પ્રમાણે - અંતરંજિકા નામે નગરી હતી. ત્યાં ભૂતગૃહ નામે ચૈત્ય હતું, ત્યાં શ્રીગુપ્ત નામે આચાર્ય હતા. ત્યાં બલશ્રી નામે રાજા હતો. તે શ્રીગુપ્ત સ્થવિરની સાથે એક રોહગુપ્ત નામે શિષ્ય હતો. અન્યગામે રહેલ. પછી તે ઉપાધ્યાયને વંદન કરવાને આવે છે. કોઈ પરિવ્રાજક લોઢાના પટ્ટથી પેટ બાંધીને, હાથમાં જંબૂ વૃક્ષની ડાળી લઈને ચાલી રહ્યો હતો. તેને પૂછતાં તે કહે છે – જ્ઞાન વડે પેટ ફાટી જાય છે, માટે લોઢાના પટ્ટ વડે બાંધેલ છે. જંબૂ શાખા એટલે લીધી છે કે મારો કોઈ પ્રતિપાદિ જંબૂદ્વીપમાં નથી.

ત્યારે પછી તેણે પટહ વગડાવ્યો – પરપ્રવાદી કોઈ રહ્યા નથી. તેથી લોકોએ તેનું પોટ્ટશાલ નામ કર્યુ. તે પટહ રોહગુપ્તે રોકી લીધો. તેણે કહ્યું – હું વાદ કરીશ. ત્યારે તે પ્રતિષેધિત થયો. આચાર્ય પાસે જઈને કહે છે કે – મેં એક પટહને રોકેલ છે. આચાર્યએ કહ્યું – ખોટું કર્યુ. તે વિદ્યાબલિ છે. વાદમાં પરાજિત થવાથી વિદ્યા વડે ઉપસ્થિત થાય છે. તેની પાસે આ સાત વિદ્યાઓ રહેલી છે –

● **ભાષ્ય-૧૩૭ :-**

***વિંછી, સર્પ, ઉંદર, હરણી, ભૂંડણ, કાગડી અને સમડી, આ વિદ્યાઓ વડે તે પરિવ્રાજક કુશળ છે.***

● **વિવેચન-૧૩૭ :-**

વિંછી-વિંછીપ્રધાન વિદ્યા લેવી એ રીતે સર્પ, ઉંદર, મૃગી - હરણીરૂપે ઉપઘાતકારિણી, એમ જ ભુંડણ, કાકવિદ્યા, પોતકી વિદ્યા અર્થાત્ સમળી વિદ્યા. આ વિદ્યાઓ વડે તે પરિવ્રાજક નિપુણ છે. રોહગુપ્તે પૂછ્યું – હવે તેના નિગ્રહ માટે શું કરવું ? ત્યારે તે આચાર્યએ કહ્યું – પાઠ કરતાં જ સિદ્ધ થાય એવી આ સાત પ્રતિપક્ષી વિદ્યા ગ્રહણ કર. તે આ છે –

● **ભાષ્ય-૧૩૮ :-**

***મયુરી, નકુલી, બિડાલી, વ્યાઘ્રી, સીંહી, ઘુવડી અને બાજણ. આ સાત વિદ્યા પરિવ્રાજકના મથન માટે તું ગ્રહણ કર.***

● **વિવેચન-૧૩૮ :-**

ગાથાર્થ કહ્યો. તેને અભિમંત્રિત કરેલ રજોહરણ પણ આપ્યું. જો અન્ય પણ કોઈ પ્રયોગ કરે તો ત્યારે રજોહરણ ઘુમાવજે તેનાથી અજય્ય બનીશ. ઈન્દ્ર વડે પણ જીતવાને માટે શક્ય નથી. ત્યારે તે વિદ્યાઓ ગ્રહણ કરીને સભામાં ગયો. તેણે



પોટ્ટશાલ માટે કહ્યું – આ શું જાણે છે ? ભલે તે જ વાદ શરૂ કરે. પરિવ્રાજક વિચારે છે - આ લોકો નિપુણ હોય છે. તેથી તેમના જ સિદ્ધાંતોને ગ્રહણ કરું. જેમકે રાશિ બે છે – જીવ અને અજીવ.

ત્યારે રોહગુપ્તે વિચાર્યુ કે આણે અમારો જ સિદ્ધાંત ગ્રહણ કર્યો. તેથી તેને બુદ્ધિથી પરાજિત કરું. તેણે ત્રણ રાશિ સ્થાપી – જીવ, અજીવ અને નોજીવ. તેમાં જીવો - સંસારમાં રહેલા, અજીવ-ઘટ આદિ. નોજીવ-ગરોળીની પૂછડી વગેરે. જેમકે દંડને આદિ, મધ્યમ, અંત છે. ભાવો ત્રણ ભેદે છે. એ પ્રમાણે તેણે પોટ્ટશાલને નિરુત્તર કરી દીધો.

ત્યારે તે પરિવ્રાજકે રોષાયમાન થઈ વૃશ્ચિકા વિદ્યા મૂકી. ત્યારે રોહગુપ્તે મયુરવિદ્યા મૂકી. તેનાથી વૃશ્ચિકો હણાયા. પછી તેણે સર્પ વિદ્યામૂકી, રોહગુપ્તે નકુલી વિદ્યા મૂકી. એ રીતે ઉંદર સામે બીલાડી, હરણ સામે વાઘ, ભુંડ સામે સિંહ, કાક સામે ઘુવડ, સમડી સામે બાજણ વિદ્યા મૂકી. એ પ્રમાણે હરાવી ન શકતા પોટ્ટશાલે ગર્દભી વિદ્યા મૂકી. તે વિદ્યાને રજોહરણ વડે હણી. પછી પરિવ્રાજકની હીલના કરીને કાઢી મૂક્યો.

પછી રોહગુપ્ત પરિવ્રાજકને હરાવીને આચાર્ય પાસે ગયો. કહ્યું કે – કઈ રીતે જીત્યો. આચાર્ય બોલ્યા કે – તો પછી ઉઠતાં કેમ ન બોલ્યો કે રાશિઓ ત્રણ હોતી નથી, આનો બુદ્ધિથી પરાજય કરવા મેં આમ કહેલ હતું. હજી પણ જઈને કહી દે. પણ તેને એ વાત ન સ્વીકારી, ક્યાંક મારું અપમાન થાય તો? વારંવાર આચાર્યએ કહ્યું. રોગગુપ્ત બોલ્યો – એમાં શું દોષ છે? જો રાશિ ત્રણ કહીએ તો? રાશિ ત્રણ જ છે.

આચાર્યએ કહ્યું – હે આર્ય ! અસદ્‌ભાવ અને તીર્થંકરાશાતના છે, તો પણ રોહગુપ્ત ન માન્યો. પછી તે આચાર્ય સાથે વાદ કરવા લાગ્યો. ત્યારે આચાર્યએ રાજકુલે જઈને કહ્યું – તે મારા શિષ્યએ ખોટો સિદ્ધાંત કહેલ છે. અમારા મતે રાશિ બે જ હોય છે. ત્યારે રોહગુપ્ત તેથી વિમુખ થયો. રાજાને કહ્યું કે – હવે તમે અમારો વાદ સાંભળો. રાજાએ તે વાત સ્વીકારી. પછી તે બંનેએ રાજસભામાં નગરજનો સામે વાદ આરંભ્યો.

એ પ્રમાણે એક-એક દિવસ કરતાં છ માસ થયા. ત્યારે રાજા બોલ્યો, મારું રાજ્ય સીદાય છે. ત્યારે આચાર્યએ કહ્યું – મારી ઈચ્છાથી મેં આટલો કાળ લીધો. હવે જુએ કાલના દિવસે આવીને તેનો નિગ્રહ કરીશ. ત્યારે પ્રભાતમાં કહે છે – કુત્રિકાપણમાં પરીક્ષા કરો [વસ્તુ લાવો.] ત્યાં બધાં દ્રવ્યો હોય છે. ત્યાંથી જીવ, અજીવ અને નોજીવ લાવો. ત્યારે દેવતાએ જીવ અને અજીવ આપ્યા પણ નોજીવ હતા નહીં. એ પ્રમાણે ૧૪૪ પ્રશ્નો વડે તેમણે રોહગુપ્તનો નિગ્રહ કર્યો. આ જ અર્થ ના ઉપસંહાર માટે કહે છે –

● **ભાષ્ય-૧૩૯ :-**

***શ્રીગુપ્તાચાર્યે રોહગુપ્ત [ષડ્‌લુક] ની સાથે ૧૪૪ પ્રશ્નો વડે અને કુત્રિકાપણમાં દૃષ્ટાંતો બતાવી છ માસ સુધી વાદ કરી તેને જીત્યો.***

● **વિવેચન-૧૩૯ :-** *[નિર્યુક્તિ દીપિકામાં આનો ઘણો વિસ્તાર છે.]*

ગાથાર્થ કહ્યો. વિશેષ આ - ૧૪૪ વડે રોહગુપ્તે છ મૂલ પદાર્થો ગ્રહણ કર્યા. તે આ પ્રમાણે — દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય. તેમાં દ્રવ્ય નવ, તે આ રીતે — ભૂમિ, જળ, અગ્નિ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન. ગુણો ૧૭, તે આ રીતે — રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ અને પ્રયત્ન. કર્મો પાંચ ભેદે — ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન. સામાન્ય ત્રણ ભેદે — મહા સામાન્ય, સત્તા સામાન્ય, ત્રણ પદાર્થ સદ્‌વૃદ્ધિકારી, સામાન્ય વિશેષ - દ્રવ્યત્વ આદિ. બીજા એમ વ્યાખ્યા કરે છે કે — ત્રણ પદાર્થ સત્કરી સત્તા, સામાન્ય દ્રવ્યત્વાદિ. સામાન્ય વિશેષ-પૃથ્વીત્વાદિ વિશેષ - અંત અને અનંત અને આનો પ્રત્યય હેતુ તે સમવાય. આ ૩૬ ભેદો છે. આના એકૈકના ચાર ભંગ છે. તે આ પ્રમાણે — ભૂમિ, અભૂમિ, નોભૂમિ, નોઅભૂમિ. એ પ્રમાણે સર્વત્ર.

તેમાં કૃત્રિકાપણમાં ભૂમિ માંગતા ઢેફું આપ્યુ. અભૂમિ માંગતા પાણી આપ્યું. નોભૂમિમાં જલાદિ જ. નોઅભૂમિમાં ઢેફું જ. એમ બધે છે. જીવ અને અજીવ આપીને નોજીવ માંગ્યા, ફરી અજીવ આપ્યા. - x - પછી ષડ્‌લુકનો નિગ્રહ કરાયો. ગુરુએ તેના મસ્તકે શ્લેષ્મની કુંડી ભાંગીને તેને સમુદાય બહાર કરી દીધો. ગુરુની પણ પૂજા થઈ અને નગરમાં ઘોષણા કરાઈ કે — વર્ધમાનસ્વામીનો જય થાઓ.

આ અર્થનો જ ઉપસંહાર કરતાં કહે છે —

● **ભાષ્ય-૧૪૦ :-**

***તે વાદમાં પરાજય પામ્યો. તેથી રાજાએ તેનો દેશનિકાલ કર્યો. વર્ધમાન જિનેશ્વરનો જય થાઓ. એમ નગરમાં ઘોષણા કરાવી.***

● **વિવેચન-૧૪૦ :-**

તેના વડે પણ વૈશેષિક મત પ્રરૂપ્યો. અન્યાન્ય વડે ખ્યાતિ કરી, તે ઉલૂક વડે પ્રણિત છે, એમ કહેવાય છે કેમકે તે ગોત્ર વડે ઉલૂક હતો. છટ્ઠો નિહ્નવ કહેવાયો. હવે સાતમો કહે છે —

● **ભાષ્ય-૧૪૧ :-**

***ભગવંત વીરના સિદ્ધિગમન પછી ૫૮૪ વર્ષે અબદ્ધિક નામે મત દશપુર નગરમાં ઉત્પન્ન થયો.***

● **વિવેચન-૧૪૧ :-**

[ગાથાર્થ કહ્યો.] કઈ રીતે ઉત્પન્ન થયો ? ત્યાં આર્યરક્ષિતની વક્તવ્યતામાં કથાનક પ્રાયઃ કહેલ જ છે. યાવત્ ગોષ્ઠામાહિલને આલાવામાં કર્મબંધ વિચારણામાં કર્મના ઉદાયથી મિથ્યાત્વ ઉદય થયો. તથા કથાનકના અનુસંધાનને માટે પૂર્વોક્તના અનુવાદની ગથાને કહે છે —

● **ભાષ્ય-૧૪૨ :-**

***દશપુર નગરમાં ઈક્ષુગૃહે આર્યરક્ષિતે દીક્ષા લીધી. ત્રણ પુષ્પમિત્ર આદિ***





***શિષ્યો થયા. ગોષ્ઠા માહિલે વિંધ્યને નવમા અને આઠમા પૂર્વમાં પૃચ્છા કરી.***

● **વિવેચન-૧૪૨ :-**

પૂર્વે અર્થથી આની વ્યાખ્યા કરેલી જ છે. તેથી હવે કરતા નથી. પ્રસ્તુત સંબંધ આ પ્રમાણે — વિંધ્ય મુનિ આઠમાં કર્મપ્રવાદ પૂર્વમાં કર્મની પ્રરૂપણા કરે છે. કોઈપણ કર્મ જીવપ્રદેશ વડે બદ્ધ છે, કાલાંતર સ્થિતિ પામીને પૃથક્ થાય છે. કંઈક વળી સ્પૃષ્ટબદ્ધ છે અને કાલાંતરથી પૃથક્ થાય છે. કંઈક વળી સ્પૃષ્ટબદ્ધ છે અને કાલાંતરથી પૃથક્ થાય છે. કંઈક વળી બદ્ધસ્પૃષ્ટ નિકાચિત, તેની સાથે કાલાંતરે એકત્વ પામીને વેદે છે. આર્દ્ર લેપ કરાયેલ ભીંત ઉપર સ્નિગ્ધ ચૂર્ણ સમાન છે. કંઈક વળી બદ્ધ-સ્પૃષ્ટ-નિકાચિત જીની સાથે એકત્વ પામે છે. કાલાંતરે વેદે છે.

એ પ્રમાણે સાંભળીને ગોષ્ઠામાહિલે પૂછ્યું — એ રીતે મોક્ષાભાવનો પ્રસંગ ન આવે ? કેમકે જીવથી કર્મ છુટા ન પડે, સ્વપ્રદેશવત્ અન્યોન્ય વિભાગ-બદ્ધત્વ છે. તેથી એ પ્રમાણે ઈચ્છાય છે.

● **ભાષ્ય-૧૪૩ :-**

***જેમ અબદ્ધ અને સ્પર્શ કરાયેલ કંચુઓ કંચુકીને સંબદ્ધ છે. એ પ્રમાણે સ્પૃષ્ટ છતાં અબદ્ધકર્મ જીવ સાથે સંબદ્ધ રૂપે ઘટે છે.***

● **વિવેચન-૧૪૩ :-**

સ્પૃષ્ટ જે રીતે અબદ્ધ કંચુકી પુરુષ કંચુકને અનુસરે છે. એ રીતે સ્પૃષ્ટ અબદ્ધ કર્મ જીવને અનુસરે છે. પ્રયોગ આ રીતે — જીવ કર્મ વડે સ્પૃષ્ટ બંધાતો નથી કેમકે વિયોજ્યમાનપણે છે. - x - એ પ્રમાણે ગોષ્ઠામાહિલે કહેતાં વિંધ્યમુનિએ કહ્યું — મને એ પ્રમાણે જ ગુરુ વડે વ્યાખ્યાત કરેલ છે. ત્યારે તે શંકિત થઈને જઈને પૂછે છે કે મેં ક્યાંક અન્યથા ગ્રહણ કરેલ નથીને ? ત્યારે આચાર્યએ કહ્યું — જે મેં કહ્યું, તે તેં પણ જાણેલ છે. એ તે રીતે જ છે. ત્યારે તેણે ગોષ્ઠા માહિલનો વૃત્તાંત કહ્યો. ત્યારે ગુરુએ કહ્યું — માહિલ કહે છે તે મિથ્યા છે. કઈ રીતે ? જે કહ્યું — જીવથી કર્મો છૂટા પડતા નથી વગેરે.

અહીં પ્રત્યક્ષ વિરોધી પ્રતિજ્ઞા છે. કેમકે આયુકર્મના વિયોગરૂપ મરણ પ્રત્યક્ષ સિદ્ધ છે. હેતુ પણ અનૈકાંતિક છે. અન્યોન્ય અવિભાગસંબદ્ધ છતાં દુધ અને પાણીનો ઉપાયથી વિયોગ થઈ શકે છે. દૃષ્ટાંત પણ સાધન ધર્માનુગત નથી, સ્વપ્રદેશના યુક્તત્વથી અસિદ્ધ છે. - x - જીવ અને કર્મ ભિન્ન છે. જીવ કર્મ વડે સ્પૃષ્ટ બદ્ધ થતો નથી. - x - x - x - બધાં જ જીવ કર્માનુગમ રહિતપણાથી મોક્ષના ભાજક છે. ઈત્યાદિ - x - x - ત્યારે ગોષ્ઠા માહિલ કંઈ ન બોલતો મૌન રહ્યો.

અન્ય કોઈ દિવસે નવમાં પૂર્વમાં સાધુના પ્રત્યાખ્યાનનું વર્ણન આવ્યુ. જાવજ્જીવને માટે હું પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું ઈત્યાદિ. ત્યારે ગોષ્ઠા માહિલ કહે છે, તે શોભન પચ્ચક્ખાણ નથી. કેમ ? —

● **ભાષ્ય-૧૪૪ + વિવેચન :-**

પ્રત્યાખ્યાન કાળની અવધિ છોડીને કરવું જ શ્રેયસ્કાર છે. એમ કરવાથી

કલ્યાણ થાય છે, જેના પ્રત્યાખ્યાનમાં પરિમાણ હોય, તેનું પ્રત્યાખ્યાન દુષ્ટ-અશોભન છે. શા માટે ? કેમકે તેમાં આશંસા રહે છે. - x - આ વિષયમાં પણ વિંધ્ય મુનિ તેની સાથે સંમત ન થતા ગોષ્ઠા માહિલ અભિનિવેશથી પુષ્પમિત્ર પાસે જઈને બોલ્યો – આચાર્ય કંઈક જુદુ કહે છે, તમે કંઈક અન્યથા પ્રરૂપણા કરો છો. તેને પુષ્પમિત્ર આચાર્યએ - x - x - x - વિવિધરૂપે સમજાવ્યો કે સાધુને હું મૃત્યુ બાદ આ બધું સેવીશ તેવી ભાવના હોતી નથી, પણ પ્રત્યાખ્યાન પાલન ઈચ્છા જ હોય છે પરંતુ મૃત્યુ બાદ દેવભવાદિમાં વ્રતનો ભંગ ન થાય તે માટે કાળની અવધિ કરાય છે. અપરિમાણ પક્ષમાં તો ઘણાં જ દોષો છે. - x - x - x -

એ પ્રમાણે ઘણી રીતે આચાર્ય એ સમજાવ્યા છતાં ગોષ્ઠા માહિલે તેનો સ્વીકાર ન કર્યો. એ પ્રમાણે કોઈપણ રીતે સ્વીકાર ન કરતા સંઘ એકઠો કર્યો. દેવી માટે સર્વ સંઘે કાયોત્સર્ગ કર્યો. જે ભદ્રિકા હતી તે દેવી આવીને કહે છે કે આજ્ઞા કરો. ત્યારે તેણીને કહ્યું કે – તીર્થંકર પાસે જા અને પૂછે કે – જે ગોષ્ઠામાહિલ કહે છે, તે સત્ય છે કે દુર્બલિકા પુષ્પમિત્ર આદિ સંઘ કહે છે તે સત્ય છે ? ત્યારે દેવીએ કહ્યું કે – મારા ઉપર એક ઉપકાર કરો. મારા ગમનના અપ્રતિઘાત નિમિત્તે તમે બધાં કાયોત્સર્ગ કરો. ત્યારપછી તેણી ભગવંતને પૂછીને આવી, આવીને કહ્યું કે – જે સંઘ છે, તે સમ્યગ્વાદી છે અને ગોષ્ઠા માહિલ મિથ્યાવાદી છે. ત્યારે ગોષ્ઠા માહિલ બોલવા લાગ્યો કે આ તો અલ્પઋદ્ધિવાળી છે, તે બિચારીની જવાની શક્તિ જ ક્યાં છે ? પછી પણ શ્રદ્ધા કરતો નથી. ત્યારે તેને સંઘ બહાર કર્યો. પછી તે તે દોષની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના મૃત્યુ પામ્યો.

સાતમો નિહ્નવ કહ્યો. એ પ્રમાણે દેશવિસંવાદી નિહ્નવો કહ્યા. હવે આ જ પ્રસ્તાવથી પ્રભૂત વિસંવાદી બોટિકોને કહે છે – તેઓ ક્યાં થયા ? એ પ્રતિપાદન કરવાને કહે છે –

**• ભાષ્ય-૧૪૫ :-**

***વીર ભગવંતના નિર્વાણ પછી ૬૦૯ વર્ષ વીત્યા પછી, તે બોટિક મત રથવીરપુરમાં સમુત્પન્ન થયો.***

**• વિવેચન-૧૪૫ :-**

ગાથાર્થ કહ્યો. બોટિક મત જે રીતે ઉત્પન્ન થયો તે જણાવે છે –

**• ભાષ્ય-૧૪૬ :-**

***રથવીરપુર નગર, દીપક ઉધાન, આર્ય કૃષ્ણ, શિવભૂતિનો ઉપધિ સંબંધી પ્રશ્ન, સ્થવિરો દ્વારા કથના.***

**• વિવેચન-૧૪૬ :-**

રથવીરપુર નામે નગર હતું. ત્યાં દીપક નામે ઉધાન હતું. ત્યાં આર્ય કૃષ્ણ નામે આચાર્ય પધાર્યા. ત્યાં એક સહસ્રમલ્લ હતો, તેનું શિવભૂતિ નામ હતું, તેની પત્ની તેની માતા સાથે ઝઘડતી રહેતી. તમારો પુત્ર રોજેરોજ અડધી રાત્રે આવે છે. હું જાગતી અને ભુખથી ચોડવાતી રહું છું. ત્યારે માતાએ તેણીને કહ્યું – બારણું



ઉઘાડતી નહીં હું હજી જાગુ છું. પત્ની સૂઈ ગઈ, માતા જાગે છે. અડધી રાત્રે આવીને શિવભૂતિએ બારણું ખખડાવ્યું. માતા ખીજાણી-આ આવવાનો સમય છે ? જ્યાં ઉઘાડા બારણા હોય, ત્યાં જા.

તે ઘેરથી નીકળી ગયો. શોધતા-શોધતા સાધુને ઉપાશ્રયે દ્વાર ઉઘાડા જોયા. વાંદીને કહ્યું – મને દીક્ષા આપો. સાધુઓએ તે વાત ન સ્વીકારી. શિવભૂતિએ સ્વયં લોચ કરી લીધો. ત્યારે તેને વેશ આપ્યો. વિચરવા લાગ્યા. ફરી પાછો આપ્યો ત્યારે રાજાએ તેને કંબલ રત્ન આપ્યું. આચાર્યએ તેને કહ્યું કે – સાધુને આનું શું કામ છે ? શા માટે લીધું ? તેને પૂછ્યા વિના ગુરુએ રત્નકંબલ ફાડીને તેની નિષધા કરી દીધી. શિવભૂતિને ક્રોધ ચડ્યો.

અન્ય કોઈ દિવસે જિનકલ્પિકનું વર્ણન આવ્યું. જિનકલ્પિકો બે પ્રકારે છે – (૧) કરપાત્રી (૨) પાત્રધારી. તે બંનેના બે ભેદો – (૧) વસ્ત્રવાળા, (૨) વસ્ત્ર વિનાના, જિનકલ્પીને ઉપધિના બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગિયાર અને બાર આ આઠ ભેદો હોય છે. કેટલાંકને બે ઉપધિ છે – રજોહરણ, મુહપત્તિ. બીજાને ત્રણ ઉપધિ - એક કપડાં સહિત પૂર્વના બે. ચાર ભેદે – બે વસ્દ્ સહિત, પાંચ ભેદે – ત્રણ વસ્ત્ર સહિત, નવ ભેદે – રજોહરણ, મુહપત્તિ, પાત્ર, પાત્રબંધ, પાત્ર સ્થાપન, પાત્ર કેશરિકા, પડલા, રજસ્ત્રાણ. ગુચ્છા અને પાત્ર નિયોગ. બાકીના ત્રણ ભેદોમાં એક એક વસ્ત્ર ઉમેરતા જવું.

ત્યારે શિવભૂતિએ પૂછ્યું – કેમ હાલ આટલી ઉપધિ ધારણ કરાય છે કે જેથી જિનકલ્પ કરાતો નથી? ગુરુએ કહ્યું – હાલ શક્ય નથી. જિનકલ્પ હાલ વિચ્છેદ છે. ત્યારે શિવભૂતિએ પૂછ્યું – કેમ વિચ્છેદ થયો? હું તે કરીશ. પરલોકાર્થીનું તે જ કર્તવ્ય છે. ઉપધિના જિનકલ્પ હાલ વિચ્છેદ છે. ત્યારે શિવભૂતિએ પૂછ્યું – કેમ વિચ્છેદ થયો? હું તે કરીશ. પરલોકાર્થીનું તે જ કર્તવ્ય છે. ઉપધિના પરિગ્રહથી શું લાભ? પરિગ્રહના સદ્‌ભાવમાં કષાય, મૂર્છા, ભયાદિ ઘણાં દોષો છે. શ્રુતમાં તો અપરિગ્રહત્વ કહેલ છે. જિનેન્દ્રો પણ અચેલક હતા. તેથી અચેલકત્વ સુંદર છે. ગુરુએ કહ્યું – દેહના સદ્‌ભાવમાં પણ કષાય, મૂર્છા આદિ ક્યારેક થાય છે, તેથી દેહનો પણ પરિત્યાગ કરવો જોઈએ. સૂત્રમાં અપરિગ્રહત્વ કહ્યું છે ધર્મોપગરણમાં પણ મૂર્છા ન કરવી જોઈએ. જ્યારે જિનેશ્વરે પણ એકાંત અચેલ કહેલ નથી. કહ્યું છે – બધાં જિનવર એક વસ્ત્રથી નીકળેલા. એ પ્રમાણે સ્થવિરોએ તેમને કથન કર્યું.

શિવભૂતિને એમ કહેવા છતાં કર્મના ઉદયથી વસ્ત્રો છોડીને ગયો, તેને ઉત્તરા નામે બહેન હતી. ઉધાન સ્થિત તેને વંદન કરવાને આવી. તેને જોઈને ઉત્તરાસાધ્વીએ પણ વસ્ત્રોનો ત્યાગ કર્યો. તેણી ભિક્ષાર્થે પ્રવેશી. ગણિકાએ જોઈ. લોકોને અમારાથી વિરક્ત ન કરી દે, એમ વિચારી ગણિકાએ તેણીને ઉપરના ભાગે વસ્ત્ર બાંધ્યુ. ઉત્તરા તે ઈચ્છતી ન હતી. શિવભૂતિ બોલ્યો – તું વસ્ત્ર રાખી લે, દેવતાએ આપેલ કહેવાય.

તેની પાસે બે શિષ્યોએ દીક્ષા લીધી. કૌડિન્ય અને કોટ્ટવીર. પછી શિષ્યોની પરંપરા થઈ. એ રીતે બોટિકો ઉત્પન્ન થયા. તેનો ઉપસંહાર —

• **ભાષ્ય-૧૪૭,૧૪૮ :-**

***બોટિક મત શિવભૂતિ અને ઉત્તરાએ કુતર્ક દ્વારા પ્રરૂપ્યો. આવો મિથ્યાદર્શનરૂપ મત રથવીરપુરમાં ઉત્પન્ન થયો. બોટિક શિવભૂતિથી બોટિક મતની ઉત્પત્તિ થઈ. કૌંડિન્ય અને કોટ્ટવીર પરંપરાએ થયા.***

• **વિવેચન-૧૪૭,૧૪૮ :-**

ऊहया - સ્વતર્કબુદ્ધિથી, બોટિક શિવભૂતિ અને ઉતરા વડે આ મિથ્યાદર્શન કહેવાયું - x - બોટિક શિવભૂતિની પાસેથી બોટિક લિંગની ઉત્પત્તિ થઈ છે. - x - x - કૌંડિન્ય અને કોટ્ટવીરથી - પરંપરા સ્પર્શ-આચાર્ય અને શિષ્ય સંબંધ લક્ષણને આશ્રીને ઉત્પન્ન થયો. - x -

હવે નિહ્નવોની વક્તવ્યતાનું નિગમન કહે છે —

• **નિર્યુક્તિ-૭૮૪ :-**

***એ પ્રમાણે અવસર્પિણીમાં સાત નિહ્નવો કહેલ છે. તે વીરવરના શાસનમાં કહ્યા, બાકીના તીર્થંકરોના શાસનમાં કહેલા નથી.***

• **વિવેચન-૭૮૪ :-**

एवं - ઉક્ત પ્રકારે, एतं - અનંતરોક્ત, कथित - પ્રતિપાદિત કર્યા, - x - પ્રવચન - તીર્થમાં, शेषाणाम् - બાકીના અરહંતોના તીર્થમાં. - x -

• **નિર્યુક્તિ-૭૮૫ :-**

***આ એકને છોડીને બાકીના મતમાં યાવજ્જીવ પ્રત્યાખ્યાન છે આ એક-એક નિહ્નવને આશ્રીને બબ્બે દોષો જાણવા.***

• **વિવેચન-૭૮૫ :-**

આ બધામાં એક અધમ નિહ્નવ ગોષ્ઠા માહિલને છોડીને જમાલિ વગેરે બધાંએ યાવજ્જીવન પ્રત્યાખ્યાન કરેલા પણ અપ્રત્યાખ્યાનને ઈચ્છ્યા નથી.

[શંકા] પ્રકરણથી જ આ જણાય છે, અર્થનો ઉપન્યાસ શા માટે ? દરરોજ ઉપયોગથી પ્રત્યાખ્યાનના ઉપયોગીપણાથી આત્મા કંઈપણ ન રહે, તે જ સ્વીકારે, તે માટે કહેલ છે. અહીં જણાવે છે - નિહ્નવોમાં પણ પ્રત્યાખ્યાનમાં આ જ મત છે. હવે આમનામાં એક-એક મધ્યે બબ્બે દોષ જાણવા. એક નિહ્નવને મૂકીને આ કથન છે. ભાવાર્થ અમે કહીએ છીએ.

પરસ્પરથી જેમ બહુ-બહુરતા જીવ-પ્રદેશિકો. બે કારણથી તેને મિથ્યાદૃષ્ટિ છે. જે કહે છે — એક પ્રદેશો જીવ તથા કરાતું કર્યુ. એમ બધે જ યોજવું. ગોષ્ઠામાહિલને આશ્રીને એકૈકને ત્રણ દોષો છે. જેમકે બહુરતોને ગોષ્ઠામાહિલ કહે છે — આપને ત્રણ દોષથી મિથ્યાદૃષ્ટિ છે — જેમ કરેલું કર્યુ. તથા બદ્ધ કર્મ વેદાય છે અને યાવજ્જીવ પ્રત્યાખ્યાન.

તેમાં આ મતો શું સંસારને માટે છે કે અપવર્ગને માટે ? તે આશંકા નિવારવાને



કહે છે —

• **નિર્યુક્તિ-૭૮૬ :-**

***આ સાતે મતો જન્મ, જરા, મરણ, ગર્ભવાસના સ્થાનરૂપ સંસારનું મૂળ છે. આ સાતે નિર્ગ્રન્થરૂપે [વેશથી] રહેલા છે.***

• **વિવેચન-૭૮૬ :-**

આ સાત મત છે, બોટિકો તો મિથ્યાદૃષ્ટિ જ છે. તેનો વિચાર ન કરવો. जाति - નારકાદિ પ્રસૂતિ લેવી. તેથી ગર્ભવાસનું ગ્રહણ અદુષ્ટ છે. मूल - કારણ થાય છે. જન્મ-જરા-મરણ-ગર્ભવાસનું મૂળ ન થાય. તેથી કહે છે — संसार - તિર્યંચ, મનુષ્ય, નારક, દેવ ભવની અનુભૂતિરૂપ, એવો દીર્ઘ સંસાર ગ્રહણ થાય છે. નિર્ગ્રન્થ રૂપથી જ.

[શંકા] શું આ નિહ્નવો સાધુઓ છે ? કે અન્યતીર્થિક છે ? કે ગૃહસ્થ છે ? [સમાધાન] સાધુ નથી. માત્ર વેશથી તેવા દેખાય છે. કેમકે એક સાધુને માટે કરાયેલા અશન આદિ બાકીનાને અકલ્પ્ય છે. તેવું નિહ્નવોમાં નથી. કહે છે —

• **નિર્યુક્તિ-૭૮૭ :-**

***પ્રવચન મુજબ ક્રિયા કરનારાને આશ્રીને જે કર્યુ કે કરાવ્યુ હોય તે મૂલગુણ કે ઉત્તરગુણ સંબંધી હોય તો પણ પરિભોગમાં ભજના.***

• **વિવેચન-૭૮૭ :-** *[ચૂર્ણિમાં આની વ્યાખ્યા ભિન્નપણે પણ સારી છે.]*

પ્રવચન નીહૂય - યથોક્ત ક્રિયાકલાપ પ્રત્યકિંચિત્ કરોને જે અશનાદિ, તેમના માટે કરે, જે કાળ - જે ક્ષેત્રમાં તેની પરિહરણામાં ભજના. કદાચિત્ ઉપભોગ થાય, કદાચિત્ ન થાય. જો લોકો ન જાણતા હોય કે આ નિહ્નવો છે, સાધુથી જુદા છે, ત્યારે પરિભોગ થાય. જો લોકો જાણતા હોય તો પરિભોગ ન થાય અથવા પરિભોગ કહે છે — ધારણા, ઉપભોગ, પરિહરણા તેનો પરિભોગ. તેમાં ભજના કરવી જોઈએ. मूल - મૂલગુણ વિષય આધાકર્મ આદિ, ઉત્તરગુણ વિષય ક્રીમ-કૃતાદિ, તેઓ સાધુઓ નથી, ગૃહસ્થ પણ નથી, કેમકે વેશ ધારણ કરેલ છે અન્યતીર્થિક પણ નથી. આ બધાં કારણે તેમના માટે જે કંઈ કરાયેલ હોય તે-તે બધું કલ્પે. કેમકે આ બધાં અવ્યક્ત છે, એમ ગાથાર્થ છે.

શંકા-બોટિકો માટે જે કરેલ છે, તેમાં શું કહો છો ?

• **નિર્યુક્તિ-૭૮૮ :-**

***મિથ્યાદૃષ્ટિકોને માટે મૂળગુણો અને ઉત્તરગુણોને આશ્રીને જે કંઈ બનેલ કે બનાવેલ હોય તે શુદ્ધ હોવાથી સાધુને કલ્પે છે.***

• **વિવેચન-૭૮૮ :-**

મિથ્યાદૃષ્ટિ એટલે બોટિકો. તેમને માટે જે કાળ કે જે ક્ષેત્રમાં જે કંઈ અશનાદિ કરેલ હોય તે બધાં જ કલ્પે છે. - x - સમવતાર દ્વાર કહ્યું. હવે અનુમત દ્વારની વ્યાખ્યા કહે છે — તેમાં જે જે નયના સામાયિક મોક્ષમાર્ગત્વથી અનુમત છે, તેને દર્શાવવાને માટે કહે છે —

● નિર્યુક્તિ-૭૮૯ :-

*વ્યવહાર નયથી તપ પ્રધાન સંયમ અને નિર્ગ્રન્થ પ્રવચન [તે સામાયિક છે] શબ્દ અને ઋજુસૂત્રના મતે સંયમને જ મોક્ષ માનેલ છે.*

● વિવેચન-૭૮૯ :-

જે તપાવે તે તપ. તપ પ્રધાન સંયમ તે તપસ્સંયમ. મોક્ષના અંગપણે આને અભિષ્ટ-અનુમત છે. નિર્ગ્રન્થોનું આ તે - નૈર્ગ્રન્થ્ય એટલે આર્હતમ્. શું ? પ્રવચન-શ્રુત. च શબ્દ અનુક્ત સમ્યકત્વ સામાયિકના સમુચ્ચયને માટે છે. ववहार - એ પ્રમાણે વ્યવહારમાં રહેલ છે. વ્યવહારના ગ્રહણથી તેની પૂર્વેના નૈગમ અને સંગ્રહ બંને નયો પણ ગ્રહણ કરવા. તેથી આ પ્રમાણે કહેવાય કે — નૈગમ, સંગ્રહ અને વ્યવહાર ત્રણે પણ સામાયિકને મોક્ષમાર્ગપણે સ્વીકારે છે.

તપ અને સંયમના ગ્રહણથી ચારિત્ર સામાયિક, પ્રવચનના ગ્રહણથી શ્રુત સામાયિક, च શબ્દથી સમ્યકત્વ સામાયિક લેવું.

શંકા - જો એમ છે, તો મિથ્યાદૃષ્ટિઓ શા માટે ? સમાધાન-કેમકે વ્યસ્તને પણ અનુમત છે, સાપેક્ષ જ નથી. વળી શબ્દ અને ઋજુસૂત્ર કારણમાં કાર્યના ઉપચારથી નિર્વાણમાર્ગ જ નિર્વાણ, તેને સંયમ માને છે. ઋજુસૂત્રને ઉલ્લંઘીને શબ્દનું કથન બાકીના આગળના નયના અનુમતના સંગ્રહને માટે છે. અહીં એવું કહે છે — ઋજુસૂત્રાદિ બધાં ચારિત્ર સામાયિકને જ મોક્ષમાર્ગપણે અનુમત માને છે. બાકીના બે નહીં. કેમકે તેના અભાવમાં મોક્ષનો જ અભાવ છે.

તેથી કહે છે — સમગ્ર જ્ઞાન-દર્શનના લાભમાં પણ અનંતર જ મોક્ષ નથી. પણ સર્વ સંવરરૂપ ચારિત્રની પ્રાપ્તિ પછી જ મોક્ષ છે. તેથી તે ભાવના ભાવિતપણાથી તે જ મોક્ષમાર્ગ છે. - x - x -

હવે બીજી દ્વારગાથાનો પહેલો અવયવ 'किम' એ દ્વારની વ્યાખ્યા કરે છે — સામાયિક શું છે ? શું તે જીવ છે ? કે અજીવ છે ? અથવા બંને છે ? અથવા બંને નથી ? જીવ-અજીવત્વમાં પણ શું દ્રવ્ય છે ? કે ગુણ છે ? તે આશંકાને સંભવમાં કહે છે—

● નિર્યુક્તિ-૭૯૦ :-

*આત્મા એ જ સામાયિક છે. પ્રત્યાખ્યાન કરતો આત્મા થાય છે. તેથી નિશ્ચે સર્વ દ્રવ્યોના વિષય સંબંધી પ્રત્યાખ્યાન હોય છે.*

● વિવેચન-૭૯૦ :-

आत्मा - જીવ. खलु શબ્દ નિશ્ચય અર્થમાં છે. આત્મા જ સામાયિક છે, તેથી જીવાદિ પૂર્વોક્ત વિકલ્પનો વ્યવચ્છેદ કરે છે. - x - પ્રત્યાખ્યાન કરતો, ક્રિયાકાળ અને નિષ્ઠાકાળના અભેદથી વર્તમાનમાં જ અતીતની આપત્તિથી કૃત પ્રત્યાખ્યાન ગ્રહણ કરાય છે. તે જ પરમાર્થ થકી આત્મા છે. શ્રદ્ધાન્-જ્ઞાન-સાવધ નિવૃત્તિમાં અસ્વભાવ અવસ્થિત હોવાથી, બાકીના સંસારી આત્મા ન જ થાય, કેમકે તેમને પ્રચુર ઘાતિકર્મો વડે સ્વાભાવિક ગુણોનો તિરસ્કાર કરે છે. તેથી બીજી વખત 'આત્મા'



શબ્દનું ગ્રહણ કરેલ છે.

तं खलु માં खलु શબ્દ સામાયિકની જીવ પરિણતિત્વના જ્ઞાપન અર્થે છે. તે પ્રત્યાખ્યાન જીવપરિણતિ રૂપત્વથી વિષયને આશ્રીને બધાં દ્રવ્યોના આભિમુખ્યતાથી સમવાયમાં નિષ્પન્ન થાય છે. તેના શ્રદ્ધેય, જ્ઞેય, ક્રિયા ઉપયોગીત્વથી સર્વદ્રવ્યોના - એમ કહ્યું.

[શંકા] સામાયિક શું છે ? એ સ્વરૂપ પ્રશ્ન પ્રસ્તુત છતાં વિષય નિરૂપણ આનો અન્યાય્ય છે કેમકે બાહ્ય શાસ્ત્રવત્ અપ્રસ્તુત છે. [સમાધાન] અપ્રસ્તુત્વાદિ અસિદ્ધ છે. તેથી કહે છે — સામાયિકનું વિષય નિરૂપણ પ્રસ્તુત જ છે. કેમકે તે સામાયિકના અંગભૂતપણે છે. સામાયિકમાં આત્માવત્. વધુ વિસ્તાર કરતા નથી.

તેમાં જે કહ્યું — "આત્મા જ સામાયિક છે, તેમાં જેવા સ્વરૂપની આ સામાયિક છે તેવા સ્વરૂપે જણાવતા ભાષ્યકાર કહે છે —

● ભાષ્ય-૧૪૯ :-

*સાવધ યોગથી વિરત, ત્રિગુપ્ત, છકાયમાં સંયત, ઉપયુક્ત, યતના કરતો આત્મા સામાયિક હોય છે.*

● વિવેચન-૧૪૯ :- *[ચૂર્ણિમાં નય આશ્રિત સુંદર વિવેચન છે.]*

સાવધ યોગ વિરત - અવધ તે મિથ્યાત્વ-કષાય-નોકષાયરૂપ. અવધ સહિત તે સાવધ. તેના યોગથી નિવૃત્ત, મન-વચન-કાયાથી ગુપ્ત, છ જીવનિકાયમાં યતનાવાન્, અવશ્ય કર્તવ્ય યોગમાં સદા ઉપયુક્ત તેના આસેવનથી તેમાં પ્રયત્નવાન્. આવો આત્મા સામાયિક થાય.

હવે જે કહેલું કે "तं खलु पच्चक्खाणं०" તેમાં સાક્ષાત્ મહાવ્રતરૂપ ચારિત્ર સામાયિકને આશ્રીને સર્વદ્રવ્ય વિષયતા દેખાડે છે.

● નિર્યુક્તિ-૭૯૧ :-

*પહેલા મહાવ્રતમાં સર્વે જીવો, બીજા અને છેલ્લામાં સર્વે દ્રવ્યો, બાકીના મહાવ્રતમાં તે દ્રવ્યના એક દેશ સંબંધી દ્રવ્યો છે.*

● વિવેચન-૭૯૧ :-

પહેલા પ્રાણાતિપાત નિવૃત્તિરૂપ વ્રતમાં વિષયદ્વારથી વિચારતા ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર રૂપ બધાં જીવો વિષયપણે જાણવા. તેના અનુપાલનરૂપત્વથી તેમ કહ્યું. બીજા મૃષાવાદ નિવૃત્તિરૂપ અને પરિગ્રહ નિવૃત્તિરૂપમાં સર્વ દ્રવ્યો વિષયપણે જાણવા કેમ ? પંચાસ્તિકાયાત્મક લોક નથી, એ મૃષાવાદનું સર્વદ્રવ્યવિષયત્વ અને બીજા વ્રતના નિવૃત્તરૂપત્વથી એમ કહ્યું. મૂર્છા દ્વારથી પરિગ્રહનું પણ સર્વદ્રવ્ય વિષયત્વ અને પાંચમાં વ્રતની નિવૃત્તિરૂપત્વથી સંપૂર્ણ દ્રવ્યવિષયતા છે.

બાકીના મહાવ્રતો દ્રવ્યના એકદેશથી જ છે. - x - કઈ રીતે ? ત્રીજા ગ્રહણ ધારણીય દ્રવ્ય અદત્તાદાનની વિરતિરૂપત્વથી છે. ચોથામાં રૂપ અને રૂપ સહગતદ્રવ્ય સંબંધી અબ્રહ્મની વિરતિ રૂપત્વથી છે અને છટ્ઠામાં રાત્રિભોજનવિરતિ રૂપત્વથી છે.

એ પ્રમાણે ચારિત્ર સામાયિક નિવૃત્તિ દ્વારથી સર્વ દ્રવ્યવિષયક છે શ્રુત સામાયિક

પણ શ્રુતજ્ઞાનાત્મકત્વથી સર્વ દ્રવ્ય વિષયક જ છે. સમ્યકત્વ સામાયિક પણ સર્વ દ્રવ્યોના ગુણ અને પર્યાયો સહના શ્રદ્ધાન રૂપત્વથી સર્વ વિષયક જ છે. હવે પ્રસ્તુત વાત - સામાયિક અજીવ આદિના વ્યુદાસથી જીવ જ છે. તેના નયમત ભેદથી દ્રવ્યગુણ પ્રાપ્તિમાં સર્વે નયના આધાર દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક વડે સ્વરૂપ વ્યવસ્થા—

**• નિર્યુક્તિ-૭૯૨ :-**

***દ્રવ્ય નયથી ગુણ યુક્ત જીવ એ સામાયિક છે, અને પર્યાય નયથી જીવનો ગુણ એ સામાયિક છે.***

**• વિવેચન-૭૯૨ :-** *[આ વિવેચન તજ્જ્ઞ પાસેથી સમજવું.]*

જીવ એટલે આત્મા. ગુણો વડે પ્રતિપન્ન - આશ્રિત. ગુણ એટલે સમ્યકત્વ આદિ. દ્રવ્યાર્થિક નયથી સામાયિક એ જ વસ્તુતઃ "આત્મા જ સામાયિક" છે. ગુણો - તેનાથી વ્યતિરિક્ત અનવગમ્ય માનત્વથી હોતા નથી. તેની પ્રતિપત્તિ એ તેની ભ્રાંતિ છે. તે જ સામાયિકાદિ ગુણો પર્યાયાર્થિક નયના છે. - x - ગુણથી અતિરિક્ત જીવ હોતો નથી. તેથી ગુણ જ સામાયિક છે તેમ માનવું, પણ જીવને સામાયિક ન માનવો.

હવે પર્યાયાર્થિક જ સ્વપક્ષના સમર્થન માટે કહે છે —

**• નિર્યુક્તિ-૭૯૩ :-**

***ગુણો ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને પરિણમે છે, પરંતુ દ્રવ્યો ઉત્પન્નાદિ થતાં નથી. દ્રવ્યથી ઉત્પન્ન થયેલા ગુણો છે, પણ ગુણોથી ઉત્પન્ન થયેલા દ્રવ્યો નથી.***

**• વિવેચન-૭૯૩ :-**

ઉત્પન્ન થાય અને વ્યય પામે. આના વડે ગુણો ઉત્પાદ વ્યયરૂપે પરિણમે છે. च શબ્દ જ કાર અર્થે છે. તેનો પ્રયોગ આ રીતે — દ્રવ્યો નહીં પણ ગુણો જ ઉત્પાદ અને વ્યયરૂપે પરિણમે છે. માટે ગુણો જ છે - પાંદડાના લીલા અને લાલ વર્ણાદિવત્. તે સિવાય કોઈ ગુણી છે જ નહીં. કેમકે ગુણીમાં ઉત્પાદ-વ્યય-પરિણામ રહિતતા છે. દ્રવ્યથી પ્રભવતા ગુણો ન હોય, ગુણથી પ્રભવતા દ્રવ્યો ન હોય. કારણત્વ અને કાર્યત્વ ન હોવાથી દ્રવ્યોનો જ અભાવ થાય. [ઈત્યાદિ બધું તજ્જ્ઞ પાસેથી જાણવું.]

એ પ્રમાણે પર્યાયાર્થિક મતે સ્વમત - "ગુણો જ સામાયિક" એમ સ્થાપતા દ્રવ્યાર્થિક નય કહે છે - દ્રવ્ય જ પ્રધાન છે, ગુણો નહીં.

**• નિર્યુક્તિ-૭૯૪ :-**

***જે જે દ્રવ્ય જે જે ભાવરૂપે પ્રયોગ અને વિસ્રસારૂપે પરિણમે તે દ્રવ્ય છે. જિનેશ્વર તે દ્રવ્યોને તે ભાવે જાણે છે, અપર્યાયમાં જ્ઞાન અર્થાત્ જાણપણું નથી.***

**• વિવેચન-૭૯૪ :-** *[નિર્યુક્તિ દીપિકા આધારિત જ નોંધ્યુ છે.]*

અરિહંત પરમાત્મા જે-જે દ્રવ્ય જે જે ભાવરૂપે પ્રયોગથી કે સ્વાભાવિક રૂપે પરિણમે છે, તે દ્રવ્યોને તે તે ભાવે-પરિણામે જાણે છે, અપર્યાયમાં પરિજ્ઞા નથી. માટે પર્યાય વિશિષ્ટ દ્રવ્ય પ્રમાણભૂત છે. તેથી સમતાયુક્ત આત્મા જ સામાયિક છે. એ



જ તત્ત્વરૂપ છે.

એ પ્રમાણે ઉભયનયને જાણીને શિષ્ય પૂછે છે — અહીં તત્ત્વ શું છે ? સામાયિક ભાવ પરિણત આત્મા જ સામાયિક છે. તેથી જે સત્ છે, તે દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ છે. તેથી આગમમાં કહ્યું છે —

**• નિર્યુક્તિ-૭૯૫ :-**

***જે જે દ્રવ્ય જે જે ભાવરૂપે પ્રયોગ અને સ્વાભાવિક રૂપે પરિણમે છે, તે દ્રવ્ય છે. જિનેશ્વરો તેને તે રૂપે જાણ છે. અપર્યાયમાં જ્ઞાન નથી.***

**• વિવેચન-૭૯૫ :-**

જે જે દ્રવ્ય જે-જે આધ્યાત્મિક અને બાહ્ય ભાવોમાં પ્રયોકથી કે વિસ્રસાથી પરિણમે છે આદિ ભાવાર્થ પૂર્વવત્. તે તે પરિણામથી જ જિનવર જાણે છે. આદિ - x - કેવલીએ તેમ જાણેલ છે. હવે કતિવિધ દ્વાર —

**• નિર્યુક્તિ-૭૯૬ :-**

***સામાયિક ત્રણ ભેદે છે — સમ્યકત્વ, શ્રુત અને ચારિત્ર. ચારિત્ર બે ભેદે છે — અગારિક અને અણગારિક.***

**• વિવેચન-૭૯૬ :-** *[ચૂર્ણિ અને દીપિકાનું વિવેચન કંઈક વિશેષથી છે.]*

સામાયિક શબ્દનો અર્થ પૂર્વે કહ્યો. ત્રણ ભેદ કહ્યા. 'च' શબ્દ સ્વગત ભેદે છે — અગારિક અને અણગારિક. તે બે ભેદે છે — નિસર્ગથી અને અધિગમથી. અથવા દશ ભેદે છે — પ્રત્યેકના ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક ભેદથી. અથવા ત્રણ ભેદે છે — ક્ષાયિક, ક્ષાયોપસમિક અને ઔપશમિક અથવા કારક, રોચક અને વ્યંજક ભેદથી છે.

શ્રુત એટલે શ્રુતસામાયિક, તે સૂત્ર, અર્થ અને ઉભયરૂપ ત્રણ ભેદે છે. અક્ષર, અનક્ષરાદિ ભેદથી અનેકવિધ છે.

ચારિત્ર સામાયિક - ક્ષાયિકાદિ ત્રણ ભેદે છે અથવા સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ભેદથી પાંચ પ્રકારે છે. અથવા ગૃહીત સંપૂર્ણ વિકલ્પ બે ભેદે છે — આગાર સામાયિક અને અણગાર સામાયિક. - x - अगाः- વૃક્ષો, તેના વડે કરેલ તે અગાર-ગૃહ, તે જેને છે તે - આગારિક. દેશવિરતિના વિવિધરૂપથી આ અનેકભેદે છે. અણગાર - સાધુ, તેનું આ તે અણગારિક.

[શંકા] સમ્યકત્વ અને શ્રુત સામાયિક છોડીને ચારિત્ર સામાયિકનું સાક્ષાત્ અભિધાન શા માટે ? [સમાધાન] ચારિત્ર સામાયિક હોતાં તે બંને સામાયિક નિયમા હોય, તે જણાવવાને માટે છે અથવા ચરમત્વથી આના ભેદો કહેવાથી, બાકી બંનેના પણ કહેવા. તેમ જણાવવા માટે છે.

હવે ભાષ્યકૃત્ શ્રુત સામાયિકની વ્યાખ્યા

**• ભાષ્ય-૧૫૦ :-**

***અધ્યયન ત્રણ ભેદે છે — સૂત્ર, અર્થ અને તદુભય. બાકીના પણ અધ્યયનોમાં એ જ નિર્યુક્તિ છે.***

• વિવેચન-૧૫૦ :-

અધ્યયન પણ ત્રણ ભેદે છે — સૂત્ર વિષયક, અર્થવિષયક અને તદુભય વિષયક. अपि શબ્દથી સમ્યક્ત્વ સામાયિક પણ ઔપશમિકાદિ ભેદથી ત્રણ પ્રકારે છે. આ ઉપોદ્ઘાત નિર્યુક્તિથી સંપૂર્ણ અધ્યયન વ્યાપ દર્શાવતા કહે છે — ચતુર્વિંશતિસ્તવાદિ અન્ય અધ્યયનોમાં આ જ નિર્યુક્તિ હોય છે. - x - x - હવે कस्य દ્વારનું પ્રતિપાદન કરે છે - તે કોને હોય ?

• નિર્યુક્તિ-૭૯૭ :-

***જેનો આત્મા સંયમ, નિયમ અને તપમાં સ્થિત હોય, તેને સામાયિક હોય છે, એમ કેવલીએ કહેલું છે.***

• વિવેચન-૭૯૭ :-

જેનો सामानिक - સન્નિહિત, અપ્રવસિત, આત્મા, સંયમ - મૂલ ગુણોમાં, નિયમ-ઉત્તરગુણોમાં, તપસ્ - અનશનાદિરૂપ હોય એવા પ્રકારના અપ્રમાદીને સામાયિક હોય છે, એ પ્રમાણે કેવલી વડે કહેવાયેલ છે.

• નિર્યુક્તિ-૭૯૮ :-

***જે ત્રસ, સ્થાવર સર્વભૂતોમાં સમાન છે, તેને સામાયિક થાય છે, એ પ્રમાણે કેવલીએ કહેલ છે.***

• વિવેચન-૭૮૯ :-

સમ - મધ્યસ્થ, આત્માની માફક જુએ છે. સર્વભૂત - સર્વપ્રાણી, ત્રસ - બેઇન્દ્રિયાદિ, સ્થાવર - પૃથ્વી આદિ, - x - હવે ફલ પ્રદર્શનદ્વારથી —

• નિર્યુક્તિ-૭૯૯ :-

***સાવધયોગ પરિવર્જનાર્થે સામાયિક પરિપૂર્ણ પ્રશસ્ત છે. તે ગૃહસ્થ ધર્મથી પ્રધાન જાણી, વિદ્વાનો આત્મહિત અને મોક્ષ માટે કરે.***

• વિવેચન-૭૯૯ :-

સાવધયોગનો ત્યાગ કરવાને માટે સામાયિક પરિપૂર્ણ પવિત્ર છે આ જ ગૃહસ્થ ધર્મથી પ્રધાન છે. એમ જાણીને વિદ્વાનો આત્મોપકારક અને મોક્ષના હેતુ માટે પણ દેવલોકાદિની પ્રાપ્તિ માટે નહીં, સામાયિક કરે. આના દ્વારા નિયાણાનો ત્યાગ કહ્યો. પરિપૂર્ણ સામાયિક કરવાની શક્તિના અભાવે ગૃહસ્થ પણ ગૃહસ્થ સામાયિક કરે છે — करेमि भंते सामाइयं० આદિ. તેને બધું ત્રિવિધ-ત્રિવિધે પચ્ચક્ખાણ કરવામાં શો દોષ છે ? તે કહે છે. પ્રવૃત્ત કર્મ આરંભની અનુમતિથી અનિવૃત્તિને લીધે કરવાનો અસંભવ છે. તથા ભંગ પ્રસંગ દોષ લાગે કહે છે —

• નિર્યુક્તિ-૮૦૦ :-

***"હું સર્વ સાવધ તજુ છું" એમ બોલી જેને સર્વ સામાયિક નથી તે સર્વ વિરતિવાદી દેશથી અને સર્વથી બંનેથી ચૂકે છે.***

• વિવેચન-૮૦૦ :-

સર્વ શબ્દથી સર્વ સાવધ યોગને ત્રિવિધ ત્રિવિધે પચ્ચક્ખે છે. આ પ્રમાણેની



નિવૃત્તિ પ્રગટ કરીને, જેને સર્વ વિરતિ નથી. કેમકે પ્રવૃત્ત કર્મના આરંભની અનુમતિનો સદ્ભાવ છે, તે સર્વ વિરતિ વાદી દેશ અને સર્વ વિરતિ બંનેને ચૂકે છે. કેમકે 'પ્રતિજ્ઞાત'ને કરેલ નથી.

આગમમાં ત્રિવિધ ત્રિવિધે ગૃહસ્થ પ્રત્યાખ્યાન કહેલ છે, તે કેવી રીતે ? તે સ્થૂળ સાવધયોગ વિષયક છે. અહીં વૃત્તિકારશ્રી ભાષ્યની ત્રણ ગાથા દ્વારા ઉક્ત કથનની સાક્ષી આપે છે. પછી લખે છે કે — તો પણ પરલોકના ગૃહસ્થ સામાયિક કરવી જોઈએ. કેમકે તે પણ વિશિષ્ટ ફલ સાધકપણે છે.

• નિર્યુક્તિ-૮૦૧ :-

***સામાયિક કરતો એવો શ્રાવક શ્રમણ સમાન જેથી થાય છે. તે - તે કારણોથી વારંવાર સામાયિક કરવું જોઈએ.***

• વિવેચન-૮૦૧ :-

સામાયિક જ કરતો એવો શ્રાવક શ્રમણ જેવો થાય છે, કારણ કે પ્રાયઃ અશુભયોગરહિતત્વથી અર્થાત્ કર્મવેદક છે માટે વારંવાર સામાયિક કરવું.

• નિર્યુક્તિ-૮૦૨ :-

***ઘણાં પ્રકારના શબ્દાદિ વિષયમાં હંમેશાં જીવ ઘણો પ્રમાદી છે. એ કારણથી ગૃહસ્થે વારંવાર સામાયિક કરવું જોઈએ.***

• વિવેચન-૮૦૨ :-

જીવ પ્રમાદની બહુલતાવાળો છે. बहुशः અનેક પ્રકારે પણ, ઘણાં પ્રકારના શબ્દાદિમાં પ્રમાદવાન્ અને એકાંતે અશુભબંધક જ છે. તેથી - આ કારણથી તેનો પરાજય કરવા માટે વારંવાર સામાયિક કરે અર્થાત્ મધ્યસ્થ થાય.

હવે સંક્ષેપથી સામાયિકવાળાના મધ્યસ્થ લક્ષણ —

• નિર્યુક્તિ-૮૦૩ :-

***જે રાગમાં વર્તતો નથી, દોષમાં વર્તતો નથી, બંનેના મધ્યમાં વર્તે છે, તે મધ્યસ્થ ગણાય છે, બાકીના બધાં અમધ્યસ્થ છે.***

• વિવેચન-૮૦૩ :-

ગાથાર્થ કહ્યો. હવે ક્યાં કયું સામાયિક હોય છે ? તે કહે છે —

• નિર્યુક્તિ-૮૦૪ થી ૮૦૬ :-

***ક્ષેત્ર, દિશા, કાળ, ગતિ, ભવ્ય, સંજ્ઞી, ઉચ્છ્વાસ, દૃષ્ટિ, આહાર, પર્યાપ્તિ, સુતેલ, જન્મ, સ્થિતિ, વેદ, સંજ્ઞા, કષાય, આયુ, જ્ઞાન, યોગ, ઉપયોગ, શરીર, સંસ્થાન, સંઘયણ માન, લેશ્યા, પરિણામ, વેદના, સમુદ્ઘાત, કર્મ, નિર્વેષ્ટન, ઉદ્વર્તન, આશ્રવકરણ, અલંકાર, શયન, આસન, સ્થાન અને ચંક્રમણને આશ્રીને ક્યાં કયું સામાયિક થશે ?***

• વિવેચન-૮૦૪ થી ૮૦૬ :-

આનો સમુદાયાર્થ ક્ષેત્રથી આહારકને આશ્રીને આલોચવો જોઈએ કે ક્યાં કયું સામાયિક હોય ? તથા પર્યાપ્ત આદિ સ્થાન સુધીના દ્વારોને આશ્રીને અને

સંક્રમણને વિષય કરીને ક્યાં - કયું સામાયિક તે વિચારવું જોઈએ. અવયવાર્થ તો પ્રતિદ્વારે સ્વયં જ કહેશે. તેમાં ઉર્ધ્વ લોકાદિ ક્ષેત્રને આશ્રીને સમ્યકત્વાદિ સામાયિકોના લાભાદિ ભાવ —

**● નિર્યુક્તિ-૮૦૭ :-**

***સમ્યકત્વ અને શ્રુતસામાયિકની પ્રાપ્તિ ઉર્ધ્વ, અધો અને તીર્છાલોકમાં, વિરતિ મનુષ્યલોકમાં, દેશવિરતિ તિર્યંચોમાં હોય છે.***

**● વિવેચન-૮૦૭ :-**

સમ્યકત્વ અને શ્રુતસામાયિકની પ્રાપ્તિ ત્રણે લોકમાં હોય છે. અહીં આવી ભાવના છે - ઉર્ધ્વલોકમાં મેરુ અને અસુરલોકાદિમાં જે જીવો સમ્યકત્વ પામે તેમને શ્રુતજ્ઞાન પણ હોય ત્યારે તે સમ્યક્ શ્રુત થાય. એ રીતે અધોલોકમાં પણ મહાવિદેહમાં અધોલૌકિક ગામોમાં અને નરકોમાં જે પામે છે, એ પ્રમાણે તીર્છાલોકમાં પણ છે. સર્વ વિરતિ સામાયિકનો લાભ મનુષ્યલોકમાં જ થાય છે. બીજે નહીં. - x - ક્ષેત્ર નિયમ તો વિશિષ્ટ શ્રુતવિદો જ જાણે છે. દેશવિરતિ સામાયિક લક્ષણના લાભના વિચારમાં તિર્યંચોમાં હોય, કેટલાંક મનુષ્યોમાં પણ હોય.

**● નિર્યુક્તિ-૮૦૮ :-**

***પૂર્વપ્રતિપન્નક વળી ત્રણે લોકમાં નિયમથી ત્રણેના હોય. ચારિત્ર બે લોકમાં નિયમા અને ઉર્ધ્વલોકમાં ભજના હોય છે.***

**● વિવેચન-૮૦૮ :-**

ગાથાર્થ કહ્યો. હવે દિશાનું સ્વરૂપ પ્રતિપાદનાર્થે કહે છે —

**● નિર્યુક્તિ-૮૦૯ :-**

***નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, તાપક્ષેત્ર, પ્રજ્ઞાપક અને સાતમી ભાવદિશા તે અઢાર પ્રકારે છે.***

**● વિવેચન-૮૦૯ :-**

નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યદિશા છે તે જઘન્યથી ૧૩ પ્રદેશિક અને દશ દિશાથી ઉત્પન્ન દ્રવ્ય છે. તેમાં એકૈક પ્રદેશ વિદિશાનો તે ચાર, મધ્યમાં એક, ચારે દિશામાં બબ્બે એ રીતે ૧૩ પ્રદેશ થાય. - x - x - ઉત્કૃષ્ટથી તે અનંત પ્રદેશિક છે. ક્ષેત્રદિશાના અનેક ભેદો છે — મેરુ મધ્યે આઠ પ્રાદેશિક રુચકથી બહાર બે આદિ ઉત્તર શ્રેણિમાં શકટોર્દ્ધિ સંસ્થાનવાળી ચાર દિશા, ચાર અંતરાલ કોણમાં અવસ્થિત એક પ્રદેશિકા છિન્નાવલિ સંસ્થાનવાળી ચારે વિદિશા, ઉર્ધ્વ ચતુઃપ્રદેશિક ચતુરસ્ર દંડ સંસ્થાને એક, નીચે પણ એ જ પ્રકારે બીજી છે. વૃત્તિકારશ્રી તેના સાક્ષી પાઠમાં ત્રણ ગાથા પણ ઉક્તાર્થ નોંધે છે. સ્થાપના દર્શાવે છે —

આ દિશાઓના નામો આ પ્રમાણે છે — ઐન્દ્રી [પૂર્વા], આગ્નેયી, યમા [દક્ષિણ], નૈઋર્તી, વારુણી [પશ્ચિમ], વાયવ્ય, સૌમ્યા [ઉત્તર], ઈશાન, વિમલા [ઉર્ધ્વા], તમા [અધો] એ દશ દિશા જાણવી. વિજયદ્વારને અનુસરતી ઐન્દ્રી આદિ દિશા પ્રદક્ષિણા ક્રમે જાણવી. તેમાં આઠ તીર્છી અને ઉર્ધ્વમાં વિમલા તથા અધોમાં તમા



દિશા છે. તાપક્ષેત્ર દિશા — તાપ એટલે સૂર્ય, તેને આશ્રીને ક્ષેત્ર દિશા તે અનિયત છે. જેને જ્યાંથી સૂર્ય ઉગે, તેમને તે પૂર્વા દિશા થાય. પૂર્વથી પ્રદક્ષિણા ક્રમે બાકીની દિશા જાણવી. પ્રજ્ઞાપક દિશા — વક્તા જે દિશાની સામે હોય તે પૂર્વા દિશા અને બાકીની દિશા પ્રદક્ષિણા ક્રમે નિયમથી જાણવી. સાતમી ભાવદિશા - તે અઢાર પ્રકારે જ છે. જેમકે - આ અમુક જાતનો સંસારી જીવ છે, એવું જેના વડે દર્શાવાય તે ભાવ દિશા છે. તે અઢાર ભેદ આ પ્રમાણે છે —

પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, મૂળ, સ્કંધ, અગ્ર, પર્વબીજ, બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયવાળા, તિર્યંચ, નારક અને દેવ સમૂહ, સંમૂર્છમજ, કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અંતર્દ્વિપજ મનુષ્યો એ અઢાર ભાવદિશા કહેવાય.

અહીં નામ, સ્થાપના, દ્રવ્ય દિશાનો અધિકાર નથી. બાકીની દિશા વિશે અનુક્રમે સામાયિકના પ્રતિપદ્યમાનક કે પૂર્વપ્રતિપન્ન કહેવા. તેમાં ક્ષેત્રદિશાને આશ્રીને કહે છે —

**● નિર્યુક્તિ-૮૧૦ :-**

***પૂર્વાદિ મહાદિશાઓમાં પ્રતિપદ્યમાનક હોય છે, વળી પૂર્વ-પ્રતિપન્ન તો બીજી દિશાઓમાં પણ હોય છે.***

**● વિવેચન-૮૧૦ :-**

પૂર્વાદિ મહાદિશાઓમાં વિવક્ષિત કાળમાં બધાં સામાયિકોના પ્રતિપદ્યમાનકો હોય છે, વિદિશામાં હોતા નથી. કેમકે તેમાં એકપ્રદેશિકપણાથી જીવની અવગાહનાનો ભાવ છે. - x - x - પૂર્વ પ્રતિપન્નક વળી અન્યતર દિશામાં હોય છે જ. પુનઃ શબ્દ જ કાર અર્થમાં છે.

તાપક્ષેત્ર પ્રજ્ઞાપક દિશામાં વળી આઠમાં અને ચારેમાં પણ સામાયિકોના પૂર્વ પ્રતિપન્ન હોય છે. પ્રતિપદ્યમાનકો સંભવે છે. અધો અને ઉર્ધ્વ બે દિશામાં સમ્યકત્વ અને શ્રુત સામાયિકને માટે એમ જ છે દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિકના પૂર્વ પ્રતિપન્નક સંભવે છે, પણ પ્રતિપદ્યમાનક હોતા નથી. - x - x - ભાવ દિશામાં એકેન્દ્રિયોમાં પ્રતિપદ્યમાનક હોતા નથી. પૂર્વપ્રતિપન્ન પણ ન હોય. વિકલેન્દ્રિયોમાં સમ્યકત્વ અને શ્રુતસામાયિકના પૂર્વપ્રતિપન્ન સંભવે છે, પ્રતિપદ્યમાન ન સંભવે. પંચેન્દ્રિય તિર્યંચમાં સર્વવિરતિ સિવાયના પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપદ્યમાનમાં ભજના. વિવક્ષિત કાળે નારક, દેવ, અકર્મભૂમિજ, અંતર્દ્વીપજ મનુષ્યોમાં સમ્યકત્વ અને શ્રુતના પૂર્વપ્રતિપન્નક હોય છે જ બીજાની ભજના. કર્મભૂમિજ મનુષ્યોમાં ચારે સામાયિકમાં પૂર્વ પ્રતિપન્ન હોય જ, પ્રતિપદ્યમાનકની ભજના. સંમૂર્છિમમાં ઉભયનો અભાવ છે. - x -

હવે કાળદ્વાર - કાળ ત્રણ ભેદે છે. ઉત્સર્પિણી કાળ, અવસર્પિણીકાળ ઉભયના અભાવે અવસ્થિતકાળ. તેમાં ભરત અને ઐરવતમાં વીશ કોટિકોટિ સાગરોપમ પ્રમાણ કાળચક્ર ભેદથી ઉત્સર્પિણી-અવસર્પિણીગત પ્રત્યેક છ ભેદે હોય છે. તેમાં અવસર્પિણીમાં સુષમસુષમા નામે ચાર કોડાકોડી સાગરોપમના પ્રમાણના પ્રવાહથી

પહેલો, ત્રણ કોડાકોડી સાગરોપમે સુષમા નામે બીજો, સુષમદુષમા નામે બે કોડાકોડી સાગરોપમનો ત્રીજો, દુષમસુષમા નામે ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનો ચોથો દુષમા નામે ૨૧,૦૦૦ વર્ષનો પાંચમો, દુઃષમ દુઃષમા નામે ૨૧,૦૦૦ વર્ષનો છટ્ઠો આરો છે. આ જ કાળ પણ ઉલટા ક્રમથી ઉત્સર્પિણીમાં હોય. અવસ્થિકાળ ચાર ભેદે છે – સુષમસુષમા પ્રતિભાગ, સુષમા પ્રતિભાગ, સુષમદુષમા પ્રતિભાગ, દુઃષમસુષમા પ્રતિભાગ. તેમાં પહેલો દેવકુરુ-ઉત્તરકુરુમાં, બીજો હરિવર્ષ-રમ્યક્ વર્ષમાં, ત્રીજો હૈરણ્યવત્-હૈમવતમાં, ચોથો મહાવિદેહમાં જાણવો. તેમાં આવા અનેક ભેદે કાળ હોવા છતાં જે સામાયિકની જે કાળમાં પ્રતિપત્તિ હોય તે જણાવે છે –

**● નિર્યુક્તિ-૮૧૧ :-**

***છ એ પ્રકારના કાળમાં સમ્યક્ત્વ અને શ્રુતની પ્રતિપત્તિ અને બેમાં અથવા ત્રણમાં સર્વવિરતિ અને દેશવિરતિ લેનારા હોય.***

**● વિવેચન-૮૧૧ :-**

સમ્યક્ત્વ અને શ્રુત એ બંને સામાયિકની પ્રતિપત્તિ સુષમાસુષમાદિ રૂપ છ એ કાળમાં સંભવે છે. પરંતુ તેનો સ્વીકાર સુષમસુષમ આદિમાં દેશ ન્યૂન પૂર્વ કોટિ આયુષ્કમાં જ થાય છે. પૂર્વ પ્રતિપન્ન તો હોય જ છે. विरति - સમગ્ર ચારિત્રરૂપ, विरताविरति - દેશ ચારિત્રરૂપનો સ્વીકાર કોઈને બંને કાળમાં અને કોઈને ત્રણે પણ કાળમાં સંભવે છે આનો અર્થ આગળ કહીશું. તેમાં આ પ્રકૃત ભાવના છે –

ઉત્સર્પિણીમાં દુઃષમસુષમા અને સુષમદુઃષમા એ બંનેમાં અને અવસર્પિણીકાળમાં સુષમદુષમા, દુષમસુષમા અને દુષમા કાળમાં, પૂર્વ પ્રતિપન્ન તો વિધમાન હોય જ. अपि શબ્દથી સંહરણને આશ્રીને પૂર્વ પ્રતિપન્નક સર્વકાલમાં સંભવે છે. પ્રતિભાગ કાળમાં તો ત્રણેમાં સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકવાળા પ્રતિપધમાનક સંભવે છે. પૂર્વ પ્રતિપન્નક તો હોય જ. ચોથા પ્રતિભાગમાં ચારે પ્રકારના પ્રતિપધમાનક સંભવે છે. પૂર્વ પ્રતિપન્નક તો વિધમાન હોય જ. બાહ્ય દ્વીપ સમુદ્રમાં કાળ અને લિંગ રહિતમાં ત્રણે પ્રકારે પ્રતિપધમાનક સંભવે છે, પૂર્વપ્રતિપન્ન તો હોય જ.

હવે ગતિદ્વાર કહે છે –

**● નિર્યુક્તિ-૮૧૨ :-**

***ચારે ગતિઓમાં નિયમા સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકની પ્રાપ્તિ હોય છે, મનુષ્યોમાં સર્વવિરતિ અને તિર્યંચોમાં દેશવિરતિ હોય.***

**● વિવેચન-૮૧૨ :-**

ચારે ગતિઓમાં નિયમથી અર્થાત્ સમ્યક્ત્વ અને શ્રુતની પ્રાપ્તિ હોય જ અર્થાત્ વિવક્ષિત કાળે સંભવે છે. ચારેમાં મોક્ષગતિ ન જ હોય તેમ જાણવું. अपि શબ્દ પૃથ્વી આદિ ગતિ અંતર્ગત્ ન હોય. પૂર્વપ્રતિપન્ન તો આમાં પણ વિધમાન હોય. મનુષ્યોમાં વિરતીનો સ્વીકાર - સર્વ વિરતિરૂપ સંભવે છે. પૂર્વ પ્રતિપન્નને આશ્રીને સદા હોય જ. દેશવિરતિ તિર્યંચોમાં હોય છે. ભાવના મનુષ્યતુલ્ય જાણવી.

ભવ્ય સંજ્ઞીદ્વારનો અવયવાર્થ કહે છે –



**● નિર્યુક્તિ-૮૧૩ :-**

***ભવસિદ્ધિક જીવ ચારમાંથી કોઈપણ સામાયિક અંગીકાર કરે છે. અસંજ્ઞી-મિશ્રને નિષેધ છે, સંજ્ઞી ચારે સામાયિક સ્વીકારે.***

**● વિવેચન-૮૧૩ :-**

ભવસિદ્ધિક એટલે ભવ્ય. તેઓ સમ્યક્ત્વ સામાયિકાદિમાંથી કોઈ એક, બે કે બધી સ્વીકારે છે. આ વ્યવહારનયથી પ્રતિપાદિત કરેલ છે, નિશ્ચયથી કેવળ સમ્યક્ત્વ સામાયિક સંભવે છે. તેને શ્રુત સામાયિક અનુગતપણે હોય છે. એ પ્રમાણે સંજ્ઞીને પણ જાણવું. ભવ્ય સંજ્ઞીમાં પૂર્વ પ્રતિપન્નક વિધમાન જ હોય છે, અસંજ્ઞી-મિશ્ર અને ભવ્યમાં પ્રતિષેધ છે.

અહીં આ રીતે જાણવું - કોઈપણ સામાયિકનો પ્રતિપધમાનક કે પૂર્વ પ્રતિપન્નને આશ્રીને પ્રતિષેધ હોય. મિશ્રક - સિદ્ધ. કેમકે તે સંજ્ઞી નથી, અસંજ્ઞી નથી, ભવ્ય નથી કે અભવ્ય નથી, તેથી મિશ્ર છે. - x - પૂર્વ પ્રતિપન્ન અસંજ્ઞીને સાસ્વાદન જન્મમાં સંભવે છે. એ રીતે ગાથાર્થ કહ્યો.

હવે ઉચ્છ્વાસ અને દૃષ્ટિદ્વાર બંને જણાવતા કહે છે –

**● નિર્યુક્તિ-૮૧૪ :-**

***ઉચ્છ્વાસક, નિઃશ્વાસક, મિશ્રક પ્રતિષેધ દ્વિવિધ પ્રતિપન્ન, દૃષ્ટિ, બે નય-વ્યવહાર અને નિશ્ચય. [એવા પદો છે.]***

**● વિવેચન-૮૧૪ :-**

ઉચ્છ્વાસ - નિઃશ્વાસ એટલે આનાપાન પર્યાપ્તિથી નિષ્પન્ન. તે ચારે સામાયિકના પ્રતિપધમાનક સંભવે છે. પૂર્વ પ્રતિપન્ન તો હોય જ છે મિશ્ર - આનાપાન પર્યાપ્તિ વડે અપર્યાપ્ત કહેવાય. તેમાં પ્રતિપત્તિને આશ્રીને પ્રતિષેધ છે. તે ચારેના પ્રતિપધમાનક સંભવતા નથી. પણ તે જ સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકના પૂર્વ પ્રતિપન્ન હોય છે. જેમ દેવાદિનો જન્મ કાળ અથવા મિશ્ર - સિદ્ધ. તેમાં ચારેનો અને બંનેનો નિષેધ છે. શૈલેશી અવસ્થામાં દર્શન અને ચારિત્ર સામાયિકનો પૂર્વ પ્રતિપન્ન હોય છે. - x -

દૃષ્ટિને વિચારતા બે નય વિચારવા - વ્યવહાર, નિશ્ચય. તેમાં આધ સામાયિક રહિત સામાયિક પામે છે. બીજા તો તેનાથી યુક્ત જ હોય, કેમકે ક્રિયાકાળ અને નિષ્ઠાકાળનો અભેદ છે.

હવે આહારક અને પર્યાપ્તક બે દ્વાર કહે છે –

**● નિર્યુક્તિ-૮૧૫ :-**

***આહારક જીવ ચારેમાંથી કોઈપણ સામાયિક અંગીકાર કરે. એ પ્રમાણે પર્યાપ્તો પણ જાણવો. સમ્યક્ત્વ અને શ્રુત ઈતરને હોય.***

**● વિવેચન-૮૧૫ :-**

આહારકજીવ તે ચારમાંથી કોઈપણને પામે. પૂર્વપ્રતિપન્ન તો નિયમથી હોય જ. એ પ્રમાણે આહારાદિ છ એ પર્યાપ્તિથી પર્યાપ્ત ચારમાંની કોઈપણ પામે પૂર્વપ્રતિપન્ન

તો હોય જ. 'ઈતર' એટલે અનાહારક અને અપર્યાપ્તા. અનાહારકને અપાંતરાલગતિમાં સમ્યકત્વ અને શ્રુત પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપધમાનક ન હોય. કેવલીને સમુદ્ઘાત અને શૈલેશીપણામાં અનાહારકત્વમાં દર્શન અને ચારિત્ર બંને સામાયિક છે. અપર્યાપ્તો પણ સમ્યકત્વ અને શ્રુતમાં પૂર્વપ્રતિપન્ન હોય. હવે સુપ્ત અને જન્મદ્વાર –

● **નિર્યુક્તિ-૮૧૬ :-**

***નિદ્રા અને ભાવથી જાગનારને ચારમાંથી કોઈપણ હોય. અંડજ, પોતજ, જરાયુજને અનુક્રમે ત્રણ, ત્રણ અને ચાર હોય છે.***

● **વિવેચન-૮૧૬ :-**

અહીં સુપ્ત બે ભેદે છે – દ્રવ્યસુપ્ત અને ભાવસુપ્ત. એ પ્રમાણે જાગૃત પણ લેવા. તેમાં દ્રવ્યસુપ્ત નિદ્રા વડે છે. ભાવસુપ્ત તે અજ્ઞાની. તથા દ્રવ્ય જાગૃત તે નિદ્રા વડે રહિત. ભાવ જાગૃત તે સમ્યગ્દૃષ્ટિ. તેમાં નિદ્રાથી અને ભાવથી પણ જાગૃતને ચાર સામાયિકમાંથી કોઈપણ પામે. પૂર્વપ્રતિપન્ન તો હોય જ. - x - ભાવજાગૃત બે રીતે - પહેલો પૂર્વ-પ્રતિપન્ન જ અને બીજાને પ્રતિપત્તિ થાય. નિદ્રાસુપ્ત ચારેમાં પૂર્વપ્રતિપન્ન હોય, પ્રતિપધમાનક નહીં. ભાવસુપ્તને બંને ન હોય. - x -

જન્મ ત્રણ ભેદે – અંડજ, પોતજ, જરાયુજ. અંડજ - હંસ આદિને ત્રણેની પ્રાપ્તિ સંભવે છે. પૂર્વપ્રતિપન્ન તો હોય જ. પોતજ - હાથી આદિને પણ એમ જ છે. જરાયુજ - મનુષ્યો. તેમને ચારે સામાયિક હોય. ઔપપાતિકો પહેલાં બંને સામાયિક હોય. - - હવે સ્થિતિ દ્વાર કહે છે –

● **નિર્યુક્તિ-૮૧૭ :-**

***ઉત્કૃષ્ટ સ્થિતિવાળાને ચારે પૂર્વ પ્રતિપન્ન કે પ્રતિપાધમાન ન હોય. અજઘન્ય અને અનુત્કૃષ્ટને ચારેની પ્રાપ્તિ કે પૂર્વપ્રતિપ્ન્નતા હોય.***

● **વિવેચન-૮૧૭ :-**

આયુ સિવાયની સાતે કર્મ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા જીવને ચારેમાંથી એક પણ સામાયિક નથી - x - x - આયુની ઉત્કૃષ્ટ સ્થિતિમાં પહેલી બે પૂર્વપ્રતિપન્ન હોય. અજઘન્યોત્કૃષ્ટ સ્થિતિકને ચારે સામાયિક હોય. જઘન્યાયુષ્ક સ્થિતિવાળાને બંને નથી. કેમકે ક્ષુલ્લક ભવગત હોય છે શેષકર્મરાશિ જઘન્યસ્થિતિકને દેશ વિરતિ રહિત ત્રણે સામાયિક પૂર્વ પ્રતિપન્ન હોય. દર્શનસપ્તક અતિક્રાંત ક્ષપક અને અંતકૃત્ કેવલીને તે અવસ્થામાં દેશવિરતિ પરિણામનો અભાવ છે. તેમને જઘન્ય સ્થિતિ કર્મબંધત્વથી જઘન્યસ્થિતિત્વ છે. કર્મપ્રવાહ અપેક્ષાથી નહીં. - x -

હવે વેદ, સંજ્ઞા અને કષાય એ ત્રણ દ્વાર કહે છે –

● **નિર્યુક્તિ-૮૧૮ :-**

***ત્રણે વેદમાં ચારે પણ સામાયિક છે, ચારે સંજ્ઞામાં ચારેની પ્રતિપત્તિ છે. કષાયોમાં પૂર્વે વર્ણવી, તે અહીં પણ કહેવી.***

● **વિવેચન-૮૧૮ :-**

ચારે સામાયિક સ્ત્રી, પુરુષ, નપુંસક લક્ષણ ત્રણે વેદોમાં હોય છે અહીં ભાવના





આ છે – ચારે પણ સામાયિકને આશ્રીને ત્રણે વેદમાં વિવક્ષિત કાળમાં પ્રતિપધમાનક સંભવે છે, પૂર્વ પ્રતિપન્ન તો હોય જ છે. અવેદકમાં દેશવિરતિ રહિત ત્રણેમાં પૂર્વ પ્રતિપન્ન હોય છે. ક્ષીરવેદ ક્ષપક છે, તેમાં પ્રતિપધમાનક ન હોય. - - - તથા ચારે સંજ્ઞા-આહાર, ભય, મૈથુન અને પરિગ્રહરૂપમાં ચારે પ્રકારની સામાયિક હોય છે. પ્રતિપધમાનક હોય કે ન પણ હોય. સંજ્ઞારહિતને તો હોય જ છે. - x - x - સકષાયીને ચારે સામાયિક બંને પ્રકારે હોય છે, અકષાયીમાં છદ્મસ્થ વીતરાગને ત્રણમાં પૂર્વ પ્રતિપન્ન હોય. પ્રતિપધમાનક ન હોય.

- - - હવે આયુ અને જ્ઞાનદ્વાર કહે છે –

● **નિર્યુક્તિ-૮૧૯ :-**

***સંખ્યાતયુષ્ક મનુષ્યને ચારે હોય છે. અસંખ્યાતયુષ્કને ભજના છે. ઓઘ અને વિભાગથી જ્ઞાની ચારે સામાયિકને પામે.***

● **વિવેચન-૮૧૯ :-**

સંખ્યાત આયુવાળા મનુષ્ય ચારેને પામે છે, પ્રતિપન્નક તો હોય જ છે. ભજના - વિકલ્પે હોય. સમ્યકત્વ અને શ્રુત સામાયિક અસંખ્યાત વર્ષ આયુવાળાને વિકલ્પે. આ ભાવના છે - વિવક્ષિતકાળમાં અસંખ્યાત વર્ષાયુને સમ્યકત્વ અને શ્રુત પ્રતિપધમાનક સંભવે છે, પૂર્વ પ્રતિપન્ન તો હોય જ છે.

ઓઘ - સામાન્યથી જ્ઞાની ચારે સામાયિકને નય મતથી પામે છે. પૂર્વ પ્રતિપન્ન તો હોય જ. વિભાગથી આભિનિબોધિક અને શ્રુતજ્ઞાની એક સાથે પહેલાંની બે સામાયિકની પ્રાપ્તિ સંભવે છે. પૂર્વ પ્રતિપન્ન હોય જ છે આગળની બે સામાયિકની પ્રાપ્તિ સંભવે છે, પ્રતિપન્ન તો હોય જ છે અવધિ જ્ઞાનીને આધ બે સામાયિક હોય જ, પ્રાપ્તિ ન સંભવે. દેશવિરતિ સામાયિક પ્રાપ્ત ન થાય કેમકે ગુણપૂર્વકપણાથી તેની પ્રાપ્તિ છે. પૂર્વ પ્રતિપન્ન હોય. સર્વ વિરતિ સામાયિક પ્રાપ્ત પણ થાય, પૂર્વ પ્રતિપન્ન પણ હોય. મનઃ પર્યવજ્ઞાનીને દેશવિરતિ રહિતની ત્રણે સામાયિક પૂર્વ પ્રતિપન્ન હોય જ, પ્રાપ્ત ન થાય. અથવા એકસાથે તે ચારિત્ર પામે, જેમકે - તીર્થંકર. - x - ભવસ્થ કેવલીને પૂર્વપ્રતિપન્ન સામાયિક અને ચારિત્ર હોય, પ્રતિપધમાનક ન હોય.

હવે યોગ, ઉપયોગ, શરીર દ્વારને કહે છે –

● **નિર્યુક્તિ-૮૨૦ :-**

***ત્રિવિધયોગમાં ચારે પણ હોય. બંને ઉપયોગમાં ચારે પામે, ઔદારિક કાય યોગમાં ચારે હોય, વૈક્રિય કાયયોગમાં આધ બેની ભજના.***

● **વિવેચન-૮૨૦ :-**

ચારે પણ સામાયિક સામાન્યથી મન, વચન, કાયારૂપ ત્રણે યોગમાં પ્રતિપત્તિને આશ્રીને વિવક્ષિત કાળમાં સંભવે છે. પૂર્વ પ્રતિપન્નને આશ્રીને હોય જ. વિશેષથી ઔદારિક કાયયોગ વાળાને ત્રણે યોગમાં ચારે સામાયિક બંને રૂપે હોય. તૈજસ કાર્મણ કાયયોગ જ માત્ર અપાંતરાલ ગતિમાં અધ બે સામાયિક પૂર્વ પ્રતિપન્નને આશ્રીને હોય. મનોયોગમાં કેવલમાં કંઈ ન હોય કેમકે તેના અભાવ જ હોય.

વાક્યોગમાં પણ તેમજ જાણવું. કાયા અને વાક્ યોગ બંનેમાં બંને આદ્ય પૂર્વપ્રતિપન્નને આશ્રીને હોય, કેમકે સમ્યક્ત્વથી પડતા વિકલેન્દ્રિયમાં ઉપપાતમાં તે હોય.

ઉપયોગ - સાકાર અને અનાકાર ભેદમાં ચારે સામાયિક પામે અને પૂર્વપ્રતિપન્ન તો હોય જ. [શંકા] કહ્યું છે કે — બધી લબ્ધિ સાકારોપયોગને જ હોય છે, અનાકારને સામાયિક લબ્ધિ ન હોય. [સમાધાન] પ્રવર્ધમાન પરિણામ જીવવિષયત્વથી તેનો આગમ કહ્યો. અવસ્થિત ઔપશમિક પરિણાતની અપેક્ષાથી અનાકાર ઉપયોગમાં સામાયિક લબ્ધિ સ્વીકારનો વિરોધ નથી. અહીં વૃત્તિકારે ભાષ્યની બે ગાથાનો સાક્ષી પાઠ આપેલો છે.

ઔદારિક શરીરમાં ચારે સામાયિક બંને પ્રકારે હોય. સમ્યક્ત્વ અને શ્રુતની વૈક્રિયશરીરને ભજના જાણવી. - x - ઉપરની બંને સામાયિકવાળાને પૂર્વ પ્રતિપન્ન જ છે. વિકુર્વિત વૈક્રિય શરીર ચારણ શ્રાવક આદિ કે શ્રમણને પ્રાપ્તિ નથી, કેમકે તે પ્રમત્ત છે. બાકીના શરીર વિચારો યોગદ્વારાનુસાર અનુસરવા જોઈએ.

હવે સંસ્થાનાદિ ત્રણ દ્વારનો અવયવાર્થ —

**● નિર્યુક્તિ-૮૨૧ :-**

***બધાં સંસ્થાનોમાં અને બધાં સંઘયણોમાં એમ જ હોય. ઉત્કૃષ્ટ અને જઘન્ય પ્રમાણ વર્જીને મનુષ્ય પણ એ પ્રમાણે પ્રાપ્ત કરે.***

**● વિવેચન-૮૨૧ :-**

સંસ્થિતિ તે સંસ્થાન - આકાર વિશેષ, તે છ ભેદે હોય. કહ્યું છે — સમચતુરસ્ર, ન્યગ્રોધમંડલ, સાદિ, વામન, કુબ્જ, હુંડક એ છ સંસ્થાન જીવોને જાણવા. - x - તે બધાં સંસ્થાનોમાં ચારે સામાયિકની પ્રાપ્તિ થાય છે પૂર્વ પ્રતિપન્ન હોય જ. એ પ્રમાણે બધાં સંઘયણ વિષયમાં પણ જાણવું તે છ સંઘયણો હોય છે. કહ્યું છે — વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્દ્ધનારાચ, કાલિકા અને સેવાર્ત્ત. - x - અહીં આવા પ્રકારના અસ્થિસંચયથી ઉપમિત શક્તિ વિશેષને સંઘયણ કહે છે, અસ્થિ સંચય જ નહીં. દેવોને અસ્થિરહિત હોવા છતાં પહેલું સંઘયણ યુક્તત્વથી આમ કહ્યું.

ઉત્કૃષ્ટ અને જઘન્યને વર્જીને માન - શરીર પ્રમાણ પ્રાપ્ત થાય. મનુષ્યના પ્રકરણના અનુવર્તમાનપણાથી ચારે પણ સામાયિક પૂર્વપ્રતિપન્ન તો વિદ્યમાન હોય જ છે. અન્યથા નારકાદિને પણ સામાન્યથી બંને કે ત્રણ સામાયિક પ્રાપ્ત થાત. [અહીં એક આગમ પાઠ આપતા કહે છે કે —]

શું જઘન્ય અવગાહનકો પામે કે ઉત્કૃષ્ટ અવગાહનકો કે અજઘન્ય-ઉત્કૃષ્ટ અવગાહનકો પામે તે પ્રશ્ન. ગૌતમ ! નૈરયિકો અને દેવોને જઘન્ય અવગાહનાથી કંઈપણ ન પામે, સમ્યક્ત્વ અને શ્રુતના પૂર્વપ્રતિપન્નક હોય છે. તે જ અજઘન્યોત્કૃષ્ટ અવગાહના અને ઉત્કૃષ્ટાવગાહના વાળા સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક પામે છે. બાકીની નહીં. પૂર્વપ્રતિપન્નક બંને પણ બંનેને હોય. તિર્યંચમાં પ્રશ્ન. ગૌતમ ! એકેન્દ્રિયોને ત્રણે પણ અવગાહનમાં કશું પ્રાપ્ત ન થાય, પૂર્વપ્રતિપન્ન પણ ન હોય.



જઘન્ય અવગાહનાવાળા વિકલેન્દ્રિયોને સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક પૂર્વ પ્રતિપન્ન હોય છે, પ્રતિપદ્યમાન ન હોય. અજઘન્યોત્કૃષ્ટ અવગાહનાવાળા અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને પ્રતિપદ્યમાન કે પૂર્વપ્રતિપન્ન એકે ન હોય. બાકીના તિર્યંચોમાં જઘન્ય અવગાહનાવાળાને સમ્યક્ત્વ અને શ્રુતના પૂર્વ પ્રતિપન્ન હોય, પ્રતિપદ્યમાન ન હોય, અજઘન્યોત્કૃષ્ટ અવગાહનાવાળાને વળી ત્રણે સામાયિક બંને પ્રકારે હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને બંને સામાયિક બંને પ્રકારે હોય છે.

હવે મનુષ્ય વિશે પ્રશ્ન. હે ગૌતમ ! સંમૂર્છન જ મનુષ્યોને આશ્રીને ત્રણે પણ અવગાહનામાં ચારે પણ સામાયિકોના પૂર્વ પ્રતિપન્ન કે પ્રતિપદ્યમાન હોતા નથી. ગર્ભવ્યુત્ક્રાંતિક જઘન્ય અવગાહનાવાળા મનુષ્યોને સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક પૂર્વ પ્રતિપન્ન હોય પણ પ્રતિપદ્યમાન ન હોય. અજઘન્યોત્કૃષ્ટ અવગાહનાવાળાને વળી ચારે પણ સામાયિક બંને પ્રકારે હોય. ઉત્કૃષ્ટ અવગાહનાવાળાને બંને સામાયિક બંને પ્રકારે હોય.

હવે લેશ્યા દ્વારનો અવયવાર્થ કહે છે —

**● નિર્યુક્તિ-૮૨૨ :-**

***સર્વ લેશ્યામાં સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક પામે. શુદ્ધ ત્રણ લેશ્યામાં ચારિત્ર પામે. બીજી લેશ્યાઓમાં બધાં સામાયિક પૂર્વપ્રતિપન્નક હોય.***

**● વિવેચન-૮૨૨ :-**

સમ્યક્ત્વ અને શ્રુત કૃષ્ણાદિ બધી લેશ્યામાં પ્રાપ્ત થાય છે. તેજોલેશ્યાદિ ત્રણ શુદ્ધ લેશ્યા જ છે, તે વિરતિ લક્ષણ વર્તે છે. એ પ્રમાણે પ્રતિપદ્યમાનકને આશ્રીને લેશ્યાદ્વાર નિરૂપિત કરેલ છે. હવે પૂર્વપ્રતિપન્નને આશ્રીને કહે છે — કૃષ્ણાદિ કોઈપણ લેશ્યામાં હોય છે.

[શંકા] મતિ, શ્રુતજ્ઞાનના લાભની વિચારણામાં ત્રણે શુદ્ધ લેશ્યામાં પ્રતિપદ્યમાનક કહ્યા. તો તેનાથી બધી લેશ્યામાં સમ્યક્ત્વ અને શ્રુત પ્રાપ્તિનો વિરોધ ન આવે ? [સમાધાન] કૃષ્ણાદિ દ્રવ્યને આશ્રીને જનિત આત્મ પરિણામ રૂપ ભાવલેશ્યાને આશ્રીને કહ્યું. અહીં અવસ્થિત કૃષ્ણાદિ દ્રવ્યરૂપ દ્રવ્યલેશ્યાને આશ્રીને હોવાથી વિરોધ નથી.

કહ્યું છે કે — ભદંત ! શું કૃષ્ણલેશ્યા નીલલેશ્યાને પામીને તે રૂપ-વર્ણ-ગંધ-રસ-સ્પર્શપમે વારંવાર પરિણમતી નથી ? હા, ગૌતમ ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યાને પામીને તે રૂપપણે યાવત્ પરિણમતી નથી. કયા કારણે ભદંત ! એમ કહો છો ? ગૌતમ ! તે આકારભાવ માત્રથી અથવા પ્રતિભાગ માત્રથી તેમ થાય, તે કૃષ્ણલેશ્યા છે, નિશ્ચે તે નીલલેશ્યા નથી. - x - x - આનો અર્થ આ છે — આકાર જ ભાવ તે આકારભાવ માત્ર. માત્ર શબ્દ અહીં આકાર ભાવ વ્યતિરિક્ત પ્રતિબિંબાદિ ધર્માન્તરના પ્રતિષેધનો વાચક છે. તેથી તે આકાર-ભાવ માત્રથી આ નીલલેશ્યા થાય, પણ તેનું સ્વરૂપ ન પામે પ્રતિભાગ એટલે પ્રતિબિંબ. પ્રતિ ભાગ માત્ર. અહીં 'માત્ર' શબ્દ વાસ્તવ પરિણામના પ્રતિષેધનો વાચક છે. તેથી પ્રતિભાગ માત્રથી આ નીલલેશ્યા નથી. ત્યાં જઈને ઉત્સર્પે છે અર્થાત્ ત્યાં સ્વરૂપસ્થ જ નીલલેશ્યાદિ લેશ્યાંતરને

પામીને આકાર ભાવ કે પ્રતિબિંબ ભાગ નીલલેશ્યા સંબંધી પ્રાપ્ત કરે છે.

એ પ્રમાણે યાવત્ નીલલેશ્યા કાપોતલેશ્યાને પામીને યાવત્ તે નીલલેશ્યા જ છે, કાપોતલેશ્યા નથી. ત્યાં જઈને ઉત્સર્પે છે અથવા અપસર્પે છે અર્થાત્ આકારભાવ અને પ્રતિબિંબ ભાગ કાપોતલેશ્યા સંબંધી પામે છે - x - ઈત્યાદિ પૂર્વવત્. એ પ્રમાણે કાપોતલેશ્યા તેજોલેશ્યાને પામીને, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પામીને, પદ્મલેશ્યા શુક્લલેશ્યાને પામીને જાણવા. ભાવાર્થ પૂર્વવત્ છે. - x - x - x - તેથી સમ્યક્ત્વ અને શ્રુત સામાયિક બધાં અવસ્થિત કૃષ્ણાદિ દ્રવ્યલેશ્યામાં નારકાદિ પણ પામે. શુદ્ધ તેજોલેશ્યાદિમાં તે તે દ્રવ્યને આશ્રીને થતાં આત્મ પરિણામ લક્ષણોમાં ત્રણેમાં ચારિત્ર છે. બાકી પૂર્વવત્.

હવે પરિણામદ્વારનો અવયવાર્થ કહે છે —

● **નિર્યુક્તિ-૮૨૩ :-**

***વધતાં પરિણામમાં તે ચારમાંથી કોઈપણ સામાયિક પામે છે. એ પ્રમાણે અવસ્થિત પરિણામમાં જાણવું, પણ ઘટતાં પરિણામમાં ન પામે.***

● **વિવેચન-૮૨૩ :-**

પરિણામ એટલે અધ્યવસાય વિશેષ. તેમાં શુભ, શુભતરપણે વધતાં પરિણામમાં સમ્યક્ત્વ સામાયિકાદિમાં ચારેમાંથી કોઈપણ પામે. એ પ્રમાણે અવસ્થિત શુભ પરિણામમાં પણ ચારેમાંથી કોઈપણ સામાયિક પામે. ક્ષીણ થતાં શુભ પરિણામમાં કોઈ સામાયિક ન પામે. પૂર્વપ્રતિપન્ન ત્રણે પરિણામોમાં હોય છે. હવે વેદના સમુદ્‌ઘાત અને કર્મદ્વાર કહે છે —

● **નિર્યુક્તિ-૮૨૪ :-**

***બંને પ્રકારના વેદનીયમાં તે ચારમાંથી કોઈપણ સામાયિક પામે અને સમુદ્‌ઘાત રહિતમાં પણ એમ જ છે. પૂર્વ પ્રતિપન્નકમાં ભજના જાણવી.***

● **વિવેચન-૮૨૪ :-** *[નિર્યુક્તિ દીપિકામાં ઘણું લાંબુ વિવેચન છે.]*

સાતા કે અસાતારૂપ બંને વેદનામાં ચારમાંથી કોઈપણ પ્રાપ્ત કરે. પૂર્વ પ્રતિપન્ન હોય જ છે. અસમુદ્‌ઘાતમાં પણ એ પ્રમાણે જ પામે ઈત્યાદિ. કેવલિસમુદ્‌ઘાતાદિ સાતે ભેદમાં ન પામે. પણ પૂર્વ પ્રતિપન્નક સમુદ્‌ઘાતમાં વિચારતા આરંભમાં ભજના-સેવના-સમર્થના કરવી. અર્થાત્ પૂર્વપ્રતિપન્ન હોય. સમુદ્‌ઘાતના સાત ભેદ — કેવલિ, કષાય, મરણ, વેદના, વૈક્રિય, તૈજસ અને આહારક સમુદ્‌ઘાત, એ સાત વીતરાગે કહેલાં છે. અહીં સમુદ્‌ઘાતમાં પણ બે અથવા ત્રણ સામાયિકના પૂર્વપ્રતિપન્નક કહેવા.

હવે નિર્વેષ્ટનદ્વાર પ્રતિપાદનાર્થે કહે છે —

● **નિર્યુક્તિ-૮૨૫ :-**

***દ્રવ્યથી અને ભાવથી નિર્જરા કરતો ચારેમાંથી કોઈપણ સામાયિક પામે. નરકમાં અનુવર્તતાને પહેલી બે અને ઉદ્‌વર્તન પછી ચાર કે ત્રણ કે બે સામાયિકને તે જીવ પામે.***

● **વિવેચન-૮૨૫ :-**

- x - દ્રવ્યનિર્જરા - કર્મપ્રદેશોના વિસંઘાતરૂપ. ભાવનિર્જરાક્રોધાદિ હાનિરૂપ



છે. બધી કર્મ નિર્જરામાં ચારેને પામે. વિશેષથી જ્ઞાનાવરણ નિર્જરતો શ્રુત સામાયિક પામે, મોહનીયની નિર્જરામાં બાકીની ત્રણે પામે. અનંતાનુબંધીને અનુભવતો સામાયિક ન પામે. બાકી કર્મોમાં બંને પ્રકારે હોય. ઉદ્વર્તના - નરકમાંથી નીકળતો. - x - ત્યાં રહેલો આદ્ય બે સામાયિક પામે, પૂર્વ પ્રતિપન્ન હોય. ઉદ્વર્તીને તો ચાર કે ત્રણ પણ પામે.

● **નિર્યુક્તિ-૮૨૬ :-**

***તિર્યંચમાં રહેલો ત્રણ સામાયિક અને નીકળીને ચાર પણ કદાચ પામે. મનુષ્યમાં રહેલો ચાર અને નીકળીને ચાર, ત્રણ કે બે સામાયિક પામે.***

● **વિવેચન-૮૨૬ :-**

ગર્ભવ્યુત્ક્રાંતિક તિર્યંચોમાં સંજ્ઞીમાં રહેલો આદ્ય ત્રણ સામાયિકને આશ્રીને પ્રાપ્ત કરનાર થાય અને પ્રતિપન્ન હોય છે. ઉદ્‌વર્તીને મનુષ્યાદિમાં આવતા કદાચિત્ ચાર થાય, ત્રણ થાય, બે સામાયિકને આશ્રીને બંને પ્રકારે થાય છે. મનુષ્યમાં રહેલને ચારેની પ્રાપ્તિ થાય છે, પૂર્વ પ્રતિપન્નક હોય છે. ઉદ્વર્તીને ત્રણ કે બે તિર્યંચ, નારક, દેવમાં આવતા બંને પ્રકારે થાય.

● **નિર્યુક્તિ-૮૨૭ :-**

***દેવોમાં રહેલને બે સામાયિક અને નીકળ્યા પછી ચારે સામાયિક પામે. ઉદ્‌વર્તતા [વચમાં] સર્વે પણ નારકાદિ કોઈ સામાયિક પ્રાપ્ત ન કરે.***

● **વિવેચન-૮૨૭ :-**

દેવોમાં રહેલાને આદ્ય બે સામાયિકને આશ્રીને બંને પ્રકારે હોય. ઈત્યાદિ પૂર્વવત્. ઉદ્વર્તતા હોય ત્યારે અપાંતરાલગતિમાં બધાં પણ દેવો આદિ કંઈપણ પામતા નથી. પૂર્વપ્રતિપન્નને બંને પણ હોય છે.

હવે આશ્રવ કરણ દ્વાર પ્રતિપાદનાર્થે કહે છે —

● **નિર્યુક્તિ-૮૨૮ :-**

***નિશ્રાવયતો જીવ તે ચારમાંથી કોઈપણ સામાયિક પ્રાપ્ત કરે અને આશ્રવક તથા નિશ્રવકને ચારે સામાયિક પૂર્વપ્રતિપન્ન હોય.***

● **વિવેચન-૮૨૮ :-**

નિશ્રાવયન્ એટલે જેમાંથી સામાયિક અંગીકાર થાય, તેના આવરક કર્મની નિર્જરા કરતો. બાકીના કર્મો બાંધવા છતાં પણ આત્મા ચારમાંથી કોઈ એક સામાયિકને પામે છે. જ્યારે આશ્રવક અર્થાત્ બંધક પૂર્વપ્રતિપન્નક હોય છે. અથવા નિઃશ્રાવક, વા શબ્દનો વ્યવહિત સંબંધ છે. નિર્વેષ્ટન દ્વારથી આમાં શું તફાવત છે ? નિર્વેષ્ટન અને નિઃશ્રાવક બંને સમાન હોવા છતાં નિર્વેષ્ટનમાં કર્મપ્રદેશના વિસંઘાતપણાથી ક્રિયા કાલ ગ્રહણ થયો. નિઃશ્રવણમાં તો નિર્જરારૂપત્વથી નિષ્ઠાકાળ છે અથવા તેમાં સંવેષ્ટન વક્તવ્યતા અર્થથી કહેલી છે. અહીં તે સાક્ષાત્ કહેલી છે.

હવે અલંકાર, શયન, આસન, સ્થાન, ચંક્રમણ દ્વાર કહે છે —

● **નિર્યુક્તિ-૮૨૯ :-**

***કેશ અને અલંકાર મૂકેલ અને ન મૂકેલ તથા મૂકતો ચારમાંથી કોઈ પણ***

***સામાયિક પામે છે. શયન આદિમાં પણ તેમજ જાણવું.***

● **વિવેચન-૮૨૯ :-**

ઉન્મુક્ત-પરિત્યજેલ, અનુન્મુક્ત-અપરિત્યજેલ અને તજતો કેશ-અલંકારોને, અહીં કેસ ના ગ્રહણથી કટક, કેયુરાદિ લેવા. ચારમાંથી કોઈપણ સામાયિક પામે છે. એ પ્રમાણે શયન આદિમાં પણ ત્રણે પણ અવસ્થામાં એ પ્રમાણે જ યોજના કરવી. - x - x -

ઉપોદ્‌ઘાત નિર્યુક્તિમાં બીજી દ્વાર ગાથામાં હવે કેષુ દ્વાર કહે છે —

● **નિર્યુક્તિ-૮૩૦ :-**

***સમ્યકત્વ સર્વગત હોય, શ્રુત અને ચારિત્રમાં સર્વ પર્યાયો ન હોય, દેશવિરતિને આશ્રીને બંનેનો નિષેધ કરવો જોઈએ.***

● **વિવેચન-૮૩૦ :-**

કયા દ્રવ્ય અને પર્યાયોમાં સામાયિક હોય છે ? સર્વદ્રવ્ય-પર્યાય રુચિના લક્ષણત્વથી સમ્યકત્વ સર્વગત હોય છે. શ્રુત સામાયિક અને ચારિત્ર સામાયિકમાં બધા વિષયોના પર્યાયો નથી. કેમકે શ્રુતનો અભિલાપ્ય વિષય છે. જ્યારે દ્રવ્ય અભિલાપ્ય અને અનભિલાપ્ય પર્યાય યુક્તપણે છે ચારિત્રની પણ સર્વ દ્રવ્ય અસર્વપર્યાય વિષયતાનું પ્રતિપાદન થયેલ છે. દેશ વિરતિને આશ્રીને બંને પણ-સર્વ દ્રવ્ય-પર્યાયનો પ્રતિષેધ કરવો જોઈએ. કેમકે બધાં દ્રવ્ય વિષય પણ નહીં, બધાં પર્યાય વિષય પણ નહીં એવું દેશવિરતિ સામાયિક છે, એમ ભાવના કરવી.

[શંકા] આ સામાયિક વિષય કિં દ્વારમાં પ્રરૂપિત છે જ, તો ફરી શા માટે કહ્યો ? [સમાધાન] કિં તદ્ એ પ્રમાણે, ત્યાં સામાયિક જાતિ માત્ર કહી, વિષય અને વિષયીના અભેદથી. અહીં વળી સામાયિકના કિં દ્વારે જ દ્રવ્યત્વ-ગુણત્વ નિરૂપિતના જ્ઞેય ભાવથી વિષયનું અભિધાન છે. - x - હવે સામાયિક "કઈ રીતે" પ્રાપ્ત થાય ? તેમાં ચતુર્વિધ મનુષ્યાદિ સ્થાનમાં પ્રાપ્તિમાં તેના ક્રમની દુર્લભતા જણાવતા કહે છે —

● **નિર્યુક્તિ-૮૩૧ :-**

***મનુષ્યપણું, ક્ષેત્ર, જાતિ, કુળ, આરોગ્ય, આયુ, બુદ્ધિ, શ્રવણ, અવગ્રહ, શ્રદ્ધા અને સંયમ. એ બધું લોકમાં દુર્લભ છે.***

● **વિવેચન-૮૩૧ :-** *[વિવેચન-૮૩૨માં સાથે છે.]*

[ગાથાર્થ કહ્યો.] બીજા કહે છે — ઈન્દ્રિય, લબ્ધિ, નિર્વર્તના, પર્યાપ્તિ, નિરૂપહત, ક્ષેમ, ધ્રાત, આરોગ્ય, શ્રદ્ધા, ગ્રાહક, ઉપયોગ અને અર્થ.

● **નિર્યુક્તિ-૮૩૨ :-**

***ચોલ્લક, પાસા, ધાન્ય, જુગાર, રત્ન, સ્વપ્ન, ચક્ર, ચર્મ, યુગ અને પરમાણુ એ દશ દૃષ્ટાંતોથી મનુષ્ય જન્મની દુર્લભતા બતાવી.***

● **વિવેચન-૮૩૨ :-**

મનુષ્યત્વ, આર્યક્ષેત્ર, માતૃથી સમુત્થિત જાતિ, પિતાથી સમુત્થ કુલ, અન્યૂનાંગતા તે રૂપ, રોગનો અભાવ, જીવિત, પરલોક પ્રવણા બુદ્ધિ, ધર્મસંબંધી શ્રવણ, અવગ્રહ



- તેની અવધારણા અથવા શ્રવણ અવગ્રહ કે યતિ અવગ્રહ, શ્રદ્ધા-રુચિ, સંયમ - અનવધ અનુષ્ઠાનરૂપ. આ સ્થાનો લોકમાં દુર્લભ છે. આ બધું મળતાં વિશિષ્ટ સામાયિકનો લાભ થાય છે.

આ દુર્લભ છે - ઈન્દ્રિયલબ્ધિ અર્થાત્ પંચેન્દ્રિય લબ્ધિ. ઈન્દ્રિયોની નિર્વર્તના. પર્યાપ્તિ - સ્વવિષય ગ્રહણ સામર્થ્ય લક્ષણા, નિરૂપહત ઈન્દ્રિયપણું, ક્ષેમ - વિષયની સ્વસ્થતા, ધ્રાત - સુભિક્ષ, આરોગ્ય-નિરોગતા, શ્રદ્ધા - ભક્તિ કે ભાવના, ગ્રાહક-ગુરુ, ઉપયોગ-શ્રોતાની તેમાં અભિમુખતા, અર્થ-અર્થિત્વ અને ધર્મ. આ ગાથા કદાચ બીજા કર્તાની છે.

જીવ મનુષ્યત્વ પામીને ફરી તે જ દુઃખે કરીને પામે છે. કેમકે ઘણાં અંતરાયોથી અંતરિતપણે હોય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીના મિત્ર બ્રાહ્મણને ચોલ્લક ભોજનવત્ અહીં કથાનક છે —

(૧) બ્રહ્મદત્તને એક કાર્પટિક મળેલ. ઘણી આપત્તિવાળી અવસ્થામાં સર્વત્ર સહાય કરી. બ્રહ્મદત્તને રાજ્ય પ્રાપ્ત થયું. બાર વર્ષનો રાજ્યાભિષેક થયો. કાર્પટિકને ત્યાં પ્રવેશ પણ ન મળ્યો. ત્યારે તેણે ઉપાય વિચાર્યો - જોડાંને ધ્વજ રૂપે બાંધીને ધ્વજવાહક સમાન સામે ચાલ્યો. રાજાએ તેને જોયો. ઉતરીને જોયો. બીજા કહે છે — કાર્પટિકને દ્વારપાલને ખુશ કરતા બાર વર્ષો ગયા. ત્યારે રાજા મળ્યા. ત્યારે રાજા તેને જોઈને સંભ્રમમાં પડ્યો. આ બિચારો મારા સુખ-દુઃખનો સહાયક છે. હું તેની આજીવિકા બાંધી આપુ. ત્યારે રાજાએ પૂછ્યું — તને શું આપું? તે બોલ્યો — કર ભોજન આપો. એટલે કે કર વડે જે ભોજન, જેમાં ઘરે ઘરે યાવત્ સર્વ ભરતમાં ભોજન કરવાનું અને જ્યારે બધે ભોજન થઈ જાય ત્યારે ફરીથી તારા ઘેરથી શરૂ કરીને જમીશ રાજાએ પૂછ્યું — આટલાથી શું થાય? હું તને દેશ આપી દઉં, તેથી સુખે છત્રછાયામાં શ્રેષ્ઠ હાથીના સ્કંધે બેસીને જઈશ. કાર્પટિક બોલ્યો, મારે આવા આડંબરનું શું કામ છે? ત્યારે તેને કરભોજન દીધું. પહેલાં દિવસે રાજાના ઘેર જમ્યો. તેણે કાર્પટિક યુગલને દીનાર આપી. એ પ્રમાણે તે ક્રમથી બધાં રાજકુળમાં જમતા ૩૨,૦૦૦ રાજ્ય કુલમાં જે ભોજિકા - ગ્રામાધિપતિઓ, તેના નગરમાં અનેક કુલ કોટિ, તે નગરનો અંત ક્યારે આવે? પછી ગામો, પછી આખું ભરતક્ષેત્ર એમ કરતાં કદાચ [દૈવયોગે] તેનો અંત આવે, પણ જો મનુષ્યપણાથી ભ્રષ્ટ થાય તો ફરી મનુષ્ય જન્મ ન પામે.

(૨) પાશક - ચાણક્ય પાસે સોનું ન હતું. ક્યા ઉપાયથી સુવર્ણ ઉપાર્જન કરું ? તે માટે યંત્ર પાસાઓ કર્યા. કોઈ કહે છે — દેવે દીધેલ વરદાન હતું કોઈ એક દક્ષ પુરુષને શિક્ષિત કર્યો. દીનારનો થાળ ભર્યો. તે પુરુષ કહે છે - જો કોઈ મને પાશકમાં જીતે તો તે આ થાળો ગ્રહણ કરે. જો હું જીતું તો એક દીનાર જીતીશ. [લઈશ] તેની ઈચ્છાથી યંત્ર પાસા પાડતું હતું તેથી જીતવો શક્ય ન હતો. કદાચ તેને કોઈ જીતી પણ લે [તેમ બને] પરંતુ જો માનુષ્ય લાભ ગુમાવે તો ફરી મનુષ્ય જન્મ મળવો મુશ્કેલ છે.

(૩) ધાન્ય - ભરતક્ષેત્રમાં જેટલા ધાન્ય છે, તે બધાં એકઠા કરાય. તેમાં એક પ્રસ્થ પ્રમાણ સરસવ નાંખવામાં આવે, તે બધાં ભેગા કરાય પછી હલાવી

નાંખવામાં આવે. ત્યાં એક વૃદ્ધ સ્થવિરાને સૂપડુ લઈને તે સરસવના દાણા છુટા પાડવા બેસે તો કદાચ દેવની કૃપાથી છૂટા પાડી શકે પણ એક વખત મનુષ્ય જન્મ ગયો તો ફરી ન મળે.

(૪) જુગાર - એક રાજા હતો, તેની સભામાં ૧૦૮ સ્તંભ રાખેલા, જ્યાં સભા બેસતી. એકૈક સ્તંભને ૧૦૮ અંશો-ધારો હતી. તે રાજાનો પુત્ર રાજ્ય મેળવવા ચિંતવે છે કે રાજા વૃદ્ધ થયો છે, તેને મારીને રાજ્ય ગ્રહણ કરું. તે અમાત્યએ જાણતાં તેણે રાજાને જણાવ્યું, ત્યારે રાજાએ પુત્રને બોલાવીને કહ્યું – આપણા કુળમાં જે કુલક્રમ ન સહી શકે, તે જુગાર રમે છે. જો તે જીતી જાય તો તેને રાજ્ય આપવામાં આવે છે. જીતવું કેવી રીતે ? તારી એક આય, બાકીના મારા આયો. જો તું દરેક થાંભલાની એક એક ધારાને ૧૦૮ વાર જીતે તો રાજ્ય તારું. દેવની કૃપાથી કદાચ જીતી પણજાય પણ ફરી મનુષ્ય જન્મ ન મળે.

(૫) રત્નો - એક વણિક વૃદ્ધ થયો. તેની પાસે રત્નો હતા. ત્યાં બીજા-બીજા વણિકોને ત્યાં કોટીપતાકા ઉંચી રહેતી. તે પતાકા ઉંચી ન રાખતો તેના પુત્રએ તે સ્થવિરને કહ્યું – તે રત્નો દેશીય વણિકોના હાથમાં વેંચ્યો. નહીં તો આપણે ત્યાં પણ કોટિ પતાકા લહેરાત. તે વણિજ ચારે બાજુ ગયો. વૃદ્ધ પાછો આવ્યો. જે રીતે વેંચી નાંખ્યાનું જાણ્યુ, તેથી તેને ઠપકો આપ્યો. પછી બધાં રત્નો પાછા એકઠા કરવાનો પુરુષાર્થ આદર્યો શું તે બધાં રત્નો એકઠાં કરી શકે ? દેવપ્રભાવથી કદાચ બધાં રત્નો ફરી એકઠાં કરી પણ લે, પરંતુ મનુષ્ય જન્મ ગુમાવ્યા પછી પાછો ન મળે.

(૬) સ્વપ્ન - એક કાર્પટિક સ્વપ્નમાં ચંદ્ર ગળી ગયો. કાર્પટિકે કહ્યું, નિમિત્તકોએ કહ્યું – સંપૂર્ણ ચંદ્રમંડલ સમાન પાલિકા મળશે, ગૃહછાદનિકિ વડે પ્રાપ્ત થઈ. બીજાએ પણ આવું સ્વપ્ન જોયું. તેણે સ્નાન કરી, પુષ્પ અને ફળ લીધા, સ્વપ્ન પાઠકને નિવેદન કર્યુ. તેણે કહ્યું – તું રાજા થઈશ. તે દિવસથી સાતમે દિવસે તે રાજા થયો. ત્યારે તે કાર્પટિકે તે સાંભળ્યુ. તેણે પણ આવું સ્વપ્ન જોયેલ. પે'લો આદેશ ફળથી રાજા થયો. કાર્પટિક વિચારે છે કે હું જાઉં અને ગોરસ પીને સૂઈ જઉં યાવત્ ફરી પણ તે સ્વપ્ન જોઈશ. શું ફરી તેને તે સ્વપ્ન જોવા મળે ? [કદાચ દેવયોગે મળી પણ જાય પરંતુ ગુમાવેલ મનુષ્ય જન્મ] ફરી પ્રાપ્ત ન થાય.

(૭) ચક્ર - ઈન્દ્રપુર નામે નગર હતું, ત્યાં ઈન્દ્રદત્ત રાજા હતો. તેની ઈષ્ટ અને શ્રેષ્ઠ રાણીઓના બાવીશ પુત્રો હતા. બીજા કહે છે – એક જ દેવીના પુત્રો હતા. તે રાજાને પ્રાણ સમાન હતા. એક અમાત્યને પુત્રી હતી. તેને પરણવા યોગ્ય જાણી તે કોઈ દિવસે ઋતુસ્નાતા રહેલી. રાજાએ જોઈને પૂછ્યું – આ કન્યા કોણ છે? તેઓએ કહ્યું – આ તમારી દેવી છે, ત્યારે તે તેણીને સાથે એક રાત્રિ રહ્યો. તે ઋતુ સ્નાતા હોવાથી તેને ગર્ભ રહ્યો. તેણીને અમાત્ય વડે પૂર્વે કહેવાયેલ કે – જો તને ગર્ભ ઉત્પન્ન થાય તો મને કહેવું ત્યારે અમાત્યને કહ્યું. - x - નવ માસ જતાં બાળક જન્મ્યો. તેના દાસીપુત્રો તે દિવસે જન્મ્યા. તે આ પ્રમાણે – અગ્નિ, પર્વત, બાહુલિક, સાગર. તે બધાં સાથે જન્મેલા. તેમને કલાચાર્ય પાસે લઈ ગયા. લેખાદિ ગણિત પ્રધાન બધી કળાઓ ગ્રહણ કરી. જ્યારે આચાર્ય તે કળા ગ્રહણ કરાવતા ત્યારે તેઓ તેની નિંદા કરતા અને



વ્યાકુળ કરતા હતા. પૂર્વપરિચયથી તેઓ તિરસ્કાર કરતા હતા. તે બાળકે તેમને નગણ્ય કર્યા. કળા શીખી લીધી. બીજા જે બાવીશ કુમારો ગ્રહણ કરતા હતા તે આચાર્યને મારતા અને અપવચન કહેતા હતા. જો આચાર્ય તેને મારે તો જઈને માતાને કહેતા. ત્યારે તે માતા તે આચાર્યને ઉપાલંભ આપતી - કેમ મારો છો? શું પુત્રને જન્મ આપવો સહેલો છે. તેથી તેઓએ કંઈ શિક્ષા પ્રાપ્ત ન કરી.

આ તરફ મથુરામાં પર્વત રાજા હતો. તેની પુત્રી નિર્વૃત્તિ નામે હતી. રાજા તેણીને અલંકૃત્ કરીને લાવ્યો. રાજાએ તેણીને કહ્યું – જે તને ગમતો હોય તેને પતિરૂપે સ્વીકાર. ત્યારે તેણીએ કહ્યું – જે શૂર, વીર, વિક્રાંત હોય તે મારો પતિ થાઓ. તેને પછી રાજ્ય આપવું. ત્યારે તેણી તે બલવાહનને લઈને ઈન્દ્રપુર નગરે ગઈ. ત્યાં ઈન્દ્રદત્તને ઘણાં પુત્રો હતા. ઈન્દ્રદત્ત સંતુષ્ટ થઈને વિચારે છે - નક્કી હું બીજા રાજા કરતાં લષ્ટ છું, તેથી આવ્યા. ત્યારે તેણે નગરને ધજા-પતાકાથી શણગાર્યું. પછી એક અક્ષાટકમાં આઠ ચક્રો મૂક્યા. તેની આગળ શાલભંજિકા - પુતળી સ્થાપી. તેની આંખ વેધવાની હતી. પણ ઈન્દ્રદત્ત રાજા સન્નદ્ધ થઈ પુત્રો સાથે નીકળ્યો. તે કન્યાપણ સર્વ અલંકારથી ભૂષિત થઈ એક બાજુ બેઠા. - x - x -

ત્યાં રાજાનો જ્યેષ્ઠ પુત્ર શ્રીમાલી નામે કુમાર હતો. તે રાજા બોલ્યો – હે પુત્ર ! આ પુત્રી અને રાજ્ય ગ્રહણ કર. તે માટે પહેલા શાલભંજિકા વિંધવી. ત્યાર તે કરી શક્યો નહીં. તે સમૂહ મધ્યે ધનુષ્ય ગ્રહણ કરવાનું શક્ય ન બન્યું. પછી કોઈ બીજાએ ગ્રહણ કર્યુ - x - પછી કોઈએ બાણ છોડ્યું, તે ચક્રમાં અફળાઈને ભાંગી ગયું. એ પ્રમાણે કોઈને એક અરકના અંતરમાંથી વ્યતિક્રાંત થયું. કોઈને બે, કોઈને ત્રણ તો કોઈને બહારથી જ બાણ નીકળી ગયું. ત્યારે રાજા ખેદ કરવા લાગ્યો. - x - ત્યારે અમાત્યએ કહ્યું – શા માટે ખેદ કરો છો ? રાજા બોલ્યો – આ પુત્રોથી હું અપ્રધાન બની ગયો.

અમાત્યએ કહ્યું – તમારો બીજો પણ પુત્ર છે, જે મારી પુત્રીનો તનુજ છે, તેનું સુરેન્દ્રદત્ત નામ છે. તે વેદ કરવામાં સમર્થ છે. તેને બોલાવી કહો. તે ક્યાં છે ? અમાત્યેએ બતાવ્યો. ત્યારે રાજાએ કહ્યું – શ્રેયસ્કર બનશે, જો તું આ આઠ રથચક્રો ભેદીને શાલભંજિકાની આંખ વિંધીને રાજ્ય અને નિર્વૃત્તિ કન્યાને પ્રાપ્ત કરીશ. ત્યાર પછી તે કુમારને જે રીતે આજ્ઞા કરાઈ, તે પ્રમાણે સ્થાને રહીને ધનુષ્ય ગ્રહણ કરે છે. લક્ષ્યની અભિમુખ બાણને સજ્જ કરે છે. તે દાસો ચારે દિશામાં રહીને તેને સ્ખલના કરે છે. બીજા બે બંને પડખે હાથમાં ખડ્ગ લઈ ઉભા રહ્યા. જો કોઈપમ રીતે લક્ષ્ય મૂકી જાય તો તેનું માથું છેદી નાંખવું. તે પણ નેના ઉપાધ્યાયની પડખે રહ્યો. ભય દેખાડ્યો – જો ચૂકી જઈશ તો મારી નાંખશે. તે બાવીશે કુમારો આ વિધિ શકશે નહીં, પણ વિશેષ ઉલ્લંઠ હોવાથી વિઘ્નો કરશે.

ત્યારપછી તે ચતુર એવા તે બે પુરુષો, બાવીશે કુમારોને ન ગણતાં, તે આઠે રથચક્રના અંતરને જાણીને તેના લક્ષ્યમાં જ દૃષ્ટિ રાખીને અન્યત્ર મતિ ન કરતા તે શાલભંજિકાની ડાબી આંખ વિંધિ. ત્યારે લોકોએ ઉત્કૃષ્ટ સિંહનાદ અને કલકલ કરી, ધન્યવાદ આપ્યા. જેમ તે ચક્ર દુઃખે ભેદી શકાય તેમ હતું તેમ મનુષ્ય જન્મ

પણ દુઃખે કરીને પ્રાપ્ત થાય છે.

(૮) ચર્મ - એક સરોવર હતું. તે લાખ યોજન વિસ્તૃત ચર્મ વડે આચ્છાદિત હોય. તેની મધ્યે એક છિદ્ર હોય, જેમાં કાચબાની ડોક માત્ર સમાય. ત્યાં કાચબો સો-સો વર્ષે ડોકને ઉંચી કરતો. તેણે કોઈ રીતે ડોક ઉંચી કરેલી અને જેવી તે છિદ્રથી નીકળી, જ્યોત્સ્નાની જ્યોતિ અને પુષ્પ અને ફળો જોયા. તે પાછો આવ્યો. તેને થયું કે મારા સ્વજનોને દેખાડું બધાંને બોલાવીને જુએ છે, તે જ્યોત્સ્નાની શોભા દેખાતી નથી, તે પ્રમાણે મનુષ્યજન્મ પણ ગુમાવ્યા પછી પ્રાપ્ત કરવો દુર્લભ છે.

હવે (૯) યુગ-ધુંસરાના દૃષ્ટાંતને પ્રતિપાદન કરતા કહે છે —

● નિર્યુક્તિ-૮૩૩ :-

***ધુંસરી પૂર્વ છેડે હોય, તેની સમીલા પશ્ચિમ છેડે હોય, ધુંસરાના છિદ્રમાં તેનો પ્રવેશ શંકાસ્પદ છે, તેમ મનુષ્યજન્મનો ફરી લાભ દુર્લભ છે.***

● વિવેચન-૮૩૩ :-

જલનિધિ - સમુદ્રની પૂર્વાંતે ધુંસરુ હોય અને પશ્ચિમે૰ ઈત્યાદિ.

● નિર્યુક્તિ-૮૩૪,૮૩૫ :-

***જેમ અપાર સાગરના જળમાં ભ્રષ્ટ થયેલ સમિલા ભમતા-ભમતા કોઈપણ રીતે યુગના છિદ્રમાં પ્રવેશ કરે... જેમ પ્રચંડ પવનની પ્રેરણાથી કદાચ ધુંસરીના છિદ્રમાં સમીલા પ્રવેશી પણ જાય, પણ મનુષ્યપણાથી ભ્રષ્ટ જીવ ફરી મનુષ્યપણું પામતો નથી.***

● વિવેચન-૮૩૪,૮૩૫ :-

सागरसलिल - સમુદ્રનું પાણી, अणोरपार - પ્રચુર અર્થે ઉપચારથી નીકટના અને દૂરના ભાગથી રહિત. - x - x -

હવે (૧૦) પરમાણુ - જેમ એક મોટા પ્રમાણવાળો સ્તંભ હોય, તેનું ચૂર્ણ કરીને દેવ વડે અવિભાગ ખંડ કરીને નાલિકામાં નાંખવામાં આવે, પછી મેરુની ચૂલિકાએ જઈને ફુંક મારીને તેને ઉડાડી દેવામાં આવે. ફરી કોઈ તે જ પુદ્ગલો વડે તે જ સ્તંભને બનાવવા પ્રયત્ન કરે. તે બની શકે ખરો ? ના, એ પ્રમાણે માનુષ્યથી ભ્રષ્ટ થયેલો ફરી મનુષ્યજન્મ ન પામે.

અથવા અનેક લાખ સ્તંભો ઉપર રચાયેલી સભા, કાલાંતરે બળી જાય - પડી જાય. કોઈ તે પુદ્ગલો વડે ફરી તૈયાર કરવા પ્રયત્ન કરે તો થાય ? ન થાય. એ પ્રમાણે મનુષ્યજન્મ દુર્લભ છે.

● નિર્યુક્તિ-૮૩૬ :-

***આવા દુર્લભ મનુષ્યજન્મને પામીને જે જીવ પરલોક સંબંધી હિત કરતો નથી, તે જીવ મરણકાળે પસ્તાવો કરે છે.***

● વિવેચન-૮૩૬ :-

- x - हित - ધર્મ, संक्रमणकाल - મરણકાળ.

● નિર્યુક્તિ-૮૩૭,૮૩૮ :-

***જેમ ગજબંધનમાં પડેલ હાથી, ગલમાં પકડાયેલો મત્સ્ય, જાળમાં આવી***



***પડેલો મૃગ, જાળમાં ફસાયેલ પક્ષી હોય... તેમ જરા અને મૃત્યુથી વ્યાપ્ત ઉતાવળી નિદ્રા-મરણથી પરાભવિત, રક્ષણ કરનારને ન મેળવતો, કર્મના ભારથી પ્રેરાયેલો જીવ શોક કરે છે.***

● વિવેચન-૮૭૩,૮૩૮ :-

वारि - ગજબંધન. संवर्त्त - જાળ... स - અકૃતપુન્ય, આસ્તૃત એટલે વ્યાપ્ત. त्वरितनिद्रा - મરણનિદ્રા, अविन्दन् - ન પામતો. તે આ પ્રમાણે મૃત્યુ પામતા [શું થાય ?]

● નિર્યુક્તિ-૮૩૯ :-

***અનેક જન્મ-મરણ વડે સેંકડોવાર પરિભ્રમણ કરી, કષ્ટે કરીને ઈચ્છિત સામગ્રી સહિત જીવ મનુષ્ય જન્મ પામે છે.***

● વિવેચન-૮૩૯ :-

ગાથાર્થ કહ્યો. જ્યારે કુશલ પક્ષકારી જીવ સુખેથી મૃત્યુ પામીને સુખેથી મનુષ્ય જન્મને પામે છે.

● નિર્યુક્તિ-૮૪૦ :-

***વિજળી સમા ચંચળ અને દુર્લભપણે પ્રાપ્ત મનુષ્યપણું પામી જે પ્રમાદ કરે છે, તે કાપુરુષ નથી સત્પુરુષ છે.***

● વિવેચન-૮૪૦ :-

ગાથાર્થ કહ્યો. આટલું પ્રાસંગિક કહ્યું. હવે પ્રસ્તુત વાત કરે છે — જે રીતે આ દશ દૃષ્ટાંતો વડે મનુષ્ય જન્મની દુર્લભતા કહી. તે રીતે આર્ય ક્ષેત્રાદિ, સ્થાનો પણ કહેવા. તેમ સામાયિક પણ દુષ્પ્રાપ્ય છે અથવા મનુષ્ય જન્મ પામ્યા પછી પણ આ કારણોથી સામાયિક દુર્લભ છે, તે જણાવે છે —

● નિર્યુક્તિ-૮૪૧,૮૪૨ :-

***આળસ, મોહ, અવજ્ઞા, સ્તંભ, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યગ્રતા, કુતૂહલ, રમણ... આવા કારણોથી અત્યંત દુર્લભ એવા મનુષ્યપણાને પામીને પણ સંસારથી પાર ઉતારનાર અને હિતકર એવા શ્રવણને પામતો નથી.***

● વિવેચન-૮૪૧,૮૪૨ :-

(૧) આળસથી સાધુની પાસે ન જાય કે ન સાંભળે. (૨) મોહથી ગૃહ કર્તવ્યતા મૂઢ, (૩) અવજ્ઞા - આ વળી શું જાણે? (૪) સ્તંભ-જાતિ આદિ અભિમાનથી (૫) ક્રોધ - સાધુના દર્શનથી જ કોપ પામે, (૬) પ્રમાદ—મધ આદિ લક્ષણથી (૭) કૃપણતા - ક્યાંક કંઈક દેવું પડશે તો? (૮) ભય નરકાદિ ભયનું વર્ણન, (૯) શોક-ઈષ્ટના વિયોગથી જન્મેલ, (૧૦) અજ્ઞાન-કુદૃષ્ટિથી મોહિત, (૧૧) વ્યાક્ષેપ-કામની વ્યગ્રતા, (૧૨) કુતૂહલ-નટ આદિના વિષયથી, (૧૩) રમણ - લાવકાદિ ખેડુ, [વિષયોમાં રમણતા]

આળસાદિ કારણોથી સુદુર્લભ એવો મનુષ્યજન્મ પ્રાપ્ત થવા છતાં હિતકારિણી શ્રવણાદિ જીવ ન પામે. વ્રતાદિ સામગ્રી યુક્ત તો કર્મશત્રુને જીતીને અવિકલ ચારિત્ર સામાયિક લક્ષ્મી પામે છે. જેમ યાન આદિ ગુણયુક્ત યોદ્ધો જયલક્ષ્મીને પામે છે -

કહ્યું છે કે —

● **નિર્યુક્તિ-૮૪૩ :-**

***યાન, કવચ, શસ્ત્ર, યુદ્ધમાં કુશલત્વ, નીતિ, દક્ષત્વ, વ્યવસાય, શરીર, આરોગ્યતા [એ સુભટના જીતના હેતુઓ છે.]***

● **વિવેચન-૮૪૩ :-**

યાન-હાથી આદિ, આવરણ-કવચ આદિ, પ્રહરણ-ખડ્ગ આદિ, યુદ્ધમાં કુશલત્વ-સમ્યક્જ્ઞાન, નીતિ-નિર્ગમન પ્રવેશ રૂપ, દક્ષત્વ-આશુકારિત્વ, વ્યવસાય - શૌર્ય, શરીરનું અવિકલપણું, આરોગ્યતા-વ્યાધિ રહિતતા.

આટલી ગુણ સામગ્રીથી અવિરહિત યોદ્ધો જય-શ્રીને પામે છે. આ દૃષ્ટાંતનો મર્મ-જીવ તે યોદ્ધો છે, વ્રતરૂપી યાન, ઉત્તમ ક્ષાંતિ રૂપ કવચ, ધ્યાનરૂપી શસ્ત્ર, ગીતાર્થત્વરૂપી કૌશલ્ય, દ્રવ્યાદિમાં યથોપાય અનુરૂપ વર્તવું તે નીતિ, યોગ્ય અવસરે અહીં ક્રિયા કરણ તે દક્ષત્વ, તપનું કરવું અને ઉપસર્ગને સહેવા રૂપ વ્યવસાય. આ બધાંથી સુનીરોગ કર્મશત્રુને જીતે છે.

● **નિર્યુક્તિ-૮૪૪ :-**

***જોવાથી, સાંભળવાથી, કર્મનો ક્ષય થવાથી, કર્મનો ઉપશમ થવાથી, મન-વચન-કાયાના શુભ વ્યવસાયથી બોધિની પ્રાપ્તિ થાય છે.***

● **વિવેચન-૮૪૪ :-**

ભગવંતની પ્રતિમાદિ જોતા સામાયિક પામે. જેમ શ્રેયાંસકુમાર ભગવંતના દર્શનથી પામ્યો. કથાનક પૂર્વે કહેલ છે. સાંભળતા પામે જેમ - આનંદ અને કામદેવ પામ્યા. અહીં કથાનક અંગસૂત્રોથી જાણવું. અનુભૂત ક્રિયાકલાપથી પામે, જેમ વલ્કલચીરિએ પિતાના ઉપકરણ જોતા પ્રાપ્ત કર્યું. કર્મનો ક્ષય કરવાથી પામે, જેમ ચંડ કૌશિક પામ્યો, ઉપશમ કરવાથી પામે - જેમ અંગઋષિ પામ્યા. પ્રશસ્ત મન-વચન-કાયાના યોગમાં પામ્યા. બોધિ અર્થાત્ સામાયિક. અથવા અનુકંપાદિ વડે પામે. તે કહે છે —

● **નિર્યુક્તિ-૮૪૫,૮૪૬ :-**

***અનુકંપા, અકામનિર્જરા, બાલતપ, દાન, વિનય, વિભંગ, સંયોગ અને વિયોગ, વ્યસન, ઉત્સવ, ઋદ્ધિ, સત્કાર. [એ ૧૧ દ્વારા અનુક્રમે] વૈદ્ય, મહાવત, ઈન્દ્રનાગ, કૃતપુણ્ય, પુષ્પશાલસુત, શિવ, બે મથુરાના વણિક, બે ભાઈઓ, આભીર, દશાર્ણભદ્ર અને ઈલાચિપુત્ર [સામાયિક પામ્યા.]***

● **વિવેચન-૮૪૫,૮૪૬ :-**

અનુકંપામાં રત્ત-ચિત્તવાળો જીવ સામાયિક પામે છે, કેમકે તે શુભ પરિણામયુક્ત હોય છે. જેમ વૈદ્ય. આ જ પ્રતિજ્ઞાને વિશેષથી કહે છે. હેતુદૃષ્ટાંત અન્યત્વ પ્રતિપ્રયોગ કહીશું. અકામ નિર્જરાવાળા જીવને સામાયિક પ્રાપ્ત થાય. જેમ શુભ પરિણામવાળા મહાવત્‌ને થઈ. બાલતપોયુક્તત્વથી ઈન્દ્રનાગવત્, સુપાત્રપ્રયુક્ત યથાશક્તિ શ્રદ્ધાદાનથી કૃતપુણ્યકવત્, આરાધિત વિનયત્વથી પુષ્પશાલપુત્રવત્, વિભંગજ્ઞાનત્વ પામીને તાપસ શિવરાજર્ષિવત્, દૃષ્ટ સંયોગના વિપ્રયોગત્વથી મથુરાના બે વણિકવત્, અનુભૂત વ્યસનત્વથી બે ભાઈ - શકટચક્રવ્યાપાદિત મલ્લંડીલબ્ધ માનુષત્વ સ્ત્રી ગર્ભ જાત



પ્રિય દ્વેષ્ય પુત્રદ્વયની માફક, અનુભૂત ઉત્સવત્વથી આભીરવત્, મહાઋદ્ધિ જોઈને દશાર્ણભદ્રરાજાવત્, સત્કાર કાંક્ષી હોવા છતાં સત્કાર ન પામનાર ઈલા પુત્રવત્. આ અક્ષર ગમનિકા કહી. હવે ઉદાહરણ —

(૧) દ્વારિકામાં કૃષ્ણ વાસુદેવને બે વૈદ્યો હતા - ધન્વંતરી અને વૈતરણી. ધન્વંતરી અભવ્ય હતો, વૈતરણી ભવ્ય હતો. તે સાધુ અને ગ્લાનને પ્રીતિ વડે કહેતો. તે પ્રાસુક ઔષધ બતાવતો. જો તેની પોતાની પાસે ઔષધ હોય ત્યારે આપતો. ધન્વંતરી વૈદ્ય સાવધ ઔષધ બતાવતો, તે અસાધુપ્રાયોગ્ય કહેતો, ત્યારે સાધુઓ કહેતા - અમારે આ શા કામના? તે બોલતો કે મેં સાધુ માટે વૈદ્યક શાસ્ત્રનો અભ્યાસ કરેલો નથી. તે બંને મહારંભી અને મહાપરિગ્રહી આખી દ્વારિકામાં ચિકિત્સા કરતા હતા.

કોઈ દિવસે કૃષ્ણ વાસુદેવે પૂછ્યું — આ બંને ઘણાં ઢંકાદિના વધ કરીને કયા જશે? ત્યારે ભગવંતે કહ્યું કે — આ ધન્વંતરી અપ્રતિષ્ઠાન નરકમાં ઉત્પન્ન થશે. આ વૈતરણી કાલંજરવર્તી અટવીમાં ગંગા મહાનદી અને વિંધના આંતરામાં વાંદરાપણે જન્મ લેશે. ત્યારે તે યુવાન થઈને સ્વયં જ યૂથપતિત્વ કરશે. ત્યાં કોઈ દિવસે સાર્થની સાથે સાધુઓ આવશે. એક સાધુના પગમાં કાંટો લાગશે. ત્યારે સાધુઓ કહેશે કે — અમે તારી પ્રતિક્ષા કરીશું. તે સાધુ જણાવશે કે — બધાંએ મરવાની જરૂર નથી, તમે ચાલો, હું અહીં ભક્ત પ્રત્યાખ્યાન કરીશ. ત્યારે તે પણ નિર્બન્ધ કરીને રહ્યો. શલ્યને કાઢવું શક્ય ન બન્યું. પછી તે સ્થંડિલ ભૂમિ અને છાયા પ્રાપ્ત કરી રહ્યો. સાધુ પણ ગયા.

ત્યારે તે વાનરયૂથાધિપતિ જ્યાં સાધુ હતા ત્યાં આવ્યો. આમને પૂર્વે જોયા છે એમ વિચારી કિલકિલાટ કરવા લાગ્યો. પછી - x - યૂથાધિપતિએ સાધુને જોયા. તેમને જોઈને ઈહા-અપોહ કરતાં મેં આમને ક્યાં જોયા છે? એમ વિચારતા જાતિસ્મરણજ્ઞાન થયું. દ્વારિકા યાદ આવી. ત્યારે તે સાધુને વંદના કરી, તેનું શલ્ય જોયું. ત્યારે બધી ચિકિત્સા યાદ આવી. ત્યારે તે પર્વતે જઈને શલ્ય ઉદ્ધરણી અને શલ્ય રોહિણી બંને ઔષધિ લઈને આવ્યો. પછી શલ્ય કાઢવા માટે પગે ઔષધિ લગાડી, એક મુહૂર્ત બાદ શલ્ય નીકળ્યું. સંરોહિણી ઔષધિથી ઘા રુઝવ્યો. ત્યારે તેની આગળ અક્ષરો લખ્યા — હું વૈતરણી નામે વૈદ્ય પૂર્વભવે દ્વારિકામાં હતો. સાધુએ તેને ધર્મ કહ્યો. ત્યારે તે વાનરે ભક્તપ્રત્યાખ્યાન કર્યું. ત્રણ અહોરાત્ર જીવીને સહસ્રારકલ્પે ગયો.

અવધિજ્ઞાનનો પ્રયોગ કરી જ્યાં પોતાનું શરીર જોયું, સાધુને જોયા. ત્યાં આવીને દેવઋદ્ધિ દેખાડીને કહ્યું — આપની કૃપાથી મને આ દેવઋદ્ધિ મળી. તે દેવ વડે તે સાધુ તેમના સાધુ પાસે પહોંચ્યો. તેઓએ પૂછ્યું — અહીં કેવી રીતે આવી ગયો ? ત્યારે બધો વૃત્તાંત કહ્યો. એ પ્રમાણે તે વાનરને સમ્યક્ત્વ સામાયિક, શ્રુત સામાયિક, દેશવિરતિ સામાયિકનો અનુકંપાથી લાભ થયો. - x - દેવલોકથી ચ્યવીને ચારિત્ર સામાયિક અને મોક્ષ પામશે.

*[અહીં અમે કથા સળંગ આપી છે તેની નિર્યુક્તિ આ પ્રમાણે છે —]*

● **નિર્યુક્તિ-૮૪૭ :-**

***તે વાનર યૂથપતિ અટવીમાં સુવિહિતની અનુકંપાથી દેદીપ્યમાન શરીરનો ધારક દેવ એવો વૈમાનિક થયો.***

● **વિવેચન-૮૪૭ :-**

(ગાથાર્થ કહ્યો.) કથાનક નિર્યુક્તિ-૮૪૬ના વિવેચનમાં કહેલ છે.

(૨) અકામનિર્જરાનું દૃષ્ટાંત :- વસંતપુર નગરમાં શ્રેષ્ઠી પત્ની નદીમાં સ્નાન કરતી હતી, અન્ય કોઈ તરુણે તેણીને જોઈને કહ્યું – સારી રીતે સ્નાન કર્યુ ? આ નદી મત્તવારણકર. આ નદી, વૃક્ષો અને હું તારા પગે પડીએ છીએ. તેણી બોલી - નદી સુભગા થાઓ, આ નદી અને વૃક્ષો ઘણું જીવો અને સુસ્નાન પૂછનારનું પણ પ્રિય કરવાને પ્રયત્ન કરીએ. ત્યારે તે તરુણ તેણીના ઘરને કે દ્વારને ન જાણતો વિચારે છે – તેણીના સહગત ચેટરૂપ વૃક્ષોને અવલોકતો ઉભો રહે છે. તેમને પુષ્પો અને ફળો આપીને પૂછે છે – આ કોણ છે ? તેઓ કહે છે – અમુકની પત્ની છે. ત્યારે તે તરુણ વિચારે છે - કયા ઉપાયથી આની સાથે સંયોગ થઈ શકે ? ત્યારે આણે ચારિકાને દાન-માન સંગૃહીત કરીને તેને વિદાય કરી. તે ચરિકા જઈને પે'લી યુવતીને રોષથી વાસણોમાંથી ઉદ્વર્તયન કરીને મસી વડે હાથ બગાડી તે ચરિકાની પાછળ ધબ્બો માર્યો, પંચાંગુલીનું નિશાન થઈ ગયું. પાછલા દ્વારથી કાઢી મૂકી.

તે ચરિકાએ જઈને કહ્યું – તેણી તમારું નામ પણ સાંભળવા માંગતી નથી પણ યુવક સમજી ગયો. કૃષ્ણપક્ષની પાંચમે મળશે. ત્યારે તેણે ફરી પણ ચરિકાને પ્રવેશ જ્ઞાનાર્થે મોકલી. ત્યારે તેણીએ લજ્જા સહિત તેણીને ધકેલીને અશોકવનિકાની છિંડિકામાંથી કાઢી મૂકી. ચરિકાએ જઈને કહ્યું. તે તરુણ પ્રવેશ જાણી ગયો. તે બંને અપદ્વારથી જઈ અશોક વાટિકામાં સુતા તેટલામાં યુવતીના સસરાએ બંનેને જોયા. તે જાણી ગયા - આ મારો પુત્ર નથી. પછી તેણીના પગમાંથી ઝાંઝર કાઢી લીધું. તેણી ચેતી ગઈ. પે'લા યુવકને કહ્યું – હવે તું ભાગ. પછી જઈને પોતાના પતિને કહ્યું – અહીં ઘણી ગરમી છે ચાલો - અશોકવાટિકામાં. બંને ગયા, બંને અશોકવાટિકામાં સૂઈ ગયા.

પછી પતિને ઉઠાડીને બોલી – તમારા કુળને શું આ અનુરૂપ છે ? મારા પગમાંથી સસરાજીએ ઝાંઝર લઈ લીધું. તેનો પતિ બોલ્યો – સવાર પડે ત્યાં સુધી સૂઈ જા. તેને પિતાએ વાત કરી. તે યુવક રોષિત થઈ બોલ્યો. પિતાજી ! તમે વિપરીત બોલો છો. પિતા બોલ્યા – મેં બીજાને જોયેલો હતો. ત્યારે વિવાદ થતાં તેણી બોલી – હું આત્માની શુદ્ધિ કરીશ. પછી તે સ્નાન કરી યક્ષગૃહે પહોંચી. જે અપરાધી હોય તે બે જંઘાના અંતરમાં ફસાઈ જાય છે અને અનપરાધી હોય તે વચ્ચેથી નીકળી જાય છે. તેણી [આ પરીક્ષા દેવા] ચાલી ત્યારે પે'લો તેનો ચાર પુરુષ પિશાચરૂપ કરીને તેણીને આલિંગનથી ગ્રહણ કરે છે.

પછી ત્યાં જઈને તેણી યક્ષને કહે છે – જે મારા પિતાએ આપેલો વર છે તે અને તે પિશાચને છોડીને જો કોઈ મને જાણતું હોય [મેં સંયોગ કરેલ હોય] તો મને તમે શિક્ષા કરો. યક્ષ વિલખો થઈને ચિંતવે છે – આ જુઓ કેવા પ્રકારે માયા કરે છે? હું પણ આના વડે છેતરાયો છું. આ સતી નહીં ધૂર્તા છે. હજી યક્ષ વિચારતો હતો. તેટલામાં તેણી નીકળી ગઈ બધાં લોકો વડે તે સ્થવિર હેલણા પામ્યો. ત્યારે ખેદથી તેની નિદ્રા નષ્ટ થઈ ગઈ. આ વાત રાજાના કાને પડી. રાજાએ તેને અંતઃપુરપાલક નીમ્યો.

આભિષેક્ય હસ્તિરત્ન રાજાના વાસગૃહની નીચે બંધાયેલ હતું. રાણી મહાવતમાં



આસક્ત હતી. રાત્રિના હાથી સુંઢ પસારતો, તેણી પ્રાસાદ થકી ભોંયરામાં ઉતરી જતી. ફરી પ્રભાતે પાછી આવી જતી, એ પ્રમાણે કાળ જતો હતો. કોઈ દિવસે બહુ વાર લાગી, તેથી મહાવતે તેણીને હાથીની સાંકળ વડે મારી. તેણી બોલી - આવો કોઈ પુરુષ છે, તે સુતો નથી. રોષ ન કર. તે સ્થવિર-વૃદ્ધે જોઈ, તે વિચારે છે - જો આ રાણી પણ આવી હોય, તો પછી મારી પુત્રવધુ કેમ ન હોય, એમ વિચારી સૂઈ ગયો. પ્રભાતે બધાં લોકો ઉઠી ગયા. તે વૃદ્ધ ન ઉઠ્યો. રાજાએ કહ્યું – સુવા દો. સાતમે દિવસે ઉઠ્યો.

ત્યારે રાજાએ પૂછતાં કહ્યું – એક રાણી છે, તે કોણ છે તે નથી જાણતો. ત્યારે રાજાએ ભિંડમય હાથી કરાવ્યો. બધી અંતઃપુરિકાને કહ્યું કે – આની પૂજા કરી ઉલ્લંઘી જવું. બધી વડે ઉલ્લંઘાયો, તેણી એકે ના પાડીને કહ્યું – ના, મને ડર લાગે છે. ત્યારે રાજાએ કમળની નાળ વડે મારી, તેટલામાં તેણી મૂર્છા ખાઈને પડી ગઈ. ત્યારે રાજા જાણી ગયો કે આ જ અપરાધિની છે. તેણીને કહ્યું કે – ઉન્મત્ત હાથી ઉપર ચડી જાય છે, ભિંડમય હાથીથી ડરે છે, અહીં કમળની નાલ વડે હણાતા મૂર્ચ્છા પામે છે, ત્યાં સાંકળ વડે મારતા પણ મૂર્છા નથી પામતી. તેણીની પીઠ જોઈ, ત્યાં સાંકળના પ્રહાર જોવા. ત્યારે રાજાએ મહાવત અને તે રાણી બંનેને પણ તે હાથી સાથે બાંધી છિન્નકટકમાં મૂકી દીધા.

ત્યારપછી મહાવતને કહ્યું – તારા સહિત હવે તું પર્વતથી પડતું મૂક. હાથીના બંને પડખે ભાલાધારી રાખ્યા. તેટલામાં હાથી વડે એક પગ આકાશમાં ઉંચો કરાયો. લોકો બોલવા લાગ્યા કે – તિર્યંચ પણ જાણે છે કે શું ? આ બંને મારવા લાયક છે. તો પણ રાજા રોષને મૂકતો નથી. ત્યારે હાથીએ બે પગ આકાશમાં ઉંચા કર્યા. ત્રીજી વખત ત્રણ પગ આકાશમાં ઉંચા કરીને એક પગે ઉભો રહ્યો. લોકો આક્રંદ કરવા લાગ્યા - આ હસ્તિરત્નનો શા માટે વિનાશ કરો છો ? રાજાનું ચિત્ત દ્રવી ઉઠ્યું, મહાવતને બોલ્યો કે – બચાવવાને સમર્થ છો ?

મહાવત બોલ્યો – મને અભય આપો તો બચાવું. રાજાએ તેને અભય આપ્યું. તેણે અંકુશ વડે હાથીને નિયંત્રિત કર્યો. ભમાડીને સ્થળમાં ઉભો કર્યો. ત્યારે તે બંનેને ઉતારીને દેશ નિકાલ કર્યો.

મહાવત અને રાણી ભેગા થઈને પ્રત્યંત ગામે શૂન્યગૃહમાં રહ્યા. ત્યાં કોઈ ચોર તે શૂન્યગૃહમાં આવ્યો. તેઓ બોલ્યા - આપણે વીંટળાઈને રહીએ. જેથી કોઈ અંદર પ્રવેશે નહીં. સવારે બધું ગ્રહણ કરીશું. તે ચોર પણ જતો હતો ત્યાં કોઈ રીતે તે રાણીનો સ્પર્શ થયો. રાણી તો સ્પર્શને ઓળખી ગઈ [જાગી ગઈ] તેણી સ્પર્શ થતાં બોલી – તું કોણ છે? તે બોલ્યો – હું ચોર છું. તે રાણી બોલી – તું મારો પતિ થા.

ત્યારપછી [આવેલા કોટવાલને કહ્યું] આ મહાવત ચોર છે. તેઓ પ્રભાતે મહાવતને પકડી ગયા. તેને બાંધીને શૂળીએ ચડાવી દીધો. રાણી ચોરની સાથે ચાલવા લાગી, માર્ગમાં નદી આવી. રાણીએ ચોરને કહ્યું. અહીં આ શરસ્તંભે ઉભો રહે, ત્યાં સુધીમાં હું આ વસ્ત્ર-આભરણ ઉતારી નાંખુ. તે ગયો. નદી ઉતરવા લાગ્યો. તેણી બોલી – નદી ભરેલી દેખાય છે, પ્રિયાના બધા ભાંડક તારા હાથમાં છે, જો

તું પાર જવાને ઈચ્છે છે કે તું ભાંડ ગ્રહણ કરવાને ઈચ્છે છે. ચોર બોલ્યો – હે બાલા ! અસંસ્તુતને માટે લાંબા કાળના સંસ્તુતને છોડી દે છે, અધ્રુવ વડે ધ્રુવ એવા પ્રિયને છોડે છે. હું તારી પ્રકૃતિ અને સ્વભાવને જાણું છું. બીજા પુરુષને ઈચ્છનારી ! તારો કોણ વિશ્વાસ કરે ?

રાણી બોલી – ક્યાં જઈશ ? ચોર બોલ્યો – જેમ તે મહાવતને મારી નાંખ્યો, એ પ્રમાણે મને પણ કોઈ પાસે મરાવી દઈશ.

મહાવત પણ ત્યાં શૂળીમાં વિંધાણો. પાણી-પાણી કરે છે. ત્યાં કોઈ શ્રાવક હતો. તે કહે છે – જો નમસ્કાર કરીશ [નવકાર ગણીશ] તો હું પાણી આપું. શ્રાવક પાણી લેવાને ગયો. તે આવે ત્યાં સુધીમાં મહાવત નવકાર ગણતો મૃત્યુ પામ્યો. મરીને વ્યંતર થયો. તેટલામાં પે’લા શ્રાવકને આરક્ષક પુરુષોએ પકડી લીધો.

તે વ્યંતર દેવે અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. પોતાના શરીરને અને બાંધેલા શ્રાવકને જોયો. ત્યારે શિલા વિકુર્વીને છોડે છે. શરસ્તંભે રહેલી રાણીને જુએ છે. ત્યારે તેને ઘૃણા ઉત્પન્ન થઈ, શીયાળનું રૂપ વિકુર્વીને માંસ પેશી ગ્રહણ કરીને પાણીના કિનારે ચાલ્યો. તેટલામાં નદીનો મત્સ્ય ઉછળીને કિનારે પડ્યો. ત્યારે તે માંસપેશી છોડીને મત્સ્યને માટે દોડ્યો. તે પાણીમાં પડી ગયો, માંસપેશી પણ સમળીએ લઈ લીધી. શિયાળ મુંઝાણો.

રાણી બોલી – માંસપેશી છોડીને માછલાને ઈચ્છે છે, હે શિયાળ ! તું માંસથી પણ ભ્રષ્ટ થયો અને મત્સ્યથી પણ ભ્રષ્ટ થયો. હવે કેમ કરુણ રૂદન કરે છે ? શિયાળ બોલ્યો – હે પત્રપુટ પ્રતિછન્ના ! પિતાને અપયશ કરાવનારી ! તું પતિથી પણ ભ્રષ્ટ થઈ અને યારથી પણ ભ્રષ્ટ થઈ. હે પુંશ્ચલિ ! શા માટે કરુણની ચિંતા કરે છે ?

ત્યારપછી તે શિયાળ બનેલા દેવે પોતાનું રૂપ દર્શાવ્યું, બોધ પમાડીને કહ્યું – દીક્ષા લઈ લે. ત્યારે તેની તર્જના કરી તે રાજાએ સ્વીકાર કરી સત્કાર કરીને વિદાય આપી. દેવલોકે ગયા. આ મહાવતની અકામ નિર્જરા.

(૩) બાલતપસ્વી, - વસંતપુર નામે નગર હતું. ત્યાં શ્રેષ્ઠીના ઘેર મારી ફેલાણી. ઈન્દ્રનાગ નામે બાળક હતો તે બચી ગયો. ભુખ્યો અને ગ્લાન થયેલા પાણીને શોધે છે. તેટલામાં બધાંને મરેલા જુએ છે. દ્વારો પણ લોકો વડે કટકથી આચ્છાદિત કરાયેલા છે. ત્યારે શૂન્યછિદ્ર વડે નીકળીને તે નગરમાં કર્પર વડે ભિક્ષાને માટે જાય છે. લોકો તેને પોતાના દેશનો ભૂતપૂર્વ રહેવાસી છે, તેમ જાણીને ભિક્ષા આપે છે એ પ્રમાણે તે મોટો થયો.

એટલામાં એક સાર્થવાહ રાજગૃહે જવાને માટે ઘોષણા કરાવે છે તેણે સાંભળી, તે પણ સાર્થની સાથે ચાલ્યો. ત્યાં સાર્થમાં તેને કૂર-ભાત પ્રાપ્ત થયા, તેણે જમી લીધું. પણ ધરાયો નહીં. બીજે દિવસે સાથે રહ્યો. સાર્થવાહે તેને જોયો. તે વિચારે છે - નક્કી આ ઉપવાસી લાગે છે. તે અવ્યક્તલિંગી છે. બીજે દિવસે ભિક્ષાર્થે નીકળ્યો, શ્રેષ્ઠીએ તેને ઘણું ઘી વગેરે આપ્યું. તે તેનાથી બે દિવસ અજીર્ણ વડે રહ્યો. સાર્થવાહે જાણ્યું કે આ ષષ્ઠાન્નકાલિક છે. તેને શ્રદ્ધા જન્મી. ત્રીજે દિવસે નીકળ્યો ત્યારે સાર્થવાહે બોલાવ્યો. તેને પૂછ્યું કે કેમ કાલે ન આવ્યો ? તે મૌન જ રહ્યો.





સાર્થવાહે વિચાર્યું કે આણે છઠ્ઠ કર્યો લાગે છે. તેથી તેને કંઈક આપવું તેણે પણ બીજાએ પણ બે દિવસ સ્થાપિત કર્યો. લોકો પણ પરિણત થયા. બીજા નિમંત્રણ કરે તો પણ ગ્રહણ ન કરતો. બીજા કહે છે – તે એકપિંડિક હતો. તેણે તે અર્થથી પદ મેળવ્યું. વણિકો કહેવા લાગ્યા – બીજાનું પારણું ગ્રહણ કરતો નહીં, નગર પહોંચીએ ત્યાં સુધી હું આપીશ. નગર ગયા. તેણે તેના પોતાના ઘેર મઠ બનાવ્યો. પછી મસ્તક મુંડાવ્યું. કાષાયિક વસ્ત્રો લીધા, ત્યારે લોકમાં વિખ્યાત થયો. જે દિવસે તેને પારણું હોય તે દિવસે લોકો ભોજન લાવતા. કોઈ એકને લાભ મળતો. ત્યારે લોકો ન જાણતા કે કોને લાભ મળશે ? ત્યારે લોકોએ જાણવાને માટે ભેરી બનાવી. જે આહાર દાન આપે, તે ભેરી વગાડે. ત્યારે લોકો પ્રવેશતા, એ પ્રમાણે કાળ જતો.

ભગવંતે સમોસર્યા. ત્યારે સાધુઓ બોલ્યા – મુહૂર્ત રહો, અનેષણા છે. તેના જમ્યા પછી બોલ્યા – પધારો. ગૌતમસ્વામીએ [તેને પ્રતિબોધ કરવા કહ્યું –] ઓ અનેકપિંડિક ! એકપિંડિક તને જોવાને ઈચ્છે છે.

એ પ્રમાણે ગૌતમસ્વામીએ કહેતો, તે રોષાયમાન થયો. બોલ્યો કે – તમે અનેકશત પિંડનો આહાર કરો છો, હું તો એક પિંડ જ ખાઉ છું. તેથી હું એકપિંડિક છું. પરંતુ મુહૂર્ત વીત્યા પછી વિચારે છે – આ લોકો મૃષા બોલતા નથી. પણ આમ કઈ રીતે બને ? શ્રુતિ પ્રાપ્ત થઈ. હું અનેકપિંડિક થયો છું. જે દિવસે મારે પારણું હોય, તે દિવસે અનેકશત પિંડ કરાય છે આ લોકો તો ન કરેલ - ન કરાવેલ ભોજન કરે છે. તેથી સાચું બોલે છે.

એ પ્રમાણે વિચારતા તેને જાતિસ્મરણજ્ઞાન થયું તે પ્રત્યેકબુદ્ધ થયો. અધ્યયન કહ્યું. પછી તે ઈન્દ્રનાગ સિદ્ધ થયા [મોક્ષમાં ગયા.] એ પ્રમાણે બાળ તપસ્યાથી તેણે સામાયિક પ્રાપ્ત કરી.

(૪) દાન - એક વત્સપાલી - ગોવાલણનો પુત્ર હતો. લોકોએ ઉત્સવમાં ખીર રાંધેલી. ત્યાં નીકટના ઘરમાં બાળકોને ખીર ખાતા જોયા. ત્યારે તે માતાને કહે છે – મારા માટે પણ ખીર બનાવ. ત્યારે દુધ વગેરે કોઈ સામગ્રી ન હોવાથી તેણી અધૃતિથી રડવા લાગી. તેની સખીઓ પૂછે છે, ખૂબ દબાણ કરતા તે બોલી કે મારો પુત્ર ખીર માટે રડે છે. તે બધીએ અન્ય અન્ય પાસેથી અનુકંપાથી દુધ, ચોખા વગેરે લાવી આપ્યા. ત્યારે તે વત્સપાલીએ ખીર પકાવી.

ત્યારપછી તે બાળકને ન્હાઈને ઘી-ગોળ આદિ યુક્ત ખીરનો થાળ ભરીને આપ્યો. તે વખતે માસક્ષમણને પારણે આવેલા સાધુ જોયા. જેટલામાં વત્સપાલી કંઈ કામમાં વ્યાકુળ હતી, તેટલામાં “મને પણ ધર્મ થાય” એવી બુદ્ધિથી તે ખીરના ત્રણ વિભાગ કર્યા. ત્રીજો ભાગ વહોરાવ્યો. ફરી વિચાર્યું. આ તો બહુ થોડું છે, તેથી બીજો ત્રિભાગ ખીર વહોરાવી દીધી. વળી વિચાર્યુ કે જો બીજા કોઈ આમાં ખાટા ખલ આદિ નાંખશે, તો ખીર નાશ પામશે. ત્યારે ત્રીજો વિભાગ પણ ખીરનો વહોરાવી દીધો.

ત્યારે તેણે દ્રવ્યશુદ્ધ, દાયકશુદ્ધ, ગ્રાહકશુદ્ધ ત્રણે વડે ત્રણ યોગ અને ત્રણ કરણથી શુદ્ધ ભાવ વડે દેવનું આયુ બાંધ્યુ.

ત્યારે તેની માતાએ જાણ્યું કે – આણે જમી લીધું. ફરી ખરી આપી. ઘણા જ

ગરીબપણાથી ખીર વડે પેટ ભરી દીધું. ત્યારે રાત્રિના તેને ઝાળા થયા. મરીને દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવીને રાજગૃહીનગરીમાં પ્રધાન ધનાવહનો પુત્ર અને ભદ્રા નામે તેની પત્નીનો આત્મજ થયો. તે ગર્ભમાં હતો ત્યારે લોકો કહેતા — આ કૃતપુણ્ય જીવ છે. તેથી તે જ્યારે જન્મ્યો ત્યારે તેનું કૃતપુણ્ય એવું નામ રાખ્યું તે મોટો થયો. કલાનું શિક્ષણ લીધું. પરિણત થયો. તેની માતાએ તેને દુર્લલિત ગોષ્ઠીમાં મૂક્યો.

તે ગણિકાના ઘરમાં પ્રવેશ્યો. બાર વર્ષ જતાં તેનું કુળ નિર્ધન થઈ ગયું. તો પણ તે ગણિકાને ત્યાંથી નીકળ્યો નહીં. તેના માતા-પિતા મૃત્યુ પામ્યા. છેલ્લે દિવસે તેની પત્નીએ આભરણ મોકલ્યા. ગણિકાની માતા સમજી ગઈ કે હવે આ કૃતપુન્ય ખાલી થઈ ગયો છે. - x -

ગણિકાની માતા બોલી કે — આને હવે અહીંથી કાઢી મૂક. પણ ગણિકા તેમ ઈચ્છતી ન હતી. ત્યારે ચોરી છૂપીથી કાઢી મૂક્યો. બારણા બંધ કરી દીધા. ઉતરીને બહાર ઉભો રહ્યો. ત્યારે દાસી વડે કહેવડાવ્યું — કાઢી મૂક્યો તો પણ ઉભો છો ? ત્યારે સડેલ-પડેલ પોતાના ઘેર ગયો ત્યારે તેની પત્ની સંભ્રમથી ઉભી થઈ, ત્યારે તેણીને કૃતપુન્યને બધી વાત કરી. શોક વ્યાપ્ત થઈને પૂછ્યું — હવે કંઈ છે ? જેનાથી હું બીજે જઈને કંઈક વ્યાપાર કરું ? ત્યારે જે આભરણો અને હજાર કર્પાસમૂલ્ય ગણિકાની માતાએ આપેલા તે બતાવ્યા.

તે દિવસે કોઈ સાર્થ કોઈપણ દેશમાં જવાને નીકળતો હતો. તે પણ કંઈક ભાંડમૂલ્ય ગ્રહણ કરીને તેની સાથે ચાલ્યો. બહાર દેવકુલિકામાં ખાટલો પાથરીને સુતો હતો.

બીજા કોઈ વણિકની માતાએ સાંભળ્યુ કે — વહાણ ભાંગવાથી તારો પુત્ર મૃત્યુ પામ્યો છે. તેણીએ તેને ધન આપીને કહ્યું કે — ‘‘તું આ વાત કોઈને કહેતો નહીં. માતાએ વિચાર્યુ કે — ‘‘મારું ધન રાજકુળમાં ન ચાલ્યું જાય,’’ કેમકે અપુત્ર એવા મારે ત્યાં રાજના પુરુષો પ્રવેશશે તો બધું ધન લઈ જશે.

ત્યારે રાત્રિના તેને ત્યાં સાથે આવ્યો. જો કોઈ અનાથ દેખાય તો ત્યાં જોવો, સમજાવીને ઘેર લાવવો. ત્યારે ઘેર લાવીને રોવા લાગી. હે પુત્ર ! ત્યાં ક્યાં ચાલી ગયેલો ? ચારે પુત્રવધુને પણ કહે છે કે — આ તમારો દેવર છે, ઘણા સમયથી નાશી ગયેલો. તે ચારે પુત્રવધુ તે કૃતપુન્ય સાથે જોડાઈ ગઈ. એ રીતે તે ત્યાં બાર વર્ષ સુધી રહ્યો. ત્યાં એકૈકને ચાર-પાંચ પુત્રો થયા.

ત્યારે તે વૃદ્ધાએ કહ્યું કે — હવે આને કાઢી મૂકો. તે ચારે પુત્રવધુ તેમ ન કરવા સમર્થ ન હતી. ત્યારે તેણીઓએ ભાથું આપવા લાડવા બનાવ્યા. અંદર રત્નો વડે ભરી દીધા. જો તેને [કૃતપુન્યને] પ્રાયોગ્ય થાય તો ઘણું સારું ત્યારે વિકટ [ઉંઘની દવા] પીવડાવીને તે જ દેવકુલિકામાં ઓશીકે તે ભાથું રાખીને પાછા આવી ગયા. તે પણ શીતળ પવનથી પ્રભાતે જાગ્યો.

ગયેલો સાર્થ પણ તે જ દિવસે પાછો આવેલો. કૃતપુન્યની પત્નીએ પણ ગવેષકને મોકલેલા. તેને લઈને ઘેર આવ્યા. તેની પત્ની જલ્દીથી ઉઠીને આવી ભાથું-શંબલ લઈ લીધું. ઘરમાં લાવ્યા. અભ્યંગ આદિ કરે છે. કૃતપુણ્ય ગયો ત્યારે તેની



પત્ની ગર્ભિણી હતી. તે પુત્ર પણ અગિયાર વર્ષનો થઈ ગયેલો તે લેખશાળાથી આવીને રડતો હતો. મને જલ્દી ખાવા આપ. ત્યારે તેણીએ કૃતપુન્યના ભાથામાંથી એક લાડવો આપ્યો. ખાતા ખાતા રત્નો નીકળ્યા. તેમાં રત્નને જોયા, લેખદારકે પણ જોયા, પુડલાના બદલામાં તેણે રત્ન આપી દીધા. ઈત્યાદિ - x -

કૃતપુન્યે પણ જમીને લાડવો ભાંગ્યો, તેણે પણ રત્નો જોયા, તે રત્નો તે પ્રમાણે જ રાખી મૂક્યા. [તે અવસરે એક બનાવ બન્યો.]

સેચનક ગંધહસ્તીને નદીમાં મગરે પકડ્યો. રાજા ખેદ પામ્યો. અભયે કહ્યું કે — જો જલકાંત મણિ હોય, તો મગર તેને છોડી દે. તે રાજકુળમાં ઘણાં-ઘણાં રત્નો લાંબા કાળથી હતા. તેઓએ પડહ વગડાવ્યો કે જે કોઈ જલકાંત મણિ આપશે તેને રાજા અડધું રાજ્ય અને કન્યા આપશે. ત્યારે કંદોઈએ તે રત્ન આપ્યું. લઈને પાણીમાં પ્રકાશિત કર્યુ, મગરે જાણ્યું કે અહીં સ્થળ છે, હાથીને છોડીને ચાલ્યો ગયો.

રાજા વિચારે છે કે આ કોની પાસેથી આવ્યું હશે? આપૂપિકને પૂછે છે - તારી પાસે આ ક્યાંથી આવ્યું? દબાણ કરતાં બોલ્યો કે — કૃતપુણ્યના પુત્રએ આપ્યું. રાજા ખુશ થયો. બીજા કોઈકનું હશે? રાજાએ કૃતપુન્યકને બોલાવ્યો. પોતાની કન્યા પરણાવી, તેને દેશ પણ આપ્યો. તે તેણી સાથે ભોગો ભોગવવા લાગ્યો.

ગણિકા પણ આવી ગઈ. કહે છે — આટલા કાળ સુધી હું વેણી બાંધીને રહી. બધાં વૈતાલિકો તમારા માટે મોકલ્યા. ત્યારે અહીં જોયા.

ત્યારપછી કૃતપુન્યએ અભયને કહ્યું — અહીં મારી ચાર પત્નીઓ છે, પણ હું તેનું ઘર જાણતો નથી. ત્યારે અભયકુમારે ચૈત્યગૃહ કરાવ્યું. કૃતપુણ્ય સદૃશ લેપ્યયક્ષ કર્યો. તેની પૂજા-અર્ચનની જાહેરાત કરી. બે દ્વાર કરાવ્યા. એકથી પ્રવેશ અને બીજાથી નિર્ગમન. ત્યાં અભય અને કૃતપુન્ય એક દ્વારની ધાર પાસે શ્રેષ્ઠ આસન રાખીને બેઠા. કૌમુદીની આજ્ઞા કરાઈ - પ્રતિમા પ્રવેશ પૂજા કરવી. નગરમાં ઘોષણા કરાવી કે — બધી સ્ત્રીઓએ ફરજિયાત આવવું.

લોકો આવવા લાગ્યા. ચાર પુત્રવધુઓ ચાર પુત્રો સાથે આવી ગઈ. ત્યાં તે બાળકો બાપા, બાપા બોલતા તેના ખોળામાં બેસી ગયા. કૃતપુન્ય જાણી ગયો કે આ જ તારા પુત્રો છે. પે’લી વૃદ્ધ માતાને ધમકાવી. તે ચારે પુત્રવધુઓને પણ લાવવામાં આવી. એ રીતે કુલ સાત સ્ત્રીઓ સાથે કૃતપુન્ય ભોગો ભોગવવા લાગ્યો.

વર્ધમાન સ્વામી પધાર્યા. કૃતપુન્ય સ્વામીને વાંદીને પૂછે છે — મને આ સંપત્તિ અને વિપત્તિ કઈ રીતે પ્રાપ્ત થઈ ? ભગવંતે કહ્યું — ખીરના દાનથી. આખો વૃત્તાંત સાંભળી સંવેગ પામીને પ્રવ્રજ્યા લીધી.

આ રીતે દાનથી સામાયિકની પ્રાપ્તિ થાય છે.

(૫) વિનય - મગધ દેશમાં ગૂર્બરગામમાં પુષ્પશાલ ગાથાપતિ હતો. તેની પત્નીનું નામ ભદ્રા હતું. તેના પુત્રને ‘‘પુષ્પશાલસુત’’ કહેતા હતા. તે માતાપિતાને પૂછે છે — ધર્મ શું છે ? તેઓએ કહ્યું — ‘‘માતાપિતાની સેવા કરવી તે.’’ આ જીવલોકમાં માતા-પિતા બંને દૈવતા સમાન છે. તેમાં પણ પિતા વિશિષ્ટ છે કેમકે માતા તેના વશમાં વર્તે છે. તે પુત્ર માતાપિતાની સેવા-શુશ્રૂષા દૈવની માફક કરવા લાગ્યો.

અન્ય કોઈ દિવસે ગામભોજિક-મુખી આવ્યો. પુષ્પશાલ અને ભદ્રા બંને ભ્રાંત થઈને તેને નમવા - અતિથિવત્ સેવા કરવા લાગ્યા.

તે પુત્ર વિચારે છે કે — હું આની જ પૂજા કરું, તો મારે ધર્મ થશે. પછી ગામ મુખીની સેવા આરંભી. પછી તે મુખીયાને બીજા કોઈને નમતો જોયો, તે બીજો પણ કોઈ બીજાને યાવત્ શ્રેણિક રાજાને નમતો જોયો. તેથી તે પુષ્પશાલપુત્રે શ્રેણિક રાજાની સેવા-શુશ્રૂષાનો આરંભ કર્યો.

ભગવંત પધાર્યા. શ્રેણિકરાજા ઋદ્ધિ સહિત તેને વાંદવાને ગયો. ત્યારે તે પુત્ર ભગવંતને કહે છે — હું તમારી સેવા કરું ? ભગવંતે કહ્યું — રજોહરણ અને પાત્રક, માત્રકથી જ મારી સાથે રહી શકાય. તે પુષ્પશાલપુત્ર આ સાંભળીને બોધ પામ્યો. આ પ્રમાણે વિનયથી સામાયિકની પ્રાપ્તિ થાય છે.

(૬) વિભંગજ્ઞાન - મગધ જનપદમાં શિવ નામે રાજા હતો. તેના ધન, ધાન્ય હિરણ્યાદિ રોજેરોજ વધતા હતા. તેને વિચાર આવ્યો. આ ધર્મનું ફળ છે કે મારે હિરણ્ય આદિ વધે છે. તો હું પુન્ય કરું આવતી કાલે ભોજન કરાવી, તેના વડે દાન આપી, પછી પુત્રને રાજ્યમાં સ્થાપી, સ્વકૃત તામ્રમય ભિક્ષાભાજન, કડછા, ઉપકરણ આદિ લઈ દિશાપ્રૌક્ષિક તાપસોની મધ્યે તાપસ થઈશ. છઠ્ઠ અઠ્ઠમ કરી પડેલા એવા પાંડુ પત્રાદિ લાવીને આહાર કરીશ.

એ પ્રમાણે શિવરાજર્ષિએ કર્યુ. કરતા-કરતા અમુક કાળે વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. તે સંખ્યાત દ્વીપ સમુદ્રને જોવા લાગ્યો. પછી નગરમાં આવીને જેવા ભાવો ઉપલબ્ધ થયેલા તેની પ્રજ્ઞાપના કરવા લાગ્યો.

અન્ય કોઈ દિવસે સાધુઓ જોયા. તેમનો ક્રિયાકલાપ વિભંગાનુસાર જાણ્યા. યાવત્ લોકના પ્રમાણને જાણીને વિશુદ્ધ પરિણામથી અપૂર્વકરણ કરતાં સામાયિક પામી, કેવલી થઈ, સંવૃત્ત થયા.

(૭) સંયોગ-વિયોગ વડે પણ સામાયિકની પ્રાપ્તિ થાય છે. જેમકે - બે મથુર વેપારી હતા. એક દક્ષિણ તરફ, બીજો ઉત્તર તરફ. તેમાં ઉત્તરનો વણિક્ દક્ષિણમાં ગયો. ત્યાં એક વણિક તેના જેવો હતો. તેણે તેનું પ્રાઘૂર્ણ્ય-મહેમાન ગતિ કરી. ત્યારપછી તે બંને નિરંતર મિત્ર થઈ ગયા. તેમણે વિચાર્યુ કે આપણી સ્થિરતર પ્રીતિ થશે, જો આપણે પુત્ર કે પુત્રી જન્મે તો તેનો સંયોગ-વિવાહ કરાવીએ. ત્યારે દક્ષિણવાળાએ ઉતરવાળાની પુત્રીને વર્યો. બાલિકા આપી.

આ અરસામાં દક્ષિણ મથુરાનો વણિક મૃત્યુ પામ્યો. તેના સ્થાને તેનો પુત્ર બેઠો. કોઈ દિવસે તેણે સ્નાન કર્યુ. ચારે દિશામાં ચાર સૌવર્ણિક કળશો સ્થાપ્યા. તેની બહાર રુપાના અને તેની બહાર તાંબાના, તેની પણ બહાર માટીના કળશોની સ્થાપના કરી. બીજી પણ સ્નાનવિધિ રચાવી.

પછી તેનો પૂર્વ દિશાનો સુવર્ણ કળશ નાશ પામ્યો. એ પ્રમાણે ચારે દિશાના પણ નાશ પામ્યા. એ પ્રમાણે બધાં કળશો નાશ પામ્યા. ઉઠ્યા પછી સ્નાનપીઠ પણ નાશ પામી. તેને ઘણો ખેદ થયો. નાટકીયાએ વાર્યા. જેટલામાં તે ઘરમાં પ્રવેશ્યો, ભોજનવિધિ ઉપસ્થિત કરી. ત્યારે સુવર્ણ-રૂપામય ભાજનો ગોઠવ્યા. ત્યારે એકૈક



ભાજનનો નાશ થવાનો આરંભ થયો. ત્યારે તેણે નાશ પામતા નજરે જોયું. જે તેની મૂલપાત્રી હતી. તે પણ નાશ થવા લાગી. ત્યારે તેણે ગ્રહણ કરી, જેવી ગ્રહણ કરી તેવી રહી, બાકીની નાશ પામી.

ત્યારપછી શ્રીગૃહમાં જઈને જોયું, બધી લક્ષ્મી પણ ખાલી થઈ ગઈ. જે નિધાનમાં દાટેલું, તે પણ નાશ પામ્યું. જે આભરણ હતા. તે પણ નાશ પામ્યા. જે વ્યાજે આપેલા તેઓ પણ કહેવા લાગ્યા કે — અમે તમને ઓળખતા નથી. જે દાસી વર્ગ હતો, તે પણ નાશ પામ્યો. ત્યારે તે વિચારે છે — અહો ! હું અધન્ય છું. ત્યારે તેને થયું કે — હવે હું દીક્ષા લઈ લઉં.

ત્યારપછી દીક્ષા લીધી. થોડું ભણીને ચાલ્યો. હાથમાં રહેલા ખંડને કુતૂહલથી જ્યાં જુએ છે, તેમ કરતાં ઉત્તર મથુરા ગયો. તે બધાં રત્નો શ્વશૂરકૂળે પહોંચી ગયેલા, કળશો પણ ત્યાં હતા. ઈત્યાદિ બધું જોયું - x - x - x - તે સાધુ પણ તેના ઘેર પ્રવેશ્યા. ત્યાં તે સાર્થવાહની પુત્રી પ્રથમ યૌવનમાં વર્તતા વીંઝણો લઈને બેઠેલી.

ત્યારે તે સાધુએ તે ભોજનના વાસણો જોયા. સાર્થવાહ ભિક્ષા લાવ્યો. ગ્રહણ કરીને સાધુ ઉભા રહ્યા. ત્યારે પૂછે છે — ભગવન્ ! કેમ આ બાલિકાને જોઈ રહ્યા છે ? ત્યારે તે કહે છે કે — મારે બાલિકાનું પ્રયોજન નથી, હું આ ભોજનના ભાંડ જોઈ રહ્યો છું. ત્યારે સાર્થવાહ પૂછે છે — અહીં આપનું આગમન ક્યાંથી થયું ? તે બોલ્યો — દાદા, પરદાદાથી આવ્યો. સાર્થવાહે કહ્યું — એમ નહીં, મને સદ્ભાવ કહો.

ત્યારે સાધુ કહે છે કે [તે વખતે] મારા સ્નાન વખતે આ જ સ્નાનવિધિ ઉપસ્થિત કરાયેલી હતી. એ પ્રમાણે બધી જમણ-ભોજન વિધિ હતી, શ્રીગૃહ પણ ભરેલ હતું. નિધાનો પણ હતા. અદૃષ્ટ પૂર્વ ધારકો આવીને આપી ગયા. સાધુ બોલ્યા — આ મારા હતા. કઈ રીતે ?

ત્યારે સાધુ કહે છે — સ્નાનાદિ, જો વિશ્વાસ ન આવતો હોય તો આ તે ભોજનપાત્રીનો ટુકડો રાખો. ત્યાં તે ટુકડો જલ્દીથી બેસી ગયો. પછી પિતાનું નામ કહ્યું. ત્યારે જાણ્યું કે અહો! આ તો મારો જમાઈ છે. ત્યારે ઉભા થઈને મોટેથી રડતાં રડતાં બોલ્યો — આ બધું તે જ અવસ્થામાં રહેલ છે. આ તમારી પૂર્વે આપેલી કન્યા સ્વીકારો.

ત્યારે સાધુએ કહ્યું — પુરુષ પહેલાં કામભોગનો ત્યાગ કરે છે અથવા કામભોગો પહેલા પુરુષનો ત્યાગ કરે છે. ત્યારે તે સાર્થવાહ પણ સંવેગ પામ્યો. ક્યાંક મને પણ એ પ્રમાણે જ ભોગો છોડીને જશે. તે પ્રવ્રજિત થયો.

ત્યારે એક મથુરવણિકે વિયોગથી સામાયિક પ્રાપ્ત કરી, બીજાએ સંયોગથી સામાયિક પ્રાપ્ત કરી.

(૮) વ્યસન - હવે વ્યસન વડે સામાયિકની પ્રાપ્તિ બતાવે છે — બે ભાઈઓ ગાડું લઈને જતા હતા. ચક્રોલંડિકા અને બે મુખવાળા સર્પ ગાડાના માર્ગમાં આવતો જોયો. મોટા ભાઈએ કહ્યું — ગાડાંને બાજુમાંથી વાળી દે. નાનાએ તેના ઉપરથી ગાડું ચલાવ્યું. તે સંજ્ઞીનીએ સાંભળ્યું. ચક્ર વડે છેદાઈ. તે ચક્રૌલંડિકા મરીને હસ્તિનાપુર નગરમાં સ્ત્રી થઈ.

તે મોટો ભાઈ પહેલાં મર્યો. મરીને તે સ્ત્રીના ઉદરમાં આવ્યો અને પુત્ર થયો.

તે પુત્ર તે સ્ત્રીને ઈષ્ટ હતો. નાનો ભાઈ પણ તે જ સ્ત્રીના ઉદરમાં આવ્યો. જ્યારે તે ઉત્પન્ન થયો ત્યારે તે સ્ત્રી વિચારે છે કે — શિલાની માફક પછાડું, ગર્ભપાતના કરવાથી પણ તે પડ્યો નહીં. પછી તેનો જન્મ થયો. દાસીના હાથમાં આપીને તે પુત્રનો ત્યાગ કરી દીધો. શ્રેષ્ઠીએ તેને લઈ જવાતો જોયો. તેણે પાછો લઈને બીજી દાસીને આપી દીધો. તે ત્યાં મોટો થવા લાગ્યો.

મોટાનું નામ રાજલલિત, નાનાનું નામ ગંગદત્ત રખાયું. જે મોટો હતો, તેને જે કંઈ પ્રાપ્ત થાય, તે નાનાને આપતો, માતાને તો નાનો અનિષ્ટ જ હતો. જ્યારે જુએ ત્યારે કાષ્ઠાદિ વડે મારતી.

કોઈ દિવસે ઈન્દ્ર મહોત્સવ થયો. ત્યારે પિતાએ અલ્પ સાગારિકને બોલાવ્યો. પલંગની નીચે રહીને તે ગંગદત્ત જમતો હતો. ગુપ્ત રીતે ત્યાંથી બહાર કાઢીને, હાથેથી પકડીને માતાએ ખાળકૂવામાં ફેંકી દીધો. ત્યારે તે રાવા લાગ્યો. પિતાએ બહાર કાઢી સ્નાન કરાવ્યું.

એ અરસામાં સાધુ ભિક્ષાને માટે આવ્યા. શ્રેષ્ઠીએ પૂછ્યું — ભગવન્ ! શું માતાને પુત્ર અનિષ્ટ હોય ? સાધુએ કહ્યું — હોય પણ ખરો. શા માટે ? ત્યારે તે બોલ્યા — જેને જોઈને ક્રોધ વધે છે અને સ્નેહ ઘટે છે, તો મનુષ્યએ તેને જોઈને જાણવું કે — આ મારો પૂર્વ વૈરી છે અને જેને જોઈને સ્નેહ વધે છે અને ક્રોધ ઘટે છે, તો મનુષ્યએ જાણવું કે આ મારો પૂર્વ બાંધવ છે.

ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું — આને તમે દીક્ષા આપશો? તેને જલ્દી દીક્ષા આપી વિદાય કર્યો. તેના આચાર્યની પાસે તેના સ્નેહાનુરાગથી ભાઈએ પણ દીક્ષા લીધી. તે બંને ભાઈ સાધુ થયા. ઈર્યાસમિત થયા. અનિશ્રિત તપ કરવા લાગ્યા. ત્યારે દુઃખી નાના ભાઈએ નિયાણું કર્યું — જો આ તપ, નિયમ, સંયમનું ફળ હોય તો આવતા જન્મમાં હું લોકોના મન-નયનને આનંદ આપનારો થઉં. પછી તે ઘોર તપ કરીને દેવલોકે ગયો.

ત્યાંથી ચ્યવીને વસુદેવનો પુત્ર વાસુદેવ થયો. મોટો ભાઈ બલદેવ થયો. એ પ્રમાણે તેને વ્યસનથી સામાયિકની પ્રાપ્તિ થઈ.

(૯) ઉત્સવ - કોઈ એક પ્રત્યંત ગામમાં આભીરો - ભરવાડ રહેતા હતા. તેઓ સાધુ પાસે ધર્મ સાંભળે છે, ત્યારે દેવલોકનું વર્ણન આવે છે. એ પ્રમાણે તેમને ધર્મમાં સુબુદ્ધિ થઈ. અન્ય કોઈ દિવસે ઈન્દ્રમહોત્સવ કે અન્ય કોઈ મહોત્સવમાં નગરીમાં ગયા. તે નગરી દ્વારિકા જેવી હતી. ત્યાં લોકને જુએ છે. મંડિત પ્રસાધિત સુગંધ, વિચિત્ર વસ્ત્રો હતા. તેઓ તેને જોઈને કહે છે કે — આ જ તે દેવલોક છે, જે સાધુએ વર્ણવેલ હતો.

હવે જો અહીં આપણે આવીશું તો સુંદર કરીશું. આપણે પણ સ્વર્ગે ઉત્પન્ન થઈશું. ત્યારે તેમણે જઈને સાધુને કહ્યું — આપે અમને જે દેવલોક કહેલો હતો, તે અમે પ્રત્યક્ષ જોવો. સાધુએ તેમને કહ્યું — દેવલોક તેવા પ્રકારે નથી. બીજા પ્રકારે છે, આનાથી અનંતગુણ છે. ત્યારે તેઓ અત્યધિક વિસ્મય પામીને પ્રવ્રજિત થયા. એ પ્રમાણે ઉત્સવથી સામાયિકનો લાભ થયો.

(૧૦) ઋદ્ધિ - દશાર્ણપુર નગરમાં દશાર્ણભદ્ર રાજા હતો. તેને ૫૦૦ રાણીઓ



હતી. એ પ્રમાણે તે રૂપથી, યૌવનથી, બળથી, વાહનથી યુક્ત હતો. આવી ઋદ્ધિ કોઈને નથી તેમ વિચારતો હતો.

તે અરસામાં ભગવંત દશાર્ણકૂટ પર્વતે પધાર્યા. ત્યારે રાજા વિચારે છે કે — આવતી કાલે આપણે એવી રીતે ભગવંતને વંદન કરવા જઈશું. જેવી રીતે કોઈએ પણ પૂર્વે ભગવંતને વાંદ્યા ન હોય.

તે પ્રમાણે રાજા ગયો. શક્રેન્દ્રએ આ વાત જાણી, તે વિચારે છે — બિચારો આત્માને જાણતો નથી. રાજા મોટા સમુદાય સાથે વંદન કરવાને સર્વ ઋદ્ધિ સહિત નીકળેલો છે. શક્ર પણ ઐરાવણ દેવરાજ ઉપર નીકળ્યો.

[આ ઐરાવણ કેવો હતો?] તેના આઠ મુખો વિકુર્વ્યા. પ્રત્યેક મુખમાં આઠ-આઠ દંતશૂળો વિકુર્વ્યા. દાંતે દાંતે આઠ-આઠ પુષ્કરિણી વિકુર્વી પછી એકૈક પુષ્કરિણીમાં આઠ-આઠ કમળો વિકુર્વ્યા. પ્રત્યેક કમળમાં આઠ-આઠ પાંદડા વિકુર્વ્યા. પ્રત્યેક પત્રમાં આઠ-આઠ બત્રીશબદ્ધ દિવ્ય નાટકો વિકુર્વ્યા *[અન્ય સ્થાને લાખ-લાખ પાંદડી વિકુર્વી અને કમળ વચ્ચે ઈન્દ્ર પોતે બેઠો એવો ઉલ્લેખ પણ છે.]* એ રીતે સર્વ ઋદ્ધિપૂર્વક ઈન્દ્ર ત્યાં આવ્યો. એ રીતે ઐરાવણ ઉપર બેઠેલા રહીને જ શક્રએ ભગવંતને આદક્ષિણ-પ્રદક્ષિણા કરે છે. ત્યારે તે હાથી અગ્રપાદ વડે ભૂમિ ઉપર ઉભો રહ્યો. ત્યારે તે હાથી દશાર્ણકૂટ પર્વતે દેવતાની કૃપાથી અગ્રપાદે ઉભો રહ્યો હોવાથી તેનું નામ ગજાગ્રપાદક થયું.

તે અવસરે દશાર્ણભદ્ર વિચારે છે — મારી આવી ઋદ્ધિ ક્યાં ? અહો ! આણે ધર્મ કર્યો છે. હું પણ કરીશ. ત્યારે તે બધું છોડી પ્રવ્રજિત થયો. આ પ્રમાણે ઋદ્ધિ વડે પણ સામાયિકની પ્રાપ્તિ થાય.

(૧૧) અસત્કાર - કોઈ એક બ્રાહ્મણ હતો. તેણે તેવા પ્રકારના સ્થવિરો પાસે ધર્મ સાંભળીને, પોતાની પત્ની સહિત દીક્ષા લીધી. ઉગ્રાતિઉગ્ર પ્રવ્રજ્યાને પાળે છે પરંતુ તે બંનેની પરસ્પર પ્રીતિ ઘટતી નથી. તે સ્ત્રી બ્રાહ્મણજાતિની હોવાથી કંઈક ગર્વને કરતી હતી. બંને મૃત્યુ પામીને દેવલોકે ગયા. આયુષ્ય હતું તેટલું ભોગવ્યું.

આ તરફ ઈલાવર્ધન નગરમાં ઈલા નામે દેવી હતી. તેણીને એક સાર્થવાહીએ પુત્રની ઈચ્છાથી આરાધવી શરૂ કરી, પે'લો બ્રાહ્મણ દેવલોકથી ચ્યવીને તેણીના પુત્રરૂપે જન્મ્યો. તેનું નામ પણ ઈલાપુત્ર રાખ્યું. તે બ્રાહ્મણપત્ની પણ દેવલોકથી ચ્યવી, પણ પૂર્વ ભવના ગર્વદોષથી લંખક અર્થાત્‌ના કુળમાં ઉત્પન્ન થઈ. બંનેને યૌવન પ્રાપ્ત થયું.

કોઈ દિવસે ઈલાપુત્રએ તે નટકન્યાને જોઈ. પૂર્વ ભવના અનુરાગથી તેણીમાં આસક્ત થયો. તેણીને શોધવા - માંગણી કરવા છતાં પ્રાપ્ત ન થઈ. ઈલાપુત્રએ કહ્યું — તેણીના ભાર પ્રમાણ સુવર્ણથી તોલીએ. નટ-બોલ્યો — આ કન્યા અમારી અક્ષયનિધિ છે. જો તું અમારી કળા શીખે અને અમારી સાથે ચાલ તો તને આ કન્યા આપીએ. ઈલાપુત્ર તેમની સાથે ગયો અને નટની કળા પણ શીખ્યો. પછી વિવાહ કરવાના નિમિત્તે [ધન મેળવવા માટે] રાજાની સામે પ્રેક્ષણક - ખેલ કરવાનું તેને નટે કહ્યું.

ત્યારપછી તેઓ બેન્નાતટ ગયા. ત્યાં રાજા અંતઃપુર સહિત ખેલ જોવાને બેઠો. ઈલાપુત્ર પણ ક્રીડા-ખેલ કરવા લાગ્યો. રાજાની નજર નટકન્યા ઉપર હતી. રાજા ઈનામ આપતો નથી. તેથી રાણી પણ આપતી નથી. બીજા કોઈ પણ દાન આપતા

નથી. માત્ર ''સારુ કર્યુ - સારું કર્યું'' એવા અવાજો થાય છે. રાજા બોલ્યો — હે નટ ! પતન [નામનો ખેલ] કર.

તેમાં વાંસના શિખરે આડુ લાકડું કરે, તેમાં બંને બાજુ કીલિકા હોય. ઈલાપુત્ર તળીયામાં છિદ્ર હોય તેવી પાદુકા પહેરી, હાથમાં તલવાર ગ્રહણ કરી, આકાશમાં ઉંચે ઉછળી તે કીલિકાને પાદુકા નલિકામાં પ્રવેશ કરાવે છે, સાત ડગલા આગળ જઈને, સાત ડગલા આગળ જઈને, સાત ડગલા પાછળ જઈને એ રીતે વારંવાર પાદુકાના છિદ્રમાં ખીલીને પ્રવેશ કરાવે છે. જો તેમ કરતા પડે તો પડતા જ સો ટુકડા થઈ જાય. તો પણ ઈલાપુત્રે તે ખેલ કર્યો.

રાજા નટકન્યાને અવલોક્યા કરે છે, લોકો કલકલ કરવા લાગ્યા. તો પણ રાજા ઈનામ આપતો નથી. રાજા જાણે કે ખેલ જોતો જ નથી. રાજા વિચારે છે કે — જો આ મરે તો હું આ કન્યાને પરણું. જેટલી વખત ઈલાપુત્ર ખેલ કરે ત્યારે એમ કહે કે — મેં જોયો નથી, ફરીથી કર - ફરીથી કર ત્રીજી વખતે પણ મેં જોયો નથી એમ કહ્યું. ચોથી વારે કહ્યું ત્યારે રંક પણ વિરક્ત થયો.

ત્યારે તે ઈલાપુત્ર વાંસના અગ્રભાગે રહીને વિચારે છે - આ ભોગને ધિક્કાર થાઓ. આ રાજા આટલી રાણીથી પણ તૃપ્ત ન થયો. આ રાંકડો ઉપજીવિકાને માટે આ કન્યાની અભિલાષા રાખે છે. તેણીના કારણે જ રાજા મને મારી નાંખવા ઈચ્છે છે. તેણે ત્યાં રહીને એક શ્રેષ્ઠીના ઘેર સાધુને પ્રતિલાભવા મરાટે સર્વાલંકારો વડે યુક્ત સ્ત્રીને જોઈ. સાધુ વિરક્તપણાથી તેણીને જોતા પણ નથી. ત્યારે બોલે છે — હું શ્રેષ્ઠીપુત્ર, અહીં આવી અવસ્થામાં રહ્યો છું. ત્યાં જ વૈરાગ્ય જાગ્યો. કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

ત્યારે નટકન્યા પણ વૈરાગ્ય પામી, પટ્ટરાણી પણ વૈરાગ્ય પામી. રાજા પણ વૈરાગ્યવંત થયો. એ રીતે તે ચારે પણ કેવળી થયા. મોક્ષે ગયા. આ પ્રમાણે અસત્કારથી સામાયિકની પ્રાપ્તિ થાય. અથવા તીર્થંકરોનો દેવો અને અસુરોને સત્કાર કરતાં જોઈને મરીચિએ દીક્ષા લીધી. અથવા - - -

● **નિર્યુક્તિ-૮૪૮ :-**

***અભ્યુત્થાન, વિનય, પરાક્રમ, સાધુસેવનામાં, સમ્યગ્‌દર્શનનો, દેશ વિરતિનો અને વિરતિનો લાભ થાય છે.***

● **વિવેચન-૮૪૮ :-**

અભ્યુત્થાન કરતાં સમ્યગ્દર્શનનો લાભ થાય છે. આ વિનીત છે એમ જાણી સાધુ ધર્મ કહે, વિનયમાં અંજલિ જોડવી ઈત્યાદિ આવે. પરાક્રમમાં કષાયનો જય થાય. સાધુની સેવનામાં કથંચિત્ તે ક્રિયાની ઉપલબ્ધિ આદિમાં સમ્યગ્દર્શન લાભ થાય છે. વિરતિ, દેશવિરતિ પણ પામે.

હવે ક્યા સામાયિકનો કેટલો કાળ ? જઘન્યથી કેટલો ? ઉત્કૃષ્ટથી કેટલો કાળ ? તે પ્રતિપાદન કરવાને કહે છે —

● **નિર્યુક્તિ-૮૪૯ :-**

***સમ્યક્ત્વ અને શ્રુત સામાયિકની ૬૬-સાગરોપમ સ્થિતિ છે. બાકીની સામાયિકની દેશોન પૂર્વકોડી સ્થિતિ છે.***



● **વિવેચન-૮૪૯ :-** *[અહીં મલયગિરિની ટીકા જોવા જેવી છે.]*

સમ્યક્ત્વ અને શ્રુતની ૬૬-સાગરોપમ સ્થિતિ કઈ રીતે ? વિજય આદિમાં બે વાર ગયેલ અથવા ત્રણ વખત અચ્યુતે જતાં ૬૬, તેમાં મનુષ્ય ભવના પૂર્વકોટિ પૃથક્ત્વ વર્ષ ઉત્કૃષ્ટથી અધિક જાણવા.

બાકી દેશ વિરતિ, સર્વ વિરતિ સામાયિકવાળાની દેશોન પૂર્વકોટી સ્થિતિ તે ઉત્કૃષ્ટ સ્થિતિકાળ જાણવો. જઘન્યથી આદ્ય ત્રણની અંતર્મુહૂર્ત્ત સ્થિતિ અને સર્વ વિરતિ સામાયિકવાળાની એક સમય છે. કેમકે ચારિત્ર પરિણામના આરંભથી એક સમય પછી આયુષ્યના ક્ષયનો સંભવ છે દેશવિરતિ સ્વીકારના પરિણામ અંતર્મૌહૂર્તિક જ નિયમિત પ્રાણાતિપાત આદિ નિવૃત્તિરૂપત્વથી છે.

ઉપયોગની અપેક્ષાથી તો બધાં અંતમુહૂર્ત્ત હોય છે.

હવે સામાયિક કેટલાં સ્વીકારે છે તે દ્વાર. અર્થાત્ વર્તમાન સમયમાં કેટલાં સમ્યક્ત્વાદિ સામાયિકને સ્વીકારનાર છે, પૂર્વ પ્રતિપન્ન અથવા પ્રતિપતિત કેટલા છે? અહીં પ્રતિપદ્યમાનક કરતાં પૂર્વ પ્રતિપન્ન પ્રતિપતિતના સંભવથી તેને જ પ્રતિપાદન કરે છે.

● **નિર્યુક્તિ-૮૫૦ :-**

***સમ્યક્ત્વ અને દેશવિરતિ પામનારા ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતભાગ પ્રદેશ પ્રમાણ હોય છે. શ્રેણિના અસંખ્ય ભાગ પ્રમાણ શ્રુત સામાયિક સ્વીકારનાર હોય છે અને સર્વ વિરતિ સ્વીકારનારા સહસ્રાગ્રશ છે.***

● **વિવેચન-૮૫૦ :-**

સમ્યક્ત્વ અને દેશવિરતિ જીવોના ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત, ભાગ માત્ર જ. અહીં ભાવના આ છે — ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાત ભાગમાં જેટલાં પ્રદેશો હોય તેટલા જ ઉત્કૃષ્ટથી સમ્યક્ત્વ અને દેશવિરતિ સામાયિકના પ્રાપ્ત કરનાર એક સમયે હોય. પરંતુ દેશ વિરતિ સામાયિકના પ્રાપ્ત કરનારા કરતા સમ્યક્ત્વના પ્રાપ્ત કરનાર અસંખ્યાતગણા હોય. જઘન્યથી તો એક કે બે જ હોય.

શ્રેણી - અહીં સંવર્તિત ચાર ખૂણા કરાયેલ લોકના એક પ્રદેશ નિર્વૃત્ત સાત રાજ રૂપ શ્રેણી લેવી, તેનો અસંખ્યાત ભાગ. તે અસંખ્યાત ભાગમાં જેટલા પ્રદેશો હોય તેટલા જ એક વખતના ઉત્કૃષ્ટથી સામાન્ય શ્રુત-અક્ષરાત્મક સમ્યગ્મિથ્યાત્વ અનુગત પામનારા હોય છે, તેમ ધ્યાન રાખવું. જઘન્યથી એક કે બે હોય.

સહસ્રાગ્રશ વિરતિને આશ્રીને ઉત્કૃષ્ટ પામનારા જાણવા. જઘન્યથી એક કે બે હોય. - અહીં પૂર્વપ્રતિપન્નને પ્રતિપાદિત કરે છે —

● **નિર્યુક્તિ-૮૫૧,૮૫૨ :-**

***સમ્યક્ત્વ અને દેશવિરતિ પ્રતિપન્ન અત્યારે અસંખ્ય છે. ચારિત્ર સ્વીકારનારા અસંખ્યાતા છે. આ ત્રણેથી પતિત અનંતગુણા છે.***

***શ્રુતપ્રતિપન્ન અત્યારે પ્રતરના અસંખ્ય ભાગ માત્ર છે. બાકીના સર્વે સંસારમાં રહેલા શ્રુત પરિપતિત છે.***

● **વિવેચન-૮૫૧,૮૫૨ :-**

સમ્યક્ત્વ અને દેશવિરત પ્રતિપન્ન વર્તમાન સમયે અસંખ્યાત ઉત્કૃષ્ટથી અને

જઘન્યથી છે, પરંતુ જઘન્યપદથી ઉત્કૃષ્ટ પદે વિશેષાધિક છે. આ પ્રતિપધમાનકથી અસંખ્યાતગણા છે.

અહીં સામાન્યશ્રુતની અપેક્ષાથી પૂર્વપ્રતિપન્ન પ્રતિપાદિત કરતા આ બીજી ગાથાની વ્યાખ્યા કરવી જોઈએ. તેમાં અક્ષરાત્મકાવિશિષ્ટ શ્રુત પ્રતિપન્ન વર્તમાનમાં પ્રતરના સાત રજ્જુ પ્રમાણના અસંખ્યાત ભાગ માત્ર હોય. અસંખ્યેય શ્રેણીમાં જેટલા પ્રદેશ હોય તેટલા જાણવા. ચારિત્રમાં પૂર્વપ્રતિપન્ન સંખ્યાતા જાણવા.

ચારિત્ર, દેશ ચારિત્ર અને સમ્યક્ત્વથી પતિત પ્રતિપધમાન અને પૂર્વપ્રતિપન્નથી અનંતગણા છે. તેમાં ચારિત્ર પ્રતિપતિત અનંતા, તેના અસંખ્યાતગણા દેશવિરતિ પ્રતિપતિત, તેના અસંખ્યાતગણા સમ્યક્ત્વથી પ્રતિપતિત હોય છે - x - x -

સમ્યક્ત્વ પ્રતિપતિતથી તે અનંતગણાં છે.

હવે અંતરદ્વાર અવયવાર્થે કહે છે — એક વખત પામેલ અને ચાલી ગયેલ સમ્યક્ત્વાદિ કેટલા કાળે પ્રાપ્ત થાય ? કેટલું આંતરુ પડે ? તેમાં અક્ષરાત્મક અવિશિષ્ટ શ્રુતનું અંતર જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે ઉત્કૃષ્ટને કહે છે —

• **નિર્યુક્તિ-૮૫૩ :-**

***શ્રુતનું અંતર અનંતકાળ પ્રમાણ છે. બાકીના સામાયિકોનું અંતર દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્તકાળ છે. ઉત્કૃષ્ટ અંતર આશાતના બહુલ જીવોની અપેક્ષાએ છે.***

• **વિવેચન-૮૫૩ :-**

એક જીવને આશ્રીને અનંતકાળ જ છે - x - શ્રુત - સામાન્યથી અક્ષરાત્મક ઉત્કૃષ્ટ અંતર થાય. સમ્યક્ત્વાદિ સામાયિકોમાં જઘન્ય અંતર અંતર્મુહૂર્તકાળ જ. ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્ત જ અંતર થાય. કોનું ? આશાતના બહુલ જીવોનું કહ્યું છે — તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર, મહર્દ્ધિકની વારંવાર આશાતના કરનાર અનંત સંસારિક થાય છે.

હવે અવિરહિત દ્વારાર્થ કહે છે. હવે કેટલાં કાળે અવિરહથી એક, બે આદિ સામાયિક પ્રાપ્ત થાય છે ? તે કહે છે —

• **નિર્યુક્તિ-૮૫૪ :-**

***સમ્યક્ત્વ, શ્રુત, દેશવિરતિને આશ્રીને સામાયિકને નિરંતર સ્વીકારવાનો કાળ આવલિકાનો અસંખ્યાતભાગ પ્રમાણ છે. સર્વ વિરતિનો નિરંતરકાળ આઠ સમય છે. બધામાં જઘન્ય નિરંતર કાળ બે સમય છે.***

• **વિવેચન-૮૫૪ :-**

[ગાથાર્થ કહ્યો, વિશેષવૃત્તિ આ રીતે —] સમ્યક્ત્વાદિ બધાં સામાયિકોનો જઘન્ય અવિરહ પ્રતિપત્તિ કાળ બે સમય.

તેમાં અમે જ અવિરહ દ્વારથી વિરહકાળ પ્રતિપક્ષ ગમ્યમાનત્વથી ન કહેવાયેલો હોવા છતાં પણ દ્વાર ગાથામાં કહે છે —

• **નિર્યુક્તિ-૮૫૫ :-**

***શ્રુત અને સમ્યક્ત્વનો વિરહકાળ સાત અહોરાત્ર, દેશવિરતિ વિરહકાળ ૧૨-અહોરાત્ર અને સર્વવિરતિ વિરહકાળ - ૧૫-અહોરાત્ર છે.***



• **વિવેચન-૮૫૫ :-**

ઉપરોક્ત કાળ ઉત્કૃષ્ટથી કહેલ છે. તેની પછી અવશ્ય ક્યારેક કોઈક સમ્યક્ત્વાદિ પામે છે. જઘન્ય વિરહ એક સમય છે. દેશવિરતિનો જઘન્ય વિરહકાળ ત્રણ સમય છે. સર્વ વિરતિનો પણ તેમજ છે. - x -

હવે ભવદ્વાર કહે છે — કેટલાં ભવે એક જીવ ચારે સામાયિકને પામે છે, તેનો નિર્દેશ કરતાં કહે છે —

• **નિર્યુક્તિ-૮૫૬ :-**

***સમ્યક્ત્વ અને દેશવિરતિના ઉત્કૃષ્ટથી ક્ષેત્ર પલ્યોપમના અસંખ્ય ભાગ પ્રમાણ ભવો થાય છે, ચારિત્રના આઠ ભવ અને શ્રુત સામાયિકના અનંત ભવો થાય છે.***

• **વિવેચન-૮૫૬ :-**

સમ્યક્ત્વ અને દેશવિરતવાળાને તે બે સામાયિકના સ્વીકારને આશ્રીને ભવોના પ્રકાંતત્વથી ક્ષેત્રપલ્યોપમના અસંખ્યેય ભાગ માત્ર જેટલાં પ્રદેશો હોય તેટલાં ભવો ઉત્કૃષ્ટથી જાણવા. જઘન્યથી તો એક ભવ હોય.

ચારિત્રના વિચારમાં આઠ ભવો, ઉત્કૃષ્ટથી આઠ ભવોની પ્રાપ્તિ બાદ મોક્ષે જાય છે. જઘન્યથી એક જ ભવ થાય. અનંત ભવરૂપ તે અનંત કાળે જ ઉત્કૃષ્ટની પ્રતિપત્તિ સામાન્ય શ્રુત સામાયિકમાં થાય, જઘન્યથી એક ભવ જ મરુદેવી માફક જાણવો.

હવે આકર્ષ દ્વારને આશ્રીને કહે છે —

• **નિર્યુક્તિ-૮૫૭ :-**

***સમ્યક્ત્વ, શ્રુત અને દેશવિરતિ સામાયિકના એક ભવમાં સહસ્ર પૃથક્ત્વ આકર્ષો થાય અને સર્વવિરતિના શત પૃથક્ત્વ આકર્ષો થાય.***

• **વિવેચન-૮૫૭ :-**

આકર્ષણ તે આકર્ષ. પહેલીવાર અથવા મૂકેલાનું ફરી ગ્રહણ કરવું તે આકર્ષ કહેવાય. તેમાં સમ્યક્ત્વાદિ ત્રણના સહસ્ર પૃથક્ત્વ અર્થાત્ બે થી નવ હજાર અને સર્વવિરતિના બસોથી નવસો આકર્ષ થાય. આ ઉત્કૃષ્ટથી કહ્યું. જઘન્યથી તો એક આકર્ષ જ થાય.

• **નિર્યુક્તિ-૮૫૮ :**

***અનેક ભવના ભેગા ગણતાં ત્રણ સામાયિકના અસંખ્ય હજાર અને સર્વ વિરતિના સહસ્ર પૃથક્ત્વ આકર્ષો થાય.***

• **વિવેચન-૮૫૮ :-**

સમ્યક્ત્વ, શ્રુત અને દેશવિરતિ સામાયિકોના અસંખ્યાત હજારો ઈત્યાદિ કહ્યું, તે વિવિધ ભવના આકર્ષો કહ્યા. - x - તેમાં પણ શ્રુતસામાયિક અને સમ્યક્ત્વ સામાયિકની અંતરીયકત્વથી ન કહેવા છતાં જાણવી. સામાન્ય શ્રુતમાં અનંતા જાણવા. અહીં ભાવના આ છે — ત્રણ સામાયિકના એક ભવમાં સહસ્ર પૃથક્ત્વ આકર્ષો કહ્યા. ભવો - પલ્યોપમના અસંખ્યેય ભાગ સમયતુલ્ય છે. તેથી સહસ્ર પૃથક્ત્વ થાય. તેના વડે ગુણિત અસંખ્ય હજાર થાય. સહસ્ર પૃથક્ત્વ આ રીતે થાય. વિરતિના એક

ભવમાં શત પૃથકત્વ આકર્ષો કહ્યા. આઠ ભવો કહ્યા. તેથી શતપૃથકત્વને આઠ વડે ગુણતાં સહસ્ર પૃથકત્વ થાય છે. એમ અવયવાર્થ કહ્યો.

હવે સ્પર્શદ્વાર કહે છે. તેની આ ગાથા છે –

● નિર્યુક્તિ-૮૫૯ :-

*સમ્યકત્વ અને ચારિત્રયુક્ત આત્મા સમસ્ત લોકને સ્પર્શે છે. સમકિત અને શ્રુત સહિત ૧૪ ભાગમાંથી ૭ ભાગોને અને દેશવિરતિયુક્ત ૧૪-ભાગમાંથી પાંચ ભાગોને સ્પર્શે છે.*

● વિવેચન-૮૫૯ :-

સમ્યકત્વ અને ચારિત્રયુક્ત પ્રાણી ઉત્કૃષ્ટથી સર્વ લોકને સ્પર્શે છે, શું બહિર્વ્યાપ્તિથી ? ના, અસંખ્યાત પ્રદેશને પણ સ્પર્શે છે. આટલા કેવલિ સમુદ્‌ઘાત અવસ્થામાં સ્પર્શે. જઘન્યથી અસંખ્યાત ભાગને સ્પર્શે છે શ્રુત સામાયિક સહિત $^{૭}/_{૧૪}$ ભાગોને સ્પર્શે છે. અનુત્તર દેવોમાં ઈલિકા ગતિથી ઉત્પન્ન થતાં, ચ શબ્દથી પાંચ તમઃપ્રભામાં દેશવિરતિ સહિત $^{૫}/_{૧૪}$ ભાગોને સ્પર્શે છે, અચ્યુતમાં ઉત્પન્ન થતાં. ઈત્યાદિ - x - x -

એ પ્રમાણે ક્ષેત્ર સ્પર્શના કહી. હવે ભાવ સ્પર્શના કહે છે - શ્રુતાદિ સામાયિક શું છે ? કેટલાં જીવો વડે સ્પૃષ્ટ છે, તે કહે છે –

● નિર્યુક્તિ-૮૬૦ :-

*પ્રાયઃ સર્વે જીવોએ શ્રુતને સ્પર્શેલ છે. સર્વે સિદ્ધોએ સમ્યકત્વ અને ચારિત્રનો સ્પર્શ કરેલ છે, તેના અસંખ્યાતભાગ પ્રમાણ જીવોએ દેશવિરતિનો સ્પર્શ કરેલ છે.*

● વિવેચન-૮૬૦ :-

સાંવ્યવહારિક રાશિમાં રહેલાં બધાં જીવોએ સામાન્ય શ્રુતને સ્પર્શેલ છે અને સિદ્ધોએ સમ્યકત્વ અને ચારિત્રને સ્પર્શેલ ચે. તેને અનુભવ્યા સિવાય સિદ્ધત્વની ઉપપત્તિ નથી. અસંખ્યેય સિદ્ધ ભાગો વડે દેશવિરતિ પણ સ્પૃષ્ટ છે. અહીં આટલું ધ્યાન રાખવું - સર્વ સિદ્ધોના બુદ્ધિ વડે અસંખ્યાત ભાગ કરીને, અસંખ્ય ભાગો વડે ભાગ ન્યૂનથી દેશવિરતિ સ્પૃષ્ટ છે. અસંખ્યેયભાગ વડે સ્પૃષ્ટ નથી. જેમ મરુદેવાસ્વામિની.

હવે નિરુક્તિ દ્વાર, સામાયિકનું નિર્વચન ચાર પ્રકારે છે છતાં ક્રિયા-કારક-ભેદ પર્યાયો વડે શબ્દાર્થ કથન તે નિરુક્તિ.

તેમાં સામાયિકની નિરુક્તિ જણાવવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૮૬૧ :-

*સમ્યક્‌દૃષ્ટિ, અમોઘ, શોધિ, સદ્‌ભાવ, દર્શન બોધિ, અવિપરીત, સુદૃષ્ટિ આદિ [પર્યાયોથી] નિરુક્તિ છે.*

● વિવેચન-૮૬૧ :-

(૧) સમ્યક્ - પ્રશંસા અર્થે છે. દર્શન - દૃષ્ટિ, સમ્યક્ - અવિપરીત. સમ્યક્‌દૃષ્ટિ એટલે અર્થોનું અવિપરીત દર્શન. (૨) મોહાવું કે વિતથ ગ્રહણ કરવું તે મોહ, એવો મોહ ન હોવો તે અમોહ. (૩) શોધવું તે શુદ્ધિ - મિથ્યાત્વ મળના દૂર થવાથી



સમ્યકત્વની શુદ્ધિ થવી તે. (૪) જિનેશ્વરે બતાવેલ પ્રવચનનો ભાવ તે સદ્‌ભાવ. (૫) તેનો ઉપલંભ તે સદ્‌ભાવ દર્શન.

(૬) બોધ કરવો તે બોધિ, પરમાર્થ સંબોધ. (૭) તેના અધ્યવસાય વિપરીત ન થવા તે અવિપરીત, અર્થાત્ તત્વના અધ્યવસાય. (૮) સુદૃષ્ટિ એટલે શોભન દૃષ્ટિ. આ બધાં સમ્યગ્‌દર્શનના નિરુક્તો છે.

હવે શ્રુત સામાયિકની નિરુક્તિ દર્શાવવા કહે છે –

● નિર્યુક્તિ-૮૬૨ :-

*અક્ષર, સંજ્ઞી, સમ્યક્, આદિ, સપર્યવસિત, ગમિક, અંગપ્રવિષ્ટ. એ સાત અને પ્રતિપક્ષ ગણતા બીજા સાત એમ ૧૪-ભેદો છે.*

● વિવેચન-૮૬૨ :-

આની વ્યાખ્યા પીઠિકામાં કરેલ છે. હવે દેશવિરતિ સામાયિક નિરુક્તિ –

● નિર્યુક્તિ-૮૬૩ :-

*વિરતાવિરતિ, સંવૃત્તાસંવૃત્ત, બાલપંડિત, દેશૈક્ક દેશવિરતિ, અણુધર્મ અને અગારધર્મ [એ દેશવિરતિના પર્યાય છે.]*

● વિવેચન-૮૬૩ :-

(૧) વિરમવું તે વિરતિ, વિરતિનો અભાવ તે અવિરતિ. - x - (૨) જે યોગમાં સાવદ્યયોગો છે. તે સંવૃત્તાસંવૃત્ત. અર્થાત્ સ્થગિતા સ્થગિત કે પરિત્યક્તા પરિત્યક્ત. (૩) બાલપંડિત - ઉભય વ્યવહારનું અનુગતત્વ. (૪) દેશૈકદેશવિરતિ - પ્રાણાતિપાત-વિરતિ છતાં પૃથ્વીકાયાદિની અવિરતિ ગ્રહણ કરી હોય. (૫) અણુધર્મ - બૃહત્ સાધુધર્મ અપેક્ષાથી દેશવિરતિ (૬) અગારધર્મ - ગૃહ, તેના યોગથી અગાર એટલે ગૃહસ્થ, તેનો ધર્મ.

સર્વવિરતિ સામાયિકની નિરુક્તિને દર્શાવવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૮૬૪ :-

*સામાયિક, સમયિક, સમ્યગ્‌વાદ, સમાસ, સંક્ષેપ, અનવદ્ય, પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન એ આઠ [સર્વ વિરતિ સામાયિકના પર્યાયો છે.]*

● વિવેચન-૮૬૪ :-

(૧) સામાયિક - રાગદ્વેષના અંતરાલમાં વર્તનાર તે સમ અર્થાત્ મધ્યસ્થ. અય - ગમન, જવું તે. સમનો અય તે સમાય. તે વ્યાકરણના નિયમથી બન્યુ સામાયિક અર્થાત્ એકાંત ઉપશાંતિ ગમન. (૨) સમયિક - સમ એ સમ્યક્ શબ્દાર્થ ઉપસર્ગ છે. સમ્યક્ અય. સમ્યક્ દયાપૂર્વક જીવોમાં ગમન, સમય જેમાં છે તે સમયિક. (૩) સમ્યગ્‌વાદ - રાગાદિથી વિરહિત, તે સમ્યક્, તેના વડે કે તે પ્રધાન કહેવું તે અર્થાત્ યથાવત્ કહેવું.

(૪) સમાસ - તેમાં અસ એટલે ક્ષેપ, સમ શબ્દ પ્રશંસાર્થે છે. શોભનઅસન તે સમાસ અર્થાત્ આત્માનું કે જીવથી કે કર્મથી અપવર્ગે જવું અથવા ત્રણ પદના સ્વીકાર વૃત્તિથી ક્ષેપ તે સમાસ. (૫) સંક્ષેપ - સંક્ષેપવું તે. થોડા અક્ષર સામાયિકનો દ્વાદશાંગ પિંડાર્થત્વથી મહા અર્થ. (૬) અનવદ્ય - અવદ્ય એટલે પાપ, જેમાં અવદ્ય

નથી તે અનવધ સામાયિક.

(૭) પરિ - ચોતરફથી જે જ્ઞાન, પાપના પરિત્યાગથી થાય તે પરિજ્ઞા સામાયિક. (૮) પ્રત્યાખ્યાન - પરિહરણીય વસ્તુ પ્રતિ આખ્યાન તે પ્રત્યાખ્યાન. આ આઠ સામાયિકના પર્યાયો છે.

આ આઠે પણ અર્થોના અનુષ્ઠાતાના અનુક્રમે જે આઠ દૃષ્ટાંત રૂપ મહાત્મા છે, તેને પ્રતિપાદન કરતાં કહે છે –

● **નિર્યુક્તિ-૮૬૫ :-**

***દમદંત, મેતાર્ય, કાલક પૃચ્છા, ચિલાત, આત્રેય, ધર્મરુચિ, ઈલાપુત્ર અને તેતલિપુત્ર. આ આઠ સામાયિકના ઉદાહરણો છે.***

● **વિવેચન-૮૬૫ :-**

[ગાથાર્થ કહ્યો.] અવયવાર્થ કથાનકોથી જાણવો. “ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ” ન્યાયે સામાયિકમાં દમદંતઅણગારનું દૃષ્ટાંત છે. તેના ચારિત્રનું વર્ણન ઉપદેશાર્થે આ કાળના મનુષ્યોના સંવેગોત્પત્તિ માટે કહે છે.

(૧) સામાયિક - હસ્તિશીર્ષ નગરમાં દમદંત નામે રાજા હતો. આ તરફ ગજપુર નગરમાં પાંચ પાંડવો હતા. તેઓને દમદંત સાથે વૈર હતું. જ્યારે તે દમદંત રાજા જરાસંઘ પાસે રાજગૃહે ગયેલો ત્યારે તેનો દેશ પાંડવ આદિએ લુંટી લઈને બાળી નાંખેલો. કોઈ દિવસે દમદંત રાજા પાછો આવ્યો. તેણે ગજપુર [હસ્તિનાપુર]ને રુંધ્યુ. ત્યાંના નિવાસી ભયથી નીકળ્યા નહીં. ત્યારે દમદંત રાજાએ તેમને કહ્યું – શીયાળની જેમ શૂન્ય દેશમાં જેમ ઈચ્છા પડે તેમ ફરો. હું જ્યારે જરાસંઘ પાસે ગયો, ત્યારે મારો દેશ લુંટેલો હતો. હવે બહાર નીકળો. પણ તેઓ [પાંડવો] ન નીકળ્યા. ત્યારે પાછો ગયો.

અન્ય કોઈ દિવસે દમદંત રાજાએ કામભોગથી નિર્વિર્ણ થઈ દીક્ષા લીધી. પછી એકાકી વિહાર સ્વીકારી વિચરતા હસ્તિનાગપુર ગયા. ત્યાં બહાર પ્રતિમા ધ્યાને રહ્યા. યુધિષ્ઠિરે યાત્રાએ નીકળતાં તેમને વંદન કર્યા. પછી બીજા ચારે પાંડવોએ વાંધા. ત્યારે દુર્યોધન આવ્યો. તેણે તેના માણસોને કહ્યું – આ દમદંત છે, તેને કોળાથી મારો. બાકીના સૈન્યએ જતાં-જતાં પત્થરો માર્યા. એ રીતે પત્થરનો ઢગલો કરી દીધો.

યુધિષ્ઠિરે પાછા ફરતાં પૂછ્યું – આ સાધુને કોણે ત્રાસ આપ્યો? તે ક્યાં છે? લોકોએ કહ્યું કે – આ પત્થરનો ઢગલો દુર્યોધને કરેલ છે. ત્યારે તેને ઠપકો આપ્યો. પત્થરો દૂર કર્યા. તેલ વડે મુનિને માલીશ કર્યો. પછી યુધિષ્ઠિરે તેમની ક્ષમા માંગી. દમદંત મુનિને દુર્યોધને અને પાંડવો બધામાં સમભાવ રહ્યો. એ પ્રમાણે સામાયિક કરવું જોઈએ. આ અર્થના પ્રતિપાદન માટે ભાષ્યકાર કહે છે –

● **ભાષ્યત-૧૫૧ :-**

***કામભોગને છોડીને દમદંત રાજા હસ્તિશીર્ષથી નીકળ્યો [દીક્ષા લીધી.] તે અનુરક્તમાં રાગ કરતાં નથી, દ્વેષીમાં દ્વેષ કરતા નથી.***

● **વિવેચન-૧૫૧ :-**

ગાથાર્થ કહ્યો. काम - ઈચ્છા, भोग - શબ્દાદિ અનુભવ અથવા કામ પ્રતિબદ્ધ ભોગો તે કામભોગ - x - મુનિઓએ નિશ્ચે આવા પ્રકારના જ થવું જોઈએ. તેથી કહે છે કે –



● **નિર્યુક્તિ-૮૬૬ :-**

***વંદન કરાતા ગર્વ ન પામે, નિંદા કરાતા ક્રોધથી બળે નહીં. રાગદ્વેષનો ઘાત કરનારા ધીર મુનિઓ દાંત ચિત્તથી વિચરે છે.***

● **વિવેચન-૮૬૬ :-**

ગાથાર્થ કહ્યો. दांत - ઉપશાંત. - x - x - તથા

● **નિર્યુક્તિ-૮૬૭,૮૬૮ :-**

***જો સમન [શ્રમણ કે સમ-મનવાળો] સુમન [સારા મનવાળો] થાય, ભાવથી પણ જો પાપમનવાળો ન થાય, સ્વજન કે પરજનમાં તેમજ માન કે અપમાનમાં સમ રહે... બધાં જીવોમાં તેને કોઈ દ્વેષ્ય નથી કે પ્રિય નથી. તેનાથી તે સમણ [શ્રમણ] થાય છે. આ બીજો પણ ‘સમણ’નો પર્યાય છે.***

● **વિવેચન-૮૬૭,૮૬૮ :-**

સમન - જો સુમન થાય. શોભન ધર્મધ્યાનાદિ પ્રવૃત્ત મન જેનું છે તે સુમન, સમણ કહેવાય છે. કેવી રીતે ? તે કહે છે – આત્મપરિણામ લક્ષણ વડે જો ન થાય, [શું ?] પાપમના-અનવસ્થિત મનવાળો પણ. અથવા ભાવથી જો તે પાપમનવાળો ન થાય, ભાવના એ છે કે – નિદાનમાં પ્રવૃત્ત પાપ મનથી રહિત રહે. સ્વજનમાં અને માતાદિક જનમાં કે બીજામાં સમ - તુલ્ય રહે, માન-અપમાનમાં સમ રહે. - તથા - બધાં જીવોમાં દ્વેષ કે પ્રિતિ રહિત વર્તે, તો સમણ થાય, सम् गच्छति इति समण.

(૨) હવે “સમયિક”નું કથાનક કહે છે –

સાકેત નગરમાં ચંદ્રાવતંસક રાજા હતો, તેને બે પત્ની હતી. સુદર્શના અને પ્રિયદર્શના. સુદર્શનાને બે પુત્રો હતા - સાગરચંદ્ર અને મુનિચંદ્ર. પ્રિયદર્શનાને પણ બે પુત્રો હતા - ગુણચંદ્ર અને બાલચંદ્ર. સાગરચંદ્ર યુવરાજ થયો. મુનિચંદ્રને ઉજ્જૈની કુમાર ભુક્તિમાં આપી. આ તરફ ચંદ્રાવતંસક રાજા માઘ માસમાં પ્રતિમા ધ્યાને રહેલા, વાસગૃહમાં દીવો બળે ત્યાં સુધી પ્રતિમા ધ્યાનમાં રહેવું. ત્યારે શય્યાપાલિકા વિચારે છે - સ્વામી અંધકારમાં દુઃખે રહેશે. તેણીએ બીજા પ્રહરમાં દીવામાં તૈલ નાંખી દીપ્ત રાખ્યો. તે દીવો અર્ધરાત્ર સુધી બળતો રહ્યો. ફરી પણ તેલ નાંખ્યુ. પાછલા પ્રહર સુધી દીવો બળતો રહ્યો. ત્યારે તે સુકુમાલ રાજા છેલ્લી રાત્રિમાં વેદનાથી અભિભૂત થઈ મૃત્યુ પામ્યો. પછી સાગરચંદ્ર રાજા થયો.

કોઈ દિવસે તેણે માતાની સપત્ની [શોક્ય]ને કહ્યું – આ રાજ્ય ગ્રહણ કરો, એ તમારા પુત્રોનું થાઓ. હું દીક્ષા લઈશ. તે રાણીની ઈચ્છા ન હતી કે આ રીતે રાજ્ય પ્રાપ્ત થાય. - x - x - x - તે રાણી સાગરચંદ્રને મારવા માટે છિંડા શોધે છે તે ભુખ્યો થયો, તેણે રસોઈયાને સંદેશો મોકલ્યો, જે કંઈ સવારનું કે પહેલાનું હોય તે ખાવા મોકલ. રસોઈયાએ સિંહ કેશરિકા લાડુ દાસીને હાથે મોકલ્યા. જોતાં જ ગમી જાય તેવા હતા. રાણીએ તેને વિષમિશ્રિત કરીને મોકલ્યા. દાસીએ તે રાજાને આપ્યા. બંને કુમારો રાજા પાસે ઉભેલા. સાગરચંદ્રને થયું - આ બંને ભુખ્યા છે અને

હું એકલો કઈ રીતે ખાઉં ? તેણે બે ભાગ કરી તે બંનેને આપ્યા. તે બંનેએ લાડુ ખાવાનો આરંભ કર્યો. ત્યારે વિષ ફેલાવા લાગ્યું. રાજાએ ગભરાઈને વૈદ્યોને બોલાવ્યા. સુવર્ણ પીવડાવ્યું. સાજા થયા.

ત્યારપછી દાસીને બોલાવીને પૂછતા તે બોલી – બીજા કોઈએ જોયા નથી, માત્ર આ બંનેની માતાએ સ્પર્શ્યા હતા. તેની માતા-રાણીને બોલાવીને કહ્યું – હે પાપીણી ! જો તને રાજ્ય અપાતું ઈષ્ટ ન હતું, હવે હું આના વડે તને પરલોકના ભાથારૂપ સંસારમાં પાડીશ. બંને ભાઈને રાજ્ય આપીને દીક્ષા લીધી. કોઈ દિવસે સંઘાટક સાધુ ઉજ્જૈની આવ્યા. તેણે પૂછ્યું – ત્યાં બધું નિરૂપસર્ગ છે. તે બંને બોલ્યા – માત્ર રાજપુત્ર અને પુરોહિત પુત્ર સાધુ અને સ્થાનોમાં પીડે છે. તે ત્યાં રોષથી ગયો. સાધુને વિશ્રમિત કર્યા.

તેમણે સાંભોગિક સાધુને ભિક્ષાવેળાએ કહ્યું – કંઈ લાવું? હું આત્મલબ્ધિક છું. માત્ર મને સ્થાપના કુળો કહો. તેઓએ બાળ સાધુને સાથે આપ્યો. તેણે પુરોહિતનું ઘર દેખાડ્યું અને પાછો ગયો. આ સાધુ પણ ત્યાંજ પ્રવેશ્યો. મોટા-મોટા શબ્દોથી ''ધર્મલાભ'' બોલે છે. અંતપુરની સ્ત્રી હાહાકાર કરતી નીકળી. તે મોટામોટા શબ્દોથી કહે છે – શું આ શ્રાવિકા છે? તે બંનેએ નીકળીને બહારનું દ્વાર બંધ કરી દીધુ. પછી સાધુને કહેવા લાગ્યા – ભગવન્! તમે નાચો. તે બંને વગાડવાનું જાણતા ન હતા.

ત્યારપછી સાધુને કહ્યું – ચાલો યુદ્ધ કરીએ. તે બંને [રાજપુત્ર અને પુરોહિત પુત્ર] સાથે આવ્યા. સાધુએ મર્મમાં માર્યુ. યંત્રની માફક અસ્થિર સંધિક કર્યા. ત્યાંથી નીકળી બારણાને લાત મારી ઉઘાડીને ગયા. ઉદ્યાનમાં રહ્યા. રાજાને વાત કરી. રાજાએ તેમની શોધ ચલાવી સાધુઓ બોલ્યા – કોઈ મહેમાન સાધુ આવેલ, અમે જાણતા નથી. શોધ કરતાં ઉદ્યાનમાં જોયા. રાજાએ જઈને ક્ષમા યાચના કરી. પુત્રોને મુક્ત કરવા કહ્યું. સાધુએ કહ્યું – દીક્ષા લે તો મુક્ત કરીએ. ત્યારે પૂછતા તેઓ કબૂલ થયા. બંને સાથે મળીને ચાલ્યા. સ્વસ્થાને સાંધા બેસાડી દીધા. લોચ કરીને દીક્ષા આપી દીધી.

રાજપુત્ર સમ્યક્ દીક્ષા પાળે છે. કેમકે આ મારા કાકા છે, તેમ જાણે છે. પુરોહિત પુત્ર જુગુપ્સા કરે છે. અમને આણે કપટથી દીક્ષા લીધી. તે બંને કાળધર્મ પામીને દેવલોકે ગયા. સંકેત કર્યો કે જે પહેલાં ચ્યવે, તેને બીજએ બોધ કરવો. પુરોહિતપુત્ર ચ્યવીને, પૂર્વભવે કરેલ જુગુપ્સાથી રાજગૃહમાં ચાંડાલણના ઉદરમાં આવ્યો. તેણીને એક શ્રેષ્ઠીણી સખી હતી. તે મૈત્રી કઈ રીતે થઈ ?

ચાંડાલણી માંસ વેચતી હતી. શ્રેષ્ઠીની બોલી – બીજે ક્યાંય ન જતી હું બધુ ખરીદી લઈશ. ચાંડાલણી રોજેરોજ આવતી હતી, એ પ્રમાણે તે બંનેની પ્રીતિ વધે છે. તેના જ ઘેર આવતી અને રહેતી. તે શ્રેષ્ઠીની નિંદૂ હતી. [બાળક ન રહેતા] ત્યારે ચાંડાલણીએ ખાનગીમાં જ, શ્રેષ્ઠીનીને પુત્ર આપ્યો. શ્રેષ્ઠીનીને મરેલી પુત્રી અવતરી, તે ચાંડાલણીએ રાખી લીધી.

ત્યારપછી તે શ્રેષ્ઠીની બાળકને તે માતંગીના પગે લગાડતી. તારા પ્રભાવથી આ બાળક જીવે છે, તેથી તેનું મેતાર્ય [માતંગીનો આત્મજ] એમ નામ રાખ્યુ તે મોટો





થવા લાગ્યો. કળા શીખ્યો. દેવ આવીને તેને બોધ કર્યો, પણ તે બોધ પામતો નથી. ત્યારપછી મેતાર્યએ આઠ કન્યાઓ સાથે એક જ દિવસમાં પાણીગ્રહણ કર્યુ. શિબિકામાં નગરીમાં જતો હતો. તે વખતે મિત્રદેવ ચાંડાલણીના શરીરમાં પ્રવેશ્યો અને રોવા લાગ્યો. જો મારી પણ પુત્રી જીવતી હોત તો તેણીના પણ વિવાહ આજે કર્યા હોત. ચાંડાલોને ભોજન પણ કરાવત. ત્યારે ચાંડાલણને આશ્વાસિત કરી.

ત્યારે રોષાયમાન થયેલા દેવે તે શિબિકાથી પાડી દીધો. તું કેમ અસમાનને પરણે છે, એમ કહી ખાડામાં પાડી દીધો. ત્યારે દેવ બોલ્યો – કઈ રીતે અસમાન છે ? તે બોલ્યો – અવર્ણ છે. મેતાર્યએ કહ્યું – હાલ મને થોડો કાળ મુક્ત કર. બાર વર્ષ હું ઘેર રહું. દેવે પૂછ્યું – હું શું કરું ? મેતાર્ય બોલ્યો – રાજાની કન્યા અપાવ. ત્યારે દેવે બધી અક્રિયાને પરાવર્તીત કરી દીધી. પછી મેતાર્યને એક બોકડો આપ્યો. તે રત્નની લીંડી કરતો હતો. તેના વડે રત્નોનો થાળ ભર્યો. મેતાર્યએ પિતાને કહ્યું – રાજાની કન્યાને વરીશ. રત્નનો થાળ ભરીને ગયો. રાજાએ પૂછ્યું – શું જોઈએ છે ? મે તો બોલ્યો – કન્યા. રાજાએ તેનો તિરસ્કાર કરીને કાઢી મૂકયો.

એ પ્રમાણે રોજેરોજ થાળ ભરીને લઈ જતો, પણ રાજા કન્યા આપતો ન હતો. અભયકુમારે પૂછ્યું – આ રત્નો ક્યાંથી લાવે છે ? ચાંડાલે કહ્યું – બોકળો હંગે છે, અભય બોલ્યો – બોકડો અમને આપ. ચાંડાલે લાવી આપ્યો. બોકડો મડદાની વાસ આવે તેવી લીંડી કરવા લાગ્યો. ત્યારે અભય કુમારે કહ્યું – આ દેવાનુભાવ જણાય છે કે શું ? પરીક્ષા કરવી જોઈએ. કઈ રીતે કરવી ? અભય બોલ્યો – રાજા કષ્ટે કરીને વૈભાર પર્વતે ભગવંતને વંદનાર્થે જાય છે, તું રથમાર્ગ કરાવી આપ. તેણે રથ માર્ગ કર્યો. તે હજી પણ દેખાય છે. ફરી કહ્યું – સુવર્ણનો પ્રાકાર કરાવ. તે પણ કર્યો. ફરી કહ્યું – જો સમુદ્રને લાવી આપ તો ન્હાઈને શુદ્ધ થઈ શકીશ, તેથી તે આપ. તે પણ કર્યો. ફરી કહ્યું – જો સમુદ્રને લાવી આપ તો ન્હાઈને શુદ્ધ થઈ શકીશ, તેથી તે આપ. તે પણ લાવી આપ્યો અને સમુદ્રની વેળામાં સ્નાન કર્યુ. ત્યારે રાજકન્યા સાથે વિવાહ થયો - x -.

એ પ્રમાણે ભોગો ભોગવતા બાર વર્ષો ગયા. દેવ ફરી બોધ કરવા આવ્યો. સ્ત્રીઓએ [મેતાર્યની પત્નીઓએ] બાર વર્ષ માંગ્યા, તે પણ આપ્યા. ચોવીશ વર્ષે બધાં પણ દીક્ષિત થયા. મેતાર્ય મુનિ નવપૂર્વી થયા. એકાકી વિહાર પ્રતિમા સ્વીકારી. તે જ રાજગૃહમાં જાય છે. સોનીના ઘેર આવ્યા. તે શ્રેણિકને માટે સોનાના જ્વલા ૧૦૮ કરતો હતો. ચૈત્યની અર્ચના માટે રોજ શ્રેણિક કરાવતો હતો. તે ત્રિસંધ્યા પૂજા કરતો. તે સોનીને ઘેર સાધુ ગયા ભિક્ષા ન લાવ્યો. જ્વલા ક્રૌંચ પક્ષી ખાઈ ગયું.

સોની આવીને જુએ છે, જ્વલા દેખાયા નહીં. રાજા ચૈત્ય અર્ચનાના સમયે દેવાના હતા. - x - સાધુ તરફ શંકા જતાં પૂછે છે. સાધુ મૌન રહ્યા. ત્યારે મસ્તકને આવેષ્ટન વડે બાંધ્યુ. સાધુને કહે છે – બોલ જ્વલા કોણે લીધા. તે પ્રકારે બાંધવાથી મેતાર્યમુનિની આંખો બહાર નીકળીને જમીન ઉપર પડી ગઈ. ત્યારે ક્રૌંચ પક્ષીને લાકડું ફાડતા ગળામાં સળી લાગી ગઈ. પક્ષીએ વમન કરતાં જ્વલા બહાર નીકળ્યા. લોકો કહેવા લાગ્યા – ઓ! પાપ થયું. આ તારા જ્વલા રહ્યા. મેતાર્યમુનિ પણ કાળ

કરી મોક્ષે ગયા.

લોકો આવ્યા. મેતાર્યમુનિને જોયા. રાજાને જઈને કહ્યું. રાજાએ સોનીના વધની આજ્ઞા આપી. સોની બારણા બંધ કરીને, સાધુવેશ પહેરીને પ્રવ્રજિત થઈ ઉભો રહ્યો. તે બોલે છે – હે શ્રાવક ! ધર્મથી વૃદ્ધિ પામ. રાજાએ છોડી મૂક્યો, પણ કહ્યું – જો હવે દીક્ષા છોડી છે તો તને લોઢાની કડાઈમાં તળી નાખીશ. એ પ્રમાણે પોતામાં અને પરમાં 'સમયિક' કરવું જોઈએ.

હવે કથાનકના એક દેશના પ્રતિપાદન માટે કહે છે –

● **નિર્યુક્તિ-૮૬૯**

***જે ક્રૌંચ પક્ષીના અપરાધ છતાં પ્રાણીની દયાથી, જીવન પ્રત્યે અપેક્ષા વિનાના એવા જેણે ક્રૌંચપક્ષીનું નામ ન આપ્યુ તે મેતાર્ય ઋષિને હું નમસ્કાર કરું છું.***

● **વિવેચન-૮૬૯ :-**

ગાથાર્થ કહ્યો. પોતાના પ્રાણનો ત્યાગ સ્વીકાર્યો પણ અનુકંપા ન છોડી. તેવા જીવિતમાં અનપેક્ષ મેતાર્ય મુનિને નમસ્કાર.

● **નિર્યુક્તિ-૮૭૦ :-**

***મસ્તકના આવેષ્ટનથી જેની બંને આંખો બહાર નીકળી આવી, છતાં મેરુગિરિ જેવા દૃઢ મેતાર્ય મુનિ ચલિત ન થયા.***

● **વિવેચન-૮૭૦ :-**

નિષ્કાસિત - ભૂમિ ઉપર પડી ગઈ - x - એ પ્રમાણે કદર્થના પામવા છતાં અનુકંપા વડે જે સંયમથી ચલિત ન થયા. - x -

(૩) હવે સમ્યગ્વાદની કથા :-

તુરુમલી નગરીમાં જિતશત્રુ રાજા હતો. ત્યાં ભદ્રા નામે બ્રાહ્મણી હતી. તેણીના પુત્રનું નામ દત્ત હતું. તે દત્તના મામાનું નામ કાલકાચાર્ય હતું કે જે દીક્ષિત હતા. તે દત્ત જુગાર અને મદ્યમાં આસક્ત હતો, તે પ્રધાન દંડિક થઈ ગયો. કુલપુત્રને ભેદીને રાજાને બહાર કાઢી મૂક્યો, તે રાજા થઈ ગયો. તેને યજ્ઞો કરવા ઘણાં જ ઈષ્ટ હતા.

કોઈ દિવસે મામાને જોયા. તેને પૂછ્યું – હું ધર્મ સાંભળી ખુશ થયો છું. યજ્ઞોનું ફળ શું છે? કાલકાચાર્યએ પૂછ્યું – ધર્મ શા માટે પૂછે છે? ધર્મ કહ્યો. ફરી પણ પૂછે છે. શું તું નરકનો માર્ગ પૂછે છે? કાલકાચાર્ય તેને અધર્મનું ફળ કહે છે. ફરી પણ પૂછે છે. શું તું અશુભ કર્મોનો ઉદય પૂછે છે? કાલકાચાર્ય તે પણ કહે છે. ફરી દત્ત પૂછે છે – ધર્મ શું છે? ત્યારે છેલ્લે કાલકાચાર્ય કહે છે – યજ્ઞનું ફલ નરક છે.

ત્યારે ક્રોધિત થયેલો દત્ત કહે છે – ખાતરી શું ? કાલકાચાર્યએ કહ્યું – તું સાતમે દિવસે શ્વપાક કુંભીમાં પકાવાઈશ [મરીને નરકે જઈશ.] દત્તે પૂછ્યું – તેની શી ખાતરી છે ? કાલકાચાર્યએ કહ્યું – આજથી સાતમા દિવસે તારા મુખમાં વિષ્ટા પડશે. રોષાયમાન થઈને દત્ત બોલ્યો – તમારું મૃત્યુ ક્યારે થશે ? હું લાંબોકાળ પ્રવ્રજ્યા પાળી દેવલોકે જઈશ. રોષાયમાન થઈ દત્ત બોલ્યો – આને પુરી દો, દંડિકોએ નિર્વેદ પામીને તેમ ન કર્યુ.



પછી દત્ત છુપાઈને રહ્યો. તેને દિવસો ભૂલાઈ ગયા. સાતમે દિવસે રાજપથ સાફ કરાવ્યો. મનુષ્યો વડે રક્ષણ કરાવે છે. કોઈ એક હાથમાં પુષ્પનો કરંડીયો લઈને વહેલી સવારે દેવકુલિકામાં પ્રવેશ્યો. ગુરુશંકાની વ્યાકુળતા થતા વિષ્ટા કરીને ફૂલો વડે ઢાંકી દીધી, રાજા પણ સાતમે દિવસે અશ્વોના સમૂહ સાથે નીકળ્યો, જઈને હું તે શ્રમણને મારીને આવું. નીકળ્યો જતો હતો ત્યારે કોઈ કિશોર અશ્વએ પુષ્પ સહિત વિષ્ટાને પગની ખૂર વડે ઉછાળી તે વિષ્ટા સીધી દત્તના મુખમાં જઈને પડી.

દત્ત સમજી ગયો કે હવે મરવાનો છું. ત્યારે દંડિકોને પૂછ્યા વિના પાછા જવાની તૈયારી કરી. દંડિકો સમજ્યા કે નક્કી રહસ્ય ખુલી ગયું છે. હવે રાજા ઘેર ન પહોંચે તે પહેલાં કાલકાર્યને પકડી લો. રાજા બીજી તરફથી લાવવો. ત્યારે રાજાને કુંભિમાં શુન-શ્વાન નાંખીને બંધ કરી દીધો. નીચે અગ્નિ પ્રગટાવ્યો. તેને તાપ લાગવાથી ખંડે ખંડ છેદી નાખ્યા.

એ પ્રમાણે કાલકાર્યની જેમ સમ્યગ્વચન બોલવું. આ જ કહે છે –

● **નિર્યુક્તિ-૮૭૧ :-**

***તુરુમણીમાં દત્તે કાલકાચાર્યને યજ્ઞનું ફળ પૂછ્યું. સમતાથી ભાવિત તે ભદંતે સમ્યક્ ફળ કહ્યું.***

● **વિવેચન-૮૭૧ :-**

દત્ત - બ્રાહ્મણ જાતિના રાજાએ કાલિક મુનિને યજ્ઞનું ફળ પૂછ્યું. મધ્યસ્થતા ગ્રહણ કરીને અને આલોકના ભયથી નિરપેક્ષ થઈને તે ભદંતે સમ્યગ્ વચન કહ્યું. જેથી મારાથી વચનાધિકરણ પ્રવૃત્તિ ન થાય.

(૪) હવે સસમાસ દ્વાર, તેનું કથાનક આ પ્રમાણે છે –

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં એક બ્રાહ્મણ હતો, તે પોતાને પંડિત માનતો હતો અને શાસનની નિંદા કરતો હતો. તે વાદમાં પ્રતિજ્ઞાથી ઉદ્ગ્રાહિત થયો, હરાવીને દીક્ષા આપી. પછી દેવતાની પ્રેરણાથી બોધ પામ્યો, પણ જુગુપ્સા મૂકતો નથી. તેની પત્ની શ્રાવિકા બની, પણ પતિનો સ્નેહ તજતી નથી. તેણીએ કાર્મણ કર્યુ. કોઈ રીતે મારો પતિ મને વશ થાય ? તે કાર્મણથી તે બ્રાહ્મ મૃત્યુ પામ્યો અને દેવલોકમાં ઉત્પન્ન થયો. બ્રાહ્મણીએ પણ નિર્વેદ થવાથી દીક્ષા લીધી. આલોચના કર્યા વિના મૃત્યુ પામી દેવલોકે ગઈ.

ત્યાંથી ચ્યવીને પે'લો બ્રાહ્મણ દેવ રાજગૃહ નગરમાં ધન નામે સાર્થવાહ હતો, તેને ચિલાતા નામે દાસી હતી, તેણીના પુત્રરૂપે ઉત્પન્ન થયો. તેનું નામ ચિલાતક રાખ્યું. ધન સાર્થવાહને પાંચ પુત્રોની ઉપર છઠ્ઠી પુત્રી જન્મી. તેનું સુંસુમા નામ રાખ્યું. ચિલાતકને બાલગ્રાહ રૂપે સુષમાને સોંપી. સુંસુમા સાથે તે અચેષ્ટા કરતો હતો. તેથી કાઢી મૂક્યો. તે સિંહગુફા નામે ચોરની પલ્લીમાં ગયો. ત્યાં અગ્રપ્રહારી થયો. ચૌર સેનાપતિ મૃત્યુ પામ્યો. તે સેનાપતિ થઈ ગયો. તેણે કો દિવસે ચોરોને આમ કહ્યું –

રાજગૃહમાં ધન નામે સાર્થવાહ છે, તેની પુત્રી સુંસુમા નામે છે. ત્યાં આપણે જઈએ. જે ધનમળે તે તમારું અને સુંસુમા મારી. ત્યાં જઈને અવસ્વાપિની નિદ્રા આપી દીધી. કાર્ય સાધીને ધનસાર્થવાહ સાથે પુત્રોને પણ માર્યા. તેના ઘરમાં પ્રવેશી કન્યા

અને ધન બધું લઈને ચાલી ગયા. ધન સાર્થવાહે નગરગુપ્તિકને બોલાવ્યો. તેને કહ્યું કે – તું મારી પુત્રીને છોડાવ, ધન બધું તું લઈ જજે. ચોરો ભાગ્યા, લોકો ધન લઈને ચાલ્યા ગયા.

ધન સાર્થવાહ પુત્રોની સાથે ચિલાતની પાછળ લાગ્યો. ચિલાત કન્યાને લઈને નાસ્યો જ્યારે ચિલાત સુંસુમાને વહન કરવા સમર્થ ન રહ્યો અને ધન સાર્થવાહ આદિ પણ નીકટ આવી ગયા ત્યારે સુંસુમાનું મસ્તક છેદી, લઈને ચાલવા લાગ્યો. સાર્થવાહ ધડ જોઈને પાછો ફર્યો. ત્યાં સુધીમાં તે સાર્થવાહ અને તેના પુત્રો ભુખથી પીડાવા લાગ્યા.

ત્યારે સાર્થવાહે પુત્રોને કહ્યું – મને મારીને ખાઈ જાઓ, પછી નગરમાં જાઓ, પુત્રોએ તે વાત ન સ્વીકારી. પછી મોટાપુત્રએ પણ તેમજ કહ્યું – મને ખાઈ જાઓ. એ પ્રમાણે નાનાપુત્ર સુધી બધાંએ કહ્યું. ત્યારે પિતાએ તેમને કહ્યું – આપણે અંદરઅંદર કોઈને ન મારીએ. આ ચિલાતે મારી નાંખેલ સુંસુમાને ખાઈએ. એ પ્રમાણે પુત્રીનું માંસ ખાધું.

સાધુએ આ પ્રમાણે આહાર કરવો જોઈએ. પુત્રીના માંસની ઉપમા કારણિક છે. તેનો આહાર કરીને નગરમાં ગયા. ફરી પણ ભોગના ભાગી થયા. એ પ્રમાણે સાધુઓએ પણ નિર્વાણ સુખના ભાગી થવું જોઈએ.

તે ચિલાત પણ મસ્તક ગ્રહણ કરીને દિગ્‌મૂઢ થઈ ગયો યાવત્ એક સાધુને જુએ છે, તે આતાપના લઈ રહ્યા છે. તેને કહે છે – સંક્ષેપમાં મને ધર્મ કહો. નહીં તો તમારું પણ માથું વાઢી નાંખીશ. સાધુએ કહ્યું – "ઉપશમ, વિવેક, સંવર. ચિલાત આટલા પદો ગ્રહીને એકાંતમાં વિચારવા લાગ્યો કે – ઉપશમ એટલે ક્રોધાદિને શાંત કરવો, હું ક્રોધિત છું. વિવેક ધન અને સ્વજનનો કરવો જોઈએ. તેથી મસ્તક અને તલવાર ફેંકી દીધા. સંવર-ઈન્દ્રિય અને નોઈન્દ્રિયનો હોય. એ પ્રમાણે ધ્યાન કરે છે, તેટલામાં લોહીની ગંધથી કીડીઓ આવીને, તેનું શરીર ખાવા લાગી, તેનું શરીર ચાલણી જેવું કરી દીધું. પગમાંથી પ્રવેશતી કીડીઓ યાવત્ મસ્તકની ખોપડીથી નીકળવા લાગી. તો પણ તે ચિલાત ધ્યાનથી ચલિત ન થયો. *[આ કથાનો અંત જ્ઞાતાધર્મમાં તદ્દન ભિન્નરૂપે છે, ત્યાં ચિલાત દુર્ધ્યાનથી દુર્ગતિમાં ગયેલો છે.]*

ઉક્ત કથાના અર્થને પ્રતિપાદિત કરતાં કહે છે –

● **નિર્યુક્તિ-૮૭૨ :-**

***જે ત્રણ પદો વડે સમ્યકત્વને પામેલો, સંયમ ઉપર આરૂઢ થયેલો, તે ઉપશમ-વિવેક-સંવરના આરાધક ચિલાતપુત્રને હું નમું છું.***

● **વિવેચન-૮૭૨ :-**

ગાથાર્થ કહ્યો. उपशम - ક્રોધાદિ નિગ્રહ, विवेक - સ્વજન અને સુવર્ણાદિનો ત્યાગ. संवर - ઈન્દ્રિય અને નોઈન્દ્રિયની ગુપ્તિ. - x - x -

● **નિર્યુક્તિ-૮૭૩ :-**

***ખરડાયેલા પગો વડે લોહીની ગંધથી જેને કીડીઓ પગથી માથા સુધી ખાઈ ગઈ, તે દુષ્કરકારકને હું વંદન કરું છું.***

● **વિવેચન-૮૭૩ :-**

ગાથાર્થ કહ્યો. કીડી વડે ખવાવા છતાં જે અધ્યવસાયથી વિચલીત ન થયા, પગની શિરાથી મસ્તક સુધી કીડીઓ ગઈ. - x -



● **નિર્યુક્તિ-૮૭૪ :-**

***મુદ્‌ગલ જેવા મુખવાળી કીડીઓ દ્વારા ચાલણી જેવા કરાયો તે રીતે ખવાવા છતાં તે ધીર ચિલાતીપુત્રે ઉત્તમાર્થને અંગીકાર કર્યો.***

● **વિવેચન-૮૭૪ :-**

धीर - सत्त्वसंपन्न, मूर्तिंगलियाहिं - કીડીઓ વડે ખવાવા છતાં, શુભ પરિણામ ન ત્યાગીને ઉત્તમાર્થને સાધ્યો.

● **નિર્યુક્તિ-૮૭૫ :-**

***અઢી અહોરાત્રમાં ચિલાતિપુત્ર વડે અપ્સરાના સમૂહથી વ્યાપ્ત અને રમ્ય, ઈન્દ્ર તુલ્ય દેવ ભવનને પામ્યો.***

● **વિવેચન-૮૭૫ :-**

દેવિંદામર ભવન - દેવેન્દ્રની જેમ અમર ભવન. હવે સંક્ષેપદ્વાર –

● **નિર્યુક્તિ-૮૭૬ :-**

***લાખ ગ્રંથોને પાંચ હજારમાં, તેનાથી અઢી હજારમાં, છેલ્લે એક શ્લોકમાં સ્થાપિત કર્યા, તેને સંક્ષેપ જાણવો.***

● **વિવેચન-૮૭૬ :-**

(૫) સંક્ષેપ – ચાર ઋષિઓએ પ્રત્યેકે લાખ ગ્રંથ કરીને જિતશત્રુ રાજા સામે ઉપસ્થિત કર્યા. તમે અમારું શાસ્ત્ર સાંભળો કેમકે તમે પાંચમાં લોકપાલ છો. રાજા બોલ્યો કેટલા છે ? ઋષિઓ બોલ્યા – લાખ શ્લોક પ્રમાણ ચાર સંહિતા છે. રાજા બોલ્યો – મારું રાજ્ય સીદાય છે. એ પ્રમાણે અડધું - અડધું ઘટાડતા યાવત્ એકેક શ્લોક રહ્યો. તે પણ રાજાએ ન સાંભળ્યો. ત્યારે ચારએ પણ પોતાનો મત પ્રદર્શિત કરવા એક શ્લોક રચ્યો. તે આ પ્રમાણે –

આત્રેય કહે છે – પચે પછી ભોજન કરવું. કપિલ કહે છે – પ્રાણીની દયા પાળો, બૃહસ્પતિ કહે છે – કોઈનો વિશ્વાસ ન કરો, પાંચાલ કહે છે – સ્ત્રીઓને વિશે માર્દવતા-મૃદુતા રાખવી. - x - x - એ પ્રમાણે સામાયિક પણ ચૌદ પૂર્વના અર્થનો સંક્ષેપ કહેવાય છે.

(૬) અનવદ્ય - હવે અનવદ્ય દ્વાર વિષયક કથાનક –

વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો, ધારિણી રાણી હતી. તેમને ધર્મરુચિ નામે પુત્ર હતો. તે રાજા સ્થવિર હતો - વૃદ્ધ થયો. ત્યારે તે પ્રવ્રજ્યા લેવાની ઈચ્છાવાળો થઈ, ધર્મરુચિને રાજ્ય આપવા ઈચ્છે છે. તે માતાને પૂછે છે – પિતાજી રાજ્યનો ત્યાગ કેમ કરે છે ? માતાએ કહ્યું – રાજ્યએ સંસાર વધારનાર છે. ધર્મરુચિ બોલ્યો – મારે પણ રાજ્યનું કામ નથી. તે પિતા સાથે તાપસ થયો. તેટલામાં અમાવાસ્યા આવી. મરુકે ઉદ્‌ઘોષણા કરે છે – આશ્રમમાં કાલે અમાવાસ્યા થશે, તો આજે પુષ્પ-ફળોનો સંગ્રહ કરી લો, કાલે છેદનનો નિષેધ છે. ત્યારે ધર્મરુચિને થયું – જો સર્વકાળ છેદન ન થાય તો કેવું સારું ?

કોઈ દિવસે સાધુઓ અમાવાસ્યામાં તાપસ આશ્રમની નજીકથી નીકળ્યા.

ધર્મરુચિએ તેમને જોઈને પૂછ્યું – ભગવન્ ! શું તમારે અનાકુટ્ટિ નથી ? [છેદન નિષેધ નથી ?]. તે અટવીમાંથી જાઓ છો ? સાધુઓ બોલ્યા કે – અમારે યાવજ્જીવ અનાકુટ્ટી છે. ધર્મરુચિ સંભ્રમથી વિચારવા લાગ્યો. સાધુ પણ ગયા. ધર્મરુચિને જાતિસ્મરણ થતાં, તે પ્રત્યેકબુદ્ધ થયો. આ જ અર્થ કહે છે –

● **નિર્યુક્તિ-૮૭૭ :-**

***અનાકુટ્ટિ સાંભળીને પાપભીરુ ધર્મરુચિએ પાપનો ત્યાગ કરીને અનવદ્યપણું સ્વીકારી અણગાર [સાધુ] થયો.***

● **વિવેચન-૮૭૭ :-**

શ્રુત્વા - સાંભળીને આકુટ્ટિ-છેદન કે હિંસા, તેથી અનાકુટ્ટિ-હિંસા ન કરવી તે. અણભીત - તે તે યોનિમાં જીવો જેને કારણે જાય તે તે अण એટલે પાપ, તેનાથી કરેલ તે પાપભીરું. "અણગવર્જીને" - સાવદ્ય યોગનો પરિત્યાગ કરીને. - x - અણવર્જ્યતાને પામેલ એટલે સંવૃત્ત સાધુ થયેલ.

હવે પરિજ્ઞા દ્વારનો અવયવાર્થ કહે છે, તેમાં કથાનક પૂર્વે કહેલ છે. હવે તેની ગાથા કહે છે –

● **નિર્યુક્તિ-૮૭૮ :-**

***જ્ઞ-પરિજ્ઞા વડે જીવ અને અજીવને જાણીને સાવદ્ય યોગ ક્રિયાને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તે ઈલાપુત્રે જાણી છે.***

● **વિવેચન-૮૭૮ :-**

ગાથાર્થ કહ્યો. (૭) પરિજ્ઞા સામાયિક દૃષ્ટાંત પૂર્વે કહેલ છે.

(૮) પ્રત્યાખ્યાન દ્વાર - હવે તેનું કથાનક કહે છે.

તેતલીપુર નગરમાં કનકરથ નામે રાજા હતો. તેને પદ્માવતી રાણી હતી. રાજા ભોગ લોલુપ હતો. તેથી જે-જે પુત્ર જન્મે તેને મારી નાંખે છે. ત્યાં તેતલીપુત્ર નામે અમાત્ય હતો. કલાદ પુષ્યકાર શ્રેષ્ઠી હતો. તેની પુત્રી પોટ્ટિલાને અગાસીમાં જોઈ, તેતલીપુત્રે તેની માંગણી કરી, કલાદે તેને પરણાવી.

પદ્માવતીએ એકાંતમાં અમાત્યને કહ્યું – કોઈ પણ રીતે એકાદ કુમારને બચાવી લો, તો તે તમારા - મારા માટે ભિક્ષા ભાજન થશે. હાલ મારા પેટમાં પત્ર છે, આ રહસ્યને તમે સાચવી રાખજો. તેણે કબૂલ કર્યુ. પોટ્ટિલા પણ તે જ સમયે પ્રસૂતા હતી. પોટ્ટિલાએ પુત્રીને રાણીને આપી, રાણીએ કુમારને પોટ્ટિલાને સોંપ્યો. તે પુત્રને મોટો કરે છે, કળા-શિક્ષણ આપ્યું.

કોઈ દિવસે તેતલીપુત્રને પોટ્ટિલા અનિષ્ટ થઈ ગઈ. તેનું નામ પણ લેતો નથી. કોઈ દિવસે સાધ્વીઓને પૂછે છે – તમે કંઈ જાણો છો, જેનાથી હું મારા પતિને પ્રિય થાઉં ? સાધ્વીઓએ કહ્યું – અમને એવું કંઈ કહેવાનું કલ્પતું નથી. ધર્મ કહ્યો. પોટ્ટિલા સંવેગ પામી, તેતલીપુત્રને પૂછ્યું – હું દીક્ષા લઉં ? તેણે કહ્યું કે જો મને તું બોધ કરવાનું વચન આપે તો તને રાજા આપું, પોટ્ટિલાએ તે વાત સ્વીકારી. શ્રામણ્ય પાળી દેવલોકે ગઈ.

આ તરફ કનકરથ રાજા મૃત્યુ પામ્યો. ત્યારે નગરજનો સમક્ષ કુમારને રજૂ



કર્યો. રહસ્યોદ્ઘાટન કર્યુ પછી કુમારનો રાજ્યાભિષેક કર્યો. કુમારને તેની માતા પદ્માવતીએ કહ્યું કે તેતલીપુત્ર સાથે સારી રીતે વર્તજે. તેમની કૃપાથી તું રાજા થયો છે. તે પુત્રનું કનકધ્વજ નામ હતું. બધે સ્થાને અમાત્યને પ્રાધાન્ય આપ્યું. પોટ્ટિલદેવ તેતલીપુત્રને બોધ પમાડવા આવે છે, તે બોધ પામતો નથી. ત્યારે દેવ રાજા કનકધ્વજને તેના તરફ અણગમો ઉત્પન્ન કરાવે છે.

તેતલીપુત્ર રાજમાં ગયો ત્યારે કનકધ્વજ રાજા અવળુ મુખ કરીને રહ્યો. તેતલીપુત્રને ડર લાગ્યો, તે ઘેર આવી ગયો. તેના પરિજનો પણ તેનો આદર કરતા નથી. તે વધારે ભયભીત થયો. ત્યારે તાલપુટ ઝેર ખાધું પણ મર્યો નહીં. ગળા ઉપર છરી ફેરવી તો પણ ન છેદાયુ. દોરડું બાંધી લટકી ગયો, દોરડું છેદાઈ ગયું. પત્થર ગળે બાંધીને પાણીમાં ડૂબ્યો. તો ત્યાં તળીયું થઈ ગયું. ત્યારે ઘાસમાં અગ્નિ સળગાવીને પ્રવેશ કર્યો, તો પણ સળગ્યો નહીં. ત્યારે નગરથી નીકળી ગયો યાવત્ પાછળ હાથી પડ્યો આગળ પ્રપાતગર્ત્તા [ખાઈ] આવી. બંને બાજુ અંધકાર, બાણોની વર્ષા થવા લાગી. ત્યાં ઉભો રહી જઈને તેતલીપુત્ર બોલે છે –

હા પોટ્ટિલા શ્રાવિકા ! મને આમાંથી બચાવ. હે આયુષ્યમતિ ! પોટ્ટિલા ! હવે હું ક્યાં જઉં ? - x - ત્યારે તેણી કહે છે – ડર્યો હો તો પ્રવ્રજ્યા સ્વીકાર [અહીં જ્ઞાતાધર્મ૰ પ્રમાણે આલાવા કહેવા.] તેને જોઈને બોધ પામ્યો અને કહ્યું – રાજાને ઉપશાંત કર. ડરીને કે રોષમાં દીક્ષા લેવી નથી. ત્યારે દેવે બધી માયા સંકેલી લીધી, રાજા તેને માતા સાથે શોધવા નીકળ્યો. તેતલીપુત્રને ખમાવીને નગરમાં પ્રવેશ કરાવ્યો. નિષ્ક્રમણ શિબિકા વડે નીકળ્યો. ત્યારપછી દીક્ષા લીધી. એ પ્રમાણે દૃઢપણે આપત્તિથી ગૃહિત થઈ પ્રત્યાખ્યાનમાં સમતા કરી. [આ પ્રમાણે પ્રત્યાખ્યાન સામાયિક કહી.]

● **નિર્યુક્તિ-૮૭૯ :-**

***જીવાજીવ અને પુન્ય પાપ સાક્ષાત્ જોઈને તેતલિપુત્રએ સાવદ્યયોગના પ્રત્યાખ્યાન કર્યા.***

● **વિવેચન-૮૭૯ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ કોઈ વૃત્તિ નથી. નિરુક્તિ દ્વાર પૂરૂ થયું.

**ઉપોદ્ઘાત નિર્યુક્તિનો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ સટીક અનુવાદ સમાપ્ત**

# ❀ નમસ્કાર નિર્યુક્તિ ❀

-- x -- x -- x -- x --

હવે સૂત્ર સ્પર્શ નિર્યુક્તિનો અવસર છે. તે પ્રાપ્ત અવસર છતાં પણ કહેતા નથી, - x - પછી સૂત્રાનુગમમાં કહીશું.

[શંકા] જો એમ છે તો તેનો અહીં ઉપન્યાસ કેમ કર્યો. [સમાધાન] નિર્યુક્તિ માત્રના સામાન્યપણાથી, એ પ્રમાણે સૂત્રાનુગમ પણ અવસર પ્રાપ્ત છે જ. તેમાં સૂત્ર કહેવું જોઈએ. તે કેવા પ્રકારે છે ? તે લક્ષણ ગાથા —

● **નિર્યુક્તિ-૮૮૦ :-**

***અલ્પગ્રંથ અને મહા અર્થ હોય, જે બત્રીશ દોષ રહિત હોય, લક્ષણો વડે યુક્ત હોય, તેવું સૂત્ર આઠ ગુણો વડે ઉપપેત હોય છે.***

● **વિવેચન-૮૮૦ :-**

“ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત તે સત્” ઈત્યાદિ માફક છે, અલ્પ ગ્રંથ હોય અને અર્થ મોટો થતો હોય તેવું. અથવા અધિકૃત્ સામાયિક સૂત્રવત્ બત્રીશ દોષ રહિત જે છે તે. આ દોષો કયા છે ? તે કહે છે —

● **નિર્યુક્તિ-૮૮૧ થી ૮૮૪ + વિવેચન :-**

૦—(૧) આલક - અનૃત્, અસત્ય - ન હોય તે બતાવવું એ અભૂત-ઉદ્ભાવન, તે પ્રધાન કારણ છે અને ભૂત નિહ્નવ - હોય તે છુપાવવું. જેમકે “આત્મા નથી” વગેરે. ૦—(૨) ઉપઘાત જનક - જીવોને ઉપઘાતકારી, જેમકે - વેદમાં કહેલ હિંસા ધર્મને માટે થાય છે. ૦—(૩) નિરર્થક - વર્ણોના ક્રમનું નિદર્શન માત્ર હોય પણ અભિધેયપણે કોઈ અર્થ ન હોય, એ નિરર્થક કહેવાય. ૦—(૪) અપાર્થક - પૂર્વાપરના યોગથી અપ્રતિ સંબંધાર્થે અપાર્થક છે. જેમકે — દશ દાડમ, છ પૂડલા, કુંડમજાજિન ઈત્યાદિ - x - ૦— (૫) છલ-વચનવિઘાત અર્થવિકલ ઉપપત્તિથી છલ, વાક્છલ આદિ.

૦—(૬) દ્રુહિલ-દ્રોહ સ્વભાવ, - x - અથવા કલુષ તે દ્રુહિલ, જેમકે - આ લોકો આટલો જ છે, જેટલો ઈન્દ્રિય ગોચર છે, ઈત્યાદિ ૦—(૭) નિઃસાર-પરિફલ્ગુ વેદવચન સમાન, ૦—(૮) અધિક - વર્ણાદિ વડે અભ્યધિક, ૦—(૯) ન્યૂન-વર્ણાદિ વડે હીન. અથવા હેતુ ઉદાહરણથી અધિક તે અધિક, જેમકે - અનિત્ય શબ્દ ઈત્યાદિથી કંઈક અધિક કે હીન. - x - x - ૦—(૧૦) પુનરુક્ત - શબ્દ અને અર્થનું પુનર્વચન, અન્યત્ર અનુવાદથી. તેમાં શબ્દ પુનરુક્તિ, જેમકે ઈન્દ્રઈન્દ્ર. અર્થની પુનરુક્તિ તે, જેમકે ઈન્દ્ર શક્ર. અર્થથી આવેલ સ્વ શબ્દથી પુનરુક્તિ, જેમકે સ્થૂળ દેવદત્ત દિવસે ખાતો નથી, અર્થાત્ રાત્રે ખાય છે તે અર્થથી આવેલ પુનરુક્તિ તેમાં જે એમ કહેવું કે દિવસે ખાતો નથી, રાત્રે ખાય છે, તે પુનરુક્તિ કહેવાય.

૦—(૧૧) વ્યાહત - જેમાં પૂર્વથી પછીનું હણાય છે, જેમકે - “કર્મ છે, ફળ છે (પણ) કર્મનો કર્તા નથી. ૦—(૧૨) અયુક્ત-અનુપપત્તિ ક્ષમ. - x - x - ૦—(૧૩) ક્રમ ભિન્ન - જેમાં યથાસંખ્ય [અનુક્રમે] અનુદેશ ન કરાય તે. - x - x - ૦—(૧૪) વચનભિન્ન-વચન વ્યત્યય. આ બે વૃક્ષો પુષ્પવાળા છે. તેમાં પ્રથમ પદ દ્વિવચન છે, બીજું પદ બહુવચન છે. ૦—(૧૫) વિભક્તિ ભિન્ન - વિભક્તિ વ્યત્યય. एष वृक्षम् કહેવું.



૦—(૧૬) લિંગભિન્ન - લિંગ વ્યત્યય. જેમકે अयं स्त्री બંને પદ સ્ત્રી લિંગે નથી, ૦—(૧૭) અનભિહિતમ્ - સ્વસિદ્ધાંતમાં અનુપદિષ્ટ હોય. સાંખ્ય કે શાક્યાદિનો કોઈ મત હોય, જે જૈનમતમાં ન કહેલ હોય. ૦—(૧૮) અપદ - પદ્ય વિધિમાં પદ્યમાં વિધાતવ્યમાં અન્ય છંદનું અભિધાન હોય, જેમકે આર્યા પદમાં વૈતાલિક પદ કહેવો. ૦—(૧૯) સ્વભાવ હીન - જે વસ્તુના સ્વભાવથી અન્યથા વચન હોય, જેમકે શીત અગ્નિ. ૦—(૨૦) વ્યવહિત - અન્તર્હિત, જેમાં પ્રકૃતને છોડીને અપ્રકૃતને વ્યાસ થકી બતાવીને ફરી પ્રકૃતને કહે - x - x -

૦—(૨૧) કાલદોષ - અતીતાદિ કાલવ્યત્યય, જેમકે - રામ વનમાં પ્રવેશ્યા તેમાં प्रविशति કહ્યું, ૦—(૨૨) યતિદોષ - અસ્થાનવિચ્છેદ કે તેનું ન કરવું તે. (૨૩) છવિ - અલંકાર વિશેષ, તેનાથી શૂન્ય. ૦—(૨૪) સમય વિરુદ્ધ - સ્વ સિદ્ધાંત વિરુદ્ધ - x - ૦—(૨૫) વચન માત્ર- નિર્હેતુક, જેમકે ઈષ્ટ ભૂદેશમાં લોકમધ્યે કહેવું તે.

૦—(૨૬) અર્થાપત્તિદોષ - જેમાં અર્થથી અનિષ્ટ આપત્તિ હોય, જેમકે — બ્રાહ્મણને ન હણવા, તેમાં ‘અબ્રાહ્મણને હણવા’ એવી અર્થાપતિ થાય. ૦—(૨૭) અસમાસ દોષ - સમાસ વ્યત્યય, સમાસ વિધિ છતાં જેમાં અસમાસવચન હોય, જેમકે આ રાજપુરુષ છે, તેમાં તત્પુરુષ સમસ કરવો કે વિશેષણ સમાસ કરવો કે બહુવ્રીહિસમાસ કરવો ઈત્યાદિ. ૦—(૨૮) ઉપમા દોષ - હીન કે અધિક ઉપમાન નામે જેમ મેરુને સરસવની ઉપમા કે બિંદુને સમુદ્રની ઉપમા. ૦—(૨૯) રૂપક દોષ - સ્વરૂપ અવયવ વ્યત્યય, જેમ પર્વતરૂપ અવયવને પર્વત વડે ન ઓળખવો, સમુદ્ર અવયવ કહેવો.

૦—(૩૦) અનિર્દેશ દોષ - જેમાં ઉદ્દેશ્ય પદોનો એકવાક્ય ભાવ ન કરાય તે. જેમ દેવદત્ત થાળીમાં ભાત પકાવે છે, એમ કહેવામાં “પકાવે છે” શબ્દ ન કહેવો તે. ૦—(૩૧) પદાર્થ દોષ - જેમાં વસ્તુ પર્યાયવાચી પદના અર્થાન્તરની પરિકલ્પનાનો આશ્રય કરાય છે. - x - x - ૦—(૩૨) સંધિદોષ - વિશ્લિષ્ટ સંહિતત્વ વ્યત્યય.

આ બત્રીશદોષરહિત લક્ષણયુક્ત સૂત્ર હોય છે. “બત્રીશદોષ રહિત જે” એ વચનથી તેનો શબ્દ નિર્દેશ જણાય છે. આઠ ગુણો વડે યુક્ત જે તે લક્ષણયુક્ત વર્તે છે. તે ગુણો આ છે —

● **નિર્યુક્તિ-૮૮૫ :-**

***નિર્દોષ, સારવંત્, હેતુયુક્ત, અલંકૃત્, ઉપનીત, સોપચાર, મિત અને મધુર [એ આઠ ગુણો છે.]***

● **વિવેચન-૮૮૫ :-**

(૧) નિર્દોષ-દોષમુક્ત, (૨) સારવંત - ઘણાં પર્યાય, ગો શબ્દ કે સામાયિકવત્, (૩) અન્વય વ્યતિરેક લક્ષણ હેતુ વસ્તુથી યુક્ત, (૪) અલંકૃત્-ઉપમા આદિથી યુક્ત, (૫) ઉપનીત - ઉપનયથી ઉપસંહત, (૬) સોપચાર - અગ્રામ્ય અભિધાન, (૭) મિત-વર્ણાદિ નિયત પરિણામ, (૮) મધુર - સાંભળવામાં મનોહર અથવા સૂત્રના

બીજા ગુણો આ છે —

● નિર્યુક્તિ-૮૮૬ :-

*અલ્પાક્ષર, અસંદિગ્ધ, સારવત્, વિશ્વતોમુખ, અસ્તોભક, અનવદ્ય સૂત્ર, સર્વજ્ઞભાષિત [એ આઠ ગુણો છે.]*

● વિવેચન-૮૮૬ :-

(૧) અલ્પાક્ષર-મિત અક્ષર, સામાયિક અભિધાનવત્, (૨) અસંદિગ્ધ—સૈંધવ શબ્દવત્ લવણ, ઘોટક આદિ અનેકાર્થ સંશયકારી થતાં નથી. (૩) સારવત્ - બહુ પર્યાય, (૪) વિશ્વતોમુખ - અનેકમુખ, પ્રતિસૂત્ર ચાર અનુયોગના અભિધાનથી, અથવા પ્રતિમુખ અનેક અર્થના અભિધાયક. (૫) અસ્તોભક - - x - સ્તોભક એટલે નિપાત, (૬) અનવદ્ય - અગર્હ્ય, હિંસાભિધાયક નહીં. એવા પ્રકારે સર્વજ્ઞભાષિત સૂત્ર જાણવું.

પછી સૂત્રના અનુગમથી, સૂત્રમાં અનુગત તે અનવદ્ય, નિશ્ચિત પદચ્છેદ પછી સૂત્રપદ નિક્ષેપલક્ષણ તે સૂત્રાલાપક ન્યાસ.

# અધ્યયન-૧-સામાયિક

— x — x — x — x —

● સૂત્ર-૧ :-

*[નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.]*

● વિવેચન-૮૮૬ :- [ચાલુ]

*[નિર્યુક્તિ-૮૮૬નું વિવેચન ચાલુ છે, સૂત્ર અમે ગોઠવેલ છે, 'નમસ્કાર' શબ્દની નિર્યુક્તિ-૮૮૭ થી શરૂ થાય છે.]*

સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ છેલ્લા અનુયોગદ્વારથી વિહિત અને નયો હોય છે. સમક અને અનુસરે છે. - x - x - સૂત્રાનુગમ આદિનો આ વિષય છે - પદચ્છેદ સહિત સૂત્ર અભિધાય અવસિત પ્રયોજન સૂત્રાનુગમ હોય છે, સૂત્રાલાપક ન્યાસ પણ નામાદિ નિક્ષેપ માત્ર જ જણાવે છે. સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ પદાર્થ વિગ્રહ વિચાર પ્રત્યયસ્થાનાદિ અભિધાયક છે. તે પ્રાયઃ નૈગમ આદિ નયમત વિષયક છે. વસ્તુતઃ નયો તેના અંતર્ભાવી જ છે. આ અમે માત્ર અમારી બુદ્ધિથી કહેતા નથી, પરંતુ ભાષ્યકારે પણ બે ગાથામાં કહેલ છે.

[શંકા] જો એ પ્રમાણે ઉત્ક્રમથી નિક્ષેપદ્વારમાં છે તો શા માટે સૂત્ર આલાપક ન્યાસ કહેલ છે ? [સમાધાન] નિક્ષેપ સામાન્યથી લાઘવાર્થે કહેલ છે. પ્રસંગથી આટલું કહ્યું તે પુરતું છે.

એ પ્રમાણે શિષ્યજનોના અનુગ્રહને માટે અનુગમ આદિ પ્રસંગથી વિષય વિભાગ બતાવ્યો. હવે પ્રકૃત વાત પ્રસ્તુત કરીએ છીએ. તેમાં સૂત્ર સૂત્રાનુગમમાં કહેવું જોઈએ. તે પંચનમસ્કારપૂર્વક છે. કેમકે તે સંપૂર્ણ શ્રુતસ્કંધ અંતર્ગતપણે છે. હવે આ જ સૂત્રાદિની વ્યાખ્યા કરવી જોઈએ. કેમકે તે સર્વ સૂત્રના આદિપણે છે. સર્વ સંમત સૂત્રના આદિ પણે છે.

સૂત્રનું આદિત્વ આ સૂત્રના આદિમાં વ્યાખ્યાનમાનત્વથી છે, અને નિર્યુક્તિકૃત્



ઉપન્યાસત્વથી છે. બીજા કહે છે — મંગલત્વથી આ સૂત્ર આદિમાં વ્યાખ્યાત છે. તથા કહે છે — મંગલ ત્રણ ભેદે છે - આદિમાં, મધ્યમાં અને અંતમાં. આદિ મંગલાર્થે નંદીની વ્યાખ્યા કરી. મધ્ય મંગલાર્થે તો તીર્થંકરાદિનું ગુણ અભિધાયક છે, નમસ્કાર તે અંત્ય મંગલાર્થે છે.

આ અયુક્ત છે. શાસ્ત્રના અપરિસમાપ્તિપણાથી અંત્ય મંગલ અયુક્ત છે. આને આદિ મંગલપણે કહેલું પણ ઠીક નથી કેમકે તે કરેલ છે, કરેલાનું કરવું તે અનવસ્થા પ્રસંગ છે. - x - x - અમે તો સર્વથા ગુરુવચનથી અવધાર્યા પ્રમાણે તત્ત્વાર્થ જ પ્રતિપાદિત કરીએ છીએ. સૂત્રની આદિમાં "નમસ્કાર" છે. તેથી પહેલાં તેની જ વ્યાખ્યા કરીએ છીએ. સૂત્રની આ વ્યાખ્યા ઉત્પત્તિ આદિ અનુયોગ દ્વાર અનુસાર કહેવી જોઈએ.

તેમાં નમસ્કાર નિર્યુક્તિ પ્રસ્તાવિની આ ગાથાને કહે છે —

● નિર્યુક્તિ-૮૮૭ :-

*(૧) ઉત્પત્તિ, (૨) નિક્ષેપ, (૩) પદ, (૪) પદાર્થ, (૫) પ્રરૂપણા, (૬) વસ્તુ, (૭) આક્ષેપ, (૮) પ્રસિદ્ધિ, (૯) ક્રમ, (૧૦) પ્રયોજન, (૧૧) ફળ એ દ્વારોથી નમસ્કારની વિચારણા કરવી.*

● વિવેચન-૮૮૭ :-

(૧) ઉત્પાદન તે ઉત્પત્તિ, પ્રસૂતિ, ઉત્પાદ. તે આ નમસ્કારની નય અનુસારથી વિચારણા. (૨) નિક્ષેપણ તે નિક્ષેપ, ન્યાસ. તે આનુ કાર્ય છે (૩) જેના વડે પદ્ય થાય તે પદ અને તે નામિક આદિ છે, તે આનું વાચ્ય છે. (૪) પદાર્થ - પદનો અર્થ, તે વાચ્ય છે. તેનો નિર્દેશ સત્ આદિ અનુયોગ દ્વાર વિષયત્વથી છે. (૫) પ્રરૂપણા - પ્રકર્ષથી રૂપણા કરવી. (૬) જેમાં ગુણો વસે છે તે વસ્તુ, તે અર્હમ્ વાચ્ય છે. (૭) આક્ષેપણ તે આક્ષેપ, આશંકા. તે કરવી. (૮) પ્રસિદ્ધિ - તે પરિહાર રૂપ કહેવી. (૯) ક્રમ - અર્હત્ આદિ અભિધેય. (૧૦) પ્રયોજન - તેનો વિષય જ. અથવા જેના વડે પ્રયુક્ત પ્રવર્તે છે તે પ્રયોજન-અપવર્ગ નામે છે. (૧૧) ફળ - તે ક્રિયા અંતર્ભાવિ સ્વર્ગાદિ છે. - x -

આટલા દ્વારોથી નમસ્કારની વિચારણા કરવી. - x - હવે ઉત્પત્તિદ્વાર નિરૂપણાને માટે નિર્યુક્તિકાર કહે છે —

● નિર્યુક્તિ-૮૮૮ :-

*નમસ્કાર ઉત્પન્નાનુત્પન્ન છે, આદ્ય નૈગમનયની અપેક્ષાથી તે અનુત્પન્ન છે, શેષ નયાપેક્ષાએ ઉત્પન્ન છે. કઈ રીતે ? ત્રિવિધ સ્વામીત્વથી.*

● વિવેચન-૮૮૮ :-

સ્યાદ્વાદીઓને નમસ્કાર ઉત્પન્નાનુત્પન્ન છે, બીજા એકાંતવાદીને તેમ નથી. કેમકે પરસ્પર વિરુદ્ધ ધર્મના સ્વીકારથી એકત્રપણે એમ કહ્યું. [શંકા] સ્યાદ્વાદીને પણ એકત્ર એકદા પરસ્પર વિરુદ્ધ ધર્માધ્યાસ કઈ રીતે ? [સમાધાન] અહીં નયો પ્રવર્તે છે. તે નૈગમાદિ સાત છે. નૈગમનય પણ બે ભેદે છે — સર્વસંગ્રાહી અને દેશ સંગ્રાહી. આદિ નૈગમ સામાન્ય માત્ર અવલંબીત્વથી છે, તેમાં ઉત્પાદ-વ્યયરહિતત્વથી નમસ્કાર પણ તેની અંતર્ગત્ હોવાથી અનુત્પન્ન છે. તેના વિશેષગ્રાહીપણામાં બાકીના નયોથી

- x - x - ઉત્પન્ન છે. [શંકા] બાકીનામાં સંગ્રહાદિ છે, તેનું વિશેષગ્રાહિત્વ નથી ? તેનો આદિ નૈગમમાં જ અંતર્ભાવ થવાથી દોષ નથી.

ઉત્પન્ન કઈ રીતે કહ્યા ? તેનું સ્વામીત્વ ત્રણ પ્રકારે છે અર્થાત્ ત્રિવિધ સ્વામીભાવથી કે ત્રિવિધકારણથી કહ્યું. - x - x - ગ્રંથ વિસ્તારના ભયથી અહીં કહેતા નથી, ભાષ્યકારે કહ્યું છે. હવે ત્રિવિધસ્વામીત્વ કહે છે—

**• નિર્યુક્તિ-૮૮૯ :-**

***સમુત્થાન, વાચના અને લબ્ધિ એ ત્રણ કારણ પહેલા ત્રણ નય અપેક્ષાએ છે, ઋજુ સૂત્ર નયાપેક્ષાએ પહેલું છોડી બાકી બે કારણો અને શેષ નયો માત્ર લબ્ધિને કારણ માને છે.***

**• વિવેચન-૮૮૯ :-**

સમુત્થાનથી, વાચનાથી અને લબ્ધિથી નમસ્કાર ઉત્પન્ન થાય. સમ્યક્ સંગત કે પ્રશસ્ત ઉત્થાન તે સમુત્થાન. તેના નિમિત્તે નમસ્કારનું, કોનું સમુત્થાન? અન્ય શ્રુતત્વથી આધારભૂતત્વથી પ્રત્યાસન્નત્વથી શરીરને જ ગ્રહણ કરે છે. દેહસમુત્થાન નમસ્કારનું કારણ છે. તેના ભાવભાવિત્વથી, અન્યથા અનુપપત્તિ છે. તેથી સમુત્થાનથી એ (૧) કારણ.

વાચના - પછી શ્રવણ અર્થાત્ અધિગમ કે ઉપદેશ. નમસ્કારનું તે કારણ છે તે ભાવ ભાવિત્વથી જ છે. તેથી વાચનાથી એ (૨) કારણ.

લબ્ધિ - તેના આવરણ કર્મ ક્ષયોપશમ લક્ષણ. તે કારણ (૩)

પદને અંતે પ્રયુક્ત શબ્દ નયની અપેક્ષાથી ત્રણેમાં પણ પ્રાધાન્ય જણાવવાને માટે છે. તેથી જ કહે છે — શુદ્ધ નૈગમ, સંગ્રહ, વ્યવહારનયથી વિચારતા સમુત્થાનાદિ ત્રણે નમસ્કાર કારણ છે. [શંકા] પહેલાં નયમાં અશુદ્ધ નૈગમ અને સંગ્રહ કેમ ત્રિવિધ કારણ ઈચ્છે છે ? તે બંને તો સામાન્ય માત્રા અવલંબીત્વથી છે. [સમાધાન] તેને અનુત્પન્ન કહેવાથી પહેલાં નય ત્રિકથી, તે બંનેના ઉત્કલિત્વથી દોષ નથી.

ઋજુસૂત્ર સમુત્થાન કારણ સિવાયના બે કારણ ઈચ્છે છે. ઈત્યાદિ - x - x - નય પ્રધાન વિષય હોવાથી તજ્જ્ઞ પાસે સમજવો. - x -

હવે નિક્ષેપ કહે છે. તે ચાર ભેદે છે - નામ નમસ્કાર, સ્થાપના નમસ્કાર, દ્રવ્યનમસ્કાર અને ભાવનમસ્કાર. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. જ્ઞ અને ભવ્ય શરીર અતિરિક્ત દ્રવ્ય નમસ્કાર કહે છે —

**• નિર્યુક્તિ-૮૯૦ :-**

***નિહ્નવાદિને દ્રવ્ય નમસ્કાર હોય છે, ઉપયુક્ત સમ્યક્દૃષ્ટિ કરે તે ભાવ નમસ્કાર છે. નમઃ નૈપાતિક પદ છે દ્રવ્ય-ભાવ સંકોચ તે પદાર્થ છે.***

**• વિવેચન-૮૯૦ :-**

નિહ્નવાદિ દ્રવ્ય નમસ્કાર છે કેમકે નમસ્કાર અને નમસ્કારવાળાથી અભિન્ન છે. આદિ શબ્દથી દ્રવ્યાર્થ કે જે મંત્રદેવતા આરાધનાદિમાં છે તે. આ દ્રવ્ય નમસ્કારનું ઉદાહરણ છે —

વસંતપુર નગરે જિતશત્રુ રાજા, ધારિણી રાણી સહિત અવલોકન કરે છે.



દ્રમકને જોયો. અનુકંપાથી નદી સદંશ રાજાને રાણી કહે છે. રાજાએ તે દ્રમક-ભીખારીને બોલાવ્યો, અલંકાર પહેરાવ્યા, વસ્ત્રો આપ્યા. તેણે કચ્છો લીધો, દેદીપ્યમાન લાગતો હતો. કાલાંતરે રાજાએ તેને રાજ્ય આપ્યું. દંડભટ-ભોજિકોને દેવાયતનમાં પૂજા કરતા જોયા, તે વિચારે છે — હું કોનું કરું ? રાજાનું આયતન કરું, તેણે દેવકૂળ કર્યું. તેમાં રાજા-રાણીની પ્રતિમા કરાવી. પ્રતિમા પ્રવેશ માટે લાવતા પૂછ્યું, તેણે વાત કરી. સંતુષ્ટ થઈ રાજા સત્કારે છે. તે ત્રણ સંધ્યા અર્ચના કરે છે. ખુશ થયેલા રાજાએ તેને બધાં સ્થાનો આપ્યા. અન્ય દિવસે રાજા દંડયાત્રાએ નીકળ્યો. તે બધાંને અંતઃપુર સ્થાનમાં સ્થાપીને ગયો. તેમાં અંતઃપુર સ્ત્રીઓ નિરોધ સહન ન કરી શકવાથી તેને જ ઉપચરે છે. તેને ગમતું નથી, ત્યારે તે ભોજન કરતો નથી. પછી ધીમે ધીમે તે પ્રવેશ્યો અને વિનાશ પામ્યો. રાજા આવ્યો. વિનાશિત થયેલ જોયું.

અહીં રાજા સ્થાને તીર્થંકર છે, અંતઃપુર સ્થાને છકાય જીવો છે અથવા છ કાય જીવો નથી પણ શંકાદિ પદો લેવા, જેથી શ્રેણિકાદિનો પણ દ્રવ્ય નમસ્કાર ન થાય. દ્રમક સ્થાને સાધુઓ છે. કચ્છના સ્થાને મિથ્યાત્વ છે, ભાસ્વર સ્થાને સમ્યક્ત્વ છે. દંડ સંસારમાં વિનિપાત છે. આ દ્રવ્ય નમસ્કાર.

નોઆગમથી ભાવ નમસ્કાર, જે શબ્દક્રિયાદિ સમ્યગ્દૃષ્ટિ જ કરે છે. અહીં નામાદિ નિક્ષેપોના જે નયો જે નિક્ષેપને ઈચ્છે છે, તે વિશેષ આવશ્યકથી શંકા અને પરિહાર સહિત જાણવું. અહીં તે કહેલ નથી.

હવે પદ દ્વાર કહે છે :- પદ પાંચ પ્રકારે છે — નામિક, નૈપાતિક, ઔપસર્ગિક, આખ્યાતિક અને મિશ્ર. તેમાં અશ્વ નામિક છે, खलु નૈપાતિક છે, परि - ઔપસર્ગિક છે, धावति એ આખ્યાતિક છે, संयत મિશ્ર છે. એમ નામાદિ પાંચ પ્રકારે પદનો સંભવ છે છતાં કહે છે — અર્હત્ આદિ પદાદિ પર્યન્ત નિપત થાય છે માટે નિપાત. નિપાતથી આવેલ કે નિપાત વડે નિર્વૃત્ત હોવાથી નૈપાતિક કહ્યું. नमः નૈપાતિક પદ છે.

હવે પદાર્થ દ્વાર:- - x - नम એ પૂજાર્થે છે. 'નમો અરહંતાણં' તે દ્રવ્ય-ભાવ સંકોચ લક્ષણ છે. તેમાં દ્રવ્ય સંકોચ તે હાથ, મસ્તક અને પગ આદિ વડે સંકોચ, ભાવ સંકોચ તે વિશુદ્ધ મનનો નિયોગ, દ્રવ્યભાવ સંકોચન પ્રધાન પદાર્થ. - x - અહીં ચતુર્ભંગી છે —

(૧) દ્રવ્ય સંકોચ હોય, ભાવ સંકોચ નહીં. જેમકે - પાલક. (૨) ભાવસંકોચ હોય દ્રવ્ય સંકોચ ન હોય જેમકે - અનુત્તર દેવ, (૩) દ્રવ્ય અને ભાવ બંનેથી સંકોચ, જેમકે - શાંબ, (૪) દ્રવ્ય-ભાવ બંને સંકોચનો અભાવ, તે શૂન્ય ભંગ છે. અહીં ભાવ સંકોચ પ્રધાન છે. દ્રવ્યસંકોચ પણ તેની શુદ્ધિ નિમિત્તે છે.

હવે પ્રરૂપણા દ્વાર પ્રતિપાદનાર્થે કહે છે —

**• નિર્યુક્તિ-૮૯૧ :-**

***પ્રરૂપણા બે પ્રકારે છે — છ પદવાળી, નવ પદવાળી. છ પદ આ પ્રમાણે — શું, કોનું, કોનાથી, ક્યાં, કેટલો કાળ, કેટલાં પ્રકારે ? થાય.***

**• વિવેચન-૮૯૧ :-**

બે પ્રકારે — પ્રકૃષ્ટ-પ્રધાન કે પ્રગત અને રૂપણા - વર્ણના, તે પ્રરૂપણા. તેનું

દ્વૈવિધ્ય કહે છે — છ પદી, નવ પદી. ચ શબ્દથી પાંચ પદી. તેમાં છ પદો આ રીતે છે — શું ? વગેરે. તેમાં આધ દ્વાર અવયવાર્થ કહે છે —

● નિર્યુક્તિ-૮૯૨ :-

***નમસ્કાર શું છે? નમસ્કાર પરિણત જીવ નમસ્કાર છે. પૂર્વપ્રતિપન્ન તો તે ઘણાં જીવોને છે. પ્રતિપધમાન અપેક્ષાથી એક જીવને કે અનેક જીવોને પણ છે.***

● વિવેચન-૮૯૨ :-

किं શબ્દ સર્વનામ નપુંસક નિર્દેશ છે. બધાં લિંગ સાથે યોગ અનુસાર સંબદ્ધ થાય છે. જેમકે किं सामायिकं? को नमस्कारः. તેમાં અજીવ આદિનો નિરાસ કરવા કહે છે — જીવ છે, અજીવ નથી. - x - x - x - સર્વ અસ્તિકાયમય સ્કંધ, તેનો દેશ તે જીવ. તે એકદેશત્વથી સ્કંધ ન થાય. અનેક સ્કંધની આપત્તિ થાય, અસ્કંધ પણ ન થાય કેમકે સ્કંધના અભાવનો પ્રસંગ થાય. વસ્તુ વિશેષત્વથી અનભિલાપ્ય ન થાય. તેથી નોસ્કંધ અર્થાત્ સ્કંધૈકદેશ છે. સ્કંધ દેશ વિશેષાર્થનો ધોતક नो શબ્દ છે.

એ પ્રમાણે नोग्राम પણ પણ કહેવું. વિશેષ એ કે — ग्राम - ચૌદ ભૂતગ્રામનો સમુદાય. એકેન્દ્રિય સૂક્ષ્મ અને બાદર, સંજ્ઞી-અસંજ્ઞી પંચેન્દ્રિય, બેઈન્દ્રિય. તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય એ પર્યાપ્તા - અપર્યાપ્તા ભેદથી ચૌદ ગ્રામ થાય. પ્રસંગે આટલું કહ્યું, હવે ચાલુવાતને કહે છે —

સામાન્યથી અશુદ્ધ નયોના મતે જીવ. તેનું જ્ઞાન અને લબ્ધિયુક્ત કે યોગ્ય નમસ્કાર છે. શબ્દાદિ શુદ્ધ નયમતને આશ્રીને તત્પરિણત જીવ વર્તે છે. તે જ નમસ્કાર પરિણામ પરિણત જ નમસ્કાર છે, અપરિણત નહીં. એકત્વ અને અનેકત્વની વિચારણામાં નૈગમના સંગ્રહ, વ્યવહાર અંતર્ગતત્વથી સંગ્રહાદિ વડે જ વિચાર છે. તેમાં સંગ્રહનો નમસ્કાર જાતિ માત્રની અપેક્ષાપણાથી એક નમસ્કાર છે. વ્યવહારનો વ્યવહાર પરત્વથી ઘણાં નમસ્કાર છે. ઈત્યાદિ - x - x - किं દ્વાર કહ્યું.

હવે कस्य એ દ્વાર. અહીં પૂર્વ પર્તિપન્ન અને પ્રતિપધમાન અંગીકરણથી અભીષ્ટ અર્થ નિરૂપણાર્થે કહે છે — પૂર્વપ્રતિપન્ન જ જો અધિકાર કરાય તો તો વ્યવહારનય મતને આશ્રીને જીવોના અર્થાત્ જીવ સ્વામિક છ પ્રતિપધમાનને આશ્રીને જીવના કે જીવોના કહ્યા. ભાવાર્થ નયોથી કહેવો —

જેથી નમસ્કાર અને નમસ્કર્તા બંનેને આધીન નમસ્કાર કરણ છે. તેમાં નૈગમ અને વ્યવહારના મતે નમસ્કાર્યનો નમસ્કાર, ન કરવો. જો કે નમસ્કાર ક્રિયા નિષ્પાદક કર્તા છે તો પણ તેને નહીં કેમકે સ્વયં અનુપયુજ્યમાનત્વથી છે - યતિભિક્ષાવત્. તેથી કહે છે — ભિક્ષા નિષ્પાદકને ન આપવી, પણ ભિક્ષુને ભિક્ષા આપવી તે પ્રસિદ્ધ છે. અહીં સંબંધવિશેષ અપેક્ષાવશ પ્રાપ્ત આઠ ભંગો થાય છે. તે આ પ્રમાણે —

(૧) જીવના, (૨) અજીવના, (૩) જીવોના, (૪) અજીવોના, (૫) જીવના અને અજીવના (૬) જીવના અને અજીવોના, (૭) જીવોના અને અજીવના, (૮) જીવોના અને અજીવોના. અહીં તેના ઉદાહરણો કહે છે — (૧) જીવના તે જિનના જ અને અજીવના તે જિનેન્દ્રપ્રતિમાના. (૨) જીવોના તે યતિઓના, અજીવોના એટલે પ્રતિમાઓના. ઈત્યાદિ વૃત્તિમાં જણાવ્યા મુજબ જાણવા. - x - x -



સંગ્રહ મતે નમઃ સામાન્ય માત્ર છે અને તેના સ્વામી માત્ર વસ્તુનો જીવ 'નમ' એ તુલ્યાધિકરણ છે. કેમકે તેનો અભેદ પરમાર્થત્વથી છે. કોઈ તો શુદ્ધતર - પૂજ્યજીવપૂજક જીવ સંબંધથી જીવનો જ નમસ્કાર એ એક ભંગ છે. ઋજુસૂત્ર મતે નમસ્કારનો જ્ઞાનક્રિયા શબ્દ રૂપત્વથી તેના કર્તાનો અનર્થાન્તરપણાથી કર્તૃસ્વામીક જ છે. શબ્દાદિનો પણ આ જ પ્રમાણે છે. ઈત્યાદિ - - x - x - 'कस्य' દ્વાર કહ્યું, હવે केन દ્વારની નિરૂપણા - કયા સાધન વડે નમસ્કાર સધાય છે? તેની આ ગાથા છે —

● નિર્યુક્તિ-૮૯૩ :-

***જ્ઞાનાવરણીય અને દર્શનમોહના. ક્ષયોપશમથી નમસ્કાર પ્રાપ્ત થાય છે. જીવમાં, અજીવમાં ઈત્યાદિ આઠ ભંગોમાં સર્વત્ર હોય છે.***

● વિવેચન-૮૯૩ :-

'જ્ઞાનાવરણીય' એમ સામાન્ય શબ્દ છતાં મતિ અને શ્રુતજ્ઞાન આવરણીય ગ્રહણ કરાય છે. કેમકે તે મતિ અને શ્રુતજ્ઞાન અંતર્ગતત્વથી છે, તથા સમ્યગ્દર્શનના સાહચર્યથી જ્ઞાનના અને દર્શન મોહનીયના ક્ષયોપશમથી સધાય છે. - x - તેના આવરણ બે પ્રકારના સ્પર્ધકો હોય છે — સર્વોપઘાતી અને દેશોપઘાતી. તેમાં બધાં સર્વઘાતિમાં અને ઉદ્‌ઘાતિતોમાં દેશોપઘાતિના પ્રતિસમયે વિશુદ્ધિ અપેક્ષાએ અનંત ભાગોથી ક્ષયને પામીને વિમુક્ત થતા ક્રમથી પહેલો અક્ષર પામે છે. એ પ્રમાણે એક એક વર્ણ પ્રાપ્તિથી સમસ્ત નમસ્કાર [નવકાર] પામે છે.

હવે कस्मिन् દ્વાર - શેમાં? અહીં અધિકરણ છે, અધિકરણ એટલે આધાર. તે ચાર ભેદે છે, તે આ પ્રમાણે — વ્યાપક, ઔપશ્લેષિક, સામીપ્યક, વૈષયિક. તેમાં (૧) વ્યાપક - તલમાં તેલ, (૨) ઔપશ્લેષિક-સાદડી ઉપર બેસો, (૩) સામીપ્યક - ગંગા કિનારે ઘોષ, (૪) વૈષયિક - રૂપમાં ચક્ષુ તેમાં પહેલા ભેદ અભ્યંતર ચે, બાકીના બાહ્ય છે. તેમાં નૈગમ અને વ્યવહાર બંને બાહ્યને ઈચ્છે છે, તેમના મતના અનુવાદી સાક્ષાત્ આ ગાથા ખંડમાં કહે છે — જીવ અજીવ - x - તત્ત્વતઃ જીવઅજીવ આદિ આઠ ભંગોમાં થાય છે સર્વત્ર એ પ્રમાણે ભાવના કરવી. નમસ્કાર જ જીવના ગુણત્વથી જીવ છે. તે જ્યારે ગજેન્દ્ર આદિમાં હોય ત્યારે જીવ છે, જ્યારે સાદડી આદિમાં હોય ત્યારે અજીવ છે, જ્યારે ઉભયાત્મક હોય ત્યારે જીવાજીવ છે. એ પ્રમાણે એકવચન, બહુવચનના ભેદથી આઠ ભંગો પૂર્વોક્ત જ યોજવા.

[શંકા] પૂજ્ય નમસ્કારના એ પ્રમાણે નૈગમ અને વ્યવહારનય છે, તે જ કેમ આધાર ન થાય ? કે જેથી પૃથક્ ઈચ્છે છે. [સમાધાન] અવશ્ય સ્વથી કે સ્વઆત્મમાં થાય જ તેમ નહીં, અન્યત્ર પણ હોય. જેમકે દેવદત્તના ધાન્ય ક્ષેત્ર. तु શબ્દથી શેષ નયનો આક્ષેપ કર્યો. સંક્ષેપથી દર્શાવે છે —

તેમાં સંગ્રહ અભેદ પરમાર્થત્વથી કોઈક વસ્તુ માત્રમાં ઈચ્છે છે કોઈક તેના ધર્મત્વથી જીવ કહે છે. ઋજુસૂત્ર જીવત્વથી જીવ જ માને છે.

[શંકા] ઋજુસૂત્ર અન્ય આધાર પણ ઈચ્છે છે જ ''આકાશમાં વસતિ'' એ વચનથી [સમાધાન] તે દ્રવ્ય વિવક્ષાથી છે, ગુણ વિવક્ષાથી નહીં. શબ્દ આદિ

ઉપયુક્ત જ્ઞાનરૂપ જીવ જ ઈચ્છે છે, અન્યત્ર નહીં, શબ્દ ક્રિયારૂપ પણ નહીં. - - હવે 'कियच्चिर' કેટલા કાળે થાય છે, તે બતાવે છે —

● નિર્યુક્તિ-૮૯૪ :-

***ઉપયોગને આશ્રીને અંતર્મુહૂર્ત અને લબ્ધિને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમ હોય છે. અરહંતાદિ પંચવિધને નમસ્કાર પાંચ પ્રકારે છે.***

● વિવેચન-૮૯૪ :-

ઉપયોગને આશ્રીને જઘન્યથી કે ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સ્થિતિ જાણવી. લબ્ધિ ક્ષયોપસમથી થાય, તે જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત જ હોય, ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ સમ્યકત્વ કાળ જાણવો. આ એક જીવને આશ્રીને કહ્યું, વિવિધ જીવોને વળી અધિકૃત્ય ઉપયોગ અપેક્ષાથી જઘન્યથી અને ઉત્કૃષ્ટથી તેમજ છે. લબ્ધિથી સર્વકાળ હોય છે.

कतिविध - નમસ્કાર કેટલા ભેદે ? અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પદાદિથી પાંચ પ્રકારે છે. આના દ્વારા અર્થાન્તરથી વસ્તુ સ્થિતિ વડે 'नमः' પદનો અભિસંબંધ કહે છે.

આ રીતે છ પદ પ્રરૂપણા કહી, હવે નવપદ પ્રરૂપણા કહે છે —

● નિર્યુક્તિ-૮૯૫ :-

***૧- સત્પદ પ્રરૂપણા, ૨- દ્રવ્ય પ્રમાણ, ૩- ક્ષેત્ર, ૪- સ્પર્શના, ૫- કાળ, ૬- અંતર, ૭- ભાગ, ૮- ભાવ, ૯- અલ્પબહુત્વ. નવ પદ છે.***

● વિવેચન-૮૯૫ :-

(૧) સત્ - સદ્ભુત, વિદ્યમાન. સત્ એવું તે પદ - સત્પદ, તેની પ્રરૂપણા કરવી તે સત્પદ પ્રરૂપણા. (૨) જેથી નમસ્કાર જીવ દ્રવ્યથી અભિન્ન છે. તેથી દ્રવ્ય પ્રમાણ કહેવું જોઈએ. નમસ્કારવાળા જીવદ્રવ્યો કેટલા છે? (૩) ક્ષેત્ર - કેટલા ક્ષેત્રમાં નમસ્કાર. એ પ્રમાણે ૪ થી ૬ - સ્પર્શના, કાળ અને અંતર કહેવું તથા (૭) ભાગ - નમસ્કારવાળા શેષ જીવો કેટલા ભાગમાં વર્તે છે? (૮) ભાવ-કયા ભાવમાં છે? (૯) અલ્પબહુત્વ - પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનકની અપેક્ષાથી કહેવું. વિસ્તાર અર્થે પ્રતિદ્વાર કહે છે —

● નિર્યુક્તિ-૮૯૬,૮૯૭ :-

***વિવક્ષિત વર્તમાન સમયમાં નમસ્કારના પૂર્વ પ્રતિપન્ન અને પ્રતિપદ્યમાનને આશ્રીને ગતિ, ઈન્દ્રિય, કાય, વેદ, યોગ, કષાય, લેશ્યા, સમ્યકત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, પરિત્ત, પર્યાપ્ત, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવ અને ચરમ વિશે માર્ગણા કરવી.***

● વિવેચન-૮૯૬,૮૯૭ :-

આ બંને ગાથા પીઠિકામાં વ્યાખ્યાત કરી હોવાથી અહીં વિવરણ કરતા નથી. ત્રણ અનુક્તદ્વારનો અવયવાર્થ પ્રતિપાદન કરવા કહે છે —

● નિર્યુક્તિ-૮૯૮ :-

***નમસ્કાર પ્રતિપન્ન ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હોય અને***





***ક્ષેત્રલોકના ચૌદભાગમાં સાત ભાગ પ્રમાણ છે. તથા સ્પર્શના પણ એમ જ છે.***

● વિવેચન-૮૯૮ :-

નમસ્કાર પ્રતિપન્ન જીવરાશિ પ્રમાણ સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગે રહેલ આકાશપ્રદેશ પ્રમાણ છે. ક્ષેત્રલોકવાળો ગાથાર્થ કહ્યો. વિશેષ એ - અધોલોકમાં $^{૫}/_{૧૪}$ ભાગ હોય. સ્પર્શના એ પ્રમાણે જ છે. વિશેષ એ - પર્યન્તવર્તી પ્રદેશોને સ્પર્શે છે, એમ ભેદથી કહ્યું.

હવે કાલદ્વારનો અવયવાર્થ કહે છે —

● નિર્યુક્તિ-૮૯૯ :-

***એક જીવને આશ્રીને પૂર્વે બતાવ્યા મુજબ કાળ જાણવો. વિવિધ જીવને આશ્રીને સર્વકાળ નમસ્કારનો જાણવો. અંતરને આશ્રીને એક જીવને આશ્રીને જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે.***

● વિવેચન-૮૯૯ :-

એક જીવને આશ્રીને છ પદ પ્રરૂપણામાં જેમ કાળ કહ્યો તેમજ જાણવો. વિવિધ જીવોને આશ્રીને પણ તેમજ છે. - x - બાકી ગાથાર્થ મુજબ.

● નિર્યુક્તિ-૯૦૦ :-

***ઉત્કૃષ્ટથી અંતર દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત કાળ છે. વિવિધ જીવને આશ્રીને અંતર નથી. ભાવને વિશે ક્ષયોપશમ ભાવમાં નમસ્કાર છે.***

● વિવેચન-૯૦૦ :-

અહીં ઉત્કૃષ્ટથી કહ્યું તે દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત. વિવિધ જીવને આશ્રીને સદા અવ્યવચ્છિન્નપણાથી અંતર નથી. ભાવથી ક્ષયોપશમમાં કહ્યું તે પ્રાચુર્યને આશ્રીને કહેલ છે. અન્યથા કોઈ એક તો ક્ષાયિક અને ઔપશમિકમાં પણ કહે છે. ક્ષાયિકમાં - શ્રેણિકની જેમ. ઔપશમિકમાં - શ્રેણી અંતર્ગત્ જીવોને. - x - x -

હવે ભાગદ્વારની વ્યાખ્યા —

● નિર્યુક્તિ-૯૦૧ :-

***સર્વ જીવોનો અનંતમો ભાગ નમસ્કારને પામેલ છે. બાકી અનંતગણા મિથ્યાદૃષ્ટિ છે. નમસ્કારને યોગ્ય વસ્તુ અરિહંતાદિ પાંચ છે, તેનો હેતુ આ છે —***

● વિવેચન-૯૦૧ :-

જીવોનો અનંતભાગ નમસ્કારને પામેલ છે. - x - અલ્પબહુત્વ દ્વાર જેમ પીઠિકામાં મતિ જ્ઞાનાધિકાર માફક જાણવું. હવે च શબ્દને આક્ષેપથી પંચવિધ પ્રરૂપણાને અનભિધાનથી પશ્ચાર્ધથી વસ્તુદ્વારની નિરૂપણાને માટે કહે છે — વસ્તુ દ્રવ્ય દલિક યોગ્ય અર્હમ્એ અનર્થાન્તર છે. વસ્તુ નમસ્કારને યોગ્ય અરહંતાદિ પાંચ જ છે. તેમાં વસ્તુત્વથી નમસ્કાર અર્હત્વમાં આ હેતુ - કહેવાનાર લક્ષણ છે.

હવે च શબ્દ સૂચિત પંચવિધ પ્રરૂપણાને કહે છે —

● નિર્યુક્તિ-૯૦૨ :-

***આરોપણા, ભજના, પૃચ્છા, દાપના, નિર્યાપણા એ પાંચ પ્રકારે નમસ્કાર, અનમસ્કાર, નોનમસ્કાર, નોઅનમસ્કાર એમ નવ ભેદ છે.***

● **વિવેચન-૯૦૨ :-**

આરોપણા, ભજના, પૃચ્છા, દાયના – દર્શના કે દાપના અને નિર્યાપના, તેમાં શું જીવ જ નમસ્કાર છે ? અથવા નમસ્કાર જ જીવ છે એ પ્રમાણે પરસ્પર અવધારણા આરોપણા છે તથા જીવ જ નમસ્કાર એ ઉત્તરપદ અવધારણ છે. અજીવથી વ્યવચ્છિધ જીવ જ નમસ્કાર અવધારે છે જીવ તો અનવધારિત છે. નમસ્કાર કે અનમસ્કાર છે. આ એકપદના વ્યભિચારથી ભજના છે. જીવ નમસ્કાર શું વિશિષ્ટ છે ? અથવા અનમસ્કાર શું વિશિષ્ટ છે, તે પૃચ્છા. અહીં પ્રતિ ઉત્તર દાપના - નમસ્કાર પરિણત જીવ છે, નમસ્કાર અપરિણત નથી. નિર્યાપના તો આ જ નમસ્કાર પર્યાય પરિણત જીવ નમસ્કાર છે. નમસ્કાર પણ જીવ પરિણામ જ છે, અજીવ પરિણામ નથી. અહીં આમ સમજવું કે – દાપના એ પ્રશ્નાર્થ વ્યાખ્યાન છે, નિર્યાપના એ તેનું નિગમન છે અથવા આ બીજી ચાર ભેદે પ્રરૂપણા છે –

તેમાં પ્રકૃતિ अकार, नोकार ઉભય નિષેધને આશ્રીને ચાર ભેદપણું છે. પ્રકૃતિ - સ્વભાવ, શુદ્ધતા જેમકે નમસ્કાર. તે જ नञ् ના સંબંધથી અકારયુક્ત છે - તેથી અનમસ્કાર. તે જ નો શબ્દનો ઉપપદથી નો નમસ્કાર, ઉભયના નિષેધથી નોઅનમસ્કાર.

તેમાં 'નમસ્કાર' તે તેમાં પરિણત જીવ, અનમસ્કાર તે તેમાં અપરિણત જીવ, લબ્ધિ શૂન્ય કે બીજો કોઈ. અથવા નો આદિ યુક્ત નમસ્કાર અને અનમસ્કાર, આના દ્વારા બે ભંગ આક્ષેપ જાણવો. નો શબ્દ વડે આદિ યુક્ત જે નમસ્કાર કે અનમસ્કાર તેની આ અક્ષરગમનિકા કહી.

તેમાં નોનમસ્કાર વિવક્ષાથી દેશ નમસ્કાર કે અનમસ્કાર થાય. કેમકે નો શબ્દ દેશ કે સર્વ નિષેધપરત્વથી છે. નોઅનમસ્કાર પણ દેશ અનમસ્કાર કે નમસ્કાર છે કેમકે દેશથી કે સર્વથી નિષેધત્વ છે. આ ચાર ભેદો કહ્યા. આનો નૈગમાદિનય અભ્યુપગમ પૂર્વોક્ત અનુસાર કહેવો. નવધા વા - પૂર્વોક્ત પાંચ ભેદ અને આ ચાર ભેદ એ રીતે નવ પ્રકારે પ્રરૂપણા બીજા પ્રકારથી જાણવી. પ્રરૂપણા દ્વાર કહ્યું.

આ નિઃશેષ છે. હવે ગાથાના ખંડ वत्थुं त० કહી છે, તે અવસર પ્રાપ્ત અને વસ્તુદ્વારના વિસ્તારથી વ્યાખ્યા કરે છે. - x - x - તે વસ્તુત્વમાં આ હેતુ છે, તેથી અહીં હેતુ કહે છે, તેની ગાથા –

● **નિર્યુક્તિ-૯૦૩ :-**

***માર્ગ, અવિપ્રનાશ, આચાર, વિનયતા, સહાયત્વ એ પાંચ હેતુથી હું પાંચ પ્રકારનો નમસ્કાર કરું છું.***

● **વિવેચન-૯૦૩ :-**

માર્ગ આદિ પાંચ અરહંતાદિના નમસ્કાર યોગ્યતામાં આ હેતુઓ છે. - x - અહીં આ ભાવના છે - અરહંતના નમસ્કાર યોગ્યતામાં માર્ગ - સમ્યગ્દર્શનાદિ લક્ષણ હેતુ છે, જે કારણે તેઓએ દેખાડ્યો, તે કારણે મુક્તિ છે, કેમકે તેનાથી પરંપરાએ મુક્તિનો હેતુ હોવાથી પૂજ્ય છે. સિદ્ધોના નમસ્કાર યોગ્યતામાં અવિપ્રનાશ, શાશ્વતત્વ હેતુ છે. તેથી કહે છે – તેના અવિપ્રનાશને જાણીને પ્રાણીઓ સંસારની વિમુખતાથી મોક્ષને માટે ઘટે છે.



આચાર્યની નમસ્કાર યોગ્યતામાં આચાર જ હેતુ છે, તેથી કહે છે – તે આચારવાન્ અને આચાર કહેનારાને પામીને પ્રાણી આચારજ્ઞાન અનુષ્ઠાનને માટે થાય છે. ઉપાધ્યાયોની નમસ્કાર યોગ્યતામાં વિનય હેતુ છે. તેઓ સ્વયં વિનીત થઈને શરીરીના કર્મના વિનયમાં સમર્થ થાય છે. સાધુની નમસ્કાર યોગ્યતામાં સહાયપણું એ હેતુ છે. તેઓ મોક્ષે જવામાં - x - સહાયક બને છે.

એ પ્રમાણે સંક્ષેપથી અરહંતાદિના નમસ્કારપણાથી માર્ગ આદિ ગુણો કહ્યા. હવે પ્રપંચથી ગુણોને દર્શાવવા કહે છે –

● **નિર્યુક્તિ-૯૦૪ :-**

***૧- અટવીમાં માર્ગ બતાવનાર, ૨- સમુદ્રમાં નિર્યામક, ૩- છકાય રક્ષણાર્થે મહાગોપ તેને કહેવાય છે.***

● **વિવેચન-૯૦૪ :-**

અટવીમાં અરહંતે માર્ગ બતાવ્યો, તે પ્રમાણે સમુદ્રમાં નિર્યામક અને ભગવંતે જ છકાય રક્ષણને માટે જે કારણે પ્રયત્ન કર્યો તેથી મહાગોપ, તેને કહેવાય છે. અવયવાર્થ પ્રતિદ્વારે કહે છે - x -

● **નિર્યુક્તિ-૯૦૫,૯૦૬ :-**

***જેમ વિઘ્નવાળી અટવીને સાર્થવાહ ઓળંગાવી આપે છે અને તેના માર્ગદર્શનથી મુસાફરો ઈચ્છિત નગરને પામે છે, તેમ જિનેશ્વરે ઉપદેશેલ માર્ગે સંસારરૂપી અટવીને ઓળંગી જીવો નિર્વૃત્તિ પુરીને પામે છે. તેથી જિનેશ્વરોને અટવીમાં સાર્થવાહ જાણવા.***

● **વિવેચન-૯૦૫,૯૦૬ :-**

અટવી, 'સપ્રત્યપાય'-વાઘ આદિ ઘણાં વિઘ્નો, 'વોલેત્ત' - ઉલ્લંઘીને, 'દેશિકોપદેશ' નિપુણ માર્ગજ્ઞઉપદેશ. 'ઈષ્ટપુર' - ઈષ્ટ પત્તન. ભવ અટવી પણ ઉલ્લંઘીને. નિવૃત્તિપુરી - સિદ્ધિપુર, જિનોપદિષ્ટ માર્ગથી પણ બીજાના ઉપદેશથી નહીં. ગાથાર્થ કહ્યો છે. હવે વિસ્તાર અર્થ માટે કથાનક –

અહીં અટવી બે પ્રકારે – દ્રવ્ય અટવી અને ભાવ અટવી. તેમાં દ્રવ્ય અટવીમાં આ દૃષ્ટાંત છે – વસંતપુર નગર હતું, ધનસાર્થવાહ હતો. તે બીજા નગરે જવા માટે ઘોષણા કરાવે છે – જેમ નંદીફલજ્ઞાતમાં કહ્યું તેમ જાણવું. ત્યારે તેમાં ઘણાં કાર્પટિકાદિ એકઠા થયા. તે તેમને મળીને માર્ગના ગુણોને કહે છે – એક માર્ગ ઋજુ છે, એક માર્ગ વક્ર છે. જે વક્ર છે તેનાથી કંઈક સુખેસુખે જવાય છે, ઘણાં કાળે ઈચ્છિત નગર પ્રાપ્ત થાય છે. પુરો થયા પછી તે માર્ગ પણ ઋજુ માર્ગે જ ઉતરે છે. પણ ઋજુમાર્ગ નાનો અને કષ્ટવાળો છે.

તે કઈ રીતે? તે ઘણો વિષમ છે પણ શ્લક્ષ્ણ છે. તેમાં જતાં જ બે મહાઘોર વાઘ અને સિંહ વસે છે. તે બંને તેના પગ પકડી લે છે. તેને મૂક્યા વગર રસ્તો મળતો નથી. પુરો થાય ત્યાં સુધી અનુવર્તે છે. અહીંના વૃક્ષો મનોહર છે, તેની છાયામાં વિશ્રામ ન કરવો. તેની છાયા મારણપ્રિય છે પડેલા પાંડુપત્રોની નીચે મુહૂર્ત માટે વિશ્રામ કરવો મનોહરરૂપધારી અને ઘણાં મધુર વચનથી અહીં માર્ગાન્તર સ્થિત

પુરુષો બોલાવે છે. તેમના વચન ન સાંભળવા, સાર્થિકોને ક્ષણવાર માત્ર મુકવા નહીં. એકલાને નિયમથી ભય છે. દુરંત ઘોર દવાગ્નિ અપ્રમત્ત પણે શાંત કરવો. ન શાંત કરેલ અગ્નિ નિયમથી બાળે છે. પછી દુર્ગ ઉચ્ચ પર્વત ઉપયોગપૂર્વક ઓળંગવો, ન ઓળંગો તો નક્કી મૃત્યુ થશે. પછી મોટી અતિગુપિલ ખાઈ વાંસકુડંકી જલ્દી ઓળંગવી. તેમાં રહેવામાં ઘણાં દોષ છે. પછી નાનો ખાડો છે. તેની નજીક મનોરથ નામે બ્રાહ્મણ નિત્ય નજીક રહે છે. તેની વાત ન સાંભળી, ખાડો ન પૂરવો, જો તેને પૂરશો તો માર્ગ ભાંગવો ઘણો મોટો થઈ જશે. અહીં દિવ્ય ફળો છે, તે પાંચ પ્રકારના અને નેત્રોને સુખકર છે. તે કિંપાક ફળ છે માટે જોવા કે ખાવા નહીં. અહીં બાવીશ મહાકરાલ પિશાચો ક્ષણે ક્ષણે અભિદ્રવે છે, તેને પણ ગણકારવા નહીં. તેના ભોજન-પાન વિભાગથી દુર્લભ અને વિરસ છે. અપ્રયાણ ન કરતાં અનવરત ચાલવું. રાત્રે પણ માત્ર બે પ્રહર સુવું, બાકીના બેમાં ચાલવું એ પ્રમાણે જતાં-જતાં હે દેવાનુપ્રિયો ! જલ્દીથી અટવી પાર થશે. પાર કરીને તે એકાંતે દુર્ગતિ વર્જીને પ્રશસ્ત શિવપુરે જવાશે. પછી ત્યાં કોઈ કલેશ થશે નહીં. ઈત્યાદિ ઈત્યાદિ - x - x -

એ પ્રમાણે દ્રવ્ય અટવી માર્ગોપદેશ જાણ્યો.

હવે ભાવ અટવી માર્ગોપદેશ જ્ઞાત યોજે છે. સાર્થવાહના સ્થાને અરહંત છે, ઉદ્‌ઘોષણાના સ્થાને ધર્મકથા છે. તટિકાદિ સ્થાને જીવો છે. અટવી સ્થાનીય સંસાર છે. ઋજુએ સાધુમાર્ગ છે. વક્રએ શ્રવકમાર્ગ છે. પ્રાપ્યપુર સ્થાનીય મોક્ષ છે. વાઘ અને સિંહતુલ્ય રાગ અને દ્વેષ છે. મનોહર વૃક્ષ છાયા સ્થાનીય સ્ત્રી આદિ સંસક્ત વસતિ છે. પરિ શટિત સ્થાનીય અનવદ્ય વસતિ છે. માર્ગતટસ્ત બોલાવનાર પુરુષોને સ્થાને પાર્શ્વસ્થાદિ અકલ્યાણ મિત્રો છે. સાર્થિકના સ્થાને સાધુઓ છે. દવાગ્નિ સ્થાને ક્રોધાદિ કષાયો છે અને ફળ સ્થાનીય વિષયો છે. પિશાચના સ્થાને બાવીશ પરીષહો છે. એષણીય ભોજન-પાનમાં નિત્ય ઉધમ કરવો. બે પ્રહર સ્વાધ્યાય કરવો નગર પ્રાપ્ત થતાં મોક્ષનું સુખ છે.

આ કારણે તે નગરે જવાની ઈચ્છાવાળા લોકો જનઉપદેશદાન આદિ ઉપકાર સાર્થવાહને નમસ્કાર કરે છે. એ પ્રમાણે મોક્ષના અર્થીઓએ તે ભગવંતને નમસ્કાર કરવો જોઈએ. તથા કહે છે —

● **નિર્યુક્તિ-૯૦૭,૯૦૮ :-**

***જેમ આ લોકમાં તે પોતાના નગરે જવાની ઈચ્છાવાળો માણસ તે સાર્થવાહને પરમોપકારી માની, વિઘ્ન નિવારક જાણીને ભક્તિથી નમન કરે છે, તેમ મોક્ષાર્થીના વિઘ્નો નિવારી રાગ-મદ-મોહ રહિત જિનેન્દ્ર તેમને મોક્ષનગરીમાં લઈ જાય છે, તેથી પરમોપકારી હોવાથી અરહંતો ભાવથી નમસ્કરણીય છે જ.***

● **વિવેચન-૯૦૭,૯૦૮ :-**

ગાથા બંનેનો અર્થ કહ્યો. વિશેષ આ - મદ એટલે દ્વેષ.

● **નિર્યુક્તિ-૯૦૯ :-**

***સંસાર અટવીમાં - કે જે મિથ્યાત્વ અને અજ્ઞાનથી મોહિત માર્ગ છે તેમાં જેણે માર્ગદેશકપણું કરેલ છે, તે અરિહંતને પ્રણામ કરું છું.***



● **વિવેચન-૯૦૯ :-**

સંસાર અટવી, કેવી છે ? મિથ્યાત્વ અને અજ્ઞાનથી મોહિત માર્ગ વાળી, તેમાં, જેણે દેશકત્વ કર્યુ, તે અરહંતને અભ્યર્થુ છું. જોઈને અને જાણીને સમ્યક્ માર્ગને સેવવો, અન્યથા નહીં, તે કહે છે —

● **નિર્યુક્તિ-૯૧૦ :-**

***સમ્યગ્દર્શનથી દૃષ્ટ, જ્ઞાનથી સારી રીતે જાણેલ નિર્વાણમાર્ગનું જિનેન્દ્રોએ ચરણ-કરણથી આસેવન કરેલ છે.***

● **વિવેચન-૯૧૦ :-**

અવિપરિત દર્શનથી જોયેલ, જ્ઞાન વડે તેને યથાવસ્થિત તે અરહંત વડે જાણેલ, ચરણ અને કરણ એવા એકવત્ ભાવથી જિનેન્દ્રો વડે આસેવિત મોક્ષમાર્ગ છે. તેમાં चरण - વ્રત આદિ. करण - પિંડ વિશુદ્ધિ આદિ. જેમ કહેલ છે કે — વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવચ્ચ, બ્રહ્મગુપ્તિ, જ્ઞાનાદિ ત્રિક, તપ, કોપનિગ્રહાદિને ચરણ જાણવું. — તથા — પિંડ વિશુદ્ધિ, સમિતી, ભાવના, પ્રતિમા, ઈન્દ્રિયનિરોધ, પડિલેહણ, ગુપ્તી અને અભિગ્રહને કરણ જાણવું. - - - માત્ર તેઓ કહેતા નથી, પણ આ જ માર્ગે નિર્વૃત્તિપુરીને પામ્યા પણ છે, તે જણાવે છે —

● **નિર્યુક્તિ-૯૧૧ :-**

***તેઓ સિદ્ધિરૂપ વસતિને પામ્યા, નિર્વાણસુખને પ્રાપ્ત કર્યું, શાશ્વત, અવ્યાબાધ અને અજરામર સ્થાનને પામ્યા.***

● **વિવેચન-૯૧૧ :-**

સિદ્ધિવસતિ — મોક્ષાલય, ઉપગત-સામીપ્યથી, કર્મરહિતતાથી પામ્યા. આના વડે એકેન્દ્રિય જીવોના સામીપ્યનો વિચ્છેદ કર્યો. સિદ્ધો ત્યાં કેવા સુખ દુઃખરહિત રહે છે, તે દર્શાવે છે — નિર્વાણ સુખ એટલે નિરતિશય સુખને પામેલા છે. તેઓ કેવા દર્શન પરિભવાદિથી અહીં ન આવે, તે કહે છે. તે સ્થાન નિત્ય છે. વ્યાબાધા રહિત છે, જરામરણરહિત સ્થાન છે.

હવે બીજા દ્વારની વ્યાખ્યા કરે છે.

● **નિર્યુક્તિ-૯૧૨ :-**

***જેમ નિર્યામક સારી રીતે સમુદ્રને પાર પમાડે છે, તેમ જિનેશ્વર સંસાર સાગરને પાર પમાડે છે, તેથી તેઓ નમસ્કારને યોગ્ય છે.***

● **વિવેચન-૯૧૨ :-**

प्रापयन्ति - લઈ જાય છે, જે પ્રકારથી, पार - पर्यन्त, सम्यक् શોભન વિધિ વડે નિર્યામક, કોની ? સમુદ્રની, તે પ્રમાણે જિનેન્દ્રો પણ ભવસમુદ્રનો પાર પમાડે છે. તે કારણથી અરહંતો નમસ્કરણીય છે.

તે સંક્ષેપાર્થ કહ્યો. ભાવાર્થ આ પ્રમાણે છે —

નિર્યામકો બે ભેદે - દ્રવ્ય નિર્યામક અને ભાવ નિર્યામક. દ્રવ્ય નિર્યામકમાં ઉદાહરણ પૂર્વવત્, 'ઘોષણા' કહેવી. અહીં આઠ વાયુ વર્ણવવા. તે આ પ્રમાણે — પૂર્વનો વાયુ, પશ્ચિમનો વાયુ, ઉત્તરનો વાયુ, દક્ષિણનો વાયુ, ઈશાની તે સત્ત્વાસુક વાયુ,

અગ્નિનો તે તુંગાર, નૈઋત્યનો તે બીજાપ અને વાયવ્યનો તે ગર્ભ જ વાયુ જાણવો. ઈત્યાદિ - x - x - બીજા પણ આઠ વાયુ મળીને કુલ સોળ પ્રકારના વાયુ થાય છે.

તેમાં જેમ સમુદ્રમાં કાલિકાવાત રહિત ગર્જભાનુકૂલ વાયુમાં નિપુણ નિર્યામક સહિત, નિશ્છિદ્ર વહાણ ઈચ્છિત નગરે પહોંચાડે છે, તેમ —

● નિર્યુક્તિ-૯૧૩ :-

***મિથ્યાત્વરૂપી કાલિકાવાતરહિત, સમ્યક્ત્વ રૂપ ગર્જભવાયુ વડે એક સમયમાં સિદ્ધિવસતિ નગરે જહાજ પહોંચી જાય છે.***

● વિવેચન-૯૧૩ :-

મિથ્યાત્વ એ જ કાલિકાવાયુ છે, તેનાથી રહિત ભવસમુદ્રમાં તથા સમ્યક્ત્વ રૂપ અનુકૂળ વાયુ વાતા, (કેમકે) કાલિક વાયુ અસાધ્ય છે જ્યારે ગર્ભજવાયુ અનુકૂળ છે. પોત - બોધિસ્થ જીવ, તેના નિર્યામકના ઉપકારથી પહોંચે છે. તેમાં સાંયાત્રિક સાર્થ, નિર્યામકને લાંબી યાત્રાએ જતાં સિદ્ધિને માટે પૂજે છે. એ પ્રમાણે ગ્રંથકાર પણ સિદ્ધિ નગર પ્રતિ પ્રસ્થિત અભિષ્ટ યાત્રાની સિદ્ધિને માટે નિર્યામક રત્ન એવા તીર્થંકરને સ્તવે છે —

● નિર્યુક્તિ-૯૧૪ :-

***નિર્યામકોમાં રત્નસમાન, ત્રણ દંડથી વિરત, અમૂઢ જ્ઞાનરૂપ મતિના ધારક કર્ણધારને વિનયથી નમેલો હું ત્રિવિધે વંદન કરું છું.***

● વિવેચન-૯૧૪ :-

નિર્યામકરત્ન - અરહંત, અમૂઢજ્ઞાન - યથાવસ્થિત જ્ઞાનવાળા, મનન તે મતિ-સંવિદ જ, તે જ જેમાં કર્ણધાર છે, તેવા પ્રકારના તેઓને વિનયથી પ્રણમેલો ત્રિવિધે ત્રિદંડવિરતને વાંદુ છું.

હવે ત્રીજા દ્વારની વ્યાખ્યા કહે છે —

● નિર્યુક્તિ-૯૧૫ થી ૯૧૭ :-

***જેમ ગોવાળ ગાયોને સાપ, જંગલી પશુ આદિ દુર્ગથી બચાવે છે, પ્રચુર ઘાસ, પાણી આદિ મળતા હોય તેવા વનોમાં લઈ જાય છે, તેમ જીવનિકાયરૂપી ગાયોને અરિહંતો મરણાદિ ભયો વગેરેથી બચાવે છે અને નિર્વાણરૂપી વનમાં મોકલે છે. તેથી જિનેશ્વરો મહાગોપ છે. એમ ઉપકારી હોવાથી અને લોકોત્તમ ભાવોને પામેલા હોવાથી જિનેન્દ્રો બધે બધાં ભવ્યજીવ રૂપી લોકને નમસ્કાર કરવા યોગ્ય છે.***

● વિવેચન-૯૧૫ થી ૯૧૭ :-

ત્રણે ગાથાનો અર્થ કહ્યો. એ પ્રમાણે ઉક્ત પ્રકારે નમો અરહંતાણં ના હેતુમાં ગુણો પ્રતિપાદિત કર્યા. હવે બીજા પ્રકારે તે ગુણો કહે છે —

● નિર્યુક્તિ-૯૧૮ :-

***રાગ, દ્વેષ, કષાય, પાંચે ઈન્દ્રિયો, પરીષહ, ઉપસર્ગ આ બધાને નમાવે છે માટે અરહંત નમસ્કારને યોગ્ય છે.***

● વિવેચન-૯૧૮ :- *[ચૂર્ણિમાં પણ સુંદર વિવેચન છે.]*

- x - જેના વડે કે જેનામાં રંગાય-રંજન પામે તે રાગ. તે રાગ નામ આદિ ચાર



ભેદે છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યરાગ બે પ્રકારે છે — આગમથી અને નોઆગમથી. આગમથી રાગ પદાર્થને જાણે પણ તેમાં ઉપયુક્ત ન હોય. નો આગમથી જ્ઞશરીર, ભવ્ય શરીર, તેનાથી વ્યતિરિક્ત એવા ત્રણ ભેદો છે. વ્યતિરિક્ત પણ કર્મદ્રવ્ય રાગ અને નોકર્મ દ્રવ્યરાગથી છે. તેમાં કર્મદ્રવ્યરાગ ચાર ભેદે છે, તે આ રીતે —

(૧) રાગવેદનીય પુદ્‌ગલ યોગ્ય, (૨) બધ્યમાનક - બંધાતા, (૩) બદ્ધ અને (૪) ઉદીરણા આવલિકાને પ્રાપ્ત. બંધ પરિણામ અભિમુખ યોગ્ય, બંધ પરિણામ પ્રાપ્ત. તે બધ્યમાનક, નિર્વૃત્ત બંધ પરિણામ સત્કર્મતાથી સ્થિત જીવે આત્મસાત્ કરેલા તે બદ્ધ, ઉદીરણા કરણથી ખેંચીને ઉદીરણાવલિકામાં આણેલા તે ચરમ અને નોકર્મદ્રવ્યરાગ તે કર્મરાગનો એક દેશ કે તેનાથી અન્ય. તદન્ય બે ભેદે છે — પ્રાયોગિક અને સ્વાભાવિક. તેમાં પ્રાયોગિક તે કુસુંભરાગાદિ અને વૈશ્રસિક તે સંધ્યાભ્રરાગાદિ.

ભાવ રાગ પણ આગમ અને નો આગમથી બે ભેદે છે. આગમથી રાગ પદાર્થનો જ્ઞાતા અને તેમાં ઉપયોગવાળો. નોઆગમથી રાગવેદનીય કર્મથી ઉત્પન્ન પરિણામ વિશેષ. તે બે ભેદે છે — પ્રશસ્ત અને અપ્રશસ્ત. તેમાં અપ્રશસ્ત રાગ ત્રણ ભેદે છે — દૃષ્ટિરાગ, વિષયરાગ અને સ્નેહરાગ.

તેમાં ૩૬૩ વાદીઓના પોત-પોતાના દર્શનનો અનુરાગ તે દૃષ્ટિરાગ. જેમ કહ્યું છે કે — ૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, અજ્ઞાન વાદી-૬૭ અને વૈનયિકો-૩૨. એ બધાં જિનવચન બાહ્ય મતિથી મૂઢ અને પોતાના દર્શનના અનુરાગથી સર્વજ્ઞકથિત આ મોક્ષપથને પામતા નથી. - - - વિષય રાગ શબ્દ આદિ વિષય ગોચર છે. સ્નેહરાગ વિષયાદિ નિમિત્ત રહિત અવિનીત એવા સંતાનાદિમાં પણ હોય છે.

તેમાં આ રાગનું ઉદાહરણ કહે છે —

ક્ષિતિપ્રતિષ્ઠિત નગર હતું. ત્યાં બે ભાઈઓ રહેતા હતા. અર્હન્નક અને અર્હન્મિત્ર. મોટો ભાઈ પત્ની અને બાળકોમાં રક્ત હતો. નાનો ભાઈ પત્નીને ન ઈચ્છતો, ઘણું હેરાન કરતો હતો. તેની પત્નીએ કહ્યું — કેમ તારા ભાઈને જોતો નથી? ત્યારે પતિએ તેને મારી ઈત્યાદિ. તેણે તેનાથી કંટાળીને દીક્ષા લીધી. સાધુ થયો. તેની પત્ની પણ આર્તધ્યાને મરીને કુતરી થઈ. સાધુઓ તે ગામે ગયા. કુતરીએ તે સાધુને જોયો. પાછળ-પાછળ ચાલવા લાગી. ઉપસર્ગ જાણીને તે રાત્રિના નાશી ગયો.

પે'લી કુતરી પણ મરીને વાંદરી થઈ. અટવીમાં જન્મી. તે સાધુ પણ કર્મ-ધર્મ સંયોગથી તે અટવી મધ્યેથી ચાલ્યા. વાંદરીએ તેને જોયો. તેના ગળે વળગી ગઈ. ત્યાંથી પણ કલેશ પામી તે સાધુ પલાયન થઈ ગયો. વાંદરી મરીને યક્ષિણી થઈ. અવધિ વડે ક્યાંથી આવી તે જુએ છે. સાધુના છિદ્રો શોધે છે. સાધુ અપ્રમત્ત હોવાથી તેણીને કોઈ છિદ્ર જોવા ન મળ્યા. તે વ્યંતરી સર્વ આદરથી તેના છિદ્રો શોધવા લાગી.

એ પ્રમાણે કાળ પસાર થતો હતો. તેની સાથે જે સમવયસ્ક સાધુઓ હતા, તેઓ બોલે છે — "હાસ્ય કરતા તરુણ શ્રમણો કહે છે — હે અર્હન્ મિત્ર ! તને ધન્ય છે. તું કુતરીનો પ્રિય છે, અટવીમાં વાંદરીનો સખો—વયસ્ય છે. કોઈ દિવસે તે સાધુ વિતરક ઉતરતો હતો. ત્યાં પગ પ્રમાણ પહોળું પાણી હતું. તેણે પગ ફેલાવ્યો, ત્યારે વ્યંતરીને છિદ્ર મળી ગયું, તેણે ઉરુ-સાથળથી પગ ભાંગી નાંખ્યો. સાધુ બોલ્યા —

મારું દુષ્કૃત્ મિથ્યા થાઓ. હું અપ્કાયમાં જમીન ઉપર ન પડ્યો. સમ્યગ્દષ્ટિ દેવીએ તેણીને ભગાડી દીધી. દેવતા પ્રભાવથી તે પ્રમાણે જ પ્રદેશ પ્રાપ્ત થયો.

બીજા કોઈ કહે છે — તે સાધુ કોઈ ગામમાં ભિક્ષાને માટે ગયેલ. ત્યાં તે વ્યંતરીએ તે સાધુનું રૂપ છાદન કરીને તે રૂપે માર્ગમાં તળાવમાં સ્નાન કરે છે, બીજાએ તે જોયું. ગુરુને વાત કરી. આવશ્યક-પ્રતિક્રમણકાલે આલોચના કરે છે, ત્યારે ગુરુ કહે છે — હે આર્ય ! બધી જ આલોચના કરો. તે મુખાનંતકાદિમાં ઉપયોગવાળો કહે છે — હે ક્ષમાશ્રમણ ! મને સ્મરણમાં નથી. ગુરુએ સામે કહ્યું — જો ન હોય તો, આલોચના માટે ઉપસ્થિત ન હોય તેવાને આચાર્યો પ્રાયશ્ચિત્ત આપતા નથી. તે સાધુ વિચારે છે — શું કઈ રીતે થયું ? તે વ્યંતરી ઉપશાંત થતાં બોલી — એ તો મેં કરેલ હતું. તેણી શ્રાવિકા થઈ, બધું જ કથન કર્યુ.

આ ત્રણ ભેદે અપ્રશસ્ત છે. તે અપ્રશસ્તની આ નિરુક્તિ ગાથા છે — અશુભ કલિમલ અને પ્રાણીના અનિષ્ટ માંસમાં જે રંજન પામે છે, તેને રાગ કહેવાય છે, જેમાં તે રાગસ્થ રંગાય છે. તે અપ્રશસ્ત છે.

પ્રશસ્ત રાગ અરહંત આદિ વિષયક છે. અરહંતમાં જે રાગ હોય, બ્રહ્મચારી સાધુમાં જે રાગ હોય, તે અરાગી સાધુનો પ્રશસ્ત રાગ છે.

એવા પ્રકારના રાગને દૂર કરવો જોઈએ - x - x -

સરાગ સંયતને કૂવો ખોદવાના ઉદાહરણથી પ્રાશસ્ત્ય કહ્યું.

હવે દોષ કે દ્વેષ કહે છે — જેનાથી, જેમાં કે જેના વડે દૂષિત થવાય છે તે દૂષણ કે દોષ છે. જેના વડે અપ્રીતિ થાય તે દ્વેષ.

આ દ્વેષ પણ નામાદિ ચાર ભેદે છે તે રાગવત્ જાણવા. તો પણ દિશા માત્રથી નિર્દેશ કરીએ છીએ. નોઆગમથી દ્રવ્યદ્વેષ જ્ઞશરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત કર્મ દ્રવ્યદ્વેષ અને નોકર્મદ્રવ્યદ્વેષ છે. કર્મદ્રવ્યદ્વેષ યોગ્ય આદિ ભેદથી ચાર પ્રકારે જ પુદ્ગલો છે. નોકર્મદ્રવ્યદોષ તે દુષ્ટ વ્રણ-ઘા વગેરે છે. ભાવદ્વેષ તે દ્વેષકર્મ વિપાક, તે પ્રશસ્ત અને અપ્રશસ્ત બે ભેદથી છે. પ્રશસ્ત દ્વેષ અજ્ઞાનાદિ વિષયક છે. તેથી જ અજ્ઞાન અવિરતિ ઈત્યાદિ દ્વેષ કરે છે.

અપ્રશસ્ત દ્વેષ સમ્યકત્વાદિ વિષયક છે. તેનું ઉદાહરણ —

નંદ નામે નાવિક હતો. ગંગાનદીમાં લોકોને પાર ઉતારતો હતો. ત્યાં ધર્મરુચિ નામના અણગાર, તેની નાવથી ઉતર્યા. લોકો મૂલ્ય આપીને ગયા. સાધુને નાવિકે રોક્યા, ભિક્ષાની વેળા વીતી ગઈ. તો પણ સાધુને છોડ્યા નહીં. ઉષ્ણ રેતીમાં તરસથી પીડાવા છતાં તેમને મુક્ત ન કર્યા. ત્યારે રોષાયમાન થયેલા તે સાધુ દૃષ્ટિ વિષ લબ્ધિવાળા હતા. તેણે બાળી નાંખ્યો.

ત્યાં મરીને તે નંદ નાવિક સભામાં ગરોળી થયો. સાધુ પણ વિચરતા તે ગામે ગયા. ભોજનપાન ગ્રહણ કરીને ભોજન કરવા માટે તે સભામાં ગયા. તે ગરોળીએ જોયા. તે જોતાની સાથે જ ક્રુદ્ધ થયો. ભોજનનો આરંભ કર્યો ત્યાં તે ગરોળો કચરો પાડવા લાગ્યો. સાધુ બીજે સ્થાને ગયા. ત્યાં પણ એમ જ કર્યુ. એ પ્રમાણે ક્યાંય પણ ભોજન સ્થાન ન પામતા તે સાધુએ તે ગરોળા સામે જોયું. કોણ રે ! આ નંદ નામે અમંગલ નાવિક છે ? ત્યાં જ બાળી નાંખ્યો. જ્યાં સમુદ્રમાં ગંગા પ્રવેશે છે, ત્યાં પ્રતિ વર્ષે અન્ય-અન્ય માર્ગથી વહે છે. પહેલાંના લોકો તેને મૃતગંગા કહે છે.



તે ગરોળો ત્યાં હંસરૂપે જન્મ્યો. સાધુ પણ માઘ માસમાં સાર્થ સાથે પ્રભાતે આવે છે. તે હંસે તેમને જોયા. તે પાણી વડે પાંખોને ભરીને સાધુને પાણી ઉડાડે છે. ત્યાં પણ સાધુએ તેનો વિનાશ કર્યો.

પછી તે નંદનો જીવ અંજનક પર્વત સિંહ થયો. તે સાધુ પણ સાર્થની સાથે ત્યાં જાય છે. તેમને જોઈને સિંહ ઉભો થયો. સાર્થ ભાંગ્યો. તે સિંહ આ સાધુને મૂકતો નથી, ત્યાં પણ સાધુએ તેને બાળી નાંખ્યો.

મરીને તે સિંહ વારાણસીમાં બટુક થયો. ત્યાં પણ ભિક્ષાર્થે જતાં સાધુને બીજા બાળકરૂપથી સામે પત્થર મારે છે, ધૂળ ઉડાડે છે, ત્યારે સાધુ રોષિત થઈને તેને બાળી નાંખે છે. ત્યાં જ તે બટુક રાજા થયો.

રાજા જાતિસ્મરણથી પોતાના બધાં અશુભ પૂર્વજન્મો યાદ કરે છે. હવે જો મારશે તો ઘણું મોડું થઈ જશે. તેથી સાધુની જાણ માટે એક સમસ્યા વહેતી મૂકે છે. જે આ સમસ્યાને પૂરી કરશે. તેને હું અડધું રાજ્ય આપીશ તેમ ઘોષણા કરી, સમસ્યા પદ રજૂ કરે છે — "ગંગામાં નંદ નાવિક, સભામાં ગરોળો, મૃતગંગા કિનારે હંસ, અંજનક પર્વતે સિંહ, વારાણસીમાં બટુક અને ત્યાંથી આવીને રાજા થયો છે. એ પ્રમાણે ગોવાળો બોલે છે.

તે સાધુ વિચરતા ત્યાં પધાર્યા. બગીચામાં રહેલ છે. આરામિક એ સમસ્યા પદ બોલતો હતો. સાધુએ પૂછતાં તેણે પદ કહ્યું. સાધુએ કહ્યું — હું આ પદ પુરું કરીશ. "આ બધાંનો જે ઘાતક છે તે અહીં જ આવેલ છે." આરામિક તે પદ લઈને રાજાની પાસે ગયો. રાજા સાંભળીને મૂર્છા પામ્યો. રાજાએ કહ્યું — તે હણાશે. આરામિક બોલ્યો — કાવ્યના કર્તાને હણો, હું જાણતો નથી. લોકના કલિકારક આ શ્રમણે મને તે પદ આપ્યું છે.

રાજાએ આશ્વસ્ત થઈને પૂછ્યું — તને કોણે આપ્યું ? તેણે કહ્યું — એક શ્રમણે. રાજા ત્યાં પોતાના માણસોને મોકલે છે. જો તમે આજ્ઞા આપો તો હું રાજા - વંદન કરવાને આવું છું, આવ્યો. પછી શ્રાવક થયો. સાધુ એ પણ આલોચના અને પ્રતિક્રમણ કર્યા. પછી તેઓ સિદ્ધ થયા.

આવા પ્રકારના દ્વેષને રાગની જેમ યોજવો જોઈએ. આ રાગ અને દ્વેષ ક્રોધાદિ અપેક્ષાથી નયો વડે વિચારવો જોઈએ — નૈગમના સંગ્રહ અને વ્યવહારના અંતર્ગતત્વથી સંગ્રહાદિ વડે જ વિચાર છે. તેમાં સંગ્રહ - અપ્રીતિ જાતિ સામાન્યથી ક્રોધ અને માન એ દ્વેષ છે. માયા અને લોભ એ પ્રીતિ જાતિ સામાન્યથી રાગ છે. વ્યવહારનયના મતે ક્રોધ, માન અને માયાએ દ્વેષ છે, કેમકે માયા પણ પરોપઘાત અર્થે છે. પ્રવૃત્તિદ્વારથી અપ્રીતિ જાતિનો અંતર્ભાવ છે. લોભ તે રાગ છે.

ઋજુસૂત્રનયના મતે અપ્રીતિ રૂપત્વથી ક્રોધ જ પરગુણ દ્વેષ છે. માન આદિની ભજના છે. કઈ રીતે ? જો માન સ્વ અહંકારમાં પ્રયોજાય ત્યારે આત્મામાં બહુમાન પ્રીતિના યોગથી રાગ છે, જો તે જ પરગુણ દ્વેષમાં યોજાય તો અપ્રીતિરૂપત્વથી તે

દ્વેષ છે. એ પ્રમાણે માયા અને લોભ પણ પોતાના માટે મૂર્છાપણાથી રાગ છે, તે બંને જ પરોપઘાત નિમિત્ત યોગથી અપ્રીતિરૂપત્વથી દ્વેષ છે.

શબ્દાદિ નયોથી લોભ જ માન અને માયામાં સ્વગુણોપકાર મૂર્છાત્મકત્વથી પ્રીતિ અંતર્ગતત્વથી લોભ સ્વરૂપવત્ છે માટે ત્રણે રાગ છે. સ્વગુણ ઉપકાર અંશરહિત તે માનાદિ અંશ અને ક્રોધ પરોપઘાતાત્મકત્વથી દ્વેષ છે. પ્રસંગે આટલું બસ છે. વિશેષ વિશેષાવશ્યકથી જાણવું.

હવે કષાયદ્વાર – શબ્દાર્થ પૂર્વવત્. તેના આઠ નિક્ષેપા છે – નામ, સ્થાપના, દ્રવ્ય, સમુત્પત્તિ, પ્રત્યય, આદેશ, રસ અને ભાવ રૂપ.

તેમાં નામ અને સ્થાપના સામાન્ય છે. દ્રવ્યકષાય વ્યતિરિક્ત કર્મદ્રવ્યકષાય અને નોકર્મદ્રવ્યકષાય. કર્મદ્રવ્યકષાયના યોગ્ય આદિ ભેદો કષાય પુદ્‌ગલો છે. નોકર્મદ્રવ્યકષાય સર્જકષાયાદિ છે. જે દ્રવ્યથી બાહ્ય કષાયપ્રભવ છે, તે જ કષાયનિમિત્તત્વથી ઉત્પત્તિ કષાય છે. - x - x - પ્રત્યય કષાય અંત કારણ વિશેષ, તેના પુદ્‌ગલ લક્ષણ એ.

આદેશ કષાય કૈતવે કરેલ ભૃકુટિ ભંગુર આકાર છે, તે જ કષાય અંતરછતાં તે પ્રમાણે આદેશના દર્શનથી કહ્યું. રસ કષાય હરીતક આદિનો રસ છે. ભાવ કષાય બે ભેદે – આગમથી તેમાં ઉપયોગવંત, નોઆગમથી કષાયનો ઉદય જ ભાવ કષાય છે. તે ક્રોધાદિ ભેદથી ચાર પ્રકારે છે.

ક્રોધ પણ નામાદિ ભેદથી ચાર પ્રકારે છે. તે કષાય પ્રરૂપણામાં કહેલ જ છે. તો પણ વ્યતિરિક્ત દ્રવ્ય ક્રોધ પ્રાકૃત શબ્દ સામાન્ય અપેક્ષત્વથી ચર્મકારની કોથળી અને ધોબીની નીલકોથળી સમ લેવો.

ભાવ ક્રોધ તે ક્રોધનો ઉદય જ છે, તે ચાર ભેદ છે. જેમકે ભાષ્યકારે કહેલ છે – જળ, રેતી, ભૂમિ, પર્વતરાજી સદૃશ ચાર ભેદે ક્રોધ છે. પ્રભેદ ફળ અમે આગળ જણાવીશું. તેમાં ક્રોધનું ઉદાહરણ –

વસંતપુર નગરમાં ઉત્સન્ન વંશ એક બાળક દેશાંતર જતાં સાર્થ વડે ત્યાગ કરાતા તાપસની પલ્લીમાં ગયો. તેનું નામ અગ્નિક હતું. તાપસો વડે મોટો કરાયો. યમ નામે તે તાપસ હતો. યમનો પુત્ર એ રીતે તેનું નામ જમદગ્નિ થયું. તે ઘોર તપશ્ચર્યા કરતા વિખ્યાત થઈ ગયો.

આ તરફ બે દેવો હતા – વૈશ્વાનર શ્રાવક અને ધન્વંતરી તાપસ ભક્ત હતો. બંને એ પરસ્પર કહ્યું કે આપણે સાધુ અને તાપસની પરીક્ષા કરીએ. શ્રાવકદેવે કહ્યું – અમારામાં જે સર્વાન્તિક [જઘન્ય] હોય અને તમારામાં જે સર્વથી પ્રધાન હોય, તેની આપણે પરીક્ષા કરીએ.

આ તરફ મિથિલા નગરીમાં તરુણધર્મી પદ્મરથ રાજા હતો. તે ચંપાનગરી જતાં વાસુપૂજ્યસ્વામીના ચરણકમળમાં પ્રવ્રજ્યા લીધી છે, તેની ભોજન અને પાન વડે પરીક્ષા કરીએ. માર્ગમાં અને દેશમાં તે સુકુમાર દુઃખી થાય છે, તેને અનુકૂળ ઉપસર્ગો કરીએ. તે ઘણો જ સ્થિર રહ્યો. તે રાજર્ષિ આ દેવોથી ક્ષોભિત ન થયો. બીજા કહે છે – તે ભક્તપ્રત્યાખ્યાન કરેલ શ્રાવક હતો. બંને દેવો સિદ્ધપુત્રરૂપે ગયા. અતિશયોને કહ્યા.



પછી બોલ્યા કે આ પ્રત્યાખ્યાન ન કર, તું ઘણું લાંબુ જીવીશ. તે રાજા બોલ્યો – મને ઘણો ધર્મ થશે [પ્રત્યાખ્યાન ન છોડ્યા] તેને ક્ષોભિત ન કરી શકાયો.

ત્યારપછી બંને દેવો જમદગ્નિની પાસે ગયા, પક્ષીઓનું રૂપ કર્યુ. જમદગ્નિની દાઢીમાં માળો બનાવ્યો. પક્ષી બોલ્યો – હે ભદ્રો ! હિમવંત જઈએ. તેણી જવાની રજા આપતી નથી. પક્ષીએ સોગંદ લીધા – જો હું જઉં તો ગોઘાતકાદિ થઉં. માટે હું જઈશ. તે પક્ષીણી બોલી – જતો નહીં, પહેલાં મને વિશ્વાસ આપ [કે પાછો આવીશ.] જો તું આ ઋષિના દુષ્કૃતને પી જાય તો હું તને જવાની રજા આપું. જમદગ્નિ તે સાંભળી રોષાયમાન થઈ ગયા. તેણે બંને પક્ષીને બંને હાથે પકડી લીધા. પચી પૂછ્યું કે મારું દુષ્કૃત્ શું છે ?

તે પક્ષી બોલ્યા – હે મહર્ષિ ! તું સંતાન રહિત છે. ઋષિએ કહ્યું – તે સત્ય છે, તે ક્ષોભ પામ્યા. એ પ્રમાણે તે દેવ શ્રાવક થયો.

ઋષિ પણ તેની આતાપના ભૂમિથી ઉતરીને મૃગકોષ્ઠક નગરે ગયા. ત્યાં જિતશત્રુ રાજા હતો. તે ઉભો થયો, ઋષિને પૂછ્યું – શું આપું ? ઋષિ બોલ્યા, તારી પુત્રી આપ. તેને ૧૦૦ કન્યાઓ હતી. તેણે કહ્યું – જે તમને ઈચ્છે તે કન્યા તમારી. ઋષિ કન્યાના અંતઃપુરમાં ગયા. ઋષિને જોઈને બધી કન્યાઓ ભાગવા લાગી. લજ્જા આવતી નથી તેમ કહ્યું. તેને કુબડી કરી દીધી.

ત્યાં એક કન્યા રેણુમાં રમતી હતી. તેને ઋષિઓ ફળ આપ્યું પૂછ્યું કે – શું તું ઈચ્છે છે ? તે કન્યાએ હાથ ફેલાવ્યો. તે કન્યાને લઈ જતા હતા ત્યારે કુબ્જા આવી. મને રૂપ આપો એમ કહેતા ઋષિએ તેણીને અકુબ્જા કરી. કુબ્જ કન્યા નગરમાં ગઈ, બીજી કન્યાને ઋષિ આશ્રમમાં લાવ્યા.

તે કન્યાને પરિજનને આપી. તેઓએ ઉછેરી કન્યા યૌવન પ્રાપ્ત જ્યારે થઈ, ત્યારે વિવાહધર્મ કર્યો. કોઈ દિવસે તે ઋતુકાળમાં હતી, ત્યારે કહ્યું – હું તારા માટે ચરુને સાધુ છું, જેનાથી તને બ્રાહ્મણોમાં પ્રધાન એવો પુત્ર થશે. તે કન્યા [રેણુકા] બોલી – એ પ્રમાણે કરો, મારી બહેન હસ્તિનાગપુરમાં અનંતવીર્યની પત્ની છે, તેને માટે પણ એક ક્ષત્રિય ચરુને સાધો. ઋષિએ તે પ્રમાણે ચરુ સાધ્યો.

રેણુકાએ વિચાર કર્યો કે હું તો અટવીની મૃગણી થઈ છું. મારો પુત્ર પણ તેવો ન થાઓ, એ પ્રમાણે નિર્ણય કરીને તેણી ક્ષત્રિય ચરુ ખાઈ ગઈ. તેની બહેનને બ્રાહ્મણ ચરુ મોકલ્યો. બંનેને પુત્ર થયા. તાપસી-રેણુકાનો પુત્ર રામ અને તેની બહેનનો પુત્ર કાર્ત્તવીર્ય. તે રામ ત્યાં મોટો થવા લાગ્યો.

કોઈ દિવસે એક વિદ્યાધર ત્યાં આવ્યો. ત્યાં તેની રામે ઘણી સેવા કરી, ખુશ થઈને તેને પરશુ વિદ્યા આપી. શરવણમાં તેને સાધિત કરી. બીજા કહે છે કે – જમદગ્નિને પરંપરાથી આવેલી પર્શુવિદ્યા રામને ભણાવી.

તે રેણુકા બહેનના ઘેર ગયેલી. તે ત્યાં રાજા અનંતવીર્યના પ્રેમમાં આસક્ત થઈ, તેની સાથે સંભોગ કર્યો. તેનાથી રેણુકાને એક પુત્ર થયો. પુત્ર સહિત જમદગ્નિ તેણીને ઘેર [આશ્રમમાં] લાવ્યા. પરશુરામે ક્રોધિત થઈ તેણીને પુત્ર સહિત મારી નાંખી.

તે ત્યાં નિશ્ચે ઇષુશાસ્ત્ર-બાણવિદ્યા શીખ્યો. રેણુકાની બહેને તે સાંભળ્યું, તેણે

રાજાને તે વાત કરી. રાજા આવ્યો, આશ્રમનો વિનાશ કરી ગાયને ઉઠાવીને ચાલ્યો ગયો. આ વાત રામને કહી. રામ તેની પાછળ ધસી ગયો અને અનંતવીર્યને મારી નાંખ્યો.

ત્યારપછી કાર્તવીર્ય રાજા થયો. તેની તારા નામે રાણી હતી. કોઈ દિવસે તેને પિતાનું મૃત્યુ કેમ થયું તે કહ્યું. તેણે આવીને જમદગ્નિને મારી નાંખ્યા, તે વાત રામને ખબર પડી. તેણે આવીને દેદીપ્યમાન પરશુથી કાર્તવીર્યને મારી નાંખ્યો. સ્વયં જ રાજ્ય લઈ લીધું.

આ તરફ તે તારાદેવી તેના ભયથી ભાગી જઈને તાપસોના આશ્રમમાં ગઈ, તેણીને સ્વ મુખથી ગર્ભ પડી ગયો. તેનું નામ સુભૂમ રાખ્યું રામની પરશુ જ્યાં જ્યાં ક્ષત્રિયને જોતી ત્યાં ત્યાં સળગવા લાગતી હતી.

કોઈ દિવસે તાપસના આશ્રમની પાસેથી તે જતો હતો. ત્યાં તેની પરસુ સળગવા લાગી, તાપસો બોલ્યા – અમે જ ક્ષત્રિયો છીએ. તેથી રામે સાત વખત પૃથ્વીને નિઃક્ષત્રિયા કરી. તેની દાઢાદિથી થાળ ભર્યો એ પ્રમાણે રામે ક્રોધથી ક્ષત્રિયોને હણ્યા.

માન પણ નામ આદિ ચાર ભેદે છે. કર્મદ્રવ્યમાન પૂર્વવત્ છે નોકર્મદ્રવ્યમાન સ્તબ્ધ દ્રવ્ય લક્ષણ છે, ભાવમાન તેનો વિપાક છે. તે ચાર ભેદે છે. જેમ કહ્યું છે કે – તિનિશલતા, કાષ્ઠ, અસ્થિ, શૈલસ્તંભ એ ચારની ઉપમાથી માનને જાણવું. અહીં તેનું ઉદાહરણ છે –

તે સુભૂમ ત્યાં મોટો થાય છે, વિદ્યાધરે ગ્રહણ કર્યો. કોઈ દિવસે વિષાદિ વડે પરીક્ષા કરી. આ તરફ રામે નૈમિત્તિકને પૂછ્યું – મારો વિનાશ કઈ રીતે થશે ? તેણે કહ્યું – જે આ સિંહાસન ઉપર બેસશે, તેના જોતાં જ આ દાઢો ખીરરૂપ બની જતાં ખાઈ જશે. તેના તરફથી તમને ભય છે.

ત્યારપછી પરસુરામે ભોજન તૈયાર કરાવી બધાંને બોલાવ્યા. ત્યાં સિંહાસનની આગળ સ્થાપના કરી, તેની આગળ દાઢો મૂકી.

આ તરફ મેઘનાદ વિદ્યાધર હતો, તેણે તેની પુત્રી પદ્મશ્રી વિશે નૈમિત્તિકને પૂછ્યું – આ કોને પરણાવવી જોઈએ ? તેણે સુભૂમને કહ્યું, ત્યારથી મેઘનાદ સુભૂમની સાથે રહ્યો. એ પ્રમાણે કાળ વીતે છે.

આ તરફ સુભૂમ તેની માતાને પૂછે છે – શું લોક આટલો જ છે ? કે બીજો પણ છે ? માતાએ બધી વાત કરી. - x - સુભૂમ તે બધું સાંભળીને હસ્તિનાગપુર ગયો. ત્યાં સભામાં જઈને સિંહાસને બેસી ગયો. દેવતા રાડો પાડતા નાસી ગયા. તે દાઢાની ખીર બની ગઈ.

ત્યારપછી તે બ્રાહ્મણોને હણવા લાગ્યા, તે વિદ્યાધર તેના ઉપર પ્રહાર કરવા લાગ્યો, સુભૂમ આરામથી ખરી ખાવા લાગ્યો. આ વાત રામને કહી, તેણે બખીરબદ્ધ થઈ, ત્યાં આવીને પરશુ ફેંકી. સુભૂમે તે જ થાળો ગ્રહણ કર્યો અને ઉભો થયો. તે થાળો ચક્રરત્ન થઈ ગયું. તેના વડે પરસુરામનું માથું છેદી નાંખ્યુ.

ત્યારપછી તે સુભૂમે અભિમાનથી ૨૧-વખત પૃથ્વીને બ્રાહ્મણ રહિત કરી. ગર્ભો પણ પાડી નાંખ્યા. એ પ્રમાણે માન કહ્યું આદિ પૂર્વવત્.



માયા ચાર ભેદે કહી છે – કર્મદ્રવ્ય માયા યોગ્યાદિ ભેદો પુદ્ગલો છે. નોકર્મદ્રવ્યમાયા નિધાનાદિ પ્રયુક્ત દ્રવ્યો છે. ભાવમાયા તેના કર્મવિપાક સ્વરૂપ છે. તેના ભેદો આ પ્રમાણે છે – અવલેખનિકા, ગોમૂત્રિકા, મેષશ્રૃંગ, ઘનવંશીમૂલ સમાના માયા છે.

હવે માયાનું ઉદાહરણ આપે છે – પાંડુરાર્યા. જેમ તે પ્રકારે પ્રત્યાખ્યાત ભક્તિથી પૂજા નિમિત્તે ત્રણ વખત લોકને બોલાવ્યો. ત્યારે આચાર્યએ જાણ્યું, આલોચના કરી, ત્રીજી વખત આલોચના ન કરી. તે બોલી કે આ તો પૂર્વાભ્યાસથી આવેલ છે. તેણી આ માયાશલ્યના દોષથી કિલ્બિષિકી થઈ. માયા આવા પ્રકારે દુરંતા છે.

અથવા સર્વાંગસુંદરીની કથા છે. તે આ પ્રમાણે –

વસંતપુર નગર હતું, ત્યાં જિતશત્રુ રાજા હતો, ધનપતિ અને ધનાવહ બે શ્રેષ્ઠી ભાઈઓ હતા. તે બંનેની બહેન ધનશ્રી હતી. તે બાળ વિધવા અને પરલોકમાં રક્ત હતી. પછી માસકલ્પ રહેલા ધર્મઘોષાચાર્ય પાસે પ્રતિબોધ પામી. તેના બંને ભાઈઓએ પણ તેણીના સ્નેહથી બોધ પામ્યા. ધનશ્રી દીક્ષા લેવાને ઈચ્છતી હતી. બંને ભાઈઓ સંસારના સ્નેહથી તેણીને દીક્ષાની રજા આપતા નથી.

ધર્મશ્રી ધર્મવ્યય ઘણો - ઘણો જ કરે છે. ભ્રાતૃજાયા-ભાભીઓ કચકચ કરે છે. તેણીએ વિચાર્યુ કે – હું ભાઈઓના ચિત્તને તપાસુ, શું તેમને ચિત્ત તેમની પત્નીઓમાં છે. પછી નિકૃત્તિ આલોચીને [કપટ વિચારીને] શયન પ્રવેશ કાળે વિશ્વસ્ત કરી કરીને ઘણું ધર્મગત બોલીને, પછી નષ્ટક્રીડાથી જેમ તેણીઓના પતિ સાંભળે તેમ એક ભાભીને કહ્યું – વધુ શું બોલું ? પણ સાળી [વસ્ત્ર] ચોખ્ખા રાખવા જોઈએ.

તે ભાઈએ વિચાર્યુ કે – નક્કી આ દુશ્ચારિણી છે. ભગવંતે અસતી પોષણની મનાઈ ફરમાવેલી છે. તેથી આનો મારે હવે ત્યાગ કરવો જોઈએ. તેણીને પલંગ ઉપર બેસવા જતાં અટકાવી દીધી.

તેણી વિચારે છે – હા ! આ શું થયું ? પછી તે ભાઈએ તેની પત્નીને કહ્યું – મારા ઘરમાંથી નીકળી જા. તેણી વિચારે છે – મેં એવું શું દુષ્કૃત્ કર્યુ ? તેવું કંઈ દેખાયું નહીં. ત્યારપછી ત્યાં જ ભૂમિ ખોતરતાં રાત્રિ પસાર કરી, પ્રભાતે મ્લાન અંગવાળી થઈને નીકળી.

ધનશ્રીએ તેણીને પૂછ્યું – કેમ મ્લાન અંગવાળી થઈ છો? તેણી રોતા-રોતા બોલી, હું મારો અપરાધ જાણતી નથી, મને ઘરમાંથી કાઢી મૂકી છે. ધનશ્રી બોલી – વિશ્વસ્ત થઈને રહે. હું તારો મેળ કરાવી દઈશ. ધનશ્રીએ ભાઈને પૂછ્યું – આ બધું શું છે? ભાઈ બોલ્યો – મારે આ દુષ્ટશીલાની જરૂર નથી. ધનશ્રીએ પૂછ્યું – તે દુષ્ટશીલા છે, તે તેં કેમ જાણ્યું? ભાઈ બોલ્યો – તારી પાસેથી જાણ્યું. - x - ધનશ્રી બોલી – વાહ! તારું પાંડિત્ય અને વિચાર ક્ષમત્વ અને ધર્મ પરિણામને ધન્ય છે.

મેં સામાન્યથી કહ્યું, આ ઘણાં દોષને માટે થયું. ભગવંતે કહેલું, તેનો તેને ઉપદેશ કર્યો અને વારેલ હતી. શું એટલામાં તે દુશ્ચારિણી થઈ ગઈ. ત્યારે તે લજ્જા પામ્યો. તેણીને 'મિચ્છા મિ દુક્કડં' આપ્યું. - x - બીજા ભાઈની પણ એ પ્રમાણે જ પરીક્ષા કરી. વિશેષ એટલું કે તેણી બોલી કે – વધું શું કહું ? હાથ ચોખ્ખા રાખવા

જોઈએ. બાકી બધું પૂર્વવત્ જાણવું. એ રીતે બંને ભાઈમાં કાળું-ધોળું જાણી લીધું.

અહીં ધનશ્રીએ આ માયા વડે અભ્યાખ્યાન દોષથી તીવ્ર કર્મ બાંધ્યું. પછી તે કર્મને પ્રતિક્રમ્યા વિના ભાવથી દીક્ષા લીધી. બંને ભાઈઓ પણ તેણીની સાથે પત્ની સહિત દીક્ષિત થયા. આયુ હતું તે પાળીને બધાં દેવલોકમાં ગયા.

તેમાં પણ હતું તે આયુ પાળીને તેણીના બંને ભાઈઓ પહેલા ચ્યવીને સાકેત નગરમાં અશોકદત્ત શ્રેષ્ઠીના સમુદ્રદત્ત અને સાગરદત્ત નામે પુત્ર રૂપે જન્મ્યા. ધનશ્રી પણ ચ્યવીને ગજપુર નગરમાં શંખશ્રેષ્ઠી શ્રાવકની પુત્રીરૂપે જન્મી. અતિ સુંદર હોવાથી તેણીનું સર્વાંગસુંદરી એવું નામ રાખ્યું. બંને ભાભીઓ પણ ચ્યવીને કૌશલપુરમાં નંદન નામના શ્રેષ્ઠીની શ્રીમતિ અને કાંતિમતિ નામની પુત્રી રૂપે જન્મી.

બધાં યૌવન પામ્યા. સર્વાંગસુંદરી કોઈ રીતે સાકેતથી ગજપુર આવતા અશોકદત્ત શ્રેષ્ઠી વડે જોવાઈ. તેણે પૂછ્યું — આ કોની કન્યા છે ? શંખ શ્રેષ્ઠીની પુત્રી છે. અશોકદત્તે બહુમાનપૂર્વક સમુદ્રદત્તને માટે તેણીની માંગણી કરી, શંખશ્રેષ્ઠીએ વાત કબૂલી અને વિવાહ પણ કર્યા.

કાલાંતરે તે લેવાને આવ્યો. ઉપચાર-વિનય કર્યો. વાસગૃહને સજાવ્યું. એ અરસામાં સર્વાંગસુંદરીને તે માયા વડે બાંધેલ પહેલું કર્મ ઉદયમાં આવ્યું. ત્યારે તેણીના પતિ [સમુદ્રદત્તે] તેણીને વાસગૃહમાં રહેલ હતી. ત્યારે જતાં એવા દૈવિકી પુરુષની છાયા જોઈ. તયારે તેને વિચાર આવ્યો કે મારી પત્ની દુષ્ટશીલવાળી છે. કોઈપણ જોઈને ગયું.

ત્યારપછી સર્વાંગસુંદરી આવી, તેણે બોલાવી નહીં. તેથી આર્ત્ત અને દુઃખે સ્થિત ભૂમિ ખોતરતા જ રાત્રિ પસાર કરી. પ્રભાતે તેના પતિને પૂછ્યા વિના સ્વજન વર્ગમાંના એક બ્રાહ્મણને કહીને સાકેતનગર ચાલી ગઈ.

આ તરફ સમુદ્રદત્ત કૌશલપુરના નંદન શ્રેષ્ઠીની પુત્રી શ્રીમતીને પરણ્યો અને તેનો ભાઈ સાગરદત્ત શ્રીમતીની બહેન કાંતિમતિને પરણ્યો. સર્વાંગસુંદરીએ સાંભળ્યુ ત્યારે તેણીને ગાઢ અધૃતિ-ખેદ થયો.

ત્યારપછી તેઓનો જવા-આવવાનો વ્યવહાર પણ વિચ્છેદ પામ્યો. તેણી ધર્મ પરાયણા થઈ, પછીથી દીક્ષા લીધી. કાળક્રમે વિચરતી પ્રવર્ત્તિની સાથે સાકેત નગરે પહોંચી. પહેલાની ભાભીઓ ઉપશાંત થઈ, ઈત્યાદિ.

એ અરસામાં સર્વાંગસુંદરીને તેણીએ માયાથી બાંધેલ બીજું કર્મ ઉદયમાં આવ્યું. પારણે ભિક્ષાર્થે પ્રવેશ કર્યો. શ્રીમતીના વાસગૃહમાં રહેલ હાર પહેરતી હતી. સાધ્વીને જોઈને અભ્યુત્થિન થઈ, તેણી હાર મૂકીને ભિક્ષાર્થે ઉપસ્થિત થઈ. એટલામાં ચિત્રકર્મમાંથી ઉતરીને મોર આવ્યો અને તે હારને ગળી ગયો.

સર્વાંગસુંદરી સાધ્વી વિચારમાં પડ્યા, આ આશ્ચર્ય છે. પછી અર્ધ શાટક વડે બંધ કરીને, ભિક્ષા ગ્રહણ કરી, નીકળ્યા. શ્રીમતીએ જોયું કે હાર નથી. તેણી વિચારવા લાગી કે આવું કેમ થયું ? પરિજનોએ પૂછ્યું, શ્રીમતી બોલી કે એક સાધ્વી સિવાય અહીં બીજું કોઈ આવેલ નથી. તેણીની નિર્ભર્ત્સના કરીને પછી કાઢી મૂક્યા. બીજા પ્રવર્તિનીએ પણ કહ્યું.



સર્વાંગસુંદરી આર્યા બોલ્યા — કર્મના પરિણામો વિચિત્ર છે. પછી તેણી ઉગ્રતર તપોરત બન્યા. તેઓ પણ અનર્થના ભયથી તેના ઘેર જતાં નથી. શ્રીમતી અને કાંતિમતિ પતિ દ્વારા હાસ્ય કરતા હતા. - x -

સાધ્વીએ પણ ઉગ્ર તપમાં રક્ત બની કર્મોને અલ્પ કરી દીધા. એ અરસામાં શ્રીમતી પતિ સાથે વાસગૃહમાં રહેલ હતી. તેટલાં ચિત્રમાંથી મોર ઉતર્યો અને હારને નિર્ગલિત કર્યો - વમી નાંખ્યો. તે બંનેને સંવેગ જન્મ્યો. અહો ! તે ભગવતી સાધ્વીનું ગાંભીર્ય, જેણે આપમને આ વાત જ ન કરી. ક્ષમા કરવાને પ્રવૃત્ત થયા.

એ અરસામાં સાધ્વીજીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ તેનો મહિમા કર્યો. તેઓએ પણ પૂછ્યું, કેવલી સાધ્વીએ પણ પરભવનો વૃત્તાંત કહ્યો. માયા આટલી દુઃખાવહા હોય છે.

અથવા પોપટનું દૃષ્ટાંત — એક વૃદ્ધનો પુત્ર, ક્ષુલ્લક સુખશીલ યાવત્ અવિરતિક હતો. તે વૃદ્ધે તેને ઘરમાંથી કાઢી મૂક્યો. લોકોના પ્રેષણના કામ કરતો, ચાલીને આર્ત્ત-વશાર્ત્ત થઈને મૃત્યુ પામ્યો. *[પછીની આખી કથામાં અમને કંઈ સમજ પડી નથી, માત્ર અનુવાદ કર્યો છે, તે પણ ક્ષતિયુક્ત છે, માટે મૂળ વૃત્તિ જ જોવી.]*

માયા દોષથી વૃક્ષની કોટરમાં પોપટ રૂપે જન્મ્યો. તે આખ્યાનક અને ધર્મકથાને જાતિસ્મરણથી જાણતો હતો, બોલતો હતો.

કોઈ વનચરે તેને પકડી લીધો, પગ કુટી નાંખ્યો, આંખ કાણી કરી દીધી, રસ્તામાં ફેંકી દીધો. કોઈ તેને ઈચ્છતું ન હતું. તે શ્રાવકની દુકાનમાં રખાઈને વેંચાઈને ગયો. તેના આત્મો જાણ્યું.

તે ખરીદાયો, પીંજરામાં પુરાયો, સ્વજનો મિથ્યાદૃષ્ટિ હતા. તેમને ધર્મ કહે છે. તેનો પુત્ર માહેશ્વરના દોહિત્રીને જોઈને ઉન્મત્ત થયો. તે દિવસે ધર્મ ન સાંભળ્યો કે પ્રત્યાખ્યાન પણ ન કર્યા. પૂછતાં જવાબ આપ્યો. વિશ્વસ્ત કરાતાં રહ્યો.

તે બાળક બોલ્યો કે સરજસ્કોની પાસે જાઓ, ટિક્કરિકા અર્પણ કરો, ઈત્યાદિ. તેઓએ તે પ્રમાણે કર્યું. તે અવિરત પગે પડીને વિજ્ઞપ્તિ કરે છે. દોહિત્રને વર આપો. પોપટે મહેશ્વરને કહ્યું — જિનદત્તને આપો. ત્આપી તે દેવદત્તા ગર્વ કરે છે.

કોઈ દિવસે તેને મજાકમાં બાંધ્યો. ઈર્ષ્યાને વહન કરવા લાગ્યો.

સંખડીમાં વ્યાક્ષિપ્તોમાં હરાઈ. તેને કહ્યું કે — તું પંડિત છે એટલે પીંછુ ઉખાડી નાંખ્યુ. તે વિચારે છે "હું કાલને હરી લઉં." તેણે કહ્યું હું પંડિત નથી. તે પંડિતા પણ નથી —

એક નાપિતી કૂર ક્ષેત્રમાં લઈ ગઈ. ચોરે ગ્રહણ કરી. હું પણ આ પ્રકારે રાત્રિના શોધ-માર્ગણા કરીશ. આવેલા રૂપિયા લાવીને આપણે જઈશું. તેટલામાં ચોરો આવી ગયા, નાકને છેદીને ગયા. બીજા કહે છે. ક્ષત્રમુખમાં છરાથી નાસિકા છેદાઈ. બીજે દિવસે પકડીને માથુ કુટી નાંખ્યુ. - x - તેની સાથે ચાલી ગઈ. કોઈ એક ગામમાં ભોજન લઈ આવું એમ કહીને કલાલકુલમાં - વેંચી દીધી, તેઓ રૂપિયા લઈને ચાલ્યા ગયા.

રાત્રિના વૃક્ષે વળગી ગયા. તેઓ પણ પલાયિત થઈ ગયા. મહિષી હરણ કરીને ત્યાં જ આવાસ કર્યો. માંસને ખાય છે. એક માંસને ગ્રહણ કરીને વૃક્ષે

વળગીને દિશાનું અવલોકન કરે છે. તેણે જોઈ રૂપિયા દેખાડ્યા. તે આવી ગયો અને જીભ વડે ગ્રહણ કર્યા. પડતા ''રહો'' એમ કહ્યું. તેમ કરીને નાસી ગયા. તેણી ઘેર ગઈ. તે પંડિતા પણ નથી અને હું પંડિત નથી.

ત્યારે ફરી પણ અન્ય પીંછાને ઉખેડી નાંખ્યુ. ફરી પણ કન્યાના પિતા દારિદ્રયથી ધનદને છળ કરી લુંટ્યો, તેણે રૂપિયા આપ્યા. ખોટી સાક્ષી દીધી. પછી કન્યાની માંગણી કરી. કૂવામાં ફેંક્યો. સુરંગ ખોદાવી. પિતાએ કપાસ લણ્યું. સુપુત્રો નીકળી ગયા. તે દિશામાં ગયો.

અહીં પણ ગણિકા વેષથી પૂર્વે આવી ગઈ. તલખાદિકા કોલિકી ચોર નિમિત્તે ચંદ્રપુત્રને હું બોલાવીશ એ પ્રમાણે ન હોવા છતાં રાજાને વણિક પુત્રીએ વિશ્વાસ પમાડ્યો.

એ પ્રમાણે ૫૦૦ રાત્રિઓ ગઈ. પીંછા રહિત કરીને છોડ્યો. પછી શ્યેન પક્ષી વડે ગ્રહણ કરાયો. બે શ્યેનનો કલહ થતાં તે અશોકવનિકામાં પડ્યો. પ્રેષ્યિકાના પુત્ર વડે જોવાયો. કહ્યું કે – તેનું સંગોપન કરે. હું તારું કામ કરી દઈશ. તેણે સંગોપિત કર્યો. બીજા કોઈને રાજ્ય દેવાતું હતું. ત્યારે ભિંડમય મયૂરમાં વળગીને રાત્રિના રાજાને કહ્યું કે પ્રેષ્યિકાના પુત્રને રાજ્ય આપવું. તેના વડે સાતમે દિવસે માર્ગણા કરાઈ.

બંને પણ કુળમાં પ્રવ્રાજિત થતાં ભક્ત પ્રત્યાખ્યાનને સ્વીકારીને સહસ્રાર કલ્પે ઉત્પન્ન થયા. *[• વાચકોને વિનંતી – અમે આ કથાનો અનુવાદ યોગ્ય રીતે કરી શક્યા નથી તો મૂળ વૃત્તિ જોઈને જ અર્થ જાણવો.]* આવી માયા છે.

લોભ ચાર પ્રકારે છે – કર્મદ્રવ્ય લોભ યોગ્યાદિ ભેદો પુદ્‌ગલ, નોકર્મદ્રવ્યલોભ - આકર મુક્તિ અર્થાત્ ચિક્કણિકા.

ભાવલોભ - તે કર્મ વિપાક છે. તેના ભેદો આ પ્રમાણે છે – લોભ - હારિદ્ર - ખંજન - કર્દમ - કૃમિ રાગ સમાન છે. બધાં ક્રોધાદિની યથાયોગ સ્થિતિ ફળ આ પ્રમાણે કહેલ છે –

અનુક્રમે તે પક્ષ, ચાતુર્માસ, સંવત્સર, જાવજ્જીવ અનુગામી છે અને તે અનુક્રમે દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકગતિ સાધવાનો હેતુ છે, એ પ્રમાણે જાણવું જોઈએ.

લોભમાં લુબ્ધનંદનું ઉદાહરણ આપાયેલ છે –

પાટલિપુત્રમાં લુબ્ધનંદ વણિક હતો. જિનદત્ત શ્રાવક હતો, રાજા જિતશત્રુ હતો. તે તળાવ ખોદાવતો હતો. કર્મકરોએ કુશ્યને જોયું. બે સુરામૂલ્યથી ગ્રહણ કરીને માર્ગમાં શ્રાવકને માટે લઈ આવ્યા. શ્રાવકે તેની ઈચ્છા ન કરી - ઈષ્ટ ગણ્યું નહીં.

પછી તેને નંદની પાસે લઈ ગયા. તે બોલ્યો – બીજા પણ લઈ આવજો, હું જ ગ્રહણ કરી લઈશ - ખરીદી લઈશ. રોજેરોજ બબ્બે કુશ્ય ગ્રહણ કરે છે. કોઈ દિવસે અભ્યધિક સ્વજન આમંત્રણમાં બળાત્કારે લઈ ગયા.

તેણે પુત્રોને કહી દીધું – બે કુશ્ય ગ્રહણ કરી લેવા. નંદ તો ગયો. કર્મકરો આવ્યા. તેમની પાસેથી બે કુશ્ય ન ખરીધા. આકૃષ્ટ થઈને તેઓ આપૂપિક શાળામાં ગયા. તેઓએ ઓછા મૂલ્યમાં લઈને એકાંતમાં નાખ્યા. પડતાં જોઈને રાજપુરુષોએ





તેમને પકડી લીધા. જે બન્યું હતું તે વૃત્તાંત તેમણે રાજાને કહી દીધો.

તે નંદ આવ્યો અને બોલ્યો કે – કુશ્ય ખરીધા કે નહીં. પુત્રો બોલ્યા – અમે જ ગ્રહ વડે ગ્રહણ કરાયા. તેણે અતિ લોલ્યપણાથી આટલા લાભથી હું ભ્રષ્ટ થયો એ પ્રમાણે બંને પગના દોષથી એક કુશ્યા વડે બંને પણ પગ ભાંગી ગયા. સ્વજનો વિલાપ કરવા લાગ્યા.

પછી રાજપુરુષો શ્રાવકને અને નંદને પકડીને રાજકુલે લઈ ગયા. તેઓની પૂછતાછ કરતાં, શ્રાવકે કહ્યું – મારે ઈચ્છા પરિમાણ વ્રત કરતાં અધિક હતા, વળી કૂટમાન હતું તેથી ગ્રહણ ન કર્યા. ત્યારે તે શ્રાવકને પૂજન કરીને રાજાએ વિદાય આપી.

નંદને શૂળીએ ચડાવી મારી નાંખ્યો. કુલ સહિત ઉત્સાદિત કર્યો અને શ્રાવકને શ્રીગૃહિકપણે સ્થાપ્યો. આવો દુરંત લોભ છે. શેષ પૂર્વવત્.

હવે ઈન્દ્રિય દ્વાર કહે છે –

તેમાં ઈન્દ્રિય શબ્દનો અર્થ શો છે ? - x - x - સર્વ ઉપલબ્ધિ ભોગ પરમ ઐશ્વર્ય સંબંધથી જીવ, તેનું લિંગ-ચિહ્ન તેના વડે દૃષ્ટ અને સૃષ્ટ ઈત્યાદિ. - x - x - તે ઈન્દ્રિય બે ભેદે છે –

દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય. તેમાં નિર્વૃત્તિ અને ઉપકરણમાં દ્રવ્યેન્દ્રિય અને લબ્ધિ અને ઉપયોગમાં ભાવેન્દ્રિય છે. આ ઈન્દ્રિયો સ્પર્શ આદિના ભેદથી પાંચ પ્રકારે થાય છે. તેથી બહુવચન મૂકેલ છે. કહ્યું છે કે – સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ શ્રોત્ર એ ઈન્દ્રિયો છે. આટલી નામિત પણ દુઃખ દેવાને માટે પર્યાપ્ત છે. હવે તેના ઉદાહરણ કહે છે –

તેમાં શ્રોત્ર ઈન્દ્રિય વિષયક ઉદાહરણ આ પ્રમાણે છે –

વસંતપુર નગરમાં પુષ્પશાલ નામે ગાંધર્વિક હતો. તે ઘણો જ સુસ્વરવાળો અને વિરૂપ હતો. તેણે લોકોને હરાયેલા હૃદયવાળા કરી દીધા. તે નગરમાં કોઈ સાર્થવાહ દિગ્યાત્રાએ ગયેલ હતો. ભદ્રા તેની પત્ની હતી. તેણીએ કોઈપણ કારણથી દાસીને મોકલેલી. તે દાસી તે ગાંધર્વિકને સાંભળતી ત્યાં ઉભી રહી, સમય કેટલો વીત્યો તે જાણતી નથી.

તે દાસી ઘણાં લાંબા સમય પછી આવી, આવીને બોલી, હે સ્વામીની! રોષ ન કરતાં. જે અમારા વડે સંગીત સંભળાયુ, તે પશુને પણ લુભાવનાર હતું. તો પછી બે કાનવાળાને લોભાવે તેની તો વાત જ શું કરવી? કઈ રીતે? દાસીએ ભદ્રાને કહ્યું. ભદ્રા વિચારવા લાગી કે – હું આને કઈ રીતે જોઈશ? કોઈ દિવસે ત્યાં નગરદેવતાની યાત્રાનો અવસર આવ્યો. આખું નગર ગયું, ભદ્રા પણ તેમની સાથે ગઈ.

લોકો પણ પ્રણમીને પાછા આવ્યા ત્યારે પ્રભાત દેશકાળ વર્તતો હતો. તે ગાંધર્વિક પણ ગાઈને થાકીને પરિસરમાં સૂઈ ગયો. તે ભદ્રા સાર્થવાહી દાસીની સાથે આવી. દેવકુળને પ્રણિપાત કરી પ્રદક્ષિણા કરે છે. ત્યારે દાસીએ બતાવ્યો કે આ તે ગાંધર્વિક છે. ભદ્રા સંભ્રમ પામી, ત્યાં જઈને જુએ છે તે વિરૂપ લાગતો હતો. કહે છે કે – જો તેણે રૂપ વડે જ ગાન કર્યુ છે. - x -

તેને વિદૂષક વડે કહ્યું. તેણીને રોષ જન્મ્યો. પછી સાર્થવાહીના ઘરમાં પ્રત્યૂષકાળ

સમયે ગાંધર્વિકે ગાવાનો આરંભ કર્યો. જેનો પતિ પરદેશ ગયો છે તેવી તે ભદ્રા તેનામાં નિબદ્ધ થઈ. પછી તેની જ પૃચ્છા કરે છે, તેની જ ચિંતા કરે છે, પત્રો મોકલે છે. જાણે આવીને ઘરમાં પ્રવેશે છે. તેણી વિચારે છે કે ભૂમિ ઉપર સમીપ જ વર્તે છે, તેથી હું હવે ઉભી થઉં.

એમ વિચારતા વિચારતા તેણી અગાસી ઉપરથી પડીને મૃત્યુ પામી. એ પ્રમાણે તે શ્રોત્રેન્દ્રિય દુઃખને માટે થાય છે.

હવે ચક્ષુરિન્દ્રિયનું ઉદાહરણ આપે છે –

મથુરા નગરીમાં જિનશત્રુ રાજા હતો, ધારિણી રાણી હતા. તેણી પ્રકૃતિ થકી ધર્મશ્રદ્ધાવાળી હતી. ત્યાં ભંડીરવન ચૈત્ય હતું. તેની યાત્રા આવી રાજા સાથે રાણી અને નગરજનો મહાવિભૂતિથી નીકળ્યા.

ત્યાં એક શ્રેષ્ઠીપુત્ર વડે યાનમાં બેઠેલી રાણીથી યવનિકાંતરથી નીકળી લકતક સહિત, નૂપુરો સાથે, અતીવ સુંદર ચરણને જોવાયા, શ્રેષ્ઠી પુત્રે વિચાર્યુ કે જો આ સ્ત્રીના પગ આટલા સુંદર છે, તો તેણી રૂપથી દેવલોકની અપ્સરા કરતાં પણ અભ્યધિક સુંદર હોવી જોઈએ.

શ્રેષ્ઠીપુત્ર તેણીમાં આસક્ત બન્યો. પછી તાપસ કરી કે આ કોણ છે? જાણ્યું. તેના ઘરની નજીકથી જતી શેરીમાં ગયો. તેની દાસીઓને બમણાં દામ આપીને મહા મનુષ્યત્વ દર્શાવ્યું. તેણીને હતહૃદયા કરી. રાણીએ પણ કહેવડાવ્યું. બંને વચ્ચે વ્યવહાર ચાલુ થયો. રાણી પણ તેની પાસેથી જ ગંધ આદિને ગ્રહણ કરે છે.

કોઈ દિવસે શ્રેષ્ઠીપુત્રે કહ્યું – તું આવી મહામૂલ્ય ગંધાદિ પુટિકા ક્યાં લઈ જાય છે ? દાસીએ જવાબ આપ્યો. અમારી સ્વામીની ખરીદી છે. તેણે એક પુટિકામાં ભોજપત્રમાં લેખ લખીને નાંખ્યો. જેમકે – કાળે પ્રસુપ્ત જનાર્દનના. મેઘાંધકાર અને શર્વરીમાં હે વિશાલનેત્રવાળી ! હું જુઠું બોલતો નથી. જે પ્રથમાક્ષર છે. તેમાં વિશ્વાસ કર. પછી ઉદ્‌ગ્રાહિત કરીને વિદાય આપી.

રાણીએ ભોજપત્ર ઉઘાડીને પત્ર વાંચ્યો. તેણીને વિચાર આવ્યો કે આ ભોગને ધિક્કાર છે. તેણીએ પ્રતિલેખ લખ્યો. ''આ લોકમાં સુખ નથી, મનુષ્યનું જીવન થોડું છે, માટે હે યુવક ! તું ધર્મમાં મતિ કર. પાદ પ્રથમાક્ષર પ્રતિબદ્ધ ભાવાર્થ પૂર્વના શ્લોક પ્રમાણે જાણવો.

પછી બાંધેલ પુટિકા સુંદર ગંધવાળી નથી એમ કહીને દાસી સાથે પાછી મોકલી. દાસીએ પુટિકા પાછી મોકલી અને કહ્યું – રાણીએ આજ્ઞા કરી છે કે આ પુટિકા સુંદર ગંધવાળી નથી. યુવકે ખુશ થઈને પુટિકા ખોલી. લેખ જોયો, લેખનો અર્થ જાણ્યો. દુઃખી થઈ વસ્ત્રો ફાડીને નીકળી ગયો.

યુવક વિચારવા લાગ્યો કે જો આ સ્ત્રી પ્રાપ્ત ન થાય તો મારે અહીં રહીને શું કામ છે ? પરિભ્રમણ કરતો બીજા રાજ્યમાં ગયો. સિદ્ધપુત્રનો આશ્રય કર્યો. ત્યાં નીતિની વ્યાખ્યા કરાતી હતી. ત્યાં પણ આ શ્લોક આવ્યો – રૂપ સંપન્ન ભાર્યા અને શત્રુના પરાજયમાં સુદુર્લભ પ્રાપ્ત અર્થોમાં રમણ ન કરવું તે શક્ય નથી.

અહીં એક ઉદાહરણ છે –



વસંતપુર નગરમાં જિનદત્ત નામે સાર્થવાહપુત્ર છે. તે શ્રમણ શ્રાદ્ધ હતો. આ તરફ ચંપામાં પરમ માહેશ્વર ધન નામે સાર્થવાહ હતો. તેને બે આશ્ચર્યો હતા – ચાર સમુદ્રના સારભૂત મુક્તાવલી અને દુહિતા કન્યા હારપ્રભા. જિનદત્તે સાંભળ્યુ. ઘણાં પ્રકારે તેની માંગણી કરી, પણ તે આપતો નથી.

ત્યારે જિનદત્તે બ્રાહ્મણનો વેશ કર્યો. એકલો જ પોતે ચંપાએ ગયો. અંચિત વર્તતું હતું. ત્યાં એક અધ્યાપક હતો ત્યાં જઈને હું ભણીશ એમ કહ્યું. અધ્યાપકે કહ્યું – મારી પાસે ભોજન વ્યવસ્થા નથી. જો તે બીજે ક્યાંયથી તું પ્રાપ્ત કરી લે તો થાય.

ધન અને ભોજન સરજસ્કને આપ્યું. ત્યાં ઉપસ્થિત થઈને કહ્યું – મને ભોજન આપો. જેથી હું વિદ્યા ગ્રહણ કરું. મને જે કંઈ આપશો તે હું સ્વીકારીશ. પુત્રીને કહ્યું કે – આને જે કંઈ હોય તે આપ. તેણે વિચાર્યુ – ઘણું સારું છે. - x - તે તેણીને ફળ આદિ વડે ઉપચાર કરે છે. તેણી ગ્રહણ કરતી નથી. તે પણ અત્વરિત પણે નીતિને ગ્રહણ કરતો અવસરે અવસરે સમ્યક્ સેવા કરે છે. સરજસ્ક પણ તેની નિર્ભર્ત્સના કરે છે.

તે યુવક વડે ઘણાં કાળે તેણી આવર્જિત થઈ. તેનામાં આસક્ત થઈ અને બોલી – ચાલો આપણે પલાયન થઈ જઈએ.

યુવકે કહ્યું – આ અયુક્ત છે. પરંતુ તું ઉન્મત્તા થા. વૈદ્યો પણ આક્રોશ કરવા લાગે. તેણીએ તે પ્રમાણે કર્યું. વૈદ્યોએ પણ તેણીને સાજી કરવાની ના પાડી દીધી. તેણીના પિતાને અધૃતિ-ખેદ થવા લાગ્યો.

વિપ્રને કહ્યું – મારી પાસે પરંપરાથી આવેલ વિદ્યા છે. આ કન્યાનો ઉપચાર દુષ્કર છે. તેણે કહ્યું – હું તેણીનો ઉપચાર કરીશ. વિપ્રએ કહ્યું – તમે પ્રયોગ કરો, પરંતુ બ્રહ્મચારી વડે કરવો. તેણે કહ્યું – સરજસ્કા છે, તેમને હું અહીં લાવું છું. ચટ્ટે કહ્યું – જો કંઈક પણ અબ્રહ્મચારી હશે, તો કાર્ય સિદ્ધ થશે નહીં. તે વાત પણ કબૂલ રાખી. તેણે કહ્યું – જે સુંદર હશે, તેને લાવીશ.

તે શબ્દવેધી અને દિક્‌પાલને લાવ્યો. મંડલ બનાવ્યું.

દિક્પાલે કહ્યું – જ્યાંથી શિવા શબ્દ આવે છે, તેને શીઘ્ર વીંધવું. સરજસ્કાને કહ્યું કે – 'હું ફૂટ' એમ કરીને શિવાનો અવાજ કરવો. દુહિતાને કહ્યું – તું તે પ્રમાણે જ ઉભી રહેજે. તે પ્રમાણે કરવાથી સરજસ્ક વિંધાઈ ગયો. પુત્રી પ્રગુલીભૂત થઈ. ધન્ય વિપરિણત થયો.

ચટ્ટે કહ્યું – મેં કહેલુંને કે – જો કંઈપણ રીતે અબ્રહ્મચારી હોઈશ તો કાર્ય સિદ્ધ થશે નહીં. ત્યારે ધન્યએ પૂછ્યું – હવે કોઈ ઉપાય ?

વિપ્રએ કહ્યું – આવો બ્રહ્મચારી થા. ગુપ્તીનો ઉપદેશ કર્યો.

તેણે પરિવ્રાજકોમાં તે ગુપ્તી શોધી, તેનામાં ન હતી. પછી સાધુની પાસે આવ્યા. સાધુએ ગુપ્તી બતાવી – વસતિ, કથા, નિષધા, ઈન્દ્રિયો, ભીંતની પાછળ પૂર્વક્રીડિત, પ્રણીત, અતિ માત્રામાં આહાર, વિભૂષા એ નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ છે. આટલામાં જે શુદ્ધ મનથી રહે છે તે બ્રહ્મચારી છે. તેથી બ્રહ્મચર્ય મનનો નિરોધ જિનેશ્વરોએ કહેલ છે.

ત્યાં જઈને કહ્યું – મારે બ્રહ્મચારીથી કાર્ય છે.

સાધુએ કહ્યું – નિર્ગ્રન્થોને આ કલ્પતું નથી.

ચટ્ટને જઈને વાત કરી કે બ્રહ્મચારીનો મળી ગયા, પણ તેઓ આ કાર્યની ઈચ્છા કરતાં નથી [તેઓ અનુમત નથી.]

તેણે કહ્યું – આવા પ્રકારે જ લોક વ્યાપારનો ત્યાગ કરનારા મુનિઓ હોય છે. પરંતુ તેઓને પૂજવાથી પણ કાર્યની સિદ્ધિ થાય છે. - x - તેનું નામ લખવાથી ક્ષુદ્ર વ્યંતરો પણ આક્રમણ કરતા નથી.

ત્યારે સાધુની પૂજા કરી, મંડલ બનાવ્યુ. સાધુના નામો લખ્યા. દિક્પાલોની સ્થાપના કરી. - x - કન્યા પણ પ્રગુણા-સાજી થઈ ગઈ.

ધન પણ સાધુનો આશ્રય કરીને શ્રાદ્ધ થયો. ધર્મોપકારી જાણીને પુત્રી અને મોતીની માળા પણ તેને જ આપી દીધી. એ પ્રમાણે અત્વરાથી તે કન્યા આદિ તેને પ્રાપ્ત થયા એ પ્રમાણે શ્લોકાર્થ કહ્યો.

તે આ સાંભળીને પરમમિત થયો. હું પણ સ્વદેશ જઈને અત્વરાથી જ ત્યાં કોઈ ઉપાયને વિચારીશ.

તે શ્રેષ્ઠીપુત્ર સ્વદેશ ગયો. ત્યાં વિદ્યાસિદ્ધ ચંડાલ અને દંડરક્ષક હતા, તેને તે વળગી રહ્યો. પૂછ્યું – તારે અમારી પાસે શું કામ છે ? શ્રેષ્ઠી પુત્રએ બધી વાત કરી. રાણીને મેળવી આપો.

તેઓએ વિચાર્યુ કે – રાણીને કંઈક આળ ચડાવીએ, જેનાથી રાજા તેનો પરિત્યાગ કરી દે. તેઓએ મારી [મરકી] વિકુર્વી. લોકો મરવા લાગ્યા. રાજાએ ચંડાલને આજ્ઞા કરી - મારીને તું પ્રાપ્ત કર.

તેમણે કહ્યું – હું મારી વિદ્યા વડે ગવેષણા કરું છું. રાણીના વાસગૃહમાં મનુષ્યના હાથ-પગ વિકુર્વ્યા. તેણીનું મુખ લોહીથી લિપ્ત કર્યુ. રાજાને નિવેદન કર્યુ – 'મારી' અહીં જ વાસ્તવ્યા છે. તમારા પોતાના ઘરમાં જ ગવેષણા કરો, રાજાએ ઘરમાં ગવેષણા કરતા 'મારી'ને જોઈ.

ચંડાલને આજ્ઞા કરી – સ્વવિધિ વડે 'મારી'નો વિનાશ કર. ત્યારે અવશ્ય મંડલમાં મધ્યરાત્રિના અલ્પસાગરિકમાં વિનાશ કરવો.

તેમ સ્વીકારીને સ્વગૃહે તેણીને લઈ ગયો. રાત્રિમાં મંડલ કર્યુ. શ્રેષ્ઠીપુત્ર પણ ત્યાં પૂર્વે નક્કી કરેલા કપટ મુજબ ગયો. ઉપચાર સહિત [રાણીને] મારવાનો આરંભ કર્યો. શ્રેષ્ઠી પુત્રએ કહ્યું – આને તું શું કરે છે? ચાંડાલ બોલ્યો ''આ મારી છે'' તેથી તેને મારી નાંખુ છું.

શ્રેષ્ઠી પુત્રએ ફરી પૂછ્યું – આ સ્ત્રી વડે કઈ રીતે અકૃત્ય કરાયું છે કે તે 'મારી' થઈ છે ? તને શું કંઈ અપશબ્દો કહ્યા. તેણીને માર નહીં. તું આને છોડી મૂક. ચાંડાલ તેની વાત માનવા રાજી નથી.

શ્રેષ્ઠીપુત્રએ તેને ઘણું કહ્યું – હું તમને કોટિ મૂલ્યના અલંકાર આપીશ, પણ તેને આ [રાણી] ને છોડી દો. તેણીને મારો નહીં, એમ કહીને ધરાર તેમને અલંકાર આપ્યા.



ત્યારે રાણી વિચારવા લાગી કે – આ નિષ્કારણ વત્સલ છે. તેથી તેણીને પણ આસક્તિ જન્મી. ચાંડાલે પણ કહ્યું કે – જો તે તારી સાથે જોડાય તો અમે તેણીને મારીશું નહીં, પણ તમારે નિર્વિષયતા અર્થાત્ દેશની બહાર નીકળી જવું પડશે.

તે વાત રાણીએ કબૂલ કરતાં તેણીને મુક્ત કરી. શ્રેષ્ઠી પુત્ર પણ તેણીને ગ્રહણ કરીને ત્યાંથી પલાયન થઈ ગયો. પછી શ્રેષ્ઠીપુત્રને પ્રાણપ્રદા વત્સલ જાણીને રાણી તેની સાથે દૃઢતર આસક્ત થઈ, આલાપ આદિ વડે પણ મીલન થયું. દેશાંતરમાં ભોગોને ભોગવતા રહ્યા.

અન્ય કોઈ દિવસે તે શ્રેષ્ઠીપુત્ર પ્રેક્ષણક જોવા જવાને પ્રવૃત્ત થયો. રાણી સ્નેહથી જવાની રજા આપતી નથી. ત્યારે તે શ્રેષ્ઠીપુત્ર હસ્યો. રાણીએ પૂછ્યું કે – આમ હસવાનું શું કારણ ? ખૂબ જ આગ્રહ કરતાં યુવકે બધો વૃત્તાંત કહ્યો. ત્યારે રાણી નિર્વિણ થઈ - ખેદ પામી.

તેવા સ્વરૂપના આર્યાઓની પાસે ધર્મ સાંભળીને દીક્ષા લીધી. શ્રેષ્ઠીપુત્ર પણ આર્ત્ત-દુઃખાર્ત્ત થઈ મરીને તે દોષથી જ નરકે ઉત્પન્ન થયો.

આ પ્રમાણે ચક્ષુરિન્દ્રિયના દુઃખો જાણવા.

હવે ઘ્રાણ ઈન્દ્રિયનું ઉદાહરણ કહે છે –

ગંધપ્રિયકુમાર હતો. તે નિરંતરપણે નાવના કટક વડે રમતો હતો. તેની માતાની શોકે તેની મંજૂષામાં ઝેર નાંખીને નદીમાં વહાવી દીધી. તે કુમાર રમમાણ હતો ત્યારે તેણે મંજૂષા જોઈ.

તે પેટીને ઉતારી લીધી. ખોલીને તેને જોવામાં પ્રવૃત્ત થયો. પ્રતિમંજૂષાદિની ગંધ લેતા એક સમુદ્ગક - દાબડો જોવો. ગંધપ્રિયકુમારે તેને ઉઘાડ્યો, સુગંધ લેતાં જ મૃત્યુ પામ્યો.

ઘ્રાણેન્દ્રિયના આવા દુઃખો થાય તે જાણવા.

હવે જિહ્વેન્દ્રિયને આશ્રીને ઉદાહરણ આપે છે –

સોદાસ નામે એક રાજા હતો. તે ઘણો માંસપ્રિય હતો. તે માટે જીવોનો ઘાત કરતો [કરાવતો] હતો. પોપટનું માંસ બીલાડાએ ગ્રહણ કર્યુ. કષાયો તે માંસ શોધવા લાગ્યા. પણ ક્યાંય મળ્યું નહીં.

ત્યારપછી કોઈ બાળકને મારીને તેનું માંસ કાઢી સંસ્કારિત કર્યુ. ત્યારે પૂછ્યું – આ કોનું માંસ છે ? ત્યારે વૃત્તાંત કહ્યો.

તેમને પુરુષો આપ્યા. (બાળકોને) મારવા લાગ્યા. નગરજનોએ જાણ્યું કે નોકરો જ રાક્ષસ છે. મદ્ય પાઈને અટવીમાં પ્રવેશ કર્યો.

ચત્વરમાં સ્થિત રહીને હાથીને લઈ જઈને રોજેરોજ મનુષ્યને મારવા લાગ્યા. કોઈક કહે છે – વિરહ સ્થાનમાં લોકોને મારે છે. તે માર્ગે સાર્થ જતો હતો. તેઓ સુતા હતા, તેથી તેમને ખબર ન પડી.

સાધુઓ આવશ્યક કરતા હતા. તેઓ જોઈને તેની પાછળ ગયા. તપ વડે તેમનો આશ્રય કરવાને સમર્થ ન બન્યા. તે વિચારવા લાગ્યા કે આમ કેમ ? ધર્મકથન કર્યુ, પ્રવ્રજ્યા લીધી.

બીજા એમ કહે છે કે — રાજા બોલ્યો — જતાં એવા તમે ઉભા રહો. સાધુઓ બોલ્યા — અમે તો સ્થિત જ છીએ, તમે જ સ્થિત રહો.

રાજા વિચારમાં પડ્યો. બોધ પામ્યો. આચાર્યો અતિશયયુક્ત હતા. તે અવધિજ્ઞાની હતા. આવું કેમ બને ?

એ પ્રમાણે જિહ્વેન્દ્રિય દુઃખને માટે થાય છે.

હવે સ્પર્શનેન્દ્રિયનું ઉદાહરણ આપે છે —

વસંતપુર નગરમાં જિતશત્રુ રાજા હતો, તેની પત્ની સુકુમાલિકા નામે હતી. તેનો સ્પર્શ અત્યંત સુકુમાલ હતો. રાજા રાજ્યનો વિચાર કરતો ન હતો. તે રાણીને નિત્યપણે પ્રતિભોગવતો રહેતો હતો.

એ પ્રમાણે કાળ વહેતો હતો. ભૃત્યો વડે સામંતો સાથે મંત્રણા કરીને રાણી સાથે તેને બહાર કાઢી મૂક્યો અને તેના પુત્રની રાજગાદીએ સ્થાપના કરી. રાજા-રાણી અટવીમાં ચાલ્યા ગયા.

રાણીને તરસથી પીડા થવા લાગી. તેણીએ પાણી માંગ્યુ. ત્યારે રાજાએ તેણીની આંખો બંધ કરીને કહ્યું કે ડરીશ નહીં. નસમાંથી લોહી કાઢીને તેણીને પીવડાવ્યું. લોહીમાં મૂલિકા નાંખી જેથી થીજી ન જાય.

ફરી રાણી ભુખ વડે પીડિત થઈ. સાથળમાંથી માંસ કાપીને ખાવા આપ્યું. પછી સંરોહિણી ઔષધિથી સાઢળને રૂઝવી દીધો.

એમ કરતા તેઓ જનપદમાં પહોંચ્યા. આભરણોને ગોપવી દીધા. એકત્ર વણિકત્વ કરે છે. તેની શેરી-ગલી શોધનારો એક પાંગળો હતો. રાણી અને તે એક વખત મળ્યા. પછી રાણીએ રાજાને કહ્યું કે — મને ઘેર એકલી રહેવું ગમતું નથી - રહી શકતી નથી. કોઈ બીજું હોય તો રહી શકું.

રાજાએ વિચાર કર્યો — નિરપાયમાં આ પાંગળો રાખવો જ સારો છે. તેણે આને ગૃહપાલક રૂપે નિયુક્ત કર્યો. તેણે ગીત-છલિત-કથાઆદિ વડે રાણીને આવર્જી લીધી. પછી તેની સાથે જ રાણી ચોંટી રહી.

રાણી પતિના છિદ્રો શોધવા લાગી. જ્યારે કોઈ જ છિદ્ર ન મળ્યા, ત્યારે ઉદ્યાનિકામાં ગયા. તે રાજાને સુવિશ્વસ્ત કર્યો. ઘણો જ દારુ પીવડાવી દીધો. પછી રાજાને ગંગામાં ફેંકી દીધો.

રાણી પણ તેનું દ્રવ્ય ખાઈને ખંભા ઉપર પાંગળાનું વહન કરવા લાગી. ઘેર ઘેર ગીતગાન કરતાં ફરે છે. કોઈ પૂછે તો જણાવે છે કે — માતાપિતા દ્વારા મને આવો પતિ મળેલ છે, તો હું શું કરું ?

તે રાજા પણ ગંગામાંથી કોઈ એક નગરે નીકળ્યો. વૃક્ષની છાયામાં સુતો હતો. છાયા પરાવર્તન પામતી ન હતી. ત્યાંનો રાજા અપુત્રીયો મરણ પામ્યો. અધિવાસિત કરેલો અશ્વ ત્યાં ગયો. તેથી ''જય-જય'' શબ્દ વડે તેને રાજા તરીકે ઘોષિત કરાયો. તે રાજા થઈ ગયો.

પે'લો પાંગળો અને રાણી બંને તે નગરમાં જઈ ચડ્યા. રાજાને તે સમાચાર મળ્યા, તે બંનેને રાજમાં બોલાવ્યા. રાણીને પૂછ્યું કે આ કોણ છે ? રાણી કહે છે



— મારા માતાપિતાએ આપેલો આ મારો પતિ છે.

ત્યારે રાજા તે રાણીને કહે છે — બાહુનું લોહી પીધુ છે, સાથળનું માંસ ખાધેલું છે, પતિને ગંગામાં વહાવી દીધા છે. હે પતિવ્રતા ! ધન્ય છે તને. ઘણું સારુ કર્યુ, ઘણું સારુ કર્યા.

રાજાએ તુરંત જ તેણીને દેશનિકાલની આજ્ઞા આપી. એ પ્રમાણે રાજા-રાણી બંનેને અને વિશેષ તો સુકુમાલિકાને સ્પર્શનેન્દ્રિય દુઃખને માટે થઈ.

શબ્દના સંગમાં જે દોષ છે. તે મૃગાદીને શરીરની હાનિ કરે છે. સતત સુખનો અર્થ અને વિદ્વાન્ શબ્દમાં કેમ સંગવાળો થાય ? એ રીતે પતંગીયાનો રૂપના પ્રસંગથી ક્ષય થતો જોઈને, સ્વસ્થચિત્તનો રૂપમાં કેમ વ્યર્થ સંગમ સંભવે ? ગંધના દોષથી સર્પોની પરતંત્રતાની સમીક્ષા કરીને કોણ ગંધ આસક્ત થાય અથવા કાય સ્વભાવ ન ચિંતવે ? રસના આસ્વાદના પ્રસંગથી મત્સ્યાદિનું ઉત્સાદન જાણીને તેવા દુઃખાદિજનક રસમાં કોણ સંગમ પામે ? સ્પર્શમાં આસક્ત ચિત્તવાળા હાથી આદિને ચોતરફથી અસ્વાતંત્ર્ય સમક્ષ જોઈને પણ કોણ સ્પર્શને વશ થાય ?

એ પ્રમાણે આવા પ્રકારે ઈન્દ્રિયો સંસારને વધારનારી છે, વિષય લાલસા દુર્જય, દુરંત છે ઈત્યાદિ પૂર્વવત્.

હવે પરીષહદ્વારનો અવસર છે. તેમાં માર્ગથી ન ચ્યવીને નિર્જરાર્થે પરિસહન કરવું તે પરીષહ. તેમાં માર્ગથી ન ચ્યવવા માટે દર્શન અને પ્રજ્ઞા પરીષહ છે. બાકીના પરીષહો નિર્જરાર્થે છે.

આ પરીષહોની સંખ્યા બાવીશ છે. તે આ પ્રમાણે — ભુખ, તરસ, શીત, ઉષ્ણ, દશ-મશક, નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, ચર્યા ઈત્યાદિ - x - x - તેને વિસ્તારથી જાણવા જોઈએ. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે —

—(૧)— ભુખથી પીડાતા, શક્તિમાન્ સાધુ એષણાનું ઉલ્લંઘન ન કરે યાત્રા-માત્રામાં ઉદ્યત વિદ્વાન્ અદીન અને અવિપ્લવથી ચરે.

—(૨)— તૃષાતુર હોય, માર્ગમાં રહેલ હોય તો પણ તત્ત્વવિદ્ દીનતા છોડીને કાચુ પાણીની અભિલાષા ન કરે, કલ્પિત જળ શોધે.

—(૩)— શીતથી અભિઘાત થવા છતાં યતિ ત્વચા વસ્ત્રના રક્ષણને છોડીને અકલ્પ્ય વસ્ત્ર ગ્રહણ ન કરે કે અગ્નિ ન સળગાવે.

—(૪)— ઉષ્ણથી તપવા છતાં તેને નિંદે નહીં કે છાયાનું સ્મરણ કરે નહીં. સ્નાન, ગાત્ર અભિષેકાદિ અને વીંઝણો પણ વર્જે.

—(૫)— દંશમશક કરડે ત્યારે મુનિ ત્રાસથી દ્વેષ ન પામે, તેને નિવારે નહીં પણ ઉપેક્ષા કરે કે બધાં આહારપ્રિયત્વવાળા છે.

—(૬)— મારા વસ્ત્ર અશુભ ન હોય, તેમ સારુ કે ન સારુ ન ઈચ્છે, લાભ અને અલાભનું વિચિત્રત્વ જાણીને નગ્નતાને સહે.

—(૭)— જતા, રહેતા કે બેસતા અરતિવાળો ન થાય, ધર્મરૂપી આરામમાં રત નિત્ય સ્વસ્થચિત્તવાળો મુનિ થાય.

—(૮)— સંગરૂપી પંક સુદુર્બાધ્ય છે, સ્ત્રીઓ મોક્ષમાર્ગની અર્ગલા સમાન છે.

તેણીને ધર્મના નાશ માટે ચિંતવે અથવા તેને વિચારે નહીં.

—(૯)— ગામ આદિ અનિયત સ્થાયી અથવા સદા અનિયત આલપ છે. વિવિધ અભિગ્રહો વડે યુક્ત એવી 'ચર્યા' એકનો આશ્રય કરે.

—(૧૦)— શ્મશાનાદિમાં પણ નિષધા કરે, સ્ત્રી આદિ કંટકને વર્જે. અનિષ્ટ કે ઈષ્ટ એવા કોઈપણ ઉપસર્ગની સ્પૃહા ન કરે, પણ ખમે.

—(૧૧)— શુભ કે અશુભ શય્યામાં, સુખ કે દુઃખમાં સમુત્થિત થઈ સહે

—(૧૨)— આકૃષ્ટ થઈ મુનિ આક્રોશ ન કરે - x - કોઈ પ્રત્યે દ્વેષ ન કરે.

—(૧૩)— હણતાને સહન કરે તે જ મુનિ, પ્રતિહણવાનું કામ ન કરે.

—(૧૪)— પરદત્તના ઉપજીવી હોવાથી યતીને અયાચિત કશું ન હોય. જે કારણે આ યાચના દુઃખ છે. તે સહન કરે પણ અગારીપણું ન ઈચ્છે.

—(૧૫)— બીજા માટે કરેલ કે બીજા માટેનું અન્ન આદિ પ્રાપ્ત થાય કે ન પણ થાય, પ્રાપ્ત થતાં અહંકાર કે નિંદા ન કરે. - x -

—(૧૬)— રોગ આવે ત્યારે ઉદ્વેગ ન કરે, ચિકિત્સાની ઈચ્છા ન કરે, તે રીતે અદીનપણે સહન કરે, શ્રામણ્યની અનુપાલના કરે.

—(૧૭)— વસ્ત્રમાં કે કદાચિત્ તૃણાદિમાં તેના સંસ્પર્શથી ઉદ્‌ભવેલ દુઃખને સહન કરે, પણ તેમાં મૃદુની ઈચ્છા ન કરે.

—(૧૮)— મેલ, પંક, રજ આદિ, ગ્રીષ્મના ઉનાળામાં પરસેવો થાય તો પણ ઉદ્વેગ ન પામે. સ્નાનને ન ઈચ્છે પણ તેને સહન કરે.

—(૧૯)— ઉત્થાન, પૂજન, દાનની સ્પૃહા ન કરે. લબ્ધિમાં મૂર્છિત ન થાય અને સત્કાર ન પામે દીનતા ન લાવે.

—(૨૦)— કર્મના દોષને જાણનારો જિજ્ઞાસુ અજાણ વસ્તુમાં મોહ ન પામે.

—(૨૧)— વિરત, તપયુક્ત એવો હું છદ્મસ્થ છું, તો પણ ધર્માદિ ફળ ન ઈચ્છે.

—(૨૨)— જિનેશ્વરોએ તેમને કે જીવને ભવાંતરમાં ધર્માધર્મ કહેલ છે. તે પરોક્ષરૂપે મૃષા નથી, મહત્ ગ્રહથી તેમ ચિંતવે.

શારીરિક કે માનસિક સ્વ-પર પ્રેરિત એવા પરીષ હોતો મુનિ સદા મન, વચન, કાયાથી સહન કરે. જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય કર્મના ઉદયભૂત પરીષહો સંભવે છે.

ભુખ, તરસ, શીત, ઉષ્ણ, દંશમશકાદિ, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ એ વેદનીયકર્મથી ઉદ્‌ભવે છે અને અલાભ નામનો પરષહ અંતરાયકર્મથી ઉદ્‌ભવે છે. પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહ જ્ઞાનાવરણથી સંભવે આ ચૌદ પરીષહોનો સંભવ સૂક્ષ્મ સંપરાય અને છદ્મસ્થ અરાગીને પણ સંભવે છે તેમ જાણવું. ભુખ, તરસ, શીત, ઉષ્ણ, દંશ, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, વધ, મલ, શય્યા, રોગ, તૃણ સ્પર્શ જિનને વેદવાના સંભવે છે.

આ અર્થ સંક્ષેપમાં કહ્યો.

અવયવાર્થ પરીષહ અધ્યયનથી જાણવો.



અહીં પણ દ્રવ્ય ભાવ વિભાષા છે. દ્રવ્યપરીષહો આલોકના નિમિત્તે જેઓ પરવશ થઈને કે બંધનાદિથી સહન કરે છે. તેનું ઉદાહરણ જેમ ચક્રમાં સામાયિકમાં ઈન્દ્રપુરમાં ઈન્દ્રદત્તના પુત્રનું કહ્યું તે જાણવું.

ભાવપરીષહ - જે સંસારવ્યુચ્છેદ નિમિત્તે અનાકુળપણે સહન કરે છે, તેને જ પ્રશસ્ત જાણવા.

હવે ઉપસર્ગ દ્વારનો અવસર છે - તેમાં ઉપ - સામીપ્યથી, સર્જન તે ઉપસર્ગ અથવા જેના વડે ઉપસર્જન થાય તે ઉપસર્ગ - કરણ સાધન. ઉપસર્જન થાય તે આ - એ ઉપસર્ગ કર્મસાધન છે.

ઉપસર્ગ પ્રત્યય ભેદથી ચાર પ્રકારે છે — દિવ્ય, માનુષ્, તિર્યચયોનિક અને આત્મ સંવેદન ભેદથી. તેમાં દિવ્ય ઉપસર્ગ ચાર પ્રકારે છે — હાસ્યથી, પ્રદ્વેષથી, વિમર્શથી, પૃથક્ વિમાત્રાથી. હાસ્યમાં-ક્ષુલ્લક.

નાના સાધુઓ બીજા ગામમાં ભિક્ષાચર્યાર્થે ગયા. વ્યંતરી પાસે ઉપયાચના કરી. જો આપણને કંઈ મળે તો વિકટય્ય લઘુ કૃષ્ણ વર્ણથી અર્ચન આપીશું. તેમને પ્રાપ્ત થયું. વ્યંતરીએ માંગ્યુ, તેઓ પરસ્પર બોલ્યા કે માંગે તે આપી દેવું. ત્યારે સ્વયં જ તેણીને પ્રસ્વાદિત કરી.

કાંદર્પિક દેવો તેમનું રૂપ આવરીને રમતા હતા. વિકાલે શોધ્યા, ન જોયા. દેવતાએ આચાર્યને કહ્યું. પ્રદ્વેષમાં સંગમ થયો. વિમર્શ કરવા એક દેવકુલિકામાં સાધુઓ વર્ષારાત્ર રહીને ગયા. તેમાંનો એક પૂર્વે મોકલેલ, ત્યાં જ વર્ષારાત્ર કરવાને આવ્યો. તે દેવકુલિકામાં રહ્યો.

દેવતા વિચારે છે કે — આ દૃઢ ધર્મી છે કે નહીં. શ્રાવિકા રૂપે ઉપસર્ગ કરે છે, તે સાધુએ આહારાદિ ન લીધા. દેવીએ સંતુષ્ટ થઈ વાંદ્યા. પૃથક્ વિમાત્રા હાસ્યથી કરીને પ્રદ્વેષથી કરાય, એ પ્રમાણે સંયોગ કહ્યો.

માનુષ્ય ઉપસર્ગ ચાર ભેદે છે — હાસ્યથી, પ્રદ્વેષથી, વિમર્શથી, કુશીલ પ્રતિ સેવનાથી, હાસ્યમાં ગણિકાની પુત્રીનું દૃષ્ટાંત છે. નાનો સાધુ ભિક્ષાને માટે જતાં ઉપસર્ગ કરે છે. તેણે માર્યો. ગણિકાએ રાજાને ફરિયાદ કરી, નાના સાધુને બોલાવ્યો. શ્રીગૃહનું દૃષ્ટાંત કહે છે.

પ્રદ્વેષમાં ગજસુકુમાલને સોમભૂતિ મારી નાંખ્યાનું દૃષ્ટાંત છે અથવા એક બ્રાહ્મણ કોઈ એક અવિરતિકા સાથે અકાર્ય સેવતો હતો તે સાધુ વડે જોવાયું. તેમને દ્વેષ ઉત્પન્ન થયો, સાધુને મારવા માટે દોડ્યો. સાધુને પૂછે છે, તું કેમ આ તરફ જુએ છે ? સાધુ કહે બે કાન વડે ઘણાં શ્લોક સાંભળ્યા.

વિમર્શથી - ચંદ્રગુપ્ત રાજાને ચાણક્યએ કહ્યું — પારત્રિકનું કંઈક કરો. તે કદાચ સુશિષ્ય થાય. અંતઃપુરને માટે ધર્મકથન કર્યુ. અન્યમતીઓ ઉપસર્ગ કરે છે, તેનો વિનાશ કર્યો, કાઢી મૂક્યા. સાધુઓને બોલાવ્યા, તેઓએ કહ્યું — જો રાજા હાજર રહે તો ધર્મ કહીશ. ત્યાં સાધુ ગયા, રાજા નીકળી ગયો. અંતઃપુરિકા ઉપસર્ગ કરવા લાગી. તેમને માર્યા. શ્રી ગૃહ દૃષ્ટાંત કહે છે.

કુશીલ પ્રતિસેવનામાં ઈર્ષ્યાળુ, ચાર પત્નીઓ, રાજ કુટુંબ. તેણે ઘોષણા

કરી - સપ્ત વૃત્તિ પરિક્ષિપ્ત સિવાય કોઈને ઘરમાં પ્રવેશ મળશે નહીં. સાધુ અજાણતા વિકાલે વસતિ નિમિત્તે આવ્યા. તેણે પ્રવેશ કર્યો. ત્યાં પહેલા પ્રહરે પ્રથમા આવીને કહે છે — પ્રતિચ્છ. સાધુને કચ્છ બાંધી, કૂર્મબંધ કરીને અધોમુખ કર્યા, લાંબો સમય વીંટાળીને રહ્યા. એમ કલેશ પહોંચાડીને ગઈ. એ પ્રમાણે ચરે પણ પ્રહરે પ્રહરે કલેશ પહોંચાડીને ગઈ. પછી ચારે મળીને એકઠી થઈ. ઉપશાંત થઈને શ્રાવિકા બની.

તિર્યંચો દ્વારા ચાર પ્રકારે ઉપસર્ગ થાય — ભયથી, પ્રદ્વેષથી, આહારને માટે, અપત્ય આલયના સંરક્ષણને માટે.

ભયથી કુતરા વગેરે કરડે. પ્રદ્વેષમાં ચંડકૌશિક કે મર્કટ આદિ. આહારના હેતુથી સિંહ આદિ, અપત્યનો નિવાસ બચાવવાને માટે કાગડી.

પોતા વડે કરાય તે આત્મસંવેદનીયા ઉપસર્ગ. જેમ ઉદ્દેશમાં ચૈત્યમાં, પ્રાભૃતકામાં કહ્યા. તે ચાર ભેદે છે — ઘટ્ટનતા, પ્રપતનતા, સ્તંભનતા અને શ્લેષણતા. ઘટ્ટનતા - જેમકે આંખમાં રજ પ્રવેશે અને આંખ ચોળતા દુઃખવાને લાગે અથવા સ્વયં જ આંખ ગળે, કંઈક સળી વગેરે ઉડીને લાગે.

પતનતા - પ્રયત્ન વડે ન ચંક્રમણ કરે, તેમાં દુઃખાવો થાય. સ્તંભન-ત્યાં સુધી ઉપવિષ્ટ રહે જ્યાં સુધી સુતો હોય, સ્તબ્ધ થઈ જાય. - x - શ્લેષણતા - પગને આકૃષ્ટ કરીને રહે તેમાં વાયુથી જોડાઈ જાય. અથવા નૃત્ય શીખતા અતિ નમવાથી કોઈક અંગ ત્યાં જ લાગી જાય.

અથવા આત્મ સંવેદનીય ઉપસર્ગો ચાર ભેદે — વાતિકા, પૈતિકા, શ્લેષ્મિકા, સાન્નિપાતિકા. આ દ્રવ્ય ઉપસર્ગો કહ્યા. ભાવથી આ જ ઉપસર્ગ ઉપયુક્તને થાય તે. દિવ્ય, માનુષ્યક, તૈરશ્ચની વ્યાખ્યા કરી.

*[ત્યારપછી વૃત્તિકારશ્રી ઉપરોક્ત અર્થને જ જણાવતી એવી ચાર ગાથાની નોંધ વૃત્તિમાં કરે છે, અમે તેની પુનરુક્તિ અત્રે કરેલ નથી.]*

પ્રસંગથી આટલું કહ્યું તે પર્યાપ્ત છે. આ પ્રમાણે नमो ऽ र्हां એ પણ ગાથાર્થની વ્યાખ્યા કરેલ છે.

હવે પ્રાકૃત શૈલીથી અનેક પ્રકારે 'અર્હત્' શબ્દની નિરુક્તિનો સંભવ છે, તેનો નિર્દેશ કરતાં કહે છે —

- **નિર્યુક્તિ-૯૧૯ :-**

***ઈન્દ્રિય, વિષય, કષાય, પરીષહ, વેદના અને ઉપસર્ગ, આ-આ શત્રુઓને હણવાથી તેઓ "અરિહંત" કહેવાય છે.***

- **વિવેચન-૯૧૯ :-**

ઈન્દ્રિય આદિની વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. વેદના - ત્રણ પ્રકારે છે — શારીરિક, માનસિક અને ઉભયરૂપા. આ બધાં શત્રુને હણનારા - x - x - હોવાથી 'અરિહંતાર' તેઓ કહેવાય છે. શત્રુને હણનારા છે, માટે अरिहंतार એમ નિરુક્તિ થાય.

[શંકા] આની અનંતર ગાથામાં આમ જ કહેલ છે. તો પછી અહીં ફરીથી આનું ગ્રહણ અયુક્ત છે ?



[સમાધાન] અનંતર ગાથામાં નમસ્કારની યોગ્યતાના હેતુપણાથી તેમ કહેલ હતું. અહીં વળી અભિધાન નિરુક્તિના પ્રતિપાદનાર્થે કહેલ છે. આ પ્રમાણે ગાથાર્થ કહ્યો. હવે બીજા પ્રકારે अरय - શત્રુઓને જણાવે છે. તે આઠ પ્રકારે જ્ઞાનાવરણાદિ સંજ્ઞા બધાં સત્ત્વોની જ છે, તે કહે છે —

- **નિર્યુક્તિ-૯૨૦ :-**

***આઠ પ્રકારના કર્મો*** *अरि* ***- શત્રુરૂપ બધાં જીવોને હોય છે. તે કર્મરૂપ*** *अरि* ***ને હણનારા હોવાથી તેમને*** *अरिहंत* ***કહેવાય છે.***

- **વિવેચન-૯૨૦ :-**

આઠ પ્રકારના પણ, अपि શબ્દથી ઉત્તર પ્રકૃત્તિની અપેક્ષા થકી અનેક પ્રકાર પણ જાણવા. च શબ્દ ભિન્ન ક્રમ માટે છે. તે અવધારણા અર્થે છે. જ્ઞાનવરણ આદિ, તે આઠ પ્રકારના કર્મો જ अरिभूत - શત્રુરૂપ થાય છે. બધાં જ જીવોને અનવબોધ બોધનો અભાવ આદિ દુઃખહેતુપણે છે, પશ્ચાર્ધ પૂર્વવત્ જાણવો.

- અથવા - [બીજી વ્યાખ્યા]

- **નિર્યુક્તિ-૯૨૧ :-**

***વંદન અને નમનને યોગ્ય છે, પૂજા સત્કારને યોગ્ય છે, સિદ્ધિ ગમનમાં યોગ્ય છે, તે કારણથી તેઓ અરહંત કહેવાય છે.***

- **વિવેચન-૯૨૧ :-**

अर्ह ક્રિયાપદ પૂજા અર્થમાં છે. [યોગ્ય અર્થમાં છે] શેને યોગ્ય છે ? વંદન અને નમસ્કરણમાં, તેમાં વંદન-મસ્તક વડે થાય અને નમસ્કાર વાણી વડે થાય છે. તથા યોગ્ય છે — પૂજા અને સત્કારને. તેમાં પૂજા-વસ્ત્ર અને માળા આદિ જન્ય છે. સત્કાર-અભ્યુત્થાદિ સંભ્રમ છે.

તથા સિદ્ધિગમનને યોગ્ય. સિદ્ધિ થાય છે એટલે નિષ્ઠિતાર્થા થાય છે. કોને ?, આ પ્રાણીઓને, તે સિદ્ધિ - લોકાંત ક્ષેત્ર રૂપ. કહેવાય પણ છે કે — "અહીં શરીરનો ત્યાગ કરીને ત્યાં જઈને સિદ્ધ થાય છે." ત્યાં જવાને માટે યોગ્ય. તેથી અરહંત કહેવાય છે. તે પ્રાકૃત શૈલી છે. अर्हाः તેથી કહેવાય છે અથવા "ને યોગ્ય છે" માટે अर्हन्त.

- **નિર્યુક્તિ-૯૨૨ :-**

***દેવ, દાનવ, મનુષ્યથી પૂજાને યોગ્ય છે, કેમકે તેઓ દેવા કરતાં પણ ઉત્તમ છે. તેઓ*** *अरि* ***- શત્રુને હણનારા છે, રજ-કર્મરજને હણનારા છે તે કારણે અરિહંત કહેવાય છે.***

- **વિવેચન-૯૨૨ :-**

દેવો, અસુરો, મનુષ્યો વડે પૂજાને યોગ્ય છે — તેવી યોગ્યતા હોવાથી પૂજાને પ્રાપ્ત કરે છે, "દેવોમાં ઉત્તમપણે હોવાથી" એ યુક્તિ છે. અહીં અનેક પ્રકારે અન્વર્થ કહેવાને માટે ફરી સામાન્ય અને વિશેષ વડે ઉપસંહાર કરતાં કહે છે — 'શત્રુને હણનાર' ઈત્યાદિ પૂર્વવત્ જ છે. अरीणां हन्तारः જેથી અરિહંતાર, તેથી કહેવાય છે.

તથા રજને હણનાર, કેમકે રજને હણનાર હોવાથી તેમ કહેવાય. रज એટલે બધ્યમાનક કર્મ કહેવાય.

હવે અમોઘતા જણાવવાને માટે અપાંતરાલિક નમસ્કારના ફળને ઉપદર્શિત કરે છે. [બતાવે છે.]

● નિર્યુક્તિ-૯૨૩ :-

***અરહંતને કરેલો નમસ્કાર જીવને હજારો ભવોથી મુકાવે છે. તે વળી ભાવથી કરાય તો બોધિ લાભને માટે થાય છે.***

● વિવેચન-૯૨૩ :-

અરહંતને નમસ્કાર, તે અર્હન્નમસ્કાર. અહીં અર્હત્ શબ્દતી બુદ્ધિસ્થ અર્હત્ આકારવાળી સ્થાપના ગ્રહણ કરાય છે. નમસ્કાર તે નમઃ શબ્દ જ છે. जीव - આત્મા, મુકાવે છે - દૂર કરે છે, છોડાવે છે. કોનાથી? હજારો ભવોથી. ભાવ - ઉપયોગથી જો કરાય, અહીં સહસ્ર શબ્દ તો ૧૦૦૦ સંખ્યા દર્શાવે છે, તો પણ અહીં અર્થથી અનંત સંખ્યા જ જાણવી અર્થાત્ અનંત ભવોથી મૂકાવે છે - મોક્ષની પ્રાપ્તિ કરાવે છે, તેમ કહેલ છે.

[શંકા] બધાં જ ભાવથી પણ નમસ્કાર કરવામાં તદ્‌ભવે જ મોક્ષ ન થાય, તો પછી શા માટે કહેવાય છે કે — જીવને મુક્ત કરાવે છે, ઈત્યાદિ. [સમાધાન] જો કે તે જ ભવે મોક્ષને માટે થતો નથી, તો પણ ભાવના વિશેષાત્‌થી થાય છે. વળી 'બોધિ લાભને માટે થાય' તેમ કહ્યું. બોધિલાભ એ જલ્દી અને અવિકલ એવો મોક્ષનો હેતુ છે, તેથી આમ કહ્યું તેમાં કોઈ દોષ નથી. એમ ગાથાર્થ કહ્યો. તથા કહે છે —

● નિર્યુક્તિ-૯૨૪ :-

***ભવનો ક્ષય કરતાં એવા ધન્ય જીવોના હૃદયને ન છોડતો અરહંત નમસ્કાર અપધ્યાનને નિવારનારો થાય છે.***

● વિવેચન-૯૨૪ :-

'અરહંત નમસ્કાર' પૂર્વવત્. ભવનો ક્ષય કરતાં ધન્યોના. અહં ધન્યા - જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ ધનવાળા સાધુ આદિ, તેમને - ભવનો ક્ષય કરનારાને. અહીં તે ભવનું જીવિત તે ભવ, તેનો ક્ષય, તે ભવક્ષય, કરતાં એટલે આચરતાને, શું ? હૃદયને - ચિત્તને, ત્યાગ ન કરીને, હૃદયથી દૂર ન જઈને, ''વિસ્રોતસિકવારક'' - અહીં અપધ્યાનને વિસ્રોતસિકા કહ્યું. તેને વારક છે અર્થાત્ ધર્મધ્યાન જ એક આલંબનતા કરે છે.

● નિર્યુક્તિ-૯૨૫ :-

***એ પ્રમાણે મહાર્થ અરહંત નમસ્કારનું વર્ણન કરાયું, મરણ સમીપ આવતાં તે વારંવાર નિરંતર કરાય છે.***

● વિવેચન-૯૨૫ :-

અરહંત નમસ્કાર જ એ પ્રમાણે નિશ્ચે વર્ણન કરાયેલ મહાર્થ જેનો મહાન્ અર્થ છે તે. અલ્પ અક્ષર હોવા છતાં દ્વાદશાંગનો અર્થ સંગ્રહ કરેલ હોવાથી મહાર્થ છે. વળી તે કેવો છે ? તે કહે છે —



જે નમસ્કાર, 'મરણ' - પ્રાણ ત્યાગ લક્ષણમાં, ઉપાગ્ર-સમીપ ભૂત થઈ, અનવરત અને અનેકવાર કરાય છે. તેથી પ્રધાન આપત્તિમાં સમ અનુસ્મરણ કરવાથી ગ્રહણ કર્યો છે માટે મહાર્થ-પ્રધાન છે.

અહીં ભાષ્યકારશ્રી કૃત પાંચ ગાથાઓ મૂકેલી છે —

(૧) જ્વલનાદિ ભયમાં બાકીનાને છોડીને પણ એક મહામૂલ્ય રત્ન છે, યુદ્ધમાં કે અતિભયમાં જેમ અમોઘ શસ્ત્ર ગ્રહણ કરાય તેમ અહીં —

(૨) દ્વાદશાંગને છોડીને તે જ મરણ વખતે કરાય છે, જેથી અરહંત નમસ્કાર કરાય છે, તે કારણથી તે દ્વાદશાંગનો અર્થ છે.

(૩) સર્વે પણ દ્વાદશાંગ પરિણામ વિશુદ્ધિ માત્ર હેતુક છે, તે કારણ ભાવથી કેમ તેને માટે નમસ્કાર ન કહ્યો ?

(૪) કેમકે તે દેશ-કાળમાં બાર પ્રકારનું શ્રુત સ્કંધ આખું ચિંતવવું તે બાઢ અને સમર્થ ચિત્તથી પણ શક્ય નથી.

(૫) તેની પ્રણતીના સદ્‌ભાવથી, તે કારણે શુભ ચિત્ત વડે અનુસરવું જોઈએ. આ જ નમસ્કાર કૃતજ્ઞત્વ મન્યમાન છે. [આ ગાથા ભિન્ન સંબંદ્ધ છે.]

એ પ્રમાણે ગાથાર્થ કહ્યો. હવે ઉપસંહાર કહે છે —

● નિર્યુક્તિ-૯૨૬ :-

***અરહંત નમસ્કાર એ બધાં પાપોનો પ્રકૃષ્ટ નાશક છે અને તે સર્વે મંગલોમાં પ્રથમ - પ્રધાન મંગલ છે.***

● વિવેચન-૯૨૬ :-

કેટલું કહીએ ? આ અરહંત નમસ્કાર કેવો છે ? બધાં પાપનો નાશ કરનાર છે. તેમાં पांशयति - [પાપથી બહાર કાઢે] તેના નિપાતનથી 'પાપ' કહ્યું અથવા હિતને પીએ છે [હિત મેળવાય છે] માટે 'પાપ'.

सर्वम् - આઠે પ્રકારે પણ, कर्म - પાપ, જાતિ સામાન્ય અપેક્ષાથી કહ્યું. કહેલ છે કે — તત્ત્વથી પાપએ કર્મ જ છે, ઈત્યાદિ. તેનો નાશ કરે છે માટે સર્વપાપપ્રણાશન.

સર્વેમાં - નામાદિ લક્ષણ, મંગલોમાં પહેલું - પ્રધાન કેમકે તે પ્રધાન અર્થને કરનારું છે, અથવા આ પાંચ ભાવ મંગલ - અરહંત આદિ છે, તેમાં પહેલું એટલે કે આદ્ય મંગલ છે. हवइ मंगलं - મંગલ સંપ્રાપ્ત થાય છે, એ ગાથાર્થ છે.

અહીં સુધી અરહંત નમસ્કાર કહ્યો.

હવે સિદ્ધ નમસ્કાર કહીએ છીએ. તેમાં સિદ્ધ શબ્દનો શો અર્થ છે ? તે કહે છે :- - x - x - જે સિદ્ધ થાય છે. તે સિદ્ધ. જે જે ગુણ વડે નિષ્પન્ન - પરિનિષ્ઠિત છે, ફરી જેને સાધવાનું નથી. તે સિદ્ધ થયેલા ઓદનની માફક સિદ્ધ છે. તે સિદ્ધ શબ્દ સામાન્ય અપેક્ષાથી કહ્યો. અર્થથી તે ચૌદ પ્રકારે છે. તેમાં નામ, સ્થાપના, દ્રવ્ય એ ત્રણ સિદ્ધોને છોડીને બાકીના નિક્ષેપોનું પ્રતિપાદન કરવાને માટે કહે છે —

● નિર્યુક્તિ-૯૨૭ :-

***કર્મ, શિલ્પ, વિદ્યા, મંત્ર, યોગ, આગમ, અર્થ, યાત્રા, અભિપ્રાય, તપ અને કર્મક્ષય એ [બાકીના ૧૧માં સિદ્ધ કહેવા.]***

● વિવેચન-૯૨૭ :-

કર્મમાં સિદ્ધ તે કર્મસિદ્ધ અર્થાત્ કર્મમાં નિષ્ઠાને પામેલ. એ પ્રમાણે શિલ્પ સિદ્ધ, વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ, યોગસિદ્ધ, આગમસિદ્ધ, અર્થસિદ્ધ, યાત્રાસિદ્ધ, અભિપ્રાયસિદ્ધ, તપઃસિદ્ધ, કર્મક્ષયસિદ્ધ એ અગિયાર સિદ્ધો જાણવા. ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.

અવયવાર્થ તો પ્રતિદ્વારે કહેવાશે.

તેમાં નામસિદ્ધ અને સ્થાપનાસિદ્ધ સુખે જાણી શકાય છે. દ્રવ્યસિદ્ધ - નિષ્પન્ન થયેલ ઓદનને સિદ્ધ કહેવાય છે.

હવે કર્મસિદ્ધાદિની વ્યાખ્યા વડે કર્માદિ સ્વરૂપ જ જણાવે છે –

● નિર્યુક્તિ-૯૨૮ :-

***આચાર્યના ઉપદેશ વિના જે પ્રાપ્ત થાય તે કર્મ, જેમકે – કૃષિ, વાણિજ્ય આદિ. જે આચાર્યના ઉપદેશાદિથી શિખાય તે શિલ્પ. જેમકે – ઘટ, લોહારાદિ ભેદથી કાર્ય.***

● વિવેચન-૯૨૮ :-

અહીં કર્મ એટલે આચાર્યના ઉપદેશ વિના જ સાતિશય અનન્ય સાધારણ ગ્રહણ કરાય છે. શિલ્પ - અન્ય રીતે કહેવાયલ છે. અર્થાત્ જે આચાર્ય ઉપદેશજ કે ગ્રન્થનિબંધથી ઉત્પન્ન થાય છે. સાતિશય કર્મ પણ તેથી શિલ્પ કહેવાય છે. તેમાં ભારવહન, કૃષિ, વાણિજ્યાદિ કર્મ, ઘડો, લુહારાદિના ભેદથી શિલ્પ છે.

હવે કર્મસિદ્ધ ઉદાહરણ સહિત જણાવતા કહે છે –

● નિર્યુક્તિ-૯૨૯ :-

***જે સર્વ કર્મમાં કુશળ છે, અથવા જે જેમાં સુપરિનિષ્ઠિત થયો હોય, તેને સહ્યગિરિ સિદ્ધકની જેમ કર્મસિદ્ધ જાણવો.***

● વિવેચન-૯૨૯ :-

જે કોઈ સર્વ કર્મમાં કુશલ છે, અથવા જે કર્મમાં સુપરિનિષ્ઠિત છે ઈત્યાદિ ગાથાર્થ કહ્યો. ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ –

કોંકણક દેશમાં એક દુર્ગમાં સહ્યથી ભાંડ ઉતારતો અને ચડાવતો. તેમાં વિષયમાં જે ગુરુ ભારવાહી હતો તેને રાજાએ સમ્યક્ આજ્ઞપ્ત કરેલ કે આને મારે પણ માર્ગ આપી દેવો. પણ તેણે કોઈને ન આપવો.

આ તરફ એક સૈન્ધવીય પુરાણ, તે પ્રતિભગ્ન [દીક્ષા છોડેલો] વિચારે છે કે હું ત્યાં જઉં, જ્યાં આ જીવ કર્મમાં ભાંગે નહીં અને સુખને જાણે નહીં. તે આ ભાર વાહકોને મળ્યો. તે જવાને તૈયાર થતા કહે છે – કુકડાના અવાજથી પ્રતિબોધિત સિદ્ધ કહે છે – મને સિદ્ધિ આપો. જે રીતે સિદ્ધો સિદ્ધિમાં સહ્યકે ગયા છે.

તે તેઓમાં મહત્તર હતો, બધાંથી વધારે ભાર વહન કરતો હતો. તેણે સાધુને જોઈને માર્ગ આપ્યો. ભારવાહકો રોષિત થયા, રાજકુલે ફરિયાદ કરી, તેઓએ કહ્યું – અમારો રાજા પણ ભારથી દુઃખી થતાને માર્ગ આપે છે. તો તેં શ્રમણને માટે ખાલી કરીને માર્ગ કેમ આપ્યો ?



રાજાએ તેને કહ્યું – તેં ઘણું ખોટું કર્યું. મારી આજ્ઞા ઉલ્લંઘી. તે ભારવાહીએ કહ્યું – હે દેવ ! આપે મને ગુરુભારવાહી કરીને આ આજ્ઞા કરેલી ? રાજાએ કહ્યું – હા. જો એમ હોય તો સાધુ ગુરુતરભારવાહી છે. કઈ રીતે ? જે તે થાક્યા વિના ૧૮,૦૦૦ શીલાંગથી ભરેલ ભાર વહે છે, તે મારાથી પણ ઉપાડાતો ન હતો. તેણે ધર્મકથા કહી –

મહારાજ ! વહન કરાય તે ભાર. તે પણ વિશ્રામ લેતા વહન કરે છે, જ્યારે સાધુઓ શીલનો ભાર યાવજ્જીવન વિશ્રામ વિના વહન કરે છે. રાજા પ્રતિબોધ પામ્યો. તે સંવેગવાળો થયો. ઉધત થયો. આ કર્મસિદ્ધ.

હવે શિલ્પસિદ્ધને દૃષ્ટાંત સહિત જણાવવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૯૩૦ :-

***જે સર્વ શિલ્પ કુશળ છે અથવા જે જ્યાં સુપરિનિષ્ઠિત છે. તે કોકાશ સુતારની માફક સાતિશયી શિલ્પ સિદ્ધ જાણવો.***

● વિવેચન-૯૩૦ :-

જે કોઈ નિર્દિષ્ટ સ્વરૂપ સર્વ શિલ્પોમાં કુશલ હોય અથવા જે જ્યાં સુપરિનિષ્ઠિત હોય તે - શેષ ગાથાનો ભાવ કથાથી જાણવો.

સોપારક નગરમાં રથકારની દાસીનો બ્રાહ્મણથી દાસપુત્ર જન્મ્યો. તે મૂક ભાવથી રહેતો, જેથી કોઈ જાણે નહીં. રથકાર પોતાના પુત્રને શીખવતો પણ તે મંદબુદ્ધિથી ગ્રહણ કરતો ન હતો. તે દાસપુત્રે બધું ગ્રહણ કરી લીધું. રથકાર મૃત્યુ પામ્યો. રાજાએ દાસને તેના ઘરમાં સારરૂપ જે કંઈ હતું તે બધું આપી દીધું.

આ તરફ ઉજ્જૈનીમાં રાજા શ્રાવક હતો. તેને ચાર શ્રાવક હતા. એક રસોઈયો હતો, તે રાંધતો. તેને રૂચિ હોય તો જિમિત માત્રથી જીરણ કરતો. અથવા પ્રહર, બે - ત્રણ - ચાર - પાંચ યામથી જ્યાં સુધી ન રુચે ત્યાં સુધી ન જમતો. બીજો શ્રાવક અભ્યંગન કરતો, તે તેલના કુડવ-કુડવ શરીરમાં પ્રવેશ કરાવતો અને તેને જ બહાર કાઢતો હતો. ત્રીજો શ્રાવક શય્યા રચતો હતો. જો રુચે તો પહેલા પ્રહરે જાગતો અથવા બીજા, ત્રીજા, ચોથા પ્રહરે જાગતો અથવા સૂઈ જ રહેતો. ચોથો શ્રાવક શ્રીગૃહિક હતો. તેવું શ્રીગૃહ બનાવેલ કે ત્યાં જાય તો કંઈજ ન દેખાય. એવા ગુણો હતા.

તે રાજાને પુત્ર ન હતો. કામભોગથી નિર્વેદ પામીને તે રાજા પ્રવ્રજ્યાના ઉપાય વિચારતો રહેલો હતો.

આ તરફ પાટલીપુત્ર નગરમાં જિતશત્રુ રાજા હતો. તેણે તે નગરીને ઘેરો ઘાલી રુંધેલ હતી. એટલામાં તે રાજાને પૂર્વ કર્મની પરિણતિ વશ ગાઢ શૂળ ઉત્પન્ન થયું. તેણે ભક્તપ્રત્યાખ્યાન કર્યું. મરીને તે દેવલોકમાં ગયો. નગરજનોએ તે રાજાને નગરી આપી દીધી.

શ્રાવકોને બોલાવ્યા અને પૂછ્યું – શું કર્મક છે? ભાંડાગારિક પ્રવેશ્યો, કંઈ જ દેખાયું નહીં, બીજા દ્વારા દેખાડાયો. શય્યાપાલકે એવી શય્યા કરી, જેનાથી મુહૂર્તે મુહૂર્તે ઉઠી જાય છે, રસોઈયાએ એવી રસોઈ કરી, જેનાથી વારંવાર જમવા લાગ્યો. અભ્યંગકે એક પગનું તૈલ ન કાઢ્યું, જે મારી જેવો હોય તે કાઢશે. ચારે શ્રાવકોએ દીક્ષા લીધી.

તે રાજા તે તેલથી બળતા-બળતા કાળો થઈ જતાં તેનું કાકવર્ણ નામ થઈ ગયું.

આ તરફ સોપારક નગરમાં દુષ્કાળ પડ્યો. કોકાશ ઉજ્જૈની ગયો. રાજાને મારે કઈ રીતે જણાવવું ? કપોત વડે ગંધશાલીને અપહરે છે. કોષ્ઠાગારિકે કહ્યું, માર્ગણા કરતાં કોકાસને જોયો, લઈ આવ્યા. રાજાએ જાણ્યું કોકાસને આજીવિકા આપીને રાખ્યો.

તેણે આકાશગામી કીલિકા પ્રયોગથી નિર્મિત ગરુડ બનાવ્યું. તે રાજા તે કોકાશની સાથે અને રાણીને લઈને આકાશ માર્ગે ચાલે છે. જે તેને નમે નહીં તેને રાજા કહેતો કે હું આકાશ માર્ગે આવીશે મારીશ. તે બધાં તેની આજ્ઞામાં આવી ગયા. તે રાણીને બાકીની રાણીઓ પૂછતી - કઈ કીલિકાથી આ યંત્ર નિવર્ત્તેલ છે, એક રાણીએ જતા જતા ઈર્ષ્યાથી નિવર્ત્તન કીલિકા કાઢી લીધી, પછી નિવર્ત્તન વેળાએ ખબર પડી. ગરૂડ રોકી શકાતું ન હતું. તેથી ઉદ્દામ જતા જતા કલિંગમાં અસિલતાથી પાંખો ભાંગી ગઈ. પાંખ વિનાનું થઈ જતાં તે ગરુડ યંત્ર પડી ગયું.

ત્યારપછી તેના સંઘાતન નિમિત્તે ઉપકરણને માટે કોકાશ નગરમાં ગયો. ત્યાં રથકાર રથનું નિર્માણ કરતો હતો. એક ચક્રનું નિર્માણ કર્યુ. એકનું બધું તૈયાર થયું. કંઈક કંઈક તૈયાર થયેલ ન હતું. પછી તેના ઉપકરણો માંગે છે. તેણે કહ્યું — હું ઘેરથી લઈને આવું છું. રાજકુળમાંથી ઉપકરણ કાઢવાનું શક્ય બનશે નહીં.

તે રથકાર ગયો. કોકાસે તેને સંઘટિત કર્યો. ઉંચો કરીને ગયો. આસ્ફોટિત કરતાં તે પશ્ચાત્ મુખ ચાલવા લાગ્યો. ઉભો રાખ્યો તો પણ ન પડ્યો. બીજાનો રથ અત્યંત ચાલતો હતો. આસ્ફોટન કરતાં પડી જતો હતો. રથકાર આવ્યો, નિર્માણ કરેલ રથને જોયો. જલ્દીથી જઈને રાજાને કહે છે કે — કોકાશ આવી ગયો છે. જેના બળથી કાકવર્ણ રાજાએ બધાં રાજાને વશમાં લઈ લીધા છે. તે પછી તેને પકડી લીધો. - x - x -

કોકાશને કહ્યું — મારા સો પુત્રોનો સાત મંઝીલવાળો પ્રાસાદ કરો. મારો પ્રાસાદ મધ્યમાં રાખો. પછી બધાંને રાજકુલમાં લાવી દઈશ. તેણે નિર્માણ કર્યુ. કાકવર્ણના પુત્રને માટે લેખ મોકલ્યો. આવીજા, નહીં તો હું ત્યાં આવીને તને મારી નાંખીશ. - x - રાજા પુત્ર સહિત પ્રાસાદમાં રહી ગયો. કીલિકા આહત કરતા સંપુટ થઈ ગયો. પુત્ર સહિત તે રાજા મૃત્યુ પામ્યા.

કાકવર્ણના પુત્રે તે સર્વ નગર ગ્રહણ કર્યુ. માતા-પિતા અને કોકાશ બધાંને છોડાવ્યા. આવા પ્રકારે શિલ્પ સિદ્ધ કહ્યો.

હવે વિધાસિદ્ધને પ્રતિપાદિત કરવા તેનું સ્વરૂપ કહે છે.

**● નિર્યુક્તિ-૯૩૧ :-**

***સ્ત્રીદેવી અભિહિત હોય તે વિધા, પુરુષ [દેવતા] અભિહિત હોય તે મંત્ર એટલો ફર્ક છે અથવા સાધનાથી સિદ્ધ થાય તે વિધા અને સાધના વિના જ સિદ્ધ હોય તે મંત્ર.***

**● વિવેચન-૯૩૧ :-**

વિદ્ર - લાભમાં, કે વિદ્ - સતામાં થાય છે. તેનું વિધા થયા છે. મન્ત્રિ - ગુપ્ત





ભાષણ, તેનો મંત્ર થયો. અર્થાત્ જે મંત્રમાં દેવતા સ્ત્રી હોય તે વિધા, જેમકે અંબા, કુષ્માંડી. જેમાં દેવતા પુરુષ હોય તે મંત્ર, જેમકે - વિધારાજ, હરિણેગમેષી ઈત્યાદિ. ઈત્યાદિ - x -

હવે વિધા સિદ્ધને નિદર્શન સહિત બતાવે છે —

**● નિર્યુક્તિ-૯૩૨ :-**

***બધી વિધાનો ચક્રવર્તી હોય તે વિધાસિદ્ધ અથવા કોઈ એક મહાવિધા જેને સિદ્ધ હોય તે આર્ય ખપુટની માફક વિધાસિદ્ધ જાણવો.***

**● વિવેચન-૯૩૨ :-**

બધી વિધાના અધિપતિ - ચક્રવર્તી તે વિધામાં સિદ્ધ એવા વિધા સિદ્ધ કહેવાય છે. અથવા જેને એકપણ વિધા સિદ્ધ થાય તે 'મહાવિધા' મહાપુરુષદત્તાદિ રૂપ તે વિધા સિદ્ધ, સાતિશયત્વથી, કોની જેમ ? આર્યખપુટ માફક. આ ગાથાર્થ કહ્યો. ભાવાર્થ કથાનકથી જાણવો.

વિધાસિદ્ધ આર્યખપુટ આચાર્ય હતા. તેને બાળ ભાણેજ હતો. તેણે આચાર્ય પાસેથી વિધા કાન વડે ચોરેલી હતી. વિધાસિદ્ધને નમસ્કાર વડે પણ વિધા થાય છે. તે વિધા ચક્રવર્તી. તે ભાણેજને સાધુની પાસે રાખીને ગુડશસ્ત્ર નગરે ગયા. ત્યાં પરિવ્રાજક સાધુ સાથે વાદમાં હારીને, ખેદ પામીને કાળગત થયેલો - મૃત્યુ પામેલો હતો. તે ગુડશસ્ત્ર નગરે વ્યંતર થયેલો.

તેણે ત્યાં બધાં સાધુને ઉપસર્ગો કરવા શરૂ કરેલા. તે નિમિત્તે ખપુટાચાર્ય ત્યાં ગયેલા, તેણે જઈને તે વ્યંતરને બંને કાનમાં જોડા બાંધી દીધા. દેવકુલિકે આવીને જુએ છે. ત્યારે તે વ્યંતર બધાં લોકોને લાકડી વડે મારતો પાછળ દોડે છે, લોકો પગે પડીને પોતાને મુક્ત કરવા વિનંતી કરવા લાગ્યા ત્યારે આર્ય ખપુટે તે વ્યંતરને પોતાના પ્રભાવથી અંકુશમાં રાખ્યો. - x - x -

એ જ પ્રમાણે કેટલાંક સમય બાદ ખપુટાચાર્યનો ભાણેજ આહાર લાલસાના કારણે ભૃગુકચ્છ નગરમાં બૌદ્ધ સાધુ થઈ ગયો. તે પોતાની વિધાના પ્રભાવથી પાત્રાને આકાશમાં તરતા મૂકતો. ઉપાસકોના ઘટમાંથી આહારના પાત્રો ભરીને પાછા લઈ લેતો હતો.

લોકો તેનાથી ઘણાં પરેશાન થવા લાગ્યા. ત્યારે શ્રી સંઘે આર્ય ખપુટ પાસે જઈને બધી વાત કરી, આ રીતે અક્રિયાવાદી બુદ્ધ ઉત્પન્ન થયેલો છે, જેના કારણે બધાં સાધુ પરેશાન થાય છે.

કોઈ વખતે તે બુદ્ધ દ્વારા ભરેલા પાત્રા આકાશમાથી આવી રહ્યા હતા. ત્યારે ખપુટાચાર્યએ આકાશમાં પાષાણની સ્થાપના કરી, તેને લીધે બધાં જ પાત્રા ભાંગી ગયા. ત્યારે તે બાળ સાધુ ભયભીત થઈને નાસી ગયો. ત્યારપછી ખપુટાચાર્ય ત્યાં આવ્યા. ત્યારે બોદ્ધોએ કહ્યું કે આવો અને બુદ્ધને પાદવંદના કરો. ત્યારે આચાર્યએ કહ્યું કે તે બુદ્ધ તો નાસી ગયા છે, ત્યારે તે બુદ્ધો આચાર્યના પગમાં પડી ગયા. - x - x - આવી રીતે તે વિધાસિદ્ધ હતા.

હવે મંત્રસિદ્ધને નિદર્શન સહિત દર્શાવે છે —

● નિર્યુક્તિ-૯૩૩ :-

*બધાં મંત્રો સ્વાધીન હોય અથવા ઘણાં મંત્રવાળો હોય કે કોઈ પ્રધાન મંત્રવાળો હોય, તેને મંત્રસિદ્ધ જાણવો. જેમ સાતિશયથી તે સ્તંભ આકર્ષ [થાંભલા ખેંચનારો] હતો.*

● વિવેચન-૯૩૩ :-

સ્વાધીન સર્વ મંત્રો કે ઘણાં મંત્રોવાળો, મંત્રોમાં સિદ્ધ તે મંત્રસિદ્ધ અથવા પ્રધાન મંત્રવાળો, પ્રધાન એક મંત્રવાળો જાણવો. તે મંત્રસિદ્ધ, કોના જેવો ? સાતિશય સ્તંભને આકર્ષનાર સમાન. ભાવાર્થ કથાનકથી જાણવો. તે કથાનક આ પ્રમાણે છે—

એક નગરમાં ઉત્કૃષ્ટ શરીરવાળો રાજા, વિષય લોલુપતાથી સાધ્વીને લઈ ગયો. સંઘ સમવાયમાં એક સિદ્ધમંત્ર સાધુએ રાજાના આંગણમાં સ્તંભો રહેલા હતા. તેને અભિમંત્રિત કર્યા. આકાશમાં ઉછાળીને ખટ્ ખટ કરે છે. પ્રાસાદના સ્તંભો પણ ચલિત થવા લાગ્યા. ભયભીત થઈને રાજાએ સાધ્વીને મુક્ત કરી અને સંઘને ખમાવ્યો.

આવા પ્રકારનો મંત્રસિદ્ધ હોય છે.

હવે દૃષ્ટાંત સહિત યોગસિદ્ધને પ્રતિપાદિત કરતાં કહે છે —

● નિર્યુક્તિ-૯૩૪ :-

*બધાં દ્રવ્ય યોગ પરમ આશ્ચર્યકારી ફળ આપનારા પણ જેની પાસે હોય અથવા કોઈ એક યોગ હોય તે યોગસિદ્ધ, જેમ આર્ય સમિત.*

● વિવેચન-૯૩૪ :-

બધાં પણ - સંપૂર્ણપણે દ્રવ્યયોગ, પરમ અદ્‌ભુત ફળવાળા હોય અથવા એક પણ દ્રવ્યયોગ [ચૂર્ણ] જેની પાસે હોય તે સિદ્ધ છે, તેને યોગસિદ્ધ કહ્યો. યોગોમાં કે યોગમાં સિદ્ધ તે યોગસિદ્ધ. - x - આ રીતે ગાથાર્થ કહ્યો. હવે ભાવાર્થ માટે કથાનક કહે છે —

આભીર દેશમાં કૃષ્ણા અને બેન્ના નદીના આંતરામાં તાપસો વસતા હતા. તેમાં એક તાપસ પાદુકાનો લેપ કરીને પાણીમાં ચંક્રમણ કરતો ભમતો હતો, આવતો અને જતો હતો. એ પ્રમાણે તેણે લોકોને આવર્જ્યા. શ્રાવકો હીલના પામવા લાગ્યા.

વજસ્વામીના મામા આર્યસમિત વિચરતા ત્યાં આવ્યા. ત્યારે શ્રાવકો ઉપસ્થિત થયા. આચાર્યએ કહ્યું — આર્યો ! કેમ પ્રતીક્ષા કરતા નથી ? આ યોગથી કોઈપણ પગનું મર્દન કરે, તે આવું અર્થપદ પામે છે. તે તાપસને લઈ આવ્યા. અમે પણ દાન આપીએ એમ કહ્યું.

ત્યારપછી તે શ્રાવકો બોલ્યા — ભગવન્ ! બંને પગ ધોવા દો. અમે પણ અનુગૃહિત થઈશું. તાપસની ઈચ્છા ન હોવા છતાં તેના બંને પગ અને પાદુકા ધોયા. પછી તાપસ પાણીમાં ગયો, ત્યાં ડૂબવા લાગ્યો. તેની ઘણી-ઘણી નિંદા થઈ, આવા દંભથી લોકોને ઠગે છે.

ત્યારપછી આચાર્ય નીકળ્યા, યોગ [ચૂર્ણ] ફેંક્યુ, નદીને કહ્યું — હે બેન્ના નદી ! મને કિનારો આપ, હું પૂર્વ કુલે જઈ શકું. બંને કિનારા ભેગા થઈ ગયા. તે તાપસો પણ બોધ પામ્યા, દીક્ષા લીધી. બ્રહ્મદ્વીપમાં રહેનારા બ્રહ્મદ્વીપકા થયા. આ



આવા પ્રકારે યોગસિદ્ધ.

હવે આગમ અને અર્થ સિદ્ધને પ્રતિપાદન કરે છે —

● નિર્યુક્તિ-૯૩૫ :-

*આગમસિદ્ધ - સર્વાંગ પારગ ગૌતમસ્વામીની માફક ગુણનો રાશિ હોય છે, પ્રચુર ધનવાળો અથવા ધનપ્રાપ્તિમાં રત એવો મમ્મણ શેઠની માફક અર્થસિદ્ધ કહેવાય છે.*

● વિવેચન-૯૩૫ :-

સર્વાંગપારગ અર્થાત્ બાર અંગોને જાણનાર. આ મહાઅતિશયવાન્ હોય છે. જેથી કહ્યું છે — સંખ્યાતીત ભવોને કહે છે અથવા બીજો કોઈ જે પૂછે તે કહે છે. અનતિશયી એમ જાણતા નથી તે છદ્મસ્થ છે. ઈત્યાદિ. આ આગમસિદ્ધો ગૌતમની જેમ ગુણના રાશિ છે. અહીં ઘણાં જ સાતિશય ચેષ્ટિતના ઉદાહરણો છે. તથા પ્રચુરાર્થ - પ્રભૂતાર્થ કે અર્થપરાયણ હોય તે અર્થસિદ્ધ કહેવાય છે. તેના અતિશયના યોગથી મમ્મણવત્. આ ગાથા અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ કથાનકથી જાણવો. તે આ છે —

તેમાં આગમસિદ્ધ - જે સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્ય આદિ હોય, તેઓ જે ચેષ્ટા કરે છે, તે ભગવંત - ઉપયોગવંત થઈને ત્યારે જાણે છે.

અર્થસિદ્ધ - રાજગૃહનગરમાં મમ્મણશેઠ હતો. તેણે ઘણાં ક્લેશથી અતિબહુલ દ્રવ્ય ભેગું કરેલ હતું. તે તેને ન ખાતો કે ન પીતો હતો. પ્રાસાદની ઉપર એણે અનેક કોટિ વડે નિર્મિત ગર્ભસાર સુવર્ણનો દિવ્યરત્ન પર્યાપ્ત, શ્રેષ્ઠ વજના શ્રૃંગનો એક મોટો બળદ કરાવેલ હતો અને તેવો જ બીજો બળદ બનાવવાનો શરૂ કર્યો હતો. તે પણ ઘણો નિર્માત થયેલો.

આ અરસામાં વર્ષારાત્રિમાં તેના નિર્માણ નિમિત્તે મમ્મણ કચ્છો બાંધીને, બીજું નદીના પુરમાં, કાષ્ઠ ઉપર થઈને લાકડાઓ ઉતારતો હતો. આ તરફ રાજા, રાણી સાથે અવલોકન માટે નીકળીને ઉભો હતો. તે તથાવિ અતીવ કરુણા આલંબનરૂપ રાણીએ જોયો. ત્યારે તે અમર્ષસહિત બોલે છે — સત્ય સાંભળો. રાજાઓ તો મેઘ અને નદી સમાન હોય છે. ખાલી થયેલાને પ્રયત્નથી વર્જે છે ઈત્યાદિ - x -

રાજાએ પૂછ્યું — કઈ રીતે ? રાણી બોલી - જે આ ગરીબ ક્લેશ પામે છે. રાજાએ તેને બોલાવીને પૂછ્યું — કેમ દુઃખી થાય છે ? તે બોલ્યો — મારે એક બળદ છે, તેનો સંઘાટક બીજો બળદ પુરો થતો નથી. ત્યારે રાજાએ તેને કહ્યું — ૧૦૦ બળદ લઈ જા, મમ્મણ બોલ્યો — મારે તેનું પ્રયોજન નથી. તેનો જેવો જ બીજો બળદ કરવો છે, જેવો પહેલો બળદ છે.

તે બળદ કેવો છે ? મમ્મણ, રાજાને પોતાને ઘેર લઈ જઈને બતાવ્યો. રાજા બોલ્યો — આખો રાજનો ભંડાર આપી દઉં તો પણ આ બળદ પૂરો ન થાય. તારે દેવતા જેવો વૈભવ છે. તારી તૃષ્ણાને ધન્ય છે. મમ્મણ બોલ્યો, જ્યાં સુધી આ બળદ પૂરો ન થાય ત્યાં સુધી મને સુખ ન થાય.

તેના ઉપાયનો આરંભ કર્યો. - x - x - રાજાએ પૂછ્યું કે જો તારે આટલું બધું છે, તો શા માટે થોડાંક ખાતર દુઃખી થાય છે. તેણે કહ્યું — મારું શરીર

કલેશક્ષમ છે. વ્યાપાર પછી પણ આ ઘર્ષિત થતું નથી. વર્ષા રાત્રિમાં લાકડાઓ લાવવા છતાં પણ તેમજ છે. ત્યારે રાજા બોલ્યો – તું જ તારા મનોરથ પૂરા કર. કેમકે તું જ તે પૂરા કરવા સમર્થ છે. હું પુરા કરી શકીશ નહીં. તેણે સમય જતાં પૂરા કર્યા. રાજાનો ત્યાંથી નીકળી ગયો.

આ આવા પ્રકારે અર્થસિદ્ધ કહ્યો. હવે યાત્રાદિ સિદ્ધ કહે છે –

● નિર્યુક્તિ-૯૩૬ :-

***જેની યાત્રા નિત્ય સિદ્ધ છે, જેમ વર પામેલા તુંડિક વગેરે માફક, તે જ નિશ્ચે યાત્રાસિદ્ધ છે. અભિપ્રાય એ બુદ્ધિનો પર્યાય છે.***

● વિવેચન-૯૩૬ :-

જે નિત્ય યાત્રાસિદ્ધ છે. શું કહેવા માંગે છે ? સ્થળ અને જલચારી માર્ગમાં સદૈવ અવિસંવાદિતાથી તે અહીં લેવા. અથવા વર(દાન) પામેલા જે તુંડિક આદિ જેવા છે, તે યાત્રા સિદ્ધ છે. ઉત્તર દ્વારના અનુસંધાનાર્થે કહે છે. અભિપ્રાય એ બુદ્ધિનો પર્યાય છે. એમ ગાથાર્થ કહ્યો.

ભાવાર્થ તો આખ્યાનગોચર છે. તે આ પ્રમાણે – પહેલાથી આ જ સુધીમાં જે બાર વખત સમુદ્રને અવગાહીને કૃતકાર્ય આવે છે તે યાત્રાસિદ્ધ. તેમાં બીજા પણ જતા એવા યાત્રાસિદ્ધિ નિમિત્તો દેખાય છે.

એક ગામમાં તુંડિક નામે વણિક્ હતો. તેને લાખ વખત વહાણ ભાંગ્યુ, તો પણ તે યાત્રાથી અટકતો નથી અને કહે છે – જળમાં જે નાશ પામ્યુ છે, તે જળમાં જ પ્રાપ્ત થશે. સ્વજનાદિ વડે અપાતું તે લેતો નથી. ફરી ફરી, તે-તે ભાંડ લઈને જાય છે. તેના નિશ્ચયથી દેવતા પ્રસન્ન થયા. પ્રચુર પ્રચુર દ્રવ્ય આપ્યું અને પૂછ્યું – બીજું પણ અમે તારા માટે શું કરીએ ?

તુંડિકે કહ્યું – જે મારું નામ લઈને સમુદ્રમાં જાય તે વિપત્તિ પામ્યા વિના પાછો આવે - તેમ કરો. તેઓએ એ વાત કબુલ રાખી. એ પ્રમાણે આ યાત્રાસિદ્ધ કહ્યો. બીજા એવું કહે છે કે –

ખરેખર નિર્યામકનું વાસુલ સમુદ્રમાં પડી ગયું. તે [તુંડિક] તેને માટે સમુદ્રને ખાલી કરવામાં પ્રવૃત્ત થયો. તેને થાક્યા વગર તેમ કરતો જોઈને દેવતા દ્વારા વરદાન અપાયું.

હવે અભિપ્રાયસિદ્ધને પ્રતિપાદનાર્થે કહે છે.

● નિર્યુક્તિ-૯૩૭ :-

***જેની મતિ [બુદ્ધિ] વિપુલ, વિમલ, સૂક્ષ્મ હોય અથવા જે ચાર પ્રકારની બુદ્ધિથી સંપન્ન હોય તે બુદ્ધિ સિદ્ધ છે અને તે આ બુદ્ધિ છે –***

● વિવેચન-૯૩૭ :-

વિપુલ - વિસ્તારવાળી, એક પદ વડે અનેક પદને અનુસરનારી, વિમલા - સંશય વિપર્યય અનધ્યવસાય મળતી રહિત, સૂક્ષ્મા - અત્યંત દુઃખાવબોધ સૂક્ષ્મ વ્યવહિત અર્થને જાણવામાં સમર્થ.

આવા પ્રકારની જેની બુદ્ધિ છે, તે બુદ્ધિસિદ્ધ કહેવાય.



અથવા તે બુદ્ધિ ચાર ભેદે કહેલી છે – ઔત્પાત્તિકી આદિ ભેદથી બુદ્ધિ વડે સંપન્ન તે બુદ્ધિસિદ્ધ કહેવાય છે.

તે ચાર પ્રકારની બુદ્ધિ હવેની નિર્યુક્તિમાં બતાવે છે –

● નિર્યુક્તિ-૯૩૮ :-

***ઔત્પાત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિ કહેલી છે. પાંચમી બુદ્ધિ જોવા મળતી નથી.***

● વિવેચન-૯૩૮ :-

(૧) ઉત્પત્તિ એ જ જેનું પ્રયોજન છે તે ઔત્પાત્તિકી, [પ્રશ્ન] આનું પ્રયોજન ક્ષયોપશમ છે ? [ઉત્તર] સત્ય. પરંતુ તે કારણ તો અંતરંગ કારણ છે, સર્વબુદ્ધિ સાધારણ છે, માટે તેની વિવક્ષા કરતા નથી. બીજા શાસ્ત્ર કે કર્માભ્યાસાદિની અપેક્ષા રાખતા નથી.

(૨) વિનય - ગુરુ શુશ્રૂષા. તે જેમાં કારણ છે, અથવા તે જ મુખ્ય છે જેમાં તે બુદ્ધિ વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૩) આચાર્ય રહિત તે કર્મ, આચાર્ય સહિત તે શિલ્પ. ક્યારેક કર્મ અને શિલ્પ એ નિત્ય વ્યવહાર કહેવાય છે. "कर्मजा" કર્મ વડે ઉત્પન્ન થયેલ બુદ્ધિ, તે કર્મજા બુદ્ધિ કહેવાય છે.

(૪) परि - ચોતરફથી નમન પરિણામ - સુદીર્ઘકાળ પૂર્વાપરાર્થ અવલોકનાદિ જન્ય આત્મધર્મ. તે જેમાં કારણ છે કે તે મુખ્ય જેમાં છે તેવી બુદ્ધિ તે પારિણામિકી બુદ્ધિ કહેવાય છે.

જેના વડે બોધ થાય તે બુદ્ધિ અર્થાત્ મતિ. તેને ચાર પ્રકારે તીર્થંકર અને ગણધરોએ કહેલી છે કેમ ? કારણ કે તેનાથી પાંચમી બુદ્ધિ ઉપલબ્ધ થતી નથી. કેવલીને પણ તે અસત્ છે.

ઔત્પાત્તિકીના લક્ષણ જણાવવા માટે કહે છે –

● નિર્યુક્તિ-૯૩૯ :-

***પૂર્વે ન જોયેલ, ન સાંભળેલ, ન જાણેલ તે જ ક્ષણે વિશુદ્ધ અર્થને ગ્રહણ કરેલ, અવ્યાઘાત ફળ સાથે યોગ કરાવનારી જે બુદ્ધિ તેને ઔત્પાત્તિકી નામની બુદ્ધિ કહેવાય છે.***

● વિવેચન-૯૩૯ :-

પૂર્વમ્ - બુદ્ધિના ઉત્પાદથી પહેલાં, સ્વયં ન જોયેલ કે બીજા પાસે ન સાંભળેલ, મનથી પણ આલોચના ન કરેલ. તે જ ક્ષણે વિશુદ્ધ એટલે કે યથાવસ્થિત ગ્રહણ કરેલ - અવધારેલ, અર્થ - અભિપ્રેત પદાર્થ જેના વડે તે બુદ્ધિ - તથા -

અહીં એકાંતે આલોક કે પરોલકથી અવિરુદ્ધ. બીજા ફળને અબાધિત અથવા અવ્યાહત કહેવાય છે, ફળ-પ્રયોજન તે અવ્યાહતફળ, તેવા યોગો જેના છે તે યોગિની એવી બુદ્ધિ.

બીજા કહે છે – અવ્યાહત ફળ વડે યોગ જેનો છે, તેવી બુદ્ધિ તે ઔત્પાત્તિકી નામની બુદ્ધિ કહેવાય છે.

હવે વિનેયજનના અનુગ્રહાર્થે આના જ સ્વરૂપને પ્રતિપાદન કરવાને માટે ઉદાહરણો પ્રતિપાદન કરતા કહે છે –

**• નિર્યુક્તિ-૯૪૦ થી ૯૪૨ :-**

*૧- ભરતની શિલા, ૨- પણ, ૩- વૃક્ષ, ૪- ક્ષુલ્લક, ૫- પટ, ૬- સરટ, ૭- કાગડો, ૮- વિષ્ટા, ૯- હાથી, ૧૦- ભુંડ, ૧૧- ગોળો, ૧૨- સ્તંભ, ૧૩- ક્ષુલ્લક [શિષ્યા], ૧૪- માર્ગ સ્ત્રી, ૧૫- પતિ, ૧૬- પુત્ર. આ દૃષ્ટાંત છે.*

*૧- ભરતશિલા, ૨- મેંઢ, ઘેટું, ૩- કુકડો, ૪- તલ, ૫- વાલુકા, ૬- હાથી, ૭- કૂવો, ૮- વનખંડ, ૯- ખીર, ૧૦- બકરીની લિંડી, ૧૧- પત્ર, ૧૨- ખાડ હિલ્લા, ૧૩- પાંચ પિતા.....*

*૧૭- મધપુડો, ૧૮- મુદ્રિકા, ૧૯- અંક, ૨૦- નાણક, ૨૧- ભિક્ષુ, ૨૨- ચેટક નિધાન, ૨૩- શિક્ષા, ૨૪- અર્થશાસ્ત્ર, ૨૫ મારી ઈચ્છા, ૨૬- લાખ. [આટલા દૃષ્ટાંતો અહીં વિચારવા.]*

**• વિવેચન-૯૪૦ થી ૯૪૨ :-**

આ ગાથાઓનો અર્થ કથાનકો વડે જાણવો. તે આ પ્રમાણે – (૧) ભરતશિલા – ઉજ્જૈની નગરીની નજીક એક નટોનું ગ્રામ હતું. ત્યાં એક નટની પત્ની મૃત્યુ પામી. તેનો પુત્ર નાનો હતો. તે નટડ બીજી પત્ની લાવ્યો. તે બીજી પત્ની તે બાળક સાથે સારો વર્તાવ રાખતી ન હતી. તે બાળકે કહ્યું – મારી નવી મા મારી સાથે યોગ્ય વર્તાવ કરતી નથી. તો તેવું કંઈક કરું કે જેથી તે મારા પગે પડી જાય. [ત્યારપછી]

તેણે રાત્રિના પિતાને સહસા કહ્યું – આ અધમ છે, અધમ છે. નટે જાણ્યું કે મારી પત્ની વિનષ્ટ છે, નટ મંદ રાગવાળો થયો. નવી મા બોલી – હે પુત્ર ! તું એવું ન કરીશ. પુત્ર બોલ્યો – મારી સાથે બરાબર કેમ વર્તતી નથી ? તેણી બોલી – હવે વર્તીશ. તું વર્તીશ તો હું સારું કરી દઈશ.

તેણી પુત્ર સાથે બરાબર વર્તવા લાગી. અન્યદા છાયામાં જ આ અધમ છે, અધમ છે, એમ બોલતા, પૂછ્યું કોણ ? તેણે છાયા દર્શાવી. ત્યારે તેનો પિતા લજ્જા પામ્યો. તેની પત્નીમાં ઘન રાગવાળો થયો. તે પણ પિતા સાથે શાંતિથી જમવા લાગ્યો.

અન્ય કોઈ દિવસે પિતાની સાથે ઉજ્જૈની ગયો. નગરી જોઈને પિતા-પુત્ર બંને નીકળી ગયા. તેના પિતા કંઈક ભૂલી જવાથી ફરી ત્યાં ગયા. તે પુત્રએ શિપ્રાનદીની રેતીમાં ઉજ્જૈની નગરી આલેખી. તે નગરી અંતઃપુર સહિત આલેખી. પછી ત્યાં રાજા આવ્યો. રાજાને અટકાવીને કહ્યું – રાજકુળના ગૃહની મધ્યે ન જતા, ઈત્યાદિ - x - રાજાએ પૂછ્યું કે તું ક્યાં રહે છે? ગામ વગેરે. તેટલામાં તે બાળકના પિતા આવી ગયા.

રાજાને ૫૦૦ મંત્રીમાં એક ઓછો હતો. તે એક મંત્રી શોધતો હતો. કે જે બધાં મંત્રીઓમાં મુખ્યમંત્રી બને. તેની પરીક્ષા નિમિત્તે તે ગામને કહ્યું – તારા ગામની બહાર મોટી શિલા છે, તેનો મંડપ બનાવ. તે ઓ તો અધૃતિને પામ્યો. તે બાળક 'રોહક' નામે હતો, ભુખ્યો થયેલો. તેના પિતા ગ્રામની પાસે ઉભા હતા. સૂર્યાસ્ત સમયે રડતો રડતો આવ્યો. અમે ભુખ્યા ઉભા છીએ. ઈત્યાદિ - x - x - તે રોહકે કહ્યું – તે શીલાની નીચે ખોદીને સ્તંભ આપો, થોડી થોડી ભૂમિ બનાવી. પછી



ઉપલેપન ઉપચારથી મંડપ બનાવ્યો.

એ રીતે મંડપ થઈ ગયા પછી રાજાને નિવેદન કર્યું. રાજાએ પૂછ્યું કે આ મંડપ કોણે બનાવ્યો ? તે ભરત નટના પુત્ર રોહકે બનાવ્યો.

આ તેની ઔત્પાતિકી બુદ્ધિ. એ પ્રમાણે બધે યોજના કરવી.

(૨) ઘેટું - ત્યારપછી રાજાએ ઘેટું મોકલ્યું. કહેવડાવ્યું કે – આને ખવડાવજો. પરંતુ તેનું જેટલું વજન છે, તેટલાં જ વજનનું ઘેટું પાછું આપવું. ભરતનટે તેને પૂછ્યું, રોહકે કહ્યું – તેને વરુ નજીક બાંધો દો અને ઘાસ વગેરે ખાવા આપો. તે ખાશે એટલે વજન ઘટશે નહીં અને વરુને જોઈને વજન વધશે નહીં.

(૩) કુકડો - એ પ્રમાણે કુકડાને અરીસા સામે લડાવ્યો.

(૪) તલ - તલ જેટલું તેલ આપવું. તલને દર્પણ વડે માપ્યા.

(૫) વાલુકા - રેતીનું દોરડું મંગાવ્યું, કહ્યું કે નમુનો મોકલો.

(૬) હાથી - વૃદ્ધ હાથીને ગામમાં મોકલ્યો, હાથી અલ્પાયુ હતો, મરેલો પાછો આપ્યો પણ 'મર્યો છે' તેમ નિવેદન ન કરવું. રોજેરોજની તેની પ્રવૃત્તિ કહેવી. પાછો નહીં આપો તો તમને પકડી લઈશું. હાથી મરી ગયો. તે ગ્રામિકો ખેદ પામ્યા. ત્યારે ભરતના પુત્ર રોહકના વચનથી નિવેદન મોકલ્યું કે તે હાથી ઉભો થતો નથી, બેસતો નથી, ખાતો નથી, નીહાર [મળત્યાગ] કરતો નથી. શ્વાસ લેતો નથી વગેરે વગેરે. રાજાએ પૂછ્યું – તો શું હાથી મરી ગયો છે ? ગ્રામિકો બોલ્યા એવું તમે કહો છો, અમે કહ્યું નથી.

(૭) કૂવો - તમારા ગામનો કૂવો મોકલો. રોહકે કહેવડાવ્યું કે આ ગામનો કૂવો છે, તે આવવા સમર્થ નથી, તમે નગરના કૂવાને લેવા મોકલો.

(૮) વનખંડ - ગામથી વનને પૂર્વ દિશામાં કરી દો. ત્યારે રોહકે ગામને પશ્ચિમ દિશામાં વસાવી દીધું.

(૯) ખીર - આગ વિના રાંધવા કહ્યું, તો છાણ અને ઘાસની ઉષ્મા વડે રાંધી બતાવી.

ત્યારપછી રાજાએ એ પ્રમાણે પરીક્ષા કરીને પછી આજ્ઞા કરી કે – તે જ બાળક સાથે આવી જાઓ. તે પણ શુક્લ પક્ષમાં નહીં કે કૃષ્ણ પક્ષમાં નહીં, રાત્રે નહીં કે દિવસે નહીં, છાયામાં નહીં કે તડકામાં પણ નહીં, છત્રથી નહીં, આકાશથી નહીં, પગે ચાલીને નહીં કે વાહન વડે પણ નહીં. માર્ગથી નહીં કે ઉન્માર્ગથી પણ નહીં. ન્હાઈને નહીં કે મલિનપણે નહીં. ત્યારપછી રાજપુરુષોએ આવીને નિવેદન કર્યું.

ત્યારે [રોહકની બુદ્ધિથી] તેઓએ દેશ સ્નાન કર્યુ, ચક્ર મધ્યે ભૂમિમાં એડક [ઘેટા] ઉપર બેસીને, મસ્તક ઉપર ચાલણી રાખીને ચાલ્યા. બીજા કોઈ કહે છે કે – શાકટલટ્ટની - સાદડી પ્રદેશ બદ્ધ છાદિત વસ્ત્ર વડે ગયા. સંધ્યા સમયે, અમાવાસ્યાના દિવસે, સંધ્યામાં રાજાની પાસે આવ્યા. રાજાની પૂજા કરી અને તે આસને ઉભો રહ્યો.

પહેલો પ્રહર વિત્યો ત્યારે રાજાએ અવાજ કર્યો અને પૂછ્યું કે – સુતો છે કે જાગે છે ? રોહક બોલ્યો – હે સ્વામી ! હું જાગુ છું. રાજાએ પૂછ્યું શું વિચાર કરે છે ? રોહકે કહ્યું – અશ્વત્થ પત્રોમાં શું દંડ મહાન્ છે કે તેની શિખા મહાન્ છે ?

રાજા વિચારવા લાગ્યો - સારું.

એ પ્રમાણે ફરીથી પૂછતાં તેણે કહ્યું - બંને પણ સરખા છે.

એ પ્રમાણે બીજા પ્રહરે બકરાની લીંડીમાં, વાયુનો ઉત્તર દીધો [અર્થાત્] બકરીની લીંડી ગોળ કેમ હોય છે ? તેની અંદર સંવર્તક વાયુ ગોળ-ગોળ ભમે છે, માટે લીંડી ગોળ હોય છે.

ત્રીજા પ્રહરે - ખાડહિલ્લા અર્થાત્ ખીસકોલી વિશે પૂછતા રોહકે જવાબ આપ્યો કે તેને જેટલી શ્વેત રેખા છે, તેટલી જ કૃષ્ણ રેખાઓ છે, જેટલી તેની પુંછ છે, તેટલું જ મોટું તેનું શરીર છે.

ચોથા પ્રહરે રાજાએ અવાજ દીધો, પણ રોહકે કંઈ જવાબ ન આપ્યો. રાજાએ સોટી વડે ફટકાર્યો, રોહક ઉભો થયો. રાજાએ પૂછ્યું કે કેમ તું જાગે છે કે સુતો છે ? રોહક બોલ્યો હું જાગું છું. રાજાએ ફરી પૂછ્યું – તું શું કરે છે ? રોહક બોલ્યો – વિચાર કરું છું. રાજાએ ફરી પૂછ્યું કે – શું વિચાર કરે છે ? રોહક બોલ્યો – રાજાને પિતા કેટલા છે. રાજાએ પૂછ્યું – કેટલાં છે ? રોહક બોલ્યો – રાજાને પાંચ પિતા છે. કોણ કોણ ?

રાજા, વૈશ્રમણ, ચાંડાલ, ધોબી અને વીંછી.

રાજાએ પૂછ્યું – કઈ રીતે ? રોહકે કહ્યું – ન્યાય અનુસાર.

- (૧) રાજ્ય પાળે છે, તેથી જણાય છે કે તે રાજાનો પુત્ર છે.
- (૨) મહાન્ દાતા છે માટે વૈશ્રમણનો પુત્ર છે.
- (૩) મહાક્રોધી છે, માટે ચાંડાલનો પુત્ર છે.
- (૪) રોષે ભરાય તેનું બધું હરી લે છે, માટે ધોબીનો પુત્ર છે.
- (૫) સુખે સુતેલાને ચટકો ભરી ઉઠાડે છે, માટે વીંછીનો પુત્ર છે.

રાજા તેનાથી ખુશ થયો. બધાં મંત્રીના ઉપરી તરીકે રોહકને સ્થાપ્યો. તેને ભોગ આદિ સામગ્રી પણ આપી.

– આ ઔત્પાત્તિકી બુદ્ધિનું રોહકનું પહેલું દૃષ્ટાંત કહ્યું.

૦ મૂળ ગાથાના દૃષ્ટાંતો ક્રમશઃ કહે છે, તેમાં બીજું દૃષ્ટાંત ''પણ''

(૨) પણ - હોડ, બે જણાએ હોડ કરી. એક બોલ્યો – જો આ બધાં ચીભડા ખાઈ જવાય તો તું શું કરીશ ? બીજો બોલ્યો કે – નગરના દ્વારથી ન નીકળે તેવો લાડવો હું તને આપીશ.

પે'લાએ થોડાં થોડાં ચીભડાં ખાઈને બધાં મૂકી દીધા. જીતી ગયો એટલે લાડવો માંગ્યો. ત્યારે બીજાએ રૂપિયા આપ્યા. પે'લાએ તે લેવાની ના પાડી. પે'લાએ બે, ત્રણ, ચાર યાવત્ સો રૂપિયા આપ્યા, તો પણ પે'લાએ તે કબુલ ન રાખ્યા. [મારે તો લાડવો જ જોઈએ.]

બીજો માણસ જુગારી પાસે બુદ્ધિ લેવા ગોય. જુગારીએ બુદ્ધિ આપી. કોઈ કંદોઈની દુકાનોથી લાડી ખરીદીને ઈન્દ્રકીલે સ્થાપના કર. પછી બોલ કે – ઓ લાડવા ! નીકળ, નીકળ. તે લાડવો બહાર નીકળશે નહીં. તે પ્રમાણે કરતા તે બીજો માણસ શરત જીતી ગયો.



આ જુગારીની ઔત્પાત્તિક બુદ્ધિ.

(૩) વૃક્ષ - ત્યાં ફળો હતો, વાંદરા આપતા ન હતો. પત્થર વડે વાંદરાને માર્યા, તેમણે ફળો માર્યા. આ રીતે ઢેફા-પત્થર મારીને ફળો મેળવ્યા તે તેની ઔત્પાત્તિકી બુદ્ધિ હતી.

(૪) મુદ્રારત્ન [બાળક] પ્રસેનજિત રાજાનો પુત્ર શ્રેણિક, રાજલક્ષણથી સંપૂર્ણ હતો. તેને રાજા કંઈ આપતો ન હતો. જેથી કોઈ તેને મારે નહીં. ખેદ થવાથી શ્રેણિક ઘેરથી નીકળી ગયો. કોઈની સહાયથી બેન્નાતટ નગરે આવ્યો.

ક્ષીણવૈભવ થયેલ શ્રેષ્ઠીની શેરીમાં બેઠો હતો. તેના તે પુન્ય પ્રતાપથી તે દિવસે વર્ષે આપવાના ભાંડોનો વેપાર થયો. પ્રચુર પ્રચુર દ્રવ્ય તે શ્રેષ્ઠીને મળ્યું. બીજા કહે છે – શ્રેષ્ઠીને સ્વપ્નમાં રત્નાકર ઘેર આવ્યો. શ્રેષ્ઠીએ પોતાની કન્યા પરણાવવા યોગ્ય જોઈ. ત્યારે શ્રેષ્ઠીએ વિચાર્યુ કે આ સ્વપ્નના પ્રસાદથી મોટી વિભૂતિ થશે. પછી શ્રેણિક શેરીમાં આવ્યો. શ્રેષ્ઠીએ તેની અનન્ય સદંશ આકૃતિ જોઈને વિચાર્યુ - તે રત્નાકર થશે. તેના પ્રભાવથી શ્રેષ્ઠીને મ્લેચ્છના હાથેથી અમૂલ્ય રત્નો પ્રાપ્ત થયા.

ત્યારપછી શ્રેષ્ઠીએ તેને પૂછ્યું – તું કોનો મહેમાન છે ? તેણે કહ્યું – 'તમારો' શ્રેષ્ઠી, ઘેર લઈ ગયો. કેટલેક કાળે તેને પોતાની પુત્રી પરણાવી. ભોગો ભોગવતા કેટલાંક કાળે નંદાએ [શ્રેણિકની પત્નીએ] સ્વપ્નમાં શ્વેત હાથીને જોયો. ગર્ભવતી થઈ.

પછી પ્રસેનજિત રાજાએ તેને ઉંટડી મોકલી, જલ્દી આવી જા, નંદાએ પૂછતા, શ્રેણિકે કહ્યું – અમે રાજગૃહીમાં પાંડુરકુડીથી પ્રસિદ્ધ ગોવાળ છીએ, જો કંઈ કામ આવી પડે તો કહેજો. શ્રેણિક ગયો.

નંદાને દેવલોકથી ચ્યવીને આવેલ ગર્ભના અનુભાવથી એવો દોહદ ઉત્પન્ન થયો કે હું શ્રેષ્ઠ હાથીની ઉપર આરૂઢ થઈને 'અભય' ઘોષણા કરું. શ્રેષ્ઠી દ્રવ્ય લઈને રાજા પાસે ગયો. રાજાએ દ્રવ્યને ગ્રહણ કર્યુ, ઉદ્‌ઘોષણા કરાવી. તે બાળકનું નામ અભય રાખ્યું.

બાળક મોટો થઈને પૂછે છે – મારા પિતા કોણ છે ? નંદાએ તેને બધો વૃત્તાંત કહ્યો. અભયે કહ્યું – ચાલો આપણે ત્યાં જઈએ. એ પ્રમાણે સાર્થની સાથે બંને ગયા. રાજગૃહીની બહાર રોકાયા.

કોઈ ગવેષકને મોકલ્યો. તે વખતે રાજા મંત્રીની શોધમાં હતો. તેણે કૂવામાં મુદ્રિકાને પાડી દીધી. જાહેર કર્યુ કે જે આ મુદ્રિકા કુવાના કાંઠે ઉભા ઉભા પોતાના હાથેથી ગ્રહણ કરશે, તેને રાજા આજીવિકા આપશે.

અભયે તે જોયું. તેણે કુવા પાસે જઈને છાણને વીંટી ઉપર ફેંક્યુ. વીંટી તેમાં ચોંટી ગઈ, છાણુ સુકાઈ જતાં, પાણી ભરાવ્યું. કિનારે ઉભા ઉભા વીંટી લઈ લીધી. રાજાની પાસે જઈને વીંટી આપી.

રાજાએ તેને પૂછ્યું – તું કોણ છે ? અભયે કહ્યું – તમારો પુત્ર છું. રાજાએ પૂછ્યું – કઈ રીતે અને શું ? તે વૃત્તાંત જણાવ. અભયકુમારે શ્રેણિકને બધો જ વૃત્તાં કહ્યો. રાજાએ ખુશ થઈને ખોળામાં બેસાડ્યો.

પછી તેણે પોતાની માતાનો રાજમાં ઠાઠમાઠથી પ્રવેશ કરાવ્યો. એ પ્રમાણે કાળક્રમે અભય અમાત્ય [મહામંત્રી] થયો.

આ તે બાળકની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૫) પટ [વસ્ત્ર] બે જણ પોતાના વસ્ત્ર મૂકીને ન્હાવા ગયા. એકનું વસ્ત્ર મજબૂત હતું, બીજાનું વસ્ત્ર જીર્ણ હતું. જીર્ણ વસ્ત્રવાળો મજબૂત વસ્ત્ર લઈને ચાલ્યો ગયો. મજબૂત વસ્ત્રવાળો તેની પાસે પોતાનું વસ્ત્ર માંગે છે પણ તે આપતો નથી. રાજકુળમાં તેનો વિવાદ લઈ ગયા.

બંનેની સ્ત્રીઓ દ્વારા કર્તન કરાયું, જે વસ્ત્ર જેનું હતું તેને આપ્યું.

બીજા કહે છે — માથામાં ભરાયેલ તાંતણો જોયો, એકને માથે ઉનનો હતો, બીજાના માતે સુતરનો, તેના આધારે જેનું જે વસ્ત્ર હતું તે તેને આપ્યું. આ તે કારણિકની ઔત્પાત્તિકી બુદ્ધિ જાણવી.

(૬) સરટ - કોઈ મળનો ત્યાગ કરતો હતો ત્યારે ત્યાં બે સરટ - બે કાકીડાનો કલહ ચાલતો હતો. તે જ્યાં બેઠો હતો તેની નીચે બિલ હતું. એક કાકીડો તેમાં પ્રવેશ્યો, પૂછડાનો સ્પર્શ થયો. તે ઘેર ગયો તેના મનમાં એવું ભરાઈ ગયેલું કે કાકીડો પેટમાં બેસી ગયેલ છે. અધૃતિથી તે દુબળો થવા લાગ્યો. વૈદ્યે પૂછ્યું — જો સો રૂપિયા આપ તો કાઢી દઉં. પછી તેણે ઘડામાં કાકીડો નાંખ્યો. લાખ વડે લેપન કર્યું. વિરેચન આપ્યું. મલત્યાગથી કાકીડો નીકળી ગયો તે બતાવ્યો. આ તે વૈદ્યની ઔત્પાતિકી બુદ્ધિ. - x - x -

(૭) કાક - કાગડો, ચનીક [બુદ્ધ અનુયાયી] એ બાળસાધુને પૂછ્યું — શું આર્હતો સર્વજ્ઞો છે ? ગાઢ રીતે હા પાડી, ૬૦,૦૦૦ કાગડા અહીં બેન્નાતટ નગરે વસે છે. જો ઓછા હોય તો બહાર ગયા હશે, વધારે હોય તો પ્રાઘૂર્ણક મહેમાન કાગડા આવ્યા હશે. આ તે બાળસાધુની ઔત્પાતિકી બુદ્ધિ.

બીજું - વણિકે નિધિ જોયો, પોતાની સ્ત્રીની પરીક્ષા કરી કે તેણી રહસ્ય ધારી રાખે છે કે નહીં. તે બોલ્યો — સફેદ કાગડો અધિષ્ઠાન - પૃષ્ઠ ભાગમાં પ્રવેશ્યો, તે સ્ત્રીએ તેની સખીને કહ્યું, યાવત્ તે રાજાએ સાંભળ્યું. રાજાએ પૂછતાં વણિકે સાચો વૃત્તાંત કહ્યો. રાજાએ તેને મંત્રીપદ આપ્યું.

આ તે વણિક્‌ની ઔત્પાતિકી બુદ્ધિ.

(૮) ઉચ્ચાર-મળ. બ્રાહ્મણની પત્ની તરુણી હતી. બીજે ગામ લઈ જવાતાં ધૂર્તની સાથે આસક્ત બની. તેના કારણે બંને વચ્ચે ઝઘડો થયો. બ્રાહ્મણે કહ્યું — આ પત્ની મારી છે, ધૂર્તે કહ્યું મારી છે. મંત્રીએ તે સ્ત્રીને પૂછ્યું — તારા પતિને શું ખવડાવેલું ? સ્ત્રી બોલી - તલના લાડુ તેને વિરેચન અપાયું બ્રાહ્મણની વિષ્ટામાં તલ નીકળ્યા, તેથી ધૂર્તને મારીને હાંકી કાઢ્યો — આ તે કારણિકની ઔત્પાતિકી બુદ્ધિ.

(૯) હાથી - વસંતપુરમાં રાજા મંત્રીની શોધમાં હતો. તેણે ઘોષણા કરાવી કે — જે આ મહા મોટા હાથીનું વજન કરી આપશે તેને હું લાખ મુદ્રા આપીશ. એક પુરુષ એક નાવમાં હાથીને લઈને અથાગ પાણી હતું. ત્યાં સુધી લઈ ગયો. પાણીમાં નાવ જેટલી ડૂબી ત્યાં નિશાની કરી. હાથીને ઉતારીને નિશાની સુધી નાવ ડૂબે ત્યાં



સુધી કોષ્ઠ-પત્થરો નાંખ્યા પછી તે કાષ્ઠ અને પત્થરનું વજન કરી લીધું. રાજાએ તેનું સન્માન કરી મંત્રી બનાવ્યો.

આ તેની ઓત્પાત્તિકી બુદ્ધિ.

બીજા એવું કહે છે કે ગાયનો માર્ગ, શીલા વડે નષ્ટ થયો, પીઠ ઉપરથી પડેલને લાવ્યા ઈત્યાદિ *[આ દૃષ્ટાંતમાં અમે કંઈ સમજ્યા નથી.]*

(૧૦) ઘયણ - આ નામનો સર્વ રહસ્યને જાણનારો એક ભાંડ હતો. કોઈ વખત રાજા દેવીના ગુણગાન કરે છે. તેણી ખૂબ જ નિરોગી છે ઈત્યાદિ. તે ઘયણે કહ્યું — આવું હોઈ શકે નહીં. રાજાએ પૂછ્યું — કેમ ન હોય ? તે ભાંડ બોલ્યો — સામે પુષ્પ કે કેસરા મૂકો તો ખબર પડે. રાજાને તે પ્રમાણે જિજ્ઞાસા થઈ. રાણી હંમેશાં અધોવાયુ છૂટે ત્યારે સુગંધી પુષ્પાદિ રાજા સામે મૂકી દેતી, તેથી રાજાને દુર્ગન્ધની ખબર પડતી ન હતી. રાજાએ પુષ્પદૂર કરતાં જાણી ગયો કે હકીકત શું છે ? ત્યારે રાજા હસ્યો. બહુ આગ્રહ કરતાં રાજાએ કારણ કહ્યું. રાણીએ ભાંડને દેશનિકાલની આજ્ઞા કરી. ત્યારે જોડાનો ભાર ઉપાડીને ઉપસ્થિત થયો. ગામેગામ ઉડ્ડાહણ થવાના ભયથી તેને રોકી લીધો.

આ તે ઘયણ ભાંડની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૧) ગોલક - નાકમાં લાખનો ગોળો પેસી ગયેલો. તપાવેલી લોઢાની સળીથી ઓગાળીને કાઢી નંખાયો, આ ઓગાળનારની ઔત્પાતિકી બુદ્ધિ.

(૧૨) સ્તંભ - રાજા મંત્રીની શોધમાં હતો, ઘોષણા કરાવવામાં આવી. તળાવની મધ્યમાં રહેલ સ્તંભને જે કિનારે રહીને ગાંઠો બાંધી દે, તેને લાખ મુદ્રા આપવામાં આવશે. ત્યારે કોઈકે કિનારે ખીલો બાંધ્યો, ત્યાં દોરી બાંધી, પાળે પાળે ફરીને ફરતો બાંધી દીધો, સ્પર્ધા જીતી ગયો. તેને મંત્રી બનાવ્યો.

આ તેની ઔત્પાતિકી બુદ્ધિ.

(૧૩) ક્ષુલ્લક - બાળ સાધુ. કોઈ પરિવ્રાજિકાએ કહ્યું કે કોઈ જે કરે તે કર્તવ્ય હું પણ કરી બતાવું, તેવી હું કુશલકર્મા છું. કોઈ બાળ સાધુ ભિક્ષા માટે નીકળેલ, તેણે આ ઘોષણા સાંભલી, તેણે તે પડહો રોકી લીધો અર્થાત્ આ પડકાર ઝીલી લીધો. તે સાધુ રાજકુળમાં ગયો. તેને જોયો. પરિવ્રાજિકા બોલી - ક્યાંથી શરૂ કરું ? ક્ષુલ્લકે સાગારિક [મેહન, પુરુષ લિંગ] બતાવ્યું. પરિવ્રાજિકા કઈ રીતે બતાવે ? ક્ષુલ્લક જીતી ગયો. પછી તેણે મૂત્ર કરતાં કમળ આલેખ્યું. પરિવ્રાજિકા તેમ કરવા અસમર્થ હતી, ક્ષુલ્લક જીતી ગયો.

આ તે ક્ષુલ્લકની ઔત્પાતિકી બુદ્ધિ.

(૧૪) માર્ગસ્ત્રી - કોઈ પુરુષ તેની પત્નીને લઈને યાન વડે બીજે ગામ જઈ રહ્યો હતો. તે શરીર ચિંતાને માટે ઉતર્યો. તેની પત્નીના રૂપમાં કોઈ વ્યંતરી તેની પાછળ પડી ગઈ. પોતાની પત્ની પાછળ આવીને રડવા લાગી. બંને સ્ત્રી તેની પત્ની હોવાનો દાવો કરવા લાગી. વિવાદ રાજમાં ગયો. ત્યારે મંત્રીએ કહ્યું કે દૂર રહીને હાથ પ્રસારી આ પુરુષને સ્પર્શ કરી શકે, તે તેની પત્ની. ત્યારે વ્યંતરીએ ઘણે દૂરથી હાથ લંબાવી સ્પર્શ કર્યો, તેનાથી જાણી લીધું કે આ કોઈ દેવી છે. આ તે મંત્રીની

ઔત્પાત્તિકી બુદ્ધિ.

૦ માર્ગમાં સ્ત્રી - મૂલદેવ અને કંડરીક માર્ગે જતા હતા. એટલામાં કોઈ એક પુરુષ તેની સ્ત્રી સાથે જોયો. કંડરીક તેના રૂપમાં મૂર્છા પામ્યો. મૂલદેવે તેને કહ્યું – હું તને કંઈક ઘટતું કરી આપીશ. પછી મૂલદેવ તેને એક વનનિકુંજમાં સ્થાપીને ઉભો રહ્યો. જેટલામાં તે પુરુષ પોતાની સ્ત્રી સાથે આવ્યો. મૂલદેવે કહ્યું – અહીં મારી સ્ત્રીને પ્રસૂતિ આવે તેમ છે, તો આ સ્ત્રીને મોકલો. પે'લા પુરુષે તેની સ્ત્રીને મોકલી, તે સ્ત્રી કંડરીકની સાથે રહીને આવી ગઈ. [સંભોગ કરીને આવી ગઈ.] આવીને પછી વસ્ત્ર લઈને મૂલદેવને તે ધૂર્તા કહે છે અને હાસ્ય કરે છે. પ્રિયાને બાળક થયું નથી.

આ તે બંનેની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૫) પતિ - બે પતિ [પુરુષ]ને એક પત્ની હતી, લોકમાં કહેવાતું કે તે સ્ત્રીને બંને પતિ ઉપર સમાન સ્નેહ છે, રાજાએ તે વાત સાંભળી. તેને ઘણું વિસ્મય થયું, મંત્રી બોલ્યો – આવું કઈ રીતે થઈ શકે ? અવશ્ય બે ઉપરના સ્નેહમાં તફાવત હોય જ. તેણે તે સ્ત્રીને એક લેખ [પત્ર] આપ્યો. આ બંનેને બીજે ગામ જવું પડશે. એક પૂર્વમાં જવાનું છે, બીજાએ પશ્ચિમમાં જવાનું છે. તે દિવસે જ આવી જશે. ત્યારે તે સ્ત્રીએ એકને પૂર્વમાં મોકલ્યો, બીજાને પશ્ચિમમાં મોકલ્યો, જેના ઉપર દ્વેષ હતો. તેને પૂર્વમાં જતાં કે પૂર્વથી પાછા આવતા બંને વખતે કપાળે [સામો] સૂર્ય રહેતો હતો, તેનાથી જાણ્યું કે તેના ઉપર ઓછો પ્રેમ છે. રાજાને છતાં શ્રદ્ધા ન થઈ.

મંત્રીએ ફરી પણ મોકલ્યા. માણસોના મુખથી બંનેની બીમારીની વાત સાંભળી, તે બોલી અમુક પુરુષ શરીરે મજબુત છે, પણ બીજો મંદ સંઘયણવાળો છે, માટે મારે જાતે જ ઉપચાર કરવો પડશે, તેથી તેણી તે તરફ ગઈ ત્યારે લોકોએ જાણ્યું કે તે બીજો પુરુષ તે સ્ત્રીને વધુ ઈષ્ટ છે.

આ તે મંત્રીની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૬) પુત્ર - એક વણિક્‌ને બે પત્ની હતી, બંને માટે સમાન સ્નેહ હતો. તે બીજા રાજ્યમાં ગયો, ત્યાં મરણ પામ્યો. તેની એક પત્નીને પુત્ર હતો તે પુત્ર બંને માતામાં કોઈ તફાવત જાણતો ન હતો. એક સ્ત્રી બોલી કે આ પુત્ર મારો છે, બીજી સ્ત્રી બોલી - પુત્ર મારો છે. તેનો વિવાદ શાંત થતો ન હતો. મંત્રી બોલ્યો – જે ધન છે તેના બે ભાગ પાડી લો, પુત્રના પણ બે ભાગ કરવત વડે કરી નાંખો. જે તે પુત્રની ખરેખરી માતા હતી તે બોલી – આ પુત્રને મારશો નહીં, તેણીને જ આપી દો. ત્યારે આ જ ખરી માતા છે તેમ જાણી તેને પુત્ર આપી દીધો. આ તે મંત્રીની ઔત્પાત્તિકી બુદ્ધિ.

*[હવે નિર્યુક્તિ-૯૪૨માંના બાકીના દૃષ્ટાંતોનું વિવરણ કરે છે–]*

(૧૭) મધુસિકથ - મધપુડો. કોઈ સ્ત્રી કુલટા હતી [કોલિકી] ઝાડી વચ્ચે કોઈ પુરુષ સાથે રતિક્રિડા કરતી સુતેલી હતી. તેણીએ ઉપર મધપુડો છે તેમ જાણ્યું. ત્યારપછી જ્યારે તેનો પતિ મધ ખરીદવા જતો હતો ત્યારે તેને રોક્યો, તેને કહ્યું કે – મધ ખરીદ ન કરો, હું તમને મધપુડો દેખાડું છું. તે બંને માણસ ઝાળીમાં ગયા. પુરુષને મધપુડો ન દેખાયો. પછી તે વણકરપુત્રીએ [તેની પત્નીએ] જે રીતે બીજા પુરુષ સાથે રતિક્રિડા કરેલી તે જ આસને સૂઈને-રહીને મધપુડો બતાવ્યો ત્યારે પુરુષ સમજી



ગયો કે આ સ્ત્રી કુલટા [રખડુ] છે, અન્યથા તેને આ મધપુડાની ખબર કેમ પડી ? આ તેની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૮) મુદ્રિકા - પુરોહિત, તેને ત્યાં થાપણ મૂકેલ ધન કોઈને પાછું આપતો ન હતો, કોઈ દિવસે કોઈ દ્રુમકે તેને ત્યાં થાપણ મૂકી, પાછું લેવા ગયો ત્યારે ન આપ્યું. તે દ્રમક વિહ્વળ થઈ ગયો. અમાત્ય ગયો. તેણે પણ માંગણી કરી - x - રાજાએ પુરોહિતને કહ્યું, પુરોહિત આપતો નથી, તે બોલ્યો કે મેં લીધા જ નથી. - x - x - કોઈ વખતે રાજા સાથે જુગાર રમતો હતો, નામ મુદ્રિકા લીધી. રાજાએ લાખ મુદ્રા મનુષ્યના હાથમાં આપી, કહેવડાવ્યું કે અમુક કાળે દ્રમકે હજાર નકુલક તમારે ત્યાં થાપણ મૂકેલા, તે આપો. તેની પત્ની બોલી આમાંથી જે હોય તે ઓળખી લો. માણસ લઈને આવ્યો. દ્રમકે ઓળખીને પોતાની થાપણ લઈ લીધી. પુરોહિતની જીભ છેદાઈ.

આ તે રાજાની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૧૯) અંક - પૂર્વવત્ કોઈ એક થાપણ મૂકેલી. ચિહ્ન કરી, થેલી સીવીને મૂકેલી. થાપણ લેનારે તેમાં ખોટા રૂપિયા ભરીને મૂકી દીધા. તે પ્રમાણે જ સીવી દીધી. થાપણ લેવા આવ્યો ત્યારે થેલી આપી દીધી. તેણે મુદ્રા ઉઘાડી, ખોટા રૂપિયા જોયા. વિવાદ થયો, રાજ દરબારે પહોંચ્યા. પૂછ્યું કેટલા રૂપિયા મૂકેલા ? - હજાર રૂપિયા. ગણીને ગાંઠ બાંધી દીધી. પણ થાપણ લેનારો તેને પૂર્વવત્ સીવી શક્યો નહીં. તેનાથી જાણ્યું કે તે ખોટો છે. મૂકનારને સાચા રૂપિયા અપાવ્યા.

આ તે કારણિકની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૦) નાણક - પૂર્વવત્ થાપણ મૂકી, પાછા આપની વેળા નવા અને અલ્પમૂલ્યવાળા દ્રવ્યને પાછું આપ્યું. દ્રમ્મ (મૂળ નાણાં) સંબંધી પૃચ્છા થઈ. રાજકુળે વિવાદ ગયો. અમાત્યએ લેવડદેવડ વખતનો કાળ પૂછ્યો. દ્રમકે તે કાળ કહ્યો,તે ચિરંતન કાળ હતો. તે જાણીને થાપણ લેનારને દંડ કર્યો.

આ તે ન્યાય કરનારની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૧) ભિક્ષુ - પૂર્વવત્ નિક્ષેપ. ભિક્ષુ નાણા પાછો આપતો નથી. દ્રમકે જુગારીની સહાય માંગી, તેઓએ પૂછતાં જે ઘટના બનેલી તે કહી દીધી. તેઓ સોનાની ખોલક લઈને ભિક્ષુની પાસે ગયા. અમે ચૈત્યોના વંદનાર્થે જઈએ છીએ. આ થાપણ રહેવા દો. પે'લા દ્રુમકને કહી રાખેલ કે તું આ અવસરે આવીને તારી થાપણ પાછી માંગજે. તે ભિક્ષુએ નવી થાપણના લોભથી તેની થાપણ પાછી આપી દીધી. ધુતકારો ''અમારી થાપણ પેટીમાં રાખીને કાલે આવીશું'' એમ કહીને નીકળી ગયા – આ તે ધુતકારોની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૨) ચેટક નિધાન - બે મિત્રો હતા. તે બંનેએ નિધાન જોયું. આવતી કાલે સારા નક્ષત્રમાં લઈ જઈશું એમ નક્કી કર્યું. તેમાંથી એક મિત્રે રાત્રે બધું લઈને તેમાં અંગારા ભરી દીધા. બીજે દિવસે નિધાનમાં અંગારા જોયા. તે ધૂર્ત બોલ્યો – અહો ! આપણે મંદપુણ્ય છીએ, નહીં તો નિધાનના અંગારા કઈ રીતે થઈ ગયા ? બીજો મિત્ર તે વાત જાણી ગયો. પણ મનને ભાવ તેણે જણાવવા ન દીધો. તેણે પે'લા મિત્રની પ્રતિમા બનાવી. ત્યારપછી બે વાંદરા લાવ્યો. તેની ઉપર ભોજનાદિ આપે છે. તે બંને

ભુખથી પીડાઈને તે પ્રતિમાને ચાટવા લાગ્યા.

કોઈ દિવસે ભોજન તૈયાર કરીને પહેલા મિત્રના બે બાળકોને તે લાવ્યો. પછી તે બંનેને છૂપાવી દીધા. પહેલા મિત્રને બાળકો પાછા આપતો નથી. માંગ્યા ત્યારે કહ્યું કે — તે બંને બાળકો વાંદરા થઈ ગયા છે. પહેલો મિત્ર આવ્યો. તેને પ્રતિમાના સ્થાને બેસાડ્યો. વાંદરાને છુટા મૂક્યા. બંને વાંદરા કિલકિલાટ કરતા આવીને પહેલા મિત્રને વળગી ગયા.

બીજા મિત્રએ તે પહેલાં મિત્રને કહ્યું — આ તમારાને બે પુત્રો પહેલા મિત્રએ પૂછ્યું. કઈ રીતે મારા બંને પુત્રો વાંદરા થઈ ગયા? તેણે જવાબ આપ્યો — જે રીતે દીનારના અંગારા થઈ ગયા, તે રીતે તારા પુત્રો વાંદરા થઈ ગયા. એ પ્રમાણે પહેલા મિત્ર સમજી ગયો. તેણે નિધાનનો ભાગ આપી દીધો. આ તે મિત્રની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૩) શિક્ષાશાસ્ત્ર - ધનુર્વેદ, ત્યાં એક કુલપુત્ર ધનુર્વેદમાં કુશળ હતો. તે ક્યાંક પણ જઈને કોઈ શ્રેષ્ઠી પુત્રને ધનુર્વિદ્યા શીખડાવે છે. એ રીતે તે ધન કમાયો. તેઓએ પણ ઘણું દ્રવ્ય આપ્યું, જ્યારે જશે ત્યારે તેને મારીશું એમ વિચાર્યુ. ઘરથી નીકળતા, કોઈ ઉપાયથી તે ધન આપતો નથી. તેણે જાણી લીધું કે આ લોકો તેને મારવાના છે.

ત્યારપછી તેણે સંજ્ઞાતકોને સમજાવ્યું કે હું રાત્રિના છાણના પિંડને નદીમાં ફેંકીશ. તેથી આપો. તેણે ગોલકને દ્રવ્યની સાથે વાળી દીધા. આ અમારી વિધિ છે કે તિથિ અને પૂર્વોમાં તેને બાળક સાથે નદીમાં ફેંકીએ છીએ. એ પ્રમાણે દ્રવ્ય વહેવડાવીને તે નાસી ગયો.

આ તેની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૪) અર્થશાસ્ત્ર - એક પુત્ર અને બે શૌક્ય હતી. પુત્રાદિ માટે વિવાદ થયો. રાણીએ કહ્યું કે — મારે પુત્ર થશે, તે આ અશોકવૃક્ષની નીચે રહીને આ વિવાદનો ન્યાય કરશે. ત્યાં સુધી તમે બંને વિશેષથી ખાઓ-પીઓ. જેનો પુત્ર ન હતો, તેણી વિચારે છે કે આટલો કાળ પ્રાપ્ત થયો. પછી ન જાણે શું થશે ? તેણીએ રાણીની વાત કબૂલ રાખી. રાણી સમજી ગઈ, નક્કી આ પુત્ર તેણીનો નથી. આ તે રાણીની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૫) ઈચ્છા - એક સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો. દ્રવ્યને વ્યાજે મૂક્યું આવતું નથી. તેણીએ તેના પતિના મિત્રને કહ્યું — તું આ ધનાદિ વહન કર. તે મિત્ર બોલ્યો — જો મને તેમાંથી ભાગ આપે તો રાખું. તેણી બોલી — તું જે ઈચ્છે તે ભાગ મને આપજે. તે મિત્ર તે સ્ત્રીને તુચ્છ ભાગ આપે છે. તેણી આવો ભાગ લેવા તૈયાર ન હતી. વિવાદ થયો. અમાત્યએ બોલાવીને બે ઢગલા કર્યા. મિત્રને પૂછ્યું — તું શું ઈચ્છે છે ? મિત્રએ મોટો ઢગલો ઈષ્ટ છે તેમ કહ્યું. અમાત્ય બોલ્યો કે — તે ઢગલો આને આપી દે. કેમકે તને જે ઈષ્ટ હોય તે દેવાનું કહેલ છે. આ તે કારણિકની ઔત્પાત્તિકી બુદ્ધિ.

(૨૬) શતસહસ્ર [લાખ] — કોઈ એક પરિભ્રષ્ટ [પરિવ્રાજક] હતો. તેની પાસે એક લાખ મૂલ્યનું ખોર [પાત્ર] હતું. તેણે કહ્યું — જો મને કોઈ અપૂર્વ વસ્તુ સંભળાવે,



તેને હું આ પાત્ર આપી દઈશ, તે વાત ત્યાં રહેલા કોઈ સિદ્ધ પુત્રએ સાંભળી. તેણે કહ્યું — તારા પિતા, મારા પિતાના પુરેપુરા એક લાખ રૂપિયાના દેવાદાર છે. જો તે આ વાત પહેલાં સાંભળી હોય તો મને તે લાખ રૂપિયા આપી દે, જો કદાપી ન સાંભળેલ હોય તો આ પાત્ર આપી દે. તે શરત જીતી ગયો. આ તે સિદ્ધપુત્રની ઔત્પાત્તિકી બુદ્ધિ.

ઔત્પાત્તિકી બુદ્ધિ [દૃષ્ટાંત સહિત] કહી.

હવે વૈનયિકી બુદ્ધિના લક્ષણો પ્રતિપાદિત કરતાં કહે છે —

• **નિર્યુક્તિ-૯૪૩ :-**

***ભાર નિસ્તરણ સમર્થ, ત્રિવર્ગ સૂત્રાર્થનો સાર ગ્રહણ કરેલ, ઉભયલોકના ફળવાળી, વિનયથી ઉદ્‌ભવેલ તે વૈનયિકી બુદ્ધિ હોય છે.***

• **વિવેચન-૯૪૩ :-**

આ અતિ ગુરુ કાર્ય છે, દુઃસાધ્ય નિર્વહત્વથી ભાર જેવો ભાર, તેના નિસ્તરણમાં સમર્થ, તે ભારનિસ્તરણ સમર્થ, ત્રણ વર્ગો તે ત્રિવર્ગ-લોક રૂઢિથી ધર્મ, અર્થ, કામ. તેને પ્રાપ્ત કરવાના ઉપાયને પ્રતિપાદન-નિબંધન સૂત્ર છે, તેનો અર્થ, પ્રમાણસાર. જે બુદ્ધિમાં રહેલા છે તે અથવા ત્રિવર્ગ એટલે ત્રૈલોક્ય [તેના સારરૂપ]

[શંકા] અધ્યયનમાં અશ્રુત નિસૃત અભિનિ કે અધિક અધિકારમાં ઔત્પાત્તિકી આદિ બુદ્ધિ ચતુષ્ક કહેલ છે. ત્રિવર્ગ સૂત્રાર્થના ગૃહીત સારત્વમાં અશ્રુત નિઃસૃતત્વ કહ્યું તે વિરુદ્ધ નથી? શ્રુતાભ્યાસ વિના ત્રિવર્ગનો સૂત્રાર્થ ગૃહીત સારત્વ સંભવતો નથી.

[સમાધાન] અહીં પ્રાયઃ વૃત્તિને આશ્રીને અશ્રુતનિસૃત્વ કહેલ છે તેથી સ્વલ્પ શ્રુતનિસૃત ભાવે દોષ નથી.

‘ઉભયલોક ફલવાળી’ આલોક-પરલોકના ફલવાળી. ‘વિનય સમુત્થા’ વિનયથી ઉદ્‌ભવેલ બુદ્ધિ હોય છે.

આ બુદ્ધિના જ શિષ્યજનના અનુગ્રહને માટે ઉદાહરણો વડે સ્વરૂપને દર્શાવતા કહે છે —

• **નિર્યુક્તિ-૯૪૪,૯૪૫ :-**

***(૧) નિમિત્ત, (૨) અર્થશાસ્ત્ર, (૩) લેખ-લિપિ, (૪) ગણિત, (૫) કૂવો, (૬) અશ્વ, (૭) ગધેડો, (૮) લક્ષણ, (૯) ગ્રંથિ, (૧૦) ઔષધ, (૧૧) ગણિકા અને રથિક, (૧૨) સીતા સાડી લાંબુ ઘાસ ક્રૌંચ પક્ષીને ડાબે, (૧૩) નીવ્રોદક (૧૪) ગાય ઘોડો અને વૃક્ષથી પડવું [આટલા દૃષ્ટાંતો છે.]***

• **વિવેચન-૯૪૪,૯૪૫ :-**

બંને ગાથાનો અર્થ કથાનકથી જાણવો. તે આ પ્રમાણે —

(૧) નિમિત્ત - એક સિદ્ધપુત્રને બે શિષ્યો હતા. બંનેને નિમિત્ત જોતાં શીખવેલ હતું. કોઈ વખતે તેઓ તૃણ અને કાષ્ઠ લેવાને નીકળ્યા. તેઓએ હાથીના પગલાં જોયા. એ કે કહ્યું કે — આ હાથણીના પગલાં છે. કઈ રીતે તું એમ કહે છે ? તેના મૂત્રની ધારા જોઈને. વળી તે હાથણી એક આંખે કાણી છે. કઈ રીતે ? તેણીએ એક જ પડખાનું ઘાસ ખાધેલું છે. તેણે કાયિકી-મૂત્ર વડે જ જાણેલ કે સ્ત્રી છે કે પુરુષ

છે. વળી તે હાથણી પ્રસૂતા-ગર્ભવતી છે. કઈ રીતે જાણ્યું ? એક હાથ [પગ]નો ટેકો કરીને ઉભી થયેલ છે. માટે તે ગર્ભવતી જ હોય. તેને પુત્ર જ થશે. કેમકે તેનો જમણો પગ ભારે છે. ઈત્યાદિ - x -

નદીના કાંઠે એક વૃદ્ધાનો પુત્ર મોકલેલ હતો. તે પુત્રના આગમન વિશે પૂછ્યું. તે વૃદ્ધાનો ઘડો પડીને ફૂટી ગયો. ત્યારે એક શિષ્ય બોલ્યો કે — તેનાથી જન્મેલા વડે તે જ જન્મ્યું. [માટીમાંથી થયેલો ઘડો માટીમય થઈ ગયો.] તે રીતે તેનો પુત્ર પણ મરી ગયો છે, એમ જાણવું.

બીજો શિષ્ય કહે છે — હે વૃદ્ધા ! તું ઘેર જા. તે પુત્ર ઘેર આવી ગયો છે. વૃદ્ધા ઘેર ગઈ. હર્ષિત થઈ, પહેલાં જ પુત્ર ઘેર આવી ગયો હતો. વળી તે રૂપિયા લઈને આવેલો હતો. તેનો સત્કાર કર્યો.

બીજા શિષ્યએ પૂછ્યું — મને સદ્ભાવ કેમ કહેતો નથી ?

આચાર્યએ બંનેને પૂછ્યું, તેઓ દ્વારા જે કંઈ બનેલ હતું તે કહેવાયું. એકે નિમિત્તની વ્યાપત્તિમાં મરણ કહ્યું, કેમકે ભૂમિમાંથી ઉત્પન્ન થઈ અને ભૂમિમાં મળી ગયો. એ પ્રમાણે તે બાળક પણ તેમાંથી જન્મ્યો અને તેમાં મળી ગયો. આ પ્રમાણે શ્લોક છે, ગુરુને પૂછ્યું — આમાં મારો શો દોષ છે ?

ગુરુએ કહ્યું — તને શિક્ષણ સમ્યક્ રીતે પરિણમેલ નથી.

બીજા શિષ્યને પરિણમ્યુ, તે તેની વૈનયિકી બુદ્ધિ.

(૨) અર્થશાસ્ત્ર - કલ્પક અને દહીંના ભાજનવાળો ભિક્ષુ કલાપક. એવા પ્રકારનું દૃષ્ટાંત છે. વિશેષમાં વૃત્તિકારે કંઈ નોંધેલ નથી. ચૂર્ણિમાં કંઈ કહ્યું નથી.

(૩) લેખ - જેમકે અઢાર પ્રકારની લિપિનો જાણનાર.

(૪) ગણિત - એ પ્રમાણે ગણિતમાં પણ જાણવું.

બીજા કહે છે કે — રાજકુમારો, વર્તુલ [દડા]વડે રમતા અક્ષરો શીખ્યા અને ગણિત પણ શીખ્યા, આ તેમની બંને વિષયમાં વૈનયિકી બુદ્ધિ.

(૫) કૂવો - કૂવો ખોદવાની જાણકારીવાળાએ કહ્યું — આટલે દૂર જતાં પાણી મળશે. તેઓ ખોદવા લાગ્યા. તેટલે સુધી ગયા. તેણે કહ્યું — પડખામાં ખોદો એમ કહ્યું. ઘોષકનો શબ્દ સાંભળીને પાણી ઉછળીને બહાર આવ્યું.

આ તેની વૈનયિકી બુદ્ધિ.

(૬) અશ્વ - અશ્વનો એક વેપારી, દ્વારિકા નગરીએ ગયો. બધાં કુમારોએ કદાવર અને મોટા ઘોડા લીધા. વાસુદેવે દુર્બળ પણ લક્ષણવાળો એવો જે ઘોડો હતો, તે ખરીદ્યો. તે કાર્યનો નિર્વાહ કરનારો થયો.

આ તે વાસુદેવની વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૭) ગધેડો - રાજા તરુણપ્રિય હતો, તે નીકળ્યો. અટવીમાં સૈન્ય તૃષા વડે પીડાવા લાગ્યું, સ્થવિર [વૃદ્ધ]ને વિશે પૂછે છે. [કોઈ સ્થવિર છે ?] એક યુવાન પિતૃભક્ત હતો, તે પોતાના પિતાને સાથે લાવેલો હતો. તે વૃદ્ધે કહ્યું — જ્યાં ગધેડા પેશાબ કરે ત્યાં શિરાજળ હોય છે. બીજા કહે છે — ઉદ્ઘાણ વડે જ જળાશયે ગમન થાય. આ તે વૃદ્ધની વૈનયિકી બુદ્ધિ જાણવી.





(૮) લક્ષણ - પારસ દેશમાં એક અશ્વરક્ષક હતો. અશ્વ સ્વામીની પુત્રી સાથે તેને સંપર્ક હતો. ''તેને વર્ષાન્તે તેની ઈચ્છા મુજબ બે ઘોડા લેવાના'' એમ અશ્વ સ્વામીએ તેને કહેલ. તેથી તે સારા-નરસા ઘોડા તપાસી રહ્યો હતો. અશ્વસ્વામીની પુત્રીએ તેને કહ્યું — જે ઘોડો ઉંચા સ્થાનેથી - વૃક્ષ ઉપરથી પત્થર ભરેલ ચામડાનું પાત્ર ફેંકતા પણ જે ત્રાસ ન પામે તે ઘોડો લેવો અને ઢોલ વગાડતાં જે ત્રાસ ન પામે તે ઘોડો લેવો.

જ્યારે વેતનનો અવસર આવ્યો, ત્યારે અશ્વરક્ષકે કહ્યું — મને અમુક-અમુક એ બે ઘોડા આપો. અશ્વસ્વામીએ તેને કહ્યું — બધાં ઘોડાં લઈ જા, તારે આ બે ઘોડાનું શું પ્રયોજન છે ? અશ્વસ્વામી તે બે ઘોડા આપવા ઈચ્છતો ન હતો. તેણે તેની પત્નીને કહ્યું — ઘોડાને બદલે આને આપણી પુત્રી જ આપી દઈએ. પુત્રી આપવાની તેની પત્નીએ ના પાડી. તે તેણીની સાથે કલહ-ઝઘડો કરવા લાગ્યો. ''લક્ષણયુક્તથી કુટુંબ વૃદ્ધિ પામે છે.''

અશ્વસ્વામી એક દૃષ્ટાંત આપે છે - એક મામાએ પોતાના ભાણેજને પોતાની પુત્રી પરણાવી. તે કંઈ જ કામ કરતો ન હતો. તેની પત્નીથી પ્રેરાઈને રોજેરોજ અટવીમાં જતો અને ખાલી હાથે તે પાછો આવતો હતો. એ રીતે ભમતાં-ભમતાં છ માસ ગયા પછી તેને કાષ્ઠ પ્રાપ્ત થયું, તેમાંથી કુડવ [એક માપ છે તે] બનાવ્યું. તેનાથી મપાયેલું અક્ષત થાય છે. તે કારણે કોઈ શ્રેષ્ઠીએ તે કુડવને લાખ સોનામહોર આપી ખરીદ્યું.

એ પ્રમાણે જેમ તે સૂત્રધારે સ્વકુળને ધનવાળું કર્યુ, તેમ અશ્વની રક્ષા માટે આ અશ્વરક્ષક પણ રાખી લેવા યોગ્ય છે.

આ તે અશ્વસ્વામીની વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૯) ગ્રંથિ - પાટલીપુત્રમાં મુરુંડ નામે રાજા હતો. પાદલિપ્ત આચાર્ય હતા. ત્યાં જ્ઞાતૃ [જાણીતા] એ આટલું મોકલ્યું સૂત્ર, છેદાયેલી અડધી લાકડી, જેનું મોઢું નાશ પામેલું છે તેવી પેટી. કોઈ તેનું રહસ્ય જાણી શક્યું નહીં.

પાદલિપ્તાચાર્યને બોલાવ્યા. તેમને પૂછ્યું — હે ભગવન્ ! તમે આનું રહસ્ય જાણો છો ? ''સારી રીતે જાણું છું'' એમ જવાબ આપ્યો.

સૂત્રને ઉષ્ણ પાણીમાં નાંખ્યુ, મીણ ઓગળી ગયું, તેનો અગ્રભાગ અર્થાત્ છેડો દેખાયો. લાઠી-દંડ પાણીમાં નાંખ્યો, મૂળ ભાગ ભારે હોવાથી નીચે ડૂબવા લાગ્યો, તેનાથી તેનું મૂળ જાણી લીધું. પેટી અથવા દાબડો લાખ વડે વીંટળાયેલ હતો, ગરમ પાણીમાં નાંખતા ઉઘડી ગયો.

ત્યારપછી આચાર્ય ભગવંતે ભાંગેલા તુબડાને રત્નોથી ભરીને સોંય વડે સીવી દીધું. પછી તુરંત મોકલ્યું અને કહેવડાવ્યું કે આને તોડ્યા વિના ઉઘાડીને રત્નો ગ્રહણ કરો. તેઓ સાંધો ક્યાં છે, તે જાણી શક્યા નહીં પરિણામે હારી ગયા. આ તે આચાર્યની વૈનયિકી બુદ્ધિ.

(૧૦) અગદ - પર સૈન્ય નગરને રુંધવા માટે આવી રહ્યું હતું, તે જાણીને રાજાએ પાણીનો વિનાશ કરવાની બુદ્ધિથી ઝેરના ઢગલાં મંગાવ્યા. તે વખતે વૈદ્ય માત્ર યવ પ્રમાણ ઝેર લઈને આવ્યો. રાજા તેની ઉપર રોષાયમાન થયો. વૈદ્યે તેમને કહ્યું

— આ ઝેર શત-સહસ્ર બેધી છે. રાજાએ પૂછ્યું — કઈ રીતે ? મરવા પડેલા હાથીને મંગાવ્યો. તેના પૂંછડાના વાળને ઝેરવાળો કર્યો. ઔષધના કણ વડે તે ઝેર પાછું ખેંચી લીધું. પછી તે જ વાળ વડે ત્યાં ઝેર આપ્યું. ઝેર તેના આખા શરીરમાં વ્યાપ્ત થઈ ગયું. આ આખો પણ હવે ઝેરયુક્ત થઈ ગયો છે. જે કોઈ હવે આને ખાશે, તે પણ ઝેર થઈ જશે. આ શતસહસ્રવેધી ઝેર છે. રાજાએ પૂછ્યું — તેના નિવારણની કોઈ વિધિ છે ? વૈદ્યે કહ્યું — તે પણ છે. પૂર્વવત્ અગદે-વૈદ્યે તે વિધિ પણ આપી.

આ તે વૈદ્યની વૈનયિકી બુદ્ધિ જાણવી.

વધુ કેટલું કહેવું ? અસાર વડે અને પ્રતિપક્ષ દર્શન વડે તેણે આય અને ઉપાયનું કુશળ દર્શન કરાવ્યું.

(૧૧) રથિક અને ગણિકા - એક જ દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે —

પાટલીપુત્રમાં બે ગણિકા હતી - કોશા અને ઉપકોશા. કોશાની સાથે સ્થૂલભદ્ર સ્વામી રહ્યા અને દીક્ષા લીધી. જેણે તેણીને ત્યાં ચોમાસુ પણ કર્યુ અને પછી કોશા ગણિકા શ્રાવિકા થઈ. રાજાના નિયોગ સિવાય અન્યત્ર બધે જ તેણીએ અબ્રહ્મ ન આચરવા પ્રત્યાખ્યાન કર્યુ.

કોઈ રથિકે રાજાને ખુશ કર્યો અને તેણે ઈનામમાં કોશા ગણિકાને માંગી, રાજાએ ઈનામમાં આપી. તેણી વારંવાર સ્થૂલભદ્ર સ્વામીના ગુણગાન કર્યા કરે છે, પણ રથિકને તે પ્રમાણે સેવતી નથી.

રથિક તેણીને પોતાનું વિજ્ઞાન દર્શાવવાની ઈચ્છાથી અશોકવનિકામાં લઈ જાય છે. તેણે જમીન ઉપર જ રહીને આંબાની લુમને તોડી બતાવી. તેણે બાણની પાછળ બાણ છોડી, એકબીજાને જોડતા જોડતા હાથના અભ્યાસથી અર્ધચંદ્રાકાર કરી, લુમ તોડીને ગ્રહણ કરી બતાવી.

તો પણ કોશાને સંતોષ પમાડી શક્યો નહીં. ત્યારે ગણિકાને પૂછ્યું કે — શું આ દુષ્કર નથી ? ત્યારે ગણિકા બોલી - જો હવે મારી કળા બતાવું સરસવનો ઢગલો કર્યો, સોયને તેમાં મૂકી, તેમાં ફૂલની કર્ણિકાને પરોવી. તેના ઉપર નૃત્યુ કરી બતાવ્યુ. રથિક આભો બની ગયો.

ત્યારપછી ગણિકા બોલી કે — આ આંબાની લુમને તોડવી તે કોઈ દુષ્કર કાર્ય નથી અને મેં જે નર્તન કર્યુ તેમાં પણ કંઈ દુષ્કર નથી. કેમકે બંને શિક્ષા દ્વારા સાધ્ય કૃત્યો છે. દુષ્કર તો તે મહાનુભવ છે, જે મુનિ પ્રમદાવનમાં - ગણિકાની ચિત્રશાળામાં વસ્યા. [છતાં બ્રહ્મચારી રહ્યા કે જે કળા તેઓ શીખ્યા ન હતા.] એ રીતે તેણે રથિકને બોધ પમાડ્યો, રથિક શાંત થયો.

આ તે બંનેની વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૧૨) સીતા સાટી૦ ઈત્યાદિ અહીં કથા આવી કંઈક છે —

કોઈ આચાર્ય વડે રાજપુત્રોને શિક્ષણ અપાયું. તેણે ધન મેળવ્યું દ્રવ્યલોભી એવો તે રાજા તે આચાર્યને મારી નાંખવા ઈચ્છતો હતો.

તે બાળકોએ વિચાર કર્યો કે — આણે આપણને વિદ્યા આપી. કોઈ ઉપાયથી આપણે તેનો નિસ્તાર - બચાવ કરવો જોઈએ.



જ્યારે તે જમીને આવતા હતા ત્યારે સ્નાનની સાડી - ધોતીને માંગે છે. તે શુષ્ક બોલ્યા કે — અહો! સાડી શીતા છે અર્થાત્ ધોતી ઠંડી છે. એ પ્રમાણે જણાવ્યું. ઘાસના તણખલાંને દ્વારની સન્મુખ કર્યુ અને કહ્યું કે અહો! આ તૃણ તો લાંબુ છે. ક્રૌંચને પહેલા પ્રદક્ષિણા કરાવાય છે. તે દિવસે પ્રદક્ષિણા ન કરાવાઈ. તેથી જાણ્યું કે રાજા વિરક્ત છે.

માર્ગ લાંબો છે, રક્ષણ શીત છે, તારો સંહાર નક્કી છે. એ પ્રમાણે જાણીને તે આચાર્ય [શિક્ષક] નાસી ગયો.

આ તે બંનેની વૈનયિકી બુદ્ધિ.

(૧૩) નીવ્રોદક - કોઈ વણિકની પત્ની હતી, વણિક-પતિને ઘણો કાળ પરદેશ ગયે થયો હોવાથી તે સ્ત્રી પોતાના મનનો ભાવ દાસીને કહે છે — પ્રાઘુર્ણક - કોઈ જાર પુરુષને મહેમાન તરીકે લઈ આવ. દાસી એવા પ્રાઘુર્ણક-મહેમાનને ઘેર લાવી. તેનું ભદ્ર કર્યુ અર્થાત્ નખ વગેરે કપાવ્યા, સ્નાનાદિ કરાવ્યું. રાત્રિના ઘરમાં પ્રવેશ કરાવ્યો. તે પુરુષને તરસ લાગી, તેને નીવ્રોદક - નેવાનું પાણી પીવડાવ્યું, તે પાણી પીને મરી ગયો.

ત્યારે તેને દેવકુલિકામાં ત્યજી દીધો.

તેના નખ વગેરે તાજા કપાયેલા જોઈને વાણંદોને બોલાવીને અમાત્યએ પૂછતાછ કરી. કોણ આવેલ હતું. વાણંદે કહ્યું — દાસી આવેલી. તેણીને પ્રહાર કરતા તે સાચું બોલી ગઈ. વણિક્‌ની પત્નીને બોલાવીને પૂછ્યું — તેણી જે ઘટના જેમ બનેલી તેમ કહી દીધી, નેવાને તપાસવામાં આવ્યા. ત્યાં એક ત્વચામાં વિષવાળો સર્પ જોયો.

આ તે અમાત્યની વૈનયિકી બુદ્ધિ જાણવી.

(૧૪) ગાય, ઘોડો, વૃક્ષથી પડવું. આ એક જ દૃષ્ટાંત છે, તે આ રીતે —

કોઈ એક અકૃતપુન્ય - કમભાગી હતો, તે જે કંઈ કરે તે - તે વિનાશ પામતું, તે મિત્રની પાસે બે બળદ માંગીને લાવ્યો, તેના વડે હળ ચલાવે છે. વિકાલે બંને બળદને લાવ્યો, વાડામાં બાંધ્યા. રાત્રે ચોરો આવી બળદને ચોરીને લઈ ગયા. મિત્રે બળદ પાછા માંગ્યા, પણ તે લજ્જાથી મિત્રની પાસે આવતો નથી. કેમકે તે જમતો હતો અને મિત્ર સુતો હતો. ત્યારે ચોરો વાડામાંથી બળદોને લઈ ગયેલા. બંને વચ્ચે વિવાદ થયો, તેનો મિત્ર તેને રાજકુળમાં ઢસડી ગયો.

માર્ગમાં કોઈ પુરુષ ઘોડા ઉપર આવી રહ્યો હતો. તેણે તે ઘોડેસ્વારને પાડી દીધો, તે નાસી ગયા. ઘોડેસ્વારે અપુણ્યકને કહ્યું — ઘોડાને વાળ, તેણે મર્મમાં ઘાત કર્યો. ઘોડો મરી ગયો. તે ઘોડેસ્વાર પણ ઘોડા માટે તેની પાછળ લાગ્યો. રાજધાનીએ જતાં તે ત્રણે વિકાલે નગરીની બાહિરિકામાં સુતા હતા. ત્યાં મલ્લો સુતા હતા, આ ત્રણ પણ ત્યાં જ રહ્યા.

તે અપુન્યક વિચારે છે કે — મને યાવજ્જીવનું બંધન કરશે. તેના કરતા તો મારે શ્રેયસ્કર એ છે કે — મને પોતાને ઉંચે બાંધીને લટકી જવું. બીજા સુતા હતા ત્યારે તે પાશો બાંધીને વૃક્ષની ડાબે લટકી ગયો. તે ડાળ ઘણી પાતળી હતી. તેથી તુટી ગઈ. તે સીધો મોટા મલ્લ ઉપર પડ્યો, તે મલ્લ ત્યાં જ મરી ગયો. તે મલ્લોએ

પણ તેને પકડ્યો. બંધક બનાવીને રાજ દરબારે તેને લઈ ગયા.

ત્રણેએ જે બન્યું હતું તે કહ્યું. અપુન્યકને મંત્રીએ પૂછ્યું કે શું આ વાત બરાબર છે ? તેણે કબૂલ કર્યુ. કુમાર મંત્રીએ કહ્યું કે — આ તને બે બળદ આપી દેશે, પણ તું તેને બે આંખો કાઢી આપ, આ તને અશ્વ આપી દેશે, બદલામાં તારી જીભ ઉખેડીને આપ. આ અપુન્યક નીચે સૂઈ રહેશે. ત્યારે મલ્લોમાંના કોઈ એકે ફાંસો બાંધીને તેના ઉપર પડવું. એ પ્રમાણે કહીને કુમાર મંત્રીએ અપુન્યકને છોડાવ્યો.

આ તે મંત્રીની વૈનયિકી બુદ્ધિ જાણવી.

હવે કર્મજા બુદ્ધિના લક્ષણોનું પ્રતિપાદન કરતા કહે છે —

• નિર્યુક્તિ-૯૪૬ :-

*ઉપયોગ દૃષ્ટસાર, કર્મપ્રસંગ પરિઘોલણથી વિશાલ, સાધુકૃત ફલવતી, કર્મ કરવાથી ઉત્પન્ન તે કર્મજા બુદ્ધિ જાણવી.*

• વિવેચન-૯૪૬ :-

ઉપયોજન તે ઉપયોગ, વિવક્ષિત કર્મમાં મનથી અભિનિવેશ, સાર - તે જ કર્મનો પરમાર્થ ઉપયોગ વડે દૃષ્ટ સાર જેનાથી છે તે. કર્મમાં પ્રસંગ - અભ્યાસ, પરિઘોલન - વિચાર, આ કર્મના અભ્યાસથી થયેલ વિચારનો વિસ્તાર. સાધુકૃત - સારી રીતે કરાયેલ, વિદ્વાનો વડે પ્રશંસા કરાયેલ કે ''સારું કર્યુ'' તેથી ફળવતી અથવા 'સારુ કર્યુ' એવું શેષ ફળ જેનું છે, તે તથા, કર્મ-(કાર્ય) વડે ઉદ્‌ભવેલ બુદ્ધિ.

આનું પણ શિષ્યવર્ગની અનુકંપાને માટે ઉદાહરણ વડે સ્વરૂપ દર્શાવવાને માટે કહે છે —

• નિર્યુક્તિ-૯૪૭ :-

*(૧) હૈરણ્યિક, (૨) કૃષિક, (૩) કોલિક, (૪) દર્વી, (૫) મોતી, (૬) ઘી, (૭) પ્લવક, (૮) તુન્નાગ-તંતુવાય, (૯) વર્ધકી-સુતાર, (૧૦) પૂતિક, (૧૧) ઘટકાર, (૧૨) ચિત્રકાર - એ બાર દૃષ્ટાંત છે.*

• વિવેચન-૯૪૭ :-

(૧) હૈરણ્યિક એટલે સુવર્ણકાર - વારંવારના યોગથી અંધકારમાં પણ રૂપિયાને જાણે છે, હાથના સ્પર્શ માત્રથી ઓળખી જાય.

(૨) કર્ષક એટલે ખેડૂત - ફળની નિષ્પત્તિને જાણે છે, દૃષ્ટાંત છે —

એક ચોરે ક્યાંક પદ્માકારે ખાતર પાડ્યું. તે જનવાદ સાંભળે છે [કેમકે લોકોને આશ્ચર્ય થયેલું] ખેડૂત બોલ્યો — શિક્ષિતને શું દુષ્કર છે ? ચોરે તે કથન સાંભળ્યું, જઈને પૂછ્યું તે ખેડૂતને કે મારી તું નિંદા કેમ કરે છે ? ચોર છરી ખેંચીને બોલ્યો કે હું તને મારી નાંખીશ.

ખેડૂતે કહ્યું — તું પહેલા જો. કપડું પાથર્યું. ડાંગરની મુટ્ઠીભરી. પછી બોલ્યો કે — આ ડાંગરને ઉંધી પાડું કે સન્મુખ પાડું કે પડખાં ભેર પાડું ? ચોરે ખેડૂતને જેમ કહ્યું, તેમ ખેડૂતે કરી બતાવ્યું. ચોર ખુશ થઈ ગયો.

આ તે ખેડૂતની કર્મજા બુદ્ધિ જાણવી.

(૩) કોલિક - મુટ્ઠીમાં ગ્રહણ કરેલા તંતુ વડે જાણી શકે છે કે — આટલા



તંતુથી - કંડકથી આવડું વસ્ત્ર બનશે.

(૪) દર્વી - કુંડિકામાં આટલું સમાશે તેમ વર્ધકી જાણે છે.

(૫) મોતી - મોતીને આકાશમાં ઉછાળીને મણિકાર એવી રીતે પાડે કે જેથી કોલવાલ - ભુંડના વાળમાં પરોવાઈ જાય.

(૬) ઘી - ઘી વેચનારો ગાડામાં હોવા છતાં જ્યારે રુચે ત્યારે કુંડિકા નાલકમાં નાખી શકે [સાંકડા મુખવાળા પાત્રમાં પણ ઘીને ઢોળ્યા વિના નાંખી શકે છે.]

(૭) પ્લવક - આકાશમાં રહીને - અદ્ધર રહીને પણ તેનું નૃત્યાદિ જે કંઈ કરણ હોય તે કરી શકે છે.

(૮) તુન્નાગ - તંતુવાય, પહેલાં સ્થૂળ પણ પછી કોઈને ખબર ન પડે તેવું સૂક્ષ્મ, સોંય વડે સીવીને એ રીતે પુરુ કરે કે જાણે સ્વામી પાસે રહીને તે વસ્ત્ર સંધિકારે કરેલ હોય.

(૯) વર્ધકી - શિલ્પકાર, માપ્યા વિના જ દેવકુલના રથોનું પ્રમાણ જાણે છે [ચૈત્યાદિના તાપને જાણે છે.]

(૧૦) ઘટકાર - પ્રમાણથી માટીને ગ્રહણ કરે છે. માટીના વાસણ પણ માપ્યા વિના જ કરી દે છે. [આટલામાંથી આટલા ઘડાં જ બને.]

(૧૧) આપૂપિક - પૂડલા બનાવનારો. પલ પ્રમાણ વગેરે માપ્યા વિના જ આના આટલા પૂડલા બનશે તે જાણે છે.

(૧૨) ચિત્રકાર - માપ્યા વિના જ પ્રમાણયુક્ત ચિત્ર બનાવે છે.

જે કંઈ વર્ણન કર્યુ, તે બધાં કર્મજા બુદ્ધિના દૃષ્ટાંત જાણવા.

— હવે પારિણામિકી બુદ્ધિના લક્ષણો પ્રતિપાદિત કરતા કહે છે —

• નિર્યુક્તિ-૯૪૮ :-

*અનુમાન, હેતુ, દૃષ્ટાંત વડે સાધિત, વયના વિપાકથી પરિણામ પામનારી, હિત અને મોક્ષના ફળવાળી જે બુદ્ધિ તેને પારિણામિકી બુદ્ધિ કહેવાય છે.*

• વિવેચન-૯૪૮ :-

અનુમાન, હેતુ અને દૃષ્ટાંત વડે સાધ્ય અર્થને સાધે છે - તેવી, અહીં લિંગથી જ્ઞાનનું અનુમાન તે સ્વાર્થ, તેનો પ્રતિપાદક વચન હેતુ તે પરાર્થ અથવા જ્ઞાપક અનુમાન કારક તે હેતુ, દૃષ્ટ અર્થમાં લઈ જાય તે દૃષ્ટાંત - x - x - x - સાધ્ય ઉપમા ભૂત તે દૃષ્ટાંત. - x - x - કાળકૃત્ દેહની અવસ્થા વિશેષ તે વય. તેના વિપાકમાં પરિણામ-પુષ્ટતા જેની છે તે તેવા પ્રકારની, અભ્યુદયના કારણરૂપ, મોક્ષના નિબંધનરૂપ ફળવાળી જે બુદ્ધિ તે પારિણામિત. આ ગાથાર્થ કહ્યો.

આના પણ શિષ્યગણના હિતને માટે દૃષ્ટાંતથી સ્વરૂપ કહે છે.

• નિર્યુક્તિ-૯૪૯ થી ૯૫૧ :-

*અભય, શ્રેષ્ઠી, કુમાર, દેવી, ઉદિતોદય રાજા, નંદીષેણ સાધુ, ધનદત્ત, શ્રાવક, અમાત્ય, ક્ષપક, અમાત્ય પુત્ર, ચાણક્ય, સ્થૂલભદ્ર, નાસિક્ય સુંદરી નંદ, વજ, ચરણાઘાત, આમંડ, મણી, સર્પ, ગેંડો, સ્તૂપ, ઈન્દ્ર એ બાવીશ પારિણામિકી બુદ્ધિના ઉદાહરણો છે.*

● **વિવેચન-૯૪૯ થી ૯૫૧ :-**

આ ગાથાઓનો અર્થ કથાનકોથી જાણવો. તે આ પ્રમાણે —

(૧) અભય - તેની પારિણામિકી બુદ્ધિ કઈ રીતે કહી ? જ્યારે પ્રદ્યોતે રાજગૃહીને અવરોધી હતી, પછી અભયે પૂર્વે દાટેલ દીનારાદિ વડે પ્રદ્યોતને કહ્યું કે તારી છાવણીને પહેલાથી ફોડી નાંખેલ છે, તેમ કહેતા પ્રદ્યોત નાસી ગયો એ અભયની પારિણામિકી બુદ્ધિ જાણવી.

અથવા જ્યારે ગણિકા વડે છળથી બાંધીને લઈ જવાયો અને જ્યાં સુધીમાં ચાર વર [દાન] મેળવ્યા, ત્યારે અભય વિચાર્યુ કે હવે હું મને છોડાવું ત્યારે વર [દાન] માંગ્યા. - x - મને છળથી પકડી લાવ્યો હતો, હું દિવસે પ્રદ્યોતનું હરણ કરીશ. તેને રોતો-કકડતો લઈ જઈશ.

તે રાજગૃહી ગયો. એક નોકરને ઉન્મત્ત બનાવ્યો, વણિક કન્યા લીધી. પ્રદ્યોત ચીસો પાડતો રહ્યો અને તેનું હરણ કર્યુ. એ પ્રમાણે અભય કુમારની પારિણામિક બુદ્ધિના ઘણાં દૃષ્ટાંત છે.

(૨) શ્રેષ્ઠી - કાષ્ઠ નામે શ્રેષ્ઠી કોઈ એક નગરમાં રહેતો હતો. તેને વજ્ર નામે પત્ની હતી. તેનો નૈત્યિક [પડોશી] દેવશર્મા નામે બ્રાહ્મણ હતો. તે શ્રેષ્ઠી લાંબી યાત્રાર્થે ગયો. તેની પત્ની દેવશર્મા સાથે આસક્ત બની. તે શ્રેષ્ઠીના ઘરમાં ત્રણ પક્ષી હતા - પોપટ, મેના અને કુકડો. શ્રેષ્ઠી તેને ઘેર રાખીને ગયેલો હતો. તે બ્રાહ્મણ પણ રાત્રિના જ આવતો હતો.

મેના બોલતી - તે કોણ છે ? ડરતો નથી ? પોપટ તેને વારે છે. જે માતાનો પ્રિય છે, તે આપણો પણ પિતા થાય છે. તે મેના તે બ્રાહ્મણને આક્રોશ કર્યા કરે છે. તેથી મેનાને મારી નાંખી. પોપટને ન માર્યો.

કોઈ દિવસે સાધુ ભિક્ષાર્થે તેના ઘરમાં આવ્યા. કુકડાને જોઈને એક સાધુ દિશાલોક કરતા બોલે છે — આનું જે માથું છે, તેને જે ખાય તે રાજા થાય. કોઈપણ રીતે તે બ્રાહ્મણે છુપાઈને સાંભળી લીધું. બ્રાહ્મણે વજ્રને કહ્યું — તું કુકડાને મારી નાંખ, મારે તે ખાવો છે, તેણી બોલી - બીજો કુકડો લઈ આવ, મેં પુત્રની જેમ તેને રાખેલ છે. ના પાડતા બ્રાહ્મણે માર્યો. તેથી પે’લીએ કુકડાનું માંસ રાંધ્યુ, જેટલાંમાં તે બ્રાહ્મણ ન્હાવા ગયો, તેટલામાં શ્રેષ્ઠીનો પુત્ર શાળાએથી આવ્યો. તેણે પકાવેલ માંસ જોયું, તે ભુખથી રડતો હતો. કુકડાનું માથું તેને ખાવા આપી દીધું. બ્રાહ્મણ આવ્યો. વાસણમાં માંસ નાંખ્યુ. બ્રાહ્મણે કુકડાનું માથું માંગ્યુ. તેણી બોલી કે — તે બાળકને આપી દીધું. બ્રાહ્મણ ખીજાયો, તે માથાને માટે તો મેં કુકડો માર્યો હતો. કેમકે જે આ કુકડાનું માથું ખાય તે રાજા થવાનો છે. તેણે બાળકને મારવા વિચાર્યુ.

આ વાત દાસીએ સાંભળી, તે તુરંત જ બાળકને લઈને પલાયન થઈ ગઈ. તે બંને બીજા નગરે ગયા. ત્યાં કોઈ રાજા અપુત્રિયો મરણ પામેલ. અશ્વ વડે અભિષેક કરાયો, તે બાળક રાજા થયો.

આ તરફ કાષ્ઠ શ્રેષ્ઠી પાછો આવ્યો. પોતાના ઘરને શટિત-પતિત જોયું. વજ્ર-તેની પત્નીને પૂછ્યું — તે કંઈ બોલી નહીં. પોપટોને પાંજરામાંથી મુક્ત કરતાં તેણે



બ્રાહ્મણાદિ બધો સંબંધ કહી દીધો. તે આ સંસારના વ્યવહારથી કંટાળી ગયો. તેને થયું કે હું આના કારણે ક્લેશ અનુભવું છું. આ તો એવી જ છે, તેથી તેણે દીક્ષા લીધી.

તે સ્ત્રી અને બ્રાહ્મણ તે જ નગરે ગયા, જ્યાં તે બાળક રાજા રાજા થયેલો હતો. સાધુ પણ વિહાર કરતાં ત્યાં જ ગયા. તેણી ઓળખી ગઈ. ભિક્ષામાં સુવર્ણ આપ્યું, પછી કહેવા લાગી કે આમણે લઈ લીધું છે. તેથી રાજાની પાસે સાધુને લઈ ગયા.

ધાત્રી ઓળખી ગઈ. માતા અને બ્રાહ્મણ બંનેને દેશનિકાલની આજ્ઞા કરી. પિતાને ભોગ માટે નિમંત્રણા કરી. પણ સાધુ બનેલ કાષ્ઠ શ્રેષ્ઠીએ તેની ઈચ્છા ન કરી. રાજાને શ્રાવક બનાવ્યો.

ચોમાસુ પૂરુ થતા જતા હતા ત્યારે તેમની અપકીર્તિ કરાવવાને પે’લા બ્રાહ્મણે કોઈ વૈશ્યાને ત્યાં લાવી મૂકી. પરિભ્રષ્ટનું રૂપ કર્યુ. તેણીને ગર્ભીણી બનાવી, સાધુને પકડ્યા. ત્યારે શાસનની ઉડ્ડાહણા ન થાય તે માટે કહ્યું — જો મારા કારણે આ ગર્ભ હોય તો યોનિથી નીકળે અને જો મારા કારણે ન હોય તો ઉદર ફાડીને આ ગર્ભ નીકળો. એટલું બોલતા વૈશ્યાનું ઉદર ફાટી ગયું. તેણી મૃત્યુ પામી. સાધુની કીર્તિ ફેલાઈ.

આ તે શ્રેષ્ઠીની પારિણામિકા બુદ્ધિ જાણવી.

(૩) ક્ષુલ્લકકુમાર - આ કથા યોગ સંગ્રહમાં છે. પરિણામને કારણે તેની બુદ્ધિ ચાલી, પ્રવ્રજ્યામાં સ્થિર થયો તે તેની પારિણામિકી બુદ્ધિ.

(૪) દેવી - પુષ્પભદ્ર નગરમાં પુષ્પસેન રાજા, પુષ્પવતી રાણી હતી. તેણીને બે સંતાન હતા — પુષ્પચૂલ અને પુષ્પચૂલા. તે બંને પરસ્પર અનુરક્ત થઈને ભોગો ભોગવતા હતા. તે વાત જાણીને વૈરાગ્યવંત બની પુષ્પવતી રાણીએ દીક્ષા લીધી, તે કાળ કરીને દેવલોકમાં દેવ થઈ.

તે દેવ વિચારે છે કે — જો આ બંને (સંતાનો) મરી જાય તો નરક કે તિર્યંચમાં ઉપજશે. તેણી પુષ્પચૂલા પુત્રીને સ્વપ્નમાં નરકનું દર્શન કરાવે છે, તેણી ડરી જઈને પાખંડીને પૂછે છે, તેઓ તેનો અર્થ જાણતા નથી. પછી ત્યાં અર્ણિકાપુત્ર આચાર્ય હતા, તેમને બોલાવ્યા. ત્યારે તે સૂત્ર કહે છે. ત્યારે પુષ્પચૂલા તેમને પૂછે છે કે — શું તમે પણ સ્વપ્ન જોયેલ છે ? આચાર્ય કહે છે કે — ના, અમારા સૂત્રમાં આ પ્રમાણે કહેલ છે.

ફરી પુષ્પવતી દેવ તેની પુત્રીને સ્વપ્નમાં દેવલોકને દેખાડે છે. તેણી તે વાત પણ અર્ણિકાપુત્ર આચાર્યને કરે છે. આચાર્ય ભગવંત તે પણ સૂત્રમાં કહ્યા મુજબ તેણીને જણાવે છે. પછી પુષ્પચૂલા દીક્ષા લે છે.

આ તે દેવની પારિણામિકી બુદ્ધિ.

(૫) ઉદિતોદય - પુરિમતાલ નગરમાં ઉદિતોદય નામે રાજા હતો. તેની શ્રીકાંતા નામે રાણી હતી. બંને પણ શ્રાવક હતા. રાણીએ પરિવ્રાજિકાને પરાજિત કરેલ હતી. દાસી વડે મુખ મર્કટિકાદિથી વિડંબના કરીને તેણીને કાઢી મૂકેલ હતી. તે પરિવ્રાજિકાને ઘણો જ દ્વેષ થયેલો.

વારાણસીમાં ધર્મરુચી નામે રાજા હતો. પરિવ્રાજિકા ત્યાં ગઈ. લાકડાની પટ્ટિકા ઉપર શ્રીકાંતાનું રૂપ આલેખીને ધર્મરુચિ રાજાને બતાવ્યું. તે પણ શ્રીકાંતાના

રૂપમાં આસક્ત થઈ ગયો. તેણે દૂતને મોકલ્યો. ત્યાં ઉદિતોદિત રાજાએ મારી, અપમાનિત કરીને કાઢી મૂક્યો. ત્યારે ધર્મરુચિરાજા સર્વ સૈન્ય સાથે આવ્યો. પુરિમતાલ નગરીને રુંધી. ત્યારે ઉદિતોદય રાજા વિચારે છે કે – આટલો બધો જનક્ષય કરવાથી શો લાભ ? ઉપવાસ કરે છે. વૈશ્રમણ દેવે નગર સહિત રાજાને સંહરી લીધો.

આ તે ઉદિતોદિત રાજાની પારિણામિકી બુદ્ધિ.

(૬) નંદીષેણ સાધુ - શ્રેણિક રાજાનો એક પુત્ર નંદીષેણ નામે હતો. તેનો શિષ્ય અવધાનોત્પ્રેક્ષી હતો. નંદીષેણને ચિંતા થઈ, જો ભઘવંત રાજગૃહે પધારે તો રાણીઓ અને બીજા અતિશયોને જોઈને આ શિષ્ય સ્થિર થાય. ભગવંત પધાર્યા. શ્રેણિક અંતઃપુર સહિત નીકળ્યો, બીજા પણ કુમારો પોતાના અંતઃપુર સાથે નીકળ્યા. નંદીષેણનું અંતઃપુર પણ શ્વેત વસ્ત્રો પહેરીને પદ્મિની મધ્યે હંસી માફક, આભરણ રહિત, બધી છાયાને હરણ કરતી હતી.

તે શિષ્ય તે નંદીષેણના અંતઃપુરને જોઈને વિચારે છે કે જો મારા આચાર્ય ભદંતે આવી સુંદર સ્ત્રીઓનો ત્યાગ કર્યો તો પછી મારા જેવા મંદપુન્યએ અસતીને પ્રાર્થવાથી શો લાભ ? તેમ વિચારીને તે નિર્વેદ પામ્યો. આલોચના, પ્રતિક્રમણ થઈને તે સ્થિર થઈ ગયો.

આ તે બંનેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૭) ધનદત્ત - સુસમાના પિતાને જે પરિણામ થયા કે જો આ [સુસમાના મૃત શરીર] ને ખાઈશું નહીં તો માર્ગમાં આપણે મરી જઈશું.

અહીં પરિણામની જે વિચારણા તે પારિણામિકી બુદ્ધિ.

(૮) શ્રાવક - કોઈ શ્રાવક તેની પત્નીની સખીમાં મૂર્છિત થયો, આસક્ત થયો. તેણીને એવા પરિણામ થયા કે – મારો પતિ ક્યાંક આવો આર્ત્ત કે વશાર્ત્ત થઈને મરીને નરકમાં કે તિર્યંચમાં ઉત્પન્ન ન થાય તેવું કરું. તેણીએ આભરણાદિથી સખીનો વેશ લઈ પતિની અભિલાષા પૂરી કરી. પછીથી તે શ્રાવકને ખેદ થવા લાગ્યો. ત્યારે શ્રાવિકાએ સત્ય હકીકત જણાવી. આ તેણીની પારિણામિકી બુદ્ધિ.

(૯) અમાત્ય - વરધનુ મંત્રીએ લાક્ષાગૃહમાં સુતેલા બ્રહ્મદત્તને જોઈને વિચાર કર્યો કે – આ કુમારને કોઈ મારી ન નાંખે, કેમે કરીને તેનું રક્ષણ કરું. સુરંગ વડે તેને બહાર કાઢી લીધો, પલાયન થઈ ગયા. એ તે અમાત્યની પારિણામિકી બુદ્ધિ.

બીજા કહે છે – એક રાજા હતો, તેની અતિ પ્રિય રાણી મૃત્યુ પામી. રાજા મુગ્ધ હતો, તેણીના વિયોગમાં દુઃખી થઈ શરીર સ્થિતિને કરતો નથી. મંત્રી વડે કહેવાયું – હે દેવ ! આવી સંસારની સ્થિતિ છે, શું કરીએ ? રાજા બોલ્યો – હું દેવીના શરીરની સ્થિતિને અકુર્વતી નહીં કરું. મંત્રીએ વિચાર્યુ - આનો કોઈ ઉપાય નથી. પછી કહ્યું – હે દેવ ! દેવી સ્વર્ગે ગયા છે, તેથી ત્યાં રહીને જ તેણીને બધું મોકલવું, પ્રાપ્તિમાં દેવીકૃત્ત સ્થિતિમાં પ્રવૃત્ત થયું રાજાએ તે વાતને સ્વીકારી. ઈત્યાદિ - x - x - x -

દૃષ્ટાંત તો લાંબુ ચાલે છે. - x - x - x -

છેલ્લે મૃતકને બાળી નાંખ્યુ. આ મંત્રીની પારિણામિકી બુદ્ધિ.



(૧૦) ક્ષપક-બાલ સાધુ :- કોઈ ક્ષપક, શૈક્ષની સાથે ભિક્ષા લેવા માટે નીકળ્યો. શૈક્ષ વડે દેડકી મરી ગઈ. આલોચનાના અવસરે તે શૈક્ષ, દેડકી મર્યાની આલોચના કરતો નથી. ક્ષુલ્લકે કહ્યું – દેડકી માર્યાની આલોચના કરો. તે શૈક્ષ સાધુ ક્રોધિત થયા. હવે આ ક્ષપકને મારું, એમ વિચારી મારવા દોડ્યા. એક થાંભલામાં અથડાતા, તે સાધુ મૃત્યુ પામ્યા.

વિરાધિત શ્રામણ્યવાળા ઘણાં સાધુઓ તે કુળમાં દૃષ્ટિ વિષ સર્પ રૂપે જન્મીને એકઠાં થયેલા હતાં. એકબીજાને બરાબર જાણતા હતાં. [જાતિ સ્મરણ જ્ઞાનને પામેલા હતા.] તેઓ રાત્રિના જ ચરતા હતા. જેથી તેઓ દ્વારા કોઈ જીવ મરાઈ ન જાય. પ્રાસુક આહાર કરતા હતા.

કોઈ દિવસે રાજાનો પુત્ર સર્પ વડે ડંસ દેવાવાથી મૃત્યુ પામ્યો. રાજાને સર્પો ઉપર ઘણો જ દ્વેષ થયો. તેણે ઘોષણા કરાવી કે જે કોઈ સર્પને મારી નાંખશે, તેને રાજા દિનાર [સુવર્ણ મુદ્રા] આપશે.

કોઈ દિવસે ન ચાલવાથી તેઓની રેખા દેખાઈ. તેથી તે બિલમાં ઔષધિ વડે ધમણ કરી. મસ્તકો બહાર નીકળે છે, તેને છેદે છે. તે સર્પ અભિમુખ નીકળતો નથી. જાતિસ્મરણજ્ઞાનથી તે સર્પ વિચારે છે – રખેને ! કોઈ પણ જીવ મારાથી મરણ ન પામો. તે જેમ જેમ નીકળતો જાય છે, તેમ તેમ તેના છેદીને ટુકડા કરતા જાય છે.

ત્યારપછી નાગની દેવીએ રાજા પાસે ઉપસ્થિત થઈને કહ્યું કે – હવે નાગનો વધ ન કરશો. રાજાને બોધિત કર્યો. વર [દાન] આપ્યું કે – તમને એક પુત્ર થશે. તે ક્ષપક સર્પ મરીને તે રાણીની કુક્ષીમાં પુત્રરૂપે અવતર્યો. તે બાળકનું ‘નાગદત્ત’ એવું નામ રાખ્યું.

તે બાળકે બાળભાવનો ત્યાગ કર્યો, પછી કોઈ સાધુને જોઈને જાતિ સ્મરણ જ્ઞાન થતાં તેણે દીક્ષા લીધી. તેને ખૂબ જ ભુખ લાગતી હોવાથી આહાર વગર ચાલતું ન હતું, તેથી તેણે અભિગ્રહ લીધો કે મારે રોષ ન કરવો.

તે પર્યુષિત [ઠંડા, પડી રહેલા] અશનાદિ માટે ભ્રમણ કરે છે.

તે આચાર્યના ગચ્છમાં ચાર ક્ષપક હતા, એક માસિકી, બેમાસિકી, ત્રણ માસિકી, ચાર માસિકી તપશ્ચર્યાવાળા. રાત્રિના દેવી આવી, તે બધાં તપસ્વીને ઓળંગીને પે’લા ક્ષુલ્લક સાધુને વંદન કર્યુ. તે નીકળતી હતી ત્યારે તે દેવીને કોઈ ક્ષપકે હાથેથી પકડી લીધી અને કહ્યું – હે કટપૂતના ! આ ત્રિકાળભોજીને તું વંદન કરે છે ? આ મહા તપસ્વીને વાંદતી નથી ?

દેવી બોલી – હું ભાવક્ષપક [ભાવ તપસ્વી]ને વાંદુ છું. દ્રવ્ય ક્ષપકોને વાંદતી નથી, એમ કહી તે ચાલી ગઈ. પ્રભાતે તે ક્ષુલ્લક પર્યુષિત અશનાદિને શોધવા નીકળ્યા. આવીને ક્ષપકોને નિમંત્રણા કરી. એક ક્ષપકે આહાર પાત્ર લઈને તેમાં બળખો નાંખ્યો. તે ક્ષુલ્લકે કહ્યું કે – “મિચ્છા મિ દુક્કડં” હું આપને શ્લેષ્મ પાત્ર લાવીને આપી ન શક્યો. એ પ્રમાણે જ બાકીના ત્રણ તપસ્વીઓએ પણ કર્યુ.

ક્ષુલ્લકે તે [આહાર એક તરફ કરી] ખાવાનો આરંભ કર્યો. તેઓએ ક્ષુલ્લકને આહાર કરતાં રોક્યો. ત્યારે તે ક્ષુલ્લક સાધુ નિર્વેદ પામ્યો. ત્યાં જ શુકલ ધ્યાનારૂઢ

થઈને કેવળજ્ઞાન પામ્યા. ત્યારપછી [દેવીના પ્રતિબોધથી] બાકીના ચારે પણ કેવળજ્ઞાન પામ્યા. પાંચે પણ સિદ્ધ થયા.

આ તે બધાંની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૧) અમાત્ય પુત્ર - વરધનુ, તેને તે-તે પ્રયોજનોમાં પારિણામિકી બુદ્ધિ વાપરેલી. જેમકે — માતાને છોડાવી, તે પલાયન થયો. ઈત્યાદિ બધું કહેવું જોઈએ. બીજા આચાર્ય બીજું દૃષ્ટાંત આપે છે —

એક મંત્રીપુત્ર, કાર્પટિક રાજકુમાર સાથે ચાલતો હતો. કોઈ દિવસે નિમિત્તક મળ્યો. રાત્રિના દેવકુલિકામાં રહીને શિવા રહે છે. કુમાર નૈમિત્તિકને પૂછ્યું કે — આ શું ભણો છો ? તેણે કહ્યું — આ ભણવાથી આ નદીના કાંઠે પૌરાણિક ક્લેવર રહે છે. આ કટિમાં સો મુદ્રા વિશેષ છે, હે કુમાર ! તે તું ગ્રહણ કર. મુદ્રાઓ તારી અને ક્લેવર મારું. હું એકલો તે કરી શકું તેમ નથી.

કુમારને કૌતુક જન્મ્યુ. તે નિમિતકને છેતરીને એકલો ગયો. ત્યાં જઈને મુદ્રાઓ ગ્રહણ કરીને પાછો આવી ગયો.

ફરી નિમિત્તક રટણ કરે છે, કુમાર ફરી પૂછે છે. તે બોલ્યો — કૌતુહલિક કહે છે — આ પ્રમાણે બોલે છે કે હે કુમાર ! તને પણ સો મુદ્રા મળી અને મને ક્લેવર. કુમાર મૌન થઈ ગયો. મંત્રીપુત્ર વિચારવા લાગ્યા કે — આનું સત્ય જોઉં. આ કૃપણપમે લઈને આવે છે કે બહાદુરીથી ? જો કૃપણત્વથી લાવે, તો આના રાજ્યમાં રહેવું નહીં.

સવારે કહ્યું — તું જા, મને તો પેટમાં શૂળની પીડા છે, હું જઈ શકું તેમ નથી. કુમારે તેને કહ્યું કે — તને છોડીને જવાનું યુક્ત નથી. પરંતુ અહીં મને કોઈ જાણે નહીં, તે રીતે આપણે જઈએ.

પછી કુલપુત્રક ગૃહે જઈને બધું આપી દીધું. બધું પોષણ મૂલ્ય દીધું. મંત્રીપુત્રએ જાણ્યું — આણે બહાદુરીથી કાર્ય કરેલ છે. - x - x -

કુમારે રાજ્ય પ્રાપ્ત કર્યું. ભોગો પણ તેને આપ્યા.

આ તે મંત્રીપુત્રની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૨) ચાણક્ય :- ગોલ્લ દેશમાં ચણક નામે ગામ હતું. ત્યાં ચણક નામે બ્રાહ્મણ રહેતો હતો. તે શ્રાવક હતો. તેના ઘેર સાધુઓ ઉતર્યા હતા. ચણકનો પુત્ર દાંત સહિત જન્મ્યો હતો. ચણકે તે પુત્રને સાધુના પગે લગાડ્યો. ત્યારે સાધુઓએ કહ્યું કે — આ રાજા થશે. ક્યાંક મારો પુત્ર દુર્ગતિમાં ન જાય તેમ વિચારીને ચણ કે તેના દાંત ઘસી નાંખ્યા. ફરી પણ આચાર્યએ કહ્યું, હવે શું કરવું તે કહો ? આચાર્ય બોલ્યા — હવે તે પ્રચ્છન્ન રાજા થશે.

બાળ ભાવનો ત્યાગ કરીને તે બાળક ચૌદ વિદ્યા સ્થાનોનો પારગામી બન્યો. તે શ્રાવક સંતુષ્ટ થયો. એક ભદ્ર બ્રાહ્મણકુળથી તેને માટે પત્ની [કન્યા] લાવીને આપી.

કોઈ દિવસે કોઈ કૌતુકમાં તેની પત્ની માતાને ઘેર ગઈ. કોઈ કહે છે કે — તેણીના ભાઈના વિવાહમાં ગયેલી. તેની બહેનને કોઈ પ્રચુર ધનાઢ્ય સાથે પરણાવી. તેણી અલંકૃત અને વિભૂષિત થઈને આવી. બધાં જ પરિજનો તેણીની સાથે વાતો



કરતા હતા. ચાણક્યની પત્ની એકાંતમાં ઉભેલી. તેને મનમાં ઘણો જ ખેદ થયો. ઘેર આવી, શોકમય રહેવા લાગી. ચાણક્યએ ઘણો આગ્રહ કર્યો ત્યારે તેણીએ બધી વાત કહી.

ચાણક્યએ વિચાર્યુ કે પાટલિપુત્રમાં નંદ રાજા દાન આપે છે. હું ત્યાં જાઉં. પછી કારતક પૂર્ણિમામાં પૂર્વે રાખેલા આસને જઈને તે બેઠો અને તે તેના-નંદના માટે સદા રખાયેલું હોય છે. નંદની સાથે સિદ્ધપુત્ર ત્યાં આવ્યો અને બોલ્યો કે — આ બ્રાહ્મણ નંદવંશની છાયાને આક્રમીત કરીને રહેલો છે. દાસીએ તેને કહ્યું — હે ભદંત ! બીજા આસને બેસો, તેણે બીજા આસને કુંડિકા સ્થાપે છે, એ પ્રમાણે ત્રીજા આસને દંડક સ્થાપ્યો, ચોથા આસને માળા મૂકી, પાંચમાં આસને જનોઈ મૂકી, આ ધૃષ્ટ છે. એમ કહી તેને ત્યાંથી બહાર કાઢી મૂક્યો. તેણે મનમાં જ નંદને ઉખેડી દેવાની પ્રતિજ્ઞા કરી.

ફરી કોઈ વખત કહે છે કે — તે પુરુષને શોધવા નીકળ્યો. કેમકે ચાણક્યએ [તેણે] સાંભળેલું કે તે પરદા પાછળનો રાજા થશે.

ચાણક્ય, નંદના મયૂર પોષકોને ગામે ગયો. પરિવ્રાજકનો વેશ લીધો. તેના મહત્તરની પુત્રીને ચંદ્રનું પાન કરવાનો દોહદ થયો. તે ભિક્ષા માટે ગયેલો. તેને પૂછે છે કે આને ચંદ્રપાન કરવું છે, તો શું કરવું? ચાણક્ય બોલ્યો, જો આ બાળક મને આપી દો તો હું તેણીને ચંદ્રનું પાન કરાવીશ. તેઓએ હા કહી. પછી વસ્ત્રનો મંડપ કર્યો. તે દિવસે પૂર્ણિમાં હતી મંડપની મધ્યમાં છિદ્ર કર્યુ. મધ્યમાં રહેલ ચંદ્રમાં સર્વ રસપ્રચુર દ્રવ્યો વડે સંયોજીને દુધનો થાળ ભર્યો, બાળકને બોલાવ્યો, ચંદ્રને જુએ છે અને પી જાય છે. ઉપર એક પુરુષ આચ્છાદન કરતો જાય છે. તેનો દોહદ પુરો થયો.

આવેલ બાળકનું ચંદ્રગુપ્ત નામ રાખ્યું. તે પણ મોટો થવા લાગ્યો. ચાણક્ય ધાતુવાદ-સ્વર્ણરસાદિને શોધે છે. ચાણક્ય તે બાળક સાથે રાજનીતિથી રમે છે, ઈત્યાદિ - x - x - x - ચાણક્યે તેને કહેલું કે જ્યાં સુધી હું તને રાજા ન બનાવી દઉં, ત્યાં સુધી હું પરિવ્રાજક છું. - x - કાળક્રમે ચાણક્યે લોકોને ભેગા કર્યા અને પાટલીપુત્રને રુંધ્યુ. [ઘેરા ઘાલ્યો.]

નંદરાજાએ પરિવ્રાજકને ભગ્ન કર્યો, ઘોડા લઈને પાછળ પડ્યો. ચંદ્રગુપ્ત પદ્મસરોવરમાં ડૂબાડી રાખ્યો. સંજ્ઞા વડે કહી દીધું કે અશ્વ સૈન્ય ચાલી જાય ત્યારે બહાર આવી જજે. ચંદ્રગુપ્તે પણ તેમ કર્યુ.

બીજા કોઈ એમ કહે છે કે — ચંદ્રગુપ્તને પદ્મસરોવરમાં ફેંકીને તે ધોબી થઈ ગયો. પછી એક જાત્યવાહી અશ્વકિશોર ઉપર જતાં અસવારે પૂછતા તેને કહ્યું કે — ચંદ્રગુપ્ત આ પદ્મસરોવરમાં ડૂબી ગયો. પછી અસવારે તે જોયું. પછી તેણે ઘોડો ચાણક્યને આપ્યો. ખડ્ગ નીચે મૂક્યું યાવત્ બધું જ મૂકીને પાણીના ઉતરવાને માટે કંચુક - નીચે પહેરવાનું વસ્ત્ર, તેને મૂકે છે. તેટલામાં ચાણક્યએ ખડ્ગ લઈને તે પુરુષના બે કટકા કરી દીધા.

ત્યારપછી ચંદ્રગુપ્તને બોલાવીને ઘોડા ઉપર બેસીને તે બંને પલાયન થઈ ગયા. ચાણક્યએ ત્યારપછી ચંદ્રગુપ્તને પૂછ્યું. જે વેળાએ તને સરોવરમાં ફેંકી દીધો,

ત્યારે તું શું વિચારતો હતો ? ચંદ્રગુપ્તે કહ્યું – જલ્દીથી હમણાં-હમણાં જ કંઈક સુંદર-સારું થશે. આર્ય તે જાણે જ છે.

ત્યારે ચાણક્યએ વિચાર્યું કે – આ હજુ પાત્ર જ છે, વિપરિણામ યુક્ત થયો નથી. ત્યારપછી ચંદ્રગુપ્ત ભુખ વડે પીડાતો હતો. ચાણક્ય તેને બેસાડીને ભોજનની વ્યવસ્થા માટે ગયો. તેને ડર હતો કે – રખેને ! મને કોઈ ઓળખી ન જાય. ભટ્ટ મહોદરનું બહાર નીકળી ગયેલ ઉદર-પેટ ફાડીને, તેમાંથી દહીં-ભાત કાઢી લઈને ચાણક્ય ગયો, બાળકને જમાડ્યો.

અન્ય કોઈ દિવસે અન્યત્ર ગામે રાત્રિના ભિક્ષા લેવા ચાણક્ય ગયો. કોઈ વૃદ્ધાએ તેના પુત્રાદિને રાબ પીરસી, એક પુત્રે મધ્યમાં હાથ નાંખ્યો, તેનો હાથ બળી જતાં તે રડવા લાગ્યો. ત્યારે વૃદ્ધા બોલી – તું ચાણક્ય જેવો મુરખ છે. કેમ મુરખ છું ? પહેલા અડખે-પડખેનું ગ્રહણ કરવું જોઈએને ? તે સાંભળીને ચાણક્ય હિમવંત પર્વતે ગયો. પાર્વતિકરાજા સાથે મૈત્રી થઈ. કહ્યું કે – આપણે બધાં ભેગા મળીને રાજ્યો ભાંગીએ. એકલા લુંટવા જ્યાથી નગરનું પતન કરી ન શકાય.

ત્યારપછી ચાણક્ય ત્રિદંડી થઈને પ્રવેશ્યો. બધી વસ્તુઓ જુએ છે. જોતાં-જોતાં ઈન્દ્રકુમારીઓ જોઈ. તેમના પ્રભાવથી નગરનું પતન થતું ન હતું. માયા કરીને તેને દૂર કરી. નગરનું પતન થયું. ત્યારપછી પાટલીપુત્ર નગરને ઘેરો ઘાલ્યો. ધર્મદ્વારને શોધે છે. એક રથ વડે જે શક્ય હોય તે તું લાવ. ત્યારે એક કન્યા, બે પત્નીઓ અને દ્રવ્યને લાવે છે.

તે કન્યા ચંદ્રગુપ્તને જોયા કરે છે. તેણીને કહ્યું – ચાલ આવવું છે ? ત્યારે તેણી ચંદ્રગુપ્તના રથમાં વળગી ગઈ, ત્યારે નવ આરાઓ ભાંગ્યા, તે વખતે ત્રિદંડીએ કહ્યું કે – તેને રોકતો નહીં, તારો વંશ નવ પુરુષ યુગ સુધી ચાલુ રહેશે. તે ગયો રાજ્યના બે ભાગ કર્યા.

એક કન્યા વિષભાવિતા હતી - વિષકન્યા હતી. તેનામાં પર્વતકની ઈચ્છા થઈ. તે કન્યા પર્વતકને આપી દીધી. અગ્નિ પ્રદક્ષિણામાં પરિગત વિષથી તે મરવાને લાગ્યા. તેણે કહ્યું – હે મિત્ર! હું મરી રહ્યો છું, આ ઝેરે મને ઘેરી લીધો છે. ચાણક્યે ભૃકુટી ચડાવી. ઝેરનું નિવારણ કરવા કહ્યું. પછી બંને પણ રાજ્યો તેના [ચંદ્રગુપ્તના] થઈ ગયા.

નંદના માણસો ચોરી કર્મથી જીવતા હતા. ચોર પકડનાર તેમને શોધે છે. ત્રિદંડી શાખાપુરમાં નલદામે મત્કોટક મારકને જોઈને આવ્યો. રાજાને બોલાવ્યો. કોટવાલને સોંપ્યો, વિશ્વાસ પમાડ્યો, ભોજનના દાન વડે તેને કટુંબ સહિત મારી નાંખ્યો. - x - x - x -

કોશ નિમિત્તે પારિણામિકી બુદ્ધિ - જુગાર રમતા કૂટ-પાશા વડે, સોનાના થાળો ભરીને દીનાર લીધી. જે જય પામે તેને આ આખો પાળ અપાશે. જો હું જય પામું તો મને તમારે એક દીનાર આપવી. એ રીતે ભંડાર ભર્યો. પછી લાંબા કાળ સુધી બીજા ઉપાયો વિચાર્યા કે રાજનો ખજાનો ભરપુર કેમ કરવો ? નગરજનોને બોલાવ્યા. પછી તેમને ઘણું ભોજન કરાવ્યું. મદ્યપાન પણ સારા પ્રમાણમાં કરાવ્યું. ઉન્મત્ત થતાં નાચવા લાગ્યા. ત્યારે ચાણક્ય નૃત્ય કરતાં બોલ્યો કે – મારી પાસે



બે ભગવા વસ્ત્રો ચે, સુવર્ણનું કમંડલ છે અને ત્રિદંડ છે. રાજા પણ મને વશવર્તી છે, માટે મારી આ ઝલ્લરી વગાડો. ત્યારે બીજા નગરનો ધનપતિ તેની આ સવૃદ્ધિ સહન ન કરી શક્યો. તે પણ નાચવા અને ગાવા લાગ્યો – મદોન્મત્ત હાથીના તુરંતના જન્મેલા બાળ હાથી ૧૦૦૦ યોજન સુધી ચાલે, તેને પગલે પગલે લાખ લાખ મુદ્રા મૂકું. તેટલું નાણું મારી પાસે છે, એ વાતે ઝલ્લરી વગાડો.

ત્યારે વળી બીજો કોઈ ધનપતિ બોલ્યો કે એક આઢક પ્રમાણ વાવેલા તલમાંથી નવા ઉત્પન્ન થયેલા અનેક સેંકડો પ્રમાણ તલના દરેકે દરેક તલ ઉપર લાખ લાખ પ્રમાણ મુદ્રા મૂકો – તેટલું ધન મારી પાસે છે તો મારી ઝલ્લરી વગાડો. કોઈએ માખણની ઉપમાંથી, કોઈએ શાલિની ઉપમાથી એમ અનેક રીતે બધાં ધનપતિ મદ્યપાનથી ઉન્મત્ત થઈ પોત-પોતાના જે કંઈ ધન-ધાન્યાદિક હતા, તે બધાંનું વર્ણન કરવા લાગ્યા. એ રીતે ચાણક્યએ બધાંની સમૃદ્ધિ જાણીને જેની પાસે જેટલું યોગ્ય લાગે તેટલું ધન મેળવીને રાજના ભંડારની વૃદ્ધિ કરી - આ તેની પારિણામિકી બુદ્ધિ.

ચાણક્યએ પોતાની બુદ્ધિ વડે કોઈ પાસેથી રત્નો, કોઈ પાસેથી શાલિ, કોઈ પાસેથી ઘોડા, કોઈ પાસેથી નવનીત એ પ્રમાણે પોતાની બુદ્ધિ વડે માંગી-માંગીને રાજ્યને ધન-ધાન્ય વડે સમૃદ્ધ કરી દીધું.

(૧૩) સ્થૂલભદ્ર - તેની પારિણામિકી બુદ્ધિ આ પ્રમાણે છે – જ્યારે તેના પિતા મૃત્યુ પામ્યા ત્યારે નંદ રાજાએ સ્થૂલભદ્રને બોલાવીને કહ્યું – હવે તું અમાત્ય થા. ત્યારે સ્થૂલભદ્ર, રાજાને કહે છે કે – હું વિચારીને કહું. ત્યારપછી તે અશોક વનિકામાં ગયો, વિચારે છે કે – વ્યાક્ષિપ્ત લોકોને વળી ભોગ કેવા ? એટલે બધું છોડી નીકળી ગયો અને દીક્ષા લીધી.

રાજાએ ત્યારે રાજપુરુષોને બોલાવીને કહ્યું – પાછળ જઈને જુઓ. ક્યાંક તે કપટથી પાછો કોશા ગણિકાને ઘેર તો જતો નથીને? સ્થૂલભદ્ર જતો હતો ત્યારે કુતરાના કોહવાયેલા કલેવર પાસેથી નાસિકાને બંધ કર્યા વિના ચાલ્યો ગયો. એ જોઈને તે રાજપુરુષોએ રાજાને જઈને કહ્યું કે આ ખરેખર જ ભોગથી વિરક્ત થઈ ગયો છે.

ત્યારે નંદરાજાએ સ્થૂલભદ્રના ભાઈ શ્રીયકને મંત્રી બનાવ્યો.

આ તે સ્થૂલભદ્રસ્વામીની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૪) નાસિક્ય સુંદરીનંદ - નાસિક્ય નગર હતું. ત્યાં નંદ વણિક્ હતો, તેને સુંદરી નામે પત્ની હતી. તે પત્નીમાં ઘણો આસક્ત હોવાથી લોકોએ તેનું સુંદરીનંદ એ પ્રમાણે નામ પાડી દીધેલ હતું.

તેના ભાઈએ દીક્ષા લીધી હતી. તેણે સાંભળ્યું કે – તેનો ભાઈ, તેની પત્ની સુંદરીમાં ઘણો આસક્ત છે, તેથી મારે જઈને તેને પ્રતિબોધ કરવો. જેથી દુર્ગતિમાં ન જાય. ગુરુ આજ્ઞાથી તેના ભાઈ મુનિ, નંદના ઘેર પરોણારૂપે ગામમાં પધાર્યા, બીજે સ્થાને રહ્યા. ગૌચરી વેળા નંદના ઘેર પધાર્યા. ત્યારે તેણે અનશનાદિ વડે પ્રતિલાભિત કર્યા.

ત્યારપછી ભાઈ મુનિએ તેના હાથમાં પાત્ર આપ્યું. ઉદ્યાન ભૂમિ સુધી સાથે ચાલવા કહ્યું, ત્યાં સુધી સુંદરીનંદ સાથે ગયો. લોકોએ તેના હાથમાં રહેલ પાત્ર જોયું. બધાં તેની મજાક કરવા લાગ્યા કે આ સુંદરીનંદે દીક્ષા લીધી છે. તો પણ તે ઉદ્યાનમાં

ગયો, સાધુએ તેને વૈરાગ્યોત્પાદક દેશના આપી. પણ નંદને સુંદરીમાં અતિ રાગ હોવાથી વૈરાગ્ય માર્ગે વાળવો મુશ્કેલ હતો.

તે મુનિ વૈક્રિયલબ્ધિધર હોવાથી વિચાર્યુ કે આને બીજી કોઈ રીતે પ્રતિબોધિત કરું. તેણે મેરુ પર્વતની વિકુર્વણા કરી, ત્યારે નંદે કહ્યું કે હું સુંદરીનો વિયોગ સહન કરી શકતો નથી, માટે તે મેરુ પર્વત લેવાની મને ઈચ્છા નથી. હું તેણીને મુહૂર્ત્ત માત્રમાં લઈને આવતો રહીશ. મુનિએ કબૂલ્યું.

ત્યારપછી મુનિએ એક વાનર યુગલ વિકુર્વ્યુ. સત્યનું દર્શન કરાવવા નંદને કહ્યું, સુંદરી અને આ વાંદરીમાં વધુ સુંદર કોણ છે ? નંદે કહ્યું કે આ તુલના જ અયોગ્ય છે, ક્યાં સરસવ અને ક્યાં મેરુ પર્વત ? એમ કહ્યું તેથી મુનિએ વિદ્યાધર યુગલ દેખાડીને પૂછ્યું કે — હવે આ બેમાંથી કોનું રૂપ ચડિયાતું છે ? ત્યારે નંદ બોલ્યો કે — સુંદરી અને વિદ્યાધરીનું રૂપ તુલ્ય જણાય છે. ત્યારે મુનિએ તેને દેવયુગલ બતાવીને પૂછ્યું — તો નંદે જણાવ્યું કે દેવીના રૂપ પાસે તો આ સુંદરી તદ્દન વાંદરી જેવી જણાય છે.

ત્યારે મુનિએ કહ્યું — થોડા ધર્માચરણના પ્રભાવથી આ દેવ થયો છે. ત્યારે નંદ બોધ પામીને શ્રાવક થયો. પછી તેણે પ્રવ્રજ્યા પણ અંગીકાર કરી. આ તે સાધુની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૫) વજસ્વામી - તેમની પારિણામિકી બુદ્ધિ આ પ્રમાણે કહી છે.

માતા અનુવર્તવા યોગ્ય નથી, સંઘની અવમાનના કરાય નહીં, માટે દીક્ષા જ શ્રેષ્ઠ વિકલ્પ છે, તેવા પરિણામથી સાધુએ આપેલ રજોહરણ લીધું.

ઉજ્જૈનીમાં દેવે વૈક્રિયલબ્ધિ આપી. પાટલીપુત્રમાં પરાભૂત ન થવા માટે વૈક્રિયલબ્ધિથી લાંખ પાંખડીવાળું કમળ વિકુર્વ્યુ, તેની ઉપર બેસીને અતિ સૌમ્યરૂપ વિકુર્વ્યુ. તે દેવતા સદંશ હતું. ઈત્યાદિ - x -

પુરિકા નગરીમાં શાસનની અપભ્રાજના ન થાય તે માટે પુષ્પો લાવ્યા, શ્રીદેવી પાસે જઈને હિમવંત પર્વતથી કમળ લાવ્યા. દેવવિમાનમાં પુષ્પો ભરીને લાવ્યા. ઈત્યાદિ બધું જ કહેવું.

(૧૬) ચરણાઘાત - રાજાને તેની તરુણ પત્નીએ લાત મારી. તેણે યુવાન અને વૃદ્ધ મંત્રીની બુદ્ધિની પરીક્ષા માટે બધાંને બોલાવ્યા અને તેમને પૂછ્યું કે — જે રાજાના મસ્તકે પગ વડે આહત કરે તો તેને શું દંડ આપવો ?

જે તરુણો હતા, તેઓ બોલ્યા કે તેના તલ-તલ જેવા ટુકડા કરી દેવા, સ્થવિરોને પૂછ્યું — તેઓ વિચારવા લાગ્યા કે — આ વાત શક્ય જ નથી. વધુ વિચારતા તેમને થયું કે — નક્કી, રાણી સિવાય બીજા કોણ લાત મારી શકે. તેથી આવીને બોલ્યા કે — જે રાજાને લાત મારે તેનો સત્કાર કરવો.

આ તેઓની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૭) આમલક - કોઈ કૃત્રિમ આમળાને લાવ્યું. એકે જાણ્યું કે આ અતિ કઠિન છે, પણ અકાળે આમળું પાકે કઈ રીતે ? માટે આ બનાવટી જ હોય. આ તે જણની પારિણામિકી બુદ્ધિ.



(૧૮) મણિ - એક સર્પ હતો, તે પક્ષીઓના ઇંડા ખાવાને માટે વૃક્ષ ઉપર ચડવા લાગ્યો. ત્યાં કોઈ ગીધ રહેલ હતો, તેણે સાપને મારી નાંખ્યો. તેથી સાપનો જે મણી હતો, તે પડી ગયો. તે સીધો નીચે કૂવામાં પડ્યો. તેની કાંતિના પરિણામથી કૂવામાં રહેલું પાણી લાલ દેખાવા લાગ્યું. જો તે મણી કાઢી લેવામાં આવે તો તેનું પાણી સ્વાભાવિક દેખાવા લાગે. બાળકોએ વૃદ્ધોને આ વાત કરી. વૃદ્ધે કૂવામાં ઉતરી તે મણી લઈ લીધો.

આ તે સ્થવિર પુરુષની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૧૯) સર્પ - ચંડકૌશિકે વીર ભગવંતને જોઈને વિચાર્યુ કે આ તો મહાત્મા છે ઈત્યાદિ બધું કહેવું. શાંત મુદ્રા, દુધની ધારા ઈત્યાદિ જોઈને તેને આવી બુદ્ધિ જાગી. - આ તે સર્પની પારિણામિકી બુદ્ધિ.

(૨૦) ગેંડો - કોઈક શ્રાવક પુત્ર હતો. તે યૌવન અને બળ આદિને કારણે ઉન્મત્ત થયેલો હોવાથી ધર્મ ગ્રહણ કરતો નથી. તે મરીને ગેંડારૂપે ઉત્પન્ન થયો. તેની પાછળ અને બંને પડખે પાંખની જેમ ચામડી લટકે છે અટવીમાં ઉત્પન્ન થાય છે અને તે લોકોને મારતો ફરે છે. તે જ માર્ગે કોઈ વખત સાધુઓ પસાર થઈ રહ્યા હતા. તે ગેંડો વેગથી તેની સામે ધસ્યો. પરંતુ સાધુનું તેજ જોઈને તેમને હણવાને માટે સમર્થ થઈ ન શક્યો.

ગેંડો વિચારવા લાગ્યો કે મેં આવાને ક્યાંક પહેલાં જોયા છે. તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેણે તુરંત પચ્ચક્ખાણ કર્યા. મરીને તે સ્વર્ગે ગયો. આ તેની પારિણામિકી બુદ્ધિ જાણવી.

(૨૧) સ્તૂપ - વૈશાલી નગરીની મધ્યે મુનિસુવ્રત સ્વામીનો એક સ્તૂપ હતો. તેના પ્રભાવથી, કોણિકે ગમે તેટલો ઉદ્યમ કર્યો તો પણ વૈશાલી નગરીનું પતન થતું ન હતું. તે વખતે આકાશમાં દેવવાણી થઈ અને કૂણિકને કહ્યું કે — "જ્યારે કૂલવાલક શ્રમણ માગધિકા ગણિકામાં લેપાશે [તેની સાથે ભોગમાં પડશે] ત્યારે જ રાજા અશોકચંદ્ર અર્થાત્ કોણિક આ વૈશાલી નગરીનું ગ્રહણ કરવા સમર્થ થશે.

કોણિક તે કૂલવાલકની તપાસ કરે છે.

આ કૂલવાલકની ઉત્પત્તિ શું છે ? તે જણાવે છે — કોઈ એક આચાર્ય હતા. તેને ક્ષુલ્લક શિષ્ય હતો. તે ઘણો અવિનીત હતો. તે આચાર્ય વારંવાર તેની નિર્ભર્ત્સના કરતા, ક્ષુલ્લક તેના પ્રત્યે વૈર રાખવા લાગ્યો.

કોઈ દિવસે આચાર્ય સિદ્ધ પર્વતે તે શિષ્ય સહિત દર્શન-વંદન કરવાને ગયા હતા. જ્યારે નીચે ઉતરતા હતા ત્યારે આચાર્યને મારી નાંખવા માટે તે ક્ષુલ્લક સાધુએ શિલા ગબડાવી. આચાર્યએ પમ તે જોયું. જોઈને તેણે બંને પગ ફેલાવ્યા, અન્યથા તે ચોક્કસ મૃત્યુ પામર્યા હોત. ત્યારે તેણે તે ક્ષુલ્લક સાધુને શાપ આપ્યો કે — હે દૂરાત્મા ! નિશ્ચે તું ભવિષ્યમાં કોઈ સ્ત્રીના કારણે વિનાશ પામીશ.

ક્ષુલ્લકે વિચાર્યુ કે — આચાર્ય મિથ્યાવાદી થાઓ [તેમની વાણી ખોટી પડો] એમ વિચારી, તે તાપસના આશ્રમમાં રહ્યો. નદીના કિનારે તે આતાપના લેવા લાગ્યો. તે માર્ગમાં જતા-આવતા સાર્થ અને મુસાફરો પાસથી મળતી ભિક્ષા દ્વારા જીવન

નિર્વાહ ચલાવતા હતા. નદીના કિનારે આતાપના લેતા, તેમના પ્રભાવથી નદી બીજી તરફ વહેવા લાગી. તેણે નદીના કુલ [કિનારા] ને પલટી દીધો. હોવાથી તેનું કૂલવાલક નામ પડ્યું —

ત્યાં રહેલા છે એમ જાણીને કોણિક ત્યાં આવ્યો. તેણે માગધિકા ગણિકાને બોલાવી, કૂલવાલક મુનિને લાવવા કહ્યું. એક ગણિકા બોલી કે — હું તેને અહીં લાવી આપીશ. તેણીએ કપટી શ્રાવિકાનો ઢોંગ રચ્યો. સાર્થની સાથે જઈને મુનિને વંદન કરે છે. મુનિને કહે છે કે હું વિધવા થઈ હોવાથી ચૈત્યોની વંદના કરવા નીકળી છું, આપના વિશે સાંભળ્યું એટલે આપની વંદનાર્થે આવી છું. તો હે મુનિપ્રવર ! આપ મારે ત્યાં ભિક્ષા ગ્રહણ કરવાની કૃપા કરો. પારણામાં લાડવા વહોરાવ્યા. તેમાં કોઈ પદાર્થોની ભેળસેળ કરેલી હતી, જેના પરિણામે મુનિને અતિસારનો રોગ થયો.

પ્રયોગ દ્વારા મુનિને નિરોગી કર્યા. પરંતુ તે ગણિકા મુનિની વૈયાવચ્ચ કરતી હતી, શરીર સાફ કરે, મર્દન કરે, બેસાડે, સુવડાવે, પડખાં બદલાવડાવે. એ બધાં કારણોથી મુનિનું ચિત્ત ભેદાયું. તે ધીમે ધીમે તે ગણિકામાં આસક્ત બનવા લાગ્યા. એ રીતે તે ગણિકા કૂલવાલક મુનિને રાજા કોણિકની પાસે લઈને આવી.

કોણિક રાજાએ મુનિને કહ્યું — એવો કોઈ ઉપાય કરો કે જેથી હું વૈશાલીને ગ્રહણ કરી શકું. મુનિએ સ્તૂપ જોઈને વિચાર્યુ કે આના જ પ્રભાવથી વૈશાલી નગરી ભાંગતી નથી. લોકોને ભ્રમમાં નાખીને સ્તૂપને કઢાવી નાંખ્યો. એ રીતે રાજાએ વૈશાલીનગરી ગ્રહણ કરી.

આ તે ગણિકા અને કૂલવાલકની પારિણામિકી બુદ્ધિ.

(૨૨) ઈન્દ્રપાદુકા [ઈન્દ્રકુમારીઓ] પૂર્વે ચાણક્યમાં કહેલ છે. તે ઈન્દ્રપાદુકાને ચાણક્યએ પડાવીને નગરને કબ્જે કર્યુ અને પાટલિપુત્ર ઉપર વિજય મેળવ્યો. આ તેની પારિણામિકી બુદ્ધિ.

— એ પ્રમાણે અભિપ્રાય સિદ્ધનું વર્ણન કર્યુ.

— હવે તપઃસિદ્ધની પ્રતિપાદના કરવા માટે કહે છે —

● **નિર્યુક્તિ-૯૫૨ :-**

***જે તપ વડે મ્લાન ન થાય, તે દૃઢપ્રહારીની જેમ તપસિદ્ધ જાણવા અને જેણે સર્વે કર્માંશોને ક્ષીણ કર્યા છે, તે કર્મક્ષય સિદ્ધ.***

● **વિવેચન-૯૫૨ :-**

જે જીવો મ્લાન થતા નથી અથવા ખેદ પામતા નથી, તે બાહ્ય અને અભ્યંતર તપ કરનારા, તે એવા પ્રકારે અગ્લાનિત્વથી તપ સિદ્ધ કહેવાય છે. જેમ દૃઢ પ્રહારીને કહ્યા. આ ગાથાનો ભાવાર્થ કથાનકથી જાણવો.

કોઈ એક બ્રાહ્મણ દુર્દાન્ત હતો, અવિનય કરતો, તેથી તે બધાં સ્થાનોથી કાઢી મૂકાતો. તેણે ચોરપલ્લીનો આશ્રય કર્યો. સેનાપતિએ તેને પુત્રરૂપે સ્વીકાર્યો. સેનાપતિના મરણ બાદ તે સેનાપતિ થયો. તે કૃપારહિતપણે હણતો હતો, તેથી તેનું દૃઢપ્રહારી નામ રખાયું.

તે કોઈ દિવસે સેના સાથે એક ગામ ભાંગવા નીકળ્યો. ત્યાં એક દરિદ્ર હતો.





તેણે પુત્ર-પૌત્રોને માટે માંગી-માંગીને દુધની યાચના વડે ખીર બનાવી હતી. તે ન્હાવાને ગયો. ચોરો ત્યાં ગયા. એક ચોરે ત્યાં તે ખીરને જોઈ. તે ભુખ્યો હોવાથી ખીરને લેવા દોડ્યો. ત્યાં બાળકો રડતાં રડતાં પિતા પાસે ગયા. અમારી ખીર કોઈ ચોરી ગયું. તે દરિદ્ર રોષથી મારવાને ગયો. તેની સ્ત્રી તેને રોકવા લાગી, તો પણ તે જ્યાં ચોર સેનાપતિ હતો ત્યાં ગયો અને જઈને મહાસંગ્રામ કર્યો.

સેનાપતિએ વિચાર્યુ કે આણે મારા ચોરોને પરાભૂત કર્યા છે. તેથી તલવાર હાથમાં લઈને નિર્દયતાથી તે દરિદ્રને છેદી નાંખ્યો. તેની પત્ની બોલી — હે નિષ્કૃપ ! તેં આ શું કર્યુ ? ત્યારપછી તેણીને પણ મારી નાંખી, ગર્ભના પણ બે ટુકડા કરી નાખ્યા. ગર્ભ તરફડવા લાગ્યો. તેના મનમાં દયા જન્મી, તેને થયું કે મેં અધર્મ કર્યો. તેને દૃઢતર નિર્વેદ જન્મ્યો.

હવે શું ઉપાય કરવો ? તેણે સાધુઓ જોયા. દૃઢ પ્રહારીએ તેમને પૂછ્યું કે — ભગવન્ ! મેં આવું ભયંકર પાપ કરેલ છે, હવે શો ઉપાય છે ? સાધુઓએ ધર્મ કહ્યો. તે તેણે સ્વીકાર્યો, પછી ચારિત્ર અંગીકાર કર્યુ. કર્મોના સમુદ્ઘાત અર્થે ઘોર ક્ષાંતિ આદિ અભિગ્રહ કરીને ત્યાં જ વિચરે છે.

તે સ્થાને તે દૃઢપ્રહારી મુનિની હેલણા થાય છે, તેને મારે છે તો પણ તે સમ્યક્ સહન કરે છે. ઘોર રૂપ કાયક્લેશ તપ કરે છે. અશનાદિ ન મળે તો પણ સહન કરે છે, યાવત્ તેણે કર્મોનું નિર્ઘાતન કર્યુ અને તેને કેવળજ્ઞાન ઉપજ્યું, પછી તે સિદ્ધ થાય.

● **નિર્યુક્તિ-૯૫૩ :-**

***લાંબા કાળની રજ જેવું કર્મ, કે જે આઠ પ્રકારે બાંધેલ હોય, તેને સીત અને ધ્માત કરેલ હોય તેને સિદ્ધનું સિદ્ધત્વ જાણવું.***

● **વિવેચન-૯૫૩ :-**

દીર્ઘ - સંતતિની અપેક્ષાથી અનાદિત્વથી સ્થિતિબંધકાળ જેનો છે, તે દીર્ઘકાળ અને નિસર્ગ, નિર્મળ, જીવને અનુરંજનથી કર્મો જ કહેવાય. તેની દીર્ઘકાળની એવી જે રજ. જે કર્મ આવા પ્રકારના છે, તુ શબ્દ ભવ્ય કર્મના વિશેષણ અર્થે છે, કેમકે અભવ્ય કર્મ સવર્થા બાળી શકાતા નથી. તે ભવ્ય કર્મને શેષ કર્યો, શેષ એટલે સ્થિતિ આદિ વડે, ઘણાં હોવા છતાં સ્થિતિ, સંખ્યા, અનુભાવની અપેક્ષાથી અનાભોગ સદ્ દર્શન-જ્ઞાન-ચારિત્રના ઉપાયથી અલ્પ કરેલા છે એ ભાવ છે.

પહેલાં કેવા હતા તેને અલ્પ કર્યા ? જ્ઞાનાવરણાદિ ભેદથી આઠ પ્રકારના, સિત એટલે બદ્ધ કર્મ કહેવાય છે. હવે નિરુક્તિને દર્શાવે છે — બાકી રહેલા બદ્ધકર્મોને ધ્યાનરૂપ અગ્નિ વડે બાળવા જેમ મહાઅગ્નિ વડે લોઢાના મળને પણ ઓગાળી દે, તે સિદ્ધ, એ પ્રમાણે કર્મને બાળ્યા પછી સિદ્ધનું એ પ્રમાણે સિદ્ધત્વ ઉત્પન્ન થાય છે. અસિદ્ધનું નહીં. - x - તેનો આત્મા સ્વાભાવિક જ કર્મનું આવરણ ખસી જતાં પ્રગટ થાય છે. - x - x -

અથવા સિદ્ધનું સિદ્ધત્વ ભાવરૂપ ઉત્પન્ન થાય છે. પણ દીવો બૂઝાઈ જતાં થતાં અભાવરૂપ એવી સ્થિતિ ન સમજવી.

કહ્યું છે કે — જેમ દીવો નિર્વૃત્તિને પામે ત્યારે ધરતી કે આકાશમાં ક્યાય જતો નથી. કોઈ દિશા કે વિદિશામાં પણ જતો નથી. સ્નેહના ક્ષયથી કેવળ શાંતિ પ્રાપ્ત થાય છે ઈત્યાદિ.

એવા પ્રકારે સિદ્ધત્વના અભાવમાં દીક્ષા આદિનો પ્રયાસ વ્યર્થ થાય છે. - x - x - દીવાનું દૃષ્ટાંત પણ અસિદ્ધ થાય છે. તેથી કહે છે કે — ત્યાં તે જ પુદ્ગલો ભાસ્વર રૂપનો ત્યાગ કરીને તામસ રૂપાંતરને પામે છે, આટલો વિસ્તાર કર્યો તે પર્યાપ્ત છે.

અથવા બીજી રીતે વ્યાખ્યા કરે છે — દીર્ઘકાળ રજ, તેમાં રજ એટલે વેગ, ચેષ્ટાના અનુભવનું ફળ. જેની દીર્ઘકાળની રજ છે તે કેમકે કર્મ સંતતિનું ઉપભોગ્યત્વ છે. જે ભવ્ય કર્મ તે લેશ્યાના અનુભાવથી શ્લેષિત છે. આઠ પ્રકારે બાંધ્યા છે આદિ પૂર્વવત્.

અથવા દીર્ઘકાળરજ, તેમાં રજની માફક રજ, સૂક્ષ્મતાથી સ્નેહ બંધન યોગ્યત્વથી રજ કહેવાય છે. ઈત્યાદિ - x - x - x -

असित થી કૃષ્ણ કે અશુભ અર્થ લીધો, કેમકે તે સંસારને અનુબંધીપણે છે. આવા કર્મોનો ક્ષય જ શ્રેયસ્કર છે. શુભ કર્મોનો નહીં. એવી ભાવના કરી છે. આઠ પ્રકારે બદ્ધ, તે પૂર્વવત્ જાણવું.

પહેલી વ્યાખ્યાના પક્ષને આશ્રીને સંબંધ કહે છે — તે બાકી રહેલા કર્મોની સમસ્થિતિ થાય કે અસમસ્થિતિ થાય ? તે કર્મો વિષમ રીતે બંધાયા હોવાથી તેની સમ સ્થિતિ હોતી નથી. તે રીતે અસમસ્થિતિ પણ છેલ્લા સમયે ન હોય કેમકે યુગપત્ કર્મક્ષય સંભવે છે. આ અયુક્ત છે, કેમકે બંને પણ અદોષ છે. તેથી કહે છે — વિષમરૂપે કર્મ બાંધેલા હોવા છતાં વિચિત્ર ક્ષયના સંભવથી કાલથી સમસ્થિતિપણાનો વિરોધ નથી. ચરમ પક્ષમાં પણ સમુદ્ઘાત ગમનથી સમસ્થિતિકરણ ભાવથી દોષ નથી. આ અમે અમારી બુદ્ધિથી કહેતા નથી, નિર્યુક્તિકાર પણ કહે છે —

● **નિર્યુક્તિ-૯૫૪ :-**

***કેવળજ્ઞાનથી વેદનીયકર્મને અતિ દીર્ઘ જાણી અને આયુને અલ્પ જાણી સમુદ્ઘાતથી સમસ્ત કર્મોને ખપાવે છે.***

● **વિવેચન-૯૫૪ :-**

કેવળજ્ઞાન વડે જાણીને, શું ? વેદનીય કર્મને, કેવા ? બાકીના ભવોપગ્રાહી કર્મોની અપેક્ષાથી અતિ ઘણાં તથા આયુષ્ય કર્મને અલ્પ જાણીને અર્થાત્ આયુની અપેક્ષાથી વેદનીયને વધુ જાણીને, સમ્યક્ પ્રકારે પ્રાબલ્યથી કર્મનો ઘાત-હતન જેમાં પ્રયત્ન વિશેષ છે, તે સમુદ્ઘાત, તેનાથી સંપૂર્ણ વેદનીયાદિ કર્મોને ખપાવે. અહીં ''સંપૂર્ણ'' એટલે ઘણાં બધાં ખપાવવાથી બાકીના અર્થાત્ અંતર્મુહૂર્ત્ત કાળ અવધિપણાથી, એમ જાણવું. - x - x -

વેદનીયને બધાં કર્મોથી બંધ કાળનું બહુપણું કેવળીને પણ હોય, તેના બંધકત્વ કરતાં આયુનું અલ્પત્વ હોય. કહ્યું છે કે — જ્યાં સુધી આ જીવ એજન, વ્યેજન, ચલન, સ્પંદન કરે ['કંપન કરે' એ શબ્દના વિવિધ પર્યાયો કહ્યા છે.] ત્યાં સુધી તે આઠ પ્રકારે કે સાત પ્રકારે કે છ પ્રકારે કે એક પ્રકારે કર્મના બંધક થાય અથવા અબંધક રહે. કેમકે આયુષ્યનો બંધકાળ તો અંતર્ મુહૂર્ત્ત જ હોય છે. જેમકે ત્રીજા ભાગે અથવા ત્રીજાના ત્રીજા ભાગે હોય.



હવે સમુદ્ઘાતાદિનું સ્વરૂપ બતાવતા કહે છે —

● **નિર્યુક્તિ-૯૫૫ :-**

***દંડ, કપાટ, મંથાંતર કરે, પછી તેનું શરીરમાં સંહરણ કરે, પછી ભાષા યોગનો નિરોધ કરે, શૈલેશીકરણ કરે અને સિદ્ધ થાય.***

● **વિવેચન-૯૫૫ :-**

અહીં સમુદ્ઘાતનો આરંભ કરતા, પહેલાં આવર્જીકરણ કરે છે. અર્થાત્ અંતર્મુહૂર્ત્ત ઉદીરણા આવલિકામાં કર્મ પુદ્ગલ પ્રક્ષેપ વ્યાપાર કરે. પછી સમુદ્ઘાતમાં જાય. તેનો ક્રમ આ પ્રમાણે છે — પહેલા સમયે પોતાના દેહ સમાન વિષ્કંભ તુલ્ય વિષ્કંભ ઉર્ધ્વ અને અધો બંને બાજુ લાંબો લોકાંતગામી જીવપ્રદેશ સંઘાત દંડ દંડ સ્થાનીય કેવલી જ્ઞાનના આભોગથી કરે છે. બીજા સમયે તે જ દંડને પૂર્વ-પશ્ચિમ બંને દિશામાં પ્રસારે. બંને પડખેથી લોકાંત ગામી કપાટની જેમ કપાટ કરે છે.

ત્રીજા સમયે તે જ કપાટ દક્ષિણ-ઉત્તર બંને દિશામાં પ્રસારવા દ્વારા મન્થનની જેમ મંથાન કરે છે - તે પણ લોકાંત પ્રાપ્ત કરાવનાર જ. એ પ્રમાણે લોકને પ્રાયઃ બહુ પરિપૂરિત કરે છે. અનુશ્રેણી ગમન દ્વારા મંથાન વડે અંતરાઓ પૂરિત થાય છે [ભરાઈ જાય છે.]

ચોથા સમયે તે જ મંથાન્તરો સાથે લોકના નિષ્કૂટો વડે પૂરિત થાય છે. એ રીતે પછી સમસ્ત લોકને ભરી દે છે - પૂરિત કરે છે.

ત્યારપછી પાંચમાં સમયમાં યથોક્તક્રમથી ઉલટા ક્રમે મંથાંતરને સંહરે છે - જીવપ્રદેશોને કર્મ સહિત સંકોચે છે, છટ્ઠા સમયે મંથાનને સંહરે છે, ઘનતર સંકોચથી સંકોચે છે. સાતમા સમયે કપાટને સંહરે છે — દંડરૂપ આત્મપ્રદેશ સંકોચે છે અને આઠમા સમયે દંડને સંહરીને શરીરસ્થ થાય છે.

આ વ્યાખ્યાન અમે અમારી બુદ્ધિથી જ કરેલ નથી. કેમકે કહ્યું છે કે — — (૧)— પહેલા સમયે દંડ, પછીના સમયે કપાટ, ત્રીજા સમયે મંથાન અને ચોથા સમયે લોક વ્યાપી થાય. —(૨)— પાંચમાં સમયે આંતરાને સંહરે, છટ્ઠા સમયે મંથાનને સંહરે, સાતમા સમયે કપાટને સંહરે આઠમે દંડને સંહરે છે.

આ સમુદ્ઘાત ગત યોગવ્યાપાર વિચારાય છે. - યોગ એટલે મન, વચન, કાયા. તે મન-વચન-કાયાનો જ વ્યાપાર, પ્રયોજનના અભાવથી માત્ર કાયયોગનો જ માત્ર વ્યાપાર હોય.

તેમાં પણ પહેલા અને આઠમા સમયનો ઔદારિકકાય પ્રાધાન્યથી ઔદારિક યોગ જ હોય. બીજા અને છટ્ઠા સમયમાં વળી ઔદારિકમાં તેની બહાર કાર્મણમાં વીર્ય પરિસ્પંદથી ઔદારિક કાર્મણ મિશ્ર હોય. ત્રીજા-ચોથા પાંચમાં સમયમાં બહાર ઔદારિકથી ઘણાંઘણાં પ્રદેશવ્યાપારથી અસહાય કાર્મણ યોગ જ હોય. જેમકે તેની જ માત્ર ચેષ્ટા છે. બીજે પણ કહ્યું છે કે —

પહેલો અને છેલ્લો સમય બાકી હોય ત્યારે ઔદારિક પ્રયોજે, ઔદારિક મિશ્ર સાતમાં-છઠ્ઠા અને બીજા સમયમાં હોય, કાર્મણ શરીર યોગ ચોથા, પાંચમાં અને ત્રીજામાં હોય છે. આ ત્રણે સમયમાં નિયમથી અનાહારી હોય.

ભાષા યોગ નિરોધનો અર્થ શું ? સમુદ્‌ઘાતને છોડ્યા પછી કારણવશ ત્રણે યોગનો પણ વ્યાપાર કરે. તેને મરાટે મધ્યવર્તી યોગ કહ્યો તે ભાષાયોગ. આ અંતરમાં અનુત્તર દેવ પૂછે તો મનોયોગ સત્ય કે અસત્યામૃષાને પ્રયોજે. એ પ્રમાણે આમંત્રણાદિમાં વાક્‌યોગ છે. બીજા બે ભેદ નથી. કાય યોગ પણ ઔદારિક, ફલક પાછું આપવું આદિમાં હોય. પછી અંતર્મુહૂર્ત્ત માત્ર કાળમાં યોગ નિરોધ કરે છે.

અહીં કોઈક એવું કહે છે કે — જઘન્યથી અંતર્મુહૂર્ત્ત કાળથી, ઉત્કૃષ્ટ છ માસ થાય. પણ આ વિધાન અયુક્ત છે. "સંપૂર્ણ કર્મો ખપાવે" એ વચનથી ફલક આદિનું પ્રત્યર્પણ પણ કહેલ જ છે. એ રીતે ગ્રહણ પણ થાય.

હવે પ્રસ્તુત વાત :- તે જ યોગનિરોધ કરતો પહેલાં જ, જે આ શરીર પ્રદેશ સંબદ્ધ મનઃપર્યાપ્તિ-નિર્વૃત્તિ વડે પૂર્વે મનોદ્રવ્ય ગ્રહણ કરીને ભાવમન પ્રયોજેલ હોય, તે કર્મ-સંયોગના વિઘટન માટે મંત્ર સામર્થ્યથી વિષમ સમાન તે ભગવંત અનુત્તર અચિંત્ય નિરાવરણ કરણ વીર્ય વડે તે વ્યાપારનો નિરોધ કરીને — (૧) પર્યાપ્ત માત્ર સંજ્ઞીના જેટલાં જઘન્ય યોગના મનોદ્રવ્યો હોય છે, તેટલો જ માત્ર વ્યાપાર કરે. (૨) તેના અસંખ્યગુણવિહિન સમયે સમયે રુંધતા તે મનનો અસંખ્ય સમયમાં સર્વ નિરોધ કરે. પર્યાપ્ત માત્ર બેઈન્દ્રિયના જઘન્ય વચન પર્યવો જેટલા હોય, તે અસંખ્યેય ગુણવિહીન સમયે સમયે નિરુંધે. સર્વ વચન યોગનો નિરોધ સંખ્યાતીત સમયો વડે કરે છે. પછી સૂક્ષ્મપનકનો પ્રથમ સમય ઉત્પન્નનો જે જઘન્ય યોગ, તેને અસંખ્યાત ગુણહીન એક એક સમયમાં નિરુંધતો દેહના ત્રિભાગને છોડીને, તે કાયયોગ તો સંખ્યાતીત સમયમાં રોધ કરે. એમ યોગનિરોધ કરી શૈલેશી ભાવને પામે.

શૈલ-પર્વત, તેના સ્વામી તે શૈલેશ અર્થાત્ મેરુ. તેના જેવી જે સ્થિરતા, આ સ્થિરતાના સામ્ય વાળી અવસ્થા તે શૈલેશી. અથવા અશૈલેશી ભૂત, તદ્‌ભાવથી શૈલેશવત્ આચરે અથવા શૈલેશી થાય. અથવા સર્વ સંવર રૂપ શીલ, તેના સ્વામી તે શીલેશ, તેની આ યોગ નિરોધાવસ્થા તે શૈલેશી. આ મધ્યમ પ્રતિપત્તિથી પાંચ હ્રસ્વાક્ષર બોલાય તેટલો કાળ હોય છે. તે કાયયોગના નિરોધથી આરંભીને સૂક્ષ્મ ક્રિયા અનિવૃત્તિ ધ્યાન સુધી હોય, પછી સર્વ નિરોધ કરીને સૈલેશી અવસ્થામાં વ્યુચ્છિન્ન ક્રિયા - અપ્રતિપાતી થાય. પછી ભવોપગ્રાહી કર્મજાળને ખપાવીને ઋજુશ્રેણિ સ્વીકારી અસ્પૃશદ્ ગતિથી સિદ્ધ થાય છે. વધુ કહેતા નથી

— સમુદ્‌ઘાત ક્યારે કરે તે હવે જણાવે છે —

● નિર્યુક્તિ-૯૫૬ :-

***જેમ ભીની સાડી પહોળી કરવાથી જલ્દી સૂકાય છે, તેમ કર્મને ઓછા કરવાના સમયે જિન-કેવલી સમુદ્‌ઘાત કરે છે.***

● વિવેચન-૯૫૬ :-

જે રીતે પાણી વડે ભીની થયેલ સાડીને પહોળી કરી દેવામાં આવે તો જલ્દથી



શેષને પામે છે અર્થાત્ સૂકાઈ જાય છે. તે પ્રમાણે પ્રયત્ન વિશેષથી કર્મરૂપી જળને આશ્રીને તે પણ સૂકાઈ જાય છે. અર્થાત્ એ પ્રકારે કેવળીના સમુદ્‌ઘાત સમયે કર્મ લઘુતાને પ્રાપ્ત કરે છે.

તેમાં કર્મ એટલે અહીં આયુકર્મ લીધું તેની લઘુતાનો અર્થ અહીં અલ્પતા કર્યો એટલે કે આયુ કર્મની અલ્પતા હોય, તેનો સમય - કાળ તે કર્મલઘુતા સમય, તે ભિન્ન મુહૂર્ત્ત પ્રમાણ હોય તેમાં...

અથવા જીવની કર્મ વડે લઘુતા તે કર્મલઘુતા જાણવી.

તે સમુદ્‌ઘાત પછી થનારી એ ભૂતોપચાર કરીને આવેલાને જ ગ્રહણ કરવા, તે સમયમાં ભિન્નમુહૂર્ત્ત જ પામે છે.

જિન - કેવલી, સમુદ્‌ઘાતનો અર્થ પૂર્વે કહેલો છે.

હવે જે કહ્યું કે "શૈલેશીપણાને પામીને સિદ્ધ થાય છે. તેમાં એક સમયમાં લોકાંતે સિદ્ધિ પામે તેમ કહેવું. અહીં કર્મમુક્તની તે દેશનિયમથી ગતિ ન પ્રાપ્ત થાય એવા અવ્યુત્પન્ન વિભ્રમ ન થાય, એવા કારણે તે મતના નિરસન માટે ઈષ્ટ અર્થની સિદ્ધિને જણાવતા કહે છે —

● નિર્યુક્તિ-૯૫૭ :-

***તુંબડુ, એરંડ ફળ, અગ્નિનો ધૂમાડો, ધનુષ્યથી મૂકાયેલું બાણ, જેમ એ બધાંની ગતિ પૂર્વ પ્રયોગથી થાય છે, તેમ સિદ્ધોની ગતિ થાય છે.***

● વિવેચન-૯૫૭ :-

તુંબડુ, વગેરેમાં ગમનકાળે સ્વભાવથી તેના નિબંધનો અભાવ છતાં પણ દેશાદિ નિયત જ ગતિ પૂર્વ પ્રયોગથી પ્રવર્તે છે. એ પ્રમાણે તુ શબ્દ 'જ'કાર અર્થમાં છે, તેમ સિદ્ધની ગતિ છે.

ભાવાર્થ પ્રયોગથી જણાવે છે - કર્મથી વિમુક્ત જીવ ઉર્ધ્વ જ આલોકથી જાય છે. અસંગત્વથી તેવા પ્રકારના પરિણામત્વથી આઠ માટીના લેપ વડે લિપ્ત નીચે ડૂબેલ ક્રમથી માટીનો લેપ દૂર થતાં પાણીના તળીયાની મર્યાદાથી ઉંચે જનારા તુંબડાની જેમ જીવ ઉંચે જાય.

તથા બંધન છેદાઈ જતા તેવા પ્રકારે પરિણત તેવા એરંડાના ફળની માફક જીવ ઉંચે જાય છે. તથા સ્વાભાવિક પરિણામપણાથી અગ્નિના ધૂમાડાની જેમ અથવા પૂર્વ પ્રયુક્ત તે ક્રિયા તથાવિધ સામર્થ્યથી ધનુષ્યથી છોડેલા બાણની માફક ઉંચે જાય છે. એમ પ્રતિપાદન કરતાં —

● નિર્યુક્તિ-૯૫૮ :-

***સિદ્ધો ક્યાં પ્રતિઘાત પામે છે ? સિદ્ધો ક્યાં પ્રતિષ્ઠિત થાય છે ? ક્યાં શરીરને છોડીને, ક્યાં જઈને સિદ્ધ થાય છે ?***

● વિવેચન-૯૫૮ :-

ક્યાં પ્રતિહત એટલે પ્રતિસ્ખલિત થાય. સિદ્ધ-મુક્ત જીવો. ક્યાં પ્રતિષ્ઠિત થાય એટલે કે 'રહે' ? તથા કયા 'બોંદિ' શરીરનો ત્યાગ કરીને તથા કયા જઈને સિદ્ધ થાય - નિષ્ઠિતાર્થ થાય છે ? - x - x -

અહીં શિષ્ય પક્ષને આશ્રીને કહે છે –

• **નિર્યુક્તિ-૯૫૯ :-**

***અલોકમાં સિદ્ધો પ્રતિઘાત પામે અને લોકમાં પ્રતિષ્ઠિત થાય છે, અહીં શરીરનો ત્યાગ કરે છે અને ત્યાં જઈને સિદ્ધ થાય છે.***

• **વિવેચન-૯૫૯ :-**

કેવળ આકાશાસ્તિકાયમાં સિદ્ધો પ્રતિસ્ખલિત થાય છે. કેમકે ત્યાં ધર્માસ્તિકાયાદિનો અભાવ છે. ત્યાં તેમનું પ્રતિસ્ખલન થાય પણ સંબંધ વિઘાત ન થાય. - x - પંચાસ્તિકાયાત્મક લોકની ઉપર પ્રતિષ્ઠિત થાય અર્થાત્ ફરી ન આવવા માટે ત્યાં રહે છે. અહીં – અઢીદ્વીપ સમુદ્રાંતમાં શરીરનો સર્વથા ત્યાગ કરે છે, લોકાગ્રે અસ્પૃશદ્‌ગતિથી સમય પ્રદેશ અંતરને સ્પર્શ્યા વિના જઈને નિષ્ઠિતાર્થ થાય છે. હવે લોકાંત એટલે શું તે કહે છે –

• **નિર્યુક્તિ-૯૬૦ :-**

***ઈષત્પ્રાગ્ભારા-શીતાથી ઉપર લોકાંતે એક યોજનમાં અને સર્વાર્થસિદ્ધથી ૧૨ યોજને સિદ્ધશિલા છે.***

• **વિવેચન-૯૬૦ :-**

સિદ્ધિ ભૂમિ જેને ઈષત્ પ્રાગ્ભારા કે શીતા કહે છે. ત્યાંથી લોકાંતમાં ઉંચે એક યોજને, નીચે તીર્છું આટલા જ ક્ષેત્રનો અસંભવ છે. સર્વાર્થસિદ્ધ વિમાનથી બાર યોજને તે ભૂમિ છે. સિદ્ધિ એટલે લોકાંત ક્ષેત્રરૂપ, એવું પણ બીજા કહે છે. તેમાં તત્ત્વ શું તે કેવલી કહી શકે. હવે આના જ સ્વરૂપને વર્ણવતા કહે છે –

• **નિર્યુક્તિ-૯૬૧ :-**

***નિર્મળ જળ કણ, હીમ, ગાયનું દુધ અને મોતીના હાર જેવા શ્વેત વર્ણવાળી, ઉત્તાન છત્રના આકારે સિદ્ધશિલા જિનવરે કહી છે.***

• **વિવેચન-૯૬૧ :-**

દગરજ એટલે શ્લક્ષ્ણ જળકણિયા, તુષાર-હીમ. તેવા વર્ણ વાળી, આકાર-ઉત્તાનછત્ર સંસ્થિત. હવે પરિધિના પ્રમાણને જણાવે છે –

• **નિર્યુક્તિ-૯૬૨ :-**

***૧,૪૨,૩૦,૨૪૯ યોજન સિદ્ધશિલાની પરિધિ છે.***

• **વિવેચન-૯૬૨ :-**

ગાથાર્થ સુગમ છે. વિશેષ આ - ૪૫ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રનું અલ્પ બીજે પરિધિ આધિક્ય પ્રજ્ઞાપનાથી જાણવું, સામાન્યથી આ છે.

હવે સિદ્ધશિલાનું બાહુલ્ય જણાવતા કહે છે –

• **નિર્યુક્તિ-૯૬૩ :-**

***બહુ મધ્યદેશ ભાગમાં જાડાઈ આઠ યોજન છે, પછી પાતળી થતાં-થતાં છેલ્લે અંગુલનો અસંખ્યાત ભાગ રહે છે.***

• **વિવેચન-૯૬૩ :-**

મધ્યદેશ ભાગમાં આઠ જ યોજન બાહલ્ય-ઉચ્ચત્વથી છે. પશ્ચિમાંતમાં પાતળી



થતાં થતાં અંગુલના અસંખ્યાત ભાગ પ્રમાણ થાય. તે વળી આજ ક્રમ વડે પાતળાપણું દર્શાવે છે –

• **નિર્યુક્તિ-૯૬૪ :-**

***યોજને યોજને જતાં અંગુલ પૃથકત્વની હાનિ થાય છે. તે સિદ્ધશિલા પર્યન્તે માખીની પાંખ કરતા પણ પાતળી થઈ જાય છે.***

• **વિવેચન-૯૬૪ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે – હાનિ પામતાં પામતાં ઘીથી ભરેલા કટોરાના આકાર જેવી તે માખીની પાંછથી પણ પાતળી થાય. આના ઉપરના યોજનના ૨૪ ભાગે સિદ્ધો રહે તે કહે છે –

• **નિર્યુક્તિ-૯૬૫ :-**

***ઈષત્પ્રાગ્ભારા-સીતાના એક યોજનમાં જે ઉપરવર્ત્તી એક કોશ છે, તે કોશના છટ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતની અવગાહના કહી છે.***

• **વિવેચન-૯૬૫ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે – એક યોજનના ચાર ગાઉ, ગાઉના છટ્ઠો ભાગ એટલે યોજનનો ચોવીશમો ભાગ, ત્યાં સિદ્ધો રહે.

• **નિર્યુક્તિ-૯૬૬ :-**

***333 ધનુષ્ અને ધનુષ્યનો ત્રીજો ભાગ તે આ કોશનો છટ્ઠો ભાગ કેમકે સિદ્ધની ઉત્કૃષ્ટ અવગાહના આ કોશના છટ્ઠા ભાગ પ્રમાણ જ હોય.***

• **વિવેચન-૯૬૬ :-**

333-$^{૧}/_{3}$ ધનુષ્ એટલે આ $^{૧}/_{૬}$ કોશ. તે સિદ્ધોની પરમ અવગાહના વર્તે છે. તેમનો ઉપપાત કે અવગાહનાને હવે કહે છે –

• **નિર્યુક્તિ-૯૬૭ :-**

***સીધો સુતેલ, પડખે સુતેલ કે બેઠેલો એટલે કે જે-જે આસને કાળ કરે છે, તે તે જ રીતે સિદ્ધ તરીકે ઉપજે છે.***

• **વિવેચન-૯૬૭ :-**

ચત્તો, અર્ધાવનત આદિ સ્થાનથી પડખે રહેલ કે તીર્છો રહેલો અથવા બેઠેલો જે જે પ્રકારે રહેલહોય અને કાળ કરે તે-તે પ્રકારે સિદ્ધ થાય છે. એ પ્રમાણે જ કેમ ? તે કહે છે –

• **નિર્યુક્તિ-૯૬૮ :-**

***આ ભવથી ભિન્ન આકાર કર્મના વશથી ભવાંતરમાં થાય છે, સિદ્ધને તેવું કોઈ કર્મ નથી, તેથી તે તેવા જ આકારે રહે છે.***

• **વિવેચન-૯૬૮ :-**

સ્વર્ગાદિમાં ભવાંતરમાં આ ભવથી જુદી આકૃતિને પામે છે. કેમકે તેવા કર્મના બંધનથી આકાર ભેદ થાય, કર્મ સિદ્ધને તેમ ન થાય. - x -

• **નિર્યુક્તિ-૯૬૯ :-**

***જે સંસ્થાન આ ભવને છોડતાં ચરમ સમયમાં હોય, તેવો જ આત્મ***

*પ્રદેશો યુક્ત ઘન આકાર મોક્ષમાં સિદ્ધને હોય.*

● **વિવેચન-૯૬૯ :-**

મનુષ્ય ભવને છોડતા છેલ્લા સમયે જે આકાર હોય તે જ આકાર ત્રીજા ભાગે ખાલી ભાગ આદિ પૂરાઈ જતાં બાકીનો ઘનપ્રદેશ આકાર રહે છે.

● **નિર્યુક્તિ-૯૭૦ :-**

*દીર્ઘ કે હ્રસ્વ જે સંસ્થાન છેલ્લા ભવમાં હોય, તેનાથી ત્રિભાગ-હીન સિદ્ધની અવગાહના કહેલી છે.*

● **વિવેચન-૯૭૦ :-**

દીર્ઘ-૫૦૦ ધનુષ્ પ્રમાણ, હ્રસ્વ-બે હાથ પ્રમાણ, વચ્ચેની તે મધ્યમ, જે છેલ્લા ભવે આકાર હોય, તે સંસ્થાનથી ત્રીજા ભાગ હીન, કેમકે ત્રીજા ભાગ વડે પોલાણ પૂરાઈ જાય છે, સિદ્ધોની અવગાહના - સ્વ અવસ્થા તીર્થંકર અને ગણધરે કહેલી છે. હવે ઉત્કૃષ્ટાદિ ભેદ ભિન્ન અવગાહના —

● **નિર્યુક્તિ-૯૭૧ થી ૯૭૩ :-**

*સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩-$^1/_3$ ધનુષ્ કહી છે. ૪-$^2/_3$ હાથ એ સિદ્ધોની મધ્યમ અવગાહના છે અને સિદ્ધોની જઘન્ય અવગાહના ૧ હાથ અને ૮-અંગુલ કહેલી છે.*

● **વિવેચન-૯૭૧ થી ૯૭૩ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે — ભાષ્યકાર આક્ષેપ અને પરિહાર કરતાં જણાવે છે — મરુદેવી માતા નાભિકુલકરથી કંઈક ન્યૂન ઉંચા હતા, તે કઈ રીતે સિદ્ધ થાય ? ૫૦૦ ધનુષ્થી અથવા સંકોચથી થયા.

સાત હાથ જઘન્યથી કહ્યા, તો બે હાથવાળા કઈ રીતે સિદ્ધ થયા ? સાત હાથ પ્રમાણ કદાચ તીર્થંકરને આશ્રીને હશે, બાકીના કુર્માપુત્રની માફક બે હાથ કે કંઈક વધુ-ઓછી અવગાહનાથી પણ સિદ્ધ થાય.

સૂત્રમાં બહુલતાથી ૫૦૦ ધનુષ્ ઉત્કૃષ્ટ અને જઘન્ય સાત હાથ કહેલ છે, બાકી અંગુલ કે ધનુષ્ પૃથકત્વથી હીનાધિક પણ હોય.

કોઈ આશ્ચર્ય ઘટેલ હોય તો સામાન્યશ્રુતમાં તેનું કથન ન થાય.

● **નિર્યુક્તિ-૯૭૪ :-**

*અવગાહના વિષયમાં સિદ્ધો અંતિમ ભાવના શરીરથી ત્રીજો ભાગ ન્યૂન હોય, જરા-મરણ વિપ્રમુક્ત સિદ્ધોનું સંસ્થાન અનિયન આકાર હોય.*

● **વિવેચન-૯૭૪ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ આ — "આવા-આવા આકારે રહેલ છે તેમ કહેવું શક્ય ન હોય તે 'અનિત્થં' સંસ્થાન. લૌકિક કોઈ પ્રકારેથી અસ્થિત. સામાન્યથી કહ્યું, આ શું દેશ ભેદથી સ્થિત છે કે નહીં ?

● **નિર્યુક્તિ-૯૭૫ :-**

*જ્યાં એક સિદ્ધ રહેલ છે, ત્યાં ભવક્ષયથી વિમુક્ત, પરસ્પર અવગાઢ અનંતા સિદ્ધો હોય છે, તે લોકાંતે સ્પર્શ કરીને રહેલા છે.*



● **વિવેચન-૯૭૫ :-**

જે દેશમાં જ એક સિદ્ધ રહેલ હોય, ત્યાં અનંતા રહેલા હોય કેવા ? ભવના ક્ષયથી વિમુક્ત. આના વડે વળી સ્વેચ્છાથી ભવમાં ફરી અવતાર લેવાની શક્તિવાળા સિદ્ધનો વ્યવચ્છેદ કરેલ છે. તેવા પ્રકારના અચિંત્ય પરિણામપણાથી ધર્માસ્તિકાયાદિ માફક પરસ્પર સમવગાઢ રહે. બધાં જ લોકાંતને સ્પૃષ્ટ-વળગેલા હોય. - x - તથા—

● **નિર્યુક્તિ-૯૭૬ :-**

*એક સિદ્ધ સર્વ આત્મ પ્રદેશો વડે નિયમથી અનંત સિદ્ધોને સ્પર્શે છે, તેના કરતાં પણ દેશ-પ્રદેશથી સ્પર્શાયેલા અસંખ્યગણા છે.*

● **વિવેચન-૯૭૬ :-**

આત્મ સંબંધી સર્વ પ્રદેશો વડે અનંત સિદ્ધોને કોઈ એક સિદ્ધ નિયમથી સ્પર્શે છે. ઈત્યાદિ - x - કઈ રીતે ?

સર્વ આત્મ પ્રદેશો વડે અનંતા સ્પર્શિત છે તથા એક-એક પ્રદેશથી પણ અનંતા જ છે, તે અસંખ્યેય પ્રદેશાત્મક છે. તેમાં મૂળ અનંતા, સર્વ જીવ પ્રદેશ અસંખ્યેય અનંત વડે ગુણિત કરતા આ યથોક્ત સંખ્યા આવે છે.

હવે સિદ્ધો જ લક્ષણથી કહે છે —

● **નિર્યુક્તિ-૯૭૭ :-**

*અશરીરી, જીવપ્રદેશથી ઘન, દર્શન અને જ્ઞાનમાં ઉપયોગવાળા, સાકાર અને અનાકાર, તે આ સિદ્ધોનું લક્ષણ છે.*

● **વિવેચન-૯૭૭ :-**

અવિદ્યમાન શરીરી અર્થાત્ ઔદારિકાદિ પાંચ પ્રકારના શરીરથી રહિ. ઘન-પોલાણના પૂરવાથી, ઉપયોગવાળા - ક્યાં ? કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં જ, અહીં આ સામાન્ય સિદ્ધ લક્ષણ છે તેમ જણાવવા માટે છે - x - x - તેમાં સામાન્ય વિષયકે તે દર્શન અને વિશેષ વિષયક તે જ્ઞાન છે માટે સાકાર અને અનાકાર તે સામાન્ય અને વિશેષ રૂપ છે. 'લક્ષણ' તે તેનાથી અન્ય વ્યાવૃત - સ્વરૂપ.

ઉપર કહેલ તુ શબ્દ હવે કહેવાનાર નિરૂપમ સુખના વિશેષણાર્થે છે. સિદ્ધ - નિષ્ઠિતાર્થ.

હવે કેવળજ્ઞાન-કેવલદર્શનની અશેષ વિષયતા બતાવે છે —

● **નિર્યુક્તિ-૯૭૮ :-**

*કેવળજ્ઞાનના ઉપયોગવાળા સર્વે પદાર્થોના ગુણ-પર્યાયોને જાણે, અનંત એવા કેવળદર્શન વડે તે ચારે બાજુથી જુએ.*

● **વિવેચન-૯૭૮ :-**

કેવળજ્ઞાનના ઉપયોગવાળા માત્ર અંતઃકરણથી નહીં કેમકે તેનો અભાવ છે. જાણે છે - સર્વે પદાર્થોના ગુણ અને પર્યાયોને જાણે છે. પહેલો ભાવ શબ્દ પદાર્થ વચન છે, બીજો પર્યાયવચન છે. ગુણ-પર્યાય ભેદ સહવર્તી છે. ગુણો ક્રમવર્તી પર્યાયો છે.

તથા જુએ છે ચારે તરફ જ. અનંત કેવલદર્શન વડે.

અહીં આદિમાં જ્ઞાનનું ગ્રહણ પહેલા તેના ઉપયોગમાં રહેલા સિદ્ધ થાય છે, તેમ જણાવવાને માટે છે.

[શંકા] શું એક સાથે જુએ છે અને જાણે છે ? ના એક સાથે જાણતા નથી. તો કઈ રીતે જાણે ? તે જણાવે છે —

**● નિર્યુક્તિ-૯૭૯ :-**

***જ્ઞાન અને દર્શન એ બેમાંથી એક ઉપયોગવાળા છે. બધાં જ કેવલીને એક સાથે બંને ઉપયોગ ન હોય.***

**● વિવેચન-૯૭૯ :-**

જ્ઞાન અને દર્શન બેમાંથી એક ઉપયોગવાળા, કેમકે તેવા સ્વભાવથી કોઈપણ કેવલીને એક કાળે બે ઉપયોગ હોતા નથી. ક્ષાયોપશમિક સંવેદનમાં પણ તેવું દર્શન છે. - x - x - હવે નિરૂપમ સુખના ભાગી હોય છે તે —

**● નિર્યુક્તિ-૯૮૦ :-**

***મનુષ્યોને તે સુખ નથી, સર્વે દેવોને પણ તે સુખ નથી, જે સુખ અવ્યાબાધપણાને પામેલા સિદ્ધોને હોય છે.***

**● વિવેચન-૯૮૦ :-**

ચક્રવર્તી આદિને પણ તે સુખ નથી, અનુત્તર દેવોને પણ તેવું સુખ નથી. જે સુખ સિદ્ધોને છે. વિવિધ આબાધે તે વ્યાબાધા, તેનો અભાવ તે અવ્યાબાધ, તેને પ્રાપ્ત. જે રીતે નથી તે રીતે કહે છે —

**● નિર્યુક્તિ-૯૮૧ :-**

***દેવોના સમૂહોનું ત્રણે કાળનું સમસ્ત સુખ ભેગું કરીને તેને અનંતગણું કરીએ, તેનો પણ અનંતવાર વર્ગ કરીએ તો પણ મુક્તિના સુખ સમાન સુખને પામતાં નથી.***

**● વિવેચન-૯૮૧ :-**

ગાથાર્થ કહ્યો. વિશેષ વૃત્તિ આ પ્રમાણે - સમસ્ત એટલે સંપૂર્ણ, અતીત, અનાગત અને વર્તમાનકાળના સમૂહથી ઉદ્‌ભવેલ, સર્વકાળ સમય ગુણિત, કદાચ અસદ્‌ભાવ કલ્પનાથી એકૈક આકાશ પ્રદેશમાં સ્થાપિત કરાય, તે સકલ લોકાકાશ-અલોકાકાશ અનંત પ્રદેશ પૂરણથી અનંત થાય છે. તો પણ તે સિદ્ધિ સુખથી પ્રકર્ષગત સુખ ન થાય. - x - આનો જ અનુવાદ —

**● નિર્યુક્તિ-૯૮૨ :-**

***સિદ્ધનો સુખરાશિ સમસ્ત કાળનો એકઠો કરાય ત્યારે જેટલો થાય, તેને અનંત વર્ગથી ભાંગીએ તો પણ સર્વાકાશમાં ન સમાય.***

**● વિવેચન-૯૮૨ :-**

સિદ્ધના સંબંધભૂત સુખ રાશિ એટલે સુખસંઘાત. કલ્પના માત્રથી કહે છે, તે સર્વકાળ સમય ગુણિત જો થાય, તે અનંત વર્ગથી અપ્વર્ગિત થઈ એકીભાવે જ હોય, ત્યારે લોકાલોકાકાશમાં પણ સમાતું નથી.

અહીં વિશિષ્ટ આહ્લાદરૂપ સુખ ગ્રહણ કરાય છે. ત્યાંથી જે આરંભી શિષ્ટ



જનોની સુખશબ્દ પ્રવૃત્તિ છે, તે આહ્લાદને આશ્રીને એક-એક ગુણવૃદ્ધિ તારતમ્યથી આ આહ્લાદ વિશેષિત થતાં યાવત્ અનંતગુણ વૃદ્ધિથી નિરતિશય ગુણ નિષ્ઠાને પામેલ, તેનાથી આ સુખ અત્યંત ઉપમાતીત, એકાંત ઉત્સુકતા વિનિવૃત્ત અકલ્પ્ય ચરમ આહ્લાદ સદા સિદ્ધોને હોય છે. - x - x - ગુણ તારતમ્યથી આહ્લાદ વિશેષ તે સર્વ આકાશપ્રદેશાદિથી પણ વધારે છે, તેમ કહ્યું - x - બાકી તો તેમની નિયત દેશમાં અવસ્થિત છે, - x - x - વિસ્તાર કેટલો કહેવો ?

હવે આ જ ભવ હોવાથી નિરૂપમતાં કહે છે —

**● નિર્યુક્તિ-૯૮૩,૯૮૪ :-**

***જેમ કોઈ મ્લેચ્છ, ઘણાં બધાં નગરગુણોને જાણતો હોય, પણ ઉપમાના અભાવે તે કોઈને કહી શકતો નથી, એ પ્રમાણે આ સિદ્ધોનું સુખ અનુપમ છે, તેને કોઈ ઉપમા નથી, એ કારણે વિશેષથી કંઈક સાદૃશ્ય કહીશું તે તમે સાંભળો.***

**● વિવેચન-૯૮૩,૯૮૪ :-**

જેમ કોઈ મ્લેચ્છ સદ્‌ગૃહ નિવાસાદિ અનેક પ્રકારના નગરગુણો જાણતો અરણ્યમાં ગયો, પણ બીજા મ્લેચ્છોને તે કહી શકતો નથી. કયા કારણે ? તે કહે છે — તેની પાસે તેવી ઉપમા નથી. તેનો ભાવાર્થ જણાવે છે —

કોઈ એક મહા અરણ્યવાસી મ્લેચ્છ, અરણ્યમાં રહેતો હતો. આ તરફ કોઈ રાજા ઘોડા ઉપરથી ઉતરીને અટવીમાં પ્રવેશ્યો, તેણે જોયો, સત્કાર કરીને તેને જનપદમાં લઈ ગયો. રાજા પણ પછી તેને ઉપકારી જાણીને નગરમાં લઈ ગયો. રાજાની જેમ રહ્યો. થોડો વખત જતાં તેને અરણ્ય સાંભળ્યું રાજાએ વિદાય આપી, લોકો પૂછે છે — નગર કેવું હતું? પણ તેવી કોઈ ઉપમા ન હતી કે જેનાથી તે નગરના ગુણ કહી શકે.

એ પ્રમાણે સિદ્ધોને અનુપમ સુખ વર્તે છે. પરંતુ એવી કોઈ ઉપમા નથી કે તે વર્ણવી શકાય, તો પણ બાલજનની પ્રતિપત્તિને માટે કંઈક વિશેષથી આકર્ષત્વથી આ આદૃશ્ય બતાવે છે —

**● નિર્યુક્તિ-૯૮૫,૯૮૬ :-**

***જેમ કોઈ પુરુષ સર્વકામગુણિત ભોજન કરીને, ભૂખ અને તરસથી મુક્ત થઈને, અમૃતથી તૃપ્ત થયો હોય તેમ રહે છે. એ પ્રમાણે સદાકાળ તૃપ્ત કર્મક્ષયને પામેલા શાશ્વત આવ્યા બાધ સુખ પામીને સિદ્ધો રહે છે.***

**● વિવેચન-૯૮૫,૯૮૬ :-**

“જે રીતે”. ઉદાહરણનો ઉપન્યાસ કરે છે. સર્વ સૌંદર્યથી સંસ્કૃત એવા ભોજનને કોઈ પુરુષ ખાઈને, જાણે અમૃતથી તૃપ્ત થયો હોય તેમ. અબાધા રહિતપણાથી, આ રસનેન્દ્રિયને આશ્રીને ઈષ્ટ વિષય પ્રાપ્તિના ઔત્સુક્યથી નિવર્તીને સુખ પામે, અન્યથા કોઈ બાધા ના સંભવથી સુખનો અભાવ થાય. [અહીં વૃત્તિકારે સાત શ્લોક નોંધ્યા છે, તે સાતે શ્લોક સુખને દર્શાવવા માટેના છે, તેમાંથી અમે માત્ર ભોજન સુખને અત્રે નોંધીએ છીએ —]

“વિવિધ રસથી યુક્ત એવા અન્નને આ માત્રા વડે ખાઈને અને જળને પીને

તૃપ્ત થયેલો આત્મા શુભ સ્વાદિમનો આ સ્વાદ લે છે.''

આ ભોજન અને સંગીત, વાદ્ય, કામ કથા સાંભળતો, સુંદર પ્રાસાદાદિ જોઈને નયનને આનંદ પમાડતો, વિવિધ સુગંધને સુંઘતો, મૃદુ તળાઈના સ્પર્શને પામતો, ઈષ્ટ ભાર્યામાં રક્ત એવો સર્વે ઈન્દ્રિયાર્થને પ્રાપ્ત સર્વ બાધાથી નિવૃત્ત એવો પ્રશાંત આત્મા જે આનંદ પામે, તેના કરતાં મુક્તાત્મા અનંતસુખ પામે છે.

એ પ્રમાણે સર્વકાળ તૃપ્ત, સ્વ સ્વભાવમાં સ્થિતપણાથી અતુલ નિર્વાણને પામેલા સિદ્ધો, સર્વદા સર્વ ઔત્સુક્યથી વિનિવૃત્ત, તેથી જ સર્વકાળભાવિ વ્યાપાર બાધા પરિવર્જિત સુખને પામીને સુખી થઈને રહે છે.

[પ્રશ્ન] સુખને પ્રાપ્ત એમ કહ્યું તો પછી 'સુખી' શબ્દ અનર્થક છે, [સમાધાન]ના, દુઃખનો અભાવ માત્ર મુક્તિ સુખના નિરાસ વડે વાસ્તવ સુખ પ્રતિપાદનાર્થે કહ્યું છે. તેથી કહે છે — સંપૂર્ણ દોષના ક્ષયથી શાશ્વત અને અવ્યાબાધ સુખને પામી સુખી થઈને રહે છે, માત્ર દુઃખના અભાવરૂપ સુખ નહીં. હવે વસ્તુતઃ સિદ્ધપર્યાય શબ્દોને પ્રતિપાદન કરે છે —

**● નિર્યુક્તિ-૯૮૭ :-**

***સિદ્ધ છે, બુદ્ધ છે, પારગત છે, પરંપરાગત છે, કર્મકવચથી મુક્ત છે, અજર-અમર અને અસંગ છે.***

**● વિવેચન-૯૮૭ :-**

કૃતકૃત્યત્વથી સિદ્ધ છે, કેવલજ્ઞાનથી વિશ્વને જાણે છે માટે બુદ્ધ છે, ભવસમુદ્રને પાર જવાથી પારગત, પુન્ય બીજ સમ્યક્ત્વ જ્ઞાન ચારિત્ર ક્રમ પ્રતિપત્તિનો ઉપાય કહેવાથી પરંપરાએ ગયેલ હોવાથી તેને પરંપરાગત કહે છે. બધાં કર્મોથી રહિત હોવાથી કર્મકવચ મુક્ત કહેવાય છે વયના અભાવથી 'અજર' છે, આયુષ્યના અભાવે 'અમર' છે, સકલ કલેશના અભાવથી અસંગ છે. હવે ઉપસંહાર કહે છે—

**● નિર્યુક્તિ-૯૮૮ :-**

***સર્વ દુઃખોનો જેમણે અત્યંત છેદ કરેલો છે, જન્મ-જરા-મરણના બંધનથી વિમુક્ત થયેલા સિદ્ધો શાશ્વત અવ્યાબાધ સુખને અનુભવે છે.***

**● વિવેચન-૯૮૮ :-**

વસ્તુતઃ વ્યાખ્યાત જ છે, તેથી વિસ્તાર કરતાં નથી.

**● નિર્યુક્તિ-૯૮૯ થી ૯૯૨ :-**

***સિદ્ધને કરેલ નમસ્કાર જીવને હજારો ભવોથી મૂકાવે છે, વળી ભાવથી નમસ્કાર બોધિની પ્રાપ્તિ માટે થાય છે, ભવનો ક્ષય કરતા ધન્ય જીવોના હૃદયને ન છોડતો સિદ્ધોનો નમસ્કાર અશુભ અધ્યસયાને નિવારે છે. એ પ્રમાણે નિશ્ચે સિદ્ધોનો નમસ્કાર મહા અર્થવાળો છે, તેથી વર્ણવ્યો. જે મરણ મજીક આવતા ઘણીવાર અને સતત કરવામાં આવે છે. આ સિદ્ધોનો નમસ્કાર સર્વ પાપનો પ્રકૃષ્ટ નાશક છે, તે સર્વ મંગલોમાં બીજું મંગલ છે.***

**● વિવેચન-૯૮૯ થી ૯૯૨ :-**

સિદ્ધ નમસ્કાર કહ્યો. હવે આચાર્ય નમસ્કાર. આચાર્ય એટલે કાર્યાર્થી વડે



જે સેવાય છે, તે આચાર્ય. તે નામાદિ ચાર ભેદે કહેલ છે —

**● નિર્યુક્તિ-૯૯૩,૯૯૪ :-**

***નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી એમ ચાર ભેદે આચાર્ય કહ્યા. દ્રવ્યમાં એક ભવિક વગેરે, લૌકિક શિલ્પશાસ્ત્રાદિ ભણાવનાર. ભાવથી પંચવિધ આચારને આચારતા તથા પ્રભાસતા અને આચારને દર્શાવતા હોવાથી તે આચાર્ય કહેવાય છે.***

**● વિવેચન-૯૯૩,૯૯૪ :-**

નામાચાર્ય, સ્થાપનાચાર્ય, દ્રવ્યાચાર્ય, ભાવાચાર્ય ચાર ભેદ છે. પહેલાં બે સુગમ છે. દ્રવ્યાચાર્ય આગમ, નોઆગમાદિ ભેદે છે. - x - તદ્વ્યતિરિક્ત દ્રવ્યાચાર્યને કહે છે — એક ભવિક બદ્ધાયુષ્ક અભિમુખ નામ અને ગોત્ર અથવા આદિ શબ્દ દ્રવ્યભૂત આચાર્ય કે દ્રવ્ય નિમિત્તે જે આચારવાન્ ઈત્યાદિ હોય. ભાવાચાર્ય લૌકિક અને લોકોત્તર બે ભેદે. તેમાં લૌકિક તે શિલ્પ શાસ્ત્રાદિના જ્ઞાનથી, તેના ભેદ અને ઉપચારથી કહેલ છે. - x - x - લોકોત્તર ભાવાચાર્ય કહ્યા, તે આ પ્રમાણે —

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યના ભેદથી આચાર એટલે કે મર્યાદામાં ચરણ, મર્યાદા - કાળ નિયમાદિ લક્ષણથી ચરવું તે. અર્થાત્ તેને અનુષ્ઠાનરૂપે આચારતા તથા વ્યાખ્યાન વડે તેને પ્રભાષિત કરતા, પડિલેહણાદિ દ્વારથી આચારને દર્શાવતા અને મુમુક્ષુઓ વડે જે કારણે સેવાતા, તે કારણે આચાર્ય કહેવાય છે. આ જ અર્થ કહે છે —

**● નિર્યુક્તિ-૯૯૫ :-**

***જ્ઞાન આદિ આચાર, તેને આચરવાથી કે પ્રરૂપણા કરવાથી મુમુક્ષુ વડે જે સેવાય છે તે અને ભાવાચારમાં ઉપયુક્તને ભાવાચાર્ય કહ્યા.***

**● વિવેચન-૯૯૫ :-**

આચાર-જ્ઞાનાદિ પાંચ પ્રકારે, તે આચારને આચરવા અને પ્રરૂપવાથી તેમજ દર્શાવવાથી જે મુમુક્ષુ કે ગુણવાન્ વડે સેવાય છે, તે ભાવાચાર્ય કહેવાય છે. આવી આચરણાદિ અનુપયોગથી પણ સંભવે છે, તેથી કહે છે — ભાવાર્થથી આચારમાં ઉપયોગવંત.

આચાર્યને નમસ્કાર ઈત્યાદિ ચાર ગાથા સામાન્યથી અર્હત્ નમસ્કારવત્ જાણવી, વિશેષથી તો સુગમ જ છે.

આચાર્ય નમસ્કાર અધિકાર કહ્યો. હવે ઉપાધ્યાય નમસ્કાર અધિકાર કહે છે. તેમાં ઉપાધ્યાય એટલે - ''જેની સમીપે જઈને સાધુઓ સૂત્રને ભણે છે તે. આ ઉપાધ્યાય નામાદિ ચાર ભેદે છે —

**● નિર્યુક્તિ-૯૯૬ :-**

***નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર ભેદે ઉપાધ્યાય છે. દ્રવ્યમાં લૌકિક ભેદમાં શિલ્પાદિ પાઠક કે નિહ્નવો છે. ભાવમાં આ પ્રમાણે —***

**● વિવેચન-૯૯૬ :-**

તત્વથી આ ગાથા આચાર્યની ગાથાની તુલ્ય છે, માટે વિસ્તાર કરતા નથી. વિશેષ નિહ્નવ - જે કહ્યા, તેમાં તેઓ અભિનિવેશ દોષથી એકાદ પદાર્થની અન્યથા પ્રરૂપણા કરતા

મિથ્યાદૃષ્ટિ જ છે તેથી તેમને દ્રવ્યથી ઉપાધ્યાય કહેલાં છે. ભાવથી ઉપાધ્યાય –

● **નિર્યુક્તિ-૯૯૭ :-**

***જિનેશ્વરે ભાખેલ બાર અંગ અર્થથી અને બુધોએ તે સ્વાધ્યાય સૂત્રથી કહ્યો. તેને વાચનારૂપે ઉપદેશવાથી તેને ઉપાધ્યાય કહેવાય છે.***

● **વિવેચન-૯૯૭ :-**

આચાર આદિ ભેદથી બાર અંગ, અર્હત્ પ્રણિત વાચના નિબંધનત્વથી સ્વાધ્યાય છે, તેને સૂત્રથી બુધ - ગણધરાદિ કહેલ છે. તે સ્વાધ્યાયને વાચના રૂપે ઉપદેશે છે તે કારણે ઉપાધ્યાય કહ્યા છે. જેની પાસે જઈને ભણાય તે અન્વર્થની પ્રાપ્તિ છે - ઉપાધ્યાય શબ્દાર્થ બીજી રીતે :-

● **નિર્યુક્તિ-૯૯૮ + વિવેચન :-**

ઉ અક્ષર ઉપયોગ કરવા અર્થમાં છે, જ્ઝા એ ધ્યાનનો નિર્દેશ કરે છે. પ્રાકૃતશૈલીમાં આ રીતે ઉજ્ઝા થયું. ઉપયોગપૂર્વક ધ્યાનને કરનાર. આ અન્ય પણ પર્યાય છે. - અથવા -

● **નિર્યુક્તિ-૯૯૯ :-**

***ઉ - ઉપયોગ કરવામાં, વ - પાપના પરિવર્જનમાં, ઝ - ધ્યાન કરવામાં, ઉ - કર્મથી સરકી જવાના અર્થમાં છે.***

● **વિવેચન-૯૯૯ :-**

ઉપયોગપૂર્વક પાપને પરિવર્જતો ધ્યાનમાં રહીને કર્મોને દૂર લઈ જાય છે, તે ઉપાધ્યાય. - x - x -

ઉપાધ્યાયને નમસ્કાર ઈત્યાદિ જે ચાર ગાથા તે સામાન્યથી અર્હત્ નમસ્કારવત્ જાણવી. વિશેષથી તો સુગમ છે જ. ઉપાધ્યાય નમસ્કાર અધિકાર કહ્યો. હવે સાધુ નમસ્કાર અધિકાર કહે છે. તેમાં - અભિલષિત એટલે ઈષ્ટ અર્થને સાધે છે માટે સાધુ. તે નામાદિ ચાર ભેદથી છે –

● **નિર્યુક્તિ-૧૦૦૦ + વિવેચન :-**

નામ સાધુ, સ્થાપના સાધુ, દ્રવ્યસાધુ અને ભાવસાધુ એ ચાર ભેદ છે. દ્રવ્યમાં લૌકિક આદિ અને ભાવમાં સંયત સાધુ જાણવા.

હવે દ્રવ્ય સાધુને પ્રતિપાદિત કરતાં કહે છે –

● **નિર્યુક્તિ-૧૦૦૧ :-**

***ઘટ, પટ, રથ વગેરે દ્રવ્યને સાધતો હોય તે દ્રવ્ય સાધુ છે, અથવા દ્રવ્યભૂત [પાર્શ્વસ્થાદિ] તે દ્રવ્ય સાધુ કહેવાય છે.***

● **વિવેચન-૧૦૦૧ :-**

દ્રવ્યભૂત એટલે ભાવપર્યાય શૂન્ય. હવે ભાવ સાધુને કહે છે –

● **નિર્યુક્તિ-૧૦૦૨ + વિવેચન :-**

નિર્વાણ સાધક યોગ - સમ્યગ્દર્શનાદિ પ્રધાન વ્યાપારોને જેથી સાધે છે માટે સાધુ - વિહિત અનુષ્ઠાન પરત્વથી કહ્યા. તથા સર્વે જીવોમાં સમાન છે, તેથી તેમને ભાવ સાધુ કહેવાય છે.



● **નિર્યુક્તિ-૧૦૦૩ થી ૧૦૦૫ :-**

***સાધુના શું તમે તપ, નિયમ કે સંયમગુણ જુઓ છો? તે માટે તમે સાધુને વાંદો છો. એ પ્રમાણે મેં પૂછ્યું, તમે તેનો ઉત્તર આપો.***

***વિષય સુખથી નિવૃત્ત, વિશુદ્ધ ચારિત્ર અને નિયમથી યુક્ત, સર્વ ગુણના સાધક સદા મોક્ષ કૃત્યમાં ઉધમીને નમસ્કાર થાઓ.***

***જગત પોતે અસહાયક હોવા છતાં મને સંયમના પાલનમાં સહાય કરે છે, એ કારણોથી હું સર્વે સાધુઓને નમું છું.***

● **વિવેચન-૧૦૦૩ થી ૧૦૦૫ :-**

ગાથાર્થ કહ્યા. ત્રીજી ગાથામાં વૃત્તિકાર લખે છે કે – પરમાર્થ સાધન પ્રવૃત્તિમાં જગત્ પોતે અસહાયક છે છતાં અથવા અસહાયકને સહાય કરે છે – મને સંયમ કરતાને સહાયક છે. માટે સર્વે સાધુને નમું છું.

''સાધુને કરેલ નમસ્કાર'' ઈત્યાદિ ચાર ગાથાનો વિસ્તાર સામાન્યથી અર્હત્ નમસ્કારવત્ જાણવો. વિશેષ તો સુખેથી જ્ઞાત છે જ.

આ પ્રમાણે વસ્તુ દ્વાર કહ્યું.

**[અહીંથી આગળ ''એસો પંચ નમુક્કારો'' ઈત્યાદિ શ્લોક પુસ્તકની પ્રતિમાં દેખાય છે, પણ વૃત્તિમાં તેની વ્યાખ્યા કે સૂચના નથી.]** જો કે દીપિકાના રચયિતાએ ''એસો પંચ નમુક્કારો આદિ ચાર પદ નિર્યુક્તિરૂપે નોંધેલ છે. પણ ચૂર્ણિમાં પણ તેનો ઉલ્લેખ નથી. - x - x - x - x - x -

**નિર્યુક્તિ-૫૬૪ થી ૧૦૦૫નો સટીક અનુવાદ**
**મુનિ દીપરત્નસાગર દ્વારા પૂર્ણ**

## 卐 ભાગ-૩૨-સમાપ્ત 卐

-- x -- x -- x -- x --

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |